નોર્થપોલ

જીતેશ દોંગા

મુખ્ય પ્રાપ્તિસ્થાન

બુક શેલ્ફ

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરાગપુરા, અમદાવાદ-૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬
મો. ૯૦૩૩૦૮૯૦૩૬, ૯૦૯૯૦૦૦૩૬૨
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

VISIT…

NORTHPOLE
by Jitesh Donga
Book Shelf, Ahmedabad

© જીતેશ દોંગા

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭

કિંમત : ??.૦૦

પ્રકાશક
હિરેન ભોગીલાલ શાહ
બુક શેલ્ફ
૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯
ફોન નં. (૦૭૯) ૨૬૫૬૩૭૦૭, ૨૬૪૪૧૮૨૬
મો. ૯૦૩૩૦૮૯૦૩૬, ૯૦૯૯૦૦૦૩૬૨
Web : www.gujaratibookshelf.com
E-mail : bookshelfa@gmail.com

ટાઈપ સેટિંગ
સ્ટાઈલસ ગ્રાફિક્સ
અમદાવાદ

કવર ડિઝાઈન
દૃષ્ટિ શાહ

મુદ્રક
યુનિક ઑફસેટ
અમદાવાદ

અર્પણ

જગતનાં એ દરેક માબાપને જેમણે એમનાં સંતાનોને
ઊડવા માટે મુક્ત આકાશ આપ્યું.

પ્રસ્તાવના

શું લખવું? અહીં શરૂઆતમાં વાચકને કશું પણ કહેવું અઘરું છે કારણકે આખી વાર્તાનું પોતાનું એક વિશ્વ હોય છે. એ વાર્તા શું છે અને શા માટે છે એ કહી દઈશ તો મજા નહીં રહે. હા...અમુક વાતો ચોક્કસ કહીશ જેના પર મને ગર્વ છે.

૧. તમારા હાથમાં રહેલા પુસ્તકનો એક ભૂતકાળ પણ છે! તે પ્રિન્ટમાં આવ્યા પહેલા જ લાખેક માણસો સુધી પહોંચી ગયેલું હતું. મેં નોર્થપોલને ઇન્ટરનેટ પર ફ્રી ઇ-બૂક તરીકે મારી વેબસાઇટ પર મૂકી દીધેલી, અને મારા વાચક યારોને વિનંતી કરેલી કે "તમે આ ઇ-બૂક ફ્રી વાંચો. પરંતુ જો મારી વાર્તામાં તાકાત લાગે, જો તમને લાગે કે આ વાર્તા વાંચીને તમારા જીવનમાં કે વિચારોમાં કશો બદલાવ આવ્યો, જો તમને લાગે કે આ લેખકે આ વાર્તા પાછળ મહેનત કરી છે, અને જો તમારો આત્મો કહે કે આ લેખકને કશુંક આપવું જોઈએ 'તો અને તો જ' તમે મને રૂપિયા આપજો."

મેં મારી વેબસાઇટ પર પેમેન્ટનો ઓપ્શન અને બૅન્કનો ખાતા નંબર આપેલો હતો. હજુ એ દિવસો એક સપનું લાગે છે! મને ચારેક મહિનામાં હજારો વાચકો તરફથી ઓનલાઈન પેમેન્ટ મળેલું. મારે માટે આ ક્રાંતિ હતી. મારા સપનાંઓની ક્રાંતિ. પુસ્તકના વિચારોની ક્રાંતિ. મારા કામને મળેલા આ પ્રેમનો હું ઋણી રહીશ. જીવનભર. એક સત્ય સમજાયું કે જ્યારે કશુંક તમે આત્માની પૂરી ચોખ્ખાઈથી કરો ત્યારે જગત તમારો અવાજ સાંભળીને પડઘો આપતું હોય છે.

૨. આ વાર્તા મેં શા માટે લખી? જ્યારે મુંબઈના એક રસ્તાની બાજુમાં ઉકરડામાં બેઠેલા એક નાનકડા પાગલ બાળકને જોયું અને વિચાર આવ્યો કે આ બાળકના કુમળા દિમાગમાં કેવું વિશ્વ હશે? આ વિચારમાંથી વિશ્વમાનવ જન્મી. વિશ્વમાનવ વાચીને પછી જેટલા વાચકોના ફોન, મેઈલ, કે મૅસેજ આવ્યા એમાંથી મોટા ભાગના યુવાનો હતા. તેમને એક જ ઉપાધિ હતી : 'તેઓ જે કરે છે એ કામ ગમતું નથી અને તેમનું ગમતું કામ તેમને ખબર નથી.' એ ફરિયાદ આ નવલકથાનું વિચારબીજ બન્યું. આ વાર્તા લખવાનો મૂળ હેતુ હતો કે આપણને ખબર પડે કે આ અસ્તિત્વને કેવા સવાલો પૂછવા. આશા છે કે આખી વાર્તા વાંચી લો ત્યારે મૂળ હેતુ સાર્થક થાય.

૩. વાર્તામાં આવતી અમુક ગાળો, બિયર, સિગારેટ કે તોછડી ભાષા ઘણા વાચકોને નહીં ગમે અને નવલકથાને સંપૂર્ણપણે સ્વીકાર નહિ મળે એ ખબર હોવા છતાં મેં કશું જ કાઢ્યું નથી. કારણ એ છે કે મારે સમાજને અરીસો દેખાડવાનો છે. સમાજમાં જે થતું હોય એ લખ્યું છે. મેં મારા કામ સાથે ગદ્દારી નથી કરી. જે સાચું-યોગ્ય લાગ્યું એ લખ્યું છે. મોટું મન રાખીને એને સ્વીકારી લેજો. હા... આશા રાખું કે વાચક આ પાત્રો પાસેથી કોઈ પણ વ્યસન ન શીખે. આ વ્યસનો માત્ર વર્તમાન સમયને તાદ્રશ કરવા માટે છે. હું પોતે તેનો

સખત વિરોધી છું. છતાં મેં જાણતાં-અજાણતાં કોઈને પ્રેરિત કર્યા હોય તો માફી ચાહું છું. વાર્તાને દિલની ચોખ્ખાઈથી લખ્યાનો મને ગર્વ છે.

૪. આ લખું છું ત્યારે ૧૫-૦૭-૨૦૧૭ની સવારના પાંચ વાગ્યા છે. આ ક્ષણ પહેલા હું લેખક તરીકે કેવો હતો અને અત્યાર પછી કેવો રહીશ એ કુદરત જાણે. નોર્થપોલ અને વિશ્વમાનવ બંને નવલકથા પોતાની પાંખો થકી વ્હાલા વાચકોના જગતમાં ઊડી રહી છે. એ બંનેને આ ક્ષણથી 'મારી' ગણવાનું છોડી દઉં છું. હવે તે વાચકોની છે. તેમના ભવિષ્ય સમય જોશે. જે થાય તે. હા...મારે અમુક જરૂરી માર્કેટિંગ કરવું જ રહ્યું કારણકે રાત પડ્યે મારે પણ પેટમાં રોટલી નાખવા રૂપિયા જરૂરી છે, પરંતુ આ બંનેને હવે મારી છાતીમાંથી મુક્ત કરું છું. વિશ્વમાનવ લખવામાં અઢી વર્ષ લાગેલા. નોર્થપોલ માટે અઢી વર્ષ થયા. છેલ્લાં પાંચ વર્ષમાં મેં જે વિચાર્યું, કર્યું, જોયું એનું સાક્ષી અસ્તિત્વ છે. એટલે તેને માથું ઝુકાવીને હું આગળ લખવા પર અને જીવવા પર ધ્યાન આપી રહ્યો છું.

આપનો,

– જીતેશ દોંગા

મેઈલ : jiteshdonga91@gmail.com
વેબસાઈટ : jiteshdonga.com

परछाईओ को पकडने वालो -
छाती में जलती हुई आग की परछाई नहीं होती
- अमृता प्रीतम

सबसे खतरनाक होता है मुर्दा शांति से भर जाना
तडपका न होना, सब कुछ सहन कर जाना
घर से निकलना काम पर
और काम से लौट कर घर आना
सबसे खतरनाक होता है, हमारे सपनों का मर जाना
-अवतारसिंह संधू 'पाश'

૧

રાત્રિના 3 :00
બાલ્કની,
રૂમ નં. 305,
આશીર્વાદ હૉસ્ટેલ,
નાના બજાર,
વલ્લભવિદ્યાનગર.

રોયલસ્ટેગ વ્હિસ્કીના પાંચ પેગ લગાવીને રૂમનં. 305ની બાલ્કનીમાં ચાંદાના અજવાળામાં ગોપાલ પડ્યો હતો. હાથમાં રહેલી વ્હિસ્કીની ખાલી બૉટલ ઊંધી પકડીને તે કાચમાં આકાશનો ગોળ ચાંદ રસગુલ્લા જેવો બની જતો જોતો હતો. બૉટલમાં દેખાતા લંબગોળ ચાંદને જોઈને તે નશામાં મુસ્કુરાયો. તે ચાંદને કશુંક બોલવા માગતો હતો પણ નશામાં શિથિલ થઈ ગયેલું દિમાગ શબ્દો ગોઠવી શકતું ન હતું.

છેવટે 4:05 મિનિટે શબ્દો જીભ પર આવ્યા. આંખો પૂરી ખૂલી. હાથ વ્હિસ્કીની બૉટલ ટાઈટ પકડવા લાગ્યા અને ગોપાલે કાચમાં દેખાતા આકાશ તરફ જોઈને મોટેથી રાડ પાડી :

"હું...
આ દુનિયા... પરનો...
સૌથી મોટો...
ચૂ** છું !"

રૂમની બાથરૂમમાં ઊલટી કરીને પડેલો ગોપાલનો રૂમપાર્ટનર વિજય તે અવાજ સાંભળીને રસ્તામાં સૂતેલા કૂતરા પર કોઈ પથ્થર ફેંકે અને કૂતરું જાગે તેવી અદામાં ઝબકીને જાગી ગયો. બાથરૂમના અંધારામાં ચારેબાજુ તેણે જોયું અને પછી ગોપાલને સાદ કરીને કહ્યું :

"સાલે કમીને... ચિલ્લા મત... સામને હૉસ્ટેલ મેં તેરી ભાભી રહતી હૈ. ઊઠ જાયેગી." તે બોલ્યો.

વિજય જ્યારે પણ પીતો ત્યારે તે ગુજરાતી મૂકીને હિન્દી બોલવા લાગતો !

"કોન સંધ્યાભાભી ?" ગોપાલે બાલ્કનીમાં સૂતાં સૂતાં પૂછ્યું.

"નહીં... સંધ્યા તો લંબે કપડે પેનતી હે સાલે... વો અપની ઋતુ હૈ ના, વો..."

"ઓહ... ઋતુભાભી. શોર્ટ્સવાલી. સફેદ જાંઘોવાલી. બિના બાલો કી બગલવાલી. કલરફૂલ ફૂલોવાલી નાયલોન કી ચડ્ડી બહાર સુખાનેવાલી. કમર પે તિલવાલી..."

"ચૂપ રે સાલે. સાલે સુન જાયેગી વો." વિજય ગુસ્સામાં બોલ્યો અને દીવાલ પકડીને ઊભો થયો. બાથરૂમ બહાર આવ્યો. તેના શરીર પર મોટા અક્ષરે Jockey

લખેલી અડધી ઊતરેલી ચડ્ડી જ હતી. તે પોતાના બેડ પાસે ગયો. લેપટોપ લીધું. બહાર બાલ્કનીમાં જઈને ત્યાં પડેલા ગોપાલ પાસે મૂક્યું અને ધીમેથી ગોપાલને કાનમાં કહ્યું :

"જોર સે મત બોલ... જો ભી લિખના હે ફેસબુક પે લિખ દે... તેરે તીનસો સાઠ ફ્રેન્ડ્સ કો બતા દે."

ગોપાલે નશામાં કોઈ જવાબ ન આપ્યો એટલે વિજયે લેપટોપ ખોલી આપ્યું.

"પાસવર્ડ ક્યાં હૈ ?"

"Fuckvijay1805" ગોપાલ બોલ્યો. વિજયે પાસવર્ડ નાખીને જગતના સૌથી ધીમા વાઈ-ફાઈમાં વેબબ્રાઉઝર ખોલ્યું. F લખીને એન્ટર કર્યું. દસ મિનિટ પછી સામે લોડ થયેલી સાઈટમાં Gopal Patelનું ફેસબુક એકાઉન્ટ ખૂલ્યું.

"ઓયે ગોપુ..." ગોપાલને ગાલ પર થપથપાવીને થોડો જગાડીને વિજયે પૂછ્યું, "ફેસબુક પૂછ રહા હે, What's in your mind ? ક્યા લિખું ?"

"લિખ મેરે યાર લિખ..." ગોપાલ સૂતાં સૂતાં જ એની આંખો આગળ રાખેલા લેપટોપમાં ઝીણી આંખે સ્ક્રીનમાં જોવા લાગ્યો અને બોલ્યો, "લિખ કિ 'મૈં ઈસ દુનિયાકા સબસે બડા ચૂ** હૂં.' લિખ."

વિજયે લખ્યું. પોસ્ટ કર્યું. થોડીવાર સ્ક્રીન પર જોતો રહ્યો. અચાનક એક લાઈક આવી !

"અબે ગોપુ... તેરે કો તો લાઈક્સ ભી મિલતી હૈ ભાઈ !" વિજયે કહ્યું, પણ ગોપાલને ઊંઘ આવી ગઈ હતી. વિજય પણ ત્યાં જ સૂઈ ગયો.

સવારે અગિયાર વાગ્યે જ્યારે રૂમનું સફાઈ-પોતું કરવાવાળાં 'માસી' આવ્યાં ત્યારે તેણે ગુસ્સામાં ભીનું પોતું બાલ્કનીમાં સૂતેલા ગોપાલના ચહેરા પર ફેરવ્યું. ફિનાઈલવાળા પાણીની સુગંધથી તેની આંખ ખૂલી. સૂરજનાં કિરણો આંખમાં પડ્યાં અને તરત જ માથાના દુઃખાવાનો અહેસાસ થયો. સામે જગદંબાની જેમ કોપાયમાન થયેલાં માસી દેખાયાં. પોતાની કમર પરથી વિજયના પગ હટાવીને તે બાલ્કનીની ગ્રિલ પકડીને ઊભો થયો. પોતાનાં કપડાં ! શરીર પર માત્ર જમણા પગમાં પહેરેલી કેપ્રી હતી ! ડાબા પગની કેપ્રી ફાડી નખાયેલી હતી ! કમરના રબરના લીધે કેપ્રી હજુ કમર પકડીને લટકતી જીવી રહી હતી. તેણે પોતાના હાથ સૂંઘ્યા. હથેળીમાંથી વ્હિસ્કી, ટૂથપેસ્ટ, ચૉકલેટ અને પરસેવાની ભેગી થઈને વિચિત્ર દુર્ગંધ આવતી હતી. માસી બાજુમાં આવીને બોલ્યાં :

"શું દશા કરી નાખી છે રૂમની, ગોપુભાઈ."

"કોણે કરી ?" ગોપાલને કશું યાદ ન આવતું હતું.

"કોણે કરી ?" માસીને ગુસ્સો આવ્યો. ગોપાલના સવાલનું ખૂબ દુઃખ થયું હશે. "મારા બાપાએ કરી..." કહીને ગુસ્સામાં એ ડોલ ઊંચકીને રૂમ બહાર નીકળી ગયાં.

ગોપાલ લેપટોપ લઈને રૂમમાં આવ્યો. રૂમમાં ચારે તરફ કાગળના ટુકડા, હુકાના

કોલસા, બિયરનાં કેન અને સિગારેટનાં ઠૂંઠાં પડ્યાં હતાં. તેના બેડ પર ખાલી થઈ ગયેલી ત્રણ-ચાર ટૂથપેસ્ટ પડી હતી. ગોપાલ બાથરૂમ તરફ ગયો. બાથરૂમના ફ્લોર પર ઊલટી જોઈ. તરત જ તેણે અંદરના અરીસામાં પોતાનો ચહેરો જોયો.

ઓહ ગૉડ...

પોતાના હોઠ પર લાલ લિપસ્ટિક હતી ! પોતાના વાળમાં કેક અને ટૂથપેસ્ટ જામી ગઈ હતી અને તેના સુકાયેલા ટુકડા નીચે ખરી રહ્યા હતા. ગાલ પર, ગળા પર અને છાતી પર સ્કેચપેનથી ચારે બાજુ ગુજરાતીમાં, 'ખુશી' લખેલું હતું ! જ્યારે પીઠ પર થોડો દુઃખાવો થયો ત્યારે તેણે અરીસા સામે પીઠ ફેરવી.

ફક ! પીઠ પર લીલાં ધાબાં પડી ગયેલાં. પાછળ કમર પર નીચે પેન્ટ અંદર જતું ઘાટું લાંબું તીર દોરેલું હતું અને બાજુમાં લખેલું હતું : "Khushi was here !"

માત્ર એક પગમાં ફસાયેલી કેપ્રી કાઢી બાલ્કનીમાં સૂતેલા વિજય પર નાખીને ગોપાલે બાથરૂમના ખૂણામાં પડેલો સાબુ લીધો.

તેમની રૂમના બાથરૂમની સૌથી મોટી કરુણતા ખૂણામાં પડેલો એકમાત્ર સાબુ અને તેના પર ચોંટેલા વિજયના વાળ હતા ! ગોપાલે પાણીથી સાબુને નવડાવ્યો અને પછી પોતે નહાવાનું શરૂ કર્યું.

નાહીને બાથરૂમ બહાર આવીને તેણે બારણા પાછળથી ત્રણ દિવસથી લટકતાં અને ન ધોયેલાં પેન્ટ અને ટી-શર્ટ લીધાં અને વિજયના લૉકરમાંથી બોડીસ્પ્રે કાઢીને તે કપડાં પર છાંટીને પછી પહેરવા લાગ્યો. સ્પ્રેની જાણીતી સુગંધથી બાલ્કનીમાં પડેલો વિજય ઊઠ્યો. ઊભો થયો. રૂમમાં પેન્ટ પહેરતા ગોપાલને જોઈને તરત જ તેની તરફ દોડ્યો.

"ગોપ્સ... મેરી જાન..." બોલતો તે ગોપાલને પાછળથી ભેટી પડ્યો. વળી ગોપાલને પાછળ લાત મારી અને કહ્યું : "હેપી બર્થડે ગોપલા..."

...અને ગોપાલને ગઈ રાત્રિનાં ઘણાં દૃશ્યો યાદ આવ્યાં ! એ હસી પડ્યો. આજે તેનો જન્મદિવસ છે. ઓગણીસ વરસ ખત્મ ! અને આ બધું હૉસ્ટેલના દોસ્તોએ કરેલી જન્મદિવસની જંગલી ઉજવણી હતી ! નાહી લીધા પછી પણ ગોપાલના હોઠ પર જામી રહેલી લિપસ્ટિક અને પીઠ પર ઉપસેલી આંગળીઓ રાત્રે થયેલી પાર્ટીનું જંગલીપણું દેખાડતી હતી.

એન્જિનિયરિંગ કૉલેજમાં આવ્યા પછી ગોપાલનો આ પહેલો બર્થડે હતો. બપોરે એક વાગ્યે જ્યારે તે ઑટોરિક્ષામાં ડ્રાઇવર સીટની જમણી બાજુ બેસીને લટકતો કૉલેજ જતો હતો ત્યારે ગઈ રાત્રિનાં દૃશ્યો યાદ આવી રહ્યાં હતાં. તે આકાશ સામે જોઈને એકલો એકલો હસી રહ્યો હતો.

તે કૉલેજના ગેટ પર ઊતર્યો ત્યારે વધુ એક ઉજવણી થઈ ગઈ. તેનો આખો ક્લાસ સામૂહિક બન્ક મારીને ગેટ પર ઊભો હતો. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં માત્ર

ત્રણ છોકરીઓ હતી એટલે ક્લાસની યુનિટી સારી એવી હતી ! ઉપરથી ક્લાસનો રિપ્રેઝન્ટેટિવ બીજું કોઈ નહીં પણ ગોપાલનો રૂમપાર્ટનર વિજય ભરવાડ ! ગોપાલનો હાર્ડકોર જિગરી દોસ્ત ! કૉલેજમાં આવ્યાને એક જ વરસમાં ગોપાલની પૂરી લાઈફ જાણતો એકમાત્ર યાર. એમની દોસ્તી હૉસ્ટેલમાં એકબીજાને પોર્નની હાર્ડડિસ્ક આપીને શરૂ થઈ હતી.

વિજય ગોપાલની પહેલાં બ્રશ કર્યા વિના જ કૉલેજ પહોંચી ગયો હતો અને ક્લાસની શરૂઆતના લેક્ચરમાં જ પ્રોફેસર અંદર આવે એ પહેલાં બેન્ચ પર ઊભા રહીને બધાંને ધમકી આપી દીધી હતી : "જુઓ... બધાં સાંભળો... આજે આપણા ગોપાલનો બર્થડે છે. હજુ એ આવ્યો નથી. એ આવે એ પહેલાં આપણે 'પગા પટેલ'નો નેક્સ્ટ લેક્ચર બન્ક મારવાનો છે. જો કોઈએ આપણી ઇલેક્ટ્રિકલની યુનિટી તોડવાની ટ્રાય કરી છે તો મજા નહીં આવે."

(કૉલેજમાં કોઈ પ્રોફેસરને માનથી બોલાવવા એ મહાપાપ હતું. પગો પટેલ = પ્રજ્ઞેશ પટેલ, EEE લેક્ચરર !)

'પગા પટેલ'ના ક્લાસમાંથી બન્ક મારવા બધાંને બહાર કાઢ્યા પછી બાકીના બેન્ચ પકડીને બેઠા રહેતા ત્રણ-ચાર ભણેશરીઓને મારવાની ધમકીઓ આપીને બહાર કાઢવામાં આવ્યા હતા.

ગોપાલને રિક્ષામાંથી ઊતરતો જોઈને ગેટ પરના ટોળામાંથી કોઈએ રાડ નાખી : "ગોપુ આવી ગયો..."

બસ... હજુ ગોપાલને સ્થિતિ સમજાય તે પહેલાં ટોળું દોડતું રિક્ષા પાસે આવ્યું અને ગોપાલને હવામાં ઊંચકીને 'બર્થડે બમ્પ્સ' મારવા લાગ્યું. અમુક ગોપાલને ન ઓળખતા બીજી બ્રાન્ચના સ્ટુડન્ટ્સ પણ બે-બે લાત મારતા ગયા !

આ ઘટનાનો આયોજક વિજય દૂર ઓટોરિક્ષા પાસે ઊભો ઊભો ખુશ થતો હતો અને ઓટો અંદર બેઠેલા ડ્રાઇવરને કહેતો હતો :

"ગોપાલને અત્યારે કાયદેસર ઓગણીસ વરસ પૂરાં થયાં બૉસ ! તમને ખબર છે કાકા... 'કૉલેજલાઈફ' અને 'રિયલલાઈફ'ના બર્થડેમાં હાથી-ઘોડાનો ફેર હોય છે. રિયલલાઈફમાં લોકો 'કેકડા' કાપીને બળ કરી કરીને મીણબતીને ઠારે, પણ હૉસ્ટેલમાં તો ફેરવી ફેરવીને મારે ! ઈને કે'વાય પેશન ! કાકા... કૉલેજલાઈફમાં સૌથી ખતરનાક સીન તો રાત્રિના બાર વાગ્યે જામે... ઈની બુનને !"

વિજય મહેસાણામાં મોટો થયેલો ! જોકે તે 'ઈની બુનને' શબ્દને બાદ કરીએ તો 87% શુદ્ધ ગુજરાતી બોલતો.

"રાત્રે દોસ્તો બર્થડે વિશ કરવા આવ્યા એના જેટલી બીજી એકપણ વસ્તુથી આપણા ગોપુની ના ફાટે ! ગઈ રાત્રે શું સીન હતો, સાહેબ. અમારી રૂમમાં એકસાથે વીસ દોસ્તો ફરફરતી સૂસવાટા ભરી લાતો મારતા હોય અને બર્થડેબૉય પર બ્લેન્કેટ ઓઢાડી દીધું હોય અને પાછો ધોબીઘાટ જેવો માહોલ હોય. અહાહા... આ બધું જો ગોપુના બાપા જોઈ ગયા હોય તો જીવનભર હૉસ્ટેલમાં જવા ના દે, ઈની બુનને."

રિક્ષાવાળો જોકે કશું સાંભળતો ન હતો. વિજયે તેને 'કાકા' કહ્યું તે કદાચ ગમ્યું ન હતું, એટલે તેનું ધ્યાન ગેટની બહાર નીકળતી છોકરીઓનાં ટોળાંઓ પર વધુ હતું. પણ વિજય જાડી બુદ્ધિનો ખરો એટલે વાત પૂરી કર્યે પાર કરી : "મારી ડાર્લિંગ ગોપુની પીઠ લીલી કાચ જેવી થઈ ગયેલી બૉસ. બધા દોસ્તોએ ભેગા થઈને એવો પ્રેમ કર્યો કે તેને આખી રાત ઊંઘ ના આવી. બિચારો બાલ્કનીમાં પડ્યો પડ્યો વ્હિસ્કી ઢીંચતો રહ્યો. સાલા હૉસ્ટેલના દોસ્તારોનો આ જ વાંધો. ઈની બુનને, ઓગણીસ વરસથી જાણે મારા ગોપુએ એમનું ઉધાર ના ભર્યું હોય એમ વસૂલીવાળાની જેમ પીટ્યો અને તોયે આપણો ગોપ્સ તો પાછું હસતા મોઢે 'થૅન્કયુ, થૅન્કયુ' જ બોલે ! બિચારાને બે દિવસથી થયેલો કબજિયાત પણ મટી ગયો હશે !"

હજુ વિજયની વાર્તા ચાલુ હતી. છોકરીઓનું એક ટોળું આવ્યું. રિક્ષાવાળાએ 'વિદ્યાનગર ?' બૂમ પાડી. છોકરીઓ રિક્ષામાં બેસવા લાગી. રિક્ષા વિજય પાછળથી ભાગી ગઈ, પણ વિજય હજુ ગોપાલ સામે જોઈને રિક્ષાવાળાને પોતાની વાર્તા જ કહેતો હતો :

"કાકા, રાત્રે પીને બેવડો થઈને ગોપલો શું બોલતો હતો. ઈની બુનને, મોટો ફિલૉસૉફર બની ગયેલો. મેં તો મારા ફોનમાં એનું બધું ભાષણ રેકોર્ડ કરીને રાખ્યું છે. આજે રાત્રે સંભળાવું સાલાને અને કાકા... સો વાતની એક વાત. સાલું ગઈકાલે એ ખબર ન પડી કે ગોપલાની પીઠ પર મારી ગર્લફ્રેન્ડનું નામ કોણે લખ્યું હશે ? બાય ધ વે કાકા... એનું નામ ખુશી છે. તમારી રિક્ષામાં જ વિદ્યાનગર આવે છે. ખુશી આપણો લવ છે હો ! એ પણ વન સાઈડેડ... ઈની બુનને ! એણે મને રાખડી બાંધી દીધી પણ દિલ તો બાળક જેવુંને ? પ્રેમ એ તો પ્રેમ જ હોય... શું કે'વું ?" બોલીને વિજયે પાછળ હવામાં તાળી માટે હાથ ધર્યો, પણ જ્યારે રિક્ષામાંથી તાળી ન આવી ત્યારે તેને ખબર પડી કે રિક્ષા જતી રહી હતી અને અત્યાર સુધી તે હવામાં એકલો એકલો બકતો હતો ! ગેટ પાસે ઊભેલી છોકરીઓ તેને જોઈને હસી રહી હતી.

ગઈ રાત્રે બંધ બારણે થયેલી આઠ દોસ્તોની સિક્રેટ પાર્ટીમાં સૌથી પહેલા હુક્કો હતો.

અહીં હૉસ્ટેલમાં બર્થડે પાર્ટી માટે અલગ હુક્કો બનાવવામાં આવેલો. રૂમ ૩૦૬નો જનક હૉસ્ટેલના રસોડામાંથી અથાણાની કાચની બૉટલ ચોરીને લાવેલો. હૉસ્ટેલના પાણીના ફિલ્ટરની નળી પણ ચોરવામાં આવેલી. બૉટલના ઢાંકણમાં વચ્ચે કાણું પાડી, ફિલ્ટરની નળી વાપરીને જાતે જ હુક્કો બનાવી લાવેલો ! હુક્કાના ફ્લેવરવાળા કોલસા બર્થડે બૉયના પૈસા ચોરીને ખરીદવામાં આવેલા. હુક્કો ચડ્યા પછી ગોપાલને ભેટીને વિજય રડવા લાગેલો. તે પોતાનો 'ભૂતકાળનો પ્રેમ' અને 'વર્તમાનની બહેન' બની ગયેલી ખુશીની વાતો કરતો હતો. વિજયે જ ગોપાલની પીઠ પર 'Khushi was here !' લખીને ખુશીની રાખડીનો ગુસ્સો કાઢેલો ! સામે ટલ્લી થયેલો ગોપાલ જે કંઈ બોલી રહ્યો

હતો તે કોઈને સમજાતું ન હતું, પણ બધા નશામાં થોડીથોડી વારે મોટા અવાજે, 'સાચી વાત' એમ કહેતા હતા.

છેલ્લે મોડી રાત્રે જ્યારે બાથરૂમની ડોલમાં ઠંડી થવા રાખેલી વ્હિસ્કીની પાર્ટી ચાલુ થઈ તે પછી નશામાં શું થયું તે કોઈને યાદ ન હતું. કોઈને યાદ ન હતું કે કોણે ગોપાલના આખા શરીર પર કેક અને ટૂથપેસ્ટ લગાવી દીધેલી. જોકે લિપસ્ટિક ગોપાલે ખુદ જ કરેલી !

સાંજ પડી. સાંજે ગોપાલ અને વિજય રોડ પર ફરવા નીકળ્યા. વિદ્યાનગરના રસ્તાઓ પર સાંજે નીકળતી છોકરીઓ આ બંનેની આંખોને ઠંડક આપતી. જીવન વિશેની ફિલૉસૉફિકલ વાતો થતી. આજે બંને એક ચાની લારી પર ઊભા રહીને સિગારેટ અને ચા પીતા દિલની વાતો કરી રહ્યા હતા :

"ચા-સુટ્ટાના રૂપિયા તું આપે છેને ?"

"લે કેમ ?"

"તારો બર્થડે છે... એની બુનને..." વિજયે કહ્યું. ગોપાલે ભારે હૃદયથી બે ચા અને એક સિગારેટનું પેમેન્ટ કર્યું. પછી એમની રોજની જેમ ફિલૉસૉફિકલ વાતો ચાલુ થઈ.

"વિજયબુન, યાર આ ધરતી પર મારો અનુભવ ઓગણીસ વરસનો છે. (ગોપાલ વિજયના, 'ઈની બુનને' શબ્દના અતિ ઉપયોગને લીધે તેને 'વિજયબુન' જ કહેતો !) અને ખબર છે યાર... મેં હજુ કશું જ ઉકાળ્યું નથી. કશું જ નહીં. બાપના પૈસે ભણ્યો છું. બાપના પૈસે લહેર કરું છું. આ સિગારેટમાં પણ મારા બાપાના ખેતરમાં કાળા તડકામાં કામ કરીને નીકળેલા પરસેવાની સુગંધ આવે છે." ગોપાલ સિગારેટનો ધુમાડો ઉપર ફેંકીને બોલ્યો.

"ના... સિગારેટના ધુમાડામાં એવી સુગંધ ના આવે ભઈલા... આગળ બોલ."

"તને મજાક લાગે છે મારી વાત ?" ગોપાલે કહ્યું. એ સિરિયસ હતો.

"ના બકા... પણ જરૂરી થોડું છે કે માત્ર ઓગણીસ વરસના છોકરાએ આ દુનિયા પર કંઈક ઉકાળી જ લેવું ? ઠીક છેને, લાઈફ છે, જલસાથી જીવને... ઈની બુનને. તું જ તો કહેતો હતો ગઈ રાત્રે પીધા પછી. મારા ફોનમાં મેં રેકોર્ડ પણ કર્યું છે."

"રાત્રે હું શું બોલતો હતો ?"

"એ બધું જવા દે. અત્યારે શું બાફી રહ્યો છે તે ક્લિયર કર."

"મારે કૉમન માણસ નથી બનવું યાર. મારે મારું મન કહે છે તેવું જીવીને દેખાડવું છે. મારે આ સોસાયટીએ બનાવેલા ચોકઠામાં મારી જાતને સેટ નથી કરવી યાર. મારે દુનિયાને દેખાડી દેવું છે કે હૃદયના ઊંડાણમાં પડેલાં સપનાંઓને ઉલેચીને પણ તમે જીવી શકો છો."

"બૌ ભારે બોલે ને કંઈ. સપનાંઓ ઉલેચીને !"

"બૂન..." ગોપાલે ગુસ્સે થઈને કહ્યું.

"હા તો એમાં શું છે ? તારાં સપનાં શું છે બોલ."

"એ જ તો. મને એ જ ખબર નથી કે મારું દિલ શું ચાહે છે. મારો રસ ખબર નથી. અલ્યા... દિલની વાત સાંભળતા જ મને આવડતું નથી."

"તો પછી રાહ જોને. ક્યારેક ખબર પડશે."

"ના વિજય. આ સમય રાહ જોઈને બેસી રહેવાનો નથી યાર. મને ખબર છે કે વીસ વરસે આપણે શું બનવું તે નક્કી કરી લેવાનું ન હોય, પરંતુ યાર... હું જ્યારે એ વિચાર સાથે જીવું છું કે 'હજુ વાર છે એ બધું જાણવાને...' બસ, ત્યારે મને મનમાં ઊભી થતી આશાઓ, ડર, ઝંખના આ બધું જ સડાવી મૂકે છે અંદરથી. રાહ જોઈને ખબર પડતી હોત તો પછી આજકાલ દેખાતા હજારો વડીલો આવી બોગસ લાઇફ ના જીવતા હોત. કશુંક કરવું પડશે. એવું કંઈક કરવું પડશે કે જેથી હું કૉમનમેનની જાતે બનાવી કાઢેલી ટેગથી ઉપર ઊઠીને જીવતો થઈ જાઉં. એવું કશુંક જે..."

"અચ્છા તો તારે શક્તિમાન બનવું છે ?"

"ચૂપ રે વાંદરીના." ગોપાલ બોલ્યો અને ગુસ્સામાં એકલો રસ્તા પર ચાલતો થયો.

"સૉરી, શક્તિમાન." વિજયે માફી માગી. તે ગોપાલના મનની વાત જાણતો હતો. તેને ખબર હતી પોતાના 'ગોપ્સ'ની અંદર રહેલો તણખો. માત્ર તણખો નહીં, એક આગ. 'કશુંક' બનવાની તડપ. એ આગથી પેદા થયેલી એવી ગરમી જે ગોપાલને અંદરથી જલાવી રહી હતી, પણ ગોપાલ પોતાના જિગરી યાર પાસે વ્યક્ત કરી શકતો ન હતો, કારણ કે જવાબ તેને ખુદને પણ ખબર ન હતી. વિજયે ગઈ રાત્રે ગોપાલે બબડેલી એ વાતો રેકોર્ડ કરીને રાખેલી હતી, પણ ગોપાલને એ સંભળાવે એ પહેલા તે જતો રહ્યો. પરંતુ વિજય સમજતો હતો કે આ ઉંમર એવું વિચારવા કરતા નવાનવા પ્રયોગો કરીને થોડાં ખુદનાં સત્યો ઘડવાની છે. (જોકે વિજયને આવું 'ગહન સત્ય' દોસ્તને બોલતા આવડતું ન હતું.)

તેણે ગોપાલને બૂમ પાડી :

"ગોપ્સ, તારા જેવું 'ગહન સત્ય' તારા આ દોસ્તને બોલતા આવડતું નથી, પરંતુ તારા માટે જાન કુરબાન છે ગાંડા. થોડું ફેસબુક ચેક કરતો જાજે. તારી બર્થડે ગિફ્ટ મેં તને રાત્રે જ આપી દીધી છે."

ગોપાલે ચાલતાં ચાલતાં મોબાઇલ ડેટા ચાલુ કરી ફેસબુક લોડ કર્યું.

"ફક !" ગોપાલને ધ્રાસ્કો પડ્યો. (ગુજરાતી મિડિયમના ગોપાલને કૉલેજમાં આવીને પહેલીવાર 'ફક' શબ્દ જાણવા મળેલો, એટલે આજકાલ તે તેનો અતિઉપયોગ કરી રહ્યો હતો !)

સ્ટેટસ : "Main iss duniyaa ka sabse badaa ch**ya hoon !"

અઢાર લાઇક્સ ! ત્રીસ કમેન્ટ ! અમુક વાંચવાલાયક કમેન્ટ્સ :

૧. આજે ખબર પડી ? (દોસ્તોની સૌથી રિપીટ થયેલી કમેન્ટ)

૨. ભાઈ, ફેસબુક પર ફૅમિલી પણ હોય. આવું ન લખાય. તમારી પેઢીને

કેટલું કહેવું ? (ગોપાલના દૂરના અંકલ)

૩. વેરી ગુડ. પ્રાઉડ ઑફ માય બેસ્ટ લઘરા ફ્રેન્ડ ! મારી બર્થડે ગિફ્ટ આ જ છે ! (વિજયબુન)

૪. હેપી બર્થડે ! પીધો છે ? કે એકાઉન્ટ હેક થઈ ગયું છે ? (સ્કૂલનો જૂનો દોસ્ત)

૫. સંસ્કાર ! (એક વડીલ)

૬. જલદી ડિલિટ કર નાલાયક ગોપલા. (બાજુના રૂમનો રજત)

૭. આઈ એમ સ્પીચલેસ. બારમા ધોરણ સુધી તો તું ડાહ્યો હતો યાર ! (એક સગાની છોકરી)

ગોપાલ હસી પડ્યો અને પોસ્ટ ડિલિટ કરી નાખી. પાછો ફરીને દોડતો વિજય તરફ ગયો અને બધાની વચ્ચે તેને વ્હાલથી મારવા લાગ્યો. ચાની લારી પર બધા જોતા રહ્યા. ઝઘડ્યા પછી એકબીજાને ભેટીને બંને હૉસ્ટેલ તરફ ચાલી નીકળ્યા.

2

"ગોપુ, કૉલેજનાં ચાર વરસ પૂરાં થયાં પસી તને કંપની કેટલો પગાર દેહે ?"

ગોપાલનું ગામડાનું નાનકડું લાંબી ઓસરીનું ઘર. ઘરમાં હીંચકા પર પોતાની બાના ખોળામાં માથું રાખીને ગોપાલ સૂતો હતો. ગોપાલના માથા પર હાથ ફેરવતી બા પૂછી રહી હતી.

"બા, એ પગાર-બગાર બધું અત્યારથી ના વિચારાય. કૅમ્પસમાં કોઈ સારી કંપની આવે તો ત્રીસ-ચાલીસ હજાર આરામથી આપશે મને." ગોપાલ પોતાની બે ચોપડી ભણેલી બાને સમજાવી રહ્યો હતો. મનમાં વિચારતો હતો : *મને ખબર છે બા... મારા પહેલા વરસની ફી મારા બાપુજીએ સામેના કાકાને ત્યાંથી રૂપિયા માગીને ભરી છે. મને એ પણ ખબર છે કે આ વરસે આપણી ખેતીમાં પાણી વગર કપાસ સુકાઈ ગયો છે. પણ તારો દીકરો તારી આશાઓ ઉપર પાણી નહીં ફેરવે બા. ચાર વરસ પછી એવો ઑફિસર બનીશ કે આપણાં બધાં 'નામનાં' સગાંઓ અને તને મારા ભણતર અને ભવિષ્ય વિશે પૂછી પૂછીને ઉપાધિમાં નાખી દેતાં કુટુંબીઓને તું ચૂપચાપ બધું વ્યાજ સહિત સંભળાવી દઈશ.*

"બા, તારે એ બધી કંઈ ઉપાધિ કરવાની નથી. તું તારી તબિયત સાચવ. હવે તો ચારેય બહેનો પણ સાસરે જતી રહી છે. તું અને મારા બાપુજી બંને ચારધામ જાત્રા કરી લો. ખોટી મારી ઉપાધિ ના કરો. પહેલાં તું વાર્તા કહેતીને પોપટ અને કાગડાવાળી ? બસ, એમ જ. એમ વિચાર કે તારો પોપટ ભૂખ્યોય નથી અને તરસ્યોય નથી... આંબાની ડાળે બેઠો લીલાલહેર કરે છે." ગોપાલે કહ્યું.

"ના દીકરા, તારાં લગન થાય, તું ઠરીઠામ થાય ત્યાં લગી અમારે કોઈ જાત્રા નથ કરવી. તારે મોટો પગાર આવે કે પસી કોઈ સારો ધંધો કરતો હોય ત્યારે તારા પૈસે મને ને તારા બાપુજીને લઈ જજે, બસ ?"

"હેલિકૉપ્ટરમાં બેસાડીને તમને બંનેને ચારધામની જાત્રાએ લઈ જઈશ."

ગોપાલના કપાળમાં ઉત્સાહ છલકાતો. *બાનું આ સપનું ગમેતેમ કરીને પૂરું કરીશ.* તે ચૂપ થઈ જતો. માથા પર ફરતી બાની મમતાભરી હથેળીની ચામડીની કઠોરતા તે મહેસૂસ કરતો. આ કઠોરતા ખેતરમાં કામ કરી કરીને આવી ગઈ હતી. ચાર-ચાર દીકરીઓ અને પાંચમો દીકરો મોટા કરીને આવી ગઈ હતી. ધુમાડો ભરેલા રસોડામાં ચૂલે બેસીને રોટલા ટીપી ટીપીને આવી ગઈ હતી.

"બા..."

"હા દીકું..." બસ, આ 'દીકું' શબ્દ સાંભળવા માટે જ ગોપાલ લાંબા અવાજે 'બા...' એમ બોલતો.

"બા, તારી વાતો કરને. મને એ તો કહે કે તેં પાંચ સંતાનો કેમ કર્યાં ? તને એ ખબર ન હતી કે એમને મોટા કરવાનાં, ભણાવવાનાં, પરણાવવાનાં બધું કેટલું મુશ્કેલ

થઈ જાય ?"

"પાંચ નહીં છ. પહેલું સંતાન તારી મોટીબેન નહીં પણ એક ભાઈ હતો. જન્મ પછી એક મહિનામાં જ તે ગુજરી ગયો."

ગોપાલ બાના ખોળામાંથી ઊભો થઈ ગયો. બાને ભેટી પડવાનું મન થયું. આજ સુધી ક્યારેય તેણે બા-બાપુજીને હગ કર્યું નહોતું. બચપણમાં પગે જરૂર લાગતો. તેને તો બા-બાપુજીનાં આવાં મહાન હૃદયો પર પોતાનો કાન રાખીને ધબકાર સાંભળવો હતો, પણ તે હગ માગી ન શક્યો. તે ફરી બાના ખોળામાં સૂઈ ગયો અને બાએ ભૂતકાળ કહ્યો :

"પહેલા ખોળાનો દીકરો ગુજરી ગયા પસી તારી બહેન સંગીતા જન્મી. મને અને તારા બાપુજીને કોઈ વાંધો નો'તો દીકરી સાથે, પણ ગામને ને સમાજને હતો. પેલાં તો કોઈ બોલ્યું નહીં. દીકરાની ઈસા અમનેય હતી પણ સગાંઓ જેવડી નહીં. બે વરહ પસી તારી બીજી બેન આવી. દુઃખનાં વાદળાં ફાટ્યાં. જ્યારે તારી ત્રીજી અને પસી સોથી બેન જન્મી પસી તો હું કઉં ? ગામ દાંત કાઢતું'તું. જે ટાણે દીકરાની વાટું જોવાતી હોય ઈ ટાણે શાર-શાર સોકરિયું. હું ને તારા બાપુજી પણ રડવા લાગેલાં. શાર-શાર દીકરીને મોટી કરવી ને ઉપરથી ખેતરનાં અને ઘરનાં કામ. આ આજીવન કમરનો દુઃખાવો સે એ આટલાં સંતાનોના ભાર પેટમાં ઉપાડીને આટલી હુવાવડને લીધે જ કદાચ થ્યો સે. પસી તો દીકરાની વાટુમાં અમે દોરાધાગા સાલુ કર્યા. તારા બાપુજીએ સમાજમાં બધાને કંઈ દીધું કે અમારા ઘરે શેર માટી કેમ નથ એનું તમારે વિશારવાની જરૂર નથી. તારા બાપુજીને જે માણહ દીકરાનું પૂસતાં ઈહોને ખિજાતા. ઈ મારો ટેકો બનીને રયા સે. સેલ્લે એક નેવું વરસના જ્યોતિષને બતાવેલું. ઈ ભામણ આપડા ગામમાં બાર વરસે એકવાર આવતો ને જે ભવિષ્ય કે'તો ઈ સાવ હાચું પડતું. એણે અમને કહેલું : આવતું સંતાન દીકરો હશે અને ઈ એવો દીકરો થશે કે એ એકે હજારા હશે. અને ખરેખર ઈ ભામણ હાચો પડ્યો. તું આવ્યો. એકનો એક પણ હજાર દીકરા જેવો."

"ઊઠ બે કમીને. આજ MOS કા ફાઇલ કોપી કરના હૈ સાલે. દસ બજ ગયે હે." મોટો અવાજ આવ્યો અને ગોપાલના પગ પર લાત પડી. ગોપાલની આંખો ખૂલી. રૂમ નં.105નો શૌનક હતો. *હૉસ્ટેલ ? સપનું હતું.* સપનામાં પોતે બાના ખોળામાં સૂતો વાતો કરી રહ્યો હતો, પરંતુ બાએ કહેલી વાતો બધી જ સાચી હતી. બાનાં છેલ્લાં વાક્યો હજુ કાનમાં ગુંજતાં હતાં : *તું આવ્યો. એકનો એક પણ હજાર દીકરા જેવો.*

એક રાત્રે બે વાગ્યે ગોપાલ પોતાના લેપટોપમાં Pursuit of Happiness મૂવી જોઈને ઊઠ્યો. વિજયે કરેલી પેલી રેકોર્ડિંગની વાત યાદ આવી. તેણે વિજયને પૂછવા વિચાર્યું, પણ વિજય પોતાના ચહેરા પર એન્જિનિયરિંગની જાડી બુક રાખીને સૂઈ ગયો હતો. (કૉલેજમાં બધા એન્જિનિયર્સ ઍક્ઝામના એક અઠવાડિયા પહેલાં વાંચવાનું ચાલુ કરતા, ત્રણ દિવસ પહેલાં પૂરો કોર્સ ખબર પડતી, પેપરના આગલે દિવસે ક્લાસમાં

સૌથી સારી નોટ્સ જેની હોય તે લઈને કૉલેજના ઝેરોક્સ સેન્ટર પર કૉપી કરવા જતા અને મોટેભાગે સવારે પેપર શરૂ થયાને ચાર કલાક પહેલાં વાંચતા ! સવારે એટલું વાંચતા કે રિક્ષામાં અને કૉલેજ અંદર રસ્તા પર ચાલતાં ચાલતાં પણ સિલેબસ પૂરો કરવા વાંચતા રહેતા.)

ગોપાલે વિજયનો મોબાઈલ લીધો. હેડફોન ભરાવીને રેકોર્ડિંગ લિસ્ટમાં છેલ્લા દિવસોનાં રેકોર્ડિંગ ચેક કર્યાં. એક રેકોર્ડિંગમાં તેને પોતાનો અવાજ સંભળાયો. આંખ સામે તે પોતે ભાષણ આપવા ઊભો હતો અને સામે નીચે તેને સાંભળવા બેઠેલા દોસ્તો દેખાયા :

"સો... માય ડિયર બ્રધર્સ, સિસ્ટર્સ ઍન્ડ એસહોલ્સ. હિયર આઈ એમ, ઍન્ડ હિયર ઈઝ માય લીટલ ફકિંગ કૉમન સ્ટોરી."

(અડધી બૉટલ વ્હિસ્કી પીધા પછી ગોપાલની હાલત સમજી શકાય તેમ હતી.)

"યસ... મારી સ્ટોરી પણ કૉમન છે. આ કૉમન શબ્દ મને દિલમાં વાગે છે."

(નેક્સ્ટ પેગ.)

"મેં જિંદગીમાં કશું જ કર્યું નથી. ફોર ધેટ મેટર, તમે બધાં બેવડાઓએ પણ કશું ઉકાળ્યું નથી મને ખબર છે."

(સામે એકસાથે, 'સાચી વાત'ના હાકલા પડે છે)

"પણ... મારે કશુંક કરવું છે. શું કરવું છે ખબર નથી. પણ કશુંક કરવું છે."

"વાર્તા ચાલુ કરું ?"

"હું ગોપાલ રમેશભાઈ પટેલ. પાંચ વીઘાં પાણીવાળી જમીન ધરાવતા કાઠિયાવાડી ખેડૂતનું એક લૌતું દીકરું. દસ ધોરણ સુધીની લાઈફ ગામડાની મસ્ત એવી સ્કૂલમાં ભણ્યો. આજકાલ તો સ્કૂલ્સ બધી ફ્લેટ-ઍપાર્ટમેન્ટ જેવી, આમ જાણે ભવિષ્યના એન્જિનિયર, ડૉક્ટર પેદા કરવાનાં મોંઘાંદાટ બિઝનેસ મશીન લાગે છે યારો. ("સાચી વાત"નો નાદ. ગ્લાસ ઊંચા થાય છે)

દસમા સુધી બંદો ક્લાસમાં હોંશિયાર. દસમાનું રિઝલ્ટ 80% ! બસ... આ મારો વાંક ! પછી લાઈફની વાટ લાગી ગઈ. મારાં બા-બાપુજી વધુ ભણેલાં નહીં. કાળા તડકામાં મજૂરી કરીને એ બંનેએ એમના આ ગોપુને અને તેની બહેનોને ભણાવ્યાં છે. મારી કૉલેજની ફી પણ સામેવાળા કાકાને ત્યાંથી માગીને ભરી છે. (ડાબી આંખમાં એક આંસુ આવ્યું.) દસમા પછી એક બપોરે બાપુજીએ મને પૂછ્યું : 'આગળ શું ભણવું છે ?'

મેં બીજા માણસોને અને સગાંઓને પૂછ્યું : 'શું ભણાય ?' નરાધમો કહે : '80% વાળા તેજસ્વી વિદ્યાર્થીએ સાયન્સ જ લેવાય !' બસ, ત્યારથી 'ગોપુ'નું 'ભોપું' વાગી ગયું ! જિંદગીની ચડ્ડી-ગંજી એક થઈ ગઈ.

("સાચી વાત..." ફરી હાકલા પડ્યા !)

ત્રણ. માત્ર ત્રણ મહિનાના વૅકેશન પછી રાજકોટની એક સ્કૂલમાં તમારો ગોપુ ગોઠવાઈ ગયો લાઈફની વાટ લગાડવા. એક તો ટેન્શન હતું કે માબાપે આટલી મોટી ફી ભરીને મને હૉસ્ટેલવાળી સ્કૂલમાં ઘરથી દૂર મોકલ્યો છે. એ ટેન્શનને લીધે જ અડધું

સાયન્સ ગળે ઊતરતું ન હતું. એક પછી એક ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથ્સના સર આવે અને કલાક કલાક સુધી લાંબાં લેક્ચર ઠોકી મારે. સદિશ-અદિશ-અણુ-પરમાણુ-તત્ત્વ-મિશ્રણ-સંયોજન-સંકલન-વિકલન-પરિમિતિ-સાઈન થીટા-કોસ થીટા અને ઉપર બે-ત્રણવાર ઘરે લખીને તૈયાર કરવાનાં લેસન. આ બધું ધીમેધીમે મગજનું દહીં કરતું હતું યાર. ("સાચી વાત...")

કયું અણુસૂત્ર જિંદગીમાં કામ આવશે બોલો ? ઓહ્મનો નિયમ કે ન્યૂટનનો ગોખેલો પેલો આઘાત-પ્રત્યાઘાત તબલો કામમાં આવે છે આપણા જેવા કૉમન આદમીને ? ગણિતનું પરવલય અને અતિવલય રિયલ લાઈફમાં કામમાં આવે તેની સંભાવના કેટલી ? અરે, મને એમ કહો કે દુનિયાના બે-પાંચ ટકા લોકો કે જે વૈજ્ઞાનિક, સંશોધક કે મૅથેમૅટિક્સના બાપ છે. એમને બાદ કરતાં કયો ભાઈ પોતાના ભણતરને જીવનમાં વાપરે છે ? આપડે તો મોટી કંપનીમાં ટ્રેનિંગ લઈને રોજનું કૉમન કામ કરવા માણસના સ્વરૂપમાં મશીનો પેદા થયા છીએ અને આ ઍજ્યુકેશન તો આપણા દિમાગની ધાર કાઢવા માટે ઠોકી બેસાડ્યું છે. એન્જિનિયરિંગ ગોખી ગોખીને વપરાયેલા કોન્ડમ જેવું બની ગયેલું આપણું દિમાગ આવતીકાલે કોઈકની કંપનીના માલિકનાં ખિસ્સાં ભરવામાં વપરાશે. કારણ ? કારણ કે સાલું આપણે કૉમન માણસ છીએ ! આપણી પોતાની કંપની ઊભી કરવાના રૂપિયા પણ આપણી પાસે નહીં હોય. (પાછળ બેઠેલા ટલ્લી દોસ્તોમાંથી હાર્દિક ઊભો થઈને ગોપાલને હગ કરી જાય છે.)

મારી સ્ટોરીમાં બારમું ધોરણ પૂરું થયું અને હીરો ગોપાલ સેક્સ કરીને ઊભેલા આખલા જેવો હાંફી રહેલો. બે વરસ મહેનત તો ખૂબ કરેલી, પણ તે સાયન્સનું પેશન ન હતું, લોકોની અપેક્ષાનું ટૅન્શન હતું... ટૅન્શન. ઓછા ટકા આવશે તો દુનિયાની નજરમાં શું આબરૂ રહેશે મારી અને મારાં બા-બાપુજીની ? બસ, જ્યારે વૅકેશન ખૂલ્યું, રિઝલ્ટ આવવાનું હતું અને બધાં મને પૂછતા હતા કે 'ગોપુ કેટલા ટકા આવશે ?' ત્યારે જ ખબર હતી કે તમને આશા છે એટલા તો નહીં જ આવે નાલાયકો.

દોસ્તો... રિઝલ્ટ આવ્યાની એ છેલ્લી સવાર, 71%... ગોપુની કૉમનલાઈફ ચાલુ. ધારેલી કોઈ કૉલેજ મળી નહીં. ત્રણ મહિનાનું વૅકેશન કૉલેજનાં લિસ્ટ ભરવામાં ટૅન્શનમાં નીકળી ગયું અને છેલ્લે જે ભાગ્યમાં લખ્યું હતું એ જ થયું : કૉલેજ પણ કૉમન. 71% ધરાવતા સામાન્ય છોકરાની ઔકાત આઈઆઈટી કે એનઆઈટી બહાર હતી. જનરલ ક્વૉટાએ લાઈફની મા... (ગોપાલ બીજી આંખનું આંસુ પોતાના ગ્લાસમાં પડવા દે છે. ગોપાલના દુઃખ સામે દુઃખ દેખાડવા બીજા બધા માત્ર ગ્લાસ ઊંચો કરીને સાથ આપે છે.)

પણ યારો... યારો... જિંદગીની ટ્રેજેડી એ છે કે લોકો તમને કહે છે : દસમા-બારમામાં મહેનત કરી લો, બૉર્ડ છે, બાકી જિંદગી જલસા જ છે. મારી બાના સમ... ખૂબ બળ કર્યું. બારમામાં ટકા લાવવા. હવે કહે છે કે કૉલેજમાં મહેનત કરી લો. ચાર વરસ જ છે, પછી આખી લાઈફ મસ્ત નોકરી-ધંધો કરી શકાશે. ઘંટો પણ થવાનું નથી કંઈ. નોકરી કરીશું પછી કહેશે કે કેટલાં વરસ આ એકલા જિંદગીને કાઢશો ? લગ્ન કરી

લો એટલે બસ છેલ્લો પડાવ. લગ્ન પછી એમને છોકરાં કરાવવાં છે, છોકરાં મોટાં થાય એટલે એમને થોડું વધારે કમાવા કહેવું છે. થોડું વધારે રાહ જુઓ, છોકરાનાં લગ્ન થઈ જાય પછી બેઉ જણા શાંતિની જિંદગી જીવી શકશો. અલ્યા... જિંદગી વધી હોય તોને ? પાપડ ભાંગવાની ને ચખના ખાવાની ત્રેવડ ન હોય ત્યારે જિંદગીમાં શું જીવવું ? (પાછળથી 'વાહ ગોપુ વાહ'ના હાકલા પડે છે ! ગોપાલને ઝનૂન ચડે છે. ઊભો થાય છે અને ભાષણ ચાલુ કરે છે)

પણ આ કૉમનબૉયનું દિમાગ સ્પ્રિંગ જેવું છે. કોઈ સ્પ્રિંગ ઉપર બે વરસ સુધી 'સાયન્સ' નામનો પથ્થર મૂકી દો, પછી પથ્થર હટાવો, સ્પ્રિંગ ઊછળે છે ને બે વરસનો બદલો લેવા ? આજે આ વ્હિસ્કીની બૉટલ આટલા સંસ્કારી ગોપાલના હાથમાં છે તેનું કારણ પેલો 'સાયન્સ' નામનો પથ્થર છે અને મને લાગે છે હવે આપણા દિમાગની સ્પ્રિંગ પર 'એન્જિનિયરિંગ' નામનો પથ્થર મોટો થઈ રહ્યો છે. દિવસે ને દિવસે.

દસમા પછી એક છોકરી પસંદ હતી. સાચો લવ તેની સાથે હતો. સાયન્સના ટૅન્શનમાં એ પણ હાથમાં ન આવી. 'American Pie' મૂવીમાં અઢાર વરસે છોકરાઓ સેક્સ કરી નાખે છે અને આપણે કિસ પણ નથી કરી શક્યા.

તો યારો... ચિયર્સ ટુ કૉલેજ લાઈફ. જલસાની જિંદગી. શું લાઈફને બીજાની જેમ ફૂંકી ફૂંકીને જીવવાની ? તમે તો સાલાઓ દારૂ પણ વિચારી વિચારીને પીવો છો. 'રંગ દે બસંતી'ના પેલા ડાયલોગની જેમ 'કૉલેજ દે ગેટ કે ઈસ તરફ હમ લાઈફ કો નચાતે હે... તે દૂજી તરફની લાઈફની એક, બે ને સાડાત્રણ !'

ફક એજ્યુકેશન સિસ્ટમ.

ફક ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ.

ફક આપડો ભૂતકાળ.

ફક ગોપાલ પટેલની કૉમન લાઈફ.

ફક રોયલ સ્ટેગ વ્હિસ્કી..."

(બધા ગ્લાસ ઊંચા થાય છે અને એક સાથે છેલ્લો પેગ પિવાય છે)

પાર્ટીની ઉજવણી થઈ. ગોપાલના ભાષણની એવી તો અસર થઈ કે ગોપાલની કેક કપાઈ એ પહેલાં દોસ્તોએ ગોપાલના ચહેરા પર કેક લગાવી દીધી. કેક પૂરી થઈ તો કોલગેટ લઈને વાળમાં જમાવી દીધી. નશામાં આમતેમ સૌ પડ્યા હતા ત્યારે વિજય ગોપાલની પીઠ પર પોતે 'બ્રધરઝોન'માં મુકાઈ ગયો તેનું દુઃખ વ્યક્ત કરતો Khushi was here ! લખતો હતો. રાત્રે ત્રણ વાગ્યે ગોપાલે બાલ્કનીમાં સૂતાં સૂતાં જોરથી રાડ નાખેલી :

"હું...
આ દુનિયા... પરનો...
સૌથી મોટો...
ચૂ** છું !"

3

રૂમ નં. 305માં બાથરૂમ પાસે છ-સાત બુક્સ ફાડીને સળગાવવામાં આવી હતી. ગોપાલના ગ્રુપનો સૌરવ ઉર્ફે 'ઘંટુ' તેના પર મેગી નૂડલ્સ ગરમ કરી રહ્યો હતો. વિજય પોતાની સિગારેટ જલાવી રહ્યો હતો. બેકગ્રાઉન્ડમાં વિજયના લેપટોપ સાથે જોડેલા સ્પીકર પર મોટેમોટેથી 'ઝિંદગી મૌત ના બન જાયે સંભાલો યારોં...' ગીત વાગી રહ્યું હતું અને ગોપાલ સહિત બીજા ત્રણ-ચાર દોસ્ત C Language અને Fundamentals of Civil Engineeringની બુક્સ ફાડી ફાડીને તાપ કરી રહ્યા હતા. હવન ચાલુ થયો હતો.

"બોલો... E Balaguruswamiના પેપરને..."

"સ્વાહા..."

"બોલો... એન્જિનિયરિંગના પહેલા વરસને..."

"સ્વાહા..."

"બોલો... પચ્ચીસ ટકા એન્જિનિયર બની ગયેલી તમારી વિજયબુનને..."

"સ્વાહા..." વિજયે મોટા અવાજે સ્વાહા પોતાની કરાવી.

આજે છેલ્લું પેપર હતું અને એ સાથે જ કૉલેજનું પહેલું વરસ પૂરું થયું. ઍસાઇનમેન્ટની એકબીજામાંથી કોપી કરેલી તૈયાર કરેલી ફાઇલ્સ, ઉપરથી વિઝિટિંગ ફેકલ્ટીએ આવીને લીધેલા બ્લડપ્રેશર વધારી દેતા વાઇવા અને ગોખેલા પ્રેક્ટિકલ્સના ધસારા પછી સેલિબ્રેશન તો જરૂરી જ હતું. એકસાથે દરેક બ્રાન્ચના વિષયો ભણીને ડઘાયેલા વિજયબુને પોતાની બધી બુક્સ મેગી નૂડલ્સ બનાવવામાં વાપરી નાખી અને ખિસ્સામાંથી છેલ્લું ક્વેશ્ચન પેપર કાઢીને તેની પાછળ ટાઇમ-ટેબલ લખ્યું :

"TODAY'S KICK-ASS TIME-TABLE FOR THE COMPLETION OF 25% ENGINEERING."

1. સામૂહિક HD pornfilm દર્શન પ્રોગ્રામ - 4 pm. રૂમ નં. 305
   Rules : લિમિટેડ એન્ટ્રી.
   - વહેલા તે પહેલાના ધોરણે રૂમમાં ઍડમિશન.
     - શીઘ્રપતન પ્રતિબંધિત.
     - શીઘ્ર ઉત્તેજના પછી પોતપોતાના રૂમના બાથરૂમનો ઉપયોગ કરવો. (હુકમથી : વિજયબુન)
     - જેની પાસે હાર્ડડિસ્ક હોય તે બંધુઓએ મારા કલેક્શનમાં ઉમેરો કરી આપવો પડશે.
2. Dinner @ હોટેલ પુરોહિત - 8 pm.

Rule : જનકની બાઇકમાં માત્ર ત્રણ વ્યક્તિ આવશે. દરેકે રૂપિયા ત્રીસનું પેટ્રોલ પુરાવવું ફરજિયાત છે. ડિનર સ્વખર્ચે.

3. સાત્ત્વિક સિગારેટ સ્મોકિંગ @ એક્સપ્રેસ હાઇવે, આણંદ - 9 pm.
   (હાઇવેના ડિવાઇડર પર બેસીને ત્રણ જ સિગારેટ ફૂંકવામાં આવશે)

4. સામૂહિક મૂવીદર્શન. મૂવી : Saw1, Saw2 અને શક્ય હોય તો Saw-૩ વિથ સબ-ટાઇટલ્સ - 11 pm.

Rule : ગોપાલ અને હું ગુજરાતી મિડિયમ ભણેલા હોયને, અમને ન સમજાય તો કોઈ ચેતવણી વિના મૂવી બંધ કરાશે. (જૂનો અનુભવ : Source Code મૂવી)

5. મારી સંતાડી રાખેલી વ્હિસ્કી વિથ ગોપાલ ઓન્લી - 3 am.

Rule : ગોપાલની ફિલૉસૉફીથી હું કંટાળી ગયો હોઈને આ વખતે પીધા પછી રાતના ત્રણ વાગ્યે કોઈ લોડ લેવામાં આવશે નહીં.

ઉજવણી થઈ. બન્ક મારીને લાંબું કરેલું વૅકેશન પણ પૂરું થયું. મહિનાઓથી ન ધોયેલાં કપડાં લઈને બધાં ઘરે ગયા. નાસ્તાના થેલા ભરીને બધા હૉસ્ટેલમાં પાછા આવ્યા.

નવું સેમિસ્ટર ચાલુ થયું.

થોડા દિવસમાં જૂના સેમિસ્ટરનું રિઝલ્ટ આવ્યું !

જેમણે C Languageની બુકને સળગાવી હતી તે સળગાવનારા જ ફેઈલ થયા હતા ! ગોપાલ અને વિજય કોઈ કેટી વિના 10માંથી 6.4 અને 6.3 SGPI લાવેલા.

જો ફર્સ્ટક્લાસ જાળવી નહીં રાખ્યો તો કોઈ કંપની ઇન્ટરવ્યૂમાં પણ બેસવા નહીં દે તેવી બીકથી સેમિસ્ટરની શરૂઆત ધીરગંભીર બનીને થતી, પરંતુ થોડાં અઠવાડિયાંમાં એ 'ગંભીરતા' માત્ર કોર્સ પૂરો કરવા બંધાયેલા પ્રોફેસરના ચહેરા પર જ રહેતી. થોડા દિવસમાં કૉલેજલાઇફ રૂટિન થઈ જતી. પ્રોફેસર્સ બોરિંગ લાગવા લાગતા. પ્રોફેસર ક્લાસમાં ઘૂસે એ પહેલાં જ છોકરાઓ બન્ક લગાવીને પ્રોફેસરને સામે મળતા ! લાઇબ્રેરીમાં ઘૂસ્યા પછી વાંચવા બેસીને તરત જ ઊંઘ આવવા લાગતી. હૉસ્ટેલ પર પણ સૌ પોતપોતાની રૂમમાં પડ્યાપડ્યા ટાઇમ પાસ કરતા કંટાળતા. થિયેટરમાં સવારના સસ્તા શો માટે પણ કોઈ ઉત્સાહ રહેતો નહીં. હૉસ્ટેલના માંદા વાઇ-ફાઇ પરથી ડાઉનલોડ કરવાની મનાઈ હોય છતાં ટોરન્ટ અને ઇન્ટરનેટ ડાઉનલોડ મૅનેજરની અંદર મૂવીઝ ડાઉનલોડ કરીને બધાં જોયા કરતા. હૉસ્ટેલમાં સાંજે જમ્યા પછી કોઈ ગેમ રમતું, કોઈ ગર્લફ્રેન્ડ સાથે ચેટ પર પડ્યું રહેતું, કોઈ પત્તાં ખેલતું અને કોઈ ટીવીરૂમમાં પડ્યું પડ્યું મોડી રાતની ફૂટબૉલની મૅચ જોયા કરતું.

આ બધાંની વચ્ચે ગોપાલ પટેલ વિચિત્ર લાગતો ! તે રાત્રે પોતાની બાલ્કનીમાં ખુરશી પર બેઠો રહેતો અને ચમકતા તારાઓ ભર્યું આકાશ જોયા કરતો. સામે ગર્લ્સ હૉસ્ટેલ હતી. દરેક રૂમની બારી પર છોકરીઓએ છાપાં ચીપકાવી દીધાં હતાં. તે એ બારીઓ તરફ જોયા કરતો. તેનું દિમાગ કશુંક કરવા માગતું પરંતુ તેને ખરેખર કોઈ વિચાર ન આવતો કે તેણે શું કરવું જોઈએ. ક્યારેક એકાદ દોસ્તની પાસેથી સારી નવલકથા લઈ આવતો અને વાંચવા બેસતો, પરંતુ અઘરા ઇંગ્લિશ શબ્દો જોઈને મૂકી દેતો. ફરી પાછો બાલ્કનીમાં બેસી જતો. ઊંડુંઊંડું વિચારવા લાગતો. કોઈ ખાસ વિચાર આવતા

નહીં એટલે છેવટે કંટાળીને દરેક રૂમમાં જઈને પોતાના દોસ્તોને હેરાન કરતો.

મોડી રાત્રે રૂમ પર આવતો. રૂમમાં વિજય ન હોય એટલે રૂમ અંદરથી બંધ કરીને પોતાના લેપટોપમાં પોર્ન ચાલુ કરતો. પોતાના પેન્ટમાં ગોપાલનો હાથ જતો અને પછી એ સૂઈ જતો.

કેટલાયે દિવસો આવી જ રીતે પસાર થતા અને એક્ઝામ આવી જતી.

એક દિવસ વિજયે ગોપાલને ક્યારેય ન પૂછેલી વાત પૂછી.

ચોમાસાની સાંજ હતી. ધોધમાર વરસાદ વરસતો હતો. નીલા અજવાળામાં વિજય અને ગોપાલ હૉસ્ટેલ બહાર નહાવા નીકળેલા. બંને રસ્તા પર નાચતાકૂદતા રાડો નાખી રહ્યા હતા. વિજય બેસૂરા અવાજમાં મોટેમોટેથી ગીતો ગાઈને રસ્તા પર નાચી રહ્યો હતો અને ગોપાલ એને તાળીઓ પાડીને વધુ હવા ભરી રહ્યો હતો.

વરસાદ ધીમો પડ્યો એટલે બંને ચાલતાં ચાલતાં આમલેટની એક લારી પર ગયા. ગોપાલને ઈંડાં ખાતા શીખવનાર પણ વિજય હતો. એક જ પ્લેટમાં બે આમલેટ ખાઈને બંને મોટા બજાર તરફ જતા રસ્તા પર ચાલવા લાગ્યા. વિજયે એક સિગારેટ લીધી. સિગારેટ જલાવી અને પછી ગોપાલને પૂછ્યું :

"એક સવાલનો જવાબ આપીશ ગોપુ ?"

"બોલને ગાંડા."

"પણ સાચો જવાબ આપે તો જ."

"વિજયબુન પાસે ગોપાલને ખોટું બોલવું પડશે ત્યારે બંદો મૂંછો મૂંડાવી દેશે બૉસ."

"સારું. સેન્ટી ના થા. મને એ કહે : આજકાલ હું ઓબ્ઝર્વ કરું છું, આજકાલ શું, કૉલેજના પહેલા દિવસથી જોઉં છું કે તું મનમાં ને મનમાં ક્યાંક તારી જાત પ્રત્યે ગુસ્સે છે. તું ખુશ છે પણ એટલો જ દુઃખી પણ છે. આજે મને વાત કર."

ગોપાલ વિજય સામે મુસ્કુરાયો. વિજય જ્યારે સિગારેટ પીતો ત્યારે ફિલૉસૉફર બની જતો. ગોપાલે તેની પાસેથી સિગારેટ માગી અને લાંબો કસ લઈને આકાશ તરફ ધુમાડા ફેંકતો બોલ્યો :

"ના બુન. એવું કંઈ ગંભીર કારણ નથી, પણ હું અનુભવી રહ્યો છું કે લાઈફ રિપીટ થઈ રહી છે. અમુક સમયે બધી મસ્તી અને ટાઈમપાસ રિપીટ થઈને કંટાળો આપી રહ્યો છે."

"ના. વાત બીજી છે. જો બકા... કંટાળો તો અમુક સમયે મને પણ આવે છે ઈની બુનને, પણ તારી આંખો કશુંક અલગ જવાબ આપી રહી છે."

"શું લોડ આપે છે તું પણ ? મારી આંખો ક્યારની બોલવા લાગી ? કશું અલગ નથી. આપણે બધાં આ બધું અનુભવી રહ્યા છીએ, પણ હું સૌથી મોટો સરદાર છું આપણા બધામાં. મારે કશુંક અલગ માણસ બનવું હતું. એવી વ્યક્તિ કે જે આખી કૉલેજથી અલગ હોય."

"ઓકે. મતલબ તું બધાં લોકો જેવો બની રહ્યો છે એમ ? સીધી વાત કહેને ગોપ્સ."

"હા. તારા દિલને પૂછ વિજય. કૉલેજના ગેટની અંદર પહેલા દિવસે પગ મૂક્યો ત્યારે મારે સપનાં થોડાં હતાં. હું ક્લાસમાં આવ્યો અને પ્રોફેસર એક પછી એક વ્યક્તિને ઊભી કરીને પૂછે છે : તમે ઈલેક્ટ્રિકલ કેમ પસંદ કર્યું ? એ નાલાયકને કેમ કહું કે સાલું મિકેનિકલમાં કોઈ સારી કૉલેજ મળતી ન હતી એટલે પસંદ કર્યું. એને કેમ કહું કે ભાઈ, મારી લાઈફમાં મને શેનું પેશન છે, કયા સબ્જેક્ટમાં રસ છે એ ખબર જ નથી તો ઘંટામાંથી જવાબ હોય મારી પાસે ? વિજય, માત્ર મારી વાત જ નહીં, આખો ક્લાસ મારી જેમ જ અંદરથી પીડાઈ રહ્યો છે અમુકને બાદ કરતાં."

"બરાબર..." બુન બોલ્યા. ગોપાલની સ્પીચ તો હવે ચાલુ થઈ હતી :

"હું બોરિંગ પ્રોફેસર્સને સાંભળું છું, બોગસ ઍસાઈનમૅન્ટ કોપી કરું છું, પ્રૅક્ટિકલની લેબ ભરું છું, પણ સાંજે હૉસ્ટેલ પર આવીને જ્યારે બૅડ પર સૂતો હોઉં છું ત્યારે લાગે છે કે આખો દિવસ દિલનો અવાજ સાંભળીને કશું કર્યું જ નહીં ? પછી આ સવાલ રાત્રે રિપીટ ન થાય એટલે લેપટોપ ખોલીને હું રાત્રે મૂવીઝ ડાઉનલોડ કરવા બેસું છું. મનને બીજે ડાઈવર્ઝન આપી દઉં છું. તમારી બધાં સાથે વાતો કરવા બેસું છું, ઈન્ટરનેટ પર 'Best motivational videos' લખીને લાઈફની ફિલૉસૉફી સમજવા મથ્યા કરું છું. કોઈ પોર્ન ફિલ્મની જેમ એ બધું મોટિવેશન પાંચ-દસ મિનિટ ઝનૂન ભરી દે છે, પછી ફરીથી હું હતો એનો એ ! જ્યારે વધુ બોર થાઉં ત્યારે મોબાઈલ હાથમાં લઉં છું. આપણા વ્હૉટ્સએપ ગ્રુપમાં આવેલા ફોરવર્ડ કરેલા મૅસેજિસ વાંચું છું. લોકો સાથે ચેટ કરવાની ટ્રાય કરું છું. જ્યારે કોઈનો જવાબ ન મળે તો ચિડાઈ જાઉં છું. મનમાં થાય છે : મારી આખી પેઢી આ રીતે મોબાઈલના સ્ક્રીન પર આંખો રાખીને ટાઈમપાસ કરી રહી છે. તેમનાં દિમાગ ક્લુલેસ છે. વહેતા સમયને તેઓ ક્યાં ઈન્વેસ્ટ કરવો એ ખબર ન હોવાથી તેઓ ટાઈમપાસ નહીં પણ ટાઈમકિલિંગ કરી રહ્યા છે. વિજય, મને પણ લાગે છે કે હું પણ સમયને મારી નાખી રહ્યો છું. મારા હાથમાં કશું નથી છતાં હું કશું ગુમાવી રહ્યો છું. મોબાઈલમાં જોક્સ વાંચીને બોર થાઉં એટલે ફેસબુક ખોલું છું. બીજાની લાઈફ જોઉં છું, એમની પોસ્ટ પર મળેલી લાઈક્સ જોઉં છું. આ સોશિયલ મીડિયા તો બળતામાં ઘી હોમે છે. હું ઇચ્છું છું કે લોકો મારી લાઈફને પણ જુએ. હું કંઈક લખીને પોસ્ટ કરું છું, ફોટોઝ મૂકું છું. દર અડધી કલાકે લાઈક્સ અને કમૅન્ટ્સ જોવા મોબાઈલ ચેક કરું છું. છેવટે મોટિવેશનલ વીડિયો જોઈને મોટાં બનેલાં મારાં ખોટાં સપનાંઓ ફેસબુકની મારી પોસ્ટ પર વીસ લાઈક્સ મળી જાય તેટલાં નાનાં બની જાય છે. જ્યારે સપનાં અધૂરાં રહી જાય ત્યારે બધું બંધ કરીને શું કરવું તે વિચાર્યા કરું છું. ગુગલ ખોલીને શું સર્ચ કરવું તે વિચાર પણ ન આવે ત્યારે અંતે મોબાઈલમાં જ કોઈ પણ ગેમ ચાલુ કરીને સમયને મારવાનું કામ ચાલુ કરી દઉં છું. અને દોસ્ત, સોશિયલ મીડિયા તો છોડ... રિયલ લાઈફમાં પણ એ જ બધું છે. ન ગમતો ક્લાસ બન્ક મારીને કૅન્ટીન. કૅન્ટીનમાં થોડાં ગપ્પાં મારીને ફરી બીજો હથોડાછાપ ક્લાસ ભરવા જાઉં છું. કેવો એન્જિનિયર બનીશ એ મને પણ ખબર નથી.

મને તો કેવો માણસ બનીશ તેની ઉપાધિ છે. લોકો જો આને જ લાઈફ કહેતા હોય તો મારે આવું તો નથી જ જીવવું. મારે બદલવું છે યાર."

વિજય સ્થિર થઈને બધું જ સાંભળી રહ્યો હતો. ગોપાલના શબ્દો તેને વાગ્યા હતા.

બંને ચાલતાં ચાલતાં એક મોલ પાસે આવ્યા. વરસાદ ધીમેધીમે વરસતો હતો. બંને મોલની આગળ એક બેન્ચ પર બેઠા.

"ગોપુ... યાર આવું તો મારે પણ થાય છે. શું કરવું બોલ ?" વિજય બોલ્યો.

"એ ખબર હોત તો ગાંડા તારા ગોપલાને શું જોઈએ ?"

બંને કેટલાયે સમય સુધી ચૂપચાપ બેઠા રહ્યા. આકાશ તરફ જોતા રહ્યા. મોલ સામે નીકળતાં વાહનોને જોતા રહ્યા. ગોપાલ બેન્ચ પાછળ માથું ટેકાવીને વરસાદની બૂંદોને પોતાના ચહેરા પર ઝીલી રહ્યો હતો. ઝાંખા અજવાળાને લીધે બંધ આંખો અંદર પોપચામાં દેખાતો સફેદ પડદો જોઈ રહ્યો હતો. કશુંક વિચારતો રહ્યો.

અચાનક તેણે આંખ ખોલી. હૃદયનો કોઈ ઊંડો અવાજ સંભળાયો હોય એવો અહેસાસ થયો. છાતીમાં કોઈ વીજળીનો કડાકો થયો હોય એમ તેનો ચહેરો ચમકી ઊઠ્યો. વિજય ગોપાલના ચહેરાને જોઈ રહ્યો. તેના ચહેરામાં જિજીવિષા દેખાતી હતી. તે ગોપાલ કશું બોલે તેની રાહ જોઈ રહ્યો.

"ધીસ ઈઝ ધ ટાઈમ..." ગોપાલે વિજયના ખભા પર હાથ મૂકીને કહ્યું.

"શેનો ?"

"લાઈફ સાથે ખેલ કરવાનો..."

"ગોપ્સ... પોઈન્ટ ક્લિયર કર બકા."

"પોતાની જાત સાથે અત્યાર સુધી કોઈ ખોટેખોટું બોગસ યુદ્ધ ખેલાઈ રહ્યું હતું, વિજય." ગોપાલ ઉત્સાહમાં બેન્ચ પર ઊભો થયો અને થોડે મોટેથી બોલ્યો :

"વિજય ભરવાડ, હજુ મોડું નથી થયું. આપણા બધાંની બોરિંગ લાઈફમાં તેં એક મોટી ભૂલ જોઈ ? આપણે લોકો ક્યારેય કમ્ફર્ટ ઝોનથી બહાર નીકળીને જીવ્યા જ નથી યાર. લેટ્સ એક્સપેરિમેન્ટ વિથ ધીસ લાઈફ."

"એ કઈ રીતે ?"

"જે વસ્તુ ક્યારેય કરી જ નથી એ બધું એકવાર કરી લઈએ."

"મેં ક્યારેય સેક્સ નથી કર્યું !"

"હેં ? તેં ક્યારેય સેક્સ નહીં કર્યું ?"

"ના. કિસ પણ નહીં. ખુશીએ મને ભાઈ બનાવી દીધો એમાં કશું ના થયું." વિજય જીભડી કાઢીને હસ્યો.

"ચલ... તારી દોસ્તીના નામ પર એ પણ ક્યારેક અનુભવ કરીશું." ગોપાલે વિજયના હાથ પકડીને પ્રૉમિસ આપ્યું અને પછી આખી વાત કરી :

"વિજયબુન, આવતીકાલથી તારી થોડી મદદની જરૂર પડશે. કરીશને ?"

"ના નહિ કરું." ગોપાલે પરવાનગી માગી તે વિજયને ન ગમ્યું. "જીવ સિવાય

ગમે તે માગી લે ગોપ્સ. બંદો તારે માટે બેઠો છે."

"જો સાંભળ બકા. અત્યારે મનમાં કોઈ અજીબ ફીલિંગ થઈ રહી છે. હું કબૂલ કરું છું કે મારી પાસે દિલનો અવાજ નથી. મારા મનને ગમતું કામ નથી. મારો રસનો વિષય ખબર નથી, પણ આપણા જેવા આ દુનિયા પર કરોડો છે. આપણે તો એન્જિનિયર છીએ જ્યારે આર્ટ્સ, કૉમર્સવાળા લાખો છોકરાઓ તો આપણા જેવું વિચારતા પણ નથી, રાઈટ ?"

"મતલબ તું હથિયાર નીચે મૂકી રહ્યો છે."

"ના રે ગાંડા. હથિયાર શોધવાનું છે. મને એક વાત સમજાવ : સ્ટીવ જૉબ્સ, સચીન તેંદુલકર, બિલ ગેટ્સ, અબ્દુલ કલામ, આઈનસ્ટાઈન કે પછી એ.આર. રહેમાન... કોઈ પણ ક્ષેત્રનો સૌથી બેસ્ટ માણસ લઈ લે. આ બધામાં એક વાત કૉમન છે. કંઈ ?"

"કોઈ એન્જિનિયર બન્યા ન હતા."

"ના બુન. એ બધાને પોતાની એક કામમાં માસ્ટરી હતી. પોતે સિલેક્ટ કરેલા એક ક્ષેત્રમાં એ બધા સૌના બાપ હતા. ધોળા દિવસે દેખી શકાય એવાં તેમની પાસે સપનાં હતાં. લાઈફમાં ફાટી પડે ત્યારે ભાગીને કરી શકાય તેવા કામ તેમની પાસે હતા. જોબ્સને જ્યારે એની ખુદની કંપનીમાંથી કાઢી નાખ્યો ત્યારે થોડો ટાઈમ એ હારી ગયેલો, પણ પાછો કામ તો એ જ કર્યું જેમાં એ નિષ્ફળ થયેલો. સચીન... કોણી, કમર, કાંડું ભાંગી જાય તો પણ એ વ્યક્તિ જશે તો ક્રિકેટ રમવા જ. આઈનસ્ટાઈનને તો દુનિયા મંદબુદ્ધિ ગણતી, પણ રેસ્ટ ઈઝ હિસ્ટ્રી !"

"તો ગોપાલ પટેલ, તું આ બધાંમાંથી કોણ બનવા માગે છે ?"

"હું ગોપાલ પટેલ જ બનીશ બકા અને એ માટે એક દિલને ગમતું કામ શોધવું પડશે."

"આવી ગઈ ગાંડી ગામ રખડીને ? ડોબા... તને ગમતું કામ ખબર હોત તો અહીં મારી સાથે મેથી મારતો હોત... ઈની બુનને ?"

"એક્સપેરિમેન્ટ. લાઈફને આપણે કેમ સીધી રીતે વહેવા દઈએ છીએ ? અલગ અલગ ક્ષેત્રોમાં ભાગ લઈએ ગાંડા. થોડા ઊંડા ઊતરીએ દરેક સબ્જેક્ટમાં. કોઈ તો એવું કામ હશે ને જે આપણને ખૂબ ગમશે ? પહેલાં તો કમ્ફર્ટ ઝોનથી બહાર નીકળીને અલગ અલગ વસ્તુઓમાં ભાગ લેવો પડશે બકા અને મારે તારી મદદ જોઈશે."

"જે કરવું હોય એ કર ગોપુ. એક દિવસ સાબિત કરી દે આ દુનિયાને એની બુનને."

"ફાડી નાખીશું અલ્યા !"

થોડીવાર બંને ચૂપ થઈ ગયા. એકબીજાની સામે મુસ્કુરાયા અને એ સાથે જ બંનેની આંખો ભીની થઈ ગઈ.

"આ તો સેન્ટી થઈ જવાયું." વિજય શરમાઈને પોતાની આંખો લૂછતો બોલ્યો.

બંને પાછા હૉસ્ટેલ તરફ ચાલી નીકળ્યા. ગોપાલને ઉત્સાહ હતો. વિજયને આશા

હતી. ગોપાલને ઉત્સાહ અને આશા બંનેની જ જરૂર હતી.

"બુન... પણ આ બધું કરવામાં ભણવાનું રહી ગયું તો ? અને કોઈ પેશન પણ ખબર ના પડી તો ?" ગોપાલને અચાનક ઘ્રાસ્કો પડ્યો. બંને રસ્તામાં ઊભા રહી ગયા. એકબીજાના ગભરાયેલા ચહેરાઓ સામે જોયું. ફરી કંઈ પણ બોલ્યા વિના ફરી હૉસ્ટેલ તરફ ચાલવા લાગ્યા.

4

બીજે દિવસે સવારે પાંચ વાગ્યે ગોપાલના મોબાઇલનું એલાર્મ વાગ્યું ! હૉસ્ટેલના ઇતિહાસમાં સવારે પાંચ વાગ્યે ઊઠવાની એ એક ઐતિહાસિક ઘટના હતી.

તેણે પોતાની જૂની Abidas ટી-શર્ટ અને કેપ્રી પહેરી. પોતાના Mike લખેલાં સ્પોર્ટ્સશૂઝ ટાઇટ કર્યાં. (પોતાનાં ટી-શર્ટ્સ અને શૂઝનાં ડુપ્લિકેટ બ્રાન્ડ્સ ગોપાલના મધ્યમવર્ગની અમીરી હતી.)

પાંચ વાગ્યામાં રૂમમાં થતા અવાજને લીધે વિજય આંખો ચોળતો ઊઠ્યો. ગોપાલને કાનમાં હેડફોન ભરાવી તૈયાર થતો જોઈને બોલ્યો : "અલ્યા, હજુ તો ટાઇમ છે. આરામથી તારું પેશન શોધજે."

ગોપાલે રૂમમાં વૉર્મ-અપ કરતાં કરતાં પોતાના મોબાઇલમાં ઇન્ટરનેટ ચાલુ કરીને એક ક્વૉટ કાઢ્યું, અને વિજયની આંખો આગળ મોબાઇલ રાખ્યો :

'The truoble is that you think you've time !'

વિજય ક્વૉટ વાંચીને પોતાની લાઇફની ચિંતા કરતો સૂઈ ગયો.

ગોપાલ હૉસ્ટેલથી એકાદ કિલોમીટર દૂર આવેલા 'સરદાર પટેલ સ્ટેડિયમ' પર પહોંચી ગયો. કાનમાં હેડફોન વધુ જોરથી દબાવ્યા અને 'ચક દે ઇન્ડિયા' મૂવીનું ટાઇટલ સોન્ગ ચાલુ કર્યું અને ગોળ મેદાનના લાંબા કિનારા પર દોડવા લાગ્યો.

એક રાઉન્ડ.

કેટલાયે દિવસથી કોઈ રમત ન રમેલું ગોપાલનું શરીર હાંફવા લાગ્યું હતું. *ના... હજુ બીજા બે રાઉન્ડ. ડૉન્ટ ગિવ અપ.* ગોપાલ પોતાને સેલ્ફમોટિવેટ કરી રહ્યો હતો.

બીજો રાઉન્ડ.

ફેફસાંઓમાં શ્વાસ સમાતો ન હતો. પરસેવાને લીધે ટી-શર્ટ ભીનું થઈ ગયું હતું. સાથળ તણાઈ રહ્યા હતા. કાનમાંથી હેડફોન નીચે પડી જતા હતા.

ઊભો ના રહીશ. કમ ઓન. તે પોતાની જાતને વધુ ભાગવા કહી રહ્યો હતો. તેણે દોડવાની સ્પીડ વધારી.

ત્રીજો રાઉન્ડ.

શરીર પીડાઈ રહ્યું હતું. જ્યારે જમણો પગ જમીન પર પછડાય ત્યારે પગની એડીમાં થતો દુઃખાવો મહેસૂસ થઈ રહ્યો હતો. હૃદયના મોટા ધબકારા દિમાગની નસોને પણ ધ્રુજાવી રહ્યા હતા. સ્પીડ વધી. ચહેરો લાલ થઈ ગયો. આંખોમાં જાણે પોતાની જાતને પીડા દેવાનો ગુસ્સો હતો. ગુસ્સો વધુ ઝનૂનથી દોડાવતો હતો.

ચોથો રાઉન્ડ.

કાનમાંથી હેડફોન ફરી નીકળી જતા હતા. કમરના મણકાઓ દુઃખી રહ્યા હતા. હોઠમાંથી લાળ ટપકી રહી હતી. દિમાગ સુન્ન હતું. કોઈ વિચાર નહીં. કોઈ શબ્દ જન્મતો ન હતો. નીલા આકાશ નીચે, લીલી જમીન ઉપર તે પોતાની જાતને, પોતાના

એકાંતને મહેસૂસ કરી શકતો હતો. પોતાનું 'હોવું' અનુભવાતું હતું.

તે ધીમો પડ્યો. મેદાનની વચ્ચે તરફ ભાગ્યો. વચ્ચે પોચા ઘાસમાં તે ચતો પડ્યો અને સૂતાં સૂતાં નીલા આકાશ તરફ જોઈ રહ્યો. હૃદયના ધબકારા સાથે આસપાસનો સન્નાટો કાનમાં સંભળાઈ રહ્યો હતો અને એ સન્નાટામાં કદાચ તેનું હૃદય પોતાની જાત સાથે જ વાત કરી રહ્યું હતું :

મજા આવી ગોપલા ? ગમે છે સ્પોર્ટ્સ ? જિંદગીભર દોડી શકીશ ?

ના. હજુ તો કેટલીયેવાર દોડવું પડશે. કાલે સાંજે અહીં ફૂટબૉલ રમવા આવજે. તારે બધી જ સ્પોર્ટ્સ રમવી પડશે. તારી તાકાતથી ઉપર ચડીને મગજની નસો ફાટી જાય ત્યાં સુધી રમવું પડશે ગાંડા !

તે ઊભો થયો. ચહેરા પર ખુશી હતી. રસ્તામાં એકલો હસતો હતો.

એ પછીના દિવસે આખું શરીર દુઃખી રહ્યું હતું, છતાં પણ ગોપાલ પોતાના દોસ્ત યોગેશ સાથે ફૂટબૉલ મેદાનમાં પહોંચી ગયો. ઠીકઠીક રમ્યો. આખું અઠવાડિયું રમવા ગયો. થોડા દિવસમાં હોકી શોધી આવ્યો, પણ તેની હોકી રાષ્ટ્રીય રમત હોવાથી મેદાન પર લગભગ કોઈ રમ્યું નહીં ! ગોપાલને ક્રિકેટનો જબરજસ્ત શોખ રહેતો. એક સાંજે વિજયને કહ્યું :

"બુન... હું ક્રિકેટર બનું તો કેમ થાય ?"

"કેટલા ક્રિકેટર છે આપણા દેશમાં તને ખબર છે ?"

"કેટલા ?"

"એકસો પચીસ કરોડ ! સાલા, દરેકને ક્રિકેટર બનવું છે."

"સચીને એવું વિચાર્યું હોત તો એ ક્યારેય આગળ ન આવત."

"અલ્યા ડોબા... પણ એ સમય અલગ હતો. આજે સચીનની મહાનતા નીચે કેટલાયે સારા ક્રિકેટર દટાઈ જાય છે ખબર છે ?"

ગોપાલને સચીન વિશે આડું બોલનારા પર ગુસ્સો આવતો. તેણે વાત પડતી મૂકી અને બીજી રમતોમાં ઊંડા ઊતરવા વિચાર્યું :

"વિજયબુન, તું મને ટેબલ ટેનિસનું સેટિંગ કરી આપીશ ?" ગોપાલે પૂછ્યું.

"અરે તારે માટે જાન કુરબાન છે, ગાંડા." વિજયે કહ્યું અને રાત્રે જમીને પછી ટેબલટેનિસ ચાલુ થઈ !

સ્થળ : હૉસ્ટેલની લૉબી !

ટેબલટેનિસના મેદાન માટે વિજયે પોતાના અને બાજુની રૂમનાં લાંબાં રીડિંગટેબલ હૉસ્ટેલની લૉબીમાં ગોઠવ્યાં. બે ટેબલ વચ્ચે નાનકડી નેટની જગ્યાએ ગોપાલના બર્થડે પર ફાટેલી કેમ્પ્રીનું કાપડ બે લાકડીના ટુકડા પર જોઈન કર્યું અને નેટ તૈયાર કરી ! પ્લાસ્ટિકનો બૉલ શોધી લાવ્યો અને નીચેના કોઈ રૂમમાં જઈને સપાટ તળિયાવાળી ટૉઈલેટ સ્લિપર લાવીને ટેબલ પર મૂકી. જમણી સ્લિપર ગોપાલના જમણા હાથમાં પહેરાવી અને ડાબી સ્લિપર ટેબલટેનિસ એક્સપર્ટ ઘંટુના હાથમાં પહેરાવી ! રમત જમીને

રાત્રે દસ વાગ્યે ચાલુ થઈ. આજુબાજુના બધા છોકરાઓ ભેગા થઈને એક પછી એક દાવ લેવા લાગ્યા. હાર-જીતની રાડો સાંભળીને હૉસ્ટેલનો રેક્ટર આવ્યો. બધા રૂમમાં ભાગ્યા. રેક્ટરે ગોપાલને પકડ્યો, પણ આટલો રસપ્રદ સેટ-અપ જોઈને તેણે પણ ગોપાલ સામે રમવાનું ચાલુ કર્યું.

દોડવાનું, ફૂટબૉલ રમવાનું અને ટેબલટેનિસ થોડા દિવસ ચાલ્યું. પરંતુ એક દિવસ કૅન્ટીનમાં કોઈએ મોટેથી ગોપાલને પૂછ્યું : "અલ્યા ગોપલા... તને તારું પેશન મળ્યું કે નહીં ?"

બધા દોસ્તો હસવા લાગ્યા. ગોપાલ પણ બધા સામે હસ્યો.

તેની પાસે જવાબ હતો નહીં. કોઈ પણ રમત પ્રત્યે મનમાંથી એવો કોઈ ઝનૂની ઉત્સાહ નહોતો. ચેસમાં તેનું દિમાગ ચાલ્યું નહીં. હકીકતમાં તેને ચેસના નિયમો જ સમજાતા ન હતા. કેરમ રમવા તે બાજુની હૉસ્ટેલમાંથી એક દોસ્તનું કેરમ લઈને આવ્યો. રૂમમાં બેસીને સિગારેટના ધુમાડા વચ્ચે ગેમ ચાલુ થઈ. ગોપાલને મજા પડી પણ તેના ગ્રુપનો બિમલ આવીને સત્યદર્શન કરાવી ગયો : ગોપાલ કેરમ કી ગેમ મેં કરિઅર બનાયેગા ?

બિમલની વાત સાચી હતી. ગોપાલને તેવું કોઈ 'કેરમ-પેશન' દેખાયું નહીં.

દિવસો ગયા તેમ ગોપાલને અહેસાસ થયો કે આ બધી રમતોમાં મજા આવતી હતી છતાં ટાઇમપાસ બની જતી હતી. એક-બે મહિનામાં તેનું શરીર કસાયેલું બની ગયેલું, પરંતુ મન ઢીલું-શિથિલ હતું. ચૂપ હતું.

એક દિવસ સાંજે હૉસ્ટેલની કૅન્ટીનમાં એક ડાઇનિંગ ટેબલ પર ગોપાલ અને તેના આઠ-દસ દોસ્તો બેઠા હતા. બધા જ થાળીમાં પડેલી રોટલી અને વાટકીમાં ભરેલી પાણી જેવી દાળ સામે જોઈ નિરાશ ચહેરે એકબીજાની થાળી સામું જોઈને બેઠા હતા. ઘણીવાર રસોઈ બનાવનાર મહારાજ એટલી ખરાબ રસોઈ બનાવતો કે ડાઇનિંગ હૉલમાં કોઈ મરી ગયું હોય એવી શાંતિ રહેતી. બધા માલિકને ફરિયાદ કરીને થાક્યા હતા, પરંતુ કદાચ માલિક જ રોજનું મેનુ નક્કી કરતો હતો.

ટેબલના છેડા પર બેઠેલા હાર્દિકે પોતાનો મોબાઇલ કાઢ્યો અને Ashirwad Hostel Rocks નામના ગ્રુપમાં લખ્યું.

હાર્દિક : બધા થાળી સામે જોઈને શું બેઠા છો, ચાલો ક્યાંક બહાર જમવા જઈએ.

ટેબલ પર એકસાથે છ-સાત દોસ્તના ફોનનો મૅસેજટોન વાગ્યો ! જાણે બધા કોઈ પોતાને મૅસેજ કરે તેવી રાહ જોઈને જ બેઠા હતા. બધાએ ફોન કાઢ્યા. ગ્રુપમાં વાતો ચાલુ થઈ.

વિજય : લાઇફમાં આટલું ખરાબ ખાવાનું ક્યારેય જોયું નથી... એની બુનને.

નિકુલ : રોજેરોજે બહાર જવાના પૈસા નથી યાર.

જનક : સાચી વાત છે. અલ્યા ગોપાલ તું કૂકિંગ શીખને યાર. તારું પેશન ખબર

પડી જાય તો રોજે અમને સારું ખાવા તો મળે.

હાર્દિક : ના બકા... ગોપાલનો નેક્સ્ટ ગોલ પોર્નસ્ટાર બનવાનો છે !

બધાએ મોબાઇલમાંથી ઊંચું જોયું. ગોપાલનો ચહેરો, 'મને આવી કંઈ ખબર જ નથી' એવું કહી રહ્યો હતો.

વિજય : જોરદાર આઇડિયા છે ગોપ્સ. બની જા પોર્નસ્ટાર. તારી ફિલ્મો જોરદાર ચાલશે બકા.

જનક : હાહાહા... ગોપાલ તારા હાથ ઉપર પહેલા No Mercy લખાવજે.

નિકુલ : ગોપ્સ, પહેલું સેક્સ કોની સાથે કરવાનો ? તારું પેશન જાણવા ક્યાં જઈશ ?

વિજય : આપણી કૅન્ટીનના મહારાજ પર ટ્રાય કરને યાર. સાલો કેવું જમવાનું બનાવે છે.

હાર્દિક : ફાડુ આઇડિયા છે ગોપલા... તું કહેતો હોય તો વિજય સાથે આવશે. થ્રીસમ !

વિજય : બસ... બસ... બસ... જોક્સ અપાર્ટ, પણ ગોપાલ યાર આપણે એકવાર ટ્રાય તો કરીએ ! સિરિયસલી. મજાક નથી કરતો. આમેય આપણા દેશમાં આ કરિઅરમાં મોટો સ્કોપ છે યાર.

ગોપાલ : વેરી ગુડ. હું ગ્રુપ લેફ્ટ કરી રહ્યો છું.

વિજય : ના ઊભો રહે. સાંભળ બકા. એકવાર ટ્રાય કરીએ. આમેય તું તો કહેતો હતો તે દિવસે કે આટલી ઉંમર થઈ છતાં એક પણ વાર સેક્સ નથી કર્યું. તો એકવાર ટ્રાય તો કર.

પણ વિજય આગળ બોલે ત્યાં જ Gopal left દેખાયું. વિજય ગ્રુપ એડમિન હતો, એટલે બધાને આગલી મિનિટે જ Gopal added દેખાયું અને વિજય પોતાની વાત પૂરી કરીને જ રહ્યો :

વિજય : ગોપલા પોર્નસ્ટાર બની જા. રૂપિયા ખૂબ છે. આમેય તારું બોડી મસલ્સવાળું છે અને મફતમાં સેક્સ !

હાર્દિક : ઓકે. બસ હવે. આપણે જમવા જવાનું શું કરવાનું છે એ કહો કોઈ.

જનક : બહાર ખૂણા પર ગોકુલની સૅન્ડવિચ ખાવા આવે છે કોઈ ?

બધા એકસાથે ઊભા થયા અને હૉસ્ટેલ બહાર એક લારી પર સૅન્ડવિચ ખાવા ઊપડી ગયા.

એ દિવસોમાં ગોપાલે પુસ્તકો વાંચવાનાં ચાલુ કર્યાં હતાં. હૉસ્ટેલમાં પુસ્તક વાંચનાર 'સ્કોલર' માણસ ગણાતો. ગોપાલ એક એક રૂમમાં જઈને આવા સ્કોલર દોસ્ત પાસેથી બુક્સ લઈ આવ્યો.

શરૂઆત ચેતન ભગતની બે-ત્રણ બુક્સ વાંચીને કરી. હૉસ્ટેલની રૂમની બાલ્કનીમાં બેઠોબેઠો તે બુક્સ વાંચતો. વિજયને કહી રહ્યો હતો : "જો કોઈ IIT અને

IIMમાં ભણેલો માણસ પોતાની નોકરી છોડીને લેખક બની શકે તો પછી હું પણ કશુંક તો બની જ શકું ને ?" વિજય તેને બાઘાની જેમ જોઈ રહ્યો હતો.

આ વિચાર પછી ગોપાલ થોડા સમય માટે લેખક બની ગયેલો ! જનકનું બાઈક માગીને સ્ટેશનરીમાં ગયેલો અને એક ડાયરી લઈ આવ્યો.

રૂમ પર આવીને બાલ્કનીમાં ટેબલ મૂક્યું. કોઈ મહાન લેખકની આકાશ સામે જોઈને વિચાર કર્યા. એક પેન લીધી. ટેબલ પર હજુ કશુંક ખૂટતું હોય એવું લાગતા બાજુના રૂમમાં પડેલી ડેન બ્રાઉનની બુક્સ લઈને થપ્પી કરી. એક કૉફીનો ખાલી કપ લીધો અને ટેબલના ખૂણા પર મૂક્યો. *હવે કંઈક લેખક જેવી ફીલિંગ આવે છે.* તેણે વિચાર્યું અને ડાયરીમાં લખવાનું ચાલુ કર્યું.

પહેલા જ પેજ પર વાંચનારને ખબર પડે એ માટે લખ્યું :

'આ ડાયરી મારા સિવાય કોઈએ પણ વાંચવી નહીં.'

બીજા પેજ પર ડાયરીને તેણે પોતાનાં માતા-પિતાને અર્પણ કરી ! ત્રીજા પેજથી તેણે શરૂઆત કરી.

મેં થોડા દિવસ પહેલાં નક્કી કરેલું હતું કે હું મારી લાઈફમાં મારા કમ્ફર્ટ ઝોનથી બહાર ઊઠીને કામ કરીશ. સાચું કહું તો હજુ હું એવું કંઈ કરી શક્યો નથી. હું કેમ કરી શક્યો નથી ? ખબર નથી. મેં દોડવાનું ચાલુ કરેલું પણ મને ના ગમ્યું અને પાંચ-છ દિવસ પછી બંધ થઈ ગયું. મેં પેઈન્ટ કરવાનું વિચારેલું. મને બાળપણથી એવું હતું કે હું જોરદાર પેઇન્ટર બનીશ. મારે સ્કૂલમાં પણ 'ચિત્ર'ના પેપરમાં જોરદાર માર્ક્સ આવતા હતા. ખબર નહીં કેમ... પરંતુ થોડા દિવસ પહેલાં જ્યારે મેં પેપરમાં દોરવાનું ચાલુ કર્યું ત્યારે મારાથી એકદમ ખરાબ ચિત્ર બન્યું. મેં મારા દોસ્ત ગૌરાંગને ચિત્ર બતાવ્યું તો એ હસતો હસતો બેંડ પરથી નીચે પડી ગયો ! મને તે રાત્રે ખૂબ દુઃખ થયેલું. મેં 'Bob Marley'નું ટાઇટલ રાખીને તેના ચહેરાનું ચિત્ર બનાવેલું. એનો ચહેરો બનાવવામાં ખૂબ મહેનત કરેલી, તેના લાંબા વાળ અને દાઢી બનાવેલા. હું અહીં ડાયરીમાં મારી જાત સાથે કશું પણ ખોટું લખવા માગતો નથી, પણ સાચે જ તેની આંખો એકબીજાથી થોડી ત્રાંસી હતી અને એટલે જ ચિત્રમાં તેનો ચહેરો જોઈને ગૌરાંગે નીચે નામમાં એડિટ કરીને Bob ki Marley કરી નાખ્યું !

-લિ. ગોપાલ પટેલ

ગોપાલે બીજી રાત્રે ફરી ડાયરી ખોલી. ટેબલ પર ખાલી કૉફીકપ લઈને બેઠો. તે થોડો હતાશ હતો :

થોડા દિવસથી રોજે રાત્રે પથારીમાં પડું છું ત્યારે એક ક્ષણ માટે આંખો બંધ કરીને મારી જાતને એક સવાલ પૂછું છું : આજનો દિવસ ખરેખર મારી લાઈફમાં સાર્થક રીતે જિવાયો છે ?

"ના..."

જવાબ મોટા ભાગે 'ના' જ હોય છે. મન ખદબદે છે. કશુંક બડબડે છે. ભડકે બળે છે. તડપે છે. ઊંઘ આવતા પહેલાં આંખોમાંથી આંસુ સરી પડે છે. થાય છે કે હું

એકલો નથી, મારા જેવા કેટલાયે યુવાનો આવું અનુભવતા હશે. કેટલાયે લોકો પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને પોતાનાં સપનાંઓને જીવવાની ખેવના ધરાવતા હશે, પણ કશું કરી શકતા નહીં હોય.

ખબર નહીં... દુનિયામાં બધા સફળ માણસોને જોઈને ક્યારેક જીવ બળે છે. કોઈ અજાણી રેસમાં પાછળ રહી ગયાની પીડા થાય છે. રોજે-રોજે સફળતાઓની કહાનીઓ જોઈને એકલતા લાગે છે. ફેસબુક પર કોઈની બ્લુ ટિક કરેલી પ્રોફાઇલ જોઈને થાય છે કે એક દિવસ મારું પણ પેજ હશે, હજારો લાઇક્સવાળું ! સાચે જ એવી જિંદગી જીવવાની ઇચ્છા થાય છે, પણ બીજી ક્ષણે દિમાગ પૂછે છે : તારા પેજમાં તારા નામ નીચે પ્રૉફેશન શું લખ્યું હશે એ ખબર છે તને ?

પહેલાં તારા પેશનને તો જાણ !

હું દિવસે નક્કી કરું છું કે આજે તો ફોડી નાખીશ. આજે જોરદાર મહેનત કરીને મારા બળાપાને હરાવી દઈશ. પરંતુ સાંજ થાય ત્યાં સુધીમાં તો મન ક્યાંય પહોંચ્યું હોય છે. દિવસનું સપનું સાકાર કરવા રાત્રે સ્નાયુઓ ના પાડી દે છે. બેડ પર પડ્યા પડ્યા મને ફિલ્મો જોવાનું, ગપ્પાં મારવાનું, વ્હૉટ્સએપ કે ફેસબુક પર ટાઇમ પાસ કરવાનું મન થઈ આવે છે.

ના. મન નથી થતું, પરંતુ મારું ક્લુલેસ દિમાગ મને ત્યાં દોરી જાય છે. એ ટાઇમ પાસ કરીને પછી હું પસ્તાઉં છું. બેચેની થાય છે. મને દુઃખ એ નથી કે મારાથી કેમ કશું થતું નથી, દુઃખ એ છે કે હું શું કરું એ ખબર જ નથી પડતી ! દરેક પસાર થતી ક્ષણ કઈ રીતે ઉપયોગમાં લઉં તેનો વિચાર મને નથી આવતો. મારી પાસે 'તમન્ના' છે, 'દિશા' નથી.

યુટ્યુબ પર એક સ્પીચમાં સાંભળેલું : તમારી અંદર કશુંક કરવા માટેનો સ્પાર્ક હોવો જોઈએ.

મારી અંદર ખાલી સ્પાર્ક નથી... આગ છે.

આગ.

હા... સાલી આગ છે. એવી આગ જે મને જ અંદરથી બાળી રહી છે.

એક ભારેખમ વાત કહું ? : મારું 'હોવું' ઘણીવાર વ્યર્થ લાગે છે. એ વ્યર્થતા આગળ મેં જોયેલાં-વાંચેલાં બધાં મોટિવેશન હારી જાય છે. એ વ્યર્થતા આગળ કોઈ પૉઝિટિવ સ્ટોરી, કોઈ નિષ્ફળતાની સ્ટોરી, કોઈ શિખામણ કામમાં આવતી નથી. એક સમયે થાય છે મોટા મોટા માણસો ક્યાંય મોટિવેશનલ બુક્સ વાંચવા બેઠા હશે ? નહીં જ બેઠા હોય. હવે મને લાઇફ કેમ જીવવી એની ફિલૉસૉફી સાંભળી સાંભળીને માથું પાકે છે.

સાચી વાત કહું તો... હું પૂરી રીતે ખુશ નથી. બધું અધકચરું જિવાતું હોય એવું લાગી રહ્યું છે. વિજય કહેતો હતો : ગોપાલ તારે પેશન તો શોધવાનું જ છે, પણ એની શોધમાં નિષ્ફળતા મળે તો તારે દુઃખી નથી થવાનું, ખુશ રહેવાનું છે.

વિજય... યાર... હું ખુશ નથી રહી શકતો. મને ખબર છે કે હૉસ્ટેલમાં અને આખી કૉલેજમાં બધા મારા જેવા જ 'અધકચરા' છે. કોઈના દિમાગ ક્લિયર નથી. બધાં કશુંક અજાણ્યું શોધી રહ્યા છે.

...પણ મારે એવા નથી બનવું. મારે કેવા બનવું છે એ પણ ખબર નથી.

એક રાત્રે 'લેખક' ગોપાલ ફરી ડાયરી લઈને બાલ્કનીમાં બેઠો ! ખૂબ ગુસ્સામાં હતો. ડાયરીને ટેબલ પર પછાડી. તેના ચહેરા પર ગુસ્સો હતો. તેણે લખવાનું શરૂ કર્યું :

આજે કશું લખવું નથી. કશો ફર્ક નથી પડતો.

મૂળ વાત એ છે કે વિજયબુન કહે છે એમ મારે સેલ્ફટોક કરવાની બહુ ખરાબ ટેવ છે. ગોપાલની અંદર એક બીજો ગોપાલ બેઠો છે જે સતત બકબક કર્યા જ કરે છે. અંદરનો ગોપાલ મગજ તરફ પોતાનાં ભાષણો મોકલ્યાં કરે છે અને અંતે...

મારા બધા જ વિચારો સતત રિપીટ થયા કરે છે. એકની એક બળતરાઓ મારી જિંદગી બની ગઈ છે.

આ ડાયરી લખવાનું મન એટલે જ હતું કે મનમાં છે એ લખી નાખું તો મારી અંદર બબડ્યા કરતો માણસ બંધ થાય. પણ ના... આગમાં ઘી હોમાઈ ગયું હોય એવું લાગે છે.

એટલે આજથી આ ડાયરીની એક, બે અને સાડાત્રણ.

વચ્ચે કૉલેજમાં કલ્ચરલ ફૅસ્ટિવલ ચાલુ થયો. ગોપાલને ધૂન ચડી ! તેણે નાટકમાં ભાગ લીધો. વિલન બનેલો ! બધાને ખૂબ મજા આવી પરંતુ ગોપાલને ફરીને ભાગ લેવાની એવી કોઈ ઇચ્છા ન જાગી.

ફૅસ્ટિવલમાં છેલ્લા દિવસે કોઈ પણ છોકરો સ્ટેજ પર આવીને ગીતો ગાઈ શકે એવું જાહેર કરાયું. ગોપાલ ઑડિયન્સમાં દોસ્તો સાથે સ્ટેજ નજીક બેઠો હતો. ગોપાલે જાહેરાત સાંભળી અને મનમાં થયું કે તેને સ્ટેજ પર જવું છે. મનમાં એક ગીત યાદ કર્યું. ખુરશીમાં બેઠા-બેઠા એકલા-એકલા રીહર્સલ કરવાનું શરૂ કર્યું. તેને મજા આવી.

મ્યુઝિક કાર્યક્રમ ચાલુ થયો એટલે ગોપાલે તરત જ પોતાના દોસ્તોમાં જાહેરાત કરી કે - "હું સ્ટેજ પર જઈ રહ્યો છું. એક ગીત ગાઈશ."

...અને બધા પેટ પકડીને હસવા લાગ્યા. વિજય ગોપાલને ધમકી આપતો હતો કે તે બધા નીચેથી ચપ્પલ ફેંકશે.

...પણ ગોપાલે નામ લખાવ્યું. તેનો વારો આવ્યો. તે સ્ટેજ પર ગયો. માઈક હાથમાં લીધું. હૃદયના ધબકારા વધ્યા. હજુ તો એ ગાવાનું શરૂ કરે એ પહેલા ખૂણામાં વિજય અને બીજા બધા દોસ્તોને ચપ્પલ હાથમાં લઈને ઊભેલા જોયા.

ગોપાલ તરત જ માઈક નીચે મૂકીને નીચે ઊતરી ગયો. બધા દોસ્તો હસી રહ્યા હતા.

રાત્રિના અગિયાર વાગ્યા હતા. હૉસ્ટેલમાં કોઈ મૂવી જોઈ રહ્યું હતું, કોઈ લેપટોપ પર ગેમ રમી રહ્યું હતું, કોઈ ટોળે વળીને ગપ્પાંબાજી કરી રહ્યું હતું અને કોઈ ક્લાસટોપરના ઍસાઈનમેન્ટ કોપી કરી રહ્યું હતું. આ બધાં કરતાં ગોપાલ પટેલ કશુંક હટકે કરી રહ્યો હતો : પોર્નસ્ટાર બનવાની તૈયારી !

રોજની જેમ વિજય પોતાના ચહેરા પર Power system designsની બુક રાખીને ઊંઘી ગયો હતો. ગોપાલે તેને પગ પર લાત મારી અને વિજય સફાળો બેઠો થયો. ગોપાલની સામે જોયું. ઊભા થઈને ગોપાલના શર્ટ પાસે પોતાનું નાક લઈ ગયો.

"ગોપલા, મારો બોડીસ્પ્રે છેને ?"

"હાસ્તો. દોસ્તીમાં તારું ને મારું શું હોય ગાંડા..." ગોપાલે વિજયની બાજુમાં બેડ પર બેસીને કહ્યું.

"બોલ... ક્યાં જવું છે ?" વિજયે આંખો ચોળીને પૂછ્યું.

"પોર્ન સ્ટાર બનવા..."

વિજયને પાછળ કોઈએ કરંટ આપ્યો હોય એમ ઊભો થઈ ગયો અને ગોપાલથી ત્રણ-ચાર ફૂટ દૂર જઈને ઊભો રહી બોલ્યો :

"ગોપુ બેટા... બધું બરાબર છેને... ઈની બુનને ?"

"હા હવે વિજય... તું જ તો કહેતો હતો કે મારે એકવાર પોર્નોગ્રાફી ટ્રાય કરવી જોઈએ."

વિજય વાત સાંભળીને બાથરૂમમાં ગયો. પોતાના ચહેરા પર દસ-બારવાર પાણી છાંટ્યું અને ફરી ભીના ચહેરે ગોપાલ પાસે આવીને બોલ્યો :

"ગોપ્સ, દિમાગ ઠેકાણે છે ને ?"

"હા હવે નાલાયક..."

"એટલે તું મારા પર તો પહેલી ટ્રાય કરવા નથી માગતોને ?"

"હા... તું મારો પાક્કો દોસ્ત નહીં ? પહેલા તો તારા પર જ કરવાનું ને ગાંડા."

"સારું... જોક્સ અપાર્ટ. શું થયું બોલ." વિજયે ગંભીર ચહેરો કરીને પૂછ્યું.

"જો બકા... સાચું કહું છું... તારા સમ ખાઈને... દિમાગનું દહીં થઈ ગયું છે. હું બધાં સાથે ખુશ છું, પણ એકલા દુઃખી છું. કશું સૂઝતું નથી કે લાઈફમાં શું કરવું, શું ન કરવું. છેલ્લા ત્રણ મહિનામાં મેં વીસ અલગ અલગ કામ કરી જોયાં છે, પરંતુ મને મારો ઈન્ટરેસ્ટ શેમાં છે એ ખબર પડતી નથી. હું કૉલેજની લાઈબ્રેરીમાં કેટલાયે દિવસ સુધી આપણી ઈલેક્ટ્રિકલની બુક્સ વાંચવા ગયેલો. મને ઈલેક્ટ્રિકલમાં પણ રસ નથી પડતો. મને એન્જિનિયરિંગમાં જ રસ નથી, મને આર્ટ્સમાં રસ નથી, મને કદાચ કૉમર્સમાં પણ રસ નથી. મને ભણવામાં જ રસ નથી. મેં ડાયરી લખી, એમાં પણ રસ નથી. જિંદગીમાં કંઈ જ ઉકાળ્યું નથી તો ડાયરીમાં લખું શું ? રોજનો દિવસ એકસરખો પસાર થાય છે તો નવું લખું શું ? મેં બુક્સ વાંચી, એમાં પણ નથી. થયું કે મોટિવેશનલ બુક્સ વાંચું તો મને

જીવનમાં કંઈક કરવા-બનવાનો રસ્તો મળે. કશું જ થયું નથી. મને જીવનમાં 'શું કરવું અને શું ના કરવું' એ બધી જ થિયરીની ખબર છે, બુક્સમાં બધું જ લખ્યું છે, પણ રિયલ લાઈફમાં હું એક વસ્તુ પણ ઉતારી શક્યો નથી. હું હારી રહ્યો છું, થાકી રહ્યો છું. આજથી નક્કી કર્યું છે કે મોટિવેશનલ બુક્સ તો વાંચીશ જ નહીં, કારણ કે માણસને જ્યારે લાઈફમાં 'શું કરવું અને શું ન કરવું' એ બધી જ ખબર હોય તો પછી એ ક્યારેય નિષ્ફળ જવાનો જ નથી અને મોટા સાહસ કરવાનો જ નથી અને ફૂંકી ફૂંકીને જ જીવવાનો છે અને જે માણસ ક્યારેય મોટી નિષ્ફળતા પામ્યો ના હોય એ પહેલેથી જ ફ્લૉપ છે, એની આખી લાઈફ ફ્લૉપ છે. રોજેરોજ ટાઈમ પાસ કરીને મારો જીવ બળે છે. હું ખાલી પ્લાન કરતો રહી જાઉં છું અને એકપણ પ્લાનનું ઍક્ઝિક્યુશન થતું નથી. એટલે આજે નક્કી કર્યું છે કે સાલું એવું કંઈક કરવું છે જે કરવાનું મારામાં 'છાણ' જ ના હોય. એટલે વિજયબુન... તું એક પણ સવાલ હવે પૂછતો નહીં અને ડાયરેક્ટ મને જ્યાં પેલી છોકરીઓ ઊભી રહે છે ત્યાં લઈ જા. આજે સેક્સ કરવું છે. બીજો કોઈ સવાલ કર્યો તો હું પોર્નસ્ટાર બન્યાનો પહેલો પ્રયોગ તારા પર જ કરીશ."

વિજય એકદમ ચૂપ ઊભો ઊભો હાંફી રહેલા ગોપાલને જોતો રહ્યો. ખૂણામાં પડેલી પોતાની કૉલેજબૅગમાંથી એક પેન કાઢી અને ગોપાલના જમણા હાથને પકડીને કાંડા પાસે મોટા અક્ષરે No Mercy લખ્યું. ગોપાલથી દસ ફૂટ દૂર જઈને પોતાની કેપ્રી કાઢીને પેન્ટ પહેર્યું.

"ચલ... તું હૉસ્ટેલના ગેટની બહાર જઈને ઊભો રહે. ખિસ્સામાં થોડા રૂપિયા રાખજે. હું જનકની બાઇક લઈને તને બહારથી પિક-અપ કરું છું."

ગોપાલે વિજયે કહ્યું તેમ કર્યું. હૉસ્ટેલના ગેટથી દૂર અંધારામાં તે વિજયની રાહ જોતો ઊભો રહ્યો. બીજી તરફ વિજય હૉસ્ટેલ ગેટની બાજુમાં રહેલી સિક્યોરિટી ઑફિસમાં જઈને નાઇટ ડ્યૂટીમાં બેઠેલા વૉચમૅન ચંદુલાલની સાઇકલ માગી રહ્યો હતો. બિચારો અભણ વૉચમૅન વિજયની વાતો સમજી શકતો ન હતો :

"ચંદુકાકા, યાર તમારી એક મદદની જરૂર પડી છે. મારા રૂમ પાર્ટનર ગોપાલને પોતાનું 'પેશન' શું છે એ ખબર નથી. પેશન વગર એ માણસ અંદરથી પીડાય છે. જ્યાં સુધી પેશન ન મળે ત્યાં સુધીએ ચેનથી સૂઈ પણ શકતો નથી. બિચારો રડે છે, મેડિકલ જવું પડે એમ છે, જો તમે સાઇકલ આપો તો અમે ફટાફટ બે કલાકમાં મેડિકલમાંથી પેશન લઈને પાછા આવી જશું."

વૉચમૅન આમેય અડધી ઊંઘમાં હતો. વિજય તેની સાઇકલ લઈને ગોપાલ પાસે આવ્યો.

"કોઈનું બાઇક માગી ના લાવ્યો ?" ગોપાલ સાઇકલના કેરિયર પર ચડીને બોલ્યો.

"ના બકા. બાઇક લઈને એ રેડલાઇટ એરિયામાં ના જવાય. કોઈ પોલીસની રેડ પડે અને બાઇકનો નંબર લઈ લે તો વાટ લાગી જાય. આ ચંદુલાલની સાઇકલમાં આપણે એટ લીસ્ટ ઓળખાશું તો નહીં."

ગોપાલને પોલીસનું નામ સાંભળીને જ ફ્રાસ્કો પડ્યો, પરંતુ મન મનાવી લીધું.

બંને કોઈ સિક્રેટ મિશન પર જતા હોય એમ વિદ્યાનગરની બહારના એક એરિયામાં પહોંચ્યા. રસ્તાની પીળી લાઇટ નીચે બે-ત્રણ સ્ત્રીઓ ઊભેલી હતી અને થોડે દૂર પચ્ચીસેક વરસની દેખાતી ચાર-પાંચ છોકરીઓ ઊભી હતી. ગોપાલ અને વિજય દૂર અંધારામાં ઊભા રહીને પૂરો પ્લાન બનાવી રહ્યા હતા. વિજય ગોપાલનો હાથ પકડીને સમજાવી રહ્યો હતો :

"જો ગોપલા... ડરવાનું નહીં ઈની બુનને. હું તારી સાથે આવું છું. મને પણ ઇચ્છા તો છે. આપણે બંને ચાલતા ત્યાં જશું અને અલગ અલગ છોકરીઓ પાસે જઈને પૂરા 'ટશન' સાથે પૂછીશું, 'ચલતી હે ક્યાં ?' અને પછી સામેના બિલ્ડિંગમાં એ લોકો આપણને લઈ જશે. યાદ રાખજે ગોપલા... કામ પતાવીને બહાર નીકળી અહીં સાઇકલ પાસે આવી જવાનું છે. આ લોકોને પૈસા પહેલાં જ આપી દેવા પડે એટલે મોટી નોટ આપ્યા પછી છુટ્ટા પાછા લેવાનું ભૂલતો નહીં."

ગોપાલે પોતાના ગુરુની વાતને ગળે ઉતારી. બંને છોકરીઓ તરફ ગયા. બંનેનાં હૃદય પ્રતિ મિનિટ 240 ધબકારા સુધી પહોંચી ગયા હતા.

વિજય ગોપાલથી થોડો આગળ હતો, એટલે તે પહેલાં છોકરીઓની લાઇન નજીક પહોંચ્યો. નજીક જતા જ વિજયે પોતાની ચાલવાની રીત ફેરવી અને મવાલી-ટપોરીની જેમ થોડો ત્રાંસો ચાલવા લાગ્યો. લાઇનમાં ઊભેલી દરેક છોકરી સામે જોઈને તે પસાર થયો અને છેલ્લે ઊભેલી સિગારેટ પીતી છોકરી પાસે તે ઊભો રહ્યો. રસ્તાની પીળી લાઇટમાં દેખાતો હસીન ચહેરો અને ચહેરા ફરતે વીંટળાયેલો સિગારેટનો ધુમાડો તે છોકરીને વધુ માદક દેખાડી રહ્યો હતો ! વિજયે પોતાના નક્કી કરેલા એટિટ્યુડ પ્રમાણે પૂરા 'ટશન' સાથે પૂછ્યું : 'ચલતી હે ક્યાં ?'

સટાક...

વિજયના ગાલ પર એક ફરફરતી થપાટ આવી અને આજુબાજુ વીંટળાયેલો સિગારેટનો બધો જ ધુમાડો પણ વિખેરાઈ ગયો ! વિજયની આંખમાં 'મોતિયા' ઊતરે તે પહેલાં જ પેલી છોકરીએ મોટેથી કહ્યું :

"નાલાયક... સાલે... બેશરમ... તુઝે મેં વો દિખતી હૂં ? ભાગ ઇધર સે..." એટલું બોલીને એ છોકરીએ નીચે નમીને પગનું સેન્ડલ કાઢ્યું.

બસ... સેન્ડલ દેખાયું અને વિજયને પરમજ્ઞાન થયું ! હજુ સેન્ડલ ફેંકાય એ પહેલાં પોતાના ગાલ પર હાથ રાખીને વિજય રસ્તાનું ડિવાઇડર કૂદીને ભાગ્યો. રસ્તાની બીજી બાજુ પહોંચ્યો ત્યાં જ પાછળથી સેન્ડલ ઊડતું આવ્યું, પરંતુ વિજયના કાન પાસે ઘસાઈને નીકળી ગયું. વિજય સાઇકલ તરફ ભાગ્યો.

ગોપાલ આ બધું જોઈ રહ્યો હતો. જોકે થોડીવાર તેને કંઈ સમજાયું નહીં, પરંતુ વિજયને ડિવાઇડર કૂદીને સાઇકલ તરફ ભાગતા જતા જોઈને તે પણ ભાગવાની તૈયારીમાં ડિવાઇડર પાસે પહોંચી ગયો.

"અરે કિતને દેગા વો તો બતા પગલે..." ગોપાલ ડિવાઇડર પર ચડે એ પહેલાં જ એક ત્રીસેક વરસની છોકરીએ તેનો હાથ પકડી લીધો.

"સુન રે... હમ અપને કસ્ટમર કો ઐસે હી તો નહીં જાને દેતી..." એક છોકરી પાછળથી બોલી અને ગોપાલને ધ્રાસ્કો પડ્યો. *હું એકલો ?*

વિજય તો અંધારામાં ગુમ થઈ ગયો હતો અને ગોપાલને તે છોકરી હાથ પકડીને રોડથી અંદરના એક મકાન તરફ લઈ જતી હતી. ગોપાલનું દિમાગ બડબડી રહ્યું હતું :

જા... ગોપાલ... જા. આજે સારો મોકો છે... કરી લે સેક્સ.

તે બંને બિલ્ડિંગમાં ઘૂસ્યાં. અંદર ભોજપુરી ગીતો વાગી રહ્યાં હતાં. ચારેબાજુ લાલ લૅમ્પ્સ, ચમકતી લાઇટ્સ અને રૂમમાંથી આવતા માદક અવાજને લીધે અંદરનું વાતાવરણ એકદમ સિડક્ટિવ હતું. ગોપાલનો હાથ પકડીને તે છોકરી તેને રૂમમાં લઈ ગઈ.

"તું છોટા હૈ. પાંચસૌ દે દેના. ઠીક હે ?" છોકરી બોલી. બારણું અંદરથી બંધ થયું. ખૂણા પરનો લાલ લૅમ્પ ચાલુ થયો. છોકરીએ પોતાનું ટી-શર્ટ કાઢ્યું અને ખૂણામાં ફેંક્યું. સામે ઊભેલું શરીર ગોપાલને વ્હિસ્કીની બૉટલની જેમ પીવાનું મન થઈ આવ્યું. ગોપાલની છાતી પર છોકરીના ગરમ હાથનો સ્પર્શ થયો. છાતીને સહેજ હળવો ધક્કો લાગ્યો અને ગોપાલ બેડ પર બેસી ગયો. એ ગરમ હાથ હવે શર્ટનાં બટન ખોલી રહ્યો હતો. શર્ટ કાઢીને તે હાથ ગોપાલના પેન્ટ તરફ સરક્યો. ગોપાલે આંખો બંધ કરી. શરીરમાં કરંટ વહેતો હતો. પેન્ટનું બટન ખૂલ્યું અને ત્યાં જ...

રૂમની થોડી ખુલ્લી બારીમાંથી આવતી હવા ગોપાલના કાન સાથે અથડાઈ અને કોઈ વર્ષો જૂનો અવાજ સંભળાયો :

"તું આવ્યો. એકનો એક, પણ હજાર દીકરા જેવો..."

ગોપાલની આંખ ખૂલી.

બા ?

ગોપાલના દિમાગમાં પોતાની બાનો ચહેરો રચાયો ! ફરી અવાજ આવ્યો :

"ગોપાલ... તું આવ્યો. એકનો એક... પણ હજાર દીકરા જેવો હો..."

ગોપાલે છોકરીને આગળ વધતા રોકી. શરીરમાં વહેતો કરંટ બંધ થયો. *મારી બા મને જોઈને શું વિચારશે ?* ગોપાલનું દિમાગ બોલ્યું. જાણે તેની બા અહીં આવીને ગોપાલને કાનમાં કહી રહી હોય તેવું લાગ્યું :

"મારો દીકરો છે એકનો એક... પણ હજાર દીકરા જેવો..."

બસ. ગોપાલ સફાળો ઊભો થયો અને શર્ટ લઈને પહેરવા લાગ્યો.

"ક્યાં હુઆ ? ચડ્ડી મેં હી નિકલ ગયા ક્યાં ?" પેલી છોકરી બોલી.

ગોપાલ ભાગ્યો. પોતાના ખિસ્સામાં પડેલી પાંચસો રૂપિયાની નોટ બેડ પર મૂકીને તે બહાર ભાગ્યો. રસ્તા પર દોડતાં દોડતાં તેણે પોતાના શર્ટનાં બટન બંધ કર્યાં. હૃદય બોલી રહ્યું હતું : *શું થયું છે ગોપાલ તને ? તું કેવાકેવા પ્રયોગો કરે છે ? તારી બાએ આવું જોયું હોય તો શું વિચારે તારા વિશે ?*

દૂર અંધારામાં વિજય તેની રાહ જોઈને જ બેઠો હતો. ગોપાલને દોડતો જોઈ તેણે ફટાફટ સાઇકલ લીધી. ગોપાલ પાછળ બેઠો.

"કેમ દોડતો હતો ગોપલા ? પેલીએ સેન્ડલ લઈને માર્યો કે શું ?"

"ના..." ગોપાલ હાંફી રહ્યો હતો. પાછળ જોઈ રહ્યો હતો.

"તો પછી શીઘ્રપતન થઈ ગયું ?"

"ના હવે..."

"તો વાઈલ્ડ સેક્સ કરીને પૈસા આપ્યા વિના ભાગ્યો ?"

"ના રે..." ગોપાલ છેવટે બોલ્યો, "બા યાદ આવી ગઈ..."

છેવટે વિજય હસવાનું કાબૂ કરી ના શક્યો અને એટલું હસ્યો કે સાઈકલ રોડની સાઈડમાં કેનાલમાં ઘુસાડી દીધી. બંને પડી ગયા. થાકીને ત્યાં કચરામાં પડ્યા પડ્યા ગોપાલે પણ હસવાનું ચાલુ કર્યું. બંનેની આંખોમાંથી આંસુડાં ભાગી રહ્યાં હતાં, પણ હસવાનું બંધ થતું ન હતું. વળી વિજય મોટે મોટેથી બોલતો હતો :

"બ્રેકિંગ ન્યૂઝ. સેક્સ પહેલાં જ પોર્નસ્ટારને પોતાની મમ્મી યાદ આવી ગઈ. દેખિયે એક સંસ્કારી બેટે કે કર્મકાંડ.

5

સાપુતારા હિલ સ્ટેશનની સૌથી ઊંચી ટેકરી પર ગોપાલ, વિજય, જનક, હાર્દિક, નિકુલ અને ઘંટુ બેઠા હતા. એક મોટા પથ્થર પર બધા બેસીને પીળા સૂરજને નીરખી રહ્યા હતા. સાંજનો સૂરજ ક્ષિતિજની જમીનની અંદર ધીમેધીમે ડૂબી રહ્યો હતો. આછું ધુમ્મસ હતું. પહાડ નીચે દેખાતી જમીન જાણે કોઈ વિશાળ શાંત સમુંદર પડ્યો હોય તેવી દેખાતી હતી. વહેતી હવાની અંદર કોઈ ઉદાસી હતી.

જનક પથ્થર પરથી નીચે ઊતરીને થોડે દૂર ગયો. ચેઈન ખોલીને, આંખો બંધ કરીને પેશાબ કરતો મોટેથી બોલ્યો :

"આઈ વિલ મિસ યુ કૉલેજ લાઈફ..."

બધા દોસ્તોના ઉદાસ ચહેરા જનકને જોઈ રહ્યા.

"ચાલીસ દિવસ જ બાકી છે યાર કૉલેજ ખતમ થવાને..." વિજય બોલ્યો. હાથમાં નાનકડો પથ્થર લીધો અને સામે સૂરજ તરફ ફેંક્યો.

"ચાલીસ નહીં બકા... આડત્રીસ." હાર્દિકે થોડી પાણી ભરી આંખો લૂછીને કહ્યું.

"લાઈફની વાટ લાગવાની છે કૉલેજ પછી..." ઘંટુ બોલ્યો.

"આમેય બાકી શું છે એમાં..." વિજયે કહ્યું.

"ભાઈઓ... એ બધું છોડો. એક ફોટો હો જાયે ? લાઈફનાં ચાર વરસ સાથે રહ્યા એની યાદો માટે..." ગોપાલે કહ્યું.

બધા પોતપોતાની જગ્યાએથી ઊભા થયા. જનક જ્યાં ઊભો હતો તે જગ્યા પર જઈને બધા સૂરજ સામે જોઈને લાઇનમાં ઊભા રહી ગયા.

"ઓકે... તો બધાં એકસાથે મૂત્રવિસર્જન કરતા હોય એવો ફોટો પાડીએ ?"

એકબીજાની નજીક ઊભા રહીને બધા પેન્ટની ચેઈન પર પોતાનો હાથ રાખી થોડું ઊંચું જોઈ ઊભા રહી ગયા.

"પણ ફોટો કોણ પાડી રહ્યું છે ભાઈ ?" ગોપાલે વિજયની બાજુમાં પોતાની પોઝિશનમાં ઊભા ઊભા કહ્યું. કોઈએ હા ન પાડી. છેવટે તેણે પોતાનો મોબાઈલ કાઢ્યો અને એક હાથમાં પકડી આખા ગ્રુપનો સેલ્ફી લીધો.

પછી લગભગ સાંજ સુધી સેલ્ફી ચાલુ રહી.

સાંજે નીચે ઊતર્યા પછી બધા એક નાનકડી રેસ્ટોરાંમાં ઘૂસ્યા. ખૂણાના ટેબલ પર પંજાબી ડિશ જમતાં જમતાં આખી કૉલેજ લાઈફ યાદ કરી રહ્યા હતા.

'સાલું બીજું બધું તો ઠીક, પણ મને કૉલેજ પછી દોસ્તો યાદ આવશે...'

'સિરિયસલી યાર... થોડા દિવસ તો ઘરે પણ ગમશે નહીં...'

'મને તો પેલા મશીન્સની લેબવાળાં મે'મ યાદ આવશે બસ...'

‘હા, મે’મને તો રોજેરોજ યાદ કરી કરીને તો તારો ડાબો હાથ દુઃખી જશે.’

‘એ બધું ઠીક, પણ બિયર પાર્ટી ?’

‘હા યાર... હું તો કૅન્ટીનને પણ એટલી જ મિસ કરવાનો. લાઈફનાં સૌથી ખરાબ ઠંડાં પફ મને એ કૅન્ટીનવાળાએ ખવડાવ્યા છે.’

‘...પણ એ કૅન્ટીનમાં બેસીને લાઈફની બેસ્ટ મોમેન્ટ્સ પણ આપણે જીવ્યા જ છીએને...’

‘હા યાર, એ ગપ્પાંબાજી તો હું મારા છોકરા થશે તો પણ ભૂલવાનો નથી...’

‘બાય ધ વે, આપણે સાલું આ ચાર વરસમાં શીખ્યા શું ?’

‘લો બોલો. શું શીખ્યા એમ ? આપણે દોસ્તી શીખ્યા, કૅન્ટીનમાં બીજા ટેબલ પર બેઠેલી છોકરી સાથે પાંચ મિનિટમાં પ્રેમમાં પડતા શીખ્યા, ફ્લર્ટ કરતા શીખ્યા, ઍક્ઝામના બે દિવસ પહેલાં પણ વાંચીને પાસ થતા શીખ્યા, પીતા શીખ્યા, ફૂંકતા શીખ્યા, સબ-ટાઇટલવાળી ફિલ્મો જોતા શીખ્યા, રૂમમાં કેપ્રી પહેરીને ગરબા લેતા શીખ્યા, આઇટમ સોન્ગ્સ પર ડાન્સ કરતા શીખ્યા, ઉધાર માગેલું ગિટાર શીખ્યા, મહારાજની બોગસ રસોઈ ખાતા શીખ્યા અને એક મેગી ખાઈને આખી રાત જાગતા શીખ્યા...’

‘બસ અલ્યા... રડાવીશ હવે ?’

‘સાલું બધું ખોટું યાદ કરાવ્યું તમે. હવે મને બિયર પીવાનું મન થયું છે...’

‘વિજય, સાપુતારામાં ક્યાંકથી વ્હિસ્કીનું સેટિંગ કરને યાર, પછી સાલું આવતો આખો મહિનો પ્લેસમેન્ટ માટે કંપનીઓના ઇન્ટરવ્યૂની તૈયારી કરવામાં જતો રહેશે અને એક પણ બિયરપાર્ટી નહીં થાય...’

‘હા યાર... મને તો સાલું પ્લેસમેન્ટનું ટેન્શન છે. એક તો કશું ટેક્નિકલ આવડતું નથી અને ઉપરથી ગ્રુપ ડિસ્કશનમાં ઇંગ્લિશમાં બોલવું પડશે...’

‘કંઈ નહીં અલ્યા. ફોડી લઈશું... ઈની બુનને...’

‘આમેય ક્લાસમાં અડધા ઉપરના છોકરાઓને તો ખબર જ નથી કે GATE આપવી, CAT આપવી, IELTS આપવી, કે પછી બાઇકને કિક મારીને અમદાવાદ-વડોદરાની અલગ અલગ GIDCમાં બધી કંપનીઓના ગેટ પર જઈને રિઝ્યુમ દેતા ફરવું...’

‘જે જગ્યાએ ઇન્ડસ્ટ્રિયલ વિઝિટમાં પણ મને તો ઘંટાભાઈની ખબર પડતી ન હતી, તે જગ્યાઓ પર હવે જૉબ કરવા જવાનું છે...’

‘હા યાર, ટેન્શન થાય છે. ફાટી રહી છે...’

‘બધા કૉન્ટેક્ટમાં રહેજો નાલાયકો. ખાલી ફેસબુક અને વ્હૉટ્સએપ ગ્રુપમાં નહીં, પણ રિયલ લાઈફમાં...’

મોડી રાત્રે વિજય પોતાની કૉલેજબૅગ લઈને સાપુતારા બસસ્ટેશન પાસે ગયો. ત્યાં પાનના ગલ્લાવાળાનો કૉન્ટેક્ટ કરીને ક્યાંકથી વ્હિસ્કીની બૉટલ ખરીદી પોતાની બૅગમાં છુપાવતો આવ્યો. બાઇક પર ત્રણ-ત્રણના ગ્રુપમાં બેસીને બધાં સાપુતારાથી

વિદ્યાનગર તરફ નીકળ્યા. ઠંડા પવનમાં સડસડાટ ભાગતી જતી બાઇક્સમાં તેઓ મોટેમોટેથી રાડો નાખી રહ્યા હતા. જાણે ચીસો પાડીને કૉલેજ લાઇફને, દોસ્તીને અને યુવાનીને ઊજવી રહ્યા હતા. ગોપાલ બાઇક પાછળ ઊભા રહીને બૉટલમાંથી પી રહ્યો હતો. અડધી વધેલી બૉટલ બીજી બાઇક પર બેઠેલા વિજયને પાસ કરી પોતે નશામાં આંખો બંધ કરી, બંને હાથને પાંખોની જેમ ફેલાવી એ 'ક્ષણ' દિલ-દિમાગમાં ઉતારી રહ્યો હતો. ચહેરા પર અથડાતા પવનની સાથે તે મનોમન અહેસાસ થયો કે બધું બદલાઈ રહ્યું હતું. ખૂબ જ ઝડપથી.

કૉલેજ લાઇફના છેલ્લા દિવસો હતા.

ગોપાલ, વિજય અને એમના આખા ગ્રુપ માટે આ છેલ્લા દિવસો ડિપ્રેશનમાં પસાર થઈ રહ્યા હતા. સાંજે હૉસ્ટેલના દરેક રૂમમાં ક્યારેય ન થયેલી ઘટનાઓ થતી હતી :

1. રૂમ 201 : જનક અને બીજા અગિયાર છોકરાઓ એપ્ટિટ્યુડ માટેની બુક્સ લઈને સામૂહિક તૈયારી કરી રહ્યા હતા.
2. રૂમ 303 : હાર્દિક રૂમ બંધ કરીને અરીસા સામે બેસીને ઇન્ટરવ્યૂમાં પુછાતા દસ-બાર કૉમન સવાલોના જવાબ બોલી રહ્યો હતો. વચ્ચે જવાબ ભુલાઈ જાય ત્યારે ઇન્ટરનેટ પર સવાલ સર્ચ કરીને નવો જવાબ ગોખતો.
3. રૂમ 105 : બિમલ પોતાના રિઝ્યુમને સિનિયર્સના બીજા આઠ-દસ રિઝ્યુમ્સમાંથી કોપી કરીને પરફેક્શન આપી રહ્યો હતો.
4. રૂમ 104 : રૂમમાં ગ્રુપમાં બેસીને ભ્રષ્ટાચારના ટોપિક પર ગ્રુપ ડિસ્કશનની પ્રેક્ટિસ ચાલતી હતી અને ગ્રુપનો જજ ટેબલ પર પોતાના હાથ પછાડતો બધાને ચૂપ થવા રાડો નાખી રહ્યો હતો.
5. રૂમ 206 : પાંચ એટીકેટી સાથે કોઈ પણ કંપનીમાં બેસવા ન મળેલા નિકુલ અને તન્મય ફ્યુચરના ડિપ્રેશનમાં આવીને મોબાઇલમાં ગેમ રમી રહ્યા હતા
6. રૂમ 208 : બિયરની પાર્ટી ચાલુ હતી. આ બધા એવા એન્જિનિયર્સ હતા જેઓને પપ્પાની તૈયાર કંપનીમાં સીધા મોટી ઑફિસમાં બેસવાનું હતું. તેવા છોકરાઓને જોઈને દરેકનો જીવ બળતો.

આ માહોલમાં વિજય દરેક રૂમમાં જઈને દરેક દોસ્તને ઇન્ટરવ્યૂમાં પુછાતો એક જ સવાલ પૂછતો હતો : Where do you see yourself after five years ? દરેક છોકરો એ સવાલ સાંભળીને પોતાનો ગોખેલો જવાબ આપતો :

– "Sir, I wuold like to see myself in a good position as well where, I can give my maximum contribution to the organization I work being an employee of that organization."

- "Sir, How can I know my future ? Do you know yours ?"

- "Sir, I see myself as a CEO of the company, who will handle all the things."

- "Sir, I frankly do not know abuot five years from now, but I want to work more on my guitar and my rock band."

છેવટે ગોપાલનો વારો આવ્યો. રોજની જેમ ગોપાલ પોતાના રૂમની બાલ્કનીમાં નીચે બેઠો હતો અને ફોન પર તેના એક સગાને કેટલા હજારના પગારથી નોકરી મળશે તે સમજાવી રહ્યો હતો.

વિજયે ગોપાલના ચહેરા પાસે અદૃશ્ય માઈક રાખ્યું અને પૂછ્યું : "Gopuji, Where do you see yourself five years from now ?"

ગોપાલે ફોન મૂક્યો અને સ્પીચ ચાલુ થઈ !

"સર, તમારા આ ઈન્ટરવ્યૂનું સપનું તો મને આજથી ચાર વરસ પહેલાં કૉલેજની મોંઘીદાટ ફી ભરી ત્યારથી જ હતું. ઍડમિશનના એક દિવસ પહેલાં જ મારા અભણ બાપુજીને હું કૉલેજની વેબસાઈટ ખોલીને બતાવી રહ્યો હતો કે આ કૉલેજના પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટની સફળતા એ છે કે દર વર્ષે આશરે એકસો વીસ મલ્ટીનેશનલ કંપનીઓનાં પ્લેસમેન્ટ અહીં આવે છે. કૉલેજના મોટાં બિલ્ડિંગ અને ફી ભરવાના ડિપાર્ટમેન્ટમાં રૂપિયા ગણવાનાં મશીન્સ જોઈને અમને નવાં નવાં ઍડમિશન લેતા છોકરાઓને ભવિષ્યમાં 'કંપનીઓ કૉલેજમાંથી જ લઈ જશે' નામની લોલીપોપ દેખાતી હતી અને બધા આશાઓ રાખીને બેઠા હતા. સાલી આમેય ઈલેક્ટ્રિકલ ભણતાં ભણતાં મારી ફાટી પડેલી અને ફર્સ્ટક્લાસ લાવવામાં જ અડધી જિંદગી નીકળી ગઈ છે. એક દિવસ પ્લેસમેન્ટ હેડ અમારા ક્લાસમાં આવ્યો, કહેતો ગયો : 'આ વરસે મંદી હોવાથી ગયા વરસ જેટલી કંપનીઓ આવશે નહીં, એટલે તમે જાતે પણ જૉબ માટે ટ્રાય કરતા રહેજો.' મારી વધુ ફાટી પડી. ખેડૂતના દીકરાને કોઈ જેક પણ નથી. ઓછામાં જાણે કૉલેજ ઉપકાર કરતી હોય એમ તમારી એક કંપની આવી, જેમાં દસ સીટ માટે તમે છ ડિપાર્ટમેન્ટના સાતસો છોકરાને બેસાડો છે, ટેસ્ટ લો છો, ઇંગ્લિશમાં ગ્રુપ ડિસ્કશનની મા ફાડો છો અને હવે જ્યારે ઈન્ટરવ્યૂ આપવા આવ્યા ત્યારે પૂછો છો કે : Gopuji, Where do you see yourself five years from now ? સરજી... અહીં આવતીકાલનો પણ ભરોસો નથી અને પાંચ વરસનો તબલામાંથી પ્લાન કરું ? ગમતું કામ ખબર નથી, કોઈ જુસ્સો નથી જીવવાનો, આખી કૉલેજ લાઈફ જલસાપાણી કરીને પસાર કરી છે અને હવે કૉલેજની અસીમ કૃપાથી હાથમાં દસ હજારના પગારની જૉબ આપવા આપશ્રી આવ્યા છો. હજુ ફોન પર મારાં સગાંઓ પૂછે છે : ગોપુ, બેટા ત્રીસેક હજાર જેવું મળશે કે વધારે ? તમને કહું આવી સ્થિતિમાં મને એમ લાગે છે કે આવી જ સ્થિતિ રહી તો પાંચ વરસ પછી કશું નહીં થાય તો પણ લાઈફની મા-બહેન એક કરી જ નાખીશ."

વિજય પેટ પકડીને હસી રહ્યો હતો. ગોપાલના ખોળામાં માથું મૂકીને ગોપાલના લાલ થઈ ગયેલા ચહેરાને જોઈ રહ્યો હતો. છેવટે વિજયને હસતો જોઈ ગોપાલ પણ

હસવા લાગ્યો.

"ગોપ્સ, તું એમ કહે છેને કે આવતીકાલનો ભરોસો નથી અને મારી ફાટી પડી છે ?" વિજયે સૂતાં સૂતાં ગોપાલની છાતી પર મુક્કો મારીને પૂછ્યું. ગોપાલે વિજયની આંખોમાં જોઈને ગંભીર ચહેરે જવાબ આપ્યો :

"હાસ્તો..."

"ભાઈ... જે કાલનો ભરોસો જ નથી, તેની આટલી ઉપાધિ, આટલી બળતરા કેમ ?" વિજયે કહ્યું. ગોપાલ સાંભળી રહ્યો.

"ગોપુ, માણસને આવતીકાલનો ઉત્સાહ હોવો જોઈએ, ડર નહીં..."

ગોપાલ વિજયની આંખોને જોતો રહ્યો.

"તારી વાત સાચી છે યાર..." તે બોલ્યો. જાણે ભૂતકાળનાં ચાર વરસ ખોટાં બળતરામાં જિવાઈ ગયાં હોય એવો અહેસાસ થયો. વિજય આગળ બોલ્યો :

"ગોપલા, છેલ્લાં ચાર વરસથી જોઉં છું તને, તારી લાઈફને, તને પગથી માથાના વાળ સુધી જાણું છું, તારી અંદરની પીડા હું અનુભવું છું, મારી પણ એ જ પીડા છે યાર. બસ ફરક એટલો જ છે કે બાકી બધા છોકરાઓ આવી નબળી વાતોને અવગણી નાખે છે જ્યારે તું તેને પકડીને જીવી લે છે, એના પર જીતવા ટ્રાય કરે છે. ક્યારેક એમ થાય છે કે તું સાચો છે. માણસે આમ જ કરવું જોઈએ. પોતાની તાકાત કયા ક્ષેત્રમાં છે એ વહેલા અને પહેલાં શોધી લેવું જોઈએ. જે માણસ લાઈફ માટે ફાઈટ કરતો હોય એની પાસે શાંતિથી બધું સ્વીકાર કરનારાઓ કરતાં કંઈક વધુ જ મળવાનું છે. ક્યારેક તારી ઈર્ષ્યા થાય છે. ના... તારી નહીં, તારી અંદર રહેલી આગની. તારા ઝનૂનની. વાસ્તવિકતાને પારખવાની તારી સેન્સની. તારી..."

"બસ કરો વિજયબુન... કેટલું માખણ લગાવશો મને ? મને રડાવવો છે ?" ગોપાલ આંખોની ભીની પાંપણો લૂછતો બોલ્યો. ખોળામાં સૂતેલા વિજયે પણ આંખો પર હથેળી ફેરવી લીધી.

વિજય યાર... તું જો આજે સાચું કહેતો હોય તો મને પણ આ ચાર વરસ જીવ્યાનો કોઈ રંજ નથી, કોઈ પસ્તાવો નથી. જોઈ લેવાશે ભવિષ્યમાં શું થાય છે. પણ હા... ઉત્સાહ તો નથી જ, ઊલટાની બીક છે. હું ત્યાં જ ખોટો પડું છું વિજય. મને બીક છે. માત્ર બીક.

"એક પ્રૉમિસ આપીશ ગોપ્સ ?" વિજયે ગોપાલના ખોળામાંથી ઊભા થઈ પૂછ્યું.

"તારે માટે એક હજાર પ્રૉમિસ આપીશ ગાંડા..."

"ક્યારેય ઊભો ન રહેતો..."

"મતલબ ?" ગોપાલને ન સમજાયું.

"અને મને ફોન પણ કરજે..."

"શું બાફો છો બુન ?"

"ગોપલા..." કહેતો વિજય ઊભો થયો. ગોપાલની સાથે આંખો ન મળે એ રીતે

તે બાલ્કનીમાં દૂર અંધારા તરફ જોતો ઊભો રહ્યો. ગોપાલ નીચે બેઠોબેઠો સાંભળતો હતો.

"એમ કહું છું કે આવતા સાત દિવસ પછી આપણી કૉલેજ પૂરી થાય પછી તારી આ વિજયબુન તારી સાથે નહીં રહે, તારા કૉન્ટેક્ટમાં પણ નહીં, દોસ્તી પૂરી નથી થઈ ગઈ, પરંતુ મારે રાહ જોવી છે તારા જેટલી જ. તારું પેશન ખબર પડે તેની રાહ. ગોપાલદાસ... બેટા, આઠ દિવસ પછી તું તારા રસ્તે અને હું મારા રસ્તે. ક્યારેય ફોન પણ નહીં. તારે મને પ્રૉમિસ આપવાનું છે કે તું આવો જ રહીશ. મૂરખો અને જીવતો. તારા પેશનની શોધમાં. જે દિવસે તને તારી લાઈફનો અર્થ ખબર પડે તે દિવસે તારે મને કહેવાનું. ફોન કરવાનો. ત્યાં સુધી તારી વિજયબુનને ભૂલી જવાની..."

થોડીવાર બંને ચૂપ રહ્યા. ગોપાલ ઊભો થઈને વિજય પાસે બાલ્કનીમાં ગયો. વિજયના ખભે હાથ મૂકીને મુસ્કુરાયો અને બોલ્યો :

"ગાંડા... મારું પેશન ગયું તેલ લેવા. તારી દોસ્તી આગળ દુનિયાદારીની એક, બે અને સાડાત્રણ..."

"ના. પ્રૉમિસ આપ કે ક્યારેય યાદ નહીં કરે મને."

"વિજય... ગાંડો થયો છે સાલા ?"

"હા... તારી દોસ્તી માટે. તારી અંદરની આગ માટે મારે પણ તપ કરવાનું છે બૉસ..."

ગોપાલ ગુસ્સે થયો. વિજયને ખભે ધક્કો મારીને તેને પોતાની તરફ ફેરવ્યો. તેની આંખોમાં જોયું. *એ સાચું કહે છે.* વિજય ગોપાલના જવાબની રાહ જોઈ રહ્યો હતો. વિજયની આંખોમાં જોઈને ગોપાલે ફરી પૂછ્યું :

"ખરેખર વિજય આ પ્રૉમિસ જોઈએ છે ?"

"હા..." વિજયના ગળે ડૂમો ભરાઈ ગયો હશે, તેની 'હા' ખૂબ ઊંડી હતી.

છેવટે ગોપાલ વિજયથી એક ફૂટ દૂર ઊભો રહ્યો. બાલ્કની બહાર જોયું. કોઈ હતું નહીં. ફરી કોઈ જૂની પ્રેમિકાની જેમ વિજય સામું જોયું અને વિજયને કશું સમજાય એ પહેલાં જ તેણે વિજયના બે પગ વચ્ચે જોરથી લાત મારી !

મોટી રાડ સાથે બે પગ વચ્ચે હાથ મૂકીને હસતો હસતો વિજય બાલ્કનીમાં પડ્યો. વાંકો વળી ગયો ! ગોપાલ ગુસ્સે હતો. તે રૂમમાં ગયો. વિજયે રાડો નાખતાં નાખતાં ફરી કહ્યું :

"ગોપાલ... આઈ એમ સિરિયસ."

"ફક યુ એસહોલ... નહીં વાત કરું ક્યારેય તારી સાથે. જિંદગીભર નહીં કરું. પ્રૉમિસ જા..."

ગોપાલ રૂમ બહાર નીકળી ગયો. બહાર નીકળી લૉબીમાંથી ઉપર દેખાતા આકાશને જોતો રહ્યો. અંદર રૂમમાં વિજય હજુ રાડો નાખી રહ્યો હતો.

એન્જિનિયરિંગ પૂરું થવાને અઠવાડિયું જ બાકી હતું. માત્ર બે કંપનીઓ પ્લેસમેન્ટ માટે આવી હતી : 1. TCS કે જે કોઈ ન બોલાવે તો પણ દરેક કૉલેજમાં પહોંચી જતી. 2. Dugga Pvt. Ltd.,જે ઈલેક્ટ્રિકલ કેબલ બનાવતી નવીનવી કંપની હતી, જેના માલિકને કદાચ એમ હતું કે કૉલેજમાંથી ફેશર્સ લેશું તો એ લોકો જૉબ છોડીને ભાગી નહીં જાય.

TCS આવવાની છે તે ખબર હોવાથી ગોપાલ પહેલીવાર પ્રૉફેશનલ કપડાં ખરીદી લાવેલો. છેવટે દિવસ જાહેર થયો. TCS સારી સૅલરી આપતી હતી એટલે ગોપાલે બે દિવસ સુધી સતત મહેનત કરી. કૅમ્પસમાં ન બેસી શકનારા એટીકેટીવાળા એક દોસ્તનો માગેલો બેલ્ટ પહેરી, વર્ષો જૂના વાસ મારતાં મોજાં પર બોડી સ્પ્રે છાંટી, ઓનલાઈન ઑર્ડર કરેલા નવાં શૂઝ પહેરી ગોપાલ હનુમાનચાલીસા બોલતો ઓનલાઈન એપ્ટિટ્યુડ ટેસ્ટ આપવા કૉલેજ ગયો.

ત્રણવાર હનુમાનચાલીસા બોલી.

ટેસ્ટ પૂરી થઈ. રિઝલ્ટ આવ્યું. ગોપાલ ફેઈલ થયો. ગોપાલના હૉસ્ટેલ ગ્રુપમાંથી વિજય પાસ થયો. વિજય ઈન્ટરવ્યૂમાં પણ પાસ થયો. ગોપાલે વિજય સાથે વાત જ ન કરી. દોસ્ત એકલો પાસ થયો તેનું દુઃખ હતું. બીજું દુઃખ દોસ્તને આપેલા પ્રૉમિસનું હતું. તે દિવસની એકલતા અજીબ હતી.

૬

વિદ્યાનગરની એક મોટી લાઇબ્રેરીમાં રાત્રિના એક વાગ્યે ગોપાલ બેઠો હતો.

લાઇબ્રેરી રાત્રે પણ ખુલ્લી રહેતી અને ત્યાં ગોપાલના ઘણા કૉલેજના દોસ્તો વાંચવા માટે આવતા. કોઈ દોસ્ત GATE ની તૈયારી કરતું, કોઈ CATની એક્ઝામ માટે પોતાનું ઇંગ્લિશ પરફેક્ટ કરવા નવલકથાઓ વાંચતું, કોઈ વળી લેપટોપ ખોલીને આખી રાત ફિલ્મ્સ જોયા કરતું.

ગોપાલ પટેલ આ બધાને જોઈને કંટાળીને લાઇબ્રેરીનાં પુસ્તકોની ઊંચી બે દીવાલો વચ્ચે જઈને જમીન પર બેસીને કોઈ નવલકથા વાંચતો રહેતો. વિજય પણ ગોપાલ સાથે આવતો, પરંતુ તેની લાઇફ હવે TCSમાં સેટ હતી ! તે આરામથી રીડિંગટેબલ પર માથું મૂકીને ઊંઘી જતો.

ગોપાલ તે રાત્રે મોડે સુધી પુસ્તકો જોયા કર્યા. કોઈ પુસ્તક હાથમાં લઈને સૂંઘતો અને શરૂઆત વાંચતો. થોડા પેજ વાંચીને વળી પાછો તે કંટાળી જતો. મોબાઇલમાં ગેમ કે વ્હૉટ્સએપ ચાલુ કરીને દોસ્તોના મૅસેજ વાંચતો. કોઈનો રિપ્લાય ન આવે ત્યારે બે-ત્રણ મૅસેજ ફોરવર્ડ કરી નાખતો. પછી પુસ્તક, મોબાઇલ, આંખો બધું બંધ કરીને વિચાર્યા કરતો. કોઈ ઊંડા વિચાર કરવા પ્રયત્ન કરતો, પરંતુ કોઈ ખાસ વિચાર પણ આવતા નહીં :

કૉલેજ અઠવાડિયામાં પૂરી ! શું થશે ? આગળ લાઇફમાં શું કરીશ ગોપલા ? બાપુજી અત્યારે શું કરતા હશે ? વિજય સૂઈ ગયો લાગે છે રીડિંગરૂમમાં. બા કહેતી હતી કે મારા ગોપાલને ચાલીસ હજારથી તો પગાર ચાલુ થશે. હરામખોર આ સગાંઓ બધાં શું કહેશે ? ગામમાં શું વાત થશે મારી ? વિજયનું તો પ્લેસમેન્ટ થઈ ગયું. સાલો કેવો આરામથી સૂતો હશે અત્યારે અને હું ? ના ગોપાલ... આવું બધું ના વિચારાય. થઈ રહેશે કંઈક. ગુજરાતમાં આમેય કેટલા બધા એન્જિનિયર બહાર પડે છે. એકાદ-બે વરસમાં બધાને જૉબ મળી જ જાય છેને. આપણે આમેય આખી લાઇફ જૉબ જ કરવી છે, તો એક વરસ મોડી મળી એમ સમજી લેશું. પણ વિજય જેવું સૅલરી પૅકેજ નહીં મળે. મારે ઇલેક્ટ્રિકલ લેવાની જરૂર જ ન હતી. મિકેનિકલમાં કોઈ નબળી કૉલેજમાં લઈ લીધું હોત તો પણ ચાલત. આટઆટલી ફી ભરી પણ કૉલેજમાં કોઈ ભાવ પૂછવા પણ આવ્યું નહીં. કાલે રજિસ્ટ્રારને જઈને કહેવું છે ઘંટભગતને. એ બધું તો ઠીક, પણ હું મારું ખુદનું કેમ કશું વિચારતો નથી. મારે સામાન્ય એન્જિનિયર બનીને જિંદગી નથી કાઢવી. GPSC કરી નાખું ? આમેય એમાં મામલતદાર જેવી સરકારી જૉબ મળી ગઈ તો માલામાલ. ના. એવું નથી કરવી. પણ ગવર્નમેન્ટ જૉબ જ લેવી છે મારે. માથાકૂટ તો નહીં. આરામની લાઇફ. પણ સરકારી જૉબમાં કોઈ સ્પાર્ક નથી યાર. બધા સરકારી માણસો બે લીટર એરંડિયું પીને બેઠા હોય એવાં ડાચાં રાખતા હોય છે. મારે તો ફૂલ ઑફ લાઇફ જીવવું છે. પોતાનો ધંધો કરું તો ? માસ્ટર ડિગ્રી કરી લઉં ? ના. જે ઇલેક્ટ્રિકલમાં

ચાર વરસમાં તબલાભાઈની પણ ખબર ન પડી, મજા ન આવી એમાં તે કંઈ મોટીમોટી ફી ભરીને માસ્ટર થવાય ? ના. આમેય બાપુજીએ કૉલેજની ફી બાજુવાળાને ત્યાંથી જ ઉછીના લઈને જ ભરી છે. હવે બાપુજી પર વધુ ભાર નથી દેવો ગોપલા.

શું એકનું એક વિચારી રહ્યો છે ગોપાલ ? તારો કોઈ ઢંગ-ધડો છે. કોઈ દિશા છે ? કેમ આવા વિચારો કરે છે ? ક્યાં ભાગે છે મારું મન ? કોઈ ગમતું કામ કરવું જોઈએ યાર. પેશનને અનુસરવું જોઈએ તો જ મહાન માણસ બનીશ. પરંતુ ગમતું કામ કોને ખબર છે ?

ગોપાલના ચહેરા પર ભયંકર નિરાશા છવાઈ ગઈ. નવલકથા ખોલીને વાંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વિચારો શાંત થતા ન હતા.

સીધુંસાદું નથી જીવવું યાર. લાઇફમાં કશું કર્યું જ ન હોય એવું લાગી રહ્યું છે. અત્યારે સિગારેટ પીવી પડશે. ગોપાલ, બાપાને ઓછા ખર્ચા નથી કરાવ્યા કે રોજે સિગારેટમાં પચાસ રૂપિયા ધુમાડો કરે છે.

હું શું બનું યાર. કેમ કશું સૂઝતું નથી. બાપુજીને ફોન લગાવું... બધું કહી દઉં ? શું કહું ? બાપુજીને આમાં શું ખબર પડશે ? લડવાનું તો એકલા જ છેને.

શું કરું યાર મારી જિંદગીમાં ? કોઈ રસ્તો પસંદ નથી. કોઈ ઉપાય મળતો નથી.

ગોપાલની આંખમાં પાણી ભરાયું. નવલકથાના અક્ષરો ઝાંખા દેખાવા લાગ્યા. એક ટીપું એ અક્ષરો પર પડ્યું.

રડતો બંધ થા ગોપલા. જિંદગી બાકી છે હજુ. લડી લેજે.

બુકના અક્ષરો વધુ આંસુથી ભીના થવા લાગ્યા. ગોપાલે કોઈ ઊંડી પીડામાં આંખો બંધ કરી દીધો. પાંપણો પર વધેલા છેલ્લાં આંસુ ગાલ પર વહીને ગળા સુધી પહોંચી ગયાં.

ગોપાલ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

લાઇબ્રેરીમાં બીજા છોકરા સાંભળી જશે. ચૂપ થા ગોપાલ.

રડી લે આજે. રડી લે ફ્લોપ-ગોપાલ. રડી લે એની માને. પણ પછી ક્યારેય રડતો નહીં. રડી લે.

ગોપાલે આંસુ લૂછ્યાં. બુક બંધ કરી. ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો અને આંસુમાં ઝાંખા દેખાતા સ્ક્રીન પર 'Bapuji' લખેલા નામ પર ડાયલ કર્યું.

રાતના એક વાગ્યા છે. સૂઈ ગયા હશે. ના ઉઠાડ એમને. શું કહીશ એમને ?

ના ફોન કર એકવાર.

થોડી રિંગ પછી સામે છેડેથી એક ભારે દબાયેલો અવાજ આવ્યો :

"હા બેટા. જય શ્રીકૃષ્ણ."

"જ... જય શ્રીકૃષ્ણ..." ગોપાલે ધ્રૂજતા અવાજમાં કહ્યું. તે રોજે ફોન પર પહેલાં આ શબ્દો જ બોલતો. સામે છેડે તેના બાપુજીએ ગોપાલનો દબાયેલો અવાજ સાંભળીને પૂછ્યું :

"કેમ હું થ્યું દીકુંને ? કેમ રાતે એક વાગે ફોન કર્યો ? બધુંય બરાબર તો સેને

બટા ?" બાપુજીએ પૂછ્યું. ગોપાલના બાપુજીની બોલી ધરતીની ભાષા હતી. કાઠિયાવાડી અભણ ખેડૂતની મીઠી ભાષા હતી.

બસ, આવો જ સવાલ સાંભળવો હતો આ દીકરાને. આ અવાજ જ સાંભળવો હતો. કોઈ પોતાનું માણસ પૂછે તો ખરા શું થયું છે.

"તમે ક્યાં છો બાપુજી ?" ગોપાલે થોડા રડેલા અવાજે પૂછ્યું.

"ખેતરે જ સુ બેટા. પાણી વાળું સું. કેમ હું થ્યું ?" બોલીને બાપુજીએ ગોપાલના મૂંગા રડવાના અવાજને સાંભળ્યો : "તું રોવે સે કે એવું લાગે સે મને ?"

...અને ગોપાલ મોટેથી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. જાણે ચાર વરસથી નહીં નીકળેલો ખદબદતો લાવા આજે ફૂટી ગયો. લાઈબ્રેરીમાં બહાર બેસીને વાંચતા બીજા છોકરાઓ સાંભળી શક્યા તેવા અવાજે ગોપાલે રડવાનું ચાલુ કર્યું. સામે છેડે કશું ન સમજી શકતા બાપુજી માત્ર ધ્રુસકાંઓ સાંભળી રહ્યા હતા. છેવટે તેઓ બોલ્યા :

"અરેરે... સુ થ્યું ઈ તો કે. રમેશભાઈના દીકરા રોવે થોડા. પેલા મને વાત કે, પસી તારે રોવું હોય તો રોજે."

આંસુ લૂછીને ગોપાલે પોતાની આખી કૉલેજ લાઈફ, બધા જ વિચારો અને દરેક નિરાશાઓનો સાર કહી દીધો :

"બાપુજી, મારે ભણવાનું છોડી દેવું છે. મારે નથી ભણવું. એન્જિનિયરિંગ છોડી દેવું છે મારે."

"લ્યો બોલો... આટલી અમથી વાત ઉપર તું રોવા બેઠો ? ગાંડો જ સોને હાંવ." બાપુજીએ થોડું ભારે હસીને કહ્યું. ગોપાલને થોડી રાહત થઈ. તે બોલ્યો :

"બાપુજી, હું કદાચ એન્જિનિયર બની જઈશ તો પણ સારો એન્જિનિયર નહીં બનું. આવતીકાલે ઊઠીને દસ હજારની કોઈ નોકરી લઈને જિંદગીભર તૂટતો રહીશ મને ન ગમતું કામ કરીને."

"તે તારી કૉલેજમાં તો કંપનીયું આવતી'તીને લેવા માટે ?"

"ના. નથી આવી. મંદી છે આ વરસે." ગોપાલને આ વાક્ય કહીને ગમતું ન હતું. પોતાની ક્ષમતા ઓછી હતી એ પણ એક કારણ હતું.

"તે ઈ કંઈ વાંધો સે જ નહીં. તું મોજ કરની. તારી પાંહેથી એક કે'તા એક રૂપિયોય મારે કે તારી માને જોતો નથી. એમાં ભણવાનું સોડી દેવાય ? અને આમેય તારે તો અઠવાડિયું જ બાકી રયું સેને કૉલેજ પૂરી થાવામાં ?"

"પણ શું કામનું બાપુજી ? આ ડિગ્રી લઈને હું પણ હજારો ઘેટાં-બકરાં જેવા એન્જિનિયરોના ટોળામાં જોડાઈ જઈશ ઊંધું ઘાલીને. નથી કોઈ દિશા, નથી કોઈ સપનાં. બસ ઊંધું ઘાલીને જૉબ કરતો રહીશ. મારે એવું નથી બનવું બાપુજી."

બાપુજીએ જાણે ગોપાલના માથે બાજુમાં આવીને હાથ ફેરવી આપ્યો હોય એવો સવાલ પૂછી લીધો :

"હું બનવું સે તારે તો પસી બેટા ?"

"નથી ખબર બાપુજી મને શું બનવું છે એ..." અને ફરી રડી પડાયું ગોપાલથી.

"તો પસી શી ઉપાધિ સે આ બધીય ? તને જો ખબર જ નથ કે સુ બનવું સે તો પસી મોજ કરની." બાપુજી હસ્યા. કદાચ ગોપાલને થોડો હળવો કરવા તેઓ આ વાત કરી રહ્યા હતા.

"ના બાપુજી... એવું ન હોય. જેવા છીએ એવા સ્વીકારીએ તો ક્યારેય આગળ નહીં આવીએ." ગોપાલે બાપુજીને દોસ્તની જેમ કહ્યું.

"તે પસી જેવા નથી એની વાંહે બળતરા કરીને આગળ આવીએ ખરા ?"

આ વાક્ય ગોપાલને ચાબુકની જેમ દિલ પર વાગ્યું.

"ના. બાપુજી. નથી કરવી મારે બળતરા. પણ હું નથી રોકી શકતો મારી જાતને. હું આવો જ છું. રડરડ કરું છું."

"હું સે પણ ગોપાલ તને ? મરદનો ફાડિયો થૈન રોવા બેહસ ?" બાપુજીએ મોટા અવાજે કહ્યું.

ગોપાલ ચૂપ થઈ ગયો. થોડીવાર બંને વચ્ચે ચૂપકીદી રહી. ગોપાલ સામે છેડે ખેતરમાં ખળખળ વહેતા પાણીનો અને રાત્રિની હવાનો અવાજ સાંભળી રહ્યો હતો. આ તરફ આ અભણ ખેડૂત પોતાના એન્જિનિયર દીકરાના ન સમજાય એવા સવાલ સાંભળીને આંખો ભીની કરી બેઠો હતો અને પોતાના દીકરાનો રડવાનો અવાજ પણ સાંભળી રહ્યો હતો. લાંબી ચૂપકીદી પછી બાપુજી બોલ્યા :

"બેટા, તારી વાતનું મરમ ઈ જ સેને કે તને તારો રસનો વિસય ખબર્ય નથ ?"

"હા." ગોપાલને ગળે ડૂમો બાઝી ગયો હોવાથી માત્ર 'હા' બોલી શક્યો.

"તો પેલાં એક વાર્તા કવ. ઈ હાંભળ એટલે ઑટોમેટિક તને મારી વાત હમજાય જાહે."

ગોપાલે ફોનને કાન પર સરખો દબાવ્યો અને સામે છેડે બાપુજીએ કહાની ચાલુ કરી :

"આજથી હમજી લે પાંત્રીહ-ચાલીહ વરહ પેલાંની વાત છે. એક નાના એવા ગામમાં એક ગરીબડા ખેડુના ઘરનાં એક સોકરાની વાત સે. એ સોકરો તયી બાર-તેર વરહનો હતો. ભણતો ઊઠી ગ્યો'તો. ખેતી કરતો. બાપના ખેતરે રોજ સવારે આઠ વાગ્યામાં પોગી જાતો અને આખો દિ' ખેતીના કામમાં ઢવડાં કર્યા કરતો. ખેતી એને નો ગમતી. બપોરે એની મા ભાત લઈને આવે ઈ ઝાડવા હેઠે બેહીને ખાઈ લેતો. પાસો સાંજ લગી કામમાં લાગી જાતો. રાતે ઘરે આવીને સાનોમાનો દૂધ-રોટલો ખાઈ લેતોને પાસો ખેતર ભેગો થઈ જાતો. આખી રાત ઘઉંમાં પાણી વાળ્યા કરતો.

...પણ બશારો બાળક આખી રાત રોયા કરતો"

"કેમ ?" ગોપાલે ધીમેથી પૂછ્યું.

"...કેમકે ઈ સોકરાને ખેતી નો'તી કરવી. એને શહેરમાં જઈને મોટો ધંધાવાળો માણહ બનવું હતું. બિઝનેસ કરવો'તો. મુદલ થ્યું તું એવું કે ઈ સોકરાને ખબર પડી ગઈ હતી કે એને ધંધો કરવામાં મોજ આવે સે. એનુંય એક કારણ હતું. ઈ સોકરાએ એના ખેતરમાં અમુક શાકભાજી ઉગાડ્યાં'તાં. ઈ શાકભાજી એક મોટા ટોપલામાં લઈને ઈ

સોકરો ગામમાં વેસવા જાતો. ઈ સોકરો ગામની ગલીગલીમાં જાતો અને મોટેથી જુદાં જુદાં શાકનાં નામ લઈને અવાજ કરતો. ગામની બાયું ને આદમી શાક લેવા ઘર બા'રાં આવતાં. સોકરો પોતાની જબાનથી શાક વેસી નાખતો. ઈ શાક વેસવામાં એટલો પાવરવાળો હતો કે એના માથા ઉપરથી ટોપલો હેઠો ઉતારે એટલે ઈ ટોપલો ખાલી થઈ જાય. રેશમ જેવો ગુવાર ને સોનાની લગડી જેવાં બટેટાં. કૂણો માખણ જેવો ભીંડો ને ગુલાબની કળી જેવાં મરસાં. ઈ સોકરો એવી છટામાં બોલતો કે સામેવાળો પીગળી જાતો ને ભાવ કરવાનું પણ ભૂલી જાતો.

એક દિ' સવારે ઈ સોકરો પાણી વાળીને ખેતરેથી ઘરે આઈવો. એના બાપુ પાહે ગ્યો. એના બાપુને ધીમેથી પૂસ્યું : 'બાપુ, મારે ખેતી નથી કરવી. મને નથી મજા આવતી. મારે ધંધો કરવો સે. તમે મને થોડાક રૂપિયા આપો તો મારે શે'રમાં જઈને શાકભાજી વેસવાનો ધંધો ખોલવો સે.' બસ... એટલું કીધું ને એના અભણ બાપે એને ગાલ ઉપર બે લપાટ સોડી દીધી. સોકરો રોવા લાગ્યો. એના બાપે એનો કોલર પકડીને ધમકાવીને કીધું : 'આપડી સાત પેઢીમાં કોયે બાપદાદાની ખેતી સોડવાનું વિશાર્યું નથ. તું કંઈ વાડીનો મૂળો સો ? તારી લાયકાત સે શે'રમાં જાવાની ? સાનોમૂનો આ ગામમાં પડ્યો રે' અને ખેતી કર. આપડા જેવાઓને આ ખેતરની ધરતીમાં જનમવાનું સે અને ખેતરમાં કામ કરતાં કરતાં એક દિ' આઈખું બંધ કરી દેવાની સે. હવે બીજીવાર મને આ વાત કરી સે તો ટાટિયા ભાંગી નાખહ.'

બસ... પસી તો ઈ સોકરો સપનાં જોવાનું બંધ કરીને રોજ દિ'-રાત ખેતરમાં કાઢવા માંડ્યો. એના નાની ઉંમરે લગન થઈ ગ્યાં. સંતાનો થઈ ગ્યાં. રોટલી કમાવાનો ભાર એના બધાં બાળપણનાં સપનાં ઉપર સડી બેઠો. પણ તોયે રોજ રાત્રે ઈ સોકરો ખેતરે પાણી વાળવા જાતો. રોજ રાત્રે ખેતરની વશે એકલો પાણીમાં ઊભો રઈને પોક મૂકીને રોતો. પોતાને ખેડુ નહોતું બનવું એ એને ખબર્ય હતી." બાપુજીએ કહ્યું. લાંબો શ્વાસ લીધો. ગોપાલ ચૂપ હતો. ખેતરમાં ઊભેલો એ બાળક એની આંખો સામે તરવરી રહ્યો હતો. બાપુજીએ થોડીવાર પછી એક નિસાસો નાખીને ફરી કહ્યું :

"ગોપાલ બટા... ઈ સોકરો કોઈ નહીં પણ તારો આ બાપ રમેશ પટેલ જ સે હો..." ગોપાલે એ શબ્દો સાંભળ્યા અને તેના હાથના રૂંવાડાં ઊભાં થઈ ગયાં. "બટા... તારા દાદાએ મને નો જાવા દીધો શે'રમાં. મારે ધંધો કરવો'તો. મારે બિઝનેસમેન બનવું'તું. રોજ રાતે આ ખેતર વશે પાણીમાં ઊભો રહીને હું મારાં આંસુને પાણીમાં પાડી દઉં સું."

ગોપાલની આંખોમાંથી પણ આંસુ નીકળી ગયાં અને હાથમાં રહેલી બુકના પેજ વચ્ચે પડ્યાં.

"બટા... તારો બાપ તો ક્યારેય પોતાનું સપનું પૂરું કરી નો શક્યો. પણ તું ઊભો રે'તો નઈ હો. તારો બાપ બેઠો સે. તને નહીં રોકું. તું તારે સપનાં જો અને સાકાર કર્ય. નો રોકું તને. ઈ પાપ કેવાહે." બાપુજીએ કહ્યું અને ગોપાલ બસ એ અવાજમાં રહેલું ઝનૂન સાંભળતો રહ્યો.

"...પણ બટા... એક વસન આઈપ. તું જે દિ' જાણી લે ને કે તારે સું બનવું સે

તે દિ' એ કામની વાંહે લાગી પડજે. ખૂબ રૂપિયો કમાજે. અને જે દિ' તને લાગે કે ઘણોય રૂપિયો કમાણો સો... તે દિ'મને થોડાક રૂપિયા દેજે હો દીકરા. મારે બીજું કાય નથી કરવું પણ શે'રમાં જઈને એક શાકભાજીની લારી સાલું કરવી સે. બસ." બાપુજીએ લાંબો શ્વાસ લીધો, "બસ મારે મારું સપનું આ ઉંમરેય પૂરું કરવાની ઈસા સે."

ગોપાલ આંખો બંધ કરી ગયો. બસ... એ આંખો બંધ કરીને વિચારી રહ્યો.

છેલ્લો દિવસ આવી ગયો. ફેરવેલ પાર્ટી થઈ. બધા દોસ્તો ટલ્લી થઈને ખૂબ નાચ્યા. ઈલેક્ટ્રિકલ ક્લાસમાં એક-બે છોકરીઓ જ હોવાથી બધા રાક્ષસોની જેમ નાચ્યા.

તે રાત્રે બધો સમાન પેક થયો. આખી હૉસ્ટેલ આખી રાત જાગી. બધાં એકબીજાના રૂમમાં જઈને અલવિદા કહી રહ્યા હતા. એકબીજાના કૉન્ટેક્ટ મોબાઈલમાં સેવ કરી રહ્યા હતા. એકબીજાને ફોન કરવા અને ઘરે આવવા માટે ગાળો દઈને પ્રૉમિસ આપી રહ્યા હતા. દોસ્તોને લાંબા-ટાઈટ હગ કરી રહ્યા હતા. જે છોકરાઓનાં પ્લેસમેન્ટ થયેલાં તેઓની પાર્ટીઝ થઈ રહી હતી. જેમનાં પ્લેસમેન્ટ ન થયાં તેમને બીજા બધાં, મદદ કરીશું, મારી કંપનીમાં સેટ કરી દઈશું એવાં પ્રૉમિસ આપી રહ્યા હતા. પોતાના લેપટોપની અંદર કોઈ પોર્ન ભરી રહ્યું હતું તો કોઈ મૂવીઝ કોપી કરી રહ્યું હતું. ગોપાલે પણ પોતાના લેપટોપમાં થોડી પોર્ન, થોડી ક્લાસિક ફિલ્મો અને ત્રણ-ચાર અમેરિકન સિરિયલ્સ ભેગી કરી લીધી હતી. હૉસ્ટેલની ડિપૉઝિટ પાછી મળી ગઈ હોવાથી વિજય સિગારેટનું આખું પૅકેટ ખરીદી આવ્યો હતો. જે ડાહ્યા છોકરાઓ સૂઈ ગયા હતા તેમના એલાર્મના ટાઈમ બીજા દોસ્તો બદલી નાખી રહ્યા હતા. કોઈ બીજાના બાથરૂમમાં પોતાના ઘરેથી લાવેલી ડોલ માગવા જઈ રહ્યું હતું. વિજયના ગ્રુપના દોસ્તો મોડી રાત્રે બે વાગ્યા પછી કેપ્રી પહેરીને ખુલ્લા શરીરે લેપટોપના સ્ટિરિયો પર ગરબા રમી રહ્યા હતા.

બીજે દિવસે ગોપાલ કૉલેજના બધા પ્રોફેસરને, બીજી બ્રાન્ચના દોસ્તોને, પોતાની કૃશના ચહેરાને, ગર્લ્સ હૉસ્ટેલને દૂરથી મળીને પાછો આવ્યો. બપોરે હૉસ્ટેલના પટાવાળાથી માંડીને રેક્ટરને મળ્યો. પોતાના બધાં બેસ્ટ ફ્રેન્ડ્સ જનક, નિકુલ, હાર્દિક, બિમલ, ઘંટુ બધાંને ભેટ્યો. ગોપાલની ગામડે જવાની બસ ચાર વાગ્યાની હતી. તેને રિક્ષામાં સામાન મૂકીને આણંદ બસસ્ટેશન જવાનું હતું. તેણે રૂમમાંથી પોતાનો બધો સમાન કાઢ્યો. લોકરની ચાવી રેક્ટરને આપી. કૅન્ટીનમાં જમવા ગયો. જમવાનું ન ભાવ્યું. વિજયને ફોન લગાવ્યો. એક રિંગ વાગી. ફોન ઑટોમેટિક કટ થઈ ગયો. કૅસેટ બોલી : "આપ જે નંબર ડાયલ કરી રહ્યા છો તે વ્યસ્ત છે. કૃપા કરી થોડીવાર પછી પ્રયત્ન કરશો."

ગોપાલને વિજયે બ્લોક કરેલો હતો.

અધૂરી થાળી મૂકીને ગોપાલ ભાગતો જનકના રૂમમાં ગયો. જનકને પૂછ્યું :

"વિજયબુન ક્યાં ?"

"એ તો ગયો ઘરે ક્યારનો. અમને મળવા પણ આવેલો અને કહેતો હતો કે ગોપાલને કહેજો કે તારો વિજયબુન હવે થ્રી ઇડિયટ્સનો રણછોડદાસ ચાંચડ છે, તને મળશે નહીં વર્ષો સુધી. તારું પેશન તને નહીં મળે ત્યાં સુધી એ પણ તને નહીં મળે."

ગોપાલને હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. *એ સાચું કહેતો હતો ? હવે ? આવું કરવાનું વિજય ? તારા ગોપલાને એકલો મૂકી દેવાનો ? કંઈ નહીં... હું પણ જોઈ લઈશ તને. આજ પછી ફોન કરે એનું નામ ગોપાલ રમેશભાઈ પટેલ નહીં. સાલા... એક દિવસ હું મારું પેશન શોધી લઈશ, ખુશ હોઈશ, પરંતુ છતાં તને ફોન નહીં કરું, સાલા. ક્યારેય નહીં કરું. ક્યારેય નહીં.*

ગોપાલ પટેલની કૉલેજ લાઈફ પૂરી થઈ. રિયલ લાઈફ ચાલુ થઈ. જિંદગી કડવી ચૉકલેટ લઈને જ ઊભી હતી. વિધાતા કોઈ અગૂઢ લેખ લખીને જ બેઠો હતો. દુનિયા પોતાની રીતે જ ચાલી રહી હતી, પરંતુ આ એક માણસને પોતાની રીતે ચાલવાનું ન હતું, દુનિયા હજુ તેને ઘણું નાચ કરાવવાની હતી.

7

ગોપાલ ગામડે ગયો. સામાન વધુ હતો એટલે તેના બાપુજી અને શેરીના ત્રણ-ચાર છોકરાઓ તેડવા આવેલા. ઘરે આવીને તે બા-બાપુજીને પગે લાગ્યો. આખી લાઈફનો ભણવાનો સમય પૂરો થઈ ગયો હોવાથી ગોપાલને પોતાના મગજ પરથી જાણે હજાર કિલોનો ભાર નીકળી ગયો હોય એવું લાગી રહ્યું હતું. આજથી કોઈ બોરિંગ લેક્ચર, ઍસાઇન્મેન્ટના ઢસરડા, પરીક્ષાની ઉપાધિ કે બાપુજીના ખિસ્સાના ખર્ચની કોઈ ઉપાધિ હતી નહીં. જાણે ઘણા સમય પછી તે પોતાની સાથે આરામથી વાતો કરી રહ્યો હતો.

બાને આજે બાજરાના રોટલા બનાવવા કહેવું પડશે. મહારાજનું ખાઈ-ખાઈને હોજરી સંકોચાઈ ગઈ હોય એવું લાગે છે.

બાય ધ વે... હવે જૉબ ક્યારથી ચાલુ કરું ? વીસેક દિવસ તો વૅકેશન રાખું જ. કદાચ એવું પણ બને કે સાલું આ મારી લાઈફનું સૌથી છેલ્લું વૅકેશન હોય. આમેય પ્રાઇવેટ કંપનીઓમાં ક્યાં વૅકેશન આપે છે સાલાઓ. જોકે આ વીસ દિવસમાં બંદો પોતાનું જોરદાર રિઝ્યુમ અને કવરલેટર બનાવશે. હમણાં થોડા દિવસ શાંત મનથી એ વિચારવાનું છે કે મારે કઈ ટાઇપની કંપનીમાં કામ કરવાનું છે. જો બકા... કંપની સારી અને મલ્ટિનેશનલ હશે તો જ સારો પગાર મળશે એટલે એ ટાઇપનો કોઈ જેક તો લગાવવો જ પડશે. ના, જેક નથી લગાવવો. એ ખોટું છે. કોઈ બીજા છોકરાને ધક્કો મારીને આપણે ના જ બેસાય. એના કરતાં દરેક GIDCમાં હું પોતે જઈને રિઝ્યુમ આપીશ, HRને મળીશ અને કંઈક થઈ રહેશે.

"બેટા તારી જૉબનું હું સે ? બાજુવાળા કાકી પૂસતાં હતાં." ગોપાલની બૅગ ખોલતાં ખોલતાં તેની બાએ પૂછ્યું. એમને પૂછવાનો અધિકાર હતો. ચાર વર્ષથી એ સપનાંઓ જોતાં હતાં.

"હજુ નથી શોધી બા. મળી જશે. તમે ટૅન્શન ના લેતાં અને બાજુવાળાં કાકીને કહી દેજો કે વીસ દિવસ પછી ગોપાલ અમદાવાદમાં જવાનો છે એક કંપનીમાં. કંપનીનું નામ પૂછે તો કહેવાનું રિલાયન્સ." ગોપાલને કાકીના સવાલ પછીના સવાલો ખબર હતી એટલે એક સાથે જવાબ આપી દીધા.

"રિલાયન્સ ? ક્યારે થઈ ગ્યું તારું એમાં ?" બાપુજીએ છાપામાંથી ઊંચું જોઈને પૂછ્યું.

"બાપુજી, થઈ જશેને. મારી કૉલેજના ત્યાં સિનિયર્સ છે. સારી પોસ્ટ પર છે. એમને પણ કંઈક સારો એવો પગાર મળે છે સિત્તેર હજાર જેવો. એ લોકો સાથે વાત કરીને સેટિંગ કરી દેવું છે. સાંભળ્યું છે ફ્રેશરને પણ ચાલીસેક જેવો આરામથી મળે છે."

"તો તો મારા બે રોટલા બનાવજે, ગોપાલની બા." બાપુજીએ ખુશ થઈને કહ્યું. ગોપાલને એમના ચહેરાને જોઈને ખૂબ ખુશી થઈ. જાણે મોટા આંકડાનો પગાર બાપુજીના ચહેરા પર ગર્વ બતાવી રહ્યો હતો.

ગોપાલના થેલામાંથી કપડાં કાઢીને બાએ પૂછ્યું : "આ રિલાયન્સ જેવી એકાદીમાં લાગી ગ્યો તો પસી તારાં લગનેય ફટાફટ થઈ જાહે હો. સોકરી તરત હા પાડી દેહે."

"હા બા... પણ અત્યારથી લગ્નનું નથી વિચારવાનું. શું નાના બાળક જેવી વાતો કરવાની ? હજુ તો..."

"હજી તો તું નાનો સો એમ ?"

"હાસ્તો બા..."

"પણ બટા... નાનો તો તું મારી અને તારા બાપુજીની આંખ્યુંમાં સો. ગામની આંખ્યું ઉપર પાટા બાંધવા થોડો જવાહે ?"

ગોપાલ કશું બોલવા માગતો હતો પણ બોલ્યો જ નહીં. હૉસ્ટેલમાં આળસ કરીને અઠવાડિયાથી નહીં ધોયેલાં ગોપાલનાં ગંદાં કપડાંના ઢગલાને ધોવા લઈ જતી બાની ભોળી વાતો સામે કોઈનું ચાલે તેમ ન હતું. તેણે બાપુજી સામે જોયું પણ એમને છાપું વધુ પસંદ હોય એવું લાગ્યું. ગોપાલને આ બધી અત્યારથી લગ્નની વાતો પર હસવું આવી રહ્યું હતું. ગુસ્સો પણ...

એ બાને સમજાવવા લાગ્યો : "બા, ગામને મોઢે ગરણી બાંધવા ન જવાય. જે બોલે તે બોલવા દેવાનું."

"લે... એમ થોડું હાલે બટા. અમારી જવાબદારી બનેને તને પાર પાડવાની. કાલે ઊઠીને અમે બેય દેવ થઈ જૈઈ તો તારું ધ્યાન કોણ રાખે ? અને અમનેય બોવ ઈસા સે કે તારા દીકરાને રમાડીને જ જાવું સે."

ગોપાલ હસવા લાગ્યો. બાને સાંત્વના આપીને કહ્યું :

"બા, જુઓ તમને હું આખો પ્લાન સમજાવું. પહેલાં તો મારે જૉબ લેવાની છે સારા પગારવાળી, એટલે મારા બાપુજીને હવે ખર્ચો બંધ થાય. પછી બે-ત્રણ વરસમાં જે કંપનીમાં કામ કરતો હોઉં એની નજીક ક્યાંક સારું એવું મકાન લેવું પડશે. ભાડે લઈશું અને નહીં તો પછી કંપનીના પગારમાંથી હપ્તે ખરીદી લઈશું. પછી અહીં ખેતી કરવી નથી. તમારે બંનેને ત્યાં મારી સાથે આવી જવાનું છે. ત્રણેક વરસમાં લગ્ન કરી નાખીશું, એટલે આપણે ચાર જણા એકાદ 3-BHK જેવો ફ્લૅટ કે મકાન લઈને સિટીમાં જ રહેશું. આમેય હવે મારા બાપુજીથી કામ નથી થતું. એટલે પછી હું કમાઈશ અને તમે પ્રભુભજન કરજો. મંદિર જાજો. જે કરવું હોય તે કરજો." ગોપાલે પોતાની બાને એક 'પરફેક્ટ ડ્રીમ' કહી દીધું. તેને બસ પોતાનાં બા અને બાપુજીને ખુશ જોવા હતાં. આ વાત સાંભળીને બાના ચહેરા પર બદલાયેલી રેખાઓ ગોપાલની આંખોને શાંતિ આપી રહ્યા હતા અને ડર પણ...

મગજ ઊંડાઊંડા વિચારો કરી રહ્યું હતું : *"શું બાફે છે ડોબા... આવી જિંદગી જીવવી છે ? હા બરાબર છે કે તારે બા-બાપુજી સાથે રહેવું છે, ઘરના રોટલા ખાવા છે, પણ લગ્ન કરવાં છે ? તું એકલો ખુશ નથી ? અને જૉબ ? પહેલા તારું પેશન તો શોધ. આવી બીજા માણસો જીવે છે એવી બોગસના પેટની લાઈફ પસાર કરવી છે ? ક્યાં ગયો તારો પેલો ચમકારા મારતો સ્પાર્ક ? કૉલેજમાં તો ખૂબ રડ્યો એ સ્પાર્ક પાછળ. હવે જૉબ*

કરીશ ? ઠીક છે, જૉબ કર અને સાઇડમાં પોતાનું ગમતું કામ શોધતો જા. પણ ગોપલા, તું એકલો કેટલો ખુશ છે ! ઠીક છે, ખુશ નથી તો થઈ જઈશ. કોઈ ગમતું કામ ખબર પડશે અને એમાં જૉબ મળશે પછી ખુશ થઈ જઈશ. એમાં લગ્નની વાત કરવાની જ ના હોય અત્યારથી. અને 3-BHK ? કંઈક તો મોટાં સપનાં રાખ. કૉમનસેન્સ વગરનો કૉમન માણસ જ બનીશ તું બકા. રિલાયન્સવાળા પેલા ભાઈને ફોન કર અને એ જૉબને લઈ લે."

ગોપાલ ઊભો થયો. જૉબની પોતાની વાતો બા-બાપુજી સાંભળે નહીં એટલે શેરીમાં ગયો અને રિલાયન્સમાં કામ કરતા પોતાના સિનિયરને ફોન કર્યો.

"હા, ગોપાલ બોલબોલ."

"હા સર... કેમ છે ? મજામાં ? સર, મેં ફોન એટલે કરેલો કે આપણે ત્રણ મહિના પહેલાં વાત થઈ હતીને ?"

"હા યાદ છેને."

"હા... ત્યારે તમે કહેતા હતાને કે જો આપણી કૉલેજમાં પ્લેસમેન્ટ ન આવે તો હું તારું સેટિંગ કરી દઈશ મારી કંપનીમાં. મારી કૉલેજ જસ્ટ ગઈ કાલે જ પૂરી થઈ. મંદી છે એટલે પ્લેસમેન્ટ તો ન થયું, પરંતુ તમારી વાતની મને હોપ હતી એટલે મેં કોલ કર્યો છે."

"ઓહ એવું છે ? એક કામ કર. મારું મેઈલ આઈડી આપું છું તને મેસેજમાં. તારું રિઝ્યુમ મને ફોરવર્ડ કરી આપ. હું મારા HRને આપી દઈશ. ઓકે ?"

"અરે પાક્કું સર. હમણાં જ મોકલું."

"બીજા પોર્ટલ પર અપલોડ કર્યું છે રિઝ્યુમ ?"

"હા... કર્યું છેને. Taukari.com અને Jonster.com બંને પર છે અને એવી બીજી છ-સાત સાઈટ છે. બધામાં કરી નાખ્યું છે. કોલની રાહ જ જોઈ છું."

"ગ્રેટ. કદાચ કોલ આવી શકે તેમાંથી પણ."

"હા, એ તો છે. સર... આમ તો મારે ફર્સ્ટક્લાસ થઈ જાય છે એટલે કદાચ જૉબ તો મળી જશે. પરંતુ મારી ઇચ્છા રિલાયન્સમાં વધુ છે સર."

"અરે શ્યોર. હું ટ્રાય કરીશ જ. પ્લસ ગોપાલ... ઈલેક્ટ્રિકલને લગતી જેટલી પણ કંપનીઓ હોય તે બધી કંપનીની સાઈટ પર જઈને કરિઅર પર ક્લિક કરીને રિઝ્યુમ અપલોડ કરી દેજે. એ લોકો આ રીતે જ બોલાવે છે."

"હા સર... એ ચાલુ કરવું જ છે. જોકે સર, એક પર્સનલ વાત કહું ? જૉબ કરવામાં મજા આવે ખરી ? આઇ મીન..."

"તને કૉલેજમાં ઇલેક્ટ્રિકલમાં મજા આવેલી ?"

"હા થોડીથોડી." ગોપાલ ખોટું બોલ્યો.

"જો બકા... તને તારી બ્રાન્ચ ગમતી હોય કે ન ગમતી હોય, જૉબ ગમે તે માણસને બોરિંગ જ લાગે. આના કરતાં ધંધો કરાય અને પ્રાઇવેટ કંપનીઓ તો ચૂસે છે માણસોને. રીતસરના નિચોવે છે. આના કરતાં ગવર્નમેન્ટમાં વિદ્યુતબોર્ડમાં જા. ચેકિંગની

ગાડીઓમાં બેસીને વીજચોરી પકડ. એમાં સાઈડની આવક ખૂબ છે. હમણાં જ વેકન્સી નીકળશે. તેની વેબસાઈટ જોતો રહેજે. બાકી હકીકત એ છે કે હવે જિંદગીની વાટ લાગવાની છે. કૉલેજ ભૂલી જવી."

ગોપાલ મોટેમોટેથી ખોટું હસ્યો અને બોલ્યો :

"સાવ સાચી વાત સર. રિલાયન્સ માટે હું અત્યારથી મારી જાતને એટલે જ તૈયાર કરીને બેઠો છું. બાય ધ વે સર... આપણને ગમતું કામ કરીએ, આપણા દિલને ફોલો કરીએ તો એ કામમાં વધુ મજા આવે હેને ? આઇ મીન... એ કામ ખરેખર કામ લાગે જ નહીં."

"વેલકમ ટુ ધ રિયલ વર્લ્ડ, દોસ્ત. ગુડબાય" પેલો બોલ્યો અને ફોન કટ થઈ ગયો !

ગધેડીનો... ગોપાલના હોઠ બબડ્યા.

તેની જૉબ મળવાની અડધી આશા ઓછી થઈ ગઈ. જોકે આજે બાના હાથના રોટલા ખાઈ-પીઈને આરામ કરવાનો સમય હતો.

એ દિવસોમાં ગોપાલ સવારે ઊઠતો. બાના હાથની ભાખરી અને માખણ ખાઈને આરામથી છાપું લઈને બેસતો. છાપામાં પહેલાં જ પોતાની બ્રાન્ચને લગતી કોઈ જાહેરાત જોવા બેસી જતો. નિરાશા એ થતી કે બધી કંપનીઓને અનુભવવાળા માણસો જોઈતા હતા. ફેશર માટે કોઈ જાહેરાત દેખાતી નહીં. પોતાના ઘરનું ગુજરાત સમાચાર મૂકીને તે બાજુવાળા કાકીને ત્યાં સંદેશ વાંચવા જતો. બપોર સુધીમાં પોતાના લેપટોપ પર ટાઇમ્સ ઑફ ઇન્ડિયા અને બીજા ઇ-પેપર જોઈ લેતો. હવે તો પોતાનું જૂનું ઈમેઈલ ID :Gopal_aeke_hazara@yahoo.com કાઢીને નવું ID :Gopalpatel91@gmail.com કરી લીધું હતું કે જેને લીધે પોતાના પ્રૉફેશનલ મેઇલ તેમાંથી કરી શકે. ઈમેઈલ પર અલગ અલગ સાઇટના સેંકડો મેઇલ આવતા હતા. Taukari.com, Limesjobs.com, Jonster.com અને બીજી કેટલીયે સાઇટ્સ જાણે તેને જૉબ આપવા માટે સામેથી દોડતી આવતી. ગોપાલ દરેક સાઇટ પર લોગ-ઈન કરીને પોતાનું રિઝ્યુમ મૂકતો. ક્યારેય કોલ આવતા નહીં. વીસ દિવસ થઈ ગયા હતા કૉલેજ પૂરી થવાને. હજુ નક્કી નહોતું કર્યું કે અમદાવાદમાં ક્યાં રહેવું અને કોની સાથે રહેવું. જૂના દોસ્તો યાદ આવી રહ્યા હતા. બધા એકબીજાને ફોન કરી રહ્યા હતા. હૉસ્ટેલના અમુક છોકરાઓ તો પોતાની લાગવગથી મોટીમોટી કંપનીઓમાં ઘૂસી ગયા છે એવી વાતો સાંભળવા મળતી. જે લોકોને આગળ માસ્ટર ડિગ્રી કે એમબીએ કરવાનું હતું એ બધા ગોપાલને ફોન કરીને પૂછતાં, ક્યાંય જૉબ લાગી છે કે નહીં તે માટે. કૉલેજને ગાળો દેવાનું મન થતું. પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટને ગાળો દેવાનું મન થતું. ગોપાલના વ્હૉટ્સએપના Collage friends rocks ગ્રુપમાં સાંજે બધા ભેગા થઈને કૉલેજને ગાળો આપતા.

કોઈ મારું છે જ નહીં... ગોપાલને વિચાર આવતો. ઘરે બા અને બાપુજી પણ રોજે પૂછી રહ્યાં હતાં કે હવે તારે અમદાવાદ ક્યારે જવું છે ? તને પેલા રિલાયન્સવાળા

ભાઈનો ક્યારે ફોન આવે તેમ છે ?

ગોપાલને નવાનવા એન્જિનિયરિંગમાં ઍડમિશન લેતા છોકરાઓના ફોન આવતા : ગોપાલભાઈ, કઈ બ્રાન્ચમાં ઍડમિશન લેવાય ? ગોપાલભાઈ ભવિષ્યમાં કઈ બ્રાન્ચમાં પ્લેસમેન્ટ મળે ? તમને કઈ કંપની આવેલી લેવા માટે ?

ગોપાલને હસવું આવતું આવા સવાલો ઉપર ! એ બધાને ગોળગોળ વાતો કરી દેતો. મનમાં કહેતો : *એન્જિનિયરિંગ જ ના કરો. ભણો જ નહીં. કોઈ ફાયદો નથી.*

કોઈ દિવસ સાંજે જમીને તે ગામમાં કોઈ દુકાને બેસવા જાય તો ત્યાં પણ લોકો ચાલુ પડી જતા : હજુ સુધી ક્યાંયે લાગ્યો નથી ? પેલા ભુરાભાઈના છોકરાનો કૉન્ટેક્ટ કર્યો ? કોઈ જેક-બેક લગાવને. સાલું આજકાલ એટલા બધા એન્જિનિયર બહાર પડે છે કે હવે પછીનાં વર્ષોમાં તમે બધાં રેંકડીઓ લઈને નીકળી પડવાના છો લાઈટ-પંખા-બૅટરીઓ વેચવા. આના કરતાં તો ખેતી કરી હોય કે હીરા ઘસ્યા હોય તો સારું રહે. ભણીભણીને તમે શું કાઢી લીધું ? આટલા રૂપિયા બગાડીને કયો કાંદો કાઢી લીધો ?

વળી આ જ લોકો, "કનુભાઈ ડૉક્ટરના છોકરાની એસ્સારમાં સિત્તેર હજારની જૉબ છે," એવી વાત કરીને ગોપાલને સલાહ આપતા : "તું એ છોકરાનો કૉન્ટેક્ટ કર. કદાચ તારા બાપુજીને ઓળખતો હોય અને સેટિંગ થઈ જાય."

આ કોઈ જાણતું ન હતું કે ગોપાલ અંદરથી કેટલો ગુસ્સે થતો હતો. ઉપાધિ થતી. નબળા વિચારોથી મગજ ભારે થઈ જતું હતું. સવારે ઊઠે એટલે શાંત મગજમાં એક જ વિચાર જન્મતો : *નોકરીનું શું કરીશ ? રૂપિયા કઈ રીતે કમાઈશ ?*

પછી ગોપાલ પોતાના મોબાઈલમાંથી અલગ અલગ લોકોને ફોન કરવા લાગતો. મોટા ભાગના લોકોનો કૉમન જવાબ આવતો : "હા, તું એક કામ કર. તને મારું મેઈલ આઈડી આપું છું, તું તારું રિઝ્યુમ મેઈલ કરી દે."

બસ. પછી કોઈના સામેથી જવાબ આવતા નહીં. ગોપાલ ફરીફરીને ફોન કરતો. કોઈ ચોખ્ખું સંભળાવી દેતું : "નિરાંત રાખ ગોપાલ, મારે પણ શરૂઆતમાં જૉબ માટે એક વરસ રખડવું પડેલું."

કોઈ વડીલ પોતાની એસી ઑફિસમાં બેઠાં બેઠાં કહેતા : "ત્રણસો રૂપિયાના પગારથી મેં નોકરી ચાલુ કરી હતી. આજે મને મહિને નેવું હજાર મળે છે. ધીરજ રાખવી પડે બેટા. શરૂઆતમાં મોટા પગારની આશા રાખવા કરતાં પહેલાં તો તારી બ્રાન્ચનું કોઈ કામ શોધી લે. એકવાર નાની એવી પણ જૉબ મળી જાય પછી તને કોઈ રોકવાવાળું નહીં હોય. એક-બે વરસનો અનુભવ લઈ લે એટલે આરામથી બીજી કંપનીમાં તને પાંચ હજારના પચાસ હજાર કરી આપશે."

છેવટે સાંજ સુધીમાં મગજ શાંત થતું. સવારે માથા પર કોઈએ વીસ કિલોનું વજન રાખ્યું હોય એવી ચિંતા થતી, પરંતુ સાંજ નજીક સાસરે ગયેલી બહેનોનો ફોન

આવતો, બાના હાથના રોટલા ખાવા મળતા, બાપુજી હીંચકા પર બેસીને ભવિષ્ય વિશે પૂછતા અને સમજાવતા કે : "એ બધું તો થાય. તું ઉપાધિ કરતો નહીં, નોકરી મળી જશે એક દિવસ. ના મળે તો પણ હું બેઠો છુંને. તારે આગળ માસ્ટર ડિગ્રી કરવી હોય તો પણ છૂટ છે અને વિદેશ જાવું હોય તો પણ..."

"ના બાપુજી... માસ્ટર ડિગ્રીમાં રૂપિયા જોઈએ. પ્લસ એમાંથી બહાર નીકળીને પણ જૉબ મળી જાય એનો ભરોસો નહીં. માસ્ટર ડિગ્રીવાળા આજકાલ પ્રોફેસર બને છે. ગાળો ખાય છે છોકરાઓની. હમણાં થોડા દિવસમાં જ જૉબ મળી જશે પછી બધું સેટ થઈ જાશે. આ બધા કામમાં નિરાંત રાખવી પડે. મારી ઇચ્છા છે કે એકાદ વરસ જૉબ કરીને પછી મારો ખુદનો ધંધો ખોલવો છે. નોકરી કરીએ તો જ ખબર પડે કે આપણી નીચે કામ કરતા માણસને કઈ રીતે સાચવવા. પ્લસ, જૉબ કરીશ તો જ ખબર પડશે કે કોઈ પણ કંપનીમાં આખી પ્રોસેસ કઈ રીતે હોય છે. દરેક ડિપાર્ટમેન્ટ જાણવા મળશે."

ગોપાલના બાપુજી કશું બોલતા નહીં. એમને પણ ચિંતા થતી અને એ છત તરફ જોઈને બેઠા રહેતા. બા પણ ઊંડા વિચારોમાં ખોવાયેલાં રહેતાં. ગોપાલને આ બંનેની ચિંતાને જોઈને ચિંતા થતી. છેવટે પોતાના વ્હૉટ્સએપમાં આવેલા જૉબ વેકન્સીને લગતા મૅસેજ ડિલિટ કરીને ગોપાલ સૂઈ જતો. ગામડે આવ્યાને એક મહિનો થઈ ગયો હતો.

એક દિવસ એક દૂરના મામાનો ફોન આવ્યો. તે મામા ગોપાલના દરેક નિર્ણયમાં મદદ કરતા. તેઓ સુરતમાં કોઈ હીરાની ઑફિસમાં કામ કરે છે તેવું કહેતા. તેમણે દસ પાસ કરેલું અને બધું છોડીને હીરામાં આવેલા. પોતાની જાતને એક્સપર્ટ સમજતા અને ગોપાલ ન પૂછે તો પણ પોતાનો પગાર કહેતા : "મહિને પૂરા બે લાખ કમાઉં છું. મારા બાબાને એવી ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં મૂક્યો છે જ્યાં આખા સુરતના એ-વન માણસોના છોકરા આવે છે. એની ફી પણ વરસની બે લાખ છે. ક્યારેક સુરત આવે તો આવજે મારા બંગલે. તારી નોકરીનું કંઈક કરાવી દઈશ."

ગોપાલને આ વ્યક્તિ પ્રત્યે થોડું પણ માન ન હતું, છતાં તેના દરેક ફોન ગોપાલ ઉઠાવતો અને તેની દરેક વાત માનતો. કારણ સ્પષ્ટ હતું : આ મામાએ જ ગોપાલના ઘરની રૂપિયાને લગતી અત્યાર સુધીની મોટા ભાગની જરૂરિયાત પૂરી કરી હતી. બાપુજી આ મામાને ફોન કરતા અને આંગડિયામાં રૂપિયા આવી જતા !

એક દિવસ સવારે ગોપાલ પર મામાનો ફોન આવ્યો. ગોપાલે વાત કરી. એ મામાનાં વાક્યો ગોપાલના મગજમાં ઘૂમતાં રહ્યાં :

નોકરિયું નો મળે તો હીરામાં આવી જા.

હવે રૂપિયો કમા. અટાણ લગી ભણતરમાં જ રૂપિયો નાખ્યો સે.

રૂપિયો હશે તો બે માણહમાં કો'ક પૂછશે. તારા ગવઢા બાપુજીને ક્યાં સુધી ખેતીમાં ઢવડા કરાવીશ ?

બસ... એ સાંજે ગોપાલે અમદાવાદ નીકળી જવાનું નક્કી કરી નાખ્યું. પેલા મામાને ફોનમાં બ્લોક કરી દીધો.

૪

એક મોટી બૅગની અંદર થોડાં કપડાં હતાં, કપડાં ઉપર બાએ બનાવી દીધેલી સુખડીનો ડબ્બો હતો. બાજુમાં પ્લાસ્ટિકની કોથળીમાં મૂકેલાં પ્રૉફેશનલ શૂઝ અને બેલ્ટ હતાં. બૅગના સાઈડ પૉકેટમાં અગાથા ક્રિસ્ટીની એક નૉવેલ હતી. એક નાનકડું તાળું, તેલ, શેમ્પુ, સાબુ, બ્રશ, ટૂથપેસ્ટ અને... ?

બૅગના એકદમ તળિયે કોઈને દેખાય નહીં તેમ સપનાંઓ ભરેલાં હતાં.

હા.

સપનાંઓ.

પથ્થર જેવા નિર્જીવ અને ભારે સપનાંઓ જે બૅગને એટલી વજનદાર બનાવી રહ્યાં હતાં કે બૅગ આ બાવીસ વરસના યુવાનના ખભાને ઝુકાવી દેતી હતી.

ગોપાલ ઘરેથી અમદાવાદ જવા નીકળી રહ્યો હતો. સામે હીંચકા પર બા-બાપુજી બેઠાં હતાં. થેલો પેક હતો. પંદર મિનિટમાં ગામના બસસ્ટેશન પર બસ આવવાની હતી. ગોપાલને માબાપને ભેટી લેવાની ઈચ્છા થઈ રહી હતી. કેમ ઈચ્છા ન થાય ? જિંદગીનું બીજું ચેપ્ટર ચાલુ થઈ રહ્યું હતું.

ગોપાલ પહેલાં બાપુજીને પગે લાગ્યો. બાપુજીએ માથે હાથ ફેરવ્યો. કશું બોલ્યા નહીં. બોલી શક્યા નહીં. બાને પગે લાગ્યો. બાએ માથે હાથ ફેરવીને કહ્યું : "ખૂબ સુખી થાઓ અને ઊંસા પગારની નોકરી લઈને જીવો. એટલા બધા રૂપિયા કમાઓ કે એક દિ' મને ને તારા બાપુજીને તું કે'તો 'તો એમ હેલિકૉપ્ટરમાં બેહાડીને શાર ધામની જાત્રા કરાવો."

"અને હાર્યે એની વહુ પણ ખરી હો..." બાપુજી બોલ્યા. ત્રણેય હસવા લાગ્યાં.

બાને યાદ હતું. એક દિવસ સાંજે જમીને વાતો કરતાં કરતાં ગોપાલ કહી રહ્યો હતો : "તમારે બંનેને અહીં ગામડે એકલા રહીને કંઈ ટેન્શન લેવાનું નથી. આ તમારો એકે હજારા દીકરો એક દિવસ તમને હેલિકૉપ્ટરમાં બેસાડીને ફરવા લઈ જશે અને એ પણ તમારી વહુબેટાની સાથે !"

છેવટે ખભે થેલો લઈને ગોપાલ અને તેના બાપુજી બસસ્ટેશન તરફ ઊપડ્યા. પાછળ ઘરે બા ભગવાનના મંદિર પાસે જઈને કશુંક માગી રહી હતી. ચાર દીકરી પછી આવેલો આ એકનો એક દીકરો તેનું સર્વસ્વ હતો. ભીની આંખે તે ઘણુંબધું માગી રહી હતી.

સ્ટેશન પર ગોપાલ તેના બાપુજી પાસે ચૂપચાપ બેઠો રહ્યો. આ બાપ-બેટો ક્યારેય એકબીજાની લાગણી સહજ રીતે કહી જ શકતા નહીં. બાપુજીને ઘણું કહેવું હતું. ઘણીબધી શિખામણ દેવી હતી. એ નહીં બોલે. એનાથી નહીં બોલાય. આ એવો બાપ હતો જે પોતાના બચ્ચાને પોતાની રીતે ઊડવા દેશે. બચ્ચું ઊડે, પડે, રડે કે હાર-જીત પામે... આ બાપ એનું આકાશ બનીને એને જોતો રહેતો. સમય આવ્યે બધું જ શીખવી દેતો.

બસ આવી.

ગોપાલ અંદર ગયો અને થેલાને સીટ નીચે ધકેલ્યો. બસ ઊપડી. થેલામાં તળિયે પડેલાં સવાલો અને સપનાંઓ રસ્તાના ખાડાઓને લીધે એકબીજાં સાથે અથડાઈ રહ્યાં હતાં. સપનાંઓ ખૂબ નાજુક હતાં.

હું શું કરી શકીશ આ જિંદગીમાં ? આવતીકાલે અમદાવાદમાં નોકરી મળશે ? કેટલો પગાર મળશે ? નોકરીમાં સફળ થઈને હું મોટો માણસ બનીશ ? આવતાં વર્ષોમાં મારો ખુદનો કોઈ ધંધો કરી શકીશ ? ખુદનું મકાન પણ કરી શકીશ ? હું આ દુનિયાને કશુંક સાબિત કરી શકીશ ? શું સાબિત કરું ? મારી પાસે એક એન્જિનિયરની ડિગ્રી અને ઇન્ટરવ્યૂ માટે ગોખેલા અમુક જવાબ સિવાય કશું જ નથી. બાપુજીએ જીદ કરીને ખિસ્સામાં મૂકી દીધેલા પાંચ હજાર રૂપિયા છે. હવે ?

એકદમ ઊડે અતિ નાજુક સપનાંઓ અને ડર પણ ભર્યાં હતાં :

એક દિવસ હું મારું પેશન, મને ગમતું કામ શોધી કાઢીશ. પછી એ કામમાં એવી મહેનત કરીશ કે હું કોઈ મહાન માણસ બની જઈશ. દુનિયા મને ઝૂકતી હશે. મારી જિંદગી હજારો માણસોનું સપનું હશે. ગમતું કામ શું કરીશ ? મને ક્યાં ખબર જ છે ? કઈ રીતે ખબર પડશે ? આમાં નોકરીમાં જ જિંદગી ચાલી ગઈ તો ? રૂપિયા પાછળ જ જવાની ચાલી ગઈ તો ? આવતીકાલે એક પરિવાર ઊભો થશે મારો. આવતીકાલ કેવી હશે ? શું આ જ લાઈફ હશે ? નોકરી કરો, રૂપિયા કમાઓ, રોજે એકનું એક કામ કરો અને મોટા થાઓ. એક દિવસ મરી જવાનું. હા... કદાચ આ જ સાચું હશે. જે હોય તે. અત્યારે તો નોકરીનાં ફાંફાં છે, પણ સાલું કશુંક બનવું છે લાઈફમાં. ફાડી નાખવી છે જિંદગીને. ચૂસી લેવી છે. નિચોવીને જીવી લેવી છે. પેલો સ્ટીવ જૉબ્સ કહેતોને : આજે મારી લાઈફનો છેલ્લો દિવસ હોય તો હું શું કરું ?

હું શું કરું ?

નથી ખબર. હું તો આરામથી બિયર-સિગારેટ-ચખના લઈને એક રૂમમાં જઈને અંધારું કરું. પાર્ટી કરું. નાચું એકલો એકલો ! પછી દીવાલ પર મોટા અક્ષરમાં 'Education System' લખું અને પછી એના પર પેશાબ કરું.

વળી પાછા વિચારો અને સપનાંઓ મોટાં બની જતાં :

ફેમસ થવું છે. દુનિયા સલામ કરે એવું. હું મરી જાવ ત્યારે મારી અંતિમયાત્રામાં હજારો માણસ જોડાય એવું મહાન માણસ બનવું છે. પણ શું કરું એવી મહાનતા માટે ? શું કામ કરું ? મારું ગમતું કામ જ ખબર નથી. ગમતા કામ પર શું વિચાર્યા કરવાનું ?

કંઈ નહીં. બસ... અફસોસ થાય એવું નથી જીવવું. હું બૂઢો થાવ, માંદો પડું અને જ્યારે ખાટલામાં પડ્યા પડ્યા જીવ જવાની તૈયારીમાં હોય, મારા મોઢામાં લોકો ગંગાજળ મૂકી રહ્યા હોય... બસ... આ સમયે હું કદાચ મારી લાઈફને વિચારું અને મારી નજર સામે આખી લાઈફની ફિલ્મ ચાલતી હોય કે જેમાં હું જેવું જીવ્યો હોય એ દરેક ક્ષણ દેખાતી હોય તો બસ... મારી ઇચ્છા છે કે એ ફિલ્મ જોઈને મને એમ ના થવું જોઈએ કે કદાચ આના કરતાં સારી ફિલ્મ જિવાઈ હોત. બસ.

અત્યાર સુધીની ફિલ્મ કેવી લાગી ગોપાલ ? ગોપાલ પોતાની સીટ પર આંખો બંધ કરીને વિચારવા લાગ્યો.

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં હિમાલયા મોલની સામે જતા એક રોડ પર ગોપાલની પેઈંગ ગેસ્ટરૂમ હતી. ગોપાલનો સ્કૂલનો સિનિયર દોસ્ત કુશાગ્ર ત્યાં રહેતો અને બીજા છ-સાત અલગ અલગ કંપનીમાં કામ કરતા સિનિયર છોકરાઓ રહેતા હતા. એક જૂના રેસિડેન્શિયલ બિલ્ડિંગના બીજા માળે આ PG હતું. લિફ્ટ બંધ હતી. સાંજના પાંચ વાગ્યે પગથિયાંઓ પર અંધારું થઈ ગયું હતું. બારણાને ધક્કો મારતાં જ એક હૉલ હતો, જેમાં બે બેડ પડ્યા હતા. જમણી બાજુ રસોડું હતું, જેમાં એંઠાં વાસણ અને ગંદાં કપડાંનો ઢગલો હતો. સામે જ બીજી બે રૂમનાં બારણાં ખુલ્લાં હતાં અને બંને રૂમમાં ત્રણ-ત્રણ બેડ પડ્યા હતા. કદાચ અત્યારે બધા છોકરાઓ જૉબ પર ગયા હતા. ગોપાલ સામેની રૂમમાં ગયો જ્યાં ખૂણામાં તેનો બેડ ખાલી હતો. સામાન ગોઠવવાના ફર્નિચરમાં જૂનો નાનો કબાટ હતો જેના પર વાઈ-ફાઈનું મોડેમ પડ્યું હતું. ગોપાલે પોતાની ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની બુક્સ અને લેપટોપ કબાટમાં મૂક્યાં. રૂમમાં બેડશીટની ગંદી વાસ આવતી હતી. ગોપાલના ગાદલા પર મોટા ડાઘ હતા. બેડ નીચે કચરો પડ્યો હતો. બધાનો સામાન પોતપોતાના બેડ નીચે પડ્યો હતો. ગોપાલે કેપ્રી અને ટી-શર્ટ પહેર્યાં અને બાથરૂમમાં ગયો. પાણી આવતું ન હતું. સંડાસમાં પણ ખરાબ વાસ આવતી હતી. ગોપાલે PGના માલિકને ફોન કર્યો તો જવાબ મળ્યો : "મહિનાના ત્રણ હજાર રૂપિયામાં હું ભેગો ન આવું, પાણી સવારે છથી દસ વાગ્યા સુધી જ આવે છે. જમવાનું બનાવવાવાળો બપોરે અને સાંજે આવે છે. બાકી પાણીની બૉટલ, શાક, રસોઈવાળા કાકા અને ઈન્ટરનેટના બિલ વિશે કુશાગ્ર તને સમજાવી દેશે."

ગોપાલ બેડમાં પડ્યો અને નિસાસો નાખીને બોલ્યો : "હે ભગવાન... તારે કેવા દિવસો બતાવવા છે. હવે શાંતિથી જૉબ અપાવી દે ક્યાંક એટલે હું સારા PGમાં શિફ્ટ થાઉં, પ્લીઝ."

છેવટે રૂમ બંધ કરી, લેપટોપ ખોલી તેણે પોર્ન જોવાનું ચાલુ કર્યું.

સાંજે PGમાં બધા આવ્યા અને ગોપાલ તો જોતો જ રહ્યો. કોઈ ટાઈ પહેરીને ગયું હતું, તો કોઈ વેઇટરના ડ્રેસમાં હતું. કુશાગ્ર નિરમા યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર એન્જિનિયરિંગ કરીને હવે એક MNCમાં કામ કરી રહ્યો હતો. કેટલો બદલાઈ ગયો હતો ! બારમા ધોરણ સુધી તો દિવસભર નાહતો પણ નહીં અને અત્યારે તો સાંજનો નાઈટડ્રેસ પહેરીને પણ બોડી-સ્પ્રે લગાવી રહ્યો હતો ! કૉલેજમાં બધા દોસ્તો એકબીજાને મળતા ત્યારે ભેટી પડતા. હવે બધા હાથ મિલાવતા હતા. એક કોલ સેન્ટરમાં કામ કરતો બાજુની રૂમનો છોકરો તો તેને 'ફર્મ હેન્ડશેક' કેમ કરવું એ પણ શીખવી ગયો.

ગોપાલ જોઈ રહ્યો હતો કે આ બધાં હમણાં જ કૉલેજ પૂરી કરીને આવ્યા છે. કોઈ આર્ટ્સવાળો કોલ સેન્ટરમાં છે, કોઈ સાયન્સ કૉલેજ કરેલો પિત્ઝા હટમાં મૅનેજર છે, કોઈ કૉમર્સવાળો ઘરે બેસીને લેપટોપમાં ડેટાએન્ટ્રીનું કામ કરે છે અને કોઈ એન્જિનિયરિંગ કરીને આવેલો પણ કોલ સેન્ટરમાં ટીમલીડર છે ! દરેક યુવાન સાંજે આવીને કોઈ વિચિત્ર અવસ્થામાં છે ! કોઈ બેડમાં પડ્યું પડ્યું સિગારેટ ફૂંકી રહ્યું છે, તો કોઈ લેપટોપમાં મૂવી જોઈ રહ્યું છે, કોઈ આવીને બૂટ કાઢ્યા વિના જ સૂઈ ગયું છે અને કોઈ ગર્લફ્રેન્ડ સાથે ગપ્પાં મારી રહ્યું છે. ગોપાલના બેડની બાજુમાં બારી હતી જ્યાંથી બહારનો રોડ દેખાતો હતો. રોડ પર સાંજે નોકરી-ધંધાથી છૂટીને ઘરે આવેલા માણસોનાં વાહનોને લીધે ટ્રાફિક હતો. ગોપાલ દરેક વાહનના ડ્રાઇવરના ચહેરા વાંચી રહ્યો હતો. બધા કોઈ અજાણી ઉતાવળમાં હતા. છૂપા ગુસ્સામાં હતા. જાણે આખા દિવસનો ગુસ્સો હોર્ન મારીને ઉતારી રહ્યા હતા. આ ઘોંઘાટ વચ્ચે ભિખારી બાળકો હાથ ફેલાવીને આંટા મારી રહ્યાં હતાં, જે વધુ ખુશ દેખાતાં હતાં ! કોઈ ફોર વ્હીલરમાં ફોન પર વાત કરતો માણસ બીજા કોઈને ગાળો આપી રહ્યો હતો. ટ્રાફિક પોલીસ ગુસ્સે હતો. રિક્ષાવાળાઓ પગ બહાર કાઢીને સાઈડ માગી રહ્યા હતા. રોડ પર એક લારીવાળો આ ઘોંઘાટ વચ્ચે આરામથી પાણીપૂરી બનાવીને કૉલેજની છોકરીઓને ખવરાવી રહ્યો હતો. પાણીપૂરી સાથે દરેક છોકરીના બીજા હાથમાં મોબાઇલ હતો અને કોઈ એકબીજા સાથે વાત કરી રહ્યું ન હતું. ગોપાલે બારી બંધ કરીને બાજુમાં સૂતેલા કુશાગ્રને કહ્યું :

"સાલું, આજકાલ બધું નબળું નબળું જ દેખાય છે દુનિયામાં. આ રોડ પર જોઉં છું તો એમ લાગે છે કે કોઈ માણસ ખુશ જ નથી પોતાની જિંદગીથી. બધા જાણે કોઈ અજાણી દિશામાં ભાગી રહ્યા છે. શું થશે મારું ?"

"કોઈક જૉબ મળી જશે એટલે નહીં દેખાય એ બધું." કુશાગ્રએ મોબાઇલમાં વ્હૉટ્સએપના જૂના મૅસેજ વાંચતા કહ્યું.

"મને બધા ફ્લૉપ લાગે છે." ગોપાલે કહ્યું.

"તું ખુદ પણ ?" કુશાગ્રએ પૂછ્યું. આ સવાલ ગોપાલને વાગ્યો. જાણે એણે પોતાની તરફ ઘણા સમયથી જોયું ન હોય અને પછી અચાનક કોઈ સત્ય ખબર પડી ગયું હોય એવું લાગ્યું. ઘણીવાર સુધી વિચારીને ગોપાલ બોલ્યો :

"હા, કદાચ હું પણ..." ગોપાલની વાત સાંભળીને કુશાગ્ર હસવા લાગ્યો. ગોપાલે તેને પૂછ્યું :

"તને તારી જૉબ ગમે છે ?"

"ખબર નહીં યાર... હું કરું છું. ક્યારેક ગમે અને ક્યારેક નહીં. બૉસ ગુસ્સે થાય તો એમ થાય સાંજે જ છોડી દઉં, બાકી ઇન્સેન્ટિવ મળે ત્યારે થાય મજા આવે છે."

"તને તારી આ લાઇફસ્ટાઇલ ગમે ?" ગોપાલે પૂછ્યું. થોડીવાર કુશાગ્ર કશું બોલ્યો નહીં, પરંતુ પછી મોબાઇલ મૂકીને કહેવા લાગ્યો :

"ખબર નહીં. હું એવી વિચિત્ર સ્થિતિમાં છું કે એને સમજાવવી અઘરી પડી જાય છે. આઇ મીન... હું પૈસા કમાઈ રહ્યો છું, પોતાની ઔકાત મુજબ વાપરી રહ્યો છું,

ધીમેધીમે લાઈફને એવા મોડ આપી રહ્યો છું જે મને ક્યારેય પસંદ જ નથી. હવે વધુ પગાર જોઈએ છે. થોડા સમયમાં લગ્ન થશે. જેમ નોકરી માટે દિલમાં જૂઠો પ્રેમ જગાડી દીધો છે, એમ છોકરી માટે પ્રેમ ઉત્પન્ન કરીશ. ઇચ્છા થાય છે કે આ નોકરીની ગુલામી કરતાં પોતાનો ધંધો કરું. કશું સૂઝતું નથી શું કરવું. દિમાગ આડાઅવળા વિચારો ન કરે એ માટે મારી જાતને હું કામમાં રાખું છું. એવું કામ જે મને કોઈ અર્થ આપતું નથી. રોજે સવારે ઊઠીને ફટાફટ તૈયાર થઈને ભાગવાનું, આખો દિવસ કામ કરવાનું, સાંજે ઘરે આવવાનું, આરામથી જમીને થોડો ટાઈમ પાસ કરીને સૂઈ જવાનું. આવું બધું કેમ કરવાનું ખબર છે ગોપાલ ?"

"કેમ ?"

"કારણ કે બીજા બધા આવું જ કરી રહ્યા છે. મને ખબર નથી શું કરવું ! હું બીજાની લાઈફની કોપી કરું છું. દુનિયા રૂપિયા પાછળ ભાગે છે એવું મને દેખાય એટલે હું પણ ભાગું છું. લોકો લગ્ન કરે, બાળકો કરે, એમને ભણાવે, પરિવાર ચલાવે એટલે એ બધું જ હું કરું છું. કરીશ. મને નથી ખબર હું કંઈ દિશામાં જઈ રહ્યો છું. મને એ પણ નથી ખબર કે હું ઇચ્છું છું એવું જ જીવી રહ્યો છું કે પછી જેવું જિવાઈ રહ્યું છે તેને મેં સ્વીકારીને માત્ર ખુશ થતા શીખી લીધું છે. હું બીકણ છું. બાવરો છું. મને એકલું લાગે છે. ટોળામાં પણ જાણે એકલું લાગે છે. થોડીવાર મારે બૉસ બનવું છે, થોડીવાર જૉબ છોડી દેવી છે, થોડીવાર કરોડો કમાવા છે અને ક્યારેક..." કુશાગ્ર ચૂપ થઈ ગયો.

"ક્યારેક શું ?" ગોપાલે પૂછ્યું. આજે તેને તેના જેવો જ કોઈ મળી ગયો હોય એવું લાગ્યું. કુશાગ્રએ પંખા સામે જોઈને જવાબ આપ્યો :

"ક્યારેક એમ થાય કે એક સાંજે નોકરી પરથી છૂટીને સીધો કોઈ સાયબરકાફેમાં જાઉં. મારા દરેક સગા, નજીકના દોસ્ત અને પરિવારને મેઈલ કરી દઉં કે 'હું ક્યાંક દૂરદૂર ચાલ્યો જાઉં છું. ખબર નથી ક્યારે અને કેમ હું પાછો આવીશ. કદાચ ન પણ આવું. કોઈ રડતું નહીં મારી પાછળ. કોઈ રાહ ન જોતું. કોઈ દુનિયાદારી શીખવવાની કોશિશ ન કરતું. હું જાઉં છું સાજો થવા માટે.' બસ પછી એ ઈમેઈલ એકાઉન્ટ ડિલિટ કરીને, મારા સિમકાર્ડને તોડીને, મારા ફોનને કચરામાં ફેંકીને, મારા સામાનને રૂમ પર જ મૂકી રાખીને નીકળી જાઉં. આ જિંદગીના એવાં દરેક લેબલ ઉખાડી નાખું જે મને ક્યારેક બાપ, ક્યારેક બેટો, ક્યારેક મૅનેજર, ક્યારેક ટીમ લીડર અને ક્યારેક સામાન્ય નોકરી કરતો એન્જિનિયર કહીને મારી લાઈફની કિંમત કરી નાખતા હતા. એવા દરેક સપનાને ફેંકી દઉં જે મને અજાણતા જ કોઈ ભૂંડ કે ઘેટાની જેમ ટોળામાં ધક્કો મારીને આગળ જવા મજબૂર કરી રહ્યા હતા. અને પછી... કોઈ એવી જગ્યાએ ચાલ્યો જાઉં જ્યાં મારે મન ન હોય તો આ કપડાં પણ પહેરવાં ન પડે. કોઈ નાગાબાવાની જેમ પડ્યો રહું. ગમે તે ખાઈ લઉં, ગમે તે ઓઢી લઉં. રખડ્યા કરું. આ દુનિયા તરફ ××× મારી મિડલફિંગર બતાવી દઉં. બસ એમ જ મરી જાઉં. આ માયાજાળને મૂકીને કોઈ સંત-ફકીર બની જાઉં. એવી અવસ્થામાં ચાલ્યો જાઉં કે જેમાં મારી પાસે કશું નથી અને હું ખુદ કશું જ નથી. મારું નામ પણ નહીં. માત્ર નાગું શરીર એ જ મારી ઓળખ. મારી અંદરની

સાચી જિંદગીને હું જીવું. હૃદયની એકએક લાગણીને પારખીને કોઈ સંતની જેમ જીવું. કશી ભૂખ નહીં. નહીં જમાના મુજબ અપડેટ થવાની ચિંતા, નહીં જ્ઞાનની ભૂખ, નહીં દુનિયાને સમજવાની ઇચ્છા કે નહીં બોગસ, કંઈક સપનાંઓ જોવાની ખેવના. એવી સ્થિતિ કે સાલો કોઈ માણસ પણ મારી સામે ન જુએ. એટલી હદે નાગો માણસ...”

ગોપાલ બધું જ સાંભળી ગયો. જે સંભળાયું તે ધ્રુજાવી ગયું. કુશાગ્ર આગળ બોલી શક્યો નહીં. બંને ચૂપ હતા. બાજુના રૂમમાં મોબાઇલ ગેમનો મોટો અવાજ આવી રહ્યો હતો. રૂમમાં વાહનોના હોર્નનો અવાજ આવી રહ્યો હતો.

ગોપાલનો ડર વધી ગયો હતો. કોઈ અજાણ્યા વિશ્વમાં પ્રવેશી રહ્યો હોય એવો ડર. નવાં સત્યો મળવાનાં હોય અને એ બધાં સત્યો તેને પકડીને ફસાવી દેવાનાં હોય એવો ડર. મોડી રાત સુધી એ પોતાની જાતને સમજાવતો રહ્યો કે કઈ રીતે કુશાગ્ર નાસીપાસ થઈ ગયો છે અને લાઇફની સાચી બ્યુટીને માણવાનું ભૂલી ગયો છે.

બીજા દિવસ સવારથી તેણે પોતાનું નોકરી શોધવાનું પ્લાનિંગ મુજબનું કામ ચાલુ કર્યું :

1. ઊઠીને થોડીવાર ઈલેક્ટ્રિકલનું વાંચવું.
2. ઈન્ટરવ્યૂની તૈયારી અરીસા સામે બેસીને
3. મેઈલ ચેક કરીને બધાને રિઝ્યુમ મોકલવાનું. સારો કવરલેટર લખવાનો.
4. જમીને એકાદ ફિલ્મ + ફેસબુક+ ટ્વીટર.
5. છાપામાં કરિઅરની પૂર્તિઓમાં જોઈ નોકરીવિષયક જોઈ લેવાનું.
6. સાંજે PG પર દરેકને મળીને તેની જૉબ વિશે પૂછીને તેમનાં સગાંઓમાં પણ જેક લગાવવાનો.

કૉલેજમાં જોયેલું ‘ચાલીસ હજારના પગારથી ચાલુ થતી જૉબ’નું સપનું હવે આઠ-દસ હજારની નોકરી મળી જાય એટલું નાનું થઈ ગયું હતું. સવારમાં ઊઠતાં સાથે જ માથું ભારે રહેતું. ચિંતા અંદરથી કોરી ખાતી.આખો દિવસ બસ જૉબના વિચાર આવતા અને ક્યારેક એકલા એકલા બેડમાં પડ્યા પડ્યા આંસુ પણ આવી જતાં. દોસ્તો ઈન્ટરનેટ પર પોતપોતાની મોટા પગારની નોકરીની વાતો કરતા ત્યારે ડિપ્રેશન આવી જતું.

પરંતુ એક દિવસ એક ઈલેક્ટ્રિકલ ઈન્ડક્શન ફર્નેસ બનાવતી નાનકડી કંપનીમાં ઈન્ટરવ્યૂમાં પાસ થઈ ગયો ! ગોપાલને પહેલી નોકરી મળી ગઈ ! ઘરે ફોન થયા, દોસ્તોને ફોન થયા. પેલા મામાને ફોન થયો.

પગાર : 7,000.

9

નોકરીમાં જે દિવસે પહેલો પગાર આવ્યો તે દિવસે ગોપાલના ચહેરા પર ખુશી અલગ જ હતી. ઘણા સમય પછી તેણે ફેસબુક પર પણ સ્ટેટસ મૂક્યું :

"Got my first salary ! What a feeling. Wishing to give this salary to my parents."

સ્ટેટ્સ પર જૂના દોસ્તોની કમેન્ટ્સ આવવા લાગી. ગોપાલને બધા યાદ આવ્યા. વિજય યાદ આવ્યો. ગોપાલે વિજય ભરવાડ સર્ચ કર્યું, પરંતુ વિજયે તેને બ્લૉક કરેલો હતો. ગોપાલને ગુસ્સો આવ્યો અને વિજયના શબ્દો પણ યાદ આવ્યા : *ગોપલા... જે દિવસે તને તારું પેશન ખબર પડે તે દિવસે હું તારી સાથે વાત કરીશ. ત્યાં સુધી મારે પણ તારી સાથે તપ કરવું છે.*

બસ એ શબ્દો યાદ કરીને ગોપાલને કોઈ અજાણી ચિંતા થવા લાગી. *આ નોકરીની માથાકૂટમાં એ બધું ક્યાં ભુલાઈ ગયું ? મારી અંદરની આગ ક્યાં ગઈ ? ક્યાં ભાગી રહી છે લાઈફ અત્યારે ?*

નોકરી પરથી એક દિવસની રજા લઈને તે ઘરે ગયો. બાના હાથમાં પોતાના પહેલા પગારના સાત હજાર રૂપિયા મૂક્યા. બાએ રૂપિયા ન લીધા. કહ્યું : " દીકરા પાહેથી લેવાનું થોડું હોય. ક્યારેક રૂપિયા નઈ હોય તઈ તારા બાપુજી તને ફોન કરીને કેહે. એ ટાણે આપજે. અત્યારે તો કપાહ વેસી નાખ્યો સે એટલે વાંધો નથી. તારે જોતા હોય તો કે'."

"ના મારે નથી જોઈતા બા. આમેય હવે મારા બાપુજી પાસે રૂપિયા માગતા થોડી શરમ આવે છે. અમદાવાદમાં મહિનાનો ખર્ચ જ છ હજાર જેવો થઈ જાય છે એટલે પગારમાંથી ભાડાં અને ખાવાનું નીકળી જાય છે. કંપની ધીમેધીમે પગાર વધારી દેશે."

"તો તો બોવ સારું. પણ ગોપાલ હવે કોઈ તારો પગાર પૂસે તો કેટલા કે'વાના ?"

"ના બા... કોઈને પગાર ન પુછાય. પણ છતાં તમને કોઈ પગાર પૂછે તો પંદર હજાર કહેજો. ખોટો પગાર જ કહેવાય. ગામના લોકોને અને આપણાં સગાંઓને આમેય કંઈ પડી નથી હોતી. એમને તો બસ રૂપિયા દેખાડવાના હોય છે." ગોપાલે કહ્યું.

"પણ એવું નો કરાય. કાલે ઊઠીને કોક સોકરી બતાવે તો વચ્ચેવાળાને પગાર તો હાંસો કેવો પડેને. હવે પસી એક સોકરી જોઈ નાખ્ય એટલે અમને ઉપાધિ મટે. હવે તો આખા ગામને કે'વા થાહે કે મારા સોકરાનો પગાર પંદર હજાર સે અને હજી તો એક જ મહિનો થયો સે નોકરીને. પગાર તો વધવામાં જ સે. કોઈ સોકરી ધ્યાનમાં રાખજો."

છોકરીની વાત ગોપાલને હસવા જેવી લાગી. તેને લાઈફમાં કોઈની જરૂર જ નથી. તેણે બાને કહ્યું :

"બા, હજુ મારે મારી લાઈફનું બધું સેટલમેન્ટ કરવા દો. લગ્નની વાતો બે વરસ પછી. અત્યારે હજુ મારું કંઈ ઠેકાણું ન હોય અને બીજા કોઈને ક્યાં લાવવા લાઈફમાં ? પ્લસ હજુ તો પચ્ચીસ વર્ષે લગ્ન કરવાં જોઈએ. મારે તો હજુ નોકરીની સાઈડમાં મારું

ખુદનું પણ કંઈક ચાલુ કરવું છે. એકાદ વરસ આ નાની કંપનીમાં જૉબ કરીને બીજી MNC કંપનીમાં જૉબ લેવી છે. પછી લગ્નનું વિચારીશું."

આ વાત સાંભળીને બાજુમાં બેઠેલા બાપુજી બોલ્યા : "જો ગોપાલ, તારી બધી વાત હાચી, પણ આપડા કુટુંબ હામે પણ જોવું પડેને ? પાણી વિનાની દહ-બાર વીઘાં જમીનના ખાતેદારને ન્યા કોણ સોકરી આપે ? તારા પગાર ઉપર જ બધુંય સે. આજકાલ તો લોકો નોકરી જોઈને સોકરી આપે સે. ઈ તો જૂના જમાનામાં ખેતી સારી કે'વાતી, આજકાલ તો લોકોને નોકરી જોવે સે, સિટીમાં મકાન જોવે સે. ઈ પાસું ઘરનું મકાન જોવે સે. આપડી કોઈ કેપેસિટી નથી કે બધુંય એક હારે થાય. એટલે અટાણથી સોકરી જોવાનું સાલું કરશું તઈ માંડ બે વરહે કોઈ મળી જાહે. એકવાર લગન થઈ જાય પસી તું સુટ્ટો."

ગોપાલની વાત સાચી હતી અને તેનાં માબાપની પણ. તેના ગામમાં ઘણા કુંવારા છોકરાઓ રખડતા હતા. ગોપાલને એ સમજાઈ રહ્યું હતું કે *હવે મનમાની ચાલવાની નથી. જેટલું બને તેટલું જલદી લાઇફમાં સેટલ થવું પડશે. સેટલ થયા પછી કોઈ છોકરી લાઇફમાં આવશે અને પછી તે આ હજારો-લાખો કપલની જેમ કુટુંબ બનાવીને સ્થિર જીવન જીવતો થઈ જઈશ.*

અમદાવાદ પાછો આવ્યો. રવિવાર પછીનો સોમવાર નોકરીનો સૌથી કંટાળાજનક દિવસ રહેતો. બાકીના બધા જ દિવસો પણ સોમવાર જેવા જ રહેતા. અઠવાડિયું આખું શનિવારની રાહ જોઈને જ્યારે શનિવાર આવે ત્યારે અમુક એવાં કામ આવી જતાં કે રવિવાર પણ તેમાં જ ચાલ્યો જતો.

જેમજેમ દિવસો નીકળતા તેમ ભવિષ્યનો કોઈ ઉત્સાહ રહેતો ન હતો. ડર લાગી રહ્યો હતો. તે આખો દિવસ કંઈક વિચારતો. જે રીતે જિવાઈ રહ્યું હતું તે રીત તેને પસંદ ન હતી. નોકરીનો પહેલો મહિનો થોડો ઉત્સાહ હતો, પરંતુ જેમ જેમ તે પોતાની સાથે કામ કરતા માણસોને અને પોતાના બૉસને જોઈ રહ્યો હતો, તે રીતે ડર હતો કે ક્યાંક તે ખુદ પણ આવી જ લાઇફ પસાર કરશે તો ? ઑફિસ પર ટ્રેનિંગ પૂરી થઈ અને કામનો ભાર ચાલુ થયો એટલે મોડી રાત સુધી ઓવરટાઇમ કરવો પડતો હતો. ફ્રેશર એન્જિનિયર્સને ઓવરટાઇમના રૂપિયા પણ મળતા નહીં. ગોપાલને થતું કે તે ગમે તેટલું કામ કરે છે પરંતુ ક્રેડિટ કોઈ બીજું જ લઈ જાય છે. કામ પણ એકનું એક ! રોજે સવારે ઑફિસ પર બધાંને, 'ગુડ મોર્નિંગ' કહીને ગઈકાલ જેવું જ કામ ચાલુ થતું. સાથે ચાલુ થતું ગઈકાલ જેવું જ રાજકારણ. કોઈ મોટી કૅબિનમાં બેઠેલા બૉસને ધીમે અવાજે ગાળો આપતું, તો કોઈ બૉસની કૅબિનમાં જઈને તેની ખુશામત કરતું. કોઈને બૉસ મૂરખો લાગતો. બૉસને બાકી બધા મૂરખા લાગતા. કોઈને પગાર ન વધવાથી કે દિવાળી બોનસ ન મળવાથી ગુસ્સો હતો, તો કોઈને પોતાના ઘરની ઉપાધિ અને ઑફિસના કામના ભારણથી બપોરનું ટિફિન પણ ખૂલતું નહીં.

કામ... કામ... કામ... આ જાણે જીવનમંત્ર હતો આખી કંપનીમાં ! આ કામ નહીં મજૂરી હતી. ગોપાલ ખુદને 'ભણેલો ડિગ્રીવાળો મજૂર' કહેતો. સાંજે છૂટીને ગોપાલ ઘરે જઈને બીજા બધા લોકોની જેમ બેડ પર પડ્યો રહેતો. ક્યારેક કોઈ ફિલ્મ જોવા

ઊપડતો. ક્યારેક જૂના દોસ્તો સાથે વાતો કરતો. ક્યારેક બીજી નોકરી શોધવા બધાને ફોન કરતો. પોતાના રિઝ્યુમમાં હવે પોતાનું જૉબ ટાઇટલ લખીને બધાને મોકલતો.

આ બધી અણગમતી ક્ષણોમાં જાણે કશું પોતાના હાથમાં નથી તેવું લાગતું. તે પોતે કોઈ અજાણી દુનિયામાં હંમેશને માટે કેદ થઈ રહ્યો હોય એવું અનુભવતો. પોતાના પર અને સમાજ પર ગુસ્સો આવતો. પોતાના ભણતર પર અને કંપની પર ગુસ્સો આવતો.

છતાં... આ બધી જ લાગણીઓ વચ્ચે ઊંડેઊંડે છાતીમાં એક સત્ય જન્મ પામતું : *આ જિંદગીમાં ખુશીથી જીવવાનો એક જ રસ્તો છે. ગમતું કામ કરવું. એવું કામ કરવું જેમાં મારો કંઈક અર્થ હોય, ખુશી મળતી હોય અને કામનો નશો હોય, ઝનૂન હોય. એવું કામ કરવું જે કરીને શરીર ભલે થાકે, પરંતુ મનમાં ઉત્સાહ જ હોય. જેમાં રૂપિયા ભલે ઓછા મળે પરંતુ હું ખુશ હોઉં.*

એ જ સમયે એક બીજી વેદના પણ ઊઠતી : *પણ તને ક્યાં ખબર છે તારું પેશન ? આ નોકરીમાંથી તને ટાઇમ મળે છે કે તું તારું ગમતું કામ શોધી શકે ? ઠીક છે, જૉબ પર અમુક લોકોને ખબર છે પોતાનાં ગમતાં કામ, છતાં એ બધા સાંજે છૂટીને પોતાની લાઇફને બૅલેન્સ કરવામાંથી જ ઊંચા નથી આવતા. ગમતા કામને શોખ બનાવીને રૂપિયા કમાવા પર ધ્યાન આપે છે. એક જ રસ્તો છે ગોપાલ... જે થાય છે તે થવા દે. સ્વીકાર કરી લે આ લાઇફનો. ખુશ રહેતા શીખી જા. સેટલ થઈજા. માથું ઝુકાવીને કામ કરતો રહીશ તો એક દિવસ મૅનેજર થઈ જઈશ. રૂપિયાનો ઢગલો થશે. બસ... પછી રિટાયર્ડ થઈને કરજે ગમતું કામ.*

...પણ એ હારે એવો માણસ ન હતો. તેને આ બધાં જ ઘેટાં-બકરાંનાં ટોળાં લાગતાં હતાં. બધા જ ફ્લૉપ લાગતા હતા. તેને લાગતું કે માણસો પોતાને ન ગમતી જિંદગી જીવી રહ્યા છે અને ખુશ થવા પ્રયાસો કરી રહ્યા છે. મહિનાને અંતે આવતા પગારમાં પોતાની લાઇફની સાર્થકતા જોઈ રહ્યા છે અને પોતાનું ગમતું કામ કોઈને ખબર જ નથી. તે વિચારતો : *આ જ ઉંમર છે ગમતું કામ શોધવાની. થોડા ટાઇમમાં લગ્ન થઈ જશે, પછી છોકરાં અને પછી આખા કુટુંબની જવાબદારી. અત્યારે જો કશું કર્યું નહીં, તો લાઇફ ટાઇમ કશું કરી નહીં શકું.*

કંપનીમાં ત્રણ મહિના થયા અને ગોપાલને એક ખુરશી અને કમ્પ્યૂટર મૂકેલી બૉક્સ જેવી જગ્યા મળી. ત્યાં બેસીને તેને રોજે કમ્પ્યૂટર પર બધું કામ કરવાનું હતું. તેની આસપાસ તેના જેવા જ બીજા સિનિયર એન્જિનિયર્સ બેઠા રહેતા અને નીચું જોઈને કામ કરતા રહેતા. જ્યારે આ બધા લંચમાં બેસીને ગપ્પાં મારતા, તે વાતો પણ એટલી વિચિત્ર રહેતી કે ગોપાલને ગુસ્સો આવતો.

તેને આ ત્રણ દીવાલો ધરાવતી કૅબિનો ખડકેલી દુનિયાથી દૂર જવું હતું. ઘેટાં-બકરાંની જેમ કોઈના ઇશારે જિંદગી જીવતા કંપનીના સ્વાર્થી-લુચ્ચા માણસોથી તેને દૂર જવું હતું.

લંચ ટાઇમમાં ગોપાલ ઑફિસ બહાર લારી પર વેફર કે દાબેલી ખાઈને નાસ્તો

કરીને પેટ ભરી લેતો. એક સિગારેટ પીતો અને સાંજે પેટ ભરીને રૂમ પર જમતો. સાંજે ભારે પેટને લીધે કશું કામ પણ કરવાની ઇચ્છા ન થતી. ગોપાલની અંદરનો ગોપાલ બળવો પોકારી રહ્યો હતો. ફ્રસ્ટ્રેશન હદ બહાર હતું.

એક દિવસ લંચ ટાઇમમાં કંપનીના ગેટ બહાર તે સિગારેટના ધુમાડામાં પોતાના ડિપાર્ટમેન્ટના અનુરાગ સાથે વાત કરી રહ્યો હતો :

"તને ખબર છે આ જૉબ શું છે ?" ગોપાલે પૂછ્યું.

"શું છે ?"

"તને તારી જૉબ ગમે છે ?"

"ના. જરાયે નહીં. પણ કામ તો કરવું જ પડેને હવે." અનુરાગે તરત જ કહ્યું.

"તને ખબર છે આ દુનિયામાં કેમ આટલા બધા લોકો પોતાની જૉબને ધિક્કારે છે ?"

અનુરાગ ચૂપ રહ્યો. ગોપાલ પોતાના જ વિચારોથી અંદરથી બળતો હોય તેમ પોતાના થોડા ગુસ્સાભર્યા અવાજે બોલવા લાગ્યો :

"જૉબ બીજું કંઈ નહીં પણ આજના સમયની આધુનિક ગુલામી છે. પહેલાંના લોકોની જૂની ગુલામીથી થોડી બહેતર, પણ દિવસે ને દિવસે આપણી લાઇફને અને ટાઇમને મારનારી ગુલામી. તમને તમારી ઓકાતથી ઓછો પગાર આપવામાં આવે છે. એટલો પગાર કે જેમાંથી તમે જૂના ગુલામોની જેમ માત્ર મહિનો કાઢી શકો. આ સફેદ દીવાલોની વચ્ચે, મોટા બિલ્ડિંગમાં શણગારેલી એવી નિર્જીવ જગ્યા છે કે જ્યાં તમે આપેલું કામ યોગ્ય રીતે કરી ના શકો તો તમને શબ્દોના ચાબુક પડે છે. તમારા શરીરને સ્પર્શ્યા વિના શબ્દોથી અને ઇમેઇલથી ઇજ્જતનાં કપડાં ઊતરે છે. અરે ઘણી લેડીઝને તો હકીકતમાં કપડાં ઉતારવા મજબૂર કરીને પ્રમોશનના નામે અબ્યુઝ કરાય છે.

દુ:ખની વાત એ છે કે આ બધું રણમાં દેખાતા પાણી જેવો ભ્રમ છે ! તમને લાગે છે કે તમારા જૉબફ્રેન્ડ્સ તમારા સાચા ફ્રેન્ડ્સ છે, પણ એ બધા નકલી નકાબ પહેરેલા તમારા ગળાકાપ સ્પર્ધકો છે. મૂર્ખા ગુલામો પોતાના સાચા દોસ્તોને પણ જૉબની પાછળ ભૂલી જાય છે. જે રીતે હું વિજયને ભૂલી ગયો છું. તમે જૉબ ચાલુ કર્યા પછી રિયલ ફ્રેન્ડ્સ બનાવવાનું પણ ભૂલી જાઓ છો.

અને ખબર છે અનુરાગ... અહીં એક છૂપી લક્ષ્મણરેખા છે કે તમે તમારા માલિકથી વધુ કમાવાનું વિચારો પણ નહીં. ભલે તમારો બૉસ કે માલિક મૂરખનો સરદાર હોય, 'એની જિંદગી ફ્લૉપ છે' એ તમને દેખાતું હોય, પણ તમારે સ્વીકારવું પડે છે કે તમે એવા માણસોની દયાથી અહીં કામ કરી રહ્યા છો જેમની પાસે પાવર છે. તમે તમારા જીવનમાં ભલે કંઈ પણ સફળતા મેળવી હોય, કંપનીના મોટા પ્રોજેક્ટ કર્યા હોય, એ લોકો હંમેશાં તમારા ઉપર ભરોસો મૂકશે નહીં. એક દિવસ તમે સ્વીકારી લો છો કે તમારે રોજના દસ-બાર કલાક એવી જગ્યાએ જવાનું છે જ્યાં તમને જીવવું ગમતું નથી, જ્યાં જવું તમને ગમતું નથી, જ્યાં તમે તમારા સમયને મારી નાખી રહ્યા છો, જ્યાં તમે તમારા દિવસના સૌથી ક્રિએટિવ-જાગૃત સમયને કોઈ બીજા માણસના ખિસ્સાં ભરવા ખર્ચી રહ્યા છો, જ્યાં રહેલી તમારી આસપાસની કાચની દીવાલો તોડવાનો અધિકાર તમને નથી, જ્યાં તમને દર મહિનાને અંતે હાથમાં સૅલરીચેક લેતા અનુભૂતિ થાય છે કે

આ ચેક આપીને કંપનીએ મારી જિંદગીનો એટલો ટુકડો ખરીદી લીધો છે, મને ગુલામની જેમ વાપરી લીધો છે.

આ એવી આધુનિક જેલ છે જ્યાં તમને શંકા જાય કે બાજુની ઑફિસમાં કોઈ બે વ્યક્તિ તમારી વિશે વાતો કરી રહ્યું છે, ત્યારે તમે લગભગ સાચા જ હો છો. આ જેલમાં દરેક કેદી એકબીજાની પીઠ પર છરો ભોંકવા બેઠો છે. આ જેલમાં તમને ખબર પડે છે કે 'કોઈ મસ્તફાડુ જૉબ કરીશ' એવું વિચારીને કૉલેજની ડિગ્રી પાછળ ખર્ચેલા લાખો રૂપિયા તમને વ્યર્થ હતા. તમે કોઈ મોટા કૌભાંડમાં ફસાયા હોય એવું લાગે છે અને તમારી આવનારી પેઢીને તમે આ કૌભાંડમાં ફસાતા બચાવી પણ નથી શકતા, કારણ કે તમારી પાસે જ કોઈ રસ્તો નથી હોતો. એક આંધળો બીજાને અંધ બનાવે છે."

ગોપાલનો ચહેરો લાલ થઈ ગયો હતો. તેને સાંભળીને અનુરાગની સિગારેટ અને શ્વાસ બંને થંભી ગયાં હતાં. અનુરાગે છેવટે થોડી આશાઓ સાથે કહ્યું :

"પણ એવું જરૂરી થોડું છે કે દુનિયામાં બધા જ માણસો પોતાની જૉબને ધિક્કારતા હોય. બધા માણસો માલિક પણ ના બની શકેને ?"

"હા હશે એવા દસ-વીસ ટકા જૉબ-પ્રેમી માણસો, પણ મને એવા લોકો પણ મંદબુદ્ધિના દેખાય છે, જે સંદેશ આપે છે કે લાઈફ આવી જ હોય છે. લાઈફમાં આગળ વધવું હોય તો શરૂઆતમાં આવું કરવું જ પડે. જૉબ કરતા કરતા જ ખુશ રહેવાનું હોય. મને આવા જૉબપ્રેમી લોકો મજબૂરી ને આદરભાવથી જોતા મોટા મૂરખાઓ લાગે છે. મારે એમને કહેવું છે કે તમે આમ જ જિંદગીને સ્વીકારી લો છો અને એક દિવસ તમને નાનકડા પગાર પર લોન લઈને પોતાનું ઘર ખરીદો છો. અડધી લાઈફ લોન ભરતા રહો છો. થોડા સમયમાં ઘરને પણ ધિક્કારો છો. તમારે આગળ વધવું છે પણ દિશા જ નથી. વધુ રૂપિયા કમાવા છે પણ કેમ ? તમને આ 'કેમ ?'નો જવાબ જ ખબર નથી. એ લોકો બસ લાઈફને પુશ કરતા જાય છે અને તે પણ કોઈ કારણ વિના !"

ગોપાલ બોલતાં બોલતાં હાંફી રહ્યો હતો. અનુરાગ પાસે કોઈ જવાબ ન હતો. છેવટે નિસાસો નાખીને તે બોલ્યો : "સાચી વાત છે. લાઈફ રૉબોટ જેવી થઈ ગઈ છે."

પણ ગોપાલને તો તે પણ મંજૂર ન હતું : "ના... રૉબોટ જેવી નથી. મને હમણાં જ અનુભવ થયો છે કે રૉબોટ તો માણસોએ બનાવવાના ઓછા કરી દીધા છે, કારણ કે તેને બનાવવા ખૂબ મોંઘા પડે છે. માણસે માણસને જ રૉબોટ બનાવી દીધો છે. આપણી આજુબાજુ લાખો રૉબોટ્સ જ પડ્યા છે જેઓ કશું કરતા નથી, તેમને કંઈ મેન્ટનન્સની પણ જરૂર નથી, તેઓ કુદરતી રીતે પણ પૂરા પ્રોગ્રામ કરેલા જ છે, તેમના અલ્ગોરિધમ પહેલેથી જ ગમે તે કામ કરવામાં સેટ છે, એમના દિમાગ પહેલેથી જ ધોવાઈ ગયેલાં છે. એમની પાસે માત્ર સંવેદના છે જે પણ આજકાલ કોઈ કામની ન હોવાથી ભગવાન ઓછી કરી રહ્યા છે."

બસ, હવે અનુરાગથી સહન ન થયું. તેણે ખિસ્સામાંથી ફોન કાઢ્યો અને દેખાવ પૂરતું બટન દબાવીને કાન પર રાખીને વાતો કરતો ચાલતો થયો ! થોડીવાર વાતોની ઍક્ટિંગ કરીને, ગોપાલથી દૂર જઈને તેણે ફોન ખિસ્સામાં મૂક્યો અને ઑફિસમાં ચાલ્યો ગયો.

10

ગોપાલ રોજે સાંજે રૂમ પર આવીને જમીને બેસી જતો. કશુંક નવું કરવા માટે વિચારતો પણ કોઈ વિચાર આવતો નહીં. લેપટોપમાં ફેસબુક ખોલીને બેસી જતો. વળી કોઈ વિચાર આવતો કે *મારે મારા કમ્ફર્ટ ઝોનથી બહાર રહીને કશુંક કરવું જોઈએ.* એટલે લેપટોપ મૂકીને તે બહાર જતો. સાંજના ટ્રાફિક વચ્ચે તે હિમાલયા મોલ તરફ ચાલ્યો જતો. અમદાવાદની ગરમી અને અંદરનું પોતાનું ફ્રસ્ટ્રેશન બંને ભેગાં થઈને ગોપાલને બેચેન કરી દેતાં. એક દુકાન પર તે સિગારેટ લેવા જતો અને બે-ત્રણ સિગારેટ લઈને તે રોડની સાઈડમાં ઊભોઊભો પસાર થતી દુનિયાને ફૂંકતો રહેતો. દિમાગમાં કોઈ વિચાર આવતો નહીં. થોડીવાર તે મોલની અંદર એસીની હવા લેવા જતો અને અંદરની દુનિયાને બેન્ચ પર બેસીને જોયા કરતો. હાથમાં ટ્રોલી લઈને ફરતાં કપલ, તેમનાં બાળકો, તેમની હજારો રૂપિયાની ખરીદી... આ બધું જાણે તેની સામે એક દિવસ આવવાનું હતું. તેને નથી જોઈતું આ બધું. તેને ડર લાગે છે કે આ મોટા માણસો ખરીદી પછી જેવું ક્રેડિટકાર્ડ બતાવે છે એવું કાર્ડ બેન્ક તેને આપશે ? આવી રિસ્પેક્ટ તને મળશે ?

એક દિવસ સાંજે તેની બેન્ચ પાસે એક વૃદ્ધ દાદા આવ્યા અને ગોપાલે તેમને જગ્યા કરી આપી. થોડીવાર ચૂપ રહ્યા પછી દાદાજીએ પૂછ્યું :

"તું શું કામ કરે છે બેટા ?"

"નોકરી કરું છું સર..." ગોપાલે કહ્યું. તેને કંપની પર બધાને 'સર' કહેવાની ટેવ હોવાથી ક્યારેય અચાનક કોઈને પણ સર કહી દેતો.

"એન્જિનિયર ?"

"હા..." ગોપાલે હસીને કહ્યું : "ફ્લૉપ એન્જિનિયર."

"ઓહ... ફ્લૉપ ?" દાદાજીએ પોતાનાં ચશ્માં સરખાં કરીને પૂછ્યું : "હું પણ ફ્લૉપ બુઢ્ઢો છું."

ગોપાલ હસી પડ્યો. તેમની વાતમાં સપોર્ટ કરવા બોલ્યો : "બે ફ્લૉપ ભેગા થઈ ગયા ! હું ફ્લૉપ યુવાન પણ છું અને તમે ફ્લૉપ દાદાજી."

"કમ ઓન... હજુ તો તું નાનો છે. તારે એવું બધું ન વિચારવું જોઈએ."

"પણ મારા હાથમાં કશું છે જ નહીં તો ? મારી આસપાસની દુનિયાને જોઈને થોડીવાર આખી દુનિયા ફ્લૉપ લાગે છે અને થોડીવાર હું ખુદ મને ફ્લૉપ લાગું છું. કોઈ ઉત્સાહ જ નથી. જૉબ ગમતી નથી. સગાંઓ તો જરાયે ગમતાં નથી. દુનિયાના નિયમો ગમતા નથી. મારી જાત મને ગમતી નથી. મને સવાલ એ થાય છે કે મને કેમ કશું ગળે ઊતરતું નથી ? બાળપણમાં સ્કૂલ ન ગમી, પછી હાઈસ્કૂલ અને પછી કૉલેજ ન ગમી. હવે નોકરી નથી ગમતી. અરે યાર... ઘર પણ નથી ગમતું અને અહીં અમદાવાદમાં પણ નથી ગમતું, બોલો ! ફૅમિલી સિવાય કોઈ સગાંઓ નથી ગમતાં. આખા દિવસમાં હજારો એવા માણસોને જોઉં છું જે મારી જેવા જ છે. ફ્લૉપ. મને એ કોઈ માણસો નથી

ગમતા. સાંજ પડ્યે મારા હાથમાં માત્ર ગુસ્સો વધે છે. એ ગુસ્સાની અંદર દિવસ આખાની નિરાશાઓ હોય છે, ગાળો હોય છે, કામની નિષ્ફળતાઓ હોય છે, ભવિષ્યની ચિંતાઓ હોય છે, ખુશી શોધવાની ઝંખનાઓ હોય છે અને આગળ વધવાની તડપ હોય છે. દાદાજી, ક્યારેક એમ લાગે છે કે...” ગોપાલ આગળ કહે એ પહેલા દાદાજી બોલ્યા :

“તારો ગુસ્સો સાચો છે. આ જ ટાઈમ છે ગુસ્સે થવાનો. હું તો તને આશીર્વાદ આપીશ કે તું વધુ ગુસ્સે થા.”

“કેમ ?” ગોપાલે હસીને પૂછ્યું.

“કોઈ કારણ વિના. દરેક વસ્તુ, દરેક સિસ્ટમ, દરેક નબળા માણસ અને તારી જાત પ્રત્યે ગુસ્સે થા. નિરાશ થા. જિંદગી જેવી છે, જેવી દેખાય છે તેવી સ્વીકાર ન કર. લાઈફને હલાવી નાખ. બદલાવી નાખ. યાદ રાખ બેટા : દુનિયા તારા કરતા વધુ સ્માર્ટ માણસોથી બનેલી છે જ નહીં. બધા ટોપાઓ છે. મૂર્ખા છે. હું મારી જ વાત કરું : ઘણીવાર મને એમ થાય છે કે આ સિત્તેર વરસની ઉંમરે હું સાવ એકલો વધી ગયો છું. બાળપણથી ભણ્યો, એ જમાનામાં સીએ પૂરું કર્યું, પછી મોટી ચૅલેન્જિસ આવી. લગ્ન કરવાં પડ્યાં. છોકરાં થયાં. છોકરાઓની સ્કૂલ અને પછી કૉલેજ પણ નીકળી ગઈ. હું સતત કમાતો રહ્યો. પછી વળી છોકરાઓનાં પણ મૅરેજ થઈ ગયાં અને તેમના દીકરા આવી ગયા. હવે મારા દીકરાઓને મારી જ જેમ જીવવાનું છે. તેઓ પણ પોતાના નાનકડા દીકરાઓની સ્કૂલની તૈયારી કરી રહ્યા છે. મારી વાઇફ ઉપર ચાલી ગઈ છે અને હવે એ દીકરા એટલા દૂરના મકાનમાં રહે છે જ્યાં મને ફાવતું નથી. હું એકલો રહી ગયો હોઉં એવું લાગ્યા કરે છે.”

દાદાજીએ વાત પૂરી કરી. ગોપાલ તેમની આંખોમાં જોઈ રહ્યો. થોડીવાર ચૂપ રહીને પછી તેણે દાદાજીને પૂછ્યું : “પરંતુ એ જ મારો સવાલ છે. આ બધી લાઈફનો પોઈન્ટ શું છે ? તમે પણ એ જ જીવ્યા છો જે બીજા બધા જીવી રહ્યા છે, મારા ખુદના પૅરન્ટ્સ જીવી રહ્યાં છે. આખરે આ બધાનો મિનિંગ શું ?”

“આઇ ડોન્ટ નો. મને નથી ખબર. પણ મને પાક્કી ખાતરી છે કે તું એક દિવસ આ બધાનો મિનિંગ જાણી લઈશ.” તેણે ગોપાલના ખભા પર હાથ મૂકીને કહ્યું. વળી આગળ બોલવા લાગ્યા : “દોસ્ત, તું જે કંઈ પણ કરી રહ્યો છે તે સાચું જ કરી રહ્યો છે એવું લાગે છે. મેં મારાં આટલાં વર્ષોના અનુભવમાં જોયું છે કે કેટલાયે માણસો પરિસ્થિતિનો સ્વીકાર કરી નાખે છે. કોઈ અણગમતું કામ જીવનભર કરતા રહે છે. ક્યારેક કોઈ અણગમતી વ્યક્તિને પ્રેમ કરી બેસે છે અને જીવનભર તેને પ્રેમ કરી રહ્યા છે તેવો ઢોંગ ચાલુ રાખે છે. મેં જોયું છે કે જે માણસ યુવાનીમાં ગુસ્સે થઈને પરિસ્થિતિ પર થૂંકતો નથી તેના પર પરિસ્થિતિ થૂંકી બેસે છે. જે દુનિયાના દરેક નિયમનો અસ્વીકાર કરવા ઊભો થાય છે તેને માટે જગત ખુશ થઈને પોતાના અમુક નિયમો તો બદલી આપે જ છે. નાછૂટકે નિયમો બદલવા પડે છે. એકવાર દુનિયાદારી સામે બાથ ભીડીને સવાલ તો કરવો જ પડે છે. જવાબો શોધવા પડે છે. રાડો તો નાખવી જ પડે છે. જૂનું બધું થૂંકવું પડે છે. પરિવર્તન ત્યારે જ આવે છે. તારો ગુસ્સો મને થોડો તો યોગ્ય લાગે જ છે.”

ગોપાલને અમદાવાદ આવ્યાના આટલા સમયમાં આવી વાત કોઈએ કહી ન હતી. તેને જાણે ખુદનો બધો જ ગુસ્સો, નિરાશાઓ અને ફરિયાદો સાચા લાગ્યા. સાર્થક લાગ્યા. પણ દાદાજીનું છેલ્લું વાક્ય તેને સમજાયું નહીં. તેણે તેમની આંખોમાં જોઈને પૂછ્યું : "થૅન્ક્યુ, સર. આજ સુધી કોઈએ આવી હકીકત કહી જ ન હતી. પણ તમે એમ કેમ કહો છો કે તારો ગુસ્સો મને થોડો તો યોગ્ય લાગે જ છે ?"

દાદાજી સવાલ સાંભળીને હસી પડ્યા અને બોલ્યા : "કારણ કે તારી અંદર પેદા થયેલો જીવન તરફ..."

"એક મિનિટ દાદાજી," ગોપાલ અધવચ્ચે બોલ્યો. તેનો ફોન વાગી રહ્યો હતો. રૂમ પરથી કુશાગ્રનો ફોન હતો. ગોપાલ ફોન પર વાત કરવા લાગ્યો. કુશાગ્ર વડાપાંઉ મગાવી રહ્યો હતો.

ગોપાલ જ્યારે ફોન પર વાત કરતો હતો ત્યારે દાદાજી ચૂપ ન હતા. મોલની સફેદ ટાઈલ્સને જોઈને તેઓ સતત કશુંક બબડી રહ્યા હતા જે ગોપાલના ધ્યાન બહાર હતું. તેઓ કહી રહ્યા હતા : "બેટા, જીવન તરફનો ધિક્કાર ક્યારેય ખુશીના ભોગે ન હોય. તું ખુશ નથી. માણસે ખુશ રહેવું પડે છે ગમે તે ભોગે. તને જીવવા માટે એક જ નાનકડી મસ્ત-મજાની જિંદગાની મળી છે અને તેને વધુ સારી બનાવવાની દોડમાં તું જીવવાનું જ ભૂલી જાય તો તારું પરિવર્તન કશું જ કામનું નથી. તું લાઈફની ઉજાણી ભૂલી ગયો છે. તું પીડાઈ રહ્યો છે, રડી રહ્યો છે, તડપી રહ્યો છે, પણ જિંદગીના ભોગે. તને હજુ અર્થ સમજાયો જ નથી. તને..."

"હા દાદાજી... શું કહેતા હતા તમે ?" ગોપાલે ફોન ખિસ્સામાં મૂકીને પૂછ્યું.

"હું ? હું શું કહેતો હતો ?" સામેથી જવાબ આવ્યો. ગોપાલને સમજાયું નહીં કે તેઓ શા માટે આગળ બોલતા ન હતા.

લાંબી ચૂપકીદી પછી દાદાજી ઊભા થયા અને ચાલતા થયા. આઠ-દસ ફૂટ દૂર જઈને વળી પાછા આવ્યા અને ગોપાલની બાજુમાં ઊભા રહીને હાથ મિલાવીને કહ્યું :

"ઓલ ધ બેસ્ટ ફોર ધ લાઈફ અહેડ."

"થૅન્ક્યુ. પણ લાઈફના મિનિંગની વાતો કરતા કરતા તમે આમ નીકળી જાઓ એમ ન ચાલે દાદાજી." ગોપાલે હસતાં હસતાં હાથ મિલાવીને મીઠી ફરિયાદ કરી. દાદા મોટેથી હસી પડ્યા અને બોલ્યા :

"જે દિવસે તને ખબર પડે આ લાઈફનો મિનિંગ... તે દિવસે મને યાદ કરજે. ઓકે ?"

"ઓકે બૉસ..." ગોપાલે હસીને તેમની સાથે ફરી હાથ મિલાવ્યો અને મોલ બહાર જતા દાદાજીની થોડી વાંકી વળી ગયેલી પીઠને જોતો રહ્યો.

કદાચ આ વૃદ્ધ ઇચ્છતો હશે કે જીવનનાં સત્યો આ યુવાને જાતે જ શોધી લેવાં જોઈએ.

લાઈફ ભાગી જતી હતી ! જાણે કશું જ હાથમાં ન હતું. ગોપાલ દિવસો કાપી રહ્યો હતો. દુનિયાને જોવાની નજર બદલાઈ રહી હતી. એક દિવસ પોતાના ફ્લૅટના ટૅરેસ પર જઈને જૂના દોસ્ત જનક સાથે તે વાત કરતો :

"આવતીકાલે છોકરી જોવા ગામડે જાઉં છું. બા-બાપુજીનું ખૂબ પ્રેશર છે. કહે છે : અમે બુઢ્ઢાં થઈ રહ્યાં છીએ. તું એકવાર ખાલી છોકરી જોઈલે. મેં ના પાડી કે બા હજુ મારી લાઈફમાં શું કરવું એ હું નથી જાણતો. તો બા કહે તું એ બધી ઉપાધિ ન કર. અમે તને લગ્ન માટે નથી કહેતા. ખાલી છોકરી જોઈલે. રૂપિયો નાળિયેર જેવું આપી દઈશું, બસ ?"

"હા... પણ એમની વાત સાચી છેને ? તારે હવે એમને સાંભળવાના છે." જનકે એ જ સલાહ આપી જે દરેક સંબંધી આપતો હતો.

"હા યાર. મને વધુ પડી છે મારાં માબાપની. પણ કોઈ જુઓ તો ખરા દુનિયા બદલાઈ ગઈ છે. શહેરમાં રહેતાં માબાપ તેમના છોકરાઓ સરખું કમાવા લાગે પછી લગ્ન કરવાનું કહે છે. હજુ હું સાત હજારનો પગારદાર છું. ક્યાં સાચવું પેલી બલાને ? અને મારે તો પ્રેમ કરવો છે કોઈ સાથે. આ ઍરેન્જડ મૅરેજનું ભૂત નથી જોઈતું યાર."

"પ્રેમ થઈ જશે ભાઈ લગ્ન પછી."

"પણ એ રાહે કોઈ પણ વ્યક્તિ સાથે જુગાર ખેલી નાખવાનો ? શું ખબર કાલે ઊઠીને પેલી છોકરી કેવી હોય ? મને ભવિષ્યનો ડર લાગે છે. પ્રેમ ના હોય ને પેદા કરવાનો અજાણ્યા માણસ માટે ?"

"લાડવો નહીં ખાય તો પણ પસ્તાઈશ અને ખાઈશ તો પણ ! બેટર છે કે લાડવો ખાઈ લે..."

"તારી લાઈફ ફ્લૉપ છે જનકિયા સાલા. અહીં લાઈફના ટૅન્શનમાં અને ટૅન્શનમાં આઠ દિવસથી માસ્ટરબેટ કરવાનું ભુલાઈ ગયું છે અને તું..."

"ગોપુ, તારી ભાભીનો ફોન આવી રહ્યો છે. પછી વાત કરું ?"

ફોન કટ થઈ ગયો. હવે તેના દોસ્તો પોતાનાં લગ્નની જાહેરાતો કરવા લાગ્યા હતા !

એકલું લાગી રહ્યું હતું. આંખો સામે દોડતું-ભાગતું, ટ્રાફિકને લીધે ચિચિયારીઓ પાડતું અમદાવાદ દેખાઈ રહ્યું હતું. ગરમી બેચેન કરી રહી હતી. સાંજ ઢળી રહી હતી. એકલા ઊભાઊભા વિચારો કરીને આંખો ભીની થઈ રહી હતી. કેટલાયે અવાજો દિમાગમાં ઊઠીને શમી જતા હતા :

કોઈ દૂરના કાકાની મજાકભરી વાત : બેટા, હવે ક્યારે લાડવા ખવડાવવા છે ? આપણા કુટુંબમાં હવે તું જ સૌથી મોટો બાકી છે કંકુના કરવામાં ! તારાં મમ્મી-બાપુજી સામે પણ જો.

સામે ગોપાલનું દિમાગ ગરમ થતું : *ખાઈ લો લાડવો ગધેડીનાઓ. મારી લાઈફ*

છે. હું નક્કી કરીશ ક્યારે સગાઈ કરવી અને ક્યારે લગ્ન કરવાં.

મોટી બહેનની વાત યાદ આવતી : ગોપાલ, તારો પગાર ક્યારે વધશે ? તારી રૂમ ચાલશે ખરી આટલા પગારમાંથી ? મેં બાને કહેલું કે હમણાં રહેવા દો લગ્નની વાત. તો બા કહે કે તારા બાપુજીને કોલેસ્ટ્રોલ આવ્યું છે. અમને પણ ગોપાલની ઉપાધિ છે. એકવાર લગ્ન થઈ જાય પછી અમે ગામડેથી બધું કરિયાણું મોકલીશું એની રૂમ પર.

બાની વાત યાદ આવતી : કોણ છોકરી દેશે આ પાંચ વીઘાં જમીનના ખાતેદારના છોકરાને ? આપણી પરિસ્થિતિ સામે જોઈને અત્યારથી છોકરી જોવા લાગવી જોઈએ ગોપુ. બેટા એક, દોઢ વરસ છોકરી જોઈશ ત્યારે માંડ કોઈ હા પાડશે. તારી નોકરી જોઈને છોકરી હા પાડશે, ખેતી જોઈને તો કોઈ ભાવ નહીં પૂછે આપણો.

ગોપાલની આંખમાંથી આંસુ ખરતું. વિચારતો : *મને ખબર પડી ગઈ છે બા. આ દુનિયામાં રૂપિયાનું મહત્ત્વ કેટલું છે એનો અહેસાસ મને મારાં માબાપથી લઈને આ શહેરનો રિક્ષાવાળો પણ કરાવે છે. પરંતુ કોઈ એ તો વિચારો કે પૈસો જ થોડું સર્વસ્વ છે. મારી ખુશી તો કોઈ જુઓ. મારાં સપનાં તો કોઈ પૂછો. મારી અંદરની બળતરા ઉપર તો કોઈ હાથ ફેરવો. અચાનક રૂપિયા કમાવાની ઉપાધિ, ઉપરથી ન ગમતી નોકરી, હવે ન ગમતી છોકરીની વાતો. કેમ મને મોટો બનાવવા પાછળ પડ્યા છે બધા ? કોઈ મને પાછો બાળક બનવા તો કહો. બધું સ્વીકારવા કહો છો તમે મને ? મારી અંદર જઈને જુઓ તો ખરા હું દિવસે દિવસે મારી અંદર સડી રહ્યો છું. પાગલ થઈ રહ્યો છું. કોઈ એવો પાગલ જોયો છે જે સીધુંસાદું જીવન જીવતા જીવતા પણ એ જીવનથી જ પાગલ થઈ જાય ?*

થોડીવારમાં અંદરથી બધા જ અવાજ નીકળી જતા અને ગોપાલ ખુદ સાથે વાતો કરવા લાગતો : *તેં ખુદ જ આવી લાઇફ બનાવી છે. કેમ બીજા ઉપર દોષનો ટોપલો ઢોળે છે. તું જેવું જીવે છે એવું તો હજારો માણસોના સ્વપ્નમાં હોય છે. જે છે એનો આનંદ લે. કેમ પીડાય છે આટલો બધો ? બધા તારી જેવા જ છે. આ જ લાઇફ છે. ખુશ થા યાર. જો તો ખરો દુનિયાને... એ એટલી ખરાબ પણ નથી. ભવિષ્યની એટલી ઉપાધિ છે તને કે તું વર્તમાનમાં જીવી નથી રહ્યો. પડતા મૂક બીજા માણસોના અવાજને. તારા દિલનું સાંભળ. દિલના અવાજથી જીવ. ખૂબ ટૂંકી છે આ વાર્તા યાર. શું ખબર આ બિલ્ડિંગથી નીચે ઊતરીને કોઈ રખડતી ગાયની ઢીંકથી તું મરી જાય ! લાઇફને તેં એટલી સિરિયસ બનાવી દીધી છે કે તને એમાં લાઇફ સિવાય બધું જ દેખાય છે.*

ટૅરેસ પર જ રાત થાય છે. બાપુજીનો ફોન આવે છે. આવતીકાલે રવિવાર છે. ગામડે છોકરી જોવા જવાની છે. રાત્રે બસ હતી.

બસમાં પોતાની સીટ પર બેઠાબેઠા મોડી રાત્રે વળી અંદરથી એક અજીબ ગુસ્સા ભરેલો અવાજ આવતો રહે છે : *એક વાત ખબર છે ગોપાલ તને ? તું ફ્લૉપ છે. હા... સડેલ, તું ફ્લૉપ છે. તારી અંદર જીવતો માણસ મરી ગયો છે. તારી અંદર તો એ માણસનું ભૂત જ છે. તું ખુદ જ નાલાયક છે. ડરપોક છે. તું જિંદગીનો સ્વીકાર કરતો રહ્યો છે. હવે શેની ફરિયાદો કરવા બેઠો છે ? શું છે તારી પાસે ? એવી કંઈ આવડત છે*

કે જેમાંથી તું લાખો કમાઈ શકે ? પૂછ તારી છાતીને ? છે દમ ? શું ખબર છે તને ? તારું ગમતું કામ ખબર છે ? કૉલેજ છૂટી ગયા પછી એકવાર પ્રયત્ન પણ કર્યો તારું પેશન શોધવાને ? ખુશ થવું છે તારે ? પહેલા તો બહાનાં આપવાનાં બંધ કર. દુનિયાને દોષ આપવાનું બંધ કર. તારી ગાંડમાં છાણ નથી. તું માયકાંગલો છે. નકામો છે. કૉલેજમાં જલસા કર્યા, ભણવામાં કૉમનસેન્સ વાપરીને સારા ટકા પણ ન લાવ્યો, જ્યારે કોઈ કંપની કૅમ્પસ ન આવી ત્યારે તું કૉલેજને ગાળો આપવા બેઠો. ક્યારેય ખુદ પર આંગળી ચીંધી છે ? તારી અંદર છે તાકાત ઊભા થઈને પાંચ મિનિટ ઈંગ્લિશમાં બોલવાની પણ ? સરખો ઈન્ટરવ્યૂ પણ પાસ કરી શકે છે ? તારી અંદર છે તાકાત ખુદનો ધંધો કરવાની ? કોઈ ઓકાત છે તારી નોકરી સિવાય બીજું કામ કરવાની ? બહાનાં શું આપે છે ? તું ખુદ એક મોટું જીવતું બહાનું છે. તારા જેવા જ ફ્લૉપ બોગસ સવાલો તું ચારેબાજુ પૂછતો રહે છેને ? એ દરેક સવાલનો જવાબ તું જ છે, સાલા... તું. ખુદને ક્યારેય બુલંદ કરી નથી શક્યો તો ખાક રડે છે તારી સ્થિતિ પર ? નોકરીમાં પણ સારું પર્ફોર્મન્સ ન જાળવી શકતો માણસ દુનિયાને ન સ્વીકારવાની વાતો કરીને બંગડીઓ કેમ પહેરી નથી લેતો. દુનિયાદારીની એક-બે અને ત્રણ. પહેલા તું તારું જો. તને ખબર છે તારાં સપનાં શું છે ? તું શેમાં ખુશ છે એ પણ ખબર છે ? અરે, તને તો તું દુઃખી કેમ છે એ પણ નથી ખબર ! થૂં છે તારી ઉપર. બા-બાપુજી-બહેન અને સગાંઓને તું જિંદગીભર ગાળો દેતો રહીશ. કારણ ? કારણ કે હજારો માણસોની જેમ તે તારી જાતની જ ખોજ કરી નથી અને દુનિયાને સુધરવાની સલાહ આપો છે. રસ્તા પર સૂતેલો ભિખારી તારા કરતાં વધુ સારો છે, કારણ કે એ જાણે છે કે પોતાની ઓકાત ભીખ માગવાની જ છે. જો તાકાત હોય તો ઊભો થઈને પહેલાં તો તારી અંદરના માણસને શોધ. જા. હૃદયના અવાજ, આત્માના અવાજ, મનની વાતો જે સાંભળવું હોય એ સાંભળ, પણ ઊભો થા અને પહેલાં તો તારી જાતને ઘસ. જાતને ઘસીને ઊજળી કર, પછી દુનિયાને ઊજળી થવાનું કહેજે. ન ખબર હોય કે કઈ રીતે જાતને ઘસવી તો કોઈ જંગલમાં જઈને નાગો બાવો બનીને જીવીને પછી શાંતિથી મરી જા, નાલાયક. આ દુનિયાનો ભાર હળવો થશે.

એ રડી પડે છે. બસની બારી ખોલી નાખે છે. શ્વાસ રૂંધાઈ રહ્યો હતો. ઊલટી થશે તેવું લાગ્યું. તેની બાજુની સીટ ખાલી હતી. બસમાં અંધારું હતું એટલે બીજા બધા સૂઈ ગયેલા માણસોને ગોપાલનો રડવાનો અવાજ સંભળાતો ન હતો.

તેણે પોતાની બૅગમાંથી કફ-સિરપ કાઢ્યું. અડધી બૉટલ ગટગટાવી ગયો.

થોડીવારમાં ભારે ઊંઘ આવવા લાગી. તે સૂઈ ગયો.

રાત્રિના બે વાગ્યા હતા.

એક નાનકડી વાસ મારતી હોટેલ પર બસ ઊભી રહી. મોટા સ્ટિરિયો પર જૂનાં ગીત વાગી રહ્યાં હતાં. કંડક્ટરે જોરથી બૂમ પાડી : "ચા-પાણીનો વીસ મિનિટનો હોલ્ટ છે."

ગોપાલની આંખ ખૂલી ગઈ.

માથું ભારે થઈ ગયું હતું. સિરપને લીધે થોડો નશો થઈ ગયો હતો. શરીર શિથિલ થઈ ગયું હતું. છાતીમાં બળતરા થઈ રહી હતી.

બધા પેસેન્જર નીચે ઊતર્યા એટલે ગોપાલ પણ ઊતર્યો. ઘણા બધા પુરુષો હોટેલથી થોડે દૂર ઊભા રહીને ખુલ્લામાં પેશાબ કરી રહ્યા હતા. સ્ત્રીઓ બસ પાસે ઊભી રહીને કોઈ અંધારું હોય તેવી જગ્યા શોધતી હતી, જ્યાં તેઓને પેશાબ કરતા કોઈ જોઈ ન શકે. ગોપાલને આ સ્થિતિ ખૂબ ખટકતી. ડ્રાઇવર-કંડક્ટરને હોટેલમાં મફત જમવાનું મળે એટલે એ લોકો આવી ગંદી જગ્યા પર બસ ઊભી રાખી દેતા.

ગોપાલ ખૂણામાં જઈને પેશાબ કરી આવ્યો. કોઈ વિચાર આવતો ન હતો. આપોઆપ આંખોમાંથી આંસુ આવી રહ્યાં હતાં. તેણે હોટેલના મેઈન કાઉન્ટર પર જઈને સિગારેટનું પૅકિંગ માગ્યું. આજ સુધી ક્યારેય તેણે આખું પૅકિંગ ખરીદ્યું ન હતું, પણ આજે કેમ ખરીદી રહ્યો હતો તેનો વિચાર આવી રહ્યો ન હતો.

સિગારેટ જલાવી. હોટેલથી થોડે દૂર અંધારામાં ગયો, એક પથ્થર પર બેઠો. સિગારેટનો લાંબો કશ લીધો. જૂના વિચારો ફરી આવી રહ્યા હતા : *હા... હરામી, તું ફ્લૉપ છે. તારી અંદર જીવતો માણસ મરી ગયો છે. તારી અંદર એ માણસનું ભૂત જ છે. તું ખુદ જ નાલાયક છે. ડરપોક છે. તું જિંદગીનો સ્વીકાર કરતો રહ્યો છે. હવે શેની ફરિયાદો કરવા બેઠો છે ?*

બીજી સિગારેટ જલાવી : *શું કરીશ તું ?હેં ? ક્યાં જઈશ ? દુનિયા આવી જ છે. ભાગી જઈશ, મરી જઈશ ? સ્વીકારી લઈશ ? બદલીશ તું ? શું બદલીશ ? તને ખબર છે તારાં સપનાં શું છે ? તું શેમાં ખુશ છે એ પણ ખબર છે ? અરે, તને તો તું દુઃખી કેમ છે એ પણ નથી ખબર ! થૂ છે તારી ઉપર. જિંદગીને સમજવાનું છાણ તારી ગાંડમાં નથી.*

પાંચ જ મિનિટમાં ચોથી સિગારેટ તે પીઈ રહ્યો હતો. ઊંડી ખાસી આવી રહી હતી : *આ સિગારેટની જેમ તું બળીબળીને મરી જઈશ.. ધુમાડો થઈ જઈશ. રાખ બની જઈશ, પણ તું બદલી નહીં શકે. તારા ધાવણમાં એવી તાકાત નહીં હોય. થૂં.*

બાનો ચહેરો યાદ આવ્યો. *મારો બેટો તો હજાર દીકરા જેવો થશે.*

આંસુ ભાગી રહ્યાં હતાં. બસમાં પેસેન્જર ચડી રહ્યા હતા. સિગારેટ અને સિરપને લીધે શિથિલ થઈ ગયેલું શરીર. બળતી છાતી. સાતમી સિગારેટ. ચક્કર આવી રહ્યા હતા. અંદરનો માણસ બોલ્યો. એક વિચાર : *આજ પછી જિંદગીને બદલી ન નાખે તો ગોપાલ પટેલને બે બાપનો દીકરો સમજવો.*

બસ નીકળી ગઈ. ગોપાલ અંધારામાં પથ્થરથી નીચે પડી ગયો હતો. ઊંડી ખાસી આવી રહી હતી. નસો ફાટી રહી હતી. પીડા હતી આત્માની અંદર. કોઈ ઊંડા અવાજ હેરાન કરી રહ્યા હતા :

એક કામ કર. નોકરી છોડી દે.

આવતીકાલથી નોકરી છોડી રહ્યો છું હું.

આવતીકાલથી અમદાવાદ છોડી રહ્યો છું હું.

ભાગી જવું છે મારે.
બીકણ છું હું. બાયલો છું.
મરી જવું છે મારે.
આત્મહત્યા કરવી છે મારે.
માબાપનું શું થશે ?
હું રોડ પર જઈને કોઈ મોટા વાહન સાથે ભટકાઈ જાઉં છું.
અત્યારે જ.

તે મહામહેનતે ઊભો થાય છે. મોઢામાંથી લાળ ટપકી રહી હતી. ઊંડી ખાસી આવે એટલે લાળ હવામાં ઊડતી હતી. ચહેરો લાલ અને શરીર ઠંડું પડી ગયું હતું. પેટમાં આગ હતી. છાતીમાં હૃદય ધીમું પડી ગયું હતું.

તે લથડિયાં ખાતો કોઈ પીધેલા માણસની જેમ રોડ પર ગયો. રાતના અંધારિયા રોડ પર મોટાં વાહનો પૂરપાટ જતાં હતાં. રોડની કિનારી પર ઊભો રહ્યો. આઠમી સિગારેટ હાથમાં હતી. હવે કાળા પડી ગયેલા હોઠ અંદર તે ઘૂસી શકતી ન હતી. હાથ-પગ-હોઠ ધ્રૂજી રહ્યા હતા. શરીર આખું ધ્રૂજી રહ્યું હતું. તે રોડ પર થોડો અંદર ગયો. એક પ્રાઈવેટ બસ ખતરનાક સ્પીડથી આવી રહી હતી.

તેણે બસની મોટી આંખો આંજી દેતી ફ્લેશલાઈટ સામે જોયું. બસ નજીક આવી રહી હતી. આંખો અંજાઈ ગઈ.

આંખોમાં મોટો સફેદ સૂરજ ઘૂસી જતો લાગ્યો.

...અને મોટું હોર્ન વાગ્યું.

શરીર ધ્રૂજ્યું. બે આંગળીઓ વચ્ચેથી સિગારેટ પડી ગઈ.

બસ બે ફૂટ દૂર હતી અને અચાનક બા-બાપુજીનો ચહેરો યાદ આવ્યો. બસના ડ્રાઈવરે જોરથી સ્ટિયરિંગ ફેરવ્યું અને ગોપાલના નાકથી માત્ર એક ઈંચ દૂરથી મોત પસાર થઈ ગયું.

મોત દેખાયું.

એ જ સમયે માબાપના ગરીબડા ચહેરા દેખાયા.

શરીરમાં જીવ આવ્યો.

ગોપાલ ત્યાં જ જમીન પર પડી ગયો.

બસ રસ્તાના બાવળ સાથે ઘસાતી આગળ નીકળી ગઈ અને ઊભી રહી. ડ્રાઈવર નીચે ઊતરીને ગોપાલ પાસે આવ્યો. ફાટેલી આંખે રોડ પર પડેલા ગોપાલની બાજુમાં ઝૂકીને તેને શર્ટ પકડીને ઊંચો કરી રાડો નાખતો ગાળો દેવા લાગ્યો :

"એ બેવડીના પેટના. મરવું છે તારે ?" એટલું બોલીને જોરથી તમાચો માર્યો. લાળો ઊડી. ચહેરો ત્રાંસો થઈ ગયો.

લાંબા શ્વાસ સાથે ગોપાલને ભાન થયું કે તે શું કરી રહ્યો હતો. ગાળો ચાલુ હતી. બીજો તમાચો પડ્યો.

બીજી જિંદગીનો જન્મ થયો.

૧૧

બીજે દિવસે બપોરે ગોપાલ ઘરે પહોંચ્યો. પેલી સરકારી બસમાં પોતાનો કપડાંનો થેલો રહી ગયો હતો. ગઈ રાત્રે જે ઘટના બની પછી હોટેલ પર ઊભેલા દસ-બાર માણસો દોડીને રોડ પર ગયા હતા. કાઉન્ટર પર ઊભા રહીને જે વ્યક્તિએ સિગારેટનું પૅકેટ આપેલું તે ગોપાલને ઓળખી ગયો હતો અને બધાને કહી રહ્યો હતો કે "આ ભાઈ હજુ થોડીવાર પહેલાં જ સિગારેટનું પૅકેટ ખરીદવા મારી પાસે આવ્યો હતો. આવું કેમ બની શકે ? કદાચ આત્મહત્યા કરવાનો પ્રયાસ છે."

આત્મહત્યાનું નામ સાંભળીને બધા હેબતાઈ ગયા હતા. ગોપાલને ખભો આપીને બે વ્યક્તિ હોટેલ તરફ લઈ ગઈ. ટેબલ પર બેસાડીને પાણી પિવડાવ્યું.

તેને ભાન આવ્યું. સત્ય સમજાઈ રહ્યું હતું. કોઈ વિચાર આવતો ન હતો. મોટી ભૂલ થઈ ગઈ એવું લાગ્યું. એક સીધીસાદી જિંદગી જીવતો યુવાન પોતાની અંદરના સવાલો અને જવાબોની શોધમાં જિંદગીના અંતિમ સુધી પહોંચી ગયો હતો.

એના ચહેરા પર હાર દેખાઈ રહી હતી. ખામોશી. એ સમયે કોઈ સવાલ કે કોઈ જવાબ ન હતો. એ હોટેલ બહારના અંધારા તરફ જોઈ રહેલો પથ્થર બની ગયો હતો. આંખો હજુ ફાટેલી જ હતી. હોટેલના માલિકે ફોન માગ્યો. ગોપાલે ધ્રૂજતા હાથે ફોન આપ્યો અને પેલા માણસે કૉન્ટેક્ટ લિસ્ટ ખોલ્યું તેમાં પહેલું જ નામ 'Bapuji'લખેલું હતું. ફોન ડાયલ થયો.

રાત્રે બે વાગ્યે ખેતરમાં સૂતેલી વ્યક્તિએ ફોન ઉઠાવ્યો :

"બોલને ગોપુ બેટા. કેટલે પુગ્યો ?"

પેલો અબુધ માણસ આ અવાજ સાંભળીને થોડો ખચકાયો અને પછી બોલ્યો : "અંકલ, હું મારુતિનંદન હોટેલથી બોલું છું. આપનો છોકરો અહીં ભાવનગરવાળા રોડ પર આત્મહત્યા કરવા બેઠો હતો."

સામેથી કોઈ અવાજ આવ્યો નહીં. સન્નાટો હતો. ગોપાલ ફાટેલી આંખે પેલા માણસને જોઈ રહ્યો. કોઈ જવાબ ન આવતા આ માણસ 'હેલોહેલો' બોલી રહ્યો હતો. થોડીવાર પછી માત્ર એક વાક્ય સંભળાયું :

"ઈ મારો દીકરો નો હોય."

પછી ફોન પર આ માણસ સમજાવવા લાગ્યો. ઘટના આખી કહી. સામે છેડે ચુપકીદી હતી. ગોપાલ ઠંડો પડી ગયો. કાન સુન્ન થઈ ગયા.

"ઈ મારો દીકરો નો હોય ભાઈસાહેબ. કાં'ક ભૂલ્ય કરી બેઠા તમે."

"કાકા, તમને વિશ્વાસ ન આવતો હોય તો તમે ખુદ વાત કરી જુઓ. લો એને ફોન આપું." કહીને ગોપાલના કાન પર ફોન આપ્યો. ગોપાલે ફોન હાથમાં લીધો અને વહી જતાં આંસુ સાથે, ધ્રૂજતા હોઠે એક જ શબ્દ બોલ્યો : "બાપુજી..."

"ગોપુ... બટા... પે'લા ઓલા ભાઈને કંઈ દે કે મરવા પડે ઈ રમેશ પટેલનો

બેટો નો હોય. ઈ હું બોલે સે એનું ભાન સે એને ? મારો ગોપલો તો દહને મારીને મરે. કે એ નકામીના પેટનાને..."

"બાપુજી..." ભારે ગળામાંથી માત્ર આ એક જ શબ્દ નીકળી શકતો હતો.

"હા બોલ્યને ગોપુ બટા..."

"મને કંઈ ખબર નો'તી. હું તો બસ એમ જ..." એટલું બોલીને ગોપાલના ગળા સુધી આંસુડાં ભાગી ગયાં. હવે બોલી શકાય તેમ ન હતું.

"બેટા, કાં'ક ભૂલ થાતી હોય ઈ ભાઈની. તું જલદીથી ઘેરે આવી જા. કાંઈ તકલીફ નથીને ? તું મને કંઈ દે. બધું બરોબર સેને ?"

"હા..."

"હું કો'ક ગાડી ભાડે બાંધીને આવું તને લેવા દીકું ?"

"ના... ના..."

"કંઈ તકલીફ નથી ને ? હાસું કેજે હો."

"ના બાપુજી..."

"ઇયો. ગોપાલને ચા પિવડાવીને પેલા માણસે બીજી ત્રણ વાગ્યાની બસમાં બેસાડી દીધો. સવાર સુધી ખુલ્લી આંખે તે બેઠો રહ્યો. હવે કોઈ વિચાર પજવતા ન હતા. વિચારો મરી ગયા હતા. આત્મહત્યા કરી ચૂક્યા હતા.

બીજે છેડે સવાર સુધી ખેતરમાં પાવડો પકડીને દીકરાની વાટ જોવાઈ રહી હતી. આંખો સવાર સુધી ખુલ્લી અને ભીની હતી. આંખોમાં શંકા હતી અને ડર પણ. સવારે એ જ આંખો બસસ્ટેશન પર કલાકો બેઠીબેઠી રાહ જોઈ રહી હતી દીકરાની.

સવારે દીકરાને બસમાંથી ઊતરતો જોઈને એ આંખોની અંદર આંસુ નામનો જીવ આવેલો. ગોપાલ સ્ટેશન પર ઊતર્યો એવા જ એના બાપુજી તેને દોડીને ભેટી પડ્યા. બંનેના શરીરમાં જીવ આવ્યો. ઘરે બા તો અજાણ હતાં. તેણે તો દીકરા માટે માખણ અને ભાખરી થાળીમાં ગોઠવી રાખ્યાં હતાં. આજે કપડાંનો થેલો ન હતો. કેમ ન હતો એનો જવાબ ગોપાલ આપી રહ્યો ન હતો.

આજે જિંદગી બદલાવાની હતી. કપડાં જરૂરી ન હતાં.

બપોર થઈ. સવારની ભાખરી પણ ગોપાલે ખાધી ન હતી. એ તો બસ હીંચકા પર નીચે જોઈને બેસી રહ્યો હતો. આંખોમાંથી ધીમેધીમે એકએક આંસુ ખરીને લાકડાના હીંચકા પરથી નીચે વહી જતાં હતાં.

સામે એક ખુરશી પર બા બેઠી હતી અને પોતાની સાડીના ખૂણાથી પોતાની આંખોમાંથી નીકળતી નદીઓને વહેતી રોકી રહી હતી. કદાચ ઘરે આવેલા ગોપાલની હાલત જોઈને તેણે તેના બાપુજીને પૂછ્યું હશે અને બાપુજીએ બધું કહ્યું હશે. બસ, ત્યારની તે રડતી બંધ થતી ન હતી.

તેની બાજુમાં ખુરશી પર બાપુજી હતા. પોતાના કઠણ હૃદયને જાણે પથ્થર બનાવી દીધું હોય એમ એ નિર્જીવ બનીને ગોપાલની સામે જોઈ રહ્યા હતા. બા રડતાં રડતાં

ધ્રૂજતા અવાજે બોલી :

"તને હું થ્યું સે ઈ તો કે ગોપુ બટા..."

અરેરે... એ ધ્રૂજતો હીબકા ભરતો માસૂમ અવાજ.

ગોપાલે તરત જ બાની સામે જોયું. શું બોલે તે ? કેમ સમજાવે આ રડતી આંખોને ? કેમ છાની રાખે તેને ?

ઘરમાં બપોરનો સૂનકાર હતો. છતના પંખા પર બેઠેલી ચકલીનો અવાજ માત્ર હતો અને એક અવાજ બાનાં હીબકાંનો હતો. ગોપાલ મનમાં પીડાતો હતો. બાને છાની રાખવા માટે તેની પાસે શબ્દો ન હતા, પણ આજે જવાબ દેવાનો હતો. કલાકોથી જવાબની રાહમાં બા-બાપુજી બેઠાં હતાં.

છેવટે ગોપાલ ભારે અવાજે અને વહેતાં આંસુ સાથે જમીન પર જોતો બોલ્યો :

"બા, હું હારી ગયો છું. થાકી ગયો છું." બસ એ એટલું જ બોલી શક્યો.

તેણે બાની સામે જોયું. એ આંખોમાં વેદના હતી. આ બે શબ્દો સાંભળ્યા પછીની ચિંતા હતી. તે તરત જ ઊભી થઈને અને દોડતી ગોળામાંથી પાણીનો ગ્લાસ ભરતી આવી. ગોપાલ પાસે આવીને ગોપાલના માથે હાથ ફેરવીને તેણે પાણી આપ્યું. ઠંડા પાણીનો અડધો ગ્લાસ પીધા પછી જાણે શરીરમાં જીવ આવ્યો. બા ગ્લાસ પકડીને સામે બેસી ગઈ અને દીકરાના શબ્દોને સાંભળવા લાગી :

"બા... બાપુજી... તમને કદાચ મારી વાત નહીં સમજાય, પરંતુ હું સાચું કહી રહ્યો છું. હું જેવું જીવી ચૂક્યો છું તેવું નથી જીવવું મારે. હું હારી ગયો છું બા. હું મારાં સપનાંઓ જીવી નથી શક્યો. હવે સપનાં જોતા પણ મને નથી આવડતું. બાળપણથી તમે અને સગાંઓએ કહ્યું એમ ભણતો રહ્યો. ન ગમતા વિષયો ગોખતો રહ્યો. સારા ટકા લાવવાની અજીબ ઉપાધિમાં બચપણ ચાલ્યું ગયું. મારે મોટું થવું હતું. બીજાની જિંદગી જોઈને હું પણ તેમના જેવા બનવાનાં બોગસ સપનાંઓ જોતો રહ્યો. નાનો હતો ત્યારે ભણવા અને જીવવા વિશે કશી સમજ ન હતી અને આજે જે થોડુંઘણું સમજાયું છે. તે પછી મને થાય છે કે બધું સમજ્યા વિના જિવાઈ ગયું છે. પીડા થાય છે. મને બધું ખબર છે બાપુજી. જીવન કેમ જીવવું અને કેમ નહીં એ બધી જ ખબર છે. બસ હું જીવી નથી શકતો. મારી જાત પ્રત્યે અજાણ્યો ધિક્કાર પેદા થાય છે. મને દેખાતા સમાજ પ્રત્યે નફરત છે. મારી નોકરી પ્રત્યે નફરત છે. નોકરી કરીને સાંજે રૂમ પર આવ્યા પછી પડ્યા પડ્યા પસાર થતા સમય પ્રત્યે નફરત છે. થાય છે કે મારી અંદર કશુંક મરી ગયું છે. જે જિવાઈ રહ્યું છે તે પસંદ નથી. હું મૂરખો છું બા... કારણ કે હું બધાંથી દુઃખી થાઉં છું. મને ગુસ્સો આવે છે. મરી જવાનું મન થાય છે. મારી ખુદ પ્રત્યે એવી નફરત છે કે મને સમાજ પ્રત્યે નફરત જ આવી રહી છે. બા, તમે જ કહો. જીવનભર ઈજ્જત-નામ-રૂપિયો કમાવા ભાગતો રહીશ. મનમાં થાય છે કે જો મોટો માણસ નહીં બનું તો દુનિયા સામે નહીં જુએ, કોઈ માન નહીં આપે, કોઈ મારું સાંભળશે નહીં. હજારો સવાલ પેદા થાય છે મારા મનમાં અને પછી મરી જાય છે. હું ફરી એવું જ જીવતો થઈ જાઉં છું જેવું જગત જીવી રહ્યું છે. એક દિવસ આમ જ જીવીને હું એવો માણસ બની જઈશ જેણે લોકો શું

કહેશે તેની બીકથી આખી જિંદગી ફૂંકી ફૂંકીને જીવી છે. ઈજ્જત-આબરૂ-રૂપિયો બચાવીને ન ગમતી જિંદગી ઊભી કરી દીધી હશે. પત્નીને પ્રેમ નહીં કરતો હોઉં તો પણ સાચવીશ, કારણ કે મને છૂટાછેડાની બદનામીનો ડર હશે. છોકરાં ભણાવીશ, કારણ કે નહીં ભણાવું તો આવતીકાલે ગામ કહેશે કે બેકારના પેટનો બાપ હતો. એક દિવસ મારાં બાળકોને કહીશ કે સારી નોકરી લઈ લો અને સેટ થઈ જાઓ. એમને હું એની એ જ લાઇફ રિપીટ કરાવીશ જેને વર્ષો પછી મેં સાચી માની લીધી હશે. ફરીને એમને એ વર્તુળમાં જીવવાનું કહી દઈશ. ઘણીવાર થાય છે એક ઘેટાના ટોળામાં હું ભરાઈ પડ્યો છું. એવો ઘેટો જે પોતાની ખુશીઓ શોધી શકતો નથી, જે પળેપળે મરી રહ્યો છે. જે નીચું જોઈને બસ આજનો દિવસ પસાર કરે છે, કારણ કે આવતીકાલ કેમ જીવવી તેનો તેની પાસે કોઈ ઇલાજ નથી."

એ લાંબો શ્વાસ લે છે. નિસાસો નાખે છે. ફરી નીચે જોઈને ભારે અવાજથી બોલવા લાગે છે :

"મારી પાછળ તમે કરેલી મહેનત પાણીમાં છે. હું ભણ્યો, ક્લાસમાં ટોપર રહ્યો, એન્જિનિયરિંગમાં પાસ થઈ ગયો, પણ દિવસે દિવસે મારી અંદર આ દરેક નફરતો મોટી થતી ગઈ છે. હું સારો એન્જિનિયર બની નથી શક્યો, સારો નોકરિયાત બન્યો નથી, ભણતરે મને કશું આપ્યું નથી, રૂપિયામાં મને કશું દેખાતું નથી. હું સારો દીકરો પણ નથી બન્યો અને સારો માણસ પણ નહીં. કેમ જીવવું એ વિચારતો રહ્યો છું અને જીવતા જીવતા જ મરેલો છું. મારે એવી જિંદગી નથી જીવવી જેમાં મારો કોઈ અર્થ ન હોય. મારે જીવવાની, માનપાન કમાવાની, મોટા બનવાની કોઈ રેસમાં નથી ઊતરવું. મારે પહેલાં મારા સવાલોના જવાબ જોઈએ છે. ગઈકાલે મને મરવાનો વિચાર કેમ આવ્યો એનો જવાબ જોઈએ છે."

આટલું બોલતા ગોપાલનો ચહેરો લાલ થઈ ગયો. ગુસ્સો આવી રહ્યો હતો. હવે ભાન પણ ન હતું કે બાજુમાં માબાપ બેઠાં છે. અંદરથી અજાણી કાળી તાકાત તેને ફરી ભડકાવી રહી હતી :

"થાય છે કે આ માનવજાત મૂરખ છે અને એથી મૂરખ છે એનું અજ્ઞાન. એથી મોટો મૂરખ છું હું, કારણ કે આ બધાંથી હું દુઃખી થાઉં છું, થાકી ગયો છું, પીડાયો છું, હારી ગયો છું. મને મારો ગમતો વિષય ખબર નથી. મને મારું ગમતું કામ ખબર નથી. હું ગાંડી મહેનત કરતો નથી. કરી શકતો નથી. અંદર એવું કોઈ બળ નથી કે જે મને મહેનત કરવા કહી રહ્યું હોય. એવું કોઈ જીવન નથી જે મને ખુશ થવા ધક્કો મારી રહ્યું હોય. મારા હાથમાં કશું નથી અને હું બસ દિવસે દિવસે અંદરથી મરતો જાઉં છું. એમ થાય છે કે આખી સિસ્ટમ અને સમાજને ફેરવી નાખું, મારી જિંદગી બદલી નાખું, મારા વિચારોને ફેંકીને કોઈ દિવસ એકલો સત્યની શોધમાં નીકળી પડું. એવી જિંદગી જીવવાનું શરૂ કરી દઉં જ્યાં મને બસ મરવાનું મન ના થાય."

ગોપાલને અચાનક અહેસાસ થાય છે કે તે પોતાનાં માબાપ સામે બેઠો છે. શું બોલાઈ રહ્યું છે તેનું ભાન રહ્યું નથી. તેને હજુ બોલવું છે. બધું ઓકી નાખવું છે. તેણે

પોતાની બંને હથેળી વચ્ચે ચહેરો મૂકીને રડતી આંખે બોલવા માંડ્યું :

"બા, મને માફ કરજો, પણ હું ક્યારેય તમારો હજાર બેટા જેવો બેટો બની જ નથી શક્યો. બધો ઢોંગ હતો તને ખુશ રાખવાનો. હું એવો બેટો બની ગયો છું જેની કરતાં હજાર પથ્થર પેદા થયા હોત તો સારું હોત. પથરાઓને ખબર પડતી હશે કે એમનો જન્મ જ અહીં ધરતી પર પડ્યા રહેવા માટે થયો છે. મને તો એમાં પણ સવાલ છે. બા, તારા આ પથ્થરને આ દુનિયા છોડીને ચાલ્યા જવું છે. મરવું નથી, પરંતુ જીવતા થવું છે. બા, હવે મારે ફરી જીવતા થવું છે. મારે જાગવું છે બા. મારે મારાં સત્યો શોધવાં છે બા. મારે જીવનનાં અને જીવવાનાં સત્યો શોધવાં છે. જવાબો જોઈએ છે મારે. એકએક સવાલના સાચા જવાબ જોઈએ છે મારે." તે ધ્રૂજી રહ્યો હતો. આખું શરીર કંપન કરી રહ્યું હતું, છતાં તે બોલી રહ્યો હતો : "મને ખબર નથી ક્યાં જવું, શું કરવું, કેમ જીવવું અને કેમ મરવું... પણ બા... મારે તારો હજાર બેટા જેવો બેટો બનીને જ તને મારો ચહેરો દેખાડવો છે. મને પ્રેમ કરતી હોય તો રોકતી નહીં બા. તને મારા સમ છે. જોને તું... જીવનભર આવો પીડાતો રહું તેના કરતાં જેટલું વધ્યું છે તેને મોજથી જીવી કેમ ના લઉં ? તું રોકીશ તો હું નહીં જઈ શકું, પણ અહીં રહીને રોજે મરતો રહીશ. તમને, સમાજને, મારા ભૂતકાળને, મારા શિક્ષણને, દુનિયાને અને મારી જાતને કોસતો રહીશ. મને રોકતી નહીં પ્લીઝ. તને પ્રૉમિસ આપું છું એક દિવસ તારો બેટો બધા જ જવાબ લઈને પાછો ઘરે આવશે, પણ મને જાવા દે બા."

સામે થીજી ગયેલાં બે શરીર હતાં.

સામે બેઠેલી બાના હાથમાંથી ગ્લાસ પડી ગયો. એ ગ્લાસના અવાજથી પેલી ચકલી ઊડી ગઈ અને ગોપાલ ચૂપ થઈ ગયો. તેણે માબાપ સામે જોયું. તેમના ભીના ચહેરાઓ પર કોઈ લાગણી ન હતી. કોઈ ડર પણ નહીં. ગોપાલના શબ્દો તેમને જાણે બાણની જેમ વાગી ગયા હતા અને બંને મૂર્છિત થઈને ચૂપચાપ ખુરશીમાં પડ્યાં હતાં. તેમની પાંપણોમાં જ માત્ર જીવ હતો અને એ પણ આંસુ બનીને વહી રહ્યો હતો. ગોપાલ તેમની સામે જોઈને બેઠો હતો.

થોડી મરી ગયેલી ક્ષણો પસાર થઈ ગઈ.

થોડીવાર પછી ગોપાલના ઠંડા પડી ગયેલા કાન સાથે બાના શબ્દો અથડાયા :

"જા ભાઈ જા..."

ગોપાલે તરત તેમની આંખોમાં જોયું. ભીની આંખોમાં તેજ હતું. તે આંખોમાં વધુ જીવ ભરીને ફરી બોલી :

"જા મારા ગોપાલ, જા... પાસો વળીને જોતો નહીં હો."

ગોપાલને કશું સમજાતું ન હતું. તેણે તેના બાપુજી સામે જોયું. તે જાણે બધું સમજ્યા હતા. તેઓ રડતા રડતા બસ 'હા'માં માથું હલાવી રહ્યા હતા. ગોપાલને શું બોલવું, શું પૂછવું તેની ખબર પડતી ન હતી.

બા ઊભી થઈ. પોતાની સાડીના છેડેથી આંખો લૂછીને ગોપાલની બાજુમાં હીંચકે આવીને બેઠી. ગોપાલના ખભા પર પોતાના ગરમ હાથ મૂક્યા. દીકરાની આંખોમાં

જોઈને જાણે એ જનેતાએ એલાન ભર્યું. ગોપાલને ખેંચીને પોતાની છાતી સાથે વળગાડ્યો. જાણે કોઈ દરિયાને કિનારે તડફડતી માછલીને દરિયો મળી ગયો હોય એમ ગોપાલ તેની છાતીમાં સમાઈ ગયો. તે મોટેમોટેથી રડી પડ્યો. બા રડી રહી હતી. બાજુની ખુરશી પરથી ઊભા થઈને બધું જ સમજતા બાપુજી પણ બાજુમાં આવીને આ બંનેને ભેટી પડ્યા.

અહોહો... અદ્‌ભુત પળ હતી એ.

લાંબા શ્વાસો સાથે, રડતી આંખો સાથે, ધ્રુસકાં ભરતાં શરીરો સાથે આ ત્રણેય એકબીજાની બાહોમાં ભરાઈ ગયાં હતાં. ગોપાલની બા જગદંબાની જેમ પોતાના હારેલા દીકરાને કહી રહ્યાં હતાં :

"બટા, તું મારી આંખ્યું હામે સો ઈજ મારી હાટું હજાર બેટા જેટલું સે. તારે કરવું હોય ઈ કર. જા. જીવવું હોય એમ જીવ. તારા બાપનું નામ'ય નથી લગાડવું જા તને. તું પથરો નથ્ય. તું કેમ પીડાય સે ? તું તો પથરો થઈનેય પૂજાવાનો સો એક દિ', જા... તારે જી કરવું હોય ઈ કર. કોઈને કે'તો પણ નહીં કે તું હંસાબેનનો દીકરો સે. તારું નામય તો સોડી દે. તારો ભૂતકાળય સોડી દે. આવતીકાલની સિતાય સોડી દે. મારા વ્હાલા... તું એમ ને એમ પહેરેલે કપડે નીકળી જા. તારા જવાબ લેતો આવ જા. તને ખબર્ય નો હોય કે ક્યાં જાવું સે તોય ગમે ઈ બાજુ વયો જા, પણ આવી રીતે..."

બસ. એ જગદંબા એટલું જ બોલી શકી. માછલીને સમુંદરે છૂટ આપી દીધી પોતાની શોધ કરવાની. બાપુજીને કશું બોલવાનું હતું જ નહીં.

જ્યારે એ ત્રણ એકબીજાંથી અલગ થયાં ત્યારે ગોપાલનો જાણે નવો જન્મ થઈ ચૂક્યો. રસોડામાં જઈને તેણે બા-બાપુજી સાથે ચૂપચાપ જમી લીધું. વર્ષોથી તે બાપુજી સાથે એક જ થાળીમાં ખાતો. આજે પણ પેટ ભરીને બાજરાનો રોટલો અને અડદની દાળ પીધી. થાળીમાં રહેલી લીલી ડુંગળી ખાધી અને છાશ પણ પીધી.

જમીને ત્રણેય ચૂપચાપ સૂઈ ગયાં. ગઈ રાત્રે ગોપાલ બસમાં સૂતો જ ન હતો. આત્મહત્યાની કોશિશ પછી બીજી બસમાં ઊંઘ આવવી મુશ્કેલ હતી. બાના હાથના રોટલા ખાઈને તેણે કોઈ વિચાર કર્યા વિના આંખો બંધ કરી દીધી.

સાંજ પડી ગઈ.

અમદાવાદ રૂમ પર કુશાગ્રને ફોન કરીને બધો સામાન અને લેપટોપ એક સગાને ત્યાં મૂકી આવવા કહ્યું.

સાંજે ફરી બાને ગોપાલે સમજાવવાની કોશિશ કરી. તેને ખુદને ખબર ન હતી કે તે ક્યાં જવા માગે છે, શું કરવા માગે છે. બસ, તેને દૂર જવું હતું જવાબો શોધવા માટે. પોતાના સવાલો પણ તેને વધુ ખબર નથી. પોતાની બાને સમજાવી રહ્યો હતો કે તે થોડો સમય અલગ અલગ જગ્યાઓએ રખડશે અને કામ શોધી લેશે. કહેતો હતો કે મારું દુનિયા રખડવાનું સપનું હતું એ પૂરું કરીશ. ક્યાંકથી રૂપિયા કમાઈશ.

આજે હૃદય ચોખ્ખું હતું. પોતાની દરેક નબળાઈ સાથે તે વાતો કરી રહ્યો હતો. તે કહી રહ્યો હતો કે તેની લાઈફમાં કોઈ એવું મહાન દુ:ખ નથી, એવી કોઈ મોટી સમસ્યા

નથી, પરંતુ તે રોજે જિવાતી જિંદગીને જીવી નથી રહ્યો. તેને બદલવું છે. તેને આવતીકાલથી ખાવાપીવાની, રહેવાની, રૂપિયા કમાવાની ઉપાધિ કરવી જ નથી. તે કશુંક કરી લેશે એ બાબતોનું. તેને બસ પહેલાં તો શાંત થવું છે. પોતાની અંદર ઊઠેલી ચીસોને ચૂપ કરવી છે. તેને જાણવું છે કે પોતાને ગમતું કામ શું છે.

બા ડરી રહી હતી, પરંતુ આજે તેનો બેટો જાણે જ્ઞાનની શોધમાં બુદ્ધ બનવા નીકળેલા સિદ્ધાર્થ જેવી વાતો કરી રહ્યો હોય એવું લાગતું હતું. પોતાના કુમળા હૃદય પર જાણે કાળમીંઢ પથ્થર મૂકીને તે પોતાના દીકરાને જે કરવું હોય એ કરવા માટે કહી રહી હતી. જે દીકરો થાળીમાં બે રોટલી માગે ત્યારે એક વધારે મૂકી દે, દીકરો ઘરે ન પહોંચે ત્યાં સુધી સૂએ નહીં, જે સાંજે દૂર બેઠેલા દીકરા સાથે વાત ન થાય ત્યાં સુધી ખાવાનું ન ખાય, જે દીકરાના લગ્નનાં સપનાંઓ જોયા કરતી હોય અને તેને માટે સોનું અને સાડીઓ અત્યારથી જ વિચાર્યા કરતી હોય, જે મા ચાર દીકરીના જન્મ પછી આ એકના એક દીકરાના જન્મ માટે હજાર કિલોમીટર ચાલીને માનતા કરે અને જે જિંદગીભર વ્રત-પાઠ-કથાઓ અને હનુમાનચાલીસા બોલતી રહે કે જેથી દૂર ભણતો-કમાતો પોતાનો દીકરો સુખી રહે અને દીકરાની મનોકામનાઓ પૂરી થાય... એ સ્ત્રી... આજે પોતાના દીકરાની દરેક વાતમાં હા કહી રહી હતી.

કદાચ પોતાના ખૂન પર તેને ભરોસો હતો.

કદાચ દરેક સ્ત્રીમાં એ તાકાત હોતી હશે.

કદાચ પોતાના દીકરાના સવાલો તેને યોગ્ય લાગ્યા હતા.

આ એવો સમય હતો જ્યારે અંદરથી ઠંડા પડી ગયેલાં આ ત્રણેય શરીર એકબીજાં સામે જોઈને બેઠાં હતાં. એમના દિમાગ વિચારને જીરવી શકતાં ન હતાં, કારણ કે એક સાથે હજારો વિચાર જન્મતા હતા. સાંજ પડ્યે ગોપાલ નીકળી જવાનો હતો.

ગોપાલને પોતાના રસ્તાની ખબર ન હતી, મંજિલ પણ નહીં. તેને સવાલોની જાણ ન હતી અને જવાબો હજુ જન્મ્યા પણ ન હતા. તેને વર્તમાનનું ભાન ન હતું અને આવતીકાલ ક્યાં હશે તે પણ ખબર ન હતી. તેને ડર હતો અને અંદરથી તે મરી ગયો હતો. તેને જીવવું હતું અને અંદર કંઈક જન્મ લઈ રહ્યું હતું. તેને ગઈ રાત્રે બસ આગળ ઊભા રહીને મરી જવું હતું અને આજે રાત્રે બસમાં બેસીને ક્યાંક દૂર નીકળી જવું હતું.

શરીર પર કપડાં હતાં. બાએ જીદ કરીને પહેરાવેલું સ્વેટર હતું. ખિસ્સામાં સાતસો રૂપિયા પડ્યા હતા. છાતી અંદર હૃદય ધબકતું હતું. ખોપરીમાં દિમાગ બંધ હતું. સમય સ્થિર હતો. લાગણીઓ મરી ચૂકી હતી.

એવી ક્ષણ... જેમાં માણસ મરી ચૂક્યો હતો અને જન્મ પણ લઈ રહ્યો હતો.

ગામ ઉપર સૂરજનાં છેલ્લાં પીળાં કિરણો પથરાઈ ચૂક્યાં હતાં. ખેતરેથી ગાડાં અને ટ્રેક્ટર ઘરે જઈ રહ્યાં હતાં. પંખીડાંઓ ઘરે જઈ રહ્યાં હતાં. ગોપાલ ઘર બહાર જવા તૈયાર હતો. બાએ રડતાં રડતાં જૂની કાંસાની તાંસળીમાં ગાયનું દૂધ ભરીને દીકરાને આપ્યું હતું.

જમીને ગોપાલ પટેલ ઘરેથી નીકળી ગયો. હંમેશ માટે.

12

"ભાઈ, સામે કોઈ બસ પડી સે ?" પાછળથી અવાજ આવ્યો.

ગોપાલે પાછળ જોયું. એક ડોશીમા આ સવાલ પૂછી રહ્યાં હતાં. તે કમરથી વાંકા વળી ગયેલાં હતાં. આંખો પર મોતિયા માટેના હોય એવાં કાળાં ચશ્માં હતાં. શરીર ધ્રૂજી રહ્યું હતું. તેઓ થાકને લીધે હાંફી રહ્યાં હતાં.

તેમને જોઈને ગોપાલને દયા આવી. તે રાત્રે ઠંડી ખૂબ હતી. બસ સ્ટેશન પર ઊભેલી દરેક વ્યક્તિના નાક અને મોઢામાંથી ધુમાડા નીકળી રહ્યા હતા. ગોપાલે તરત જ બાજુમાં જઈને જવાબ આપ્યો :

"હા માડી...ત્રણ બસ ઊભી છે. તમારે ક્યાં જવું છે ?"

"ભાઈ, જૂનાગઢ જાવું સે. ઈ બસ પડી સે ?"

"હા માડી... જૂનાગઢની બસ પડી છે. તમને બેસાડી દઉં ?"

"હા ભાઈ. થોડી મદદ કરી દે."

ડોશીમાએ લાંબો હાથ કર્યો. તરત અહેસાસ થયો કે એ અંધ છે. ગોપાલ તેમનો હાથ પકડીને બસ અંદર સીટ સુધી લઈ ગયો. સીટ પર બેસીને ધ્રૂજતી દાઢી સાથે તેઓએ ગોપાલના માથે હાથ મૂક્યો અને બોલ્યા :

"સુખી થાઓ..."

ગોપાલ મુસ્કુરાયો. તેઓએ પોતાના હાથમાં રહેલી થેલીને ખોળામાં મૂકીને ફરી કહ્યું : "જોજે ભાઈ, તારી બસ હાલતી નો થઈ જાય હો."

"મારી કોઈ બસ નથી માડી." ગોપાલે કહ્યું.

"અરેરે... તો તો તમને મેં હેરાન કર્યા." તેઓ મુસ્કુરાઈને બોલ્યાં.

"ના. હું કોઈ પણ એક બસમાં બેસીને ક્યાંક દૂર ચાલ્યો જવા માગું છે માડી."

"લે. કેમ ઘરેથી ભાગી ગ્યો સો ?"

"ના. દુનિયાથી ભાગી જવાની ઇચ્છા થઈ છે. હું ખુશ ન હતો મારા જીવનથી, એટલે માબાપની પરવાનગી લઈને ઘરેથી ચાલી નીકળ્યો છું, મારા જીવવાનો અર્થ શોધવા." ગોપાલનો જવાબ સાંભળીને ડોશીમાના કપાળ પર ચિંતાની કરચલીઓ દેખાઈ. એટલામાં જ બસ ચાલુ થઈ. ગોપાલ તેમની બાજુમાં સીટ પર બેસી ગયો. ડોશીમાએ તેના હાથને પકડ્યો અને બોલ્યાં :

"તો આ બસમાં જૂનાગઢ આવશે હો."

"હા માડી. મારે આ બસમાં જ બેસવું હતું. ગિરનારની તળેટીમાં ચાલ્યો જઈશ... કોઈ આશ્રમ અંદર."

"અરેરે..." તેઓએ નિસાસો નાખ્યો. ગોપાલે વાત બદલવા પ્રયત્ન કર્યો :

"તમે મોતિયાનું ઑપરેશન કરાવ્યું છે ?"

"ના ભાઈ... મેં આંખ્યું આપી દીધી સે દાનમાં. મારા દીકરાને." તેઓ બોલ્યાં

અને બારીમાંથી આવતા ઠંડા પવન તરફ પોતાનો ચહેરો કરી ગયા.

"ઓહ ગૉડ. આંખો વિના અંધકારમાં જીવવું મુશ્કેલ થઈ જતું હશે નહીં ?" ગોપાલે તેમના સફેદ વાળ સામે જોઈને પૂછ્યું.

"હા... આયખું થોડું પરાધીન થઈ ગ્યું સે. પણ..."

"પણ તમે ખુશ જો આ જીવનથી ?"

"કેમ ખુશ ના હોઉં ? આંધળાઓને મોજમાં રે'વાનો અધિકાર નથી ?"

"મારો કહેવાનો મતલબ છે હવે તમને ખુશ થવા માટેનું કારણ એવી આ દુનિયા જ દેખાતી ન હોય તો..."

"માણહને ખુશ થાવા માટે કોઈ કારણની જરૂર થોડી પડે. આનંદ તો આતમામાંથી જનમે અને આતમો એને ઉસેરે. એમાં માણહને રોવા થોડું બેહાય સે."

ગોપાલના હાથનાં રૂંવાડાં ઊભાં કરી નાખતું એ વાક્ય હતું. એ વાક્ય બોલીને એ આંધળી ડોશી ગોપાલ સામું જોઈને મુસ્કુરાઈ અને તેના બોખા મોઢામાંથી જાણે જીવેલી જિંદગીનો સાર નીકળી ગયો. ગોપાલને વધુ સાંભળવું હતું. તેણે કહ્યું : "માડી સમજાયું નહીં."

"અરે ભાઈ... તું મને કે આ બારીમાંથી ફૂંકાતા પવનને મોજ હશે તઈ જ ઈ ફૂંકાતો હશેને ? આ પૂનમના સાંદાની ઉપર ભમતાં વાદળાંને મોજ હશે તઈ જ પોતે આભે ઝૂલતાં હશેને ? બીજું કંઈ નહીં પણ તારા ખેતરમાં કોઈ કપાહનો સોડવો જમીન તોડીને ઊભો થાતો હોય ઈ કંઈ મોજ વિના તો નો જ થાતો હોય. આ માણહ જ આખી દુન્યામાં એવો સે જેને મોજમાં રે'વા કારણોની જરૂર પડે સે. પ્રેમની ને પૈસાની ને નત્ય-નવા શોખની જરૂર પડે સે."

ગોપાલ ચૂપ થઈ ગયો. જાણે એંશી વરસના જીવતરને જોયેલી આ વ્યક્તિ પોતાના એક-બે વાક્યમાં બધું જ કહી જતી હતી. તે બારી બહાર દેખાતા ચાંદાને જોવા લાગ્યો. ચાંદો બસની સાથે ભાગી રહ્યો હતો અને ચાંદનીમાં કાળાં દેખાતાં વૃક્ષો પાછળ સંતાઈને બહાર નીકળ્યા કરતો હતો. ઘણીવાર સુધી તે ચૂપ રહીને વિચાર્યા કર્યો. કંડક્ટર ટિકિટ લઈ ગયો. સમય ભાગી રહ્યો હતો. ડોશીમા સૂઈ ગયાં હતાં. ગોપાલને તો હજુ જાગવાનું હતું.

મોડી રાત્રે એક વાગ્યે બસ જૂનાગઢમાં ઊભી રહી. તેણે ડોશીમાને હાથ પકડીને નીચે ઉતાર્યાં. તેમને પૂછ્યું :

"માડી અહીંથી ઘરે કેમ જશો ?"

"અરે ઈ ક્યાં ઉપાધિ સે. ઘર નજીક જ સે અને હવે તો રસ્તો એની મેળે સૂઝી જાય સે." કહીને તેઓ ચાલતાં થયાં. ગોપાલને તેમને ઘણું પૂછવાની ઇચ્છા થતી હતી. માત્ર એક સવાલ કરવો હતો. થોડે દૂર અંધારામાં એમની પાછળ જઈને તેણે ધીમા અવાજે પૂછ્યું :

"માડી હવે હું શું કરું ?"

ડોશીમાએ પાછું ફરીને જોયું. હસ્યાં. આજુબાજુ કૂતરાંઓ ભસી રહ્યાં હતાં.

તેઓ બોલ્યાં :

"આ તનેય બધુંય સૂઝી જાહે. હાલતો રે. કાંઈક તો થાહે જ ને." બોલીને તેઓ ફરી ચાલતાં થયાં. ગોપાલને તેમની સાથે જવું હતું, પરંતુ પોતાનો રસ્તો અલગ હતો. ડોશીમાની ચારે તરફ કૂતરાં ટોળું વળીને ભસી રહ્યાં હતાં અને તેઓ બસ ચાલ્યે જતાં હતાં. ગોપાલને કૂતરાંને લીધે તેઓ ભટકી પડશે એવો ડર લાગ્યો એટલે મોટેથી બૂમ પાડીને પૂછ્યું :

"માડી, તમારું ઘર ક્યાં છે ? મૂકી જાઉં ?"

તેઓ ચાલતાં ચાલતાં ખૂબ ધીમેથી બોલ્યાં : "મારું ઘર જ ક્યાં સે ?"

ગોપાલે એ સાંભળ્યું નહીં. એ બસસ્ટેશન તરફ પાછો ફર્યો અને ચાની લારી પર જઈને સિગારેટ માગીને બેન્ચ પર બેઠો. ઠંડી ખૂબ હતી.

દિમાગ શાંત હતું. શરીર ધ્રૂજી રહ્યું હતું. ચાની લારી પર માણસો ચૂપ હતા. માત્ર કેરોસીનના પ્રાઇમસનો અવાજ આવી રહ્યો હતો. ગોપાલ ત્યાં કલાકો સુધી બેઠો રહ્યો.

આ ગર્જનાઓ કરતા પ્રાઇમસની જેમ જીવવાની ઇચ્છા થઈ રહી હતી. અવાજ કરવા હતા. બળવું હતું. આગ પેદા કરવી હતી. પછી બુઝાઈ જવું હતું.

રાત્રિના ચાર વાગ્યા હતા. ચા બનાવનાર માણસ સવારની ચા મૂકી રહ્યો હતો. પોતાની હથેળીમાં ચા લઈને ચાખી રહ્યો હતો. ગોપાલે તેમને પૂછ્યું :

"કાકા, અહીંયા આ તળેટીમાં નાગાબાવાઓ ક્યાં રહે છે ?"

ગોપાલનો સવાલ સાંભળીને ત્યાં ઊભેલા બીજા બે-ત્રણ માણસો હસ્યા. ચા બનાવનાર માણસ બોલ્યો :

"આ ગરનાર સે ભાઈ. પોતાની છાતી અંદર્ય કેટલાયે જોગીઓને સમાવીને પડ્યો સે. એ ફકીરોના ઠેકાણાં નો હોય. ક્યાંક જંગલમાં છુપાઈને બેઠા હશે. કેમ શું થયું ?"

"કંઈ નહીં. મારે ત્યાં જવું છે."

"નહીં મળે. અત્યારે આ સિઝનમાં તો ઈ બધાય ચલમું અને ગાંજા ઠપકારીને પડ્યા હશે ગુફાઓમાં."

"પણ મારે મળવું છે એ માણસોને."

"તો એક કામ કરો. હમણાં એક મારગ બતાવું. બેસો થોડીવાર."

ગોપાલ બેઠો રહ્યો. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. તેણે ફરી એક સિગારેટ ફૂંકી. પેટમાં ભૂખ જાગી રહી હતી. ખિસ્સામાં હજાર રૂપિયા પડ્યા હશે. ગોપાલને તે રૂપિયાની પડી ન હતી. હવે તો બસ...

...બસ, નાગું થવું હતું.

...બસ, કોઈ કારણ વિના આ કહેવાતી દુનિયા અને એની દુનિયાદારીથી ભાગીને આ જંગલમાં જઈને નાગું થઈને પડ્યું રહેવું હતું.

થોડીવાર પછી એક બાવો ત્યાં આવ્યો. શરીર પર એક સફેદ ગંદું કપડું વીંટાળેલું

હતું. કપાળ પર ભસ્મ હતી. ઉઘાડા પગ. માથા પર લાંબા વાળનો અંબોડો લીધો હતો. હાથમાં ધુમાડા કાઢતી ચલમ હતી. ચાની લારી પર આવીને તે ચૂપચાપ ઊભો રહ્યો. તેના ચહેરા પર તેજ હતું. જાણે જગતની કશી જ પરવા તેને ન હતી.

ચા આપવામાં આવી. ગોપાલે ચાવાળા સામે જોયું અને ઇશારો કર્યો. ચાવાળાએ ગોપાલ તરફ આંગળી ચીંધીને બાવાને પોતાની ભાષામાં કહ્યું :

"ઇસ લડકે કો આના હૈ તેરે સાથ. જંગલ મેં. નંગા બાવા બનના હૈ. લેજા."

બાવાએ શાંત ચહેરે ગોપાલ સામે જોયું અને પછી અચાનક આકાશ સામે જોઈને મોટેમોટેથી હસવા લાગ્યો. તેનું હાસ્ય પણ પહાડી હતું. ઠંડીને લીધે તેના ગળામાંથી નીકળતા ધુમાડાઓ ઉપર તરફ જઈને ઊડી રહ્યા હતા. તે ચૂપ થઈ ગયો અને ગોપાલ સામે એક નજરે જોવા લાગ્યો. ગોપાલ તેની આંખોમાં જોઈ રહ્યો.

"પતા હૈ મૈં કોન હૂં ?" તે ગોપાલની નજીક બેન્ચ પાસે આવીને બોલ્યો, "હમ અઘોરી હે." ગોપાલ તેની સામે મુસ્કુરાયો. બસ, પછી કોઈ કશું બોલ્યું નહીં. બાવાએ ચા પીધી અને ચૂપચાપ અંધારા તરફ ચાલતો થયો.

જા... એની પાછળ પાછળ ચાલ્યો જા. ઊભો થા. મનમાં અવાજો પેદા થતા હતા.

ગોપાલ ઊભો થયો અને બાવાની પાછળ પાછળ ચાલતો થયો. બાવો ખૂબ ઝડપથી ચાલી રહ્યો હતો. તેણે પાછળ ફરીને ગોપાલ સામે જોયું. ગોપાલ મુસ્કુરાયો. બાવો ચાલતો રહ્યો.

શહેરમાં ધુમ્મસ હતું. ચાર-પાંચ કિલોમીટર ચાલીને ગોપાલ હાંફી રહ્યો હતો. દિમાગ કોઈ વિચાર પેદા કરતું ન હતું.

જે થાય તે થવા દે. બસ તું જા.

ગિરનારની તળેટી આવી. જંગલ ચાલુ થયું. બાવો નાનકડી દીવાલ કૂદીને જંગલમાં ઘૂસ્યો. ફરી પાછળ જોયું. પાછળ ધુમ્મસ ભરી ઝાડીઓમાંથી આવતા ગોપાલના શરીરને જોયું. તે ઊભો રહ્યો. ગોપાલને હૃદયમાં ફ્રાસ્કો પડ્યો. *એની પાસે જા.* તે બાવા પાસે જઈને ઊભો રહ્યો. બંને ફરી ચૂપચાપ સાથે ચાલતા થયા. અંધારું હતું. ઠંડીમાં લાંબા અવાજે રડતાં કૂતરાંઓના અવાજ આવી રહ્યા હતા. જમીન પર ખરેલાં સૂકાં પાંદડાંઓ નીચેથી ગરોળીઓ અને ખિસકોલીઓ ભાગતી હોય એવા અવાજો આવી રહ્યા હતા. કોઈ રસ્તો ન હતો. નવો રસ્તો બની રહ્યો હતો. મોટા પથ્થરો આવી રહ્યા હતા.

બાવો ઊભો રહ્યો. અંધારામાં જોરથી સાદ પાડ્યો : "અલખ નિરંજન..."

એ સાવજ જેવા અવાજથી ગોપાલ ભડકી ગયો. હાથમાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. થોડીવાર પછી ઝાંખા અંધારામાં ધુમ્મસ વચ્ચે બીજાં બે શરીર દેખાયાં. છાતી પર ગરમ ભસ્મ ચોળતાં બે પાતળાં નગ્ન શરીર. તેમણે નજીક આવીને ગોપાલને જોયો. તેમને જાણે કશો જ ફર્ક પડતો ન હતો. તેમના શરીરને ગોપાલ જોતો રહ્યો. નીચે લબડતા અંગ અને તેની ફરતા વાળના ગૂંચળાને જોતો રહ્યો. ચારેય અજાણી દિશામાં ચાલવા લાગ્યા.

"કપડેં નિકાલ દે." ચાલતા ચાલતા એક બાવો બોલ્યો.

ગોપાલને ખબર પડી કે તે તેને કહી રહ્યો હતો. બીજી જ સેકન્ડે ચાલતાં ચાલતાં જ ગોપાલે પોતાનું સ્વેટર, શર્ટ અને પેન્ટ કાઢીને ઝાડીઓમાં ફેંકી દીધાં. બાવાએ તેની સામે જોયું. ગોપાલે પેન્ટના ખિસ્સામાંથી હજાર રૂપિયા કાઢીને હાથમાં પકડીને રાખ્યા હતા અને Jockey લખેલી ચડ્ડી હજુ પહેરેલી હતી. પગમાં ચંપલ હતી.

બાવો ઊભો રહ્યો અને મોટેથી બોલ્યો : "નંગા હોજા બચ્ચે. ઈધર સબ નંગે હે. પૂરી દુનિયા નંગી હે."

ગોપાલે તરત જ ચડ્ડી કાઢીને ફેંકી દીધી. થોડા ગુસ્સામાં હાથમાં રહેલી નોટોને છેલ્લીવાર જોઈ અને પછી જોરથી હવામાં ઉડાડી દીધી. ચંપલ અંદરથી પગ કાઢી નાખ્યા અને બીજો વિચાર કર્યા વિના એ બધાની સાથે ચાલવા લાગ્યો. અંધારા અને ધુમ્મસ વચ્ચે ઠંડી હવા શરીર પર વાગી. ઝાડીઓ અને કાંટાઓ શરીર સાથે ઘસાયા.

હજુ સવાર થવાને વાર હતી.

એ ચાર નગ્ન આદમીઓ ઊભા રહ્યા.

સામે બે મોટા પથ્થરની નીચે એક મોટી ગુફા હતી. અંધકાર હતો. ગુફાના પ્રવેશ આગળ ધુમ્મસ હતું. બહાર પાણીનું એક નાનકડું ખૂબ પાતળું ઝરણું વહી રહ્યું હતું. ઝરણાના પાણીની અંદર એક અઘોરી આંખો બંધ કરીને મડદાની જેમ પડ્યો હતો. તેના શરીર પરથી રાખ નીકળીને પાણીમાં વહી રહી હતી. તેના લાંબા વાળ પાણીમાં ફેલાયેલા હતા.

ગોપાલનું શરીર ઠંડું પડી ગયું હતું. ડર અને ઠંડી હવાને લીધે તે ધ્રૂજી રહ્યો હતો. ચિક્કાર શાંતિ હતી. માત્ર પાણીનો વહેવાનો અવાજ આવી રહ્યો હતો.

પાણીમાં પડેલા અઘોરીએ આંખો ખોલી. ગોપાલને તેણે જોયો. ગોપાલના નગ્ન શરીરને જોયું. તેના ચહેરા પર તેજ હતું. તેને જાણે જગતની કશી જ પડી ન હતી. ગોપાલ ધુમ્મસ વચ્ચે દેખાતા તેના ચહેરાને, તેની દરિયા જેવી વાદળી આંખોને જોતો રહ્યો. ગોપાલ સાથે ઊભેલા ત્રણેય બાવાઓ ગુફાની અંદર ચાલ્યા ગયા.

પાણીમાં પડેલો અઘોરી ઊભો થયો. તેના પગના ગોઠણ સુધી લાંબા વાળ પરથી ભીની માટી નીચે ખરી રહી હતી. તે ગોપાલની બાજુમાં આવ્યો. ગોપાલ કોઈ પૂતળાની જેમ સ્થિર ઊભો રહીને અઘોરીની આંખોને જોઈ રહ્યો હતો. ગોપાલની નજીક આવીને તે ઊભો રહ્યો. ગોપાલના ચહેરાની નજીક તે પોતાનો ચહેરો લઈ ગયો.

કેટલીયે ક્ષણો સુધી તે ગોપાલની આંખોની અંદર જોતો રહ્યો. ગોપાલ તેની આંખોને જોતો રહ્યો.

અચાનક કોઈ મગર પોતાના શિકારને પકડી લે તે રીતે પોતાના બરફ જેવા ઠંડા ભીના હાથથી ગોપાલનું નીચેનું અંગ પકડી લીધું અને ગોપાલના શરીરમાં વીજળી ઘૂસી જાય તેવો તીવ્ર ચમકારો થયો. જાણે કોઈ બાળક પોતાની ઊંડી ઊંઘમાંથી અચાનક જાગીને ધ્રૂજી જાય અને પછી ગભરાય જાય એવી રીતે ગોપાલનું શરીર ધ્રૂજી ગયું.

શરીરમાંથી વીજળી પસાર થઈ. અવાજ નીકળી ગયો. અઘોરી મોટેમોટેથી હસવા લાગ્યો. ગોપાલ ફાંટેલી આંખોથી તેને બસ જોતો રહ્યો. વર્તમાનનું ભાન થઈ રહ્યું હતું. દિમાગમાં હજારો સંવેદનાઓ ઊછળીને શમી ગઈ હતી.

ગોપાલ તે અઘોરી સામે મુસ્કુરાયો. પછી અચાનક બંને એકબીજા સામે જોઈને હસવા લાગ્યા. હવે ડર ન હતો. અઘોરીએ અંગ મૂકીને ગોપાલનો હાથ પકડી લીધો. તેણે ગોપાલને પોતાની સામે પાણીમાં બેસાડ્યો. પાણી પર હાથ મારીને તેણે ગોપાલ પર પાણી ફેંક્યું. ગોપાલ હસ્યો.

થોડી જ વારમાં ઠંડા બરફ જેવા પાણીમાં એ બંને આળોટવા લાગ્યા. ગોપાલે પોતાના શરીર પર માટી ચોળવા માંડી. પોતાના ચહેરા પર માટી ઘસી નાખી. પાણીમાં પડ્યા પડ્યા ઉપર નીલું આકાશ દેખાઈ રહ્યું હતું. ચમકતા તારાઓ ધીમેધીમે આથમી રહ્યા હતા. દૂરદૂર આકાશમાં જંગલી ગીધ પાંખો ફેલાવીને ઊડી રહ્યા હતા. પેલો અઘોરી તેની બાજુમાં સૂતો હતો અને કશુંક ગાઈ રહ્યો હતો.

શબ્દો ન હતા. ગળામાંથી માત્ર અવાજ નીકળી રહ્યા હતા.

ગોપાલ પણ તેની સાથે અવાજો કરવા લાગ્યો.

આ અજાણી દુનિયામાં આવીને આ શું કરી રહ્યો છે ગોપાલ ? મનમાં અવાજો ઊઠી રહ્યા હતા.

તે બંને નાચતાં નાચતાં મોટામોટા અવાજો કરવા લાગ્યા. તેમને જોવા માટે ગુફા અંદરથી છ-સાત નાગા બાવાઓ બહાર આવ્યા અને આ નાચ જોઈને હસવા લાગ્યા.

તું ક્યાં હતો અને ક્યાં પહોંચ્યો છે ?

તું કોણ છે ?

આ તું છે ?

ગોપાલ વધુ જોરથી નાચવા લાગ્યો. પોતાના ગળામાંથી નીકળતું કોઈ શબ્દ વિનાનું ગીત પહાડી અંદર પડઘાઈ રહ્યું હતું. કોઈ સૂકા રણમાં ઊઠેલા ગાંડા વંટોળની જેમ આ બંને શરીર પાણી ઉડાડતા નાચી રહ્યા હતા. ગોપાલ સાથે નાચતા અઘોરીના વાળ ચારે તરફ હવામાં ઊછળી રહ્યા હતા. ગોપાલ પણ પોતાના બંને હાથ ફેલાવીને ગોળગોળ ફરતો હતો અને આકાશ સામે જોઈ રહ્યો હતો.

આંખોમાંથી આંસુ નીકળ્યાં. નીચે ખરીને પાણીમાં વહી ગયાં.

તું જે છે એ સામે આવ. કેમ રડે છે ?

તું અહીં કેમ છે ?

તે ધીમો પડ્યો. સ્થિર થઈ ગયો. આકાશ તરફ જોઈ રહ્યો. બાજુમાં હજુ પેલો અઘોરી નાચી રહ્યો હતો.

જા ગાંડા જા. ઘરે પાછો ભાગી જા. જે જિંદગી હતી એ સ્વીકારી લે.

ના. ઘરે નથી જવાનું. તારી જાતને શોધવાની છે. તારું ગમતું કામ શોધવાનું છે. તારી જિંદગી શોધવાની છે. અહીં પડ્યું રહેવાનું છે.

ગોપાલને સ્થિર જોઈને પેલો અઘોરી ઊભો રહ્યો. હાંફી રહેલા ગોપાલની આંસુ

ભરેલી આંખો જોઈ. જાણે બધું જ સમજી ગયો હોય અને જાણે બધું જ જાણતો હોય એમ તેણે ગોપાલના ખભા પર હાથ મૂક્યો. ગોપાલે તેના ચહેરા સામે જોયું અને તેના શબ્દો સાંભળ્યા :

"બેટે... છોડ દે સબ. ભૂલજા સબ. તેરે સીને મેં જો આગ હૈ વો ઉગાલ દે. તેરે સીને મેં જો બચ્ચા બેઠા હે ઉસે બહાર નિકાલ દે. નાચ ગોપાલ, ચિલ્લા દે. નયા જનમ લે. ભૂલા દે. આવાઝ દે ખુદ કો..."

બસ... બીજી જ ક્ષણે ગોપાલે ફરીથી નાચવાનું શરૂ કર્યું. ગળામાંથી રાડો નાખવાનું શરૂ કર્યું. જાણે પોતાની જાત સાથે બદલો લઈ રહ્યો હોય એમ એ અવાજો કાઢી રહ્યો હતો. જાણે છાતીમાં ઍસિડ ભર્યું હોય અને એ બધું જ ઍસિડ એ ઊલટી કરવા માગતો હતો. નાચતાં નાચતાં પોતાની જિંદગી સામે આવતી હતી. દિમાગમાં જૂનાં દૃશ્યો આવી રહ્યાં હતાં.બાળપણમાં બહેનની આંગળી પકડીને ખભે બૅગ લઈને સ્કૂલે જતું બાળક, ધીમેધીમે મોટા થઈને શેરીમાં દોસ્તો સાથે ક્રિકેટ રમતો ગોપાલ, પરીક્ષાઓમાં રાત્રે વાંચતો યુવાન, કૉલેજના, બેકારીના, રડવાના એ દિવસો, એક બંધ કૅબિનમાં મડદું પડ્યું હોય એમ ઑફિસમાં કામ કરતો યુવાન. રોડ પર ઊભા રહીને આત્મહત્યા કરતો યુવાન.માબાપના લાચાર ચહેરા. જૂના અવાજો.માબાપના છેલ્લા અલવિદાના અવાજો. નાગો બાવો.

દિમાગમાં કોઈ ધૂન ચડી રહી હતી.

પોતાની છાતી પર કોઈએ ધગધગતા કોલસાનો ડામ આપ્યો હોય તે રીતે રાડો નાખી રહ્યો હતો. ગળું ફાડીને તે રાડો નાખી રહ્યો હતો અને શરીરનાં હાડકાં ભાંગી પડે એ રીતે નાચી રહ્યો હતો. હવે બીજા છ-સાત અઘોરી બાવાઓ પણ તેમની સાથે નાચી રહ્યા હતા. બધા એકસાથે અવાજો કરી રહ્યા હતા. જંગલના એ ભાગમાં જાણે કોઈ જવાળામુખી જાગ્યો હોય એમ એ અવાજોથી આસપાસના પક્ષીઓ ઊડી જઈ રહ્યાં હતાં. અવાજ સાંભળીને દૂર કૂતરાંઓ ભસવા લાગ્યાં હતાં અને વાંદરાંઓ ડાળીઓ પર કૂદકા મારતા એ દિશામાં જઈ રહ્યાં હતાં.

હવે હૃદય અને મન શાંત થઈ ગયું. અંદરની આગ અને પીડા શમી ગઈ. અચાનક બાવાઓનો અવાજ ધીમો પડ્યો અને બધા પાણીમાં બેસીને એક સાથે કોઈ સૂફી ધૂન ગાવા લાગ્યા. ગોપાલ પણ પાણીમાં બેસી ગયો અને ચૂપ થઈને આંખો બંધ કરીને આ ધૂન સાંભળવા લાગ્યો. શબ્દો વિના માત્ર અવાજોથી ઉત્પન્ન થયેલી એ ધૂનમાં અજીબ તાકાત હતી.

ગોપાલ તે ધૂન સાંભળીને ભાન ભૂલી ગયો. પોતે ક્યાં બેઠો છે, શું કરી રહ્યો છે, શા માટે તેણે આંખો બંધ કરી છે તેનું કશું જ ભાન ન હતું. એ અવાજો તેને અંધકારમાં ખેંચી રહ્યા હતા. તે વિચારશૂન્ય બની ગયો હતો અને તેનું શરીર તેનાથી અલગ થઈ ગયું હોય એવી અનુભૂતિ થઈ રહી હતી. તે કોઈ અજાણ્યા અંધકારમાં પ્રવેશી રહ્યો હોય એવું લાગી રહ્યું હતું. ત્યાં કોઈ દિશા ન હતી અને તે શરીર વિના ત્યાં અંધારામાં ચાલ્યો જતો હતો.

એ અંધકારમાં ક્યાંક એક પ્રકાશની અનુભૂતિ થઈ રહી હતી. જાણે એ દિશા તેને બોલાવતી હતી. કદાચ આ ભાન ભુલાવી દેતો અવાજ એ દિશામાંથી આવી રહ્યો હતો.

અચાનક ધૂન ઊભી રહી ગઈ. એક અઘોરીએ ગાલ પર થપ્પડ મારીને ગોપાલને ઉઠાડ્યો. તે ઝબકી ગયો. આંખ ખૂલી. વર્તમાનનું ભાન થયું. ગોપાલનો ડરી ગયેલો ચહેરો જોઈને બધા અઘોરીઓ મોટે મોટેથી હસવા લાગ્યા.

કશુંક હતું જે સ્પર્શી ગયું હતું. ગાયબ થઈ ગયું હતું.

બપોરે ગોપાલ ગુફાની અંદર ખૂણામાં અંધારામાં પડ્યો હતો. હોઠ સુકાઈ રહ્યા હતા. તેણે ગાંજો પીધો હતો. ગાંજાને લીધે શરીર નિર્જીવ થઈ ગયું હતું. ચામડાની મોટી નગ્ન બૅગ અંદર લોહી અને હાડકાં ભરી દીધાં હોય અને તેને ઊંચકીને ખૂણામાં મૂકી દીધી હોય એવી રીતે ગોપાલ આંખો બંધ કરીને પડ્યો હતો. શરીર સ્થિર હતું. દિમાગ વિચારો સર્જી શકતું ન હતું. પેટમાં ભૂખ હતી. બાજુમાં બીજા બે-ત્રણ બાવાઓ પણ પડ્યા હતા. તેઓની પાસે કેળાંનો ઢગલો પડ્યો હતો અને તેઓ તેમાંથી કેળાં લઈને ખાઈ રહ્યા હતા.

સાંજ સુધી ગોપાલ અર્ધજાગૃત સ્થિતિમાં પડ્યો રહ્યો. ગાંજાની અસરને લીધે મોઢામાંથી લાળો નીકળીને નીચે માટીમાં પડી રહી હતી. એક બાવો આવીને તેને એક કટોરીમાં કેળાંના છોડનો રસ આપી રહ્યો હતો. ગોપાલ તે ચીકણા રસનો કટોરો પણ પીઈ ગયો હતો. પેટમાં ઠંડકનો અનુભવ થઈ રહ્યો હતો.

સવારથી બધા જ બાવાઓ અલગ અલગ દિશાઓમાં જઈને પડ્યા હતા. કોઈ બાવો પથ્થર પર ચડીને સૂરજ સામે આંખો બંધ કરીને તપમાં બેઠો હતો, તો કોઈ ગુફામાં આગ પેટાવીને શરીર પર ગરમ ભસ્મ ચોળી રહ્યો હતો. કોઈ ફળો અને ખોરાક શોધતો જંગલમાં ભટકી રહ્યો હતો, તો કોઈ પથ્થરોમાંથી કુદરતી રીતે ફૂટેલા પાણીના સ્રોત આગળ બેસીને શિવજીના મંત્રોચ્ચાર કરી રહ્યો હતો.

ગોપાલ મોડી સાંજે ઝાંખું અંધારું થયા પછી બહાર આવ્યો. શરીર પર ઠંડી લાગી રહી હતી. ગાંજાનો નશો ઊતરી ગયો હતો. ગુફાની અંદર પડેલાં કેળાં ખાઈને તેની ભૂખ મરી ગઈ હતી. તે ગુફાની બહાર જંગલમાં રખડવા લાગ્યો. કાતિલ ઠંડી વચ્ચે સિંહની ગર્જનાઓ સંભળાતી હતી. કોઈ પથ્થર પર ચડીને જોયું ત્યારે સામે ગિરનારની ભવ્ય પર્વતમાળા દેખાતી હતી. સાંજના અંધકારમાં જાણે કોઈ મહાકાય બુદ્ધની મૂર્તિ પડી હોય એવો એ પર્વત હતો. તેના સૌથી ઊંચા દત્તાત્રેય શિખર પર ચડવા માટેનાં પગથિયાંની આસપાસ લાઈટના ગોળાઓ ચમકી રહ્યા હતા. વધુ ઊંચા એક પથ્થર પર ચડીને ગોપાલે જોયું તો નીચે જૂનાગઢ શહેર ચમકી રહ્યું હતું. ગોપાલ વિચારી રહ્યો.

માનવજાત...

સાંજ પડ્યે પોતાના ઘરોમાં છુપાઈ જતી માનવજાત. પોતાના ન ગમતા કામથી પીડાતી અને ચૂપ રહેતી માનવજાત. બિચારી રોજે અંદર અંદર રડતી આદમીની જાત.

આ ચમકતી લાઇટો વચ્ચે જીવતા લાખો માણસોને નાગા બાવા બની જવું જોઈએ. ભાગેડું ભાગી ગયો છું હું તારાથી. મને ગુસ્સો છે આજકાલનો માણસ જે રીતે જીવવા લાગ્યો છે તેનાથી. તમે પહેલાં જીવતા શીખો. પણ તમે તો ન ગમતાં કામ કરીને રૂપિયા કમાવામાં દિવસે દિવસે મરી રહ્યા છો.

થૂં...

એ શહેર તરફ થૂંક્યો. ઠંડી હવાની લહેર આવી અને એ થૂંક તેની ઉપર જ પડ્યું.

તે પથ્થરથી નીચે ઊતર્યો. ફરી જંગલમાં રખડવા લાગ્યો. તે જે ગુફા પર હતો ત્યાંથી આસપાસ ઘણી ગુફાઓ હતી. દરેક ગુફામાં બે-ચાર બાવાઓ પડ્યા હતા. એક-બે ફાનસ પડ્યાં હતાં અને ગુફાઓ પીળા પ્રકાશમાં ચમકી રહી હતી. એક પછી એક ગુફાની અંદર જઈ તે બાવાઓ સામે હસી રહ્યો હતો. કોઈ સામે હસી રહ્યું ન હતું. દરેક બાવો પોતાની ધૂનમાં મસ્ત પડ્યો હતો.

રાત થઈ ચૂકી હતી.

આજે થાક લાગ્યો હતો. તે ગુફાની અંદર ખૂણામાં સૂઈ ગયો.

બે દિવસ વીતી ગયા. તે આખો દિવસ ગાંજો અને ચલમ પીને બીજા બાવાઓ સાથે ગુફામાં પડ્યો રહેતો હતો. શરીર રબર જેવું ઢીલું બની ગયું હતું. દિમાગ બેચેન બની રહ્યું હતું. અહીં ગુફામાં તેને એકલું લાગી રહ્યું હતું. બે દિવસ જાણે બે વરસ જેવા લાગી રહ્યા હતા. બપોર નજીક કોઈ બાવો આવતો અને રોજની જેમ થોડા જંગલી ફળો લેતો આવતો હતો. સાંજ નજીક કોઈ બાવો થોડો સામાન સાથે લાવતો અને ચૂલો પેટાવી લોટને શેકતો. એ શેકેલા લોટનો કટોરો ગોપાલ તરફ ફેંકતો. કોઈ એકબીજા સાથે બોલતું ન હતું. સાંજ નજીક ગુફામાં ફાનસ થતું એટલે ગોપાલ મનને શાંત કરવા પ્રયત્ન કરતો. પીળા પ્રકાશની અંદર તે આંખો બંધ કરીને કોઈ યોગીપુરુષની જેમ ધ્યાન કરતો. દિમાગને વિચારશૂન્ય બનાવવા પ્રયત્ન કરતો. દિમાગમાં હજારો દૃશ્યો ઊભાં થતાં.માબાપ,બહેનો, દોસ્તો અને ખુદની જિંદગીના અલગ અલગ ચહેરાઓ દિમાગમાં જન્મીને મરી જતા.

ચાર-પાંચ દિવસમાં ગોપાલનું શરીર ફીકું પડી ગયું. પહેલા દિવસે સવારે જે રીતે બાવાઓ ભેગા થઈને નાચગાન કરી રહ્યા હતા તેવું હવે કશું જ થતું ન હતું. ગોપાલે ગુફામાં પોતાની પાસે પડ્યા રહેતા એક બાવાને સવાલ કર્યો :

"બધા ક્યાં ગયા છે અને હવે કેમ કોઈ નાચતું નથી ?"

"હમ અઘોરી હૈ. યહી તો હોતી હૈ હમારી જિંદગી. કભીકભી મહિનોં તક હમ બોલતે નહીં હૈ, ખાતે નહીં હૈ, ધ્યાનમેં ચલે જાતે હૈ. આદમી મર જાયે તબ તક તપમેં બૈઠા રહતા હૈ." તે અઘોરી બોલ્યો.

13

લગભગ દસ દિવસ વીતી ગયા હતા. જિંદગી રૂટિન બની ગઈ હતી. ગાલ અને આંખો થોડાં ઊંડાં જતાં રહ્યાં હતાં. કોઈ દિવસ એ જંગલની અંદર એમ જ રખડવા નીકળતો. દિવસ આખો વૃક્ષો વચ્ચે નગ્ન રખડતો. કોઈ પથ્થર પર બેસીને નીચે શહેરને જોયા કરતો. અમુક દિવસ કોઈ બાવા સાથે નીકળી પડતો. બાવો જે કરે એ બધું જ કરતો.

ગોપાલની અંદરનો ગોપાલ બાઘો બની ગયો હતો. કોઈ લાગણી આજકાલ જન્મતી ન હતી. રોજે એક જ સરખો દિવસ પસાર થવા લાગ્યો હતો. ઠંડીમાં સવારે ઝરણાના પાણીમાં નાહીને ગોપાલ સહિત બીજા બાવાઓ પથ્થરો પર બેસતા. શિયાળાનો કુમળો તડકો લેતા. બપોર થાય ત્યાં બધા જ કોઈ ને કોઈ ગુફામાં ચાલ્યું જાય. રેડિયો વગાડે. લોટ શેકે, ફળો ખાય. ક્યાંક બહાર ઝાડીઓમાં જતા રહે. ભજનો ગાય.

જો આ બાવાઓ આ રીતે જ જિંદગીઓ કાઢતા હોય તો આ લોકોમાં અને સામાન્ય માણસોમાં શું ફરક ? અંતે તો આ જિંદગી પણ રોજની સરખી જ છે. એક દિવસ અંદરનો ગોપાલ બબડ્યો ! દિવસો ભાગવા લાગ્યા. અંદર બેઠેલો માણસ હવે વધુ તડપવા લાગ્યો. આ બધું તો સામાન્ય માણસો જેવું જ રૂટિન હતું. ફરક માત્ર કપડાંનો હતો.

પચીસેક દિવસ થવા આવ્યા હતા.

એ દિવસે ગોપાલ જ્યારે ઝરણા પાસે સંડાસ ગયો હતો ત્યારે પાછળથી એક બાવો આવ્યો. ગોપાલને ખબર ન પડી કે ઊભું થવું કે બેઠું રહેવું ! તે બેઠો રહ્યો. બાવો બાજુમાં આવીને બોલ્યો :

"તું યહાં નહીં ટીક પાયેગા. ભાગજા ઈધર સે."

"લેકિન... મુજે ઉસ દુનિયા સે નફરત હે. મેં..."

"એક કામ કર. યહાં સે આગે દો કિલોમીટર દૂર એક અઘોરી તપમેં બેઠા રહતા હે. બહોત જ્ઞાની હે.તેરે સવાલ ઉસે પૂછ લેના."

ગોપાલને બધું વિચિત્ર લાગતું હતું.

બે દિવસ પછી તે પેલા અઘોરીની જગ્યા પર ગયો.

એક મોટા પથ્થરની નીચે જ્યાં સડેલાં પાંદડાંઓ અને ફૂલોનો થર જામી ગયો હતો એવી જગ્યા અંદર એ બાવો આંખો બંધ કરીને ધ્યાનમાં બેઠો હતો. ગોપાલ તેની બાજુમાં ગયો ત્યારે સૂકાં પાંદડાંઓ પર વજન આવ્યું અને અવાજ થયો, પરંતુ બાવો ઊંડા ધ્યાનમાં હતો.

ગોપાલ તેની પાસે બેઠો. આ અઘોરી જાણે કંઈક અલગ માટીનો બનેલો હતો. કપાળ ચમકી રહ્યું હતું. પેટ અંદર ચાલ્યું ગયેલું. પૂતળાની જેમ સ્થિર બેઠેલા શરીર પર

ધૂળ હતી, ભસ્મ નહીં. જાણે એ કેટલાયે મહિનાઓથી સમાધિમાં ચાલ્યો ગયો હતો. તેના શ્વાસ પણ રોકાઈ ગયા હોય એવી કોઈ એ અવસ્થા હતી.

ગોપાલને ડર લાગતો હતો કે જો તે એને જગાડશે તો તેનું ધ્યાનભંગ થશે અને તેની મહિનાઓની મહેનત પર પાણી ફરી જશે. એક કલાક સુધી ગોપાલનું મન માન્યું નહીં, પરંતુ તેની અંદરની બેચેની વધુ સમય પસાર કરવા માગતી ન હતી.

ગોપાલે બાવાના ખભા પર સ્પર્શ કર્યો અને બોલ્યો : "બાવાજી..."

ગોપાલના સ્પર્શથી બાવાને કોઈ અસર ન થઈ. ગોપાલ ફરી તેના ખભાને ટાપલી મારીને બોલ્યો : "બાપુ, તમારું કામ છે."

બાવો કોઈ બ્રહ્માંડની સફરેથી પૃથ્વી પર પાછો આવતો હોય એમ ધીમેધીમે ધ્યાન બહાર નીકળવા લાગ્યો. શરીર ઢીલું થયું, લાંબો શ્વાસ બહાર નીકળ્યો. હાથનું હલનચલન થવા લાગ્યું અને થોડીવારમાં તેણે આંખો ખોલી. સામે બેઠેલું ગોપાલનું નગ્ન શરીર દેખાયું. ગોપાલનો ચિંતા અને ડર ભરેલો, વધી ગયેલી દાઢીવાળો ચહેરો દેખાયો. તેણે ગોપાલની આંખોમાં જોયું.

થોડી ક્ષણો સુધી કોઈ બોલ્યું નહીં.

બાવાનો ચહેરો શાંત હતો. ગોપાલ તે ચહેરાની ભવ્યતાને જોઈ રહ્યો હતો. બાવો ગોપાલની આંખો અને કપાળ જોઈ રહ્યો હતો. જાણે આ યુવાનને તે વાંચી રહ્યો હતો.

ના. તે આ યુવાનને પામી રહ્યો હતો. અનુભવી રહ્યો હતો. થોડીવારમાં જ તેના ચહેરા પર હાસ્ય આવ્યું. તેનો હસતો ચહેરો જોઈને ગોપાલને શાંતિ થઈ અને તેનું મન તેને હજાર વાત કહેવા ઉતાવળું બની ગયું.

"શું થયું યુવાન ?" બાવાએ પૂછ્યું. કદાચ તે મહિનાઓ પછી પહેલીવાર કશુંક બોલી રહ્યો હતો.

"મારા મનમાં હજારો સવાલ છે. ખબર નથી પડતી કે હું શું કરું અને તમને શું કહું." ગોપાલે કહ્યું.

"તું અહીં કેમ આવ્યો છે ?" બાવાએ હસીને પૂછ્યું. આ સવાલની અંદર ગોપાલનો આખો ભૂતકાળ સમાયેલો હતો. ગોપાલને મનમાં થઈ રહ્યું હતું કે આ માણસ તેને જોઈને જ બધું જાણી ગયો છે એટલે તેણે ઉપર આકાશ તરફ જોઈને કહેવા માંડ્યું.

અડધી કલાક સુધી બાવો આ યુવાનની તરફ જોઈને સાંભળતો રહ્યો. છેલ્લે ગોપાલ કહી રહ્યો હતો :

"એક દિવસ હું એટલો હારી ગયો કે મેં રસ્તામાં આવતી બસ નીચે કચડાઈને આત્મહત્યા કરવાનું નક્કી કરી નાખ્યું. હું કોઈ રીતે બચી ગયો, પરંતુ બીજે દિવસે મેં નક્કી કરી લીધું કે આવી જિંદગી નથી જીવવી. મારે ભાગી જવું હતું એ દુનિયાથી. હું ભાગી ગયો. નોકરી, ઘર,માબાપ બધું જ છોડીને હું નાગોબાવો બની ગયો."

આટલું બોલતા જ ગોપાલની આંખોમાં આંસુ આવી ગયાં. તે ચૂપ થયો. તેણે બાવા સામે જોયું. તે બાવો બધું જ પામી ગયો હતો. ગોપાલ જેવો ચૂપ થયો એટલે તરત

જ બાવાએ જવાબ આપ્યો. એ જવાબ ગોપાલને ધ્રુજાવી ગયો. ગોપાલનું શરીર એ જવાબ સાંભળીને સ્થિર મૂર્તિની જેમ બેઠું રહ્યું. બાવાએ કહેલું :

"તને લાખો માણસોનાં જીવન ફોગટ લાગ્યાં. તને બધું અર્થહીન લાગ્યું. તારી અંદર ગુસ્સો હતો. તારી અંદર ઝનૂન હતું. સમાજ સામે તારો વિરોધ હતો. એ સમાજથી હારીને તે મરવાનું વિચારી લીધું. તું ન મરી શક્યો તે દિવસે તેં નક્કી કરી લીધું કે એ જિંદગી તારે નથી જીવવી. તારે ભાગી જવું હતું એ દુનિયાથી. તું ભાગી ગયો. નાગોબાવો બની ગયો. પરંતુ ગોપાલ... જો તને એ જગતના માનવીઓ સાથે વિરોધ હતો તો એ જગતના ચોકમાં જઈને નાગો માણસ બની જા. અહીં જંગલમાં તારી નાગાઈનો કોઈ અર્થ નથી. અમે બાવાઓ સમાજથી હારીને ભાગીને નથી આવેલા. આ જીવન અમે અપનાવ્યું છે. આ અમારી પસંદગી હતી. તું જા, બેટા ગોપાલ. અહીંથી ચાલ્યો જા. સમાજની વચ્ચે જઈને તારો વિરોધ કર. નાગો બનીને જીવ, જા. તું અહીંથી ભાગી જા. ત્યાં તારા સવાલો પેદા થયા છે, તો તારા જવાબો પણ ત્યાં જ પેદા થઈ ચૂક્યા છે. જા. ત્યાં જઈને એવી જિંદગી જીવ કે જે તારી અંદરના માણસને જીવવાની ઇચ્છા હોય. એવી નાગાઈથી જીવી જાણ કે જેમાં તારી દરેક ફરિયાદ, દરેક સવાલનો જવાબ તારું જીવન હોય. જા, ભાગી જા. આ તારો રસ્તો નથી. તારો રસ્તો જાતે બનાવ. જા, ભાગી જા. દુનિયા વચ્ચે જઈને નાગો બન."

બસ, એ જવાબ સાંભળીને ગોપાલ ધ્રૂજી ઊઠ્યો. તે બાવાની સામે જોઈને કલાક સુધી બેઠો રહ્યો. એના દિમાગમાં એક સાથે હજારો વિચાર આવી રહ્યા હતા. આંખોમાં ડર, ગુસ્સો અને આંસુ જન્મી રહ્યાં હતાં. એક જ વાક્ય દિમાગમાં પડઘાઈ રહ્યું હતું : *જો તને એ જગતના માનવીઓ સાથે વિરોધ હતો તો એ જગતના ચોકમાં જઈને નાગો માણસ બની જા. અહીં જંગલમાં તારી નાગાઈનો કોઈ અર્થ નથી.* એ વાક્ય ગાજતું રહેતું હતું.

બાવો પાછો સમાધિમાં ચાલ્યો ગયો હતો. ગોપાલ ઊભો થઈને એક પથ્થર પર ચડીને બેઠો હતો. થોડા દિવસથી શાંત પડેલી આગ ફરીથી ભભૂકી રહી હતી. દિમાગમાં આડાઅવળા વિચારોનું યુદ્ધ સર્જાયું હતું : *ત્યાં ઘરે જઈને શું કરીશ ? માબાપ ? ના. ઘરે ન જતો. યાદ નથી તારે તારું ગમતું કામ શોધીને માબાપને મોઢું દેખાડવાનું હતું ? પહેલાં તો અહીંથી તું ભાગી જા. બાવાને શું પૂછવા બેઠેલો ? તારું મન કહેતું જ હતું કે નાગોબાવો બનવું એ તારું ધ્યેય નથી. મારું ધ્યેય આમેય મને ખબર નથી, પણ તું ભાગીને આવ્યો છે. તું હારીને આવ્યો છે. તું ખુશ કેમ નથી ? તારું ગમતું કામ તને અહીં નાગા બનીને નહીં મળે. અહીં આમેય બધા બાવાઓ ફ્રૉપ છે.*

તે સાંજે ગોપાલ ગુફાની બહાર નીકળ્યો. ગુફા બહાર વહેતા ઝરણા અંદર સૂઈ ગયો. ઠંડા પાણીના સ્પર્શથી થોડો સભાન થયો.મનમાં એક વિચાર નક્કી કરી લીધો. એક નાનકડું સફેદ કપડું શોધ્યું. બીજે દિવસે વહેલી સવારે ગોપાલ જંગલમાંથી ભાગી ગયો.

14

સવારના સાત વાગ્યા.

રેલવે સ્ટેશન પર ટ્રેન ઊભી રહી. ટ્રેનની નીચેની પટરીઓ પરથી આવતી મળમૂત્રની વાસ. બાજુમાંથી પસાર થતા યુવાનોના બોડીસ્પ્રેની સુગંધ. કુલીઓના પરસેવાની વાસ. મુંબઈના દરિયા પરથી આવતી ભેજવાળી ઠંડી હવા... બધું જ એકસાથે શ્વાસમાં આવ્યું અને ધક્કા સાથે ગોપાલ પ્લૅટફૉર્મ પર ઊતરી ગયો.

એક મહિનાથી માત્ર કેળાં અને બીજાં ફળો ખાઈને થોડો ચમકતો, પરંતુ ચિંતામાં ડૂબેલો જવાબો શોધતો અને એકલતામાં ડરી ગયેલો મોટી આંખોવાળો ચહેરો.

એકાદ ઇંચ લાંબી દાઢી.

છાતી પર ઊગેલા ઝીણા નાનકડા વાળ.

થોડું ઊંડું પેટ.

નીચે કોઈ સાધુબાવાની જેવી પહેરેલી સફેદ ખાદીની ચાદર. ખુલ્લા પગ.

આટલા દિવસો ગુફામાં વિતાવ્યા પછી આજે ચારે તરફ હજારો માણસોના ભાગમભાગ કરતાં ટોળાંઓને તે જોઈ રહ્યો.

ડબ્બામાં ઘૂસવા અને ઊતરવા ધક્કામુક્કી કરતા ટાઈ-સૂટ પહેરેલા માણસો, થનગનતા યુવાનો,ભિખારીઓ, ફેરિયાઓ, ઘરડી સ્ત્રીઓ, બાળકો, પોલીસવાળાઓ... અને આ બધા વચ્ચે અડધો ખુલ્લો ગોપાલ.

બસ થોડા જ દિવસો પહેલાં આ બધી જ જિંદગીઓ તે અમદાવાદમાં જોતો હતો. કંઈ નવું ન હતું. ગોપાલ ખુદ નવો બની ગયેલો હતો. અજાણ્યા ડરને લીધે ઊભી થઈ ગયેલાં હાથનાં રૂંવાડાંઓ જાણે સંકેત આપી રહ્યાં હતાં કે થોડા દિવસોમાં જ એ માણસ તરીકે કેટલા અનુભવોમાંથી પસાર થઈ ગયેલો હતો.

એક સ્ટેશન માસ્ટર બહાર જવાના રસ્તા પર ટિકિટ ચેક કરી રહ્યો હતો. તેને જોઈને ગોપાલ બીજી દિશામાં ચાલતો થયો અને બીજા અલગ રસ્તેથી સ્ટેશન બહાર નીકળ્યો. તેની આજુબાજુ પસાર થનારા બધા જ માણસો તેની સામે જોઈ લેતા હતા. જોકે કોઈને કશી જ પડી ન હતી. પોતાના દરમાંથી નીકળતી કીડીઓનાં ટોળાંઓની જેમ માણસો સ્ટેશન બહાર નીકળીને ચારે તરફ જઈ રહ્યા હતા.

ગોપાલ બહાર રોડ પર આવ્યો.

અહીં શું કરવું, ક્યાં જવું અને કેવી રીતે જવું એ કોઈ વિચાર આવતો ન હતો. જાણે પોતે કોઈ અજાણી દુનિયામાં ઘૂસી ગયો હતો અને હજારો માણસો વચ્ચે તે એકલતા અનુભવી રહ્યો હતો. અહીં રૂપિયાની જરૂર હતી. પેલા ગિરના જંગલનાં વૃક્ષો વચ્ચે જેવો એકલતાનો અનુભવ થતો હતો એવો જ અનુભવ અહીં હજારોનાં ટોળા વચ્ચે થઈ રહ્યો હતો. ટૅક્સીવાળા માણસો દૂરથી સાદ પાડી રહ્યા હતા અને ટ્રાફિકનો મોટો અવાજ ગોપાલની અંદરના અવાજને દબાવી દેતો હતો.

રોડ પર સવારનો તડકો આવતો હતો. તે રોડના ફૂટપાથ પર બેસી ગયો. સામેથી હજારો વાહનોનો ધોધ પસાર થઈ રહ્યો હતો. વાહનો પર બેઠેલા દરેક ચહેરાને ગોપાલ જોઈ રહ્યો હતો. મોટાભાગના માણસો ભાગી રહ્યા હતા. ચહેરા પર અજાણી ઉતાવળ હતી. તેઓના કપાળની રેખાઓ જાણે વર્તમાનને જીવતા ભૂલીને નજીકના ભવિષ્યને વિચારતી હતી.

ઘણા સમય સુધી ત્યાં બેસી રહીને ગોપાલને થોડી શાંતિ મળી. તે મનમાં વિચારી રહ્યો હતો : *આ ટ્રાફિકમાં જતા બધા જ માણસો નાગા હોય તો દુનિયા કેવી દેખાય ! કોઈ બાઈક પર બેઠેલો બુઢ્ઢો તેના લબડતાં અંગોમાં કેવો લાગે ! દરેક માણસ કેટલો કદરૂપો લાગે ! મોટી લબડતી ફાંદ, શરીર પરના વાળ, એમાંયે આ ભવિષ્યની ઉપાધિઓમાં જન્મટીપના કેદીઓ જેવા ચહેરાઓ ! છોકરીઓનાં નાગાં શરીર જોવાની મજા પડે.*

ના. મજા તો આ બધું ઢાંકેલું છે એની જ છે. આ રંગબેરંગી કપડાં નીચે શું છે એ વિચારવાની મજા છે. પછી ઘણા સમય સુધી કોઈ વિચાર ન આવ્યો. પરંતુ હવે પોતાની લાઈફના આડાઅવળા વિચારો શરૂ થઈ ગયા હતા.

જે સિક્રેટ છે તેની જ મજા છે. દરેક નાગો માણસ થોડી જ ક્ષણોમાં સામાન્ય અને દિવસો પછી રૂટિન બની જશે. નગ્નતા સ્વીકારી લેવાશે. પણ શરીર પર કપડાં હોય ત્યારે કપડાં નીચે કેવું શરીર છે એ જાણવાની તડપ હોય છે. તો પછી શું નાગો બનીને ફર્યા કરતો હતો ગોપાલ ? તારી નાગાઈ સામાન્ય બની ગઈ. કદાચ આ રોડ પર ભાગતો દરેક માણસ સાચો છે અને તું ખોટો છે. કદાચ જિંદગી ઢાંકેલી છે, ભવિષ્ય સિક્રેટ છે એ જ તો તેની મજા છે.

તો પછી સિક્રેટની જેમ ઢાંકેલી જિંદગીની ઉપાધિ ન હોવી જોઈએ, ખુશી હોવી જોઈએ. ભવિષ્યની ચિંતા નહીં, પરંતુ ઉત્સાહ હોવો જોઈએ.

એ વિચાર સાથે જ ગોપાલની છાતીમાં ફાળ પડી. વિજયનો ચહેરો યાદ આવ્યો. વિજય આ વાક્ય કહેતો હતો : માણસને ભવિષ્યની ચિંતા નહીં, ઉત્સાહ હોવો જોઈએ. વિજયનો હસતો ચહેરો યાદ આવ્યો અને એ પછી બે એવા ચહેરા યાદ આવ્યા જેણે ગોપાલની આંખોમાં આંસુ છલકાવી દીધાં :

માબાપ.

એ છેલ્લા દિવસે રડતા ચહેરે ગોપાલને વિદાય કરતી બા. ભારે હૃદયે પહાડની જેમ ચૂપચાપ ઊભા રહીને અલવિદા કહેતા બાપુજી. *શું કરતા હશે એ ? બાની તબિયત તો સારી હશેને ? બાપુજી હજુ...*

એ મારી પાછળ રડતા નહીં હોયને ?

એ જીવતા હશેને ?

શરીરમાં જાણે પાછળથી કોઈએ પાતળી સોય ઘુસાડી દીધી હોય અને એ સોય સીધી હૃદયમાં પેસી ગઈ હોય એવી પીડા અંદરથી ઊઠી ગઈ. હજારો અવાજો, ભૂતકાળનાં દૃશ્યો, વર્તમાનની એકલતા... બધું જ એકસાથે અનુભવ થયો. ભવિષ્યની ચિંતા પણ !

એ જ ક્ષણે એ ઊભો થઈને ચાલવા લાગ્યો. આંખમાં રહેલા આંસુને લીધે સામેના માણસો ઝાંખા દેખાઈ રહ્યા હતા. ભાન ભુલાઈ રહ્યું હતું. સામેથી ચાલીને આવતા માણસો સાથે તે અથડાઈ રહ્યો હતો, રડવું આવી રહ્યું હતું, છતાં એ ઝડપથી ભાગતો રહ્યો.

પોતે ક્યાં જઈ રહ્યો છે, શું કરી રહ્યો છે, શા માટે અહીં આવ્યો છે કશું જ ખબર ન હતી. બસ, એ નીચું જોઈને રડતા રડતા ભાગી રહ્યો હતો. દિમાગમાં જન્મતા અવાજો તેના કાનમાં પડઘા પાડી રહ્યા હતા.

મારો દીકરો તો હજાર દીકરા જેવો થશે.

બા, એક દિવસ હું પાછો આવીશ મારું ગમતું કામ શોધીને.

અહીં તારી નાગાઈનો કોઈ અર્થ નથી. તું જગતથી ભાગીને આવ્યો છે. જો દુનિયાએ તને નાગો બનાવ્યો હોય તો જા...દુનિયા વચ્ચે જઈને નાગો બન.

...જા...દુનિયા વચ્ચે જઈને નાગો બન.

...જા...દુનિયા વચ્ચે જઈને નાગો બનીને જીવ.

તે હવે દોડી રહ્યો હતો. તેની સાથે અથડાતા માણસો ગાળો આપી રહ્યા હતા. આંસુઓ ભાગી રહ્યાં હતાં. માણસ ભાંગી રહ્યો હતો.

તે પોતાની જ જીવેલી જિંદગીને યાદ કરીને ભાંગી રહ્યો હતો. ભાગી રહ્યો હતો.

કલાક સુધી તે બસ ભાગતો રહ્યો. છેલ્લે આવેલો પેલો વિચાર હવે દિમાગને જકડીને બેસી ગયો હતો. *જા...દુનિયા વચ્ચે જઈને નાગો બન.*

તે એક મોટા ચાર રસ્તા પર જઈ રહ્યો હતો, ટ્રાફિકનાં સિગ્નલ બંધ હતાં. ચારે તરફ સેંકડો વાહનો હતાં. માણસો સિગ્નલ ખૂલવાની રાહ જોતા હતા, એ સમયે બરાબર ચાર રસ્તાની વચ્ચે જઈને એ નાગો થઈ ગયો.

...જા...દુનિયા વચ્ચે જઈને નાગો બન.

એ વિચાર બંધ કરવા કે ખરેખર નગ્ન થવા...ખબર નહીં કેમ... તેણે પોતાના શરીર પર વીંટેલુ પેલું કાપડ ઝટકા સાથે ખેંચીને પોતાના શરીરને ખુલ્લું કરી નાખ્યું. કપડું ફેંકી દીધું.

આ દૃશ્ય જોઈને ચારે તરફ ઊભેલા સેંકડો માણસોના મોઢાં ખુલ્લાં રહી ગયાં. સ્ત્રીઓએ ચહેરો ફેરવી લીધો. પુરુષોએ રાડો નાખી. યુવાનો હસી પડ્યા. પોલીસે સીટીઓ મારી અને ગોપાલ...

ગોપાલ પોતાની પાણી ભરેલી આંખોમાંથી ચારે તરફ ઊભેલા માણસોના ઝાંખા ચહેરાઓને જોતો રહ્યો. રસ્તાની એકદમ વચ્ચે ગયો. પોતાના નગ્ન શરીર તરફ જોયું. હવે કોઈ વિચાર આવતો ન હતો. તે સંપૂર્ણપણે નગ્ન હતો. વિચારોથી પણ નગ્ન.

એણે પોતાના હાથ ફેલાવ્યા. જાણે આખું આકાશ પોતાની બાહોમાં ભરી લેવું હોય એમ ઊભો રહ્યો. છાતીમાં અજીબ શાંતિ અને ઝનૂન ઊભરાઈ આવ્યાં. વાહનોના હોર્ન વાગવા લાગ્યાં અને ગોપાલ હસવા લાગ્યો.

હા... ગોપાલના ચહેરા પર મુસ્કાન આવી. ખબર નહીં કેમ... પરંતુ અંદરથી

તેને મજા આવી ! જાણે ભૂતકાળમાં માણસોને, દુનિયાને જોઈને તેને જેટલો ગુસ્સો હતો, પીડા હતી અને ઝનૂન હતું એ બધું જ... એ બધું જ... તેણે હજારો માણસો વચ્ચે નગ્ન બનીને દેખાડી દીધું !

મનમાં અવાજ ગુસ્સાભર્યા અવાજો પેદા થઈ રહ્યા હતા :

લે... હરામખોર ...લે... હું નાગો બની ગયો.

એ બાવા... મને દુનિયા વચ્ચે નાગો બનવાનું કહેતો હતો ?

લે... હું નાગો બની ગયો... હું નાગો માણસ છું.

આ હજારો બેકાર, બોગસ, ફ્લૉપ માણસોની જિંદગીઓ સામે આ મારો વિરોધ છે.

ગુસ્સા અને બળતરા ભરેલા ચહેરા સાથે ગોપાલ રોડની ડાબી બાજુના ટોળા તરફ થૂંક્યો. ટ્રાફિક પોલીસવાળો આ વ્યક્તિને ગાંડો સમજીને પાસે ન આવ્યો, પરંતુ દૂરથી સીટી મારી.

પરંતુ આજે આ માણસને કોઈની પડી ન હતી. તેની અંદરથી કોઈ શેતાન આગ ઓકી રહ્યો હતો અને હવે એ આગની ઊલટી ગોપાલ શબ્દોમાં કરી રહ્યો હતો. ગોપાલ ચારે તરફ ઊભેલા માણસો તરફ જોઈને આંસુ ભરી લાલ આંખો સાથે મોટે મોટેથી ગાંડાની જેમ રાડો નાખતો કહેવા લાગ્યો :

"સાંભળો, આ દુનિયાના ભૂંડ જેવા માણસો. હું ગોપાલ રમેશ પટેલ... તમારી જિંદગીઓ જોઈને નાગો બન્યો છું. મારી જિંદગીથી કંટાળીને નાગો બન્યો છું. તમે તમારી લાઈફના નિયમો બનાવી દીધા છે. તમે બીજાની જિંદગીઓ જોઈને તેમની નકલ કરતા જીવી રહ્યા છો. તમને ખબર જ નથી કે તમે કેમ અહીં આવ્યા છો, શું કરી રહ્યા છો, કેમ કરી રહ્યા છો, કોના માટે કરી રહ્યા છો. તમે બસ... મરી રહ્યા છો. દિવસે દિવસે તમે મરી રહ્યા છો. મને નફરત છે તમારી ભૂંડ જેવી સ્થિતિ સામે. ધિક્કાર છે તમને. હાક થૂં..."

ગોપાલ ફરી થૂંક્યો ત્યારે ચારે તરફનાં ટોળાંઓના ચહેરા ખુલ્લા રહી ગયા હતા. એ એટલું જોરથી બોલી રહ્યો હતો કે એ અવાજને લીધે બધા જ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યા હતા :

"તમે બધા જ આ દુનિયાને ગટર બનાવી દીધી છે. તમે એવા હરામખોર માણસો છો કે જેમને પોતાનાં કામ ગમતાં નથી, રૂપિયા પાછળ ભાગી રહ્યા છે, તમારો તો પ્રેમ પણ તમે ઉત્પન્ન કર્યો છે, તમે રૂપિયા કમાઈને અજાણ્યા પડછાયા પાછળ ભાગી રહ્યા છો. થૂં છે તમારી જિંદગી ઉપર. તમારી અંદર નાગાઈ નથી. જુઓ મને. તમારી અંદર આગ નથી. તમે પૂતળાં છો... પૂતળાં. જેમની અંદર કોઈ ન દેખાતા ઈશ્વરે જીવ પૂરીને રહેમ કરી નાખી છે. તમે આમ જ મરી જશો એક દિવસ. તમને એ પણ ખબર નથી કે તમે મરશો એ સમયે ખરેખર ખુશ હશો કે નહીં. અરે, ધિક્કાર છે તમને... તમે બધા ભૂંડની જેમ નીચું જોઈને ખુશીઓ અને સુખ શોધતા રખડી રહ્યા છો. તમે ફ્લૉપ છો. તમારી જિંદગીઓ ફ્લૉપ છે."

આટલું બોલતાં બોલતાં ગુસ્સાને લીધે તેનું શરીર ધીમુંધીમું ધ્રૂજી રહ્યું હતું. તે હજુ રાડો નાખીને આગ ઓકવા માગતો હતો, પરંતુ હવે હોઠ બોલતાં બોલતાં ધ્રૂજી જતા હતા. એ રડતી આંખે ચારે તરફ જોઈ રહ્યો હતો પરંતુ અંદરની જવાળાઓ હજુ ભભૂકી રહી હતી. ગળું અવાજ કરીને બેસી ગયું, પરંતુ ભાષણ મનોમન ચાલુ રહ્યું :

હું ગોપાલ પટેલ... જંગલથી ભાગીને આવીને જે દુનિયા સામે વિરોધ છે એ દુનિયા સામે નાગો બનીને કહું છું કે તમે તમારી નાગાઈથી જીવતા શીખી જાઓ. મરી જશો આવતીકાલે. આજે છેલ્લો દિવસ છે. એય ભૂંડનાં ટોળાંઓ... તમને કહું છું... મારી વાત સમજાય છે ? હું ગાંડો નથી. હું ગોપાલ પટેલ છું... ગોપાલ. તમારી ઓકાત દેખાડી રહ્યો છું. તમે સ્કૂલ જાઓ છો. પછી કૉલેજ જાઓ છો. તમને ખબર નથી શા માટે જાઓ છો. પછી તમે જૉબ કરો છો. તમે કંટાળી રહ્યા છો લાઈફથી... હવે શું ? થૂં... તમે હવે લગ્ન કરી લો છો. પછી ? તમને કંઈ ખબર નથી એટલે તમે છોકરાં કરો છો. પછી ? હવે એક જ રસ્તો છે... તમને તમારી લાઈફના રસ્તાને બદલતા બીક લાગે છે... તો હે ભૂંડની ઓલાદો... છોકરાંઓ મોટાં કરો, ખૂબ રૂપિયા કમાઓ, ખુશીઓ માટે વલખાં મારો, છોકરાંને મોટાં કરીને તમારી જેવી જ બોગસ જિંદગી જીવતા શીખવો અને પછી બે-ત્રણ મોટા રોગની વચ્ચે એક દિવસ આરામથી સૂઈ જાઓ. મરતા પહેલાં આ ભૂંડનાં ટોળાંઓ એકવાર વિચારી લે છે કે તેઓ જેવું જીવ્યા એ બરાબર જીવ્યા કે ભૂલ થઈ ગઈ ? હું કહું છું તમને થવાનું છે કે ભૂલ થઈ ગઈ... કારણ કે...”

...સટાક...

...હજુ આ નાગો ગાંડો યુવાન આગળ વિચારે કે બોલે એ પહેલાં જ તેની પાછળના ભાગ પર એક પોલીસવાળાનો દંડો આવ્યો. ગોપાલનું ધ્યાન ન હતું અને પાછળથી આ પોલીસના અધિકારીએ જોરથી દંડો ફટકાર્યો. શરીરમાં વીજળીનો કરંટ આવ્યો હોય એવો પીડા સાથેનો અનુભવ થયો અને ગોપાલને વાસ્તવિકતાનું ભાન થયું. પોલીસની સામે ડર ભરેલી આંખે તેણે જોયું. ચહેરો લોહી વિના સફેદ થઈ ગયો. બીજો દંડો પડ્યો. ડર અને આઘાતને લીધે ગોપાલની આંખો ફાટી રહી. તે હજુ પરિસ્થિતિને સમજે કે ભાગે એ પહેલાં ત્રીજો ફટકાર તેની પીઠ પર આવ્યો. શરીર અંદર કાતિલ પીડા ઊઠી. પોલીસવાળો મોટેમોટેથી મરાઠીમાં બોલતો રાડો નાખી રહ્યો હતો :

“ચલ જા, સાલ્યા હરામી. રસ્તા ખાલી કર.”

ગોપાલ તેનાથી દૂર ભાગવા લાગ્યો. તે અજાણતા જ હાથ જોડીને પેલા પોલીસવાળા તરફ ડરનો માર્યો બોલી રહ્યો હતો :

“મેં... કંઈ... કોણ છો તમે...”

સટાક...

“મારશો નહીં... કંઈ નથી કર્યું મેં...”

સટાક...

“કોણ છો તમે... સાહેબ... મારી વાત સાંભ...”

રોડની વચ્ચે સ્થિર ઊભા રહી ગયેલા ભેંસોનાં ટોળાંને જે રીતે કોઈ લાકડીથી

મારીને રોડ પર જગ્યા કરી રહ્યું હોય એ જ રીતે ગોપાલને ફટકારીને પોલીસ તેને રોડની બીજી તરફ લઈ ગઈ. સિગ્નલ ખૂલી ગયાં હતાં. બધા લોકો પોલીસનો માર ખાતા ગોપાલના શરીર સામે જોઈને નીકળી ગયા.

બીજા બે હવાલદાર પણ આવી ગયા હતા. પોલીસનો અધિકારી તેને મરાઠીમાં આડાઅવળા સવાલ પૂછી રહ્યો હતો અને ગોપાલ કશું બોલે એ પહેલાં જ દંડાથી ફટકારતો હતો.

"કુઠુન આલાય, સાંગ.. જેલમધ્યે જાણાર કા ?"

"સાહેબ... મેં..." પીડા સહન ન થતા ગોપાલ હવે હાથ જોડીને રડતો રડતો બબડી રહ્યો હતો.

"કાય સાંગત હોતા તો ? બોલ..."

"માફ કરો સા..."

બેરહેમ થઈને પોલીસના ત્રણેય માણસો હવે ફટકારી રહ્યા હતા અને ગોપાલના શરીર પર દંડાનાં ચાઠાં પડી ગયાં હતાં. કદાચ પોલીસ તેમની ગાડી આવે તેની રાહ જોઈ રહી હતી કે જેથી આ ગાંડાને પકડીને પોલીસ સ્ટેશન લઈ જઈ શકે.

રોડની સાઈડ પર આ ઘટનાની આસપાસ નવરા માણસોનું ટોળું ભેગું થઈ ગયું હતું. સર્કસની અંદર રિંગમાસ્ટર જેમ હંટર ફેરવીને ખેલ કરી રહ્યો હોય એવો ખેલ જામ્યો હતો.

ગોપાલથી ભય અને પીડાને લીધે હવે વિચારી શકાતું પણ ન હતું. તે બસ પોલીસની સામે પડી ગયો હતો. પોતાના ગોઠણ પર બેસીને હાથ જોડીને રડી રહ્યો હતો અને પીડા સહન કરી રહ્યો હતો. મોઢામાંથી લાળો ટપકી રહી હતી. થૂંક નીકળી ગયું હતું. હજુ પણ જે હવાલદારને મન થાય એ જોરથી દંડો મારી લેતો હતો.

થોડી જ મિનિટોમાં પોલીસની ગાડી આવી અને ગોપાલની નજીક જ ઊભી રહી.ગાડીમાંથી બીજા બે પોલીસના માણસો બહાર આવ્યા. આસપાસ ફરીથી માણસોનું ટોળું વળી ગયું હતું.નવા આવેલા પોલીસના માણસો બધી પૂછપરછ કરી રહ્યા હતા. એક હવાલદાર તેમને સમજાવી રહ્યો હતો કે કઈ રીતે આ માણસ રોડની વચ્ચે ઊભો રહીને નાગો થઈ ગયો હતો અને પછી મોટેમોટેથી રાડો નાખી ટ્રાફિકને બ્લોક રહ્યો હતો. નવો આવેલો પોલીસનો માણસ આ ઘટના સાંભળીને હસવા લાગ્યો અને પછી ગોપાલની બાજુમાં જઈ ગાળો બોલતાં બોલતાં પીઠ પર બીજા બે દંડા ફટકાર્યા.

હવે ગોપાલ ભાંગી પડ્યો હતો. આજુબાજુ ઊભેલા માણસોનું ટોળું પણ હવે તેના પર દયા ખાઈ રહ્યું હતું.

"ચલ ઉઠ, તુલા જેલચી મજા દાખવતો." હવાલદાર ગોપાલને હાથ પકડીને ઊંચો કરતો બોલી રહ્યો હતો.

...પરંતુ નીચું જોઈને પોતાના ગોઠણના ભાર પર પડેલો એ યુવાન ભાંગી ગયો હતો. બહારથી થોડો, અંદરથી પૂરો.

15

ગોપાલ જ્યાં પડ્યો હતો ત્યાંથી થોડે દૂર એક રંગબેરંગી બુલેટ મોટરસાઇકલ ઊભી રહી. બુલેટના દરેક પાર્ટ અલગ અલગ રંગના હતા ! આકાશના મેઘધનુષને બુલેટનો આકાર આપી દીધો હોય તેવી. પેટ્રોલની પીળી ટાંકી પર રંગબેરંગી પાંખોવાળી એક ઊડતી પરીનું મોટું અને આખી ટાંકી પર ફેલાયેલું ચિત્ર હતું. આગળ હેડલાઇટની કાળી રિંગ ઉપર પણ પાંખોવાળી નાનકડી પરીઓ દોરેલી હતી. બુલેટના આગળના ટાયરના લીલા પંખા ઉપર ડ્રેગનનો ચહેરો હતો અને પાછળના ટાયરના પંખા પર ન સમજાય તેવી બારીક અને કલરફૂલ વાદળી ડિઝાઇન હતી.

બુલેટ પરથી તે નીચે ઊતરી.

એક છોકરી.

તેણે પોતાનું હેલ્મેટ કાઢીને કાચ પર મૂક્યું. પોતાના ખુલ્લા વાળ અંદર આંગળીઓ ફેરવી અને કાન પાછળ લીધા. પોતાના ગળા પાસે ટી-શર્ટમાં આંગળીઓ નાખીને પોતાની બ્રાની પટ્ટી સરખી કરી. તેના લીલા ટી-શર્ટ પર કોઈ ડિઝાઇન ન હતી. નીચે તેણે બ્લેક જીન્સ અને ચામડાની પાતળી કેસરી ચપ્પલ પહેરી હતી.

પરંતુ તે ગોપાલ જ્યાં પડ્યો હતો તે ટોળા તરફ ના ગઈ.

બુલેટ પરથી ઊતરીને તે સીધી જ ટ્રાફિકની વચ્ચે ઘૂસી. રોડ પર વાહનોનો ધોધ જઈ રહ્યો હતો. વાહનોને ધીમા પડવા માટે પોતાનો હાથ ઊંચો કરીને ઇશારો કરતી તે ટ્રાફિક વચ્ચે ઘૂસી ગઈ. પોતાનો રસ્તો કરતી તે રોડની વચ્ચે જ્યાં થોડીવાર પહેલાં ગોપાલ નગ્ન ઊભો હતો ત્યાં પહોંચી ગઈ. ટ્રાફિક પોલીસે વ્હિસલ વગાડીને તેને દૂર હટવાનો ઇશારો કર્યો, પરંતુ છોકરીએ આ ચાર રસ્તા વચ્ચે પડેલું પેલું સફેદ કપડું ઉઠાવી લીધું.

એ કપડું થોડીવાર પહેલાં ગોપાલે પોતાની કમર પર પહેરેલું હતું અને ગુસ્સામાં કાઢીને ફેંકી દીધેલું.

ટ્રાફિક પોલીસે બીજીવાર વ્હિસલ વગાડી. છોકરીએ તેમની સામે જોયું. પોલીસે તેને રોડ વચ્ચેથી હટવાનો ઇશારો કર્યો. સામે છોકરીએ હસીને પોલીસવાળા સામે જોઈને કહ્યું :

"સૉરી સર.... આઇ લવ યુ ટુ..."

આખો દિવસ વાહનોના અવાજથી ત્રાસી ગયેલા ટ્રાફિકના એ માણસના ગુસ્સાવાળા ચહેરા પર આ શબ્દો સાંભળીને હાસ્ય આવી ગયું. છોકરી તે કપડું લઈને રોડને ક્રોસ કરવા ફરી ટ્રાફિકમાં ઘૂસી અને રોડની બીજી તરફ જ્યાં ગોપાલ પડ્યો હતો એ તરફ દોડતી ગઈ. ગોપાલ ફરતે ઊભેલા ટોળાની અંદર જગ્યા કરતી એ સીધી જ વચ્ચે ગોપાલ પાસે પહોંચી ગઈ. તેણે ગોપાલ સામે જોયું. તેના ખુલ્લા શરીર પર પોલીસના

દંડાના લીલા ડાઘ જોયા. માથું નીચું કરીને તેનું નગ્ન શરીર ગોઠણભર બેઠુંબેઠું ધ્રૂજી રહ્યું હતું.

"ઓહ માય ગૉડ... કિસને મારા ઈસ લડકે કો ?" તે પોતાના મોઢા પર હથેળી રાખીને ગભરાતા ચહેરે મોટેથી બોલી. બધા પુરુષોએ તેની સામે જોયું.

"રોડ કે બીચમેં નંગા ખડા થા યે... બડા ચિલ્લા રહા થા. તો ઈસકો તો અભી સિર્ફ મારા હે, જેલ કી હવા તો ખિલાયી નહીં હૈ મેડમ." એક પોલીસવાળાએ છોકરીના હાથમાં રહેલા કપડાનું નિરીક્ષણ કરતાં જવાબ આપ્યો.

"સર, ક્યા કર દિયા આપને હમારે પેશન્ટ કો ?"

"ક્યાં ?" ઈન્સ્પેકટરને કંઈ સમજાયું નહીં.

"ઓહ ગૉડ... અરે ભૈયા યે હમારા પેશન્ટ હૈ. ગોપાલ નામ હૈ ઈસકા. મેન્ટલ હૉસ્પિટલ ખાનપુરા. યે લડકા પાગલ હૈ, ઔર હૉસ્પિટલ સે ભાગ ગયા થા આજ સુબહ." એ છોકરી બોલી અને પછી કોઈની પણ સામું જોયા વિના એણે ગોપાલનો હાથ પોતાના ખભા પર મૂકીને તેને ઊભો કરવાનું ચાલુ કર્યું. આ દૃશ્ય જોઈને બીજા બે-ત્રણ માણસોએ ગોપાલને ઊભો કરવામાં મદદ કરી. પોલીસ કશું પણ સમજે એ પહેલાં જ આ છોકરીએ ગોપાલની કમર ફરતે પેલું કપડું ફરીથી વીંટાળી દીધું. ગોપાલ કશું જ સમજી રહ્યો ન હતો. આંસુ વચ્ચે તેને ચારે બાજુ ઊભેલા પુરુષો ઝાંખા દેખાતા હતા. આખા શરીરમાં પીડા થઈ રહી હતી. હવે નીચેનું અંગ ઢંકાઈ ગયું હતું એટલે તેણે ઉપર જોયું.

પોલીસે આ છોકરીને પૂછ્યું : "આપ કોન હો મેડમ ?"

"સર હમ લોગ 'જાગૃતિ મેન્ટલ પેશન્ટ્સ હૉસ્પિટલ' ટ્રસ્ટ ચલાતે હે. યે લડકા થોડે દિન પહેલે હી ઍડમિટ હુઆ હે. ગુજરાતી હૈ. આપને દેખાના અભી વો ગુજરાતીમેં ચિલ્લા રહા થા. યે હર દો-તીન દિનમેં એકબાર ભાગ જાતા હે હૉસ્પિટલ સે." ગોપાલનો બધો જ ભાર પોતાના ખભા પર ઊંચકતાં એ બોલી.

"આપકા આઈ-ડી ?"

"આઈ-ડી મૈં હૉસ્પિટલ પે હી રખ કે આયી હૂં, સર... યે બંદા હર દો-તીન દિનમેં ભાગ જાતા હૈ ઔર ઐસેહી રાસ્તે કે બીચ મેં નંગા હો જાતા હૈ. અબ ઐસી ઈમરજન્સીમેં કોઈ નર્સ પહેલે અપના આઈ-ડી યાદ કરેગી યા પેશન્ટ ? ઈસકે પીછે ભાગનેમેં અપના કાર્ડ મેં હૉસ્પિટલ પે ભૂલ ગઈ."

"ચલો વો ઠીક હે...લેકિન આપકા યે બાઈક ઐસા ક્યું હૈ ?" પોલીસ ઈન્સ્પેકટરે રંગબેરંગી બુલેટ સામે જોઈને શંકાની નજરથી કહ્યું.

"સર, આપ ક્યૂં સમજ નહીં રહે હૈં ? બુલેટ મેરે દોસ્ત કા હૈ. ઈમરજન્સીમેં હમ લોગ..."

"ઠીક હૈ ઠીક હૈ..." ઈન્સ્પેકટર બોલ્યા : "હમ લોગ તો ઈસે પુલિસથાને લે જાને

વાલે થે. લેકિન અગર આપ જો બોલ રહી હૈ વો સચ હૈ તો ફિર...”

“એક કામ કિજિયે સર. મેરે પીછેપીછે આપ અપના ગાડી ચલાતે આઈયેં. આપકો પતા ચલેગા કિ મેન્ટલ હૉસ્પિટલ કહાં પર હૈ ઔર મેરા આઈ-ડી ઔર પેશન્ટ કા રિપોર્ટ ભી દેખને કો મિલેગા.”

“નહીં નહીં... હમ લોગોં કે પાસ ઈતના ટાઈમ નહીં હૈ. આપ ઈસે લે જાઓ, ઔર નેક્સ્ટ ટાઈમ યે બંદા ઐસી હરકતેં કરેગા તો વો આપકી ઔર હૉસ્પિટલ કી ઝિમ્મેદારી હોગી.” ઈન્સ્પેકટરે કહ્યું અને પોતાના હવાલદારને આ છોકરીની ડિટેલ્સ લખી લેવા કહ્યું.

ટોળું ધીમેધીમે વિખેરાઈ ગયું. પોલીસના માણસો ગાડીમાં બેસી ગયા. ગોપાલનો હાથ હજુ છોકરીના ખભા પર હતો અને છોકરી તેને પકડી રાખીને હવાલદારને રિપોર્ટ કાર્ડમાં પોતાની માહિતી આપી રહી હતી.

થોડીવારમાં બધું જ શાંત થઈ ગયું. બધા જતા રહ્યા. છોકરી એકલી એકલી હસી રહી હતી અને તેના સહારે ઊભેલા ગોપાલને તે ધીમેધીમે પોતાની બુલેટ તરફ ચલાવી રહી હતી.

ગોપાલનું દિમાગ હજુ કશું સમજી શકતું ન હતું, પરંતુ તે અનુભવી રહ્યો હતો કે આ છોકરીએ તેને પોલીસના મારથી બચાવી લીધો હતો. હજુ હોઠ પરથી લાળો ટપકી રહી હતી. આંખોમાં આંસુઓ આવી રહ્યાં હતાં. પાછળના ભાગમાં બધે જ દંડાના મારને લીધે લીલા ડાઘ દુઃખી રહ્યા હતા. શિયાળાનો ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. ખુલ્લું શરીર ધ્રૂજી રહ્યું હતું.

ગોપાલને બુલેટ પાસે ઊભો રાખી તેણે બુલેટ ચાલુ કર્યું. બુલેટના સાઈલેન્સરનો મોટો અવાજ વિચારવિહીન સ્થિતિમાં ખોવાઈ ગયેલા ગોપાલને વર્તમાનમાં લાવ્યો. તેને ચારે તરફની સ્થિતિનો અહેસાસ થયો.

“ગોપાલસાહેબ... બેસી જાઓ પાછળ.” તે ગોપાલ સામે જોઈને મુસ્કુરાઈને બોલી. પોતાનું નામ અને ગુજરાતી સાંભળીને ગોપાલને નવાઈ લાગી હશે. પોતાની કમર પર વીંટેલું કપડું સરખું કરીને તે છોકરી પાછળ બેસી ગયો. છોકરીના ખભા પર હાથ રાખીને તે ચૂપચાપ બેસી ગયો. પગ પહોળા થવાને લીધે પેલું સફેદ કપડું ઊંચું થઈ ગયું હતું.

ગોપાલ કપડું નીચું ખેંચીને પોતાની નગ્નતા છુપાવતો નીચું જોઈને ધ્રૂજી રહ્યો હતો.

બુલેટ શહેરના ટ્રાફિકમાં ભાગી રહ્યું હતું. થોડી ક્ષણોમાં જે બન્યું તે બધું જ ગોપાલના દિમાગમાં ઘેરી વળ્યું હતું. ખુદનાં નગ્ન થવાનાં દશ્યો અને પોલીસનાં મારવાનાં દશ્યો આંખો સામે દેખાઈ રહ્યાં હતાં. હૃદયમાં અંધકાર પેદા થઈ રહ્યો હતો.

"મેં સાંભળ્યો તને," તે બુલેટ ચલાવતી બોલી, "હું ત્યાં ટ્રાફિકમાં જ ઊભી હતી જ્યારે તું ચાર રસ્તા પર ઊભા રહીને તારો ગુસ્સો કાઢી રહ્યો હતો."

ગોપાલના કાન પર એ શબ્દો અથડાઈ રહ્યા હતા, પરંતુ તે હજુ કોઈ પૂતળાની જેમ બીજા વિચારોમાં ખોવાઈને છોકરીના ખભાને પકડીને બેઠો હતો.

"તારા શબ્દો વાગી રહ્યા હતા માણસોને ! મને તો એમ થયું કે આ વ્યક્તિ હમણાં દરેક માણસના લાઈફના સવાલોનું સોલ્યુશન આપી દેશે." એ બોલી, "પણ મોટાભાગના લોકોની નજર તારા શબ્દો કરતાં તારા નીચે દેખાતા બંબુ પર હતી." અને પછી મોટેથી હસવા લાગી.

ગોપાલ હવે થોડું સાંભળી રહ્યો હતો.

"પરંતુ પોલીસના માણસોએ તને સરખી સ્પીચ આપવા જ ના દીધી. તને એ લોકો જે રીતે મારતા હતા એ જોઈને થયું કે આ માણસને હમણાં જ એ લોકો પાગલ સમજીને ધોઈ નાખશે. એટલે મેં પછી મારી આ બુલેટને સાઈડ પર પાર્ક કરીને તને બચાવવાની કોશિશ કરી."

ગોપાલ ફરી કોઈ ઊંડા વિચારમાં ખોવાઈ ગયો હતો. છોકરી બોલી રહી હતી :

"બાય ધ વે... હું કોઈ મેન્ટલ હૉસ્પિટલની નર્સ નથી. મારું કામ બીજું છે. આ પોલીસવાળા માણસોથી તને છોડાવવા માટે મેં એવું ખોટું કહેલું."

"અહીં નજીકમાં કોઈ ખાનપુર નામનો એરિયા નથી.પોલીસને એટલી બુદ્ધિ પણ નથી ચાલતી." બોલીને એ મોટેમોટેથી હસવા લાગી.

બુલેટ શહેરથી બહાર તરફના રસ્તા તરફ ભાગી રહ્યું હતું. તે ગોપાલને બોલી રહી હતી :

"તારી છાતીમાં આગ છે...
મને આ જ્વાળામુખી જેવા માણસો મને ખૂબ ગમે છે.
ભભૂકતી આગ.
રાડો નાખવાની,
બળવો કરવાની,
અને ન ગમતી દુનિયાને પોતાની મિડલ ફિંગર દેખાડી દેવાની આગ. પણ..."

એ વચ્ચેથી અટકી ગઈ. આગળ બોલી નહીં. બુલેટ રોડની સાઈડમાં ઊભું રાખ્યું. સામે થોડે દૂર દરિયો દેખાઈ રહ્યો હતો. બે-ત્રણ મોટા પથ્થરો હતા. કિનારા પર પડેલા એ પથ્થર સાથે દરિયાનાં ઊછળતાં મોજાંઓ અથડાઈ રહ્યાં હતાં. દરિયાનું જાણે ખુદનું કોઈ સંગીત હોય એમ એ અવાજો બીજા બધા જ અવાજને શાંત કરી રહ્યા હતા.

ગોપાલને ભાન થયું કે હવે તેને નીચે ઊતરવાનું હતું. તે નીચે ઊતર્યો. પેલી છોકરી પણ નીચે ઊતરી. ગોપાલના શરીર પર પડેલા દંડાના મોટા ડાઘને જોતી રહી. ગોપાલ નીચું જોઈને પૂતળાની જેમ ઊભો હતો. તેનું શરીર ધ્રૂજી રહ્યું હતું. આંખોમાંથી

હજુ આંસુ ભાગી રહ્યાં હતાં. તેની અંદર શું ચાલી રહ્યું છે તે સમજવું જ મુશ્કેલ હતું. જાણે તેની અંદર પણ એક દરિયો હતો. આગનો દરિયો. જે ઊછળી રહ્યો હતો અને તેનાં મોજાં એની છાતીની દીવાલો સાથે અથડાઈને આંસુ અને કંપન આપી રહ્યાં હતાં. કેટલીયે ક્ષણો સુધી એ બંને ત્યાં જ સ્થિર ઊભાં રહ્યાં. છોકરી ગોપાલને જોતી રહી. ગોપાલ છોકરીના પગ સામે નજર રાખીને રડી રહ્યો હતો. નાકમાંથી પાણી નીકળી રહ્યું હતું.

બસ... છોકરી તેની નજીક ગઈ. ચૂપચાપ ગોપાલના ગાલ પર પોતાની આંગળીઓ મૂકી. આંખમાંથી નીકળીને ભાગી રહેલાં આંસુ પર પોતાની આંગળી ફેરવી. એ આંગળીનો સ્પર્શ...

ગોપાલે તરત જ ઊંચું જોયું. છોકરીના ચહેરાને જોયો. એ શાંત કિનારા જેવો ચહેરો હતો. એકવાર જોયા પછી હજાર વર્ષ સુધી ભૂલી ન શકાય તેવો ચહેરો. હજાર વર્ષ સુધી જોયા કરવાની તડપ ઊઠે તેવો ભોળો અને માસૂમ ચહેરો. છોકરીની આંખોમાં પણ આંસુ આવી ગયાં.

બસ... છોકરીએ ઝડપથી ગોપાલની નજીક આવીને તેને પોતાની બાહોમાં સમાવી લીધો. કિનારા પાસે આવીને ભાંગી પડતાં મોજાંની જેમ ગોપાલ આ કોઈ અજાણી વ્યક્તિની છાતીમાં ભાંગી પડ્યો. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

કેટલાયે સમયથી કદાચ આ વ્યક્તિને આવી કોઈ છાતીને પોતાના આંસુથી ભીની કરવાની જરૂર હતી. કોઈ પોતાના માણસ પાસે કદાચ આ માણસને ભાંગી પડવાની જરૂર હતી. ગોપાલને તે કદાચ રડતો જોઈ નહીં શકી હોય, તે ખુદ પણ આંસુ પાડી રહી હતી અને ગોપાલને વધુ જોરથી પોતાની છાતીમાં જકડી રહી હતી.

થોડી જ ક્ષણોમાં ગોપાલ શાંત થઈ ગયો. ચૂપ થઈ ગયો. છોકરીથી તે દૂર થયો. પોતાનાં આંસુ પોતાના હાથે લૂછવા લાગ્યો. તેની લાલ આંખોએ છોકરી સામે જોયું. તે હળવું હસી. ગોપાલના ગાલ પરથી તેણે ફરી પોતાની હથેળી ફેરવીને આંસુ લૂછી લીધાં. ગોપાલનો હાથ પકડીને તે તેને દરિયા પાસે લઈ ગઈ.

ગોપાલના ખુલ્લા પગમાં કિનારાની ઠંડી રેતીનો સ્પર્શ થયો. કિનારે જઈને તે બંને ઊભાં રહ્યાં. ગોપાલે દરિયા સામે જોયું. દરિયાનું પાણી એ બંનેના પગને ચૂમી ગયું. પાણીનો સ્પર્શ થતા જ ગોપાલના શરીરમાં જાણે જીવ આવ્યો.

સવારનાં કુમળાં કિરણો દરિયાં પર પથરાઈ રહ્યાં હતાં. કિનારા પર ખૂબ ઓછા માણસો હતા. તે બંને જ્યાં ઊભાં હતાં ત્યાંથી થોડે દૂર એક મોટો પથ્થર હતો. એ પથ્થર સાથે દરિયાનાં મોજાંઓ અથડાઈને તૂટી જઈ રહ્યાં હતાં. તે ગોપાલને ત્યાં લઈ ગઈ. પથ્થર પર ચડીને તે બંને ઊભાં રહ્યાં અને સામે ઊછળતા અફાટ દરિયાને જોતાં રહ્યાં. તેમના પગ પાસે મોજાંઓ પથ્થરને અથડાઈ રહ્યાં હતાં અને પાણીની ઝીણી બૂંદો ઊડીને

બંનેના શરીરને ભીનાં કરી રહી હતી. ગોપાલની દાઢીના વાળ પર પાણીની બૂંદો ભેગી થઈને નીતરી રહી હતી. પાણીથી ભીના થઈ ગયેલા ચહેરા અંદર આંસુઓ ખોવાઈ જતાં હતાં.

ગોપાલ ફરી ભાંગી રહ્યો હતો. પોલીસે તેને જે રીતે માર્યો તે દશ્યો યાદ આવી રહ્યાં હતાં. દરિયાનું ખારું પાણી તેના ઘા પર સ્પર્શ થતાં જ આખા શરીર પર બળતરા ઊપડી રહી હતી. મગજ ફરીફરી વિચારો કરી રહ્યું હતું :

શું કરવા તું ઘરેથી નીકળ્યો હતો ? ક્યાં પહોંચ્યો છે આજે તું ? શું થઈ રહ્યું છે તને ? તું જો તો ખરો શી હાલત કરી છે તે ખુદની. તું...

બસ... વિચારો ફરી બંધ થઈ ગયા. આંસુઓ ચાલુ થઈ ગયાં. શરીર કરતાં મનની અંદર ઊઠતા સવાલોની પીડા વધુ હતી.

તું શું કરી રહ્યો છે તને જ ખબર નથી ? ક્યાં જઈ રહ્યો છે ? શા માટે ભાગી રહ્યો છે ? તારા હાથમાં શું આવ્યું નાગો માણસ બનીને ? તું પાગલ થઈ રહ્યો છે ગોપાલ... તું ગાંડો થઈ રહ્યો છે. તને...

તેણે દરિયા સામે પોતાની આંખો બંધ કરી દીધી. શરીરમાં અજાણી લાગણીઓ જન્મવા લાગી. આંસુઓ વધી ગયાં. બંધ આંખોની અંદર પોતે વિતાવેલી જિંદગીનાં કેટલાયે દશ્યો ભાગી રહ્યાં હતા.

કશું જ હતું નહીં તેની લાઈફમાં. તે એકલો ભાગી રહ્યો હતો કોઈ અજાણી દિશામાં. શા માટે ? તેને ખબર ન હતી. સત્ય શું છે ? તેને ખબર ન હતી. શું થશે હવે ? તેને ખબર ન હતી.

તેને પોતાના શરીરને આ પથ્થરથી નીચે પાણીમાં પડતું મૂકી દેવાની ઇચ્છા થઈ હશે... તે બંધ આંખે થોડો આગળ વધ્યો. પથ્થરની ધાર નજીક તેના પગ સ્થિર થઈ ગયા. હવે બસ, એક ડગલું આગળ... અને તેનું શરીર દરિયાનાં મોજાંઓ વચ્ચે પડીને તૂટી જશે.

આંખો બંધ હતી.

શરીર થોડું ત્રાંસું થયું.

દિમાગ હવે ફરી શૂન્ય થઈ ગયું હતું.

શરીરને બસ હવે પાણીમાં પડી જવું હશે...

ગોપાલ ત્રાંસો થયો અને પાછળથી મોટો અવાજ આવ્યો :

"આંખ બંધ કરીને મરવા પડતો નહીં..."

ગોપાલ એ શબ્દો સાંભળીને ચોંકી ગયો.

"ખુલ્લી આંખે મર. એક તો દુનિયાથી હારીને ભાગવું છે અને પાછું આંખો બંધ કરીને મરવા પડવું છે. તાકાત હોય તો ખુલ્લી આંખે પાણીમાં પડીને મરી જા."

એ શબ્દો છોકરી પાછળ બેઠીબેઠી બોલી હતી.

જાણે કોઈ ભયાનક સપનામાંથી જાગતો હોય તેમ પથ્થરની ધારથી બે ડગલાં પાછળ આવી ગયો. પોતે કોઈ એવા વિશ્વમાં ચડી ગયો હતો જ્યાં પોતાની અંદરનો હારેલો માણસ તેને ફરી એકવાર આત્મહત્યાના રસ્તા તરફ ધકેલી રહ્યો હતો.

દરિયાનું મોટું મોજું આવ્યું, પથ્થર સાથે ટકરાયું અને પાણીની મોટી થપાટ ગોપાલ અને આ અજાણી છોકરીના શરીરોને પૂરાં ભીનાં કરતી ગઈ.

શું કરી રહ્યો છે ગોપાલ ? શું થયું ? મરવા જઈ રહ્યો હતો તું ? ગોપાલની અંદર હંમેશાંથી બોલતો પેલો માણસ અંદરનો માણસ જીવતો થયો. ગુસ્સે થઈને પૂછવા લાગ્યો. કેવો હારેલો માણસ હતો એ...

તેણે પાછળ ફરીને છોકરી સામે જોયું. તે પાછળ પથ્થર પર બેસીને હસી રહી હતી. પહેલાં ધીમું મુસ્કુરાઈ રહી હતી અને હવે મોટેમોટેથી હસી રહી હતી. બોલી રહી હતી :

"કેવો કાગડા જેવો છે તું. પોતાની કાળાશ જોઈને કાગારોળ કરી રહ્યો છે. દુનિયાને કાળી સમજવા લાગ્યો છે." એ બોલી. ફરી હસવા લાગી. તેના ચહેરા પરથી દરિયાનું પાણી ટપકી રહ્યું હતું. ગોપાલ તેની સામે જોઈ રહ્યો. તેને સાંભળી રહ્યો :

"ચલ પાછો આવી જા. ગાંડો છે તું. હજુ તો ઘણું જીવવાનું છે. આ આસમાનને તોડી નાખ. દુનિયાને ફૂંકી નાખ. તારી પાંખોથી હવાઓને ચીરી નાખ. તારી બેડીઓને તોડી નાખ. ઊડી જા કાગડા... ઊડી જા. ઘરે જા પાછો. ગમે તેવો રસ્તો લઈશ છેવટે તો પોતાના ઘરે જ આવીશ તું..."

ગોપાલ તે શબ્દોને સાંભળી રહ્યો. એ શબ્દોની સાંકળ તેને ફરી પથ્થરની ધારથી દૂર ખેંચી ગઈ. તે પાછળ આવ્યો અને છોકરીની પાસે ઊભો રહ્યો. છેલ્લી બે-ત્રણ કલાકમાં પોતાની સાથે જે બન્યું તેના વિચારો આવવા લાગ્યા. આ અજાણી છોકરી. અજીબ હતી.

એણે કઈ રીતે તેને પોલીસથી બચાવ્યો તે દૃશ્યો યાદ આવી રહ્યાં હતાં. છેલ્લા બે કલાકથી જીભ ચૂપ હતી, અંદરનો માણસ બોલી રહ્યો હતો.

હવે આ છોકરીના શબ્દો સાંભળીને અંદરનો એ ગોપાલ વર્તમાનમાં આવીને એ છોકરી સામે જોઈને એક સવાલ પૂછી રહ્યો હતો. ગોપાલે તેને પૂછ્યું :

"કોણ છો તમે ?" ગળા પર બાઝેલા ડૂમાને તોડતા એ શબ્દો ખૂબ ધીમા હતા.

છોકરીએ દરિયાના અવાજમાં એ સવાલ સાંભળ્યો નહીં હોય. તેણે ફરી પૂછ્યું : "શું બોલ્યો ? કાગડા..."

ગોપાલને એ શબ્દ વાગ્યો. તેણે મોટેથી પૂછ્યું : "કોણ છો તમે ?"

એ સવાલ સાંભળીને તે છોકરીએ ગોપાલની આંખોમાં જોયું. મુસ્કુરાવા લાગી. પછી એ દરિયા સામું જોઈ ગઈ. પોતાના બંને હાથ પહોળા કર્યા, આંખો બંધ કરી અને જાણે દરિયા સાથે વાતો કરતી પોતાના વિશે કહેતી હોય એમ બોલી :

"હું ? મારું શું કહેવું ?
આપણું તો ગોપાલ કંઈક એવું...
નાગું નહાવું ને, બાથ ભરીને જીવવું...
ધોમ વૈશાખે દાઝવું ને, કદીક દરિયો ભરીને રોવું,
ધમ...ધમ...ધમ... જીવતા આ દરિયાના કિનારા પર
ઊછળતા ઊડતા કાગળના જહાજે તરવું...
હા, આ છોકરીનું તો ભાઈ કૈંક એવું ...
સીમાડા ન મળે જો સીધા રસ્તે, તો શેઢા તોડીને પણ ઘૂસવું...
ઝાંઝવાના પાણીની જેમ કોણ જીવે, મારે તો મેઘ બનીને વરસવું...
હા... મેઘ બનીને વરસવું...
ઓહ યસ... મેઘ બનીને વરસવું...
ચાતકે તરસ્યા મરી મરીને ફૂંકી કાઢેલા
આ વાદળોની જેમ ધોધમાર વરસવું ...
વરસવું, ને થોડુંક ગરજવું ...
પણ તોયે ઝંઝાવાતે જીવવું ...
તરસવું... તડપવું... ગાંડી આગ બનીને તડપવું,
મસાણે જીવવું... મસાણે મરવું.
રાખ બનીને ઊડવું અને રાખમાંથી બેઠા થવું...
જીવી જીવીને મરવું ને, મન ભરીને જીવવું...
હા, ગોપાલ. આ છોકરીનું તો કૈંક એવું...

ગોપાલ તેની સામે જોઈ રહ્યો. છોકરીએ આંખો ખોલી અને ગોપાલ સામે જોયું. ગોપાલ તે ચહેરાને જોતો રહ્યો. કોઈ ફકીર જેવી બેફિકરાઈ. કફન પહેરેલા શરીર જેવી શાંતિ. જિજ્ઞવિષાથી છલકાતો ચહેરો.

"મીરાં." તે બોલી. હસી.

"મારું નામ મીરાં છે. સેક્સી મીરાં. ફેન્ટાસ્ટિક મીરાં. ગાંડી મીરાં. ગાંડુ મીરાં. રોતલી મીરાં. બિન્દાસ્ત મીરાં. માસૂમ મીરાં. મીરાં ધ બીચ્ચ. મીરાં ધ રોકસ્ટાર. મીરાં દીવાની. મીરાં મસ્તાની." તે બોલી અને હસતા ચહેરે ગોપાલ સામે જોઈ રહી. ગોપાલ તેના શબ્દો સાંભળીને સ્થિર નજરથી તેને જોઈ રહ્યો હતો. તે ચહેરો પોતીકો લાગતો હતો. જગતના દરેક પુરુષના પહેલા પ્રેમ જેવો ચહેરો.

ના... એ ચહેરો શબ્દોનો મોહતાજ ન હતો.

"અને તું ?" તેણે ગોપાલને પૂછ્યું અને પોતાના પેન્ટના ખિસ્સામાંથી સિગારેટનું પૅકેટ કાઢ્યું.

"ગોપાલ..." ગોપાલ સિગારેટના પૅકેટ સામે જોતો બોલ્યો. મીરાંએ પૅકેટમાંથી સિગારેટ કાઢીને પોતાના હોઠો વચ્ચે મૂકી. પૅકેટ અંદર પડેલું લાઈટર કાઢતી તે બોલી :

"ગોપાલ..." સિગારેટ જલાવતી તે બોલી. "ગોપાલ...ધ કાગડો. ક્લુલેસ કાગડો. નાદાન કાગડો. પોતાનાથી પણ કાળા પડછાયાનો પીછો કરતો કાગડો. બિચારો ગોપાલ. નાગો ગોપાલ. દાઢીવાળો ગોપાલ. હારેલો ગોપાલ. મરેલો ગોપાલ. મરવા પડેલો ગોપાલ. ભાગેલો ગોપાલ. પોલીસ પાસે ગાંડ પર દંડા ખાતો ગોપાલ. ગોપાલ... ધ એસહોલ." બોલતી તે સિગારેટના ધુમાડા હવામાં ઊંચે ફેંકવા લાગી. ગોપાલને તે શબ્દો વાગ્યા. તે બસ તેને નીરખી રહ્યો. મીરાંએ તેની સામે જોયું.

"સિગારેટ પીશ ?" તેણે ગોપાલ સામે જોઈને પૂછ્યું. ગોપાલ તરત જ તેની પાસે ગયો અને પોતાની કમર પર લટકી રહેલી કપડું સરખું કરીને તેની નજીક બેસી ગયો. મીરાંએ પોતાની સિગારેટ તેને આપી. સિગારેટ લઈને ગોપાલે ઊંડો કશ લીધો. શરીરમાં ગરમ ધુમાડો ગયો. તેણે મીરાંને સિગારેટ પાછી આપી. હવે તે પીવા માંડી. બંને દરિયા સામું જોઈ રહ્યાં.

"આઇ એમ સૉરી..." ગોપાલની આંગળીઓમાં સિગારેટ મૂકતી બોલી.

"કેમ ?" ગોપાલે ધીમા અવાજે પૂછ્યું.

"તને કાગડો કહેવા બદલ..." તે બોલી. "તારી અંદર શું ચાલી રહ્યું છે તેની કોઈ જ જાણ વિના તને હું કેવાં લેબલ આપવા લાગી." ગોપાલ પહેલીવાર એ શબ્દો સાંભળીને થોડો મુસ્કુરાયો.

બંનેએ ચૂપચાપ સિગારેટ પૂરી કરી. ગોપાલના ખાલી પેટમાં ગરમાહટ થઈ. ઠંડી ભાગી ગઈ. મીરાંએ પૅકેટમાંથી બીજી સિગારેટ કાઢી અને જલાવી.

"તારી સ્થિતિ પર બોલનારી હું કોણ ?" તે બોલી. ગોપાલ બસ તેને સાંભળી રહ્યો હતો.બંને કેટલીયે ક્ષણો સુધી દરિયા સામે જોઈને ચૂપ બેસી રહ્યાં. સવારનો સૂરજ હવે બપોર તરફ જઈ રહ્યો હતો. ઠંડી થોડી ઓછી થઈ હતી. દરિયાનાં તૂટતાં મોજાંઓ પરથી પાણીની બૂંદો ઊડીને બંનેને ભીના કરી જતી હતી.

"થૅન્ક્યુ..." ગોપાલ મીરાં તરફ જોઈને બોલ્યો. તે હસવા લાગી.

"પાગલ..." તે બોલી.

"મને લઈ જા ક્યાંક." ગોપાલે ભીની આંખે કહ્યું.

"ક્યાં ?"

"ક્યાં જવું એ બતાવ્યા વિના... કોઈ એવી જગ્યાએ જ્યાં એ જઈને હું મુસ્કુરાઈ શકું." ગોપાલ બોલ્યો. એક આંસુ તેની પાંપણ પર આવ્યું, ત્યાં જ લટકી રહ્યું. મીરાં તે આંસુને જોઈ રહી. એ નીચે પડતું હતું અને મીરાંએ પોતાની હથેળીમાં ઝીલી લીધું. આંસુને પોતાની હથેળીમાં જોતાં જોતાં તેણે ફૂંક મારી અને એ તૂટી ગયું. હથેળી ભીની થઈ ગઈ. બંને હસી પડ્યાં.

પછી મીરાંએ ગોપાલની વધુ નજીક બેસીને પોતાના બંને હાથ પહોળા કર્યા અને હસતી બોલી : "અહીં તું મુસ્કુરાઈ શકીશ."

એ શબ્દો સાંભળીને ગોપાલે તરત જ પોતાનું શરીર એ અજાણી છોકરીની બાહોમાં નાખી દીધું. શું થયું ખબર નહીં પરંતુ મીરાંની બાહોમાં ફરી પેલાં આંસુઓ વહેવા લાગ્યાં.

ગોપાલ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. મીરાં તેની પીઠ પર હાથ ફેરવવા લાગી. ગોપાલની પીઠ પર પડેલા લાકડીના ડાઘ જાણે પેલી આંસુભીની હથેળી ભૂંસવા લાગી. એ ભાંગ્યો. તૂટી ગયો એ બાહોની અંદર.

થોડીવાર પછી તે મુસ્કુરાયો. મીરાંથી દૂર થયો અને હસવા લાગ્યો. કદાચ મહિનાઓથી તે સરખું હસ્યો ન હતો.

"શું છે તારી કહાની ?" મીરાંએ તેને પૂછ્યું.

"કહેવા જેવી નથી." ગોપાલે કહ્યું. મીરાં હસવા લાગી.

"તારી કહાની શું છે ?" ગોપાલે તેને પૂછ્યું.

"સાંભળવા જેવી નથી." તે બોલી. બંને હસવા લાગ્યાં. વધુ એક સિગારેટ પીવા લાગ્યાં.

"હું પણ ગુજરાતથી આવી છું. ભાગીને. મારા બાપે મારા પર રેપ કરેલો. જ્યારે હું મારી માને આ વાત કરવા ગઈ ત્યારે મેં જોયું કે મારી માનું માથું ધડથી અલગ છે અને ખૂણામાં પડ્યું છે. મારો બાપ હાથમાં મોટી છરી લઈને બેઠો હતો. તેણે મારી માનું ગળું કાપી નાખેલું એ છરીથી. હું ત્યાંથી ભાગી. ઘરની બહાર રસ્તા પર ભાગી. રસ્તા પર મારો બાપ એ છરી લઈને મારી પાછળ દોડ્યો. એક નજીકના કાકાના ઘરમાં હું ઘૂસી. અંદર જઈને દરવાજાને બંધ કર્યો. મારા કાકાને ઘરમાં જઈને કહ્યું કે મારો બાપ મારા પર રેપ કરી ચૂક્યો છે, મારી માને મારી નાખી છે અને હવે મને મારવા મારી પાછળ આવે છે. બસ પછી શું... મારા કાકાએ બહાર નીકળીને મારા બાપને મારી નાખ્યો. મારા કાકાએ ઘર અંદર આવીને લૉક કરીને મારા પર બળાત્કાર કર્યો. એ સમયે જ મેં ખૂણામાં પડેલા માટીના કુંડાથી મેં તે કાકાના માથામાં માર્યું. તે બેભાન થઈ ગયો. હું પાગલ થઈ ચૂકી હતી. ગુસ્સો એટલો હતો કે મેં છરી લઈને તેની આંખો બહાર કાઢી નાખી. તેનું પેનીસ કાપી નાખ્યું. બહાર ભાગી. મારાં લોહીવાળાં કપડાં જોઈ કૂતરાંઓ મારી પાછળ પડ્યાં. મને કરડ્યાં. હું એક હૉસ્પિટલમાં ગઈ. અને..."

"બસ..." ગોપાલ મોટેથી બોલ્યો. પોતાની આંખો બંધ કરી ગયો. તે આગળ સાંભળી શકે તેમ ન હતો.

"બસ..." તે બીજીવાર બોલ્યો. મીરાં હસવા લાગી.

"ચલ હવે તારી વાતો કર..." મીરાંએ ગોપાલનો હાથ પકડીને કહ્યું. ગોપાલ હસવા લાગ્યો. કેટલું બધું બદલાઈ રહ્યું હતું. કેટલી ઝડપથી ઘટનાઓ બની રહી હતી. હજુ ગઈ રાત્રે જ તે જંગલમાંથી ભાગીને ટ્રેનમાં ચડ્યો હતો અને અત્યારે અહીં આ દરિયાકિનારે પથ્થર પર કોઈ અજાણી છોકરી પાસે તે પોતાની વાતો કહેવા લાગ્યો હતો.

"મારી લાઈફમાં તારા જેવું કશું જ નથી બન્યું. હું ગોપાલ પટેલ. રમેશભાઈ પટેલનો ફ્લૉપ દીકરો. ફ્લૉપ એન્જિનિયર. સુપર ફ્લૉપ માણસ. શું કહું મારી કહાની ? મને જ ગમતી નથી. કૉલેજ સુધી ખૂબ મજા કરી, પરંતુ મને મારી લાઈફ પસંદ ન હતી. અંદરથી થતું કે કશુંક ખૂટે છે. આજુબાજુના માણસો પણ મને ફ્લૉપ લાગવા લાગ્યા. હજુ લાગે છે. મને મારો રસનો વિષય ખબર ન હતી. હજુ ખબર નથી. મારે મારું પેશન શોધવું હતું. મહાન માણસ બનવું હતું. મારે મને ન ગમતી દુનિયાને છોડી દેવી હતી.

મારે મારી જીદથી જીવવું હતું."

"અત્યારે એ જીદ નથી ?" મીરાં બોલી.

"અત્યારે તો બસ ખાલી જીવવું છે." એ હસીને બોલ્યો. ફરી કહેવા લાગ્યો : "કૉલેજમાં ઘણા પ્રયોગો કર્યા મારો રસનો વિષય શોધવાના, પરંતુ મારી અંદર કોઈ અવાજ ન નીકળ્યો. જ્યારે કૉલેજ પૂરી થઈ, જૉબ શોધી અને દિવસ આખો ચાર દીવાલો વચ્ચે કાઢવા લાગ્યો ત્યારે મારી અંદરનો ગુસ્સો ખૂબ વધી ગયો. મારી અંદરનો ગોપાલ પટેલ દિવસે દિવસે સપનાંઓ અને હકીકત વચ્ચે ગાંડો થવા લાગ્યો. હારવા લાગ્યો. જાત સાથેની વાતો હું સહન કરી શકતો ન હતો. બધું ફૂંકી મારવાનું મન થવા લાગ્યું હતું. એક દિવસ ઘરે જઈ રહ્યો હતો અને રસ્તામાં આત્મહત્યા કરવાની કોશિશ કરી નાખી. ન મર્યો. ઘરે ગયો અને બા-બાપુજીને કહ્યું કે હવે હું ચાલ્યો જાઉં છું. ખબર ન હતી કે ક્યાં જવું છે... પરંતુ બસ, મારે બધું છોડી દેવું હતું. બા-બાપુજીને રડતાં મૂકીને ઘરેથી નીકળી ગયો. જૂનાગઢમાં ગિરનારના જંગલમાં નાગોબાવો બની ગયો."

"અને તને ત્યાં પણ બધું ફ્લૉપ લાગ્યું એટલે ભાગીને મુંબઈ આવી ગયો."

"હા... ત્યાં એક બાવાએ કહ્યું કે જો તને દુનિયા સામે વિરોધ હોય તો દુનિયા વચ્ચે જઈને નાગો બન. અહીં જંગલમાં તારી નાગાઈનો કોઈ અર્થ નથી. બસ... મારી અંદર ઝનૂન એવું હતું કે ઘરે પાછો ન ગયો અને અહીં મુંબઈમાં આવી ગયો. મને કશું સૂઝતું ન હતું કે હું શું કરું... એટલે પછી રસ્તા વચ્ચે જે થયું તે બધું તારી આંખો સામે જ થયું." ગોપાલ બોલ્યો. મીરાં હસવા લાગી.

પછી બંને ચૂપચાપ બેસી રહ્યાં.

"હું આજનો દિવસ તારી સાથે રહી શકું ?" ગોપાલે સિગારેટનો ધુમાડો હવામાં ફેંકીને મીરાંને પૂછ્યું.

"હા... મને ગમશે." તે બોલી, "પરંતુ અત્યારે આપણે નીકળવું પડશે. મારે ઘણા બધા લોકોની ઍપૉઈન્ટમૅન્ટ છે. તારે માટે હું મારું કામ મૂકીને આવી છું."

"શું કામ કરે છે તું ?"

"ચલ...ખબર પડી જશે" તે હસીને બોલી. બંને પથ્થરથી નીચે ઊતરીને રોડ તરફ ચાલવા લાગ્યાં. ગોપાલના મનમાં હવે શાંતિ હતી. પોતાના શરીર પરનું કપડું સરખું કરીને તે મીરાં પાછળ બેઠો. બુલેટની કિક લાગી અને બંને શહેરના ટ્રાફિકમાં આવી ગયાં.

થોડીવારમાં મીરાંએ એક ઊંચા જૂના દેખાતા ઍપાર્ટમૅન્ટ નીચે બુલેટ ઊભું રાખ્યું. ઍપાર્ટમૅન્ટના પાર્કિંગમાં ક્રિકેટ રમતાં બાળકો નજીક મીરાંનું બુલેટ ઊભું રહ્યું. એ બધાંને જોઈને મીરાં દોડીને તેમની પાસે જતી રહી. ગોપાલ બુલેટ પાસે ઊભોઊભો મીરાંની અને પેલાં બાળકોની દોસ્તીને જોઈ રહ્યો. તેને ગમ્યું. થોડીવાર પછી મીરાં આવી અને તે બંને લિફ્ટમાં સાતમા માળે ગયાં. મીરાંએ પોતાની રૂમનું લૉક ખોલ્યું.

એ એક જ બેડવાળી ખૂબ નાની રૂમ હતી. બેડ પર મીરાંનાં કપડાં પડ્યાં હતાં. ખૂણામાં બાથરૂમ હતો. સામેની દીવાલ પર એક સાવ એક વેંત નાની ચોરસ બારી હતી

જ્યાંથી થોડો પ્રકાશ આવતો હતો. મીરાંએ અંદર જઈને લાઈટ કરી. ગોપાલ અંદર આવ્યો. રૂમની ભારે અને ભેજવાળી હવા મહેસૂસ કરી.

"હું અહીંયા રહું છું. ભાડે રહું છું. એકલી રહું છું. નીચે રમતાં બાળકો મારાં દોસ્તો છે." મીરાં પોતાના બેડ પર બેસીને બોલી. ગોપાલ બેડ પાસે ઊભો રહીને ચારે તરફ જોઈ રહ્યો હતો. તે સામેની નાનકડી બારી પાસે ગયો. બારીમાંથી બહારનું ઊંચીનીચી ઈમારતોથી ભરેલું મુંબઈ દેખાઈ રહ્યું હતું. બહારની આખી દુનિયા ગોપાલ જોઈ રહ્યો હતો. બંને ચૂપ હતાં.

મીરાંએ પોતાના બેડ નીચેથી થેલો કાઢ્યો અને એક પેન્ટ અને ટી-શર્ટ કાઢ્યાં.

"ગોપાલ. આ મારાં કપડાં છે, પહેરી લે, તને થઈ જશે. તને પેન્ટ અને ટી-શર્ટ ચાલશે ? મારી પાસે ચડ્ડી છે પણ તને સેટ નહીં થાય."

એ હસી પડી. બંને હસી પડ્યાં. તેને મીરાંને શું કહેવું એ ખબર પડતી ન હતી. એક અજાણી યુવતી તેને કેટલી મદદ કરી રહી હતી. થોડી જ કલાકોની અંદર કેટલીયે ઘટનાઓ બની રહી હતી. ગોપાલ સમજી શકતો ન હતો, પરંતુ તેને ખબર હતી કે તે અહીં જ રહેવા માગે છે... મીરાં પાસે.

પોલીસના દંડા પીઠ પર વાગવાને લીધે અત્યારે કલાકો બાદ પોતાનું આખું શરીર ગોપાલને દુઃખી રહ્યું હતું. મીરાંનું પેન્ટ પહેરતી સમયે પણ તેના સૂજી ગયેલા પગ દુઃખી રહ્યા હતા. પેન્ટને તે ઉપર ચઢાવી શકતો ન હતો. મીરાંએ તે જોયું અને પૂછ્યું : "ગોપાલ, તારે આરામ કરવો છે ?"

ગોપાલે હા કહી. તેના શરીરને ઊંઘ અને આરામની જરૂર હતી. મીરાં કહી રહી હતી કે તે તેને પોતાના કામ પર સાથે લઈ જવાની હતી, પરંતુ આજે તે એકલી જશે, ગોપાલને આવતીકાલે લઈ જશે.

મીરાંએ કહ્યું એ મુજબ ગોપાલ માત્ર પેલું જૂનું સફેદ કપડું જ પહેરી રાખીને, રૂમને અંદરથી લૉક કરીને, અંધારામાં મીરાંના બેડ પર પડ્યો. મીરાં જતી રહી હતી અને તે અચાનક બેડ પર પડ્યા પડ્યા એકલું અનુભવી રહ્યો હતો. આંખો બંધ કરીને તે સૂવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ શરીર અને મનની પીડાઓ શાંત થતી ન હતી. ઊંઘ આવતી ન હતી.

વિચારો ઠંડા આંસુ આપી રહ્યાં હતાં : *કોણ હતી આ છોકરી ? કેવી અજીબ પીડા ભરેલી હતી તેની કહાની ! શા માટે તે તને મદદ કરી રહી હતી ? હવે તું શું કરીશ ગોપાલ ? આ અજીબ શહેરમાં તું શું કરીશ ? ઘરે પાછું નથી જવું ?*

બસ ઘર યાદ આવ્યું અને ગોપાલે પોતાના માથા નીચે રાખેલું ઓશીકું કાઢીને પોતાના ચહેરા પર દબાવી દીધું. *વિચારોને બંધ કર. ચૂપ થા. સૂઈ જા.* જાણે પોતાની જાતને જ કહી રહ્યો હતો. તેને કશું જ વિચારવું ન હતું. બસ સૂઈ જવું હતું.

થોડીવાર પછી અતિશય થાકી ગયેલા સ્નાયુઓ સામે સતત બબડતા દિમાગની હાર થઈ ગઈ. ગોપાલ મડદાની જેમ સૂઈ ગયો. એ કેટલાયે સમય પછી સારા-ખરાબ સ્વપ્નાંઓ વગરની ઊંડી ઊંઘ હતી. તેને ખબર જ ન હતી કે ક્યારે સાંજ પડી ગયેલી, ક્યારે રાત થઈ ગયેલી અને ક્યારે બીજા દિવસની સવાર પણ થઈ ગયેલી.

16

બીજા દિવસે સવારે ગોપાલની આંખો ખૂલી. રૂમમાં લાઈટ ચાલુ હતી. તેને અહેસાસ થયો કે છેલ્લી કેટલાયે કલાકો એ ક્યાં હતો એ પણ તેને ખબર ન હતી. તેણે પાછળ જોયું. મીરાં તેનાથી થોડે દૂર પેલી નાનકડી ચોરસ બારી પાસે બેઠી હતી અને બહારના શહેરને જોઈ રહી હતી. તે કદાચ નીચે જમીન પર ચાદર પાથરીને સૂઈ ગઈ હતી.

ગોપાલ બેડમાંથી ઊભો થયો. હજુ સ્નાયુઓ દુઃખી રહ્યા હતા, પરંતુ શરીરમાં એ સહન કરવાની તાકાત હતી. મીરાં બારી બહાર જોતી ઊંડા વિચારોમાં ખોવાઈ ગઈ હોય તેવું લાગ્યું. એટલે ગોપાલે તેને પૂછ્યું : "શું વિચારે છે મીરાં ?"

તે ઝબકીને વર્તમાનમાં આવી ગઈ. ગોપાલની સામે હસી પડી. ઊભા થઈને ખૂણામાં પડેલા ટેબલ પરનું પૅકેટ લેતી બોલી :

"કેમ છે તને, કાગડા ?"

બંને હસી પડ્યાં. ખૂણાનું ટેબલ ખેંચીને તે ગોપાલની સામે બેસી ગઈ અને ગોપાલની આંખોમાં જોવા લાગી. બંને થોડીવાર ચૂપ થઈ ગયાં. મીરાંની આંખોને ગોપાલ જોઈ રહ્યો અને તેનાથી પુછાઈ ગયું :

"તેં તારી જે કહાની કહી એમાં પછી શું થયું, મને કહેને..."

"કઈ કહાની ?" મીરાં હસીને બોલી.

"તારી સાથે તારા પપ્પા અને કાકાએ જે કર્યું અને તું ભાગી અને કૂતરાંઓ તને કરડ્યાં..."

"એવું કંઈ નથી થયું મારી સાથે." તે તરત જ હસીને બોલી, "એ તો તને તારી પીડાઓ નાની લાગે એટલે મેં કહેલું."

"તો ? એ બધું જૂઠું હતું ?" ગોપાલને નવાઈ લાગી.

"હા. મારી લાઈફ ખૂબ સીધીસાદી છે અને મારા પપ્પા ખૂબ સારા માણસ છે અને હું અહીં મુંબઈમાં એકલી શા માટે છું એ બધું પછી કહીશ, પહેલા તું ઊભો થઈને તારી આ ધોતી સરખી કર અને બાથરૂમમાં જઈને બ્રશ કર અને તારે માટે નાસ્તો લઈને આવી છું એ ખાવા લાગ." તે એકસાથે બધું બોલી. ગોપાલ મુસ્કુરાતો તેની આંખો સામે જોવા લાગ્યો. લાંબી ચૂપકીદી પછી ફરી પૂછવા લાગ્યો : "કોણ છે તું ? કેમ મને આટલી બધી મદદ કરી રહી છે ?"

મીરાં એ તે સવાલના જવાબમાં માત્ર હસી. ગોપાલે મીરાંનું બ્રશ અને ટૂથપેસ્ટ લઈને ખૂણામાં બાથરૂમમાં જઈને બ્રશ કર્યું. કદાચ એક મહિના પછી તેણે આ રીતે બ્રશ કર્યું હશે. અરીસામાં પોતાનો ચહેરો જોયો. કેટલો બદલાઈ ગયો હતો એ. નાનકડી દાઢી અને ઊંડી આંખો તેના ચહેરાને એક વિચિત્રતા આપી રહ્યાં હતાં. પાછળ ફરીને દંડાના ડાઘ જોયા.

ગોપાલ ઘણા સમય પછી નાહ્યો. બાથરૂમ બહાર આવ્યો ત્યારે મીરાંએ બહારથી

ખરીદીને લાવેલાં નવાં કપડાં બેડ પર પડ્યાં હતાં.

"શું કરે છે તું મીરાં ?" તે નીચું જોઈને બોલ્યો. "તું શા માટે મને મદદ કરી રહી છે ?"

"ચૂપચાપ કપડાં પહેરીને આ નાસ્તો કરી લેને કાગડા." તે નાસ્તો ખોલતી બોલી.

બંનેએ બેસીને પૌંઆ અને ઈડલીનો નાસ્તો કર્યો. ગોપાલની બે દિવસની ભૂખને શાંતિ થઈ. શરીરમાં જીવ આવ્યો હોય એવું લાગ્યું. તૈયાર થઈને બંને નીચે આવ્યાં અને બુલેટ લઈને શહેરમાં નીકળી ગયાં.

મીરાંએ થોડે દૂર એક જગ્યા પર બુલેટ ઊભું રાખ્યું. એ એક મોટો, શાંત અને ચોખ્ખો રસ્તો હતો. રસ્તાની એક તરફ વૃક્ષો ઊભાં હતાં અને બીજી તરફ પહોળી ફૂટપાથ હતી. એ ફૂટપાથ પર પોતાનું બુલેટ ચડાવીને એ બંને નીચે ઊતર્યાં. સામે દેખાતાં વૃક્ષો નીચે માણસો મોર્નિંગ વૉક કરી રહ્યા હતા. કોઈ દોડી રહ્યું હતું તો કોઈ પોતાના કૂતરાને લઈને ફરી રહ્યું હતું. વૃક્ષો પાસે જ એક નાનકડી દીવાલ હતી જેને જોઈને એ કોઈ ગાર્ડન કે પાર્કની દીવાલ લાગતી હતો.

ગોપાલ દૂર ઊભાઊભા મીરાંને કામ કરતી જોઈ રહ્યો હતો. મીરાંએ થોડે દૂર એક ગલ્લાવાળા પાસે જઈને તેની દુકાન નીચે પડેલું મોટું બૉક્સ લીધું અને તેને રસ્તાની સામેની બાજુએ એક લીમડાના ઝાડ નીચે મૂક્યું. બૉક્સમાંથી મોટું કપડું કાઢીને પાથર્યું. અંદરથી પાણીની બૉટલ અને અમુક સાધનો કાઢવા લાગી. લીમડાની ફરતે વીંટાળેલા ઈલેક્ટ્રિસિટીના વાયર સાથે પોતાનું મશીન કનેક્ટ કર્યું. બૉક્સમાં પડેલું એક મોટું બોર્ડ કાઢ્યું.

"ટેટૂવાલી મીરા"

ગોપાલ દૂરથી આ બોર્ડ જોઈને હસી પડ્યો. તેને અહેસાસ થયો કે મીરાં ટેટૂ દોરી આપવાનું કામ કરતી હતી. મીરાંએ તેને નજીક બોલાવ્યો અને ગોપાલ જઈને તેની બાજુમાં બેસી ગયો.

"તો આ મારું કામ છે, ગોપાલસાહેબ. હું ટેટૂ આર્ટિસ્ટ છું." તે કહી રહી હતી. ગોપાલને નવાઈ લાગી રહી હતી.

"તો તને આ કામમાંથી સારી એવી કમાણી થઈ જાય ?" ગોપાલે પૂછ્યું અને મીરાં હસી પડી.

"કમાણીનો તો તું મારી ભાડાની રૂમની સાઈઝ જોઈને જ અંદાજ લગાવી શકે, પરંતુ હું માત્ર પૈસા માટે કામ નથી કરી રહી. આ કામ મારું પેશન છે."

"મતલબ કે તું આ કામ કરીને ખુશ છે."

"હાસ્તો. ખૂબ જ ખુશ છું... કદાચ આ કામ ન કરતી હોત તો પણ ખુશ હોત."

બસ... પછી ગોપાલ ચૂપ થઈ ગયો. પોતાના વિચારોમાં ખોવાઈ ગયો. ત્યાં બેસીને સામેની ભીંત સામે જોતો પોતાની જૂની દુનિયામાં ખોવાઈ ગયો. કદાચ પોતાની જાતને પૂછી રહ્યો હતો : *ક્યાં પહોંચ્યો છે ? જા...ઘરે પાછો જા. તારું પેશન એમ નહીં મળે અને આ મીરાં તને સાંજ સુધી જ રાખશે. પછી ? આ શહેરમાં શું કરીશ ? જા ગોપાલ... તારા ઘરે પાછો જા અને કોઈ નોકરી શોધીને ખુશ થવા પ્રયત્ન કર.*

સમય ભાગી રહ્યો હતો. બપોર થવા આવી હતી અને ગોપાલ હજુ પોતાના ઊંડા વિચારોમાં જ ખોવાયેલો હતો. કદાચ મીરાંએ પોતાનું પેશન કહ્યું એમાં તે ખુદને ફરી કોસવા લાગ્યો હતો. આ સમયમાં મીરાં પાસે ટેટૂ બનાવવા માટે યુવાનો અને વિદેશથી ફરવા આવેલા માણસોની લાઈન બની ગઈ હતી. મીરાંનું ટેટૂ બનાવવા માટેનું મશીન સતત ચાલુ હતું અને એ કામમાં એટલી ડૂબી ગયેલી કે જમવાનું ભૂલી ગયેલી અને એ પણ ભૂલી ગયેલી કે ગોપાલ બાજુમાં બેઠો છે. જ્યારે તેણે ગોપાલને બાજુમાં બેસીને આંસુભરેલી આંખો જોઈ ત્યારે તેને કદાચ ભાન થયું કે ગોપાલને હવે તેની પીડાઓમાંથી બહાર લાવવો જરૂરી હતો.

તેણે બધા માણસોને થોડે દૂર બેન્ચ પર રાહ જોવા કહ્યું અને પછી સામેની ભીંત સામે જોઈને બેસી રહેલા ગોપાલની સામે જોઈ રહી. ધીમેથી ગોપાલના હાથને સ્પર્શ કર્યો. ગોપાલ ચમકી ગયો અને તેને પણ વર્તમાનનો અહેસાસ થયો. મીરાં તેની સામે મુસ્કુરાઈ રહી હતી. ગોપાલની આંખોમાંથી એક આંસુ નીકળી ગયું. એ આંસુ જોઈને મીરાં તેની વધુ નજીક બેઠી અને પછી ગોપાલને ધીમેથી પોતાની બાહો ફેલાવીને ભેટી પડી. મીરાંની બાહોમાં પોતાની આંખો બંધ કરીને ગોપાલના આંસુ અને શબ્દો વહી પડ્યાં :

"મને નથી ખબર પડતી હું આ દુનિયામાં શું કરીશ મીરાં. ઘરે ભાગી જવાના વિચારો આવે છે. મારી અંદરનો હારી ગયેલો માણસ મને કોસી રહ્યો છે. પ્લીઝ મને મદદ કર મીરાં."

મીરાં એ શબ્દો સાંભળી રહી. ગોપાલની પીઠ પર હાથ ફેરવવા લાગી. થોડી ક્ષણો સુધી કશું જ બોલી નહીં અને પછી ધીમેથી ગોપાલને થોડો દૂર કરી, તેનો જમણો હાથ લઈને, કાંડાની નજીક એ ભીનું કપડું ફેરવવા લાગી. ગોપાલને કશું સમજાયું નહીં કે તે શું કરી રહી હતી. તે બસ તેને જોઈ રહ્યો.

થોડીવાર પછી મીરાં ચૂપચાપ પેલી ટેટૂ દોરવાનું મશીન ચાલુ કરીને ગોપાલના જમણા હાથની કોણી પાછળ થોડે ઉપર તાકી રહી. ગોપાલને અહેસાસ થયો કે તે ત્યાં કોઈ ટેટૂ બનાવવાની હતી. તે શા માટે કરી રહી હતી તેની તેને ખબર ન હતી, પરંતુ ગોપાલ બસ મીરાંના ચહેરાને અને હાથ પર તાકી રહેલી આંખોને જોતો રહ્યો.

જ્યારે મીરાંએ મશીન ચામડીને ઘસવાનું ચાલુ કર્યું ત્યારે દર્દ થયું, પરંતુ ગોપાલ મીરાંના કામમાં ડૂબેલા ચહેરાને જોવામાં જ ડૂબી ગયો હતો. થોડી જ મિનિટમાં મીરાંએ ઊંચે જોયું. મશીન બંધ થયું. મીરાં હસીને ગોપાલ સામે કશુંક કહી રહી હતી. ગોપાલે કોણી પાછળ જોયું. ત્યાં કાળા રંગથી બે શબ્દો લખેલા હતા :

It's Okay

બસ... થોડી ડિઝાઈન સાથે લખેલા આ બે શબ્દો જ્યારે ગોપાલે વાંચ્યા ત્યારે કદાચ તે પોતાની જાત સાથે જ વાત કરતો હોય એમ અનુભવ્યું. It's Okay. જાણે એ શબ્દો કહી રહ્યા હતા કે તે જે પણ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તે સત્ય હશે છતાં... It's Okay. તે દુઃખી છે અને આવતીકાલ તેની ક્યાં હશે એ પણ તેને ખબર

નથી છતાં, It's Okay. માત્ર આ બે શબ્દો જાણે કેટલોયે ભાર ઓછો કરી રહ્યા હતા. એક અજીબ શાંતિ આપી રહ્યા હતા.

ગોપાલે મીરાંની સામે જોયું. મીરાંએ હસીને ગોપાલના વાળમાં હાથ ફેરવ્યો અને પછી કહેવા લાગી : "તને જ્યારે પણ ખૂબ દુઃખ આવી પડે, લાઈફમાં શું કરવું એ ખબર ના પડે, એકલતા લાગે કે બધું અસહ્ય બની જાય ત્યારે આ કોણી પાછળના આ શબ્દો વાંચીને પોતાની જાતને કહી દેવાનું : It's Okay" ગોપાલને ફરીથી મીરાંને ભેટી પડવાનું મન થયું.

"ગોપાલ... મને એક પ્રૉમિસ આપીશ ?"

"બોલને..."

"આ It's Okay શબ્દ હવે પછી તું માત્ર એક જ વાર વાંચીશ. એ પણ એવા સમયે જ્યારે તને મારે હાથ પકડીને એ દેખાડવું ન પડે." ગોપાલ હસી પડ્યો.

"પ્રૉમિસ જા. આ અહીં લખેલું છે એ પણ યાદ નહીં રહે." તે બોલ્યો.

સાંજ સુધીમાં કેટલાયે માણસો મીરાંની આ નાનકડી જગ્યા પર આવ્યા. મીરાં ટેટૂ બનાવતી જતી હતી, માણસો સાથે વાતો કરતી હતી. ટેટૂ હજુ બનતું હોય ત્યાં સુધીમાં તો મીરાં સાથે એ માણસો પોતાની જિંદગીની કહાનીઓ કહેવા લાગતા. થોડીવારમાં વાતોથી જ એ કોઈ પણ અજાણ્યા માણસના હૃદયને સ્પર્શી લેતી. તેની પાસે અગાઉથી કોઈ ડિઝાઈન કે ફોટોઆલબમ નહોતા.દરેક માણસ આવીને બસ કહેવા લાગતો કે તે પોતાના દિમાગમાં કેવા ટેટૂની કલ્પના કરી રહ્યો છે અને આ છોકરી તેમના હૃદય વાંચતી હોય એમ સમજી જતી અને થોડી જ વારમાં વાતોવાતોમાં જાદુગરની જેમ એ ટેટૂ બનાવી દેતી. દરેક માણસને તેનું દોરેલું ટેટૂ સ્પર્શી જતું. કદાચ મીરાં એ દરેક માણસની વાતોમાંથી એમની કહાની જાણી લેતી અને એમની સફરમાં જે કંઈ ખૂટતું હોય એ ક્યાંક પોતાની ડિઝાઈનમાં સમાવી દેતી. કદાચ એ માત્ર ટેટૂ બનાવતી ન હતી, પરંતુ સપનાંઓ, પીડા, ખુશી અને સંઘર્ષને તે પોતાના ટેટૂના વળાંકોમાં જિવાડી દેતી હતી.

ગોપાલ સાંજ સુધી મીરાંની બાજુમાં બેસીને તેને જોતો રહ્યો. મીરાંના નવાનવા દોસ્તો સાથે હસવાના અવાજો સાંભળતો રહ્યો. ભૂખ પણ ન લાગી અને તરસ પણ નહીં. સાંજે જ્યારે વધેલા માણસોને બીજા દિવસની ઍપૉઈન્ટમેન્ટ આપીને તેણે ગોપાલ સામે જોયું ત્યારે તેને અચાનક યાદ આવ્યું કે ગોપાલ ત્યાં ભૂખ્યો-તરસ્યો આખો દિવસ બેઠો રહ્યો છે. પોતે કામમાં એટલી ડૂબેલી હતી કે કદાચ આજુબાજુનું સમગ્ર અસ્તિત્વ ભૂલી ગઈ હતી. એ ગોપાલની માફી માગવા લાગી. પોતાના પર્સની અંદર ભેગી થયેલી કમાણી ગણીને, પોતાનો બધો સમાન ફરી મોટા બૉક્સમાં પેક કરી સામેના ગલ્લાવાળાને ત્યાં મૂકી એ ગોપાલને કહેવા લાગી :

"દરિયે જઈશું ?"

"હા... પણ મને પહેલાં પાણી પીવું છે અને થોડું ખાવું છે... જો.શક્ય હોય તો..." ગોપાલનો ચહેરો જોઈને જ તેના પર દયા આવે એવો થઈ ગયો હતો.

"આઈ એમ સૉરી..." કહેતી એ ફરી ગોપાલને ભેટી પડી. ગોપાલ તેને સૉરી ન

કહેવા કહી રહ્યો હતો. તે જોઈ રહ્યો હતો કે મીરાં કામ કરીને ખૂબ થાકી હતી, છતાં પોતાની ભૂખ-તરસ છુપાવી રહી હતી. તે દોડતી સામેના ગલ્લા પરથી પાણીની બૉટલ લઈ આવી. થોડીવાર પછી બંને બુલેટ પર નીકળી ગયાં.

મીરાંની જ્યાં દુકાન હતી ત્યાંથી થોડે જ દૂર દરિયો હતો. સાંજની ઠંડી હવા આવી રહી હતી. દૂર બુલેટ પાર્ક કરીને મીરાં ગોપાલનો હાથ પકડીને કિનારા પરની નાનકડી ચારે તરફથી ખુલ્લી રેસ્ટોરાં પાસે લઈ ગઈ. ચારેબાજુ સાંજનું અંધારું થઈ ચૂક્યું હતું અને રેસ્ટોરાંની પીળી લાઈટમાં ચારે તરફ માણસો ઊભાઊભા પાણીપૂરી, ભેળ, પાંઉભાજી અને સૅન્ડવિચ ઑર્ડર કરીને ખાઈ રહ્યા હતા. મસાલાઓની સુગંધ આવી રહી હતી. મીરાં ગોપાલને કહી રહી હતી કે આ એની ફેવરિટ રેસ્ટોરાં છે. અહીંનું ખાવાનું ખૂબ ચોખ્ખું હોય છે.

બંનેએ પાણીપૂરી ખાધી. પેટમાં શાંતિ થઈ, પછી વળી સૅન્ડવિચ અને આઈસક્રીમ પણ ખાધાં. જમીને મીરાં ગોપાલને દરિયાની નજીક લઈ ગઈ. સાંજના અંધારામાં દરિયાના ઊછળતાં સફેદ મોજાંઓ એક તાલમાં કિનારા પર આવીને પાછાં જતાં હતાં. કિનારા પર દોડી આવતા પાણીમાં બંને ચાલવા લાગ્યાં. સાંજની ઠંડી હવામાં આખા દિવસનો થાક ઊતરી ગયો. બંને ચાલતાં ચાલતાં ખૂબ દૂર નીકળી ગયાં. એવી જગ્યા પર આવી ગયાં જ્યાં કોઈ માણસો ન હતા. કિનારાથી દૂર માત્ર એક હોટેલ ચમકતી હતી અને કિનારા પર માછીમારોની નાનકડી હોડીઓ પડી હતી.

બંને કિનારા પાસે ઠંડી રેતીમાં બેઠાં અને દરિયા સામે જોવા લાગ્યાં. દરિયાના અવાજ સામે બંને ચૂપ થઈ ગયાં. થોડીવાર સુધી કોઈ કશું જ બોલ્યું નહીં. બંને પોતપોતાની દુનિયામાં જાણે ખોવાઈ ગયાં હતાં. છેવટે પૂરું અંધારું થઈ ગયું ત્યારે ગોપાલે મીરાં સામે જોયું. મીરાંનું ધ્યાન તો હજુ પણ દરિયા સામે જ હતું. ગોપાલને ફરી કોઈ અજાણી ચિંતા સતાવી રહી હતી.

"મીરાં..." ગોપાલે ધીમેથી કહ્યું અને ફરી દરિયા સામે જોઈ ગયો.

"હં..." મીરાં ચમકીને બોલી અને દૂરની હોટેલથી આવતી આછી લાઈટમાં દેખાતા ગોપાલના ચહેરાને જોવા લાગી.

"હું હવે ક્યાં જઈશ ?" ગોપાલે મીરાંની આંખોમાં જોઈને પૂછ્યું. એ સવાલમાં ભવિષ્યનો ડર હતો.

"ક્યાં જઈશ મતલબ ?"

"હું તારી સાથે થોડો રહી શકવાનો છું. તું બે દિવસથી મને સાચવી રહી છે. પણ..."

"તું ક્યાંયે નહીં જાય. અહીં જ રહીશ. મારી સાથે." તે હસીને બોલી.

"કેમ ? હું તને..." એ બોલવા જતો હતો, પણ તેને રોકીને મીરાં કહેવા લાગી, "મારી રૂમ નાનકડી છે, પરંતુ કશુંક સેટિંગ કરી લઈશું ગોપાલ. તું રહી શકે છે મારી સાથે. મને કોઈ વાંધો નથી."

ગોપાલને એ શબ્દો સાંભળીને મીરાંને ફરી ભેટી પડવાની ઇચ્છા થઈ. બંને ફરી ચૂપ થઈ ગયાં. દરિયો બોલ્યા કરતો હતો. દરિયાનો ઠંડો પવન બંનેને પોતપોતાની

યાદોમાં લઈ ગયો હતો.

"મને દરિયો ખૂબ જ ગમે છે." મીરાં બોલી. ગોપાલને ખબર ના પડી કે તે શા માટે બોલી.

"મને પણ..." ગોપાલે પણ મીરાંની જેમ દરિયા સામે જોઈને જ જવાબ આપ્યો.

"મને મારી રૂમ નથી ગમતી."

"મને તો ખૂબ સારી લાગી." ગોપાલે પોતાનો જવાબ આપ્યો.

"મને ત્યાં ઘણીવાર એકલું લાગતું. લાઈફ વ્યર્થ લાગતી." મીરાં દરિયા સામે જોતી બોલી અને ગોપાલને નવાઈ લાગી, છતાં તે પોતાની વાત કહેતો ગયો.

"મને આખી દુનિયામાં એકલું લાગે છે. લાઈફ ક્યારેય યોગ્ય નથી લાગી." તે બોલ્યો.

"મારું સપનું છે કે મારે જંગલમાં રહેવું છે."

"હું હમણાં જ એ જંગલવાળો પ્રયોગ કરીને નાગોબાવો બનેલો હતો." ગોપાલ બોલ્યો અને મીરાં હસી પડી.

"મારે નાગાબાવા નથી બનવું ગોપાલ. મને આ શહેર મરેલું દેખાય છે. ચારે તરફ સિમેન્ટ-પથ્થરની ઈમારતોનું જંગલ મને નથી ગમતું. બધું નિર્જીવ છે. બધું માણસનું બનાવેલું છે. મને ગુસ્સો આવે છે. અહીં માણસો પણ..."

"બે દિવસમાં હું પહેલીવાર તારા મોઢામાંથી કોઈ ફરિયાદ સાંભળી રહ્યો છું, મીરાં"

"હા... અંતે તો હું પણ માણસ છું." તે બોલી.

"ના. પણ તારી વાત સાચી છે. મને પણ એમ થાય કે ક્યાંક જંગલ વચ્ચે નાનકડી ઝૂંપડી બનાવીને હું રહું. આ ધૂળ-ધુમાડાની દુનિયાથી દૂર."

"હા. એ જ. હું તો એ ઈચ્છા એક દિવસ પૂરી કરીશ જ."

"હું બની શકે તો મદદ કરીશ." ગોપાલે કહ્યું અને ફરી બંને લાંબા સમય સુધી ચૂપ થઈ ગયાં. રાત્રિના નવ વાગ્યા હશે અને ઠંડો પવન હવે બંનેને ધ્રુજાવી રહ્યો હતો.

"ચલ..." કહીને મીરાં ઊભી થઈ. ગોપાલ તેની પાછળ ઊભો થયો. પરંતુ કિનારાથી દૂર પડેલા બુલેટ તરફ પાછા જવાને બદલે મીરાં તેમનાથી થોડે દૂર રેતીમાં પડેલી એક હોડી પાસે ઊભી રહી ગઈ. ત્યાં પૂરું અંધારું હતું. મીરાં હોડીની એકબાજુ લટકતું મોટું ટાયર પકડીને ધાર પર ચડી ગઈ. ગોપાલને કશું સમજાયું નહીં, પરંતુ તે પણ હોડી પર ચડીને મીરાંની બાજુમાં ઊભો રહ્યો. બંનેએ ચારે તરફ જોયું. આસપાસ કોઈ હતું નહીં. મીરાં હોડીની અંદર ઊતરી અને વચ્ચેની પહોળી જગ્યામાં નીચે બેસી ગઈ. ગોપાલ પણ અંદર તેની બાજુમાં બેસી ગયો. અહીંથી હવે દરિયો દેખાતો ન હતો. ઉપર ટમટમતા તારાઓથી ભરેલી આકાશ ચમકી રહ્યું હતું. બંને કેટલીયે ક્ષણો સુધી આકાશને અને એની ભવ્યતાને જોતાં રહ્યાં.

હવે ઠંડી લાગતી ન હતી. કદાચ મીરાં ઠંડી હવાથી બચવા માટે જ ગોપાલને અહીં લેતી આવી હતી.

"બાળપણમાં આવી કોઈ જગ્યાએ છુપાઈ જતાં તો કેવો રોમાંચ થતો, હેને ?" તે

ગોપાલને પૂછી રહી હતી.

"હા... મને તો અત્યારે પણ થાય છે." ગોપાલ બોલ્યો અને ત્યાં જ સૂઈ ગયો. તેને જોઈને મીરાં પણ તેની બાજુમાં સૂઈ ગઈ. બંનેની આંખો આકાશની ચાદર સામે સ્થિર થઈ ગઈ. ગોપાલને બે દિવસ પહેલાં પીઠ પર પડેલા પોલીસના દંડાની પીડા અત્યારે મહેસૂસ થઈ રહી હતી, પરંતુ તે મીરાં સાથે વાતોમાં ઓછી થઈ જતી હતી.

"મને રાત્રિના આકાશમાં ખરતા તારાઓ જોવાનું ખૂબ જ ગમે." મીરાં બોલી.

"મને પણ..." ગોપાલે કહ્યું, "...અને મને બાળપણમાં એમ હતું કે આકાશમાં ચાલતા તારાઓ પણ હોય. મારી મમ્મીના ખોળામાં સૂતોસૂતો હું ચાલતા તારાઓ શોધ્યા કરતો."

"હું મારી માને ખૂબ મિસ કરું છું." મીરાં બોલી અને ગોપાલને નવાઈ લાગી.

"હું પણ..." ગોપાલે કહ્યું. પોતાનાં માબાપના ભોળા ચહેરાઓ દિમાગમાં આવ્યા. બીજી જ ક્ષણે ભારે એકલતા લાગી. *અત્યારે તેઓ શું કરતાં હશે ?* વિચાર આવ્યો.

"અત્યારે તેઓ શું કરતાં હશે ?" ગોપાલનો વિચાર મીરાં બોલી ગઈ. બંને ચૂપ થઈ ગયાં. ગોપાલને મીરાંનો ભૂતકાળ જાણવો હતો, પરંતુ પોતાના ભૂતકાળનાં દૃશ્યો તેને ચૂપ કરી ગયાં.

"ખબર છે ગોપાલ... મારાં માબાપ થોડું પણ ભણ્યાં નથી. પોળોના જંગલ પાસે મારું નાનકડું ગામ આવેલું છે. હું આદિવાસી જાતિની અંદર પેદા થઈ છું. મારી આસપાસ મેં ગરીબી અને અજ્ઞાન જ જોયા છે. જ્યારે નાની હતી ત્યારે મારા બાપુ મને ખભે બેસાડીને પોતાની કામની જગ્યા પર લઈ જતાં. તેઓ કૂવાઓ ખોદવાનું કામ કરતા. ત્યાં હું રડતી. મને ચારે તરફનાં ખેતરો અને વૃક્ષો જોઈને બધું જ પકડી લેવાનું મન થતું. ખુલ્લા પગે હાથ પહોળા કરીને હું મેદાનોમાં ભાગવા લાગતી. મારે આકાશને ખેંચીને માની સાડીની જેમ પહેરી લેવું હતું. મારે ધરતીને બાપુની જેમ ખોદીને અંદર શું પડ્યું છે એ જોવું હતું. હું ખુશ થઈને સૂરજ સામે રાડો નાખતી. મારે સૂરજને મારી આંખોમાં ભરી લેવો હતો. જ્યારે એ બપોરના સૂરજને હું મારી આંખથી જોઈ ના શકતી ત્યારે બાપુને ફરિયાદ કરતી અને બાપુ મને કોઈ વૃક્ષની નીચે માની સાડીનો હીંચકો બનાવીને અંદર સૂવડાવી દેતા. મને હીંચકાવતા અને હું એ વૃક્ષનાં પાંદડાંઓ વચ્ચે રમ્યા કરતા સૂરજને પડવાની કોશિશ કર્યા કરતી. રાત્રે ફળિયામાંની બાજુમાં સૂતાસૂતા મારે જાણે આખું બ્રહ્માંડ પામી જવું હતું. મારે બધું જ જાણવું હતું.

જ્યારે ગામની સ્કૂલમાં જવા લાગી ત્યારે નિયમો ખબર પડવા લાગી, હું થોડીથોડી ડરવા લાગી. મારા શિક્ષકો કહેવા લાગતા કે મીરાં ગાંડી છે, આગ સાથે રમે છે અને કૂતરાંઓ પાછળ દોડે છે. મારું કોઈ દોસ્ત બનતું નહીં, કારણ કે હું મારી નવીનવી દોસ્તોના હાથ પર પેન લઈને આકાશ અને ચાંદો દોરવા લાગતી. હું મારા ઘરે ભેંસ બેઠી હોય ત્યાં જઈને ચોકથી તેના પર બગલો દોરતી, ખિસકોલી દોરતી. કોઈને ઘરે કહ્યા વિના એકલી નદીએ નાહવા ચાલી જતી. બાપુને જ્યારે ખબર પડતી ત્યારે ડરી જતા. ખિજાતા. ધીમેધીમે હું મોટી થતી ગઈ અને બધા લોકોએ મને જીવતા શીખવવાનું ચાલુ

કરી દીધું. કેમ પણ ? કેમ નિયમો આપો છો તમે મને ? મને કહેવા લાગ્યા કે તું તો છોકરીની જાત છે, તું ઘરકામ શીખ, તું રસોઈ શીખ અને તું સમાજમાં રહેતા શીખ."

બસ... આટલું બોલીને મીરાં ચૂપ થઈ ગઈ. ગોપાલે તેની સામે જોયું, પરંતુ અંધારામાં તેનો ચહેરો દેખાતો ન હતો. ગોપાલ તેનો હાથ પકડીને કશુંક બોલવા માગતો હતો, પરંતુ મીરાં ઊંડા વિચારોમાં ખોવાઈ ગઈ હશે એવું વિચારીને તે આકાશ સામે જોતો રહ્યો. થોડીવાર પછી મીરાં આગળ કહેવા લાગી :

"હું ધીમેધીમે ડરી રહી હતી. પ્રાથમિક સ્કૂલમાંથી હાઈસ્કૂલમાં ગઈ અને મારી ચૂપકીદી વધી ગઈ. હું સ્વીકાર કરી રહી હતી બધું ! મને ખબર હતી કે મને હજુ પણ આ વિશ્વ અને તેની દૂર દેખાતું અખિલ બ્રહ્માંડ સમજવા હતા, મને સવાલો થતા હતા, મારે જંગલો અને દરિયાઓ ખૂંદવાં હતાં અને મારે જીવવાના નિયમો નહોતા જોઈતા. સોળ વરસની એ મીરાંને સમાજ, સ્ત્રી, સરહદ જેવા શબ્દોથી નફરત થવા લાગેલી. હું ઘરે કોઈ ન હોય ત્યારે એકલી નાચતી, ગાતી, રાડો નાખતી, ગાળો બોલતી, મારા પગ પર પેલું આકાશ દોરવા લાગતી અને અરીસા સામે ગાંડા કાઢતી, પરંતુ સમાજની વચ્ચે જાઉં ત્યારે ડ્રેસ-ચૂંદડી ઓઢીને નીચું જોઈને મર્યાદામાં આવી જતી. મને ડર હતો સમાજનો !"

મીરાં હોડીમાંથી ઊભી થઈ. ગોપાલ પોતાની જગ્યા પર જ સૂતો રહ્યો. તેને મીરાંની વાતો સાંભળવી હતી. તે અનુભવી રહ્યો હતો કે જાણે આ બધું જ તેની સાથે પણ થયેલું હતું.

મીરાં અંધારામાં હોડીના આગળ ભાગ પાસે ગઈ અને કિનારા પર ચડી ગઈ. રાત્રિનો ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. મીરાંના વાળ ઊડી રહ્યા હતા. તે પોતાના બંને હાથ પહોળા કરીને કિનારા પર ઊભી રહીને દરિયા સામે જોતી રહી. દૂરના હોટેલના આછા પીળા પ્રકાશમાં મીરાંના ચમકતા વાળ ગોપાલ જોઈ રહ્યો. તે દરિયા સામે જોઈને પોતાની વાતો કહેવા લાગી :

"એક દિવસ હિંમત કરીને મેં બાપુને કહ્યું કે મારે કશુંક દોરતા શીખવું છે, પેઈન્ટિંગ કે પછી ડિઝાઈન કરવી છે અને એનું ભણવું છે. મારા બાપુ ખૂબ ચાહતા મને. કહ્યું : તારે જે કરવું હોય એ કર, જા. બસ... એક પરીક્ષાની તૈયારી કરીને હું પાસ થઈ. ગામડેથી બસમાં બેઠી, અમદાવાદ. અરેરે... મીરાં. બીકણ બાયલી મીરાં. હું અમદાવાદ આવી અને એ શહેર ! ધમધમતું, ખદબદી ગયેલું ચિચિયારીઓ કરતું કૂતરાં જેવું શહેર. હાય રે... અને હું જંગલના ગામડામાંથી આવેલી ભોળી છોકરી. કૉલેજના ગેટમાં પગ મૂક્યો અને ત્યાં તો અલગ જ દુનિયા ! અજીબ, રંગીન, સ્વતંત્ર... પણ મીરાંએ તો નિયમો સ્વીકારી લીધા હતા. છોકરાઓ સાથે વાત કરતા પણ ડરતી હતી. અને... ત્યાં એ શહેરમાં રાત્રે પેલું અખિલ આકાશ દેખાતું નહીં, કે પેલો સૂરજ સહન થતો નહીં અને વૃક્ષ તો ક્યાં હતાં જ ? બસ... બે દિવસમાં હું મારા જંગલમાં ભાગી ગઈ. ઘરે જઈને બાપુને કહ્યું કે મને ડર લાગે છે અને ખબર છે મારા બાપુએ શું કહ્યું ? મને કહે : છાની રહે... આમેય તું આદિવાસી છોકરીની જાત છે... તારો બાપ જંગલી ભીલ છે અને તું અહીંયા જ જીવી શકીશ. તે શહેરમાં તારી તાકાત નથી."

"બસ... બાપુના એ શબ્દો સાંભળ્યા અને પેદા થઈ ગઈ – બળવાખોર મીરાં.

બેફામ મીરાં. બાહોશ મીરાં.” તે બોલી અને પાછળ ફરીને ગોપાલ સામે જોયું. ગોપાલ મુસ્કુરાયો.

“પછી વચ્ચે શું થયું, હું અહીં કેમ આવી, આ બુલેટ ક્યાંથી આવ્યું એ બધું નહીં કહું તને. પણ હું પણ તારી જેવી જ છું સમજને. તે દિવસે તને રસ્તા વચ્ચે કપડાં કાઢીને જે શબ્દો બોલતો જોયો એ પરથી મને લાગ્યું કે તું મારી જેમ જ કોઈ સમયે હારી ગયો હોઈશ. આ દુનિયા તરફના ગુસ્સાને તું પચાવી નહીં શક્યો હોય. બસ, એટલે તને મદદ કરવા દોડી આવી.” તે બોલી અને ગોપાલ આકાશ સામે જોતો ચૂપચાપ તે સાંભળતો રહ્યો.

“... પણ હું તારા જેવી બોઘી નથી કે મુંબઈમાં આવીને પબ્લિક વચ્ચે ગુજરાતીમાં સ્પીચ આપું.” તે બોલી. બંને હસી પડ્યાં.

છેલ્લે રાત્રે બાર વાગ્યે તે બંને દરિયા પાસે ગયાં. મીરાં કહી રહી હતી કે તેને પાણીમાં પડીને નાહવું છે અને ગોપાલને ડર લાગી રહ્યો હતો.

“અરે ડરે છે શાનો ? હું છું ને. તું ડૂબીશ તો તને પકડી લઈશ.” મીરાં કહી રહી હતી, પરંતુ ગોપાલ માથું ધુણાવીને ના પાડી રહ્યો હતો.

“ગોપાલ અંધારું છે, અહીંયા કોઈને ખબર પણ નહીં પડે અને જો અત્યારે પાણી પણ ગરમ છે.” પરંતુ ગોપાલ હજુ માથું હલાવીને ના પાડી રહ્યો હતો.

“શું થાય છે તને ?” તે ગોપાલને પૂછી રહી હતી, “મારી સામે કપડાં કાઢતા ડર લાગે છે ?” તે હસીને બોલી. ગોપાલ શરમાઈને હસવા લાગ્યો. “ડોન્ટ વરી... મેં તને રસ્તા વચ્ચે સાવ કપડાં વિના જોઈ લીધો છે.”

છેવટે મીરાંએ પોતાનું ટી-શર્ટ કાઢ્યું અને દરિયા સામે જોઈને ઊભેલા ગોપાલ ઉપર ફેંક્યું. પોતાનું ટાઇટ જીન્સ પેન્ટ કાઢીને તે પણ ગોપાલના ખભા પર લટકાવી દીધું. ગોપાલે મીરાં સામે જોયું અને પછી તરત જ બીજી દિશામાં જોઈ ગયો. મીરાં ગોપાલને જોઈને હસવા લાગી.

તે મોટેમોટેથી રાડો નાખતી પોતાના બંને હાથ પહેળા કરીને જાણે દરિયાને બાહોમાં ભરી લેવાની હોય એમ પાણી તરફ દોડી. ગોપાલ તેને પાછળથી જોતો રહ્યો. દૂરથી આવતી આછી લાઇટમાં તે મીરાંની બ્રાના બેલ્ટ સુધી પહોંચતા વાળ, તેની પાછળ કમર પર દોરેલું મોટું રંગબેરંગી ટેટૂ અને દરિયાને બાહોમાં ભરી લેવા જતું તેનું શરીર જોઈ રહ્યો. મીરાં પાણીમાં પડી અને કમરથી પણ ઉપર પાણીમાં જઈને ઊભી રહી. ગોપાલ દૂર ઊભો તેને જોતો રહ્યો. *કેટલી ખુશ છે એ ! ફુલ ઓફ લાઇફ.* તે વિચારતો હતો. મીરાં દરિયાનાં મોજાંઓ સામે ઊભી રહીને ઊંચાં મોજાંઓની રાહ જોતી. જ્યારે એ ઊછળતું પાણી તેની નજીક પહોંચે એટલે પોતાના શરીરને તે પાણીની થપાટ સાથે ફેંકાવા દેતી હતી અને છેક કિનારા સુધી આવી જતી. વળી ફરી ખુશ થઈને રાડો નાખતી નાખતી અંદર તરફ દોડવા લાગતી.

છેવટે ગોપાલથી પણ રહેવાયું નહીં ! ફટાફટ પોતાનું શર્ટ કાઢ્યું અને બંનેનાં

કપડાં પર મીરાંની સ્લિપરને વજન તરીકે મૂકીને દરિયાના પાણી તરફ દોડ્યો અને ખુશ થઈને જોરથી મીરાંને સાદ પાડ્યો, "મીરાં..."

મીરાંએ જોયું કે ગોપાલ પેન્ટ પહેરીને દોડતો આવ્યો અને પાણીમાં આવીને ડરી ગયો ! કદાચ તેને પડેલા પોલીસના દંડા ઉપર ખારું પાણી બળતરા આપી રહ્યું હતું. તે તેને સામે પકડવા ગઈ. ગોપાલે ડરતાં ડરતાં મીરાંને પોતાનો હાથ આપ્યો અને તે તેને કમરથી ઉપર એટલા ઊંડાણમાં લઈ ગઈ. ગોપાલ ડરને લીધે ધ્રૂજી રહ્યો હતો અને મીરાં તેને જોઈને મોટેમોટેથી હસતી ખુશ થઈ રહી હતી. ગોપાલે મીરાં સામે જોયું, તેની ઊભરાયેલી છાતી પર પણ એક મોટું ટેટૂ હતું. આછા પ્રકાશમાં તેનું શરીર જાણે વાર્તાઓમાં આવતી દરિયામાંથી બહાર નીકળેલી પાતાળલોકની સ્ત્રી જેવું લાગતું હતું.

મીરાંએ ગોપાલનો હાથ પકડી રાખ્યો હતો. બંને એકબીજાની આંખોમાં જોઈ રહ્યાં હતાં. મીરાંની દરિયા જેવી જ આંખો ગોપાલને શાંત અને સ્થિર કરી રહી હતી. દૂરથી ઊછળતાં આવતાં મોજાંઓ પણ શાંત થઈ ગયાં હતાં. ગોપાલ કશુંક પૂછવા માગી રહ્યો હતો, પરંતુ બોલી શકતો ન હતો.

"શું ?" મીરાંએ હળવું હસીને પૂછ્યું.

"હં...' ગોપાલ તેની આંખોને જોતો બોલ્યો.

"શું ? બોલને ?" મીરાંએ ગોપાલનો હાથ હલાવીને તેને ઊંઘમાંથી જગાડતી હોય એમ ફરી પૂછ્યું.

"મીરાં..." ગોપાલ થોડો સભાન થઈને બોલ્યો, "મને ખબર નથી પડતી કે આ શહેરમાં આવતીકાલથી હું શું કામ કરીશ."

ગોપાલનો સવાલ સાંભળીને મીરાં મોટેમોટેથી હસવા લાગી. ગોપાલનો હાથ છોડીને પાણીમાં નાહવા લાગી. ગોપાલ તેની સામે જોઈ રહ્યો. થોડીવાર પછી તે હસતી હસતી બોલી :

"કોઈ માણસ અડધી રાત્રે દરિયા વચ્ચે ઊભા રહીને એમ પૂછે કે હું આવતીકાલથી શું કામ કરીશ ?" એ બોલી અને ફરી હસવા લાગી. ગોપાલને તેના જવાબની રાહ હતી.

"ગોપાલ, તને જે કામ ગમતું હોય એ શોધી લેને." તેણે દૂરથી આવતા મોજા સામે જોઈને કહ્યું.

"પણ મને નથી ખબર કે મને શું ગમે છે, મીરાં." ગોપાલે નીચે પાણી તરફ જોઈને કહ્યું.

"જ્યારે આપણને ખબર ન હોય કે આપણે શું કરીએ, ત્યારે આપણે બધું જ કરવાનું." મીરાં બોલી.

દૂરથી એક મોટું મોજું ઊછળતું-કૂદતું આવી રહ્યું હતું. બંનેએ એકસાથે એ મહાકાય મોજાને જોયું. ગોપાલના હૃદયમાં એ કદાવર ફૂંફાડા મારતા મોજાને આવતા જોઈને ધ્રાસ્કો પડ્યો. પગમાં જીવ ના રહ્યો. તરત જ બંનેએ એકબીજા સામે જોયું. મીરાં ગોપાલથી થોડી દૂર ઊભી હતી. ગોપાલે ડરને લીધે પોતાનો હાથ મીરાં તરફ લંબાવ્યો અને મીરાંએ પણ પાણીમાં ગોપાલ તરફ હાથ લંબાવીને ચાલવાની કોશિશ કરી ત્યાં જ...

એ ભયાનક મોજું એ બંનેની ઉપર ફરી વળ્યું અને બંનેને ઊંચાં કરીને પોતાના વિકરાળ મોઢામાં પકડી લીધા. ગોપાલે જોરથી રાડ નાખી, "મીરાં..."

ત્યાં તો ગોપાલ પાણીની અંદર ડૂબી રહ્યો હતો. આંખો ફાટી રહી, ખારું પાણી આંખોમાં ઘૂસ્યું અને મોઢું ખૂલતાંની સાથે જ તેના મોઢામાં પાણી ઘૂસી ગયું, શ્વાસ બંધ થઈ ગયો અને પોતે પાણીના કાળા અંધકારમાં ઉપર-નીચે ફંગોળાવા લાગ્યો. જોતજોતામાં તે તળિયાની રેતી સાથે અથડાયો હશે, તે ફરી સપાટી પર આવ્યો અને નાક-મોઢામાંથી પાણી બહાર આવ્યું અને ફરી તે પાછો તળિયા તરફ ફેંકાઈ રહ્યો હતો અને...

પાછળથી મીરાંએ તેનો હાથ પકડીને ખેંચ્યો અને તે ફરી સપાટી પર આવ્યો અને ફાટેલી આંખો સાથે ફરી નાક-મોઢામાંથી પાણી બહાર આવ્યું. મીરાંએ તેને ઊંચકી લીધો હતો અને તે હસી રહી હતી !

ગોપાલથી શ્વાસ લેવાયો, ભાન આવ્યું અને મીરાં સામે ઊભેલી દેખાઈ. બસ, થોડી જ સેકંડમાં જો મીરાંએ તેને પકડ્યો ન હોત તો તે અંદર ખેંચાઈ ગયો હોત તેવો ડર ગોપાલના હાંફી રહેલા ચહેરા પર દેખાઈ રહ્યો હતો. તેણે મીરાંને પૂરી તાકાતથી પકડી હતી અને મીરાં હજુ હસી રહી હતી અને મોટેમોટેથી ગોપાલને કશુંક કહી રહી હતી :

"તારે શું કરવું છે ગોપાલ ? શું કરવું છે ?" તે ગોપાલના કાન પાસે પૂછી રહી હતી. ગોપાલના કાનમાં પાણી ઘૂસી ગયું હતું, છતાં તેને આ સવાલ સંભળાઈ રહ્યો હતો. ધીમેધીમે હાંફતાં હાંફતાં તે કિનારા તરફ જવાનો ઈશારો કરી રહ્યો હતો અને મીરાં તેને ઊભો રાખીને પૂછી રહી હતી, "ગોપાલ, તું કદાચ પાણીમાં ડૂબીને મરી ગયો હોત તો મરતા પહેલાં તારે કેવું કામ કરવું હતું ?"

ગોપાલને સમજાતું ન હતું, પરંતુ તે થોડો સભાન થયો અને ખાંસીને લીધે પેટમાં ગયેલું પાણી બહાર આવી ગયું ત્યારે તે "શું ?" એટલું જ પૂછી શક્યો અને મીરાં ફરી પૂછી રહી હતી : "જો બીજું એક મોટું મોજું આવી રહ્યું છે, તું ફરી ડૂબવાનો છે, જલદી બોલ... તારે મરતા પહેલાં એવું કયું કામ કરવું છે જે તને ખુશી આપે ?" ગોપાલ હવે સવાલ સમજ્યો હતો. તેણે ડરેલા ચહેરા સાથે દૂર દરિયા સામે જોયું અને બીજું મોજું આવી રહ્યું હતું.

તેણે ડરીને મીરાં સામે જોયું, મીરાં હસી રહી હતી. મોજું નજીક આવ્યું અને...

ગોપાલ ઝડપથી મીરાંની નજીક જઈને તેની બાહોમાં વળગી પડ્યો. મીરાંએ ચૂપચાપ તેને પોતાની છાતી સાથે જકડી રાખ્યો અને પેલું મોજું નજીક આવીને બંનેના ગળા સુધી આવીને શાંત થઈને ફેલાઈ ગયું. ગોપાલ તો પોતાની આંખો બંધ કરીને ડરથી મીરાંને ચોંટી ગયો હતો. તેને કદાચ ખબર હતી કે મીરાં તેને આ વખતે ડૂબવા નહીં દે.

"એવું કયું કામ છે જે તારે મરતા પહેલાં કરવું છે ?" મીરાં ગોપાલની પીઠ પર હાથ ફેરવતી બોલી. ગોપાલને સમજાયું હતું. તે થોડીવાર કશું બોલ્યો નહીં અને પછી મીરાંથી દૂર થઈ નીચું જોઈને કહ્યું, "નથી ખબર... મને નથી ખબર... મારે મરતા પહેલાં જીવવું છે."

મીરાં તેને સાંભળી રહી. તેને જાણે અહેસાસ થયો કે આ માણસને ખરેખર પોતાનું ગમતું કામ ખબર જ ન હતી. આ માણસને પોતાનો જીવ જાય એ પહેલાં કોઈ

પૂછે કે તારે છેલ્લી ક્ષણોમાં શું કામ કરવું છે, તો તે સવાલનો જવાબ જ ન હતો. તેને ગોપાલના નિરાશ અને ડરેલા ચહેરાને જોઈને એક અનુભૂતિ થઈ કે આ વ્યક્તિને પોતાનું ગમતું કામ ખબર નથી, પરંતુ જીવી લેવું છે અને હજુ હાર્યો નથી.

ચૂપચાપ, ધીમેધીમે તે ગોપાલનો હાથ પકડીને કિનારા તરફ આવી. બંનેએ કશું જ બોલ્યા વિના કપડાં પહેરી લીધાં. ગોપાલ હજુ હાંફી રહ્યો હતો અને ઊંડા ઊબકા કરી રહ્યો હતો. થોડીથોડીવારે તેના ગળામાંથી પાણી નીકળી રહ્યું હતું. મીરાં જલદીથી કપડાં પહેરતી ગોપાલની બાજુમાં જઈને તેની પીઠ પર હાથ ફેરવવા લાગી. ઊબકા કરતા ગોપાલને તે "આઇ એમ સૉરી..." કહી રહી હતી.

થોડીવાર પછી ગોપાલ શાંત અને સ્વસ્થ થઈ ગયો હતો. તે બંને બુલેટ ચાલતા પાસે આવી ગયાં હતાં.

રાત્રિના બે વાગી ગયા હતા. ઠંડો પવન આવી રહ્યો હતો. મીરાં સડસડાટ બુલેટ ચલાવી રહી હતી અને ગોપાલ પાછળ બેસીને હજુ સ્વસ્થ થઈ રહ્યો હતો. સૂમસામ રસ્તાઓ પર કોઈ વાહન હતાં નહીં અને હાઇવે પર બુલેટનું લીવર વધારીને મીરાં ઠંડા પવનમાં મોટેમોટેથી ખુશીની રાડો નાખી રહી હતી. ગોપાલ પાછળ બેસીને હસી રહ્યો હતો. થોડીવારમાં ઘણીબધી ઘટનાઓ બની જતી હતી. હમણાં જ પાણીમાં ડૂબેલો ગોપાલ હવે મીરાંની પાછળ બેસીને ઠંડી હવામાં પોતાના બંને હાથ પહોળા કરીને નવાનવા અવાજો કરતો ખુશ થતો હતો. બંને એકલાં એકલાં ખુશ થઈને હસી રહ્યાં હતાં.

તેઓ ઍપાર્ટમેન્ટના પાર્કિંગમાં પહોંચ્યાં ત્યારે મીરાંએ ગોપાલને કહ્યું : "માણસ મરવાની ક્ષણ પર ઊભો હોય ત્યારે એનું હૃદય બોલી જતું હોય છે કે એને જીવતો રહી શકે તો શું કામ કરવું છે, પરંતુ તને સાચે જ ખબર નથી કે તારું પેશન શું છે. તારે બસ જીવવું છે." તે હસી રહી હતી.

"એટલે જ તો તને પૂછતો હતો." ગોપાલે કહ્યું.

"મને ના પૂછ. તારી અંદર જો."

બંને લિફ્ટમાં ઉપર ગયાં. રૂમ પર જઈને મીરાંએ ગોપાલને પોતાની એક જૂની કેપ્રી આપી. બાથરૂમમાં જઈને ગોપાલ નાહી આવ્યો અને મીરાંની કેપ્રી પહેરી ! મીરાં હજુ નાહી રહી હતી ત્યાં તો તે થાકને લીધે જમીન પર સૂઈ ગયો હતો.

17

બીજે દિવસે સવારે ગોપાલ ફરી મીરાંની સામે ગોઠવાઈ ગયો હતો. મીરાં પોતાના ટેટૂ દોરવાના વિશ્વમાં વ્યસ્ત હતી અને ગોપાલ મીરાંની સામે સ્થિર નજરે જોતો ફરી પોતાની એકલતાની દુનિયામાં ખોવાઈ ગયો હતો. પોતે અહીં શું કરશે ? તે મીરાં પર ભાર બનીને રહી જશે ? તે ક્યાં હતો અને ક્યાં પહોંચી ગયો છે ? મીરાં સાથેનું ભવિષ્ય શું ? ઘરેથી નીકળ્યો તેને પણ કેટલાયે દિવસો થઈ ગયા. કદાચ ગમતું કામ મળી ગયું તો પણ હું સફળ થઈશ ?

મીરાંએ જોયું કે ગોપાલ કોઈ મૂર્તિની જેમ બેઠો છે. તેણે ગોપાલથી નજીક બેસીને તેનો જમણો હાથ પકડ્યો. ગોપાલ ચમકી ગયો. બંને એકબીજાં સામે હસી પડ્યાં.

"જા... ગોપલા. મારું બુલેટ લેતો જા અને તને મનફાવે એ કામ શોધતો આવ." મીરાંએ કહ્યું. ગોપાલ એ સાંભળીને હસી પડ્યો.

"... પણ હું જે કામ કરું છે એ નથી ગમતું અને..."

"એક મિનિટ..." મીરાંએ ગોપાલને બોલતો ઊભો રાખ્યો. "તારી એકની એક પિપૂડી ચાલુ કરે એ પહેલાં એક વાર્તા સાંભળ." તે બોલી :

"એકવાર એક કૂતરો એક મ્યુઝિયમના હૉલમાં ઘૂસી ગયો, જ્યાં બધી જ દીવાલો, છત, બારણાંઓ અને જમીન પણ અરીસાઓની બનેલી હતી. આ બધું જોઈને કૂતરાને નવાઈ લાગી અને એ હૉલની વચ્ચે પૂતળાની જેમ ઊભો રહી ગયો. પોતાની ચારે તરફ જોયું તો કૂતરાંઓના મોટા ટોળાથી એ ચારે તરફ અને ઉપર-નીચે ઘેરાયેલો હતો. માત્ર એકવાર આ કૂતરું પોતાના દાંત દેખાડીને થોડું ભસ્યું કે ચારે તરફથી બધા જ પ્રતિબિંબનો સામો એવો જ જવાબ આવ્યો. કૂતરો ડરી ગયો. ડરી ગયેલા કૂતરાએ વધુ જોરથી ભસવાની શરૂ કર્યું અને બધાં કૂતરાંઓ એ જ રીતે કેટલીયેવાર એકસાથે સામે ભસ્યાં. કૂતરો ખૂબ જોરથી ભસવા લાગ્યો અને ચારે તરફથી પડઘાઓ વધવા જ લાગ્યા. હવે એ એક તરફથી બીજી તરફ કૂદવા લાગ્યો અને હવાને બચકાં ભરવા લાગ્યો. કૂદકા મારીને એ ચારે તરફ ભટકવા લાગ્યો અને તેનાં પ્રતિબિંબો પણ એમ જ કરવા લાગ્યાં.

બીજે દિવસે સવારે મ્યુઝિયમના સિક્યોરિટી ગાર્ડે આ દુખિયારા કૂતરાના શરીરને જોયું, એવું શરીર જેની અંદર જીવ ન હતો અને એ પોતાના જેવા જ જીવ વિનાના લાખો પ્રતિબિંબોથી ઘેરાયેલો હતો. ત્યાં એવું કશું જ ન હતું જેણે કૂતરાને કશું પણ નુકસાન પહોંચાડ્યું હોય. કૂતરો પોતાના ખુદનાં પ્રતિબિંબો સાથે લડતો-ઝઘડતો જ મરી ગયો.

ગોપાલ...દુનિયા પોતાની જાત અંદર સારું કે ખરાબ લઈને નથી આવતી. આપણી આજુબાજુ જે કંઈ પણ બની રહ્યું છે તે બધું જ આપણા વિચારો, લાગણીઓ, ઇચ્છાઓ અને એ બધાં તરફની આપણી પ્રતિક્રિયાનું પ્રતિબિંબ છે. વિશ્વ એક અરીસો છે, તો હવે તેની સામે ભસવાનું બંધ કર." તે બોલી. પાણીની બૉટલ લઈને પીવા લાગી. "અને હું તારી ગુરુ બનવા અહીં નથી બેઠી." પાણી પીઈને તે બોલી.

ગોપાલ રસ્તા તરફ જોતો આ શબ્દોને સાંભળતો હતો.

"એક જ ઉપાય છે ગોપાલ. કોઈ પણ કામ ચાલુ કર. દિમાગ-દિલ ખુલ્લાં રાખ. તે કામને પૂરા દિલથી કર. ઊંડો ઊતર. ખૂબ મહેનત કર અને કોઈ સાંજે ઘરે આવીને પોતાની જાતને પૂછ કે તને એ કામમાં મજા આવે છે કે નહીં. જો તને મજા આવતી હોય, તું ખૂબ ખુશ હોય, તે કામ કરતી સમયે તારી આ એકલતા અને બહારની દુનિયા ભૂલી જતો હોય તો બસ..."

"તો ?"

"તો બસ, એ કામને તારી લાઈફ બનાવી દે. ડૂબી જા એ દરિયાની અંદર."

ગોપાલ ચૂપચાપ બેસી રહ્યો. વર્ષો પહેલાંનો વિદ્યાનગરનો એ દિવસ યાદ આવી ગયો જ્યારે તે અને વિજય એક તળાવના કિનારે બેઠા હતા અને વરસાદ વરસી રહ્યો હતો. તે સમયે ગોપાલે નક્કી કરેલું હતું કે હવે તે પોતાના જીવન સાથે બધા જ પ્રયોગો કરશે. તે વિજયને કહેતો હતો કે તેને હવે વિજયની મદદ જોઈશે. એ વર્ષોમાં એ કૉલેજના મેદાનમાં દોડવા જતો, હૉસ્ટેલમાં ટેબલટેનિસ રમતો, કેમેરા લઈને કૉલેજની આસપાસનાં ગામડાંઓમાં ફોટોગ્રાફ્સ પાડવા નીકળી જતો, એ એક દિવસ તો પોર્નસ્ટાર બનવાનાં સપનાંઓ પણ જોતો હતો !

ગોપાલનું હૈયું ભરાઈ આવ્યું. પોતાના જૂના દિવસો યાદ આવ્યા. પોતાના જિગરી દોસ્તો આવ્યા. એ સમય યાદ આવ્યો. આજે ફરી એ સમય આવ્યો હતો. હજાર કામ કરીને પોતાને ગમતા કામની ખોજ કરવાનો.

એ ઊભો થયો. મીરાંના બુલેટની ચાવી લઈને શહેરની અંદર કોઈ અજાણ્યા રસ્તા પર નીકળી પડ્યો. ચારે તરફ દેખાતી કામ કરતી આ માનવજાતની અંદર તે પોતાની જાતને ફિટ કરી રહ્યો હતો. રસ્તામાં ટ્રાફિકમાં ઊભો રહ્યો ત્યારે રમકડાં વેચતો વૃદ્ધ દેખાયો. કાર સાફ કરી દેતાં બાળકો અને રસ્તાની ધાર પર ઊભા રહીને પાણીપૂરી વેચતો માણસ દેખાયો. ટ્રાફિક વચ્ચે ભીખ માગતો યુવાન, તાળીઓ પાડીને રૂપિયા માગતા માણસો, ચારે તરફ લારીઓ અને દુકાનોમાં બેઠેલા માણસો અને પોતાની બાઈક કે ઑટોમાં બેસીને ઑફિસ પર પહોંચવામાં ભાગી રહેલા હજારો યુવાનો દેખાયા. સાફસફાઈ કરનારા મજૂરો, રસ્તાના ખૂણા પર બૅન્ચ પર બેસીને કશુંક દોરતો યુવાન, ઊંચી ઉમારતો અને એટીએમ મશીન આગળ બેઠેલા વૉચમેન, હનુમાનનો વેશ ધારણ કરીને ચાલ્યો જતો કોઈ કલાકાર અને આ બધાં વચ્ચે પોતાની જાતને શોધતો ગોપાલ.

તે રસ્તાની એક તરફ બુલેટ પાર્ક કરી એક પબ્લિક પાર્કના ગેટ પાસે છાયામાં ઊભો રહ્યો. ત્યાં નાનાં બાળકો રમી રહ્યાં હતાં અને વૃદ્ધો બૅન્ચ પર બેસીને વાતો કરી રહ્યા હતા. ત્યાં એક ખાલી બૅન્ચ પર તે બેઠો. મીરાંએ આપેલા પાંચસો રૂપિયાના છૂટા કરાવી તેણે પાણીનું પાઉચ લીધું. ચહેરો ધોઈને તે ચારે તરફની દુનિયા જોવા લાગ્યો.

આજે તેને અહીં હજારો શક્યતાઓ દેખાઈ રહી હતી. પોતે એક એન્જિનિયર થઈને પોતાની ચારે તરફ દેખાતાં બધાં જ કામ કરી શકવાની તાકાત ધરાવતો હતો. તેને થોડુંઘણું ઇંગ્લિશ આવડતું હતું, હિન્દી અને ગુજરાતી બાળપણથી જ આવડતી હતી.

આસપાસ દેખાતી દુનિયામાં દેખાતા માણસો કરતાં પોતે ઘણી આવડત ધરાવતો હતો.

હા... તેની આસપાસ ભાગતી પેલી મોંઘી કાર કઈ રીતે લાવવી તે તેને ખબર ન હતી. રસ્તામાં ચારે તરફ ઊભા રહેલા ભવ્ય બંગલાઓ કઈ રીતે પેદા કરવા તે ખબર ન હતી. તેને એ તરફનું આકર્ષણ પણ થઈ રહ્યું ન હતું. ગોપાલને ખબર હતી કે તેને એવો માણસ બનવું ન હતું. કદાચ મોટાં મકાનો કે મર્સિડિઝમાં બેસીને પણ તેને માણસો ખુશ દેખાતા ન હતા. જો આ રીતે પ્રોપર્ટી પામીને માણસો સફળ કહેવાતા હોય તો તેને એવું કરવું ન હતું. તેને પોતાની આવી કરિઅર બનાવવી ન હતી. રસ્તામાં તેને પોતાની મોંઘી કારમાં બેસીને મોબાઇલ પર વાત કરતા ફાંદવાળા માણસો જેવું પણ બનવું ન હતું. તેને લાગતું હતું કે આ બધી સંપત્તિ મેળવવા પાછળ આ માણસો આખી જિંદગી દોડ્યા છે, મહેનત કરી છે, પરંતુ મળી ગયું ત્યારે તેઓ ભાન ગુમાવીને બીજી દિશાઓમાં ભાગી રહ્યા છે. જો દુનિયા એ આવા માણસ બનવાને સફળતા કે કરિઅર કહેતી હોય તો તેને એવું નથી કરવું. તેને આ ટોળામાં નથી રહેવું. તેને એવું કરવું છે જે પોતે એકલો જ કરી શકે.

ગોપાલ, અત્યારે કોઈ પણ કામ શોધી લે. થોડો સમય સ્થિર થા. તારી જાતને સમય આપ. તું દુનિયાને જોઈને આટલો ગાંડો કેમ થઈ જાય છે ? ગોપાલ પોતાની જાતને સમજાવી રહ્યો હતો. થોડીવાર પછી તે ઊભો થયો. બુલેટ લઈને ફરી અજાણ્યા રસ્તાઓ પર નીકળી પડ્યો.

ચાર-પાંચ કલાક પછી રસ્તામાં એક રેસ્ટોરાંની બહાર એક બોર્ડ જોયું :

“Walk in interview for waiters”

ગોપાલે ઉપર તરફ રેસ્ટોરાંનું નામ જોયું :

Paradise : A multi cuisine family restaurant.

જા. પહેલા આ કામ ઉપાડ. તેનું મન બોલ્યું. તે બુલેટને રસ્તામાં પાર્ક કરીને ઊભો રહ્યો. પોતાના રિઝ્યુમ, પોતાનાં કપડાં, નીચે પહેરેલી સ્લિપર વિશે વિચારતો રહ્યો. પોતાના ટી-શર્ટને પેન્ટમાં ખોસીને અંદર જઈને શું બોલવું તે નક્કી કરી લીધું. વાળ સરખા કરતો અંદર ગયો. કાઉન્ટર પર બેઠેલા માણસને ઇન્ટરવ્યૂ આપવા આવ્યો છે તેમ કહ્યું. તે માણસે તેને બીજા ફ્લૉર પર મૅનેજરને મળવા કહ્યું. તે ઉપર ગયો. એક ઑફિસ અંદર મૅનેજર કોઈ માણસનું ઇન્ટરવ્યૂ લઈ રહ્યો હતો. ગોપાલ આગળ બીજા ત્રણ યુવાનો વેઇટર બનવા માટે આવેલા હતા.

થોડીવાર પછી ગોપાલનો નંબર આવ્યો. તે ઑફિસમાં ગયો. પોતાની એન્જિનિયર તરીકે અલગ અલગ કંપનીઓમાં આપેલા ઇન્ટરવ્યૂની રીતો તેને ખબર હતી. કઈ રીતે, ‘મેં આઇ કમઇન સર ?’ કહેવું, કઈ રીતે હાથ મિલાવવો અને કઈ રીતે એ વ્યક્તિ કહે પછી જ ખુરશી પર બેસવું. મૅનેજર મરાઠીમાં પૂછવા લાગ્યો : “બોલા, તુમચ્યા પરિચય દ્યા આણિ વેટર મ્હણુન કાહી અનુભવ અસેલ તર તે સાંગા.”

ગોપાલને થોડી ખબર પડી કે તે શું કહી રહ્યો હતો. ગોપાલે તેને ઇમ્પ્રેસ કરવા પોતાની સીધીસાદી ઇંગ્લિશમાં બોલવાનું ચાલુ કર્યું :

"Sir, Sorry that I don't know that much of Marathi language, but I am sure I will learn it one day. Basically I am from Gujarat and I am Twelve pass in Gujarati medium. I do know Hindi, English and Gujarati. I have no family here. I am alone. I came here for work, and I want to do such a prestigious job." અને આવી લાંબી ગપ્પાંબાજી તેણે પાંચ મિનિટ સુધી ચલાવી ! તેણે એ પણ કહી દીધું કે પોતાની પાસે કોઈ આઈ-ડી કાર્ડ નથી અને કોઈ એડ્રેસનું પ્રૂફ નથી, પરંતુ મારા પર વિશ્વાસ રાખીને તેઓ જૉબ આપશે તો તેના જેવો કેન્ડિડેટ કોઈ નહીં મળે !

મૅનેજરે હા કહી ! ગોપાલની ખુશીનો પાર ન રહ્યો. મહિનાનો પંદર હજાર પગાર પણ નક્કી થઈ ગયો અને બે દિવસમાં જૉબ પણ ચાલુ કરી દેવા કહેવામાં આવ્યું. સાથે ગોપાલને શેવિંગ કરીને અને સારાં કપડાં પહેરીને આવવા કહ્યું.

ગોપાલ બહાર નીકળ્યો. હોટેલથી દૂર ગયો. ચારે તરફ જોયું અને પછી જાણે કોઈ એને જોતું ન હોય એમ જગ જીતી ગયો હોય એમ મુઠ્ઠી વાળીને, 'યસ-યસ' બોલતો કૂદકા મારવા લાગ્યો. તે ખૂબ ખુશ હતો. હરખનું એક આંસુ તેની આંખમાંથી નીકળી પડ્યું. મીરાંને જલદીથી આ વાત કહેવાનું મન થયું. તે દોડતો એક મીઠાઈની દુકાન પર ગયો.

પોતાની ખુશી કોને કહેવી એ સમજાતું ન હતું. પોતાનાં માબાપને આ વાત કહેવાનું મન થયું. થોડીવાર માટે તેના દિમાગમાં ભૂતકાળ ઘેરાઈ વળ્યો. બા-બાપુજી યાદ આવી ગયાં. તેમની સાથે વાત કરવાનું મન થયું. મીઠાઈની દુકાન પર રહેલા STD ફોન પરથી બાપુજીનો ફોન ડાયલ કરવાનું મન થઈ આવ્યું, પરંતુ બીજી જ ક્ષણે તેનું મન બોલી રહ્યું હતું : *ના ગોપાલ, તેમને યાદ ના કર. તેઓ ખુશ હશે. એકલા હશે, પરંતુ એ બંને એ જ પ્રાર્થના કરી રહ્યાં હશે એ એમનો દીકરો પોતાની જાતને ખોજીને પાછો આવશે અને ખુશ થતો આવશે. તું તારી સફર હજુ તો ચાલુ કરી રહ્યો છે ગોપાલ પટેલ. તારે એકે હજાર દીકરા જેવું બનવું હોય તો હજાર કામ કરીને તારી જાતને શોધવી જ પડશે. માબાપ તારી ખુશીમાં જ ખુશ છે. તું હવે જીવવાનું ચાલુ કર ગોપાલ. તેમણે તને એ આશા સાથે જ ઘરેથી મોકલ્યો છે, હવે ભલે કદાચ વર્ષો નીકળી જાય તારી ખુદની ખોજ માટે... પાછું ફરીને જોઈશ નહીં.*

મીરાંને માટે એ લાડવા લઈને ગયો. રસ્તાઓ પૂછતો મીરાં હતી ત્યાં પહોંચી ગયો અને બુલેટ પાર્ક કરીને દોડતો મીરાં પાસે પહોંચી ગયો.

"આ ગયે મેરે શેર ?" મીરાં ગોપાલના ચહેરા પરનું ઝનૂન અને ઉત્સાહ જોઈને બોલી.

"મારી પહેલી જૉબ મળી ગઈ, મીરાં." ગોપાલ તેની સામે બેસીને લાડુ ખવડાવતો બોલ્યો. મીરાં પહેલીવાર ગોપાલની આંખોમાં એ જિજીવિષા, એ ચમક અને એ કશુંક મેળવ્યાની ખુશી જોઈ રહી હતી. તેણે બેઠાબેઠા ગોઠણ પર થોડા ઊંચા થઈને સામે બેઠેલા ગોપાલને હગ કર્યું. મીરાંની બાહોમાં જ તે ગોપાલ આંખો મીંચી ગયો.

"થૅન્ક્યુ, મીરાં." તે બોલ્યો. મીરાંએ તેને દૂર કરી તેની પાણી ભરેલી આંખોમાં જોઈને પૂછ્યું, "કેમ ?"

"ફોર એવરીથિંગ." ગોપાલ હસીને બોલ્યો. મીરાં હસતી રહી. પછી સાંજ સુધી મીરાં ટેટૂ બનાવતી રહી અને ગોપાલ બસ તેની બાજુમાં બેસીને કહેતો રહ્યો કે કઈ રીતે તેને જૉબ મળી અને ત્યાં તેને શું કરવાનું છે.

પછીના દિવસોમાં ગોપાલ ખુશ હતો. જિંદગી નવીનવી હતી. રોજે સવારે ઊઠીને મીરાં સાથે જ તૈયાર થઈ જતો. બંને બહાર કોઈ લારી પર નાસ્તો કરતાં. મીરાં તેને રસ્તામાં એક સ્ટેશન પર છોડી દેતી જ્યાંથી ગોપાલને પોતાની રેસ્ટોરાં પહોંચવા માટે ટ્રેન પકડવાની રહેતી. એક ચોક્કસ સમયે લોકલ ટ્રેન આવી જતી. ટ્રેનમાં ચડવા માટે ગોપાલ ટ્રેનના દરવાજા આગળ ભીડમાં ઊભો રહેતો અને પાછળથી એવો ધક્કો આવતો કે તે જમીન પર પગ મૂક્યા વિના ટ્રેનમાં ઘૂસી જતો !

ટ્રેન ગોપાલ જેવા માણસોથી ભરેલી રહેતી. દરેક માણસ કોઈ ઊંડા વિચારમાં ડૂબેલો રહેતો. કોઈ કાનમાં હેડફોન લગાવી મ્યુઝિક સાંભળતું હોય, તો કોઈ પરિવાર કે પૈસાની ચિંતામાં ડૂબેલું હોય, કોઈ છાપા વાંચતું મોટેમોટેથી દેશનું ભવિષ્ય કહેતું હોય, તો કોઈ ચૂપચાપ ખૂણામાં ઊભું રહીને ટ્રેનમાં ઊભેલા દરેક માણસના ચહેરા સામે ફાંટેલી આંખે જોયા કરતું હોય.

ટ્રેનમાંથી ઊતરી ગોપાલ ચાલતો પોતાની રેસ્ટોરાં પહોંચી જતો. ત્યાં પોતાની હાજરી પૂરી, વેઇટરના કપડાં પહેરી, પોતાને આપેલી ટ્રેનિંગ મુજબ કામ પર લાગી જતો. સુપરવાઇઝર જે રીતે ઑર્ડર આપે તે રીતે કિચનમાં બનેલી ડિશ તે લઈને ટેબલ પર આપવા જતો. પોતાને આવડતી ઇંગ્લિશ અને કૉમ્યુનિકેશન સ્કિલ્સના બધા જ ફંડાને લીધે તે કોઈ પણ વ્યક્તિને પસંદ આવી જતો. તે દરેક ટેબલ પર નજર રાખતો. કોઈને કશું પણ જોઈતું હોય, તે વ્યક્તિ બોલે તે પહેલાં પહોંચાડી દેતો. બપોરે અને સાંજે ત્યાં જ બીજા વેઇટર્સ સાથે જમી લેતો, બધા સાથે દોસ્તી બનાવી લીધી હતી. પોતાનું દિલ નિચોવીને કામમાં ધ્યાન આપી રહ્યો હતો. ખુશ હતો.

18

એક નવી જ સફર શરૂ થઈ.

મીરાં નામની આ રોકસ્ટાર જેવી છોકરી. એના એકએક અંગમાં થનગનતી જિંદગી. દિવસની એકએક ક્ષણ જાણે તેની પાસે આવીને જિવાઈ જતી હતી. માત્ર ખુશીની પળ નહીં, પરંતુ એ દુઃખને પણ જાણે વધાવવા ઊભી હોય એવી બિનધાસ્ત છોકરી. એના કોઈ ઢંગ વિનાનાં કપડાં, એના એના ખુલ્લા ઊડતા વાળ અને માસૂમ ચહેરા પર ચમકતી કશુંક જીવી લેવાની તમન્ના, તેની દરિયા જેવી આંખો અને દરિયાથી પણ વધુ ફૂંફાડા મારતી અથાગ મસ્તી.

બીજી તરફ ગોપાલ જેવો પોતાની અંદરના અંધકારમાં ખોવાઈ ગયેલો ભટકતો છોકરો. મીરાં જેટલી જ ઉંમરનો એક એવો જીવતો, સવાલો કરતો, બળવાખોરી કરતો સાવ સામાન્ય અને થોડો મૂરખ છોકરો કે જેને કશું જ ખબર ન હતી કે પોતાની અંદરના માણસને જેવું જીવવું હતું એ કેમ જીવી શકાય.

એ કાગડાને ઊડવું હતું, પરંતુ પાંખો છે એવી ખબર ન હતી અને કદાચ ઊડી પણ શકે તો ક્યાં જાય, શું કરે, શા માટે કરે એવા સવાલો ભર્યા પડ્યા હતા. પોતાની આસપાસની દુનિયા જોઈને ઘડાયેલા એના વિચારો, પોતાની આસપાસની દુનિયાથી પીડાઈ રહેલા એનાં સપનાંઓ. દિવસની એકએક ક્ષણ એને પણ નિચોવીને જીવી લેવી હતી, પોતાની અંદર ભરી પડેલી કશુંક કરી નાખવાની ભટકતી, ભભૂકતી આગને તેણે પણ વશ કરી લેવી હતી. આ છોકરાને તો કોઈ માણસ જીવ્યો ના હોય એવી કહાની જીવવી હતી ! પરંતુ કઈ રીતે ? આ છોકરાને નિયમો ભાંગીને, રિવાજો મારી, તોડીને, દિલ ચીરીફાડીને મનગમતું જીવી લેવું હતું... પરંતુ કઈ રીતે ? તો માણસને શું ગમે છે તે જ ખબર ન હોય તો ? બસ.... જીવી લેવું છે બધું. પરંતુ કઈ રીતે ?

"જ્યારે માણસના હાથમાં કોઈ સવાલનો જવાબ જ ના હોય ત્યારે એણે ચૂપ રહીને પોતાની બાહો ફેલાવીને પોતાના અસ્તિત્વને સાક્ષી બનીને જોતું રહેવું જોઈએ." એ રોકસ્ટાર કહેતી.

એ રીતે જ ગોપાલ માટે બધું જ ધીમેધીમે પાર પડી રહ્યું હતું. જૉબ પર ખૂબ બધું શીખવા મળી રહ્યું હતું.

પોતાની પાસે મોબાઈલ ન હતો, પરંતુ તેનું મન ના કહી રહ્યું હતું. મોબાઈલને લીધે તે ફરી બીજા માણસો જેવો થઈ જશે. તેને ચારે તરફ મોબાઈલની દુનિયામાં ડૂબી જઈને આસપાસની દુનિયાને નીરખવાનું ભૂલી ગયેલા માણસો દેખાતા હતા. તેને દેખાતું કે માણસો રસ્તા પર, વાહનોમાં, દોસ્તો સાથે કે એકાંતમાં માત્ર મોબાઈલમાં ડૂબી ગયેલા જ હોય છે.

હવે તેની જિગરી દોસ્ત બનવા લાગેલી મીરાં પણ તેના જેવી જ હતી. તેની પાસે પણ મોબાઈલ ન હતો, પરંતુ કોઈ જૂનો એન્ટેનાવાળો રેડિયો હતો. જે આખો દિવસ વગાડ્યા કરતી. તે બંને એવા લાખો માણસોથી અલગ હતાં જે આખો દિવસ પોતાના

લેપટોપ કે મોબાઇલની સ્ક્રીનની અંદર ઘૂસીને જીવી રહ્યા હતા અને ફેસબુક, વ્હૉટ્સએપને થોડી થોડી વારમાં ચેક કર્યા કરતા.

એ બંને તો પોતાની જૉબ પૂરી કરી રાત્રે એક જગ્યા પર પહોંચી જતાં : બિયર બાર !

ગોપાલ હજુ એટલું બધું કમાતો ન હતો, પરંતુ મીરાંનું પર્સ ભરેલું રહેતું અને બંને રોજે રાત્રે બિયર બાર પર જઈને ટલ્લી થતાં. બારના કાઉન્ટર પર બેસીને વ્હિસ્કીના શોટની રેસ કરતાં અને પછી કોઈ કારણ વિના એકબીજાની સામે જોઈને હસ્યાં કરતાં. મીરાં તો એટલું હસતી કે ટેબલ પરથી નીચે પડી જતી. બારમાં બધા તે બંનેને જોઈને હસવા લાગતાં. નીચે પડેલી મીરાંને હાથ દઈને ગોપાલ ખેંચતો, પરંતુ નશાને લીધે પોતે પણ નીચે પડી જતો અને પછી બંને સૂતાં સૂતાં ખડખડાટ હસ્યાં કરતાં. છેવટે થાકીને બારનો સિક્યોરિટી બાઉન્સર આવીને તેમને બંનેને ખેંચીને બહાર લઈ જતો. બંને બહાર નીકળી બુલેટ લઈને દરિયાકિનારે પહોંચી જતાં. દરિયા સામે રાડો નાખતા અને મન થાય તો કપડાં કાઢીને અડધી રાત્રે દરિયાની અંદર કૂદી પડતાં.

દિવસો જાણે આંખના પલકારામાં પૂરો થઈ જતો હતો. સાંજે થાકીને ગોપાલ ટ્રેનમાં ઊભાઊભા ચારે તરફની દુનિયાને જોતો રહેતો અને કશુંક વિચાર્યા કરતો. મોટેભાગે તેનું દિમાગ ખાલી રહેતું. કોઈ વિચાર કરતું નહીં. એમ લાગતું કે તે સ્થિર ઊભો છે અને સમય તેની અંદર જીવ્યા વિના બાજુમાંથી પસાર થઈ ગયો. કદાચ રોજની એક જ ટ્રેનમાં બેસીને, એક જ જગ્યા પર નોકરી કરીને એ એવું અનુભવતો હતો.

રૂટિન. રોજની એકસરખી દેખાતી-જિવાતી જિંદગી. કદાચ ઘણા સમય પહેલાં આ રોજની એકસરખી જિંદગીએ અમદાવાદમાં ગોપાલને બળવાખોર બનાવી દીધો હતો અને જૉબ છોડીને ઘરે ભાગવા મજબૂર કરી દીધો હતો, પરંતુ હવે એ જૂનો ગોપાલ બદલી ગયો હતો. પોતાની વેઇટરની જૉબમાંથી બને તેટલું બધું જ શીખવા માગતો ગોપાલ હવે કદાચ એક સત્ય પામી ગયો હતો કે કોઈ પણ રેસ્ટોરાંનો વેઇટર એક એવા અનુભવમાંથી પસાર થતો હોય છે જે બીજું કોઈ માણસ જીવી શકતું નથી. જ્યારે ગોપાલની ભૂલ થાય કે પોતે નિરાશ થઈ ગયો હોય ત્યારે પોતાની જાત સાથેની વાતોમાં એ ખુદને કહી દેતો : *કોઈ પણ જૉબ તારે જોઈતી બધી ખુશીઓની ફૅક્ટરી નથી જે તને ખુશી જ આપશે. તું શીખી લે દરેક અનુભવમાંથી. તારી જાતને બાળકની જેમ સમજાવી, શીખવીને આગળ વધ. જે નથી ગમતું તે છોડી દે, જેનો અર્થ નથી તે બધું જ બદલી નાખ, પરંતુ પહેલા એ અનુભવને પૂરો ઊંડો ઊતરીને પામી લે.*

એ મીરાંને જોતો. એ છોકરી પોતાના કામ પ્રત્યે કેટલી વફાદાર હતી. જાણે દરેક ક્ષણને એ ભરપૂર જીવતી. સમય તેની બાજુમાંથી પસાર થવાને બદલે મીરાં પાસે જકડાઈને ઊભો રહી જતો. તેની પાસે ટેટૂ બનાવવા આવતા માણસો પણ જાણે કલાકો સુધી તેમની ચામડી પર થતું દર્દ ભૂલી જતા અને મીરાંની દુનિયામાં તલ્લીન થઈ જતા. ગોપાલે તેને પોતાના સવાલો પૂછતો. તે પૂછતો કે તેને કઈ રીતે પોતાની જૉબમાં ખુશ રહેવું જોઈએ અને મીરાં જવાબ દેતી : "જાતે શીખી લે. સમજણ ક્યારેય ઉધાર ન લેવાની હોય. ગોપાલ, હું તને કદાચ વેઇટર કઈ રીતે બનવું કે પછી જૉબમાં કઈ રીતે વર્તન કરવું એવું

બધું જ્ઞાન આપી શકું, પરંતુ એ જ્ઞાન છે, સમજણ નહીં. સમજણ તો તારે જાતે જ પામવી પડશે, જીવવી પડશે. તું આ દુનિયામાં યુનિક છે, માત્ર તું છે, તારા જેવું કોઈ જ નથી... તો પછી દુનિયાનો કોઈ પણ નિયમ, કોઈ પણ ફિલૉસૉફી, કોઈ પણ સમજણ તારે માટે કામનાં નથી. તું તારું સત્ય જાતે ખોજ. તારા નિયમો બનાવ, તોડી નાખ અને તારા પેટના અવાજને અનુસરતો રહે. તું સૂરજ બન. તારી રોશની જાતે પેદા કર. ઉધાર માગીને જીવતા ચાંદાઓને અમાસ ખૂબ આવતી હોય છે."

દિવસો પસાર થતા જતા હતા. એક દિવસ ગોપાલે વેઈટરની જૉબ છોડી દીધી. એક સાયબરકાફેમાં જઈને પોતાનું એક ફેક રિઝ્યુમ બનાવ્યું. એક થિયેટરમાં બૉક્સ-ઑફિસ અંદર ટિકિટ આપનાર ઑપરેટરની જૉબ માટે ઊપડી ગયો. ત્યાં તેની પાસે તેની ઓળખ માટે ફોટો આઈ-ડી માગવામાં આવ્યો અને ગોપાલ પાસે આ શહેરમાં કોઈ ઓળખ ન હતી. પોતાનાં લાઇસન્સ અને ચૂંટણીકાર્ડ તો ઘર પર ધૂળ ખાતાં હતાં. જૉબ ન મળી. તે એક લોકલ થિયેટરમાં ગયો જ્યાં B-ગ્રેડની મૂવીઝ ચાલતી હતી. ત્યાં તેને રાખી લીધો. ગોપાલ એક નવી જ દુનિયામાં જઈ ચડ્યો.

તે મીરાંને લઈને કોઈ 'આધી રાતકી જવાની' નામનું મૂવી જોવા લઈ ગયો. મીરાં તો મૂવી જોઈને એટલી ખુશ થયેલી કે બહાર આવીને સિગારેટ ફૂંકતી રોડ પર નીકળતા માણસોને પૂછી રહી હતી : 'ચલતા હે ક્યાં ?' તેને કોઈ ડર ન હતો. એક-બે ટપોરી જેવા દેખાતા માણસો તો તેને બાજુમાં આવીને ભાવ પણ પૂછવા લાગેલા અને મીરાં તેમને જોરજોરથી મોટીમોટી ગાળો દઈને ભગાડી રહી હતી.

ગોપાલ બસ તેની આ બેસ્ટ ફ્રેન્ડને જીવતી જોયા કરતો. મીરાંની જીવવાની અદા પર એને માન થઈ આવતું. ગોપાલની જૉબ પર બનેલા નવા દોસ્તોને પણ એ આખો દિવસ મીરાં વિશે કહ્યા કરતો. કહેતો કે મારી એક દોસ્ત જો ન હોત તો હું કદાચ જીવતો ન હોત અથવા જેલના સળિયા ગણતો હોત. તે મીરાંને એક ઇલેક્ટ્રિકલ એન્જિનિયરને મળી ગયેલો જીવતો કરંટ ભરેલો વાયર કહેતો !

ઘણીવાર એ બંને રાત્રે એમના ઍપાર્ટમેન્ટની અગાશી પર જઈને આકાશ સામે જોઈને બેઠાં રહેતાં. બિયરની બૉટલ ખોલીને બંને બેઠાં રહેતાં અને ધીમેધીમે એકબીજાં પાસેથી બૉટલ ખેંચીને પીતાં રહેતાં. ગોપાલ ખરતા તારાઓ શોધ્યા કરતો અને મીરાં ચાલતા તારાઓ પકડ્યા કરતી. મીરાં સિગારેટ ફૂંક્યા કરતી અને ગોપાલ તેના હાથમાંથી સિગારેટ છીનવીને છેલ્લા કશ ખેંચતો. વર્ષોથી જાણે એકબીજાંને જાણતાં હોય એવાં ગાઢ મિત્રોની જેમ એ પોતાનાં સપનાંઓ એક પછી એક બોલ્યાં કરતાં :

મીરાં કહેતી : "ગોપાલ, સાચું કહું છું, ચલને આ શહેરની બહાર કોઈ જંગલમાં જતાં રહીએ."

"હા યાર... સાચી વાત છે. ત્યાં ઝૂંપડી બનાવીને રહેવાનું મન થયું છે." ગોપાલ થોડા નશામાં કહેતો.

"ગાંડા, તને ચડી ગઈ છે એટલે હા પાડે છે, પણ હું તો સાચે કહું છું. મારે

અહીંયાથી થોડે જ દૂર એક નાનકડું પહાડીઓવાળું જંગલ શોધીને ત્યાં જઈને રહેવું છે."

"ના બે, મીરાં... મને ચડી નથી. મારે સાચે જ જંગલમાં જતા રહેવું છે."

"કેમ પણ ?" મીરાં નશામાં પૂછતી અને ટલ્લી થઈ ગયેલો ગોપાલ આકાશ સામે જોતો વિચાર્યા કરતો.

"ગોપાલ, મારે છે ને એક ડિઝાઈનિંગની સ્કૂલ પણ ખોલવી છે."

"મારે પણ ખોલવી છે." ગોપાલ કહેતો.

"મારે દરિયા અંદર હોડી લઈને જવું છે."

"હું પણ તારી સાથે આવીશ."

"હા... આવજેને. આપણે હોડીમાં ઊભાં ઊભાં પેલો ટાઈટેનિકવાળો પોઝ કરીશું, હેને ?" મીરાં એક હાથમાં બૉટલ પકડીને હાથ ફેલાવીને કહેતી.

"હા... પછી ઘરે આવીને હું તારું પેઈન્ટિંગ બનાવીશ." ગોપાલ બોલી જતો.

"નેકેડ પેઈન્ટિંગ ? જેક બનાવે છે તેવું ?"

"હા. એવું જ." ગોપાલ કહેતો. મીરાં તેની સામે જોઈ રહેતી.

"પણ ગોપાલ, દોરતા તો મને આવડે છે, તને ક્યાં આવડે છે."

"તો કંઈ નહીં, એક કામ કરીશું. હું બેડ પર કપડાં કાઢીને સૂઈ જઈશ અને તું મને દોરજે." ભોળો ગોપાલ સોલ્યુશન આપતો અને મીરાં ખડખડાટ હસી પડતી. પોતાનો રેડિયો ચાલુ કરતી. મોડી રાત્રે વાગતાં જૂનાં ગીતો ચાલુ થતાં. ગોપાલને એ ખૂબ જ ગમતું. તે બૉટલ લઈને ઊભો થઈને એકલો નાચવા લાગતો. મીરાં પણ ઊભી થઈને મોઢામાં સિગારેટ રાખીને નાચતી અને ગોપાલને ડાન્સના સ્ટેપ શીખવતી. ગોપાલ આ ગીતોની દુનિયામાં ખોવાઈ જતો. નાચતાં નાચતાં પણ બંનેનાં સપનાંઓનું બકેટલિસ્ટ ચાલુ જ રહેતું.

"મીરાં, મારે છેને એકવાર ડબ્બાવાલાની જૉબ કરવી છે." ગોપાલ કહેતો.

"મારે મોટી ટેટૂશોપ ખોલવી છે."

"મારે એક દિવસ મારું ગમતું કામ શોધવું છે અને પછી ઘરે જઈને મારાં બા-બાપુજીને કહેવું છે કે તમારો દીકરો દુનિયા જીતી ગયો છે."

"તું ઘરે ચાલ્યો જઈશ ગોપાલ ?" મીરાં ઊભી રહીને પૂછતી.

"ના. ઘરે જઈને મારાં બા-બાપુજીને લઈને આવીશને. મારા બાપુજીને પણ બિઝનેસમેન બનવું છે, એટલે એમનું સપનું પણ સાકાર કરવા મારે મદદ કરવી છે."

"બધું થશે. કાન ખુલ્લા રાખજે. તારા અંદરના અવાજને સાંભળજે."

"મને તો કશી જ ખબર નથી કે માબાપ શું કરતાં હશે. હું પણ ચાલી જઈશ એક દિવસ."

"હું તારા ગામડે આવીશ."

"તું પણ મને તારી બાને જોવા લઈ જાજે."

"હાસ્તો, ગાંડી. મારી બાને કહીશ કે એક મીરાં મેવાડમાં હતી અને ગોપાલ પાછળ દીવાની હતી અને આ મીરાં મુંબઈમાં છે અને ગોપાલને દીવાનો કરી ગઈ છે." મીરાં એ સાંભળીને ફરી હસી પડતી.

"પરંતુ ગોપાલ, આપણે આપણાં માબાપ પાસે પાછાં ક્યારે જશું ?"

"હા... આ ખુદને જાણવાની સફર કેટલાં વર્ષો લઈ લે, કેમ ખબર ?"

"હા... કદાચ તું બુદ્ધો થઈ જઈશ ત્યારે ખબર પડે કે તારે શું બનવું હતું." મીરાં ગોપાલને ડરાવી રહી હતી. ગોપાલ ડરી ગયો અને નીચે બેસીને વિચારવા લાગ્યો.

"ચિંતા ના કર ગાંડા. મીરાં દીવાની તને છોડીને નહીં જાય." મીરાં તેની બાજુમાં બેસીને તેનો હાથ પકડીને કહેતી.

"પણ તને તો તારું ગમતું કામ ખબર છે, મીરાં. તારે ઘરે જતું રહેવું જોઈએ." ગોપાલનું ભોળું મન મીરાંને સમજાવતું.

"ના." તે કહેતી અને ચૂપ થઈ જતી.

"કેમ નથી જવું ?"

"મારી મંજિલ અલગ છે, રસ્તા અલગ છે, સપનાંઓ અલગ છે અને સાલી એક જ જિંદગી છે."

"તારી મંજિલ શું છે ?"

"આ એકની એક જિંદગીને જીવી લેવાની."

"એ તો બધાને જીવી લેવું હોય છે."

"માણસો ખાલી વાતો કરે છે, હું સાબિત કરીને દેખાડીશ." એ આકાશ તરફ જોઈને કહેતી.

"ચિંતા ન કર ગાંડી, ગોપાલ તને છોડીને નહીં જાય." ગોપાલ કહેતો અને પછી બંને હસીને એકબીજાને ભેટી પડતાં. આખું શહેર જે સમયે સૂઈ ગયું હોય એ સમયે આ બંને જાગીને સપનાંઓ જોતાં હતાં. અગાશી પર ચાદર પાથરીને સૂતાં સૂતાં એ બંને પોતાની ઇચ્છાઓ અને સપનાંઓનું બકેટ ભર્યાં કરતાં હતાં. બંનેની આંખો ઊંઘથી ઘેરાયેલી હોય, પરંતુ અંદરના માણસ જાગી ગયેલા હતા.

"મારે એક લીલા કલરની જિપ્સી લેવી છે." મીરાં કહેતી.

"પછી ?"

"પછી આ બુલેટની જેમ એ આખી જિપ્સીના બૉનેટ પર મોટું ટેટૂ દોરવું છે."

"તો આ બુલેટ મને આપી દઈશને ?" ગોપાલ પૂછતો.

"તારે માટે ગાંડા... કુરબાન."

"મીરાં, મારે હજારો પુસ્તકો વાંચવાં છે."

"એ તો મારું પણ સપનું છે. મારી ઝૂંપડી અંદર એક નાનકડી લાઇબ્રેરી અને એ પણ ખાલી..."

"કેમ ખાલી ?"

"કારણ કે બુદ્ધિ વગરના માણસો જ પુસ્તકો ભેગાં કરે અને એને પ્રેમ કરે. હું તો જે પુસ્તક વાંચી નાખું એ બીજાં બાળકો કે મારી દુકાન પર આવતા માણસોને દાન કરી દઈશ. પુસ્તકો જિંદગીઓ સુધારે, એટલે એના થપ્પા ના કરવાનાં હોય કે એને પ્રેમ ના કરવાનો હોય, એને વહેંચી દેવાનાં હોય."

"તારી વાત સાચી છે." ગોપાલ કહેતો અને પછી મીરાંના ભવિષ્યને લઈને

વિચારો કરવા લાગતો.

"મીરાં, પણ તારો ઘરવાળો તારી સાથે જંગલમાં ઝૂંપડીમાં રહેશે ?"

"ગોપાલ, તને બિયર ચડી ગઈ છે."

"ના, મને નથી ચડી. તારો પતિ તારી સાથે જંગલમાં રહેશે તો બે નંબર ક્યાં જશે ?"

"તને લાગે છે હું લગ્ન કરીશ ?" તે બોલી. ગોપાલ માટે મીરાં ધીમેધીમે રહસ્ય બની જતી હતી.

"તારે લગ્ન નથી કરવાં ?" તે પૂછતો.

"મારે સેક્સ કરવું છે."

"મારે પણ..." ગોપાલથી બોલી જવાતું. એ ફરી પૂછતો, "પણ તારે લગ્ન કેમ નથી કરવાં ?"

"મારે લગ્ન પહેલાં સેક્સ કરવું છે."

"પણ તું લગ્ન કોની સાથે કરીશ ?"

"બે ગધેડા, શું લગ્ન-લગ્ન-લગ્ન ચોંટી પડ્યો છે ? નથી કરવાં લગ્ન. હું મીરાં છું. આ ધરતી પર એકલી આવી છું અને એકલી જ જવા માગું છું, અહીંયા મારા નિયમો ચાલશે, કારણ કે ભગવાન જ્યારે વૅકેશન પર હતો અને એકદમ નવરો હતો ત્યારે મને બનાવી છે અને કહ્યું છે કે એક જ વાર તને મીરાં બનાવીને મોકલું છું. એટલે મન ફાવે એ કરજે અને ધરતી પર જે નિયમ તને ના ગમે એ નિયમની એક-બે અને ત્રણ કહીને જીવી લેજે અને મારી પાસે પાછી આવી જાજે. મારે પ્રેમ કરવો છે, લગ્ન નથી કરવાં. દિલ ફાડીને પ્રેમ કરવો છે, હૃદયમાં ન સમાય અને હૃદય ભરાઈને ફૂટી જાય એવો પ્રેમ કરવો છે."

ગોપાલ એ શબ્દોને સાંભળીને ધ્રૂજી જતો. મીરાં ક્યારેય તેને સલાહ ન આપતી, પરંતુ તે ખુદ ગોપાલને માટે મશાલ બનીને બધું પ્રકાશિત કરી દેતી. મીરાંના એ શબ્દો ગોપાલના મનમાં સચવાઈ ગયેલા.

જોકે એ ટલ્લી હતો, એટલે ફરી એના સવાલો ચાલુ થઈ જતા :

"મીરાં, તું હમણાં બોલી કે તારે સેક્સ કરવું છે અને હવે કહે છે કે તારે પ્રેમ કરવો છે. તું નક્કી કર."

"હા... મારે પગ ફાડીને સેક્સ કરવાનું છે અને છાતી ફાડીને પ્રેમ કરવાનો છે." એ હસીને બોલતી અને ગોપાલ એના શબ્દોને દિમાગમાં ચિત્રની જેમ વિચારીને હસ્યા કરતો અને પછી કહેતો :

"મારે પણ પગ ફાડીને પ્રેમ કરવો છે અને છાતી ફાડીને સેક્સ કરવું છે."

મીરાં એ સાંભળીને હસ્યાં કરતી અને બંને ચૂપ થઈ જતાં. બંને ઊંઘમાં હોવા છતાં એમ જ જાગતાં પડ્યાં રહેતાં. થોડીવારમાં ઉપર ચમકતા બ્રહ્માંડની એ કાળી ચાદર સામે જોતાં જોતાં આ બંને ત્યાં જ સૂઈ જતાં.

એક રાત્રે ચારેક વાગ્યાની આસપાસ મીરાં ઊઠી ગઈ. તેની નાનકડી રૂમમાં

ઝાંખું અંધારું હતું. તે ઊભી થઈ અને તેના બેડની સામે રહેલી નાનકડી ચોરસ બારી પાસે ગઈ. બહાર ધીમો વરસાદ વરસી રહ્યો હતો અને વીજળી થઈ રહી હતી. મુંબઈનો પહેલો વરસાદ ! તે બારી પર પોતાનો ચહેરો રાખીને અંદર આવતી પાણીની બૂંદોને પોતાના ચહેરા પર ઝીલવા લાગી.

મીરાંના બેડની બાજુમાં જ નીચે જમીન પર એક ચાદર પાથરીને ગોપાલ સૂતો હતો. તે રોજે ત્યાં જ સૂતો. મીરાં તેની બાજુમાં ગઈ અને ગોપાલની પાછળ લાત મારી.

"ગોપલા...ઊઠ." તે લાત મારીને બોલી. ગોપાલ ઊઠ્યો. "મુંબઈનો પહેલો વરસાદ છે. ચલ" તે ગોપાલની બાજુમાં બેસીને બોલી. ગોપાલને કશું સમજાયું નહીં. તે આંખો ચોળતો બારી સામે જોઈ રહ્યો. મીરાં તેનો હાથ પકડીને તેને કહેવા લાગી :

"મુંબઈના પહેલા વરસાદમાં મારે નાહવા જવું છે." તે બોલી. ગોપાલે તેની આંખોમાં જોયું. બહાર અવાજો કરતી વીજળી જેવી જ ચમક મીરાંની આંખોમાં હતી.

"તું જવું હોય તો જા મીરાં, પણ મને તો સૂવા દે. કાલે મારે જૉબ પર જવાનું હોય. શરદી-તાવ થઈ જશે." તે બોલ્યો અને ફરી ઊંઘવા માટે ચાદર ખેંચતો હતો ત્યાં જ મીરાંએ એને ટી-શર્ટથી પકડ્યો અને નાના બાળકની જેમ ફરિયાદ કરતી બોલવા લાગી :

"ના... એવું ના કરને. મારે નાહવું છે. દરિયે જાવું છે અત્યારે. ચલને. તું જ તો કહેતો હતો કે તારાં સપનાંઓનું લિસ્ટ પૂરું કરવામાં તું મદદ કરીશ."

ગોપાલ તેને સાંભળીને હસવા લાગ્યો, "મેં એવું ક્યારેય નથી કહ્યું, મીરાં. પણ..." તે લાંબો શ્વાસ લઈને બોલ્યો, "તું આમેય મને સૂવા નથી દેવાની. તો ચલ..."

મીરાં ખુશખુશ થઈ ગઈ. બાથરૂમમાં જઈને પોતાની જૂની શોર્ટ અને ટી-શર્ટ પહેરીને આવી અને ગોપાલ પોતાના પહેરેલા કેપ્રી અને ટી-શર્ટ સાથે ઊભો થઈને તેની સાથે ચાલતો થયો. બંને બહાર ગયાં. ગોપાલ બુલેટ ચાલુ કરતો હતો અને મીરાં ઍપાર્ટમેન્ટના દરવાજા પાસે ઊભી રહીને પોતાના હાથ ફેલાવી, આંખો બંધ કરી અને મોઢું ખુલ્લું રાખીને વરસાદનાં ટીપાંઓ પીવા લાગી. તે નાના બાળકની જેમ એકલા એકલા હસતી હતી. ગોપાલને માટે વરસાદ માત્ર વરસાદ હતો અને મીરાં માટે જાણે કોઈ જાદુ !

ગોપાલ બુલેટ ચલાવતો હતો અને તેના ચહેરા પર વરસાદના છાંટા વાગી રહ્યા હતા. મીરાં તેની પાછળ બેસીને તેને દરિયાનો રસ્તો દેખાડતી ખુશ થઈને રાડારાડ કરી રહી હતી. બુલેટ પાછળ બેઠીબેઠી પોતાના વાળ ખુલ્લા કરીને, હાથ ફેલાવીને જાણે વરસાદને બાહોમાં ભરી રહી હતી. ગોપાલને પણ થોડીવારમાં મજા આવવા લાગી અને મીરાંને જોઈને હસતો હસતો તે પણ રાડો નાખવા લાગ્યો. રાત્રિના શહેરના સૂમસામ રસ્તાઓ ઉપર બંને સિસોટીઓ મારતાં હતાં અને કોઈ કારણ વિના ખુશ થતાં હતાં.

મીરાં એને કોઈ નવા જ બીચ પર લઈ ગઈ હતી. ત્યાં દરિયો શાંત હતો. હજુ અંધારું હતું અને દૂર દેખાતી પોલીસચોકી પર બલ્બ ચાલુ-બંધ થયા કરતો હતો. બહાર એક મોટી ફાંદવાળો ગાર્ડ ખુરશી પર સૂતો હતો. ગોપાલને બીક લાગી. તે એક નાળિયેરી નીચે બુલેટ પાર્ક કરીને મીરાંને કહેવા લાગ્યો : "મીરાં, આપણે ચાલુ વરસાદમાં દરિયા પાસે ના જવું જોઈએ. આ પોલીસને ખબર પડી જશે તો હેરાન કરી દેશે."

પરંતુ મીરાં તો બિનધાસ્ત હતી. ગોપાલનો હાથ પકડીને તેને બીચની રેતીમાં ખેંચતી કહી રહી હતી, "ચલને સાલા, ઠરી ગયેલા માણસ. પેલો સૂતો છે અને દરિયો શાંત છે. હું બધું સંભાળી લઈશ."

"પણ આપણે વરસાદમાં તો ભીનાં થઈએ છીએ, હવે દરિયામાં નાહવા જવાની શી જરૂર છે ?" તે મીરાંને પાછળ ખેંચતો કહેતો હતો.

"બે... આપણે દરિયામાં નથી પડવાનું, ગાંડા. આપણે હોડીમાં બેસીને દરિયા અંદર જવાનું છે." તે બોલી અને ગોપાલને છાતીમાં ફાળ પડી.

"મરવું છે તારે ?" તે મીરાંને ઊભી રાખીને બોલ્યો. મીરાં ચૂપ થઈ ગઈ અને ગોપાલ સામે જોતી પોતાનો નીચેનો ભીનો હોઠ બહાર કાઢીને નાના બાળકની જેમ ઊભી રહી ગઈ. ગોપાલ તેને જોઈને હસવા લાગ્યો. વરસાદ વધી રહ્યો હતો. થોડીવાર પછી તે મીરાંને સમજાવવા લાગ્યો :

"મીરાં, તું આવી રીતે નાના બાળક જેવું ના કર. જો, અત્યારે તને કોણ લઈ જશે હોડીમાં બેસાડીને ?"

"તું આવું જ કરે છે, ગોપાલ. તું અહીંયા ઊભો રે, હું એકલી જઈ આવીશ." એ બોલી અને ગોપાલને મૂકીને ચાલતી થઈ ! દરિયાની ભીની રેતીમાં એ અંધારા તરફ ચાલવા લાગી. ગોપાલ હજુ પાછળ ઊભોઊભો હસી રહ્યો હતો. તે થોડે દૂર ગઈ એટલે ગોપાલને અહેસાસ થયો કે આ છોકરી ઊભી નહીં રહે. તે દોડતો તેની પાછળ ગયો. ગોપાલને પાછળ દોડતો આવતો જોઈ મીરાં ખુશખુશ થઈ ગઈ અને ગોપાલ નજીક આવ્યો કે તરત જ તેને ભેટી પડી.

"થેન્ક્યુ ગોપાલ." તે ગોપાલની છાતીમાં પોતાનું માથું મૂકીને બોલી, "હું કંઈ એકલી મરવાની નથી." ગોપાલની કમર પર ચીમટો ભરીને તે બોલી. ગોપાલ હસવા લાગ્યો.

"તું ગાંડી છે. મને મારીને જ મરીશ." મીરાંના ભીના વાળ પર હાથ ફેરવતો તે બોલ્યો. બંને ચાલવા લાગ્યાં. દૂરદૂર સુધી કોઈ હોડી દેખાતી ન હતી. બંને ચૂપ હતાં અને ચાલુ વરસાદમાં કિનારા પર ચાલ્યે જતાં હતાં.

છેવટે બે-ત્રણ કિલોમીટર પછી ગોપાલે કિનારાથી દૂર એક પતરાંઓની બનેલી ઝૂંપડી જોઈ. ત્યાં પીળી લાઈટ ચાલુ હતી અને ઝૂંપડી બહાર એક નાનકડી હોડી પડી હતી. તે બંને થોડી આશા સાથે ત્યાં ગયાં. ઝૂંપડી આગળ માછલાંઓની ગંધ આવતી હતી. મીરાં ઝૂંપડીના તૂટેલા દરવાજા પાસે જઈને અંદર જોવા લાગી. ગોપાલ બહાર ઊભોઊભો મીરાંને જોઈ રહ્યો. ઝૂંપડી અંદર એક થોડો વૃદ્ધ દેખાતો એકલો માણસ સૂતો હતો. તેના ચહેરાની કાળાશ પરથી તે માછીમાર જેવો લાગતો હતો. બહારની ઠંડી હવાને લીધે તે પોતાના પગ વાળીને ખૂણામાં સૂઈ ગયો હતો. મીરાંએ બહારથી તેને જોયો. દયા ભરી આંખે તેને જોતી રહી. ગોપાલ તેની બાજુમાં ગયો અને તેણે પણ પેલા માણસને જોયો. બંને થોડીવાર ચૂપ રહ્યાં.

"તારી સૅલરી આવી ગઈ છે ગોપલા ?" મીરાંએ ધીમેથી ગોપાલને પૂછ્યું. ગોપાલે હા કહી, "મારી પાસે થોડા રૂપિયા છે તેમાંથી આપણે થોડા દિવસ ચલાવી લેશું, પણ

આજે જો આ કાકા આપણને દરિયા અંદર લઈ જાય તો તારી સૅલરી આપી દઈશ ?" ગોપાલે હા કહી દીધી અને છેલ્લીવાર મીરાંને કાનમાં પૂછી લીધું :

"... પણ મીરાં, તારે શા માટે આ સમયે દરિયા અંદર જવું છે ?" મીરાં તે સવાલ સાંભળીને મુસ્કુરાઈ. ગોપાલના કાન પાસે આવીને જવાબ આપ્યો.

"હોડી ઉપર ઊભા રહીને ઊગતા સૂરજ સામે ટાઈટેનિકવાળો સીન કરવો છે મારે. યાદ છે ?" તે બોલી. ગોપાલ હસી પડ્યો. સવારના પાંચ વાગ્યા હતા અને આ વાતાવરણમાં દોઢ કલાક પછી સૂરજ દેખાય કે નહીં એ પણ નક્કી ન હતું, પરંતુ આ મીરાં હતી !

મીરાંએ એ માછીમારને સાદ કરીને જગાડ્યો. એ આંખો ચોળતો બહાર આવ્યો અને મીરાં તેને બધું કહેવા લાગી. માછીમાર પહેલાં તો ના પાડી રહ્યો હતો. પોતાની ઊંઘમાંથી બહાર આવી શકતો ન હતો. બહાર વરસાદ જોઈને ના પાડતો ફરી અંદર સૂઈ જતો હતો. પરંતુ મીરાં સતત બકબક કરી રહી હતી અને તેને પાંચ હજાર રૂપિયાની ઑફર કરી રહી હતી, એટલે છેવટે એ તૈયાર થયો. મીરાં ખુશ થઈને ગોપાલ અને માછીમારને ભેટી પડી અને એ વૃદ્ધ આ છોકરીમાં ભરેલી દીવાનગી જોઈને હસી પડ્યો. મીરાં બહાર વરસાદમાં જઈને એકલી એકલી નાચવા લાગી.

ગોપાલે અને માછીમારે એ નાનકડી હોડીને ધક્કો મારીને કિનારા પાસે લીધી અને પાણીમાં લઈ ગયા. મીરાં તો કૂદકો લગાવીને હોડીમાં બેસી ગઈ અને થોડીવારમાં હોડી ઝાંખું વાદળી અંધારું ભરેલા દરિયામાં અંદર તરવા લાગી. મીરાં હોડી વચ્ચે પોતાનો હાથ ફેલાવીને વરસાદની બૂંદોને ચહેરા પર ઝીલવાની અદામાં ઊભી રહી ગઈ હતી અને ગોપાલને તેની ચિંતા થતી હતી એ પાણીમાં પડી જશે, એટલે તે તેને સતત ખિજાઈ રહ્યો હતો. વૃદ્ધ તો બસ હોડીને હલેસા મારીને ચલાવતો હતો અને મીરાંના ગાંડાં સપનાંઓ સાંભળી રહ્યો હતો :

"ગોપલા, મારે હિમાલય જવું છે અને ટ્રેનના લોકલ ડબ્બામાં બેસીને આખું ભારત ફરવું છે. તું આવીશને મારી સાથે ? હા, મારે સિમલા પહાડી પર જઈને બરફનો મોટો ગોલો ખાવો છે અને યાદ છે, મેં તને કહેલું કે મારે રણમાં ભટકી પડવું છે ? અને ત્યાં રણ વચ્ચે ભૂખ્યા તરસ્યા હોઈએ ત્યારે મારે ડાન્સ કરવો છે. બેલી ડાન્સ. તું બેલી ડાન્સ નહીં કરી શકે. તું બાથરૂમમાં ડાન્સ કરે એ જ બરાબર છે. ત્યાં રણમાં તો તું સાથે જોઈશે જ હો, મને પાછું કોણ લાવશે ? અને તને ભલે હું પાગલ લાગું પરંતુ મારે લદાખમાં બુલેટ લઈને જવું છે અને પાકિસ્તાન પણ..."

"હા મીરાં, જઈશું પણ અત્યારે નીચે બેસ." ગોપાલ એનાં સપનાંઓ કરતાં અંધકાર અને દરિયાથી વધુ ડરી રહ્યો હતો.

"પણ પહેલું કામ પાકિસ્તાનમાં જઈને એક દરગાહ પર જઈને લાહોર જવાનું છે, પેલી બાદશાહી દરગાહમાં. આખી રાત આપણે ત્યાં ગાવાનું છે. યાદ છેને ?"

"હા, હવે રિયલ લાઈફમાં પાછી આવને મીરાં."

"અરે રિયલ લાઈફની ઐસી કી તેસી, ગોપલા. જે અંદર ખળભળી રહ્યું છે એ રિયલ છે, જે સૂવા નથી દેતું એ રિયલ છે, જે તમને ગાંડા કહેડાવે છે એ રિયલ છે અને

જે તારી અંદર ચૂપ છે અને મારી અંદર જીવી રહ્યું છે એ રિયલ છે, બાકી તો આ બહારની રિયલ લાઈફ. પેલી દૂર... કિનારા પર દેખાતી ધરતી પરનો ટાઈમ પાસ છે ટાઈમ પાસ, ગોપાલ પટેલ. તું નહીં સમજે. તું એક કામ કર...ધીમેધીમે અજવાળું થઈ રહ્યું છે અને સૂરજ દરિયા બહાર આવી રહ્યો છે, તો તું અહીંયા મારી બાજુમાં આવ અને ચૂપચાપ મારી પાછળ ઊભો રહીને મને પકડી રાખ, કારણ કે હું આ હોડીની ધાર પર ઊભી રહીને સૂરજ સામે ટાઈટેનિક પૉઝ આપી રહી છું અને અત્યારે તું મારો જેક છે, ગાંડા." ગોપાલ અને વૃદ્ધ બંને એકબીજાની સામે જોઈને હસી પડ્યા.

વરસાદ ધીમો પડી રહ્યો હતો અને અનંત ક્ષિતિજ અંદરથી સૂરજનો પીળો ગોળો જન્મ લઈને ધીમેધીમે ઉપર આવતો જાણે આખા દરિયાને અને આકાશને પીળા રંગમાં રંગી રહ્યો હતો. શાંત બનેલા પીળા દરિયા પરથી ઠંડો પવન વહી રહ્યો હતો. આ દૃશ્ય આ ત્રણેયને કેટલીયે ક્ષણો સુધી ખામોશ કરી ગયું હતું. મીરાં અને ગોપાલ બંને હોડી વચ્ચે ઊભાં રહીને કુદરતના આ અવતારને જોઈ રહ્યાં હતાં. કુદરત પાસે એ ત્રણેય અને તેમની નાનકડી હોડી કેટલી પામર હતી તેનો અહેસાસ તેમની છાતીમાં ભરાયો.

મીરાં વૃદ્ધને ઈશારો કરીને હોડીની ધાર પાસે ગઈ, તરત જ ગોપાલ તેની પાછળ જઈને ઊભો રહ્યો. પોતે વિચારી શકતો ન હતો કે મીરાંના શરીરને કઈ રીતે પકડવું. છેવટે મીરાંની કમર પર પોતાના બંને હાથ વીંટાળીને તેને તેણે પકડી રાખી અને મીરાં ચંપલ કાઢીને હોડીની ધાર પર ઊભી રહી. એ પોતાના હાથ ફેલાવીને કોઈ પંખીની જેમ સૂરજ તરફ ઊડી રહી હોય એમ ઊભી રહી.

ઠંડો પવન આવ્યો. મીરાંના ભીના વાળ ઊડીને ગોપાલના ચહેરા પર આવવા લાગ્યા. ગોપાલ હજુ મીરાંની પડી જવાની ઉપાધિમાં હતો. તેણે ધીમેથી મીરાંના કાનમાં કહ્યું, "મીરાં, બસ હવે પાછી આવી જા. આ ફિલ્મ નથી."

એ વાક્ય સાંભળીને મીરાં હસી પડી, "આખી દુનિયા ફિલ્મ છે ગોપાલ, અને આપણે બંને જેક અને રોઝ. હવે મારી પાછળ સરખો ઊભો રહે અને પોતાના હાથ ફેલાવ, કારણ કે જેક... હું તને મસ્ત એવી એક કિસ કરવાની છું."

'કિસ' શબ્દ સાંભળ્યો ત્યાં જ ગોપાલના હૃદયમાં જાણે શાંત પડેલો લોહીનો સમુંદર કોઈ સુનામી આવ્યો હોય એમ ઊછળી પડ્યો. આખા શરીરમાં જાણે ઝીણી ધ્રુજારી પ્રસરી ગઈ. ગાઢ ઊંઘમાં ડૂબેલા માણસને કોઈ પાણીમાં ફેંકી દે અને પછી જે જાગવાની તીવ્રતા હોય એવો ઝટકો તેની અંદર આવ્યો. મીરાં પાછળ ફરીને ગોપાલના ચહેરાને જોઈને ખડખડાટ હસી પડી. ગોપાલના હાથ તો હજુ મીરાંની ભીની કમર પર થીજી ગયા હતા. દિમાગ બંધ !

આગલી ક્ષણે મીરાં ફરી પોતાના હાથ ફેલાવીને સૂરજ સામે ઊભી રહી ગઈ. ઠંડી હવા આવી. ગોપાલે આપોઆપ મીરાંની કમર પરથી પોતાના બંને હાથ લઈને મીરાંની જેમ ફેલાવી દીધા અને મીરાંની હથેળીઓમાં પોતાની આંગળીઓ ભરાવીને એક થઈ ગયો.

છેવટે એ ક્ષણ આવી. અડધો સૂરજ સામે હતો. ઠંડી હવા. વાદળાંઓ ભરેલું અનંત આકાશ. ચૂપકીદી.

મીરાંએ પોતાનો ચહેરો ધીમેથી પાછળ કર્યો અને ગોપાલની આંખોમાં જોયું. ગોપાલ મીરાંની દરિયા જેવી આંખોને જોતો રહ્યો, જાણે એ દરિયામાં એ ખેંચાઈ રહ્યો હતો. ધીમેથી એ દરિયો તેની નજીક આવી રહ્યો હતો. ચહેરો એકદમ નજીક આવ્યો. બંનેનાં ઉછાળાં મારતાં હૃદયોમાંથી નીકળતા ગરમ શ્વાસ બહાર આવીને એકબીજાંના ચહેરા પર અથડાયા. મીરાંના ભીના હોઠ ગોપાલના હોઠને સ્પર્શ્યા અને બે વીજળીઓ ભેગી થઈને જે ચમકારો કરે તેવો પ્રકાશ એ બંને અંદર પેદા થયો. મીરાંએ ગોપાલના નીચેના હોઠ પર પોતાના બંને હોઠનો સ્પર્શ કર્યો. બંને આંખો બંધ થઈ. પૂતળામાં જીવ આવ્યો. હોઠ અને શ્વાસ અને છાતી અને શરીર ધ્રૂજ્યાં. હાથોની પકડ મજબૂત બની અને ગોપાલના હોઠે મીરાંના ઉપરના હોઠને જકડી લીધા. હોઠોની એકબીજાને ચાટી લેવાની તમન્નાઓ જન્મી અને મોટી થઈ અને સમય જાણે સ્થિર થઈ ગયો.

"નીચેનો હોઠ આપ." ચાલુ કિસમાં મીરાં ધીમેથી બોલી અને ગોપાલે નીચેનો હોઠ આપ્યો. મીરાંના બંને હોઠોએ તે નીચેના હોઠને ચૂમી લીધો.

"ઉપરનો હોઠ આપ." અને ગોપાલના ઉપરના હોઠ પર મીરાંના બંને હોઠને શરણે થઈ ગયા.

"બંને હોઠ આપ."

અને થોડીવાર પછી,

"જીભ આપ."

પાછળથી વૃદ્ધને ખાંસી આવી અને બંને ચમકીને અલગ થઈ ગયાં. મીરાંના ચહેરા પર મુસ્કાન આવી. ગોપાલ ફરી પૂતળું બની ગયો. આખો સૂરજ સામે હતો. ઠંડી હવા. વાદળાંઓ ભરેલું અનંત આકાશ... અને ફરી ચૂપકીદી.

અચાનક મીરાં બોલી, "થૅન્ક્યુ, ગોપાલ. એક સપનું પૂરું કરવા બદલ." પૂતળું હજુ સ્થિર અને ચૂપ હતું !

"હવે તું બોલી શકે છે, જેક." રોઝ બોલી, પણ જેક તો થીજી જ ગયેલો !

"હું કહેતી જ હતી જે અંદર ખળભળે છે એ રિયલ છે. મારું માનતો જ ન હતો." પરંતુ ગોપાલ હજુ એમ જ ઊભો હતો. "સારું, હવે તને રિયલ લાઈફમાં લાવવો પડશે." એ હસીને બોલી અને પાછળ ફરીને ગોપાલની કમર પર પોતાનો હાથ મૂક્યો. ગોપાલની અંદર ફરીથી ચમકારો થયો. પૂતળામાં જીવ આવ્યો. મીરાંએ પોતાનો ચહેરો ગોપાલના ચહેરાની નજીક લીધો અને...

હજુ ગોપાલને કશું જ સમજાય એ પહેલા એક જોરદાર ધક્કા સાથે એનું શરીર ત્રાંસું થયું અને છાતીમાં ફાળ પડી અને એ હોડીથી નીચે દરિયાના પાણીમાં પડ્યો. પાણીનો સ્પર્શ થતા જ છાતીમાં ફાળ પડી. મીરાં તેની પાછળ પાણીમાં કૂદી. માંડ એક રાડ નાખી શક્યો ત્યાં તો ગોપાલ પાણીની અંદર ગયો, પાણી એના નાક અને મોઢા અંદર ગયું, હાથ-પગ જીવ બચાવવા હલવા લાગ્યા અને પાછો એ સપાટી પર આવ્યો. એ બચાવ માટે કશું બોલી શકે એ પહેલાં જ મીરાંએ તેને પકડી લીધો. મરણિયા બનેલા ગોપાલે મીરાંના ખભાને પકડીને લાંબા શ્વાસ લેવા પડ્યા. મીરાં તો બસ તેને પકડીને મોટેમોટેથી હસી રહી હતી.

ઉપાધિમાં મુકાઈ ગયેલા વૃદ્ધે તેમને લાકડાનો હલેસો લાંબો કરીને પકડવા કહ્યું. બંને હોડીમાં આવ્યાં. હોડી કિનારા તરફ પાછી ફરી. ઠંડી હવા અને હોડી વચ્ચે બેસીને ધ્રૂજતા ગોપાલ અને મીરાં એકબીજાંની સામે જોઈ રહ્યાં. ગોપાલને મીરાં પર ગુસ્સો આવી રહ્યો હતો, પરંતુ તે હસી રહી હતી અને ગોપાલ કશું જ બોલી શકે તેમ હતો નહીં. મીરાંએ ગોપાલના ભીના વાળ પર પોતાનો હાથ ફેરવ્યો અને બંને એકબીજા સામે મુસ્કુરાયાં.

છેક કિનારા સુધી બંને ચૂપ હતાં. એકબીજાંની સામે જોઈ રહ્યાં હતાં. ચારે તરફની કુદરતને જોઈ રહ્યાં હતાં. વૃદ્ધ ધીમા અવાજે કોઈ ફિલ્મની ગીત ગાઈ રહ્યો હતો.

કિનારા પર આવીને બંને ચૂપ હતાં. બુલેટ લઈને બંને ઘરે પાછાં આવ્યાં. રૂમમાં આવીને આછા અંધકારમાં મીરાંએ સિગારેટ જલાવી. ગોપાલ પોતાની પથારી પર જઈને સ્થિર બેસી રહ્યો હતો. પોતાની સિગારેટ ગોપાલને આપીને મીરાં તેની બાજુમાં જમીન પર બેઠી.

"મારી કિસના હેંગઓવરમાં છે ?" મીરાંએ ગોપાલ સામે હસીને પૂછ્યું. ગોપાલે મીરાં સામે જોયું અને પછી શરમાઈને હસી પડ્યો.

"મારાં સપનાંઓમાંથી એક સપનું આજે પૂરું થયું ગોપલા. થૅન્ક્યુ." તે સિગારેટ આંચકીને બોલી.

"મેં પહેલીવાર કોઈને કિસ કરી." ગોપાલ બોલ્યો. મીરાં હસી પડી.

"તો હું પણ પહેલીવાર જ છું, બુદ્ધુ." ગોપાલને સિગારેટ આપતી બોલી.

"પરંતુ જે રીતે તું મને કિસ કરી રહી હતી એ રીતે તો મને લાગ્યું કે તને ઘણો અનુભવ છે."

"મેં પોર્ન ફિલ્મ્સમાંથી કિસ કરતા શીખી છે" તે હસીને બોલી.

"તું પોર્ન પણ જુએ છે ?"

"હાસ્તો. મને હવે સેક્સની બધી પોઝિશન પણ યાદ રહી ગઈ છે." તે બોલી અને ગોપાલ ઊભો થઈ ગયો. મીરાં ગોપાલને જોઈને ખડખડાટ હસવા લાગી.

"તને કશું નહીં કરું ગોપલા સાલા, નીચે બેસ." તે બોલી. ગોપાલ નીચે બેઠો અને બૉક્સમાંથી નવી સિગારેટ લઈને એકલો પીવા લાગ્યો !

બંને ફરીથી પોતાના કામના રૂટિનમાં વ્યસ્ત બની ગયાં.

19

આ શહેરમાં બે મહિના નીકળી ગયા હતા.

જિંદગી સહેલી ન હતી. ગોપાલ બે મહિનામાં બે જૉબ બદલી ચૂક્યો હતો. પોતે અનુભવી રહ્યો હતો કે તે ભટકી રહ્યો છે. દિવસે જૉબ કર્યા પછી મીરાં સાથેની સાંજની કલાકો તેને સાર્થક લાગતી. રોજે સાંજે બંને બહાર જમવા નીકળી પડતાં. કોઈ રેંકડી આગળ ઊભાં રહીને મેગી ખાતાં કે પછી કોઈ બુકસ્ટોરમાં જઈને બુક્સ ખરીદતાં. સાંજે રૂમમાં બેસીને અલગ અલગ બુક વાંચતાં રહેતાં અને જ્યારે મોડી રાત્રે ત્રણ-ચાર વાગ્યે જ્યારે બુક પૂરી થાય ત્યારે બહાર રસ્તા પર નીકળીને ચાની લારી શોધી લેતાં. રાતની ઠંડી હવામાં બંને ડિવાઇડર પર બેસીને ગરમ ચા પીતાં અને બુકની કહાનીની વાતો કરતાં.

આજકાલ એ બંને વરસાદમાં નાહવા ઊપડી જતાં. પોતાનું બુલેટ લઈને મરીનડ્રાઇવ જતાં રહેતાં. મરીનડ્રાઇવ પર દરિયો હતો અને કિનારા પર લાંબી દીવાલ હતી. શાંત દરિયાની સામે ઊંચી ઈમારતો અડીને તૂટેલાં ઝૂંપડાંઓ ભરેલું આખું શહેર ઊભું હતું અને સાંજ નજીક હજારો માણસો આ દીવાલ પાસે ઊભા રહીને દરિયાને જોતા રહેતા.

ગોપાલ અને મીરાં જ્યારે જ્યારે વરસાદ આવે ત્યારે ત્યાં જઈને દીવાલ પર બેસી જતાં. વરસાદની અંદર આખું શહેર વાદળી અંધારામાં ઘેરાઈ જતું. સામાન્ય માણસો ઘરમાં છુપાઈ જતા અને ગાંડા માણસો ભીંજાતા રહેતા.

"મીરાં, ઘણીવાર સમજાતું નથી કશું જ. હું શું કરી રહ્યો છું, શું નહીં. બે મહિનામાં બે જૉબ બદલી ચૂક્યો છું. ફ્યુચરમાં શું કરીશ ?"

"હા તો ? શાંતિથી જીવને. તારી ગાંડમાં કશુંક પામી લેવાનો કીડો ખૂબ મોટો છે."

"એવું નથી. ચારે તરફ મારા જેવા માણસો જોઈને..."

"જિંદગી બહારથી અંદર ના લેવાની હોય, અંદરથી બહાર લેવાની હોય."

"કઈ રીતે ?"

"જાતે શીખી લે."

"ક્યાંથી શીખું મીરાં ?"

"જીવીને, વાંચીને, કાન ખુલ્લા રાખીને."

"તું કઈ રીતે શીખી ?"

"ક્યાંયથી નહીં."

"તો પછી ?"

"શું તો પછી ? ગોપાલ, કોઈ પણ માણસ એક જ હોય છે રાઇટ ? તમારી લાઇફ એક જ હોય છે. તું રમેશભાઈ પટેલના તે રાત્રિના સેક્સ પછી નીકળેલા મિલિયન

સ્પર્મમાંથી કોઈ એવું યુનિક સ્પર્મ છે જેને ગોપાલ બનવાનું નક્કી હતું. તું નીચેથી બહાર આવ્યો, ત્યારે આખી દુનિયામાં તારા જેવું કોઈ જ ન હતું. તું એકમાત્ર હતો. સૌથી અલગ. તું જન્મ્યો ત્યારે એકએક વિચાર તારો હતો. હવે મોટો થઈને તારી અંદર આ બધું ભરાયું છે. તું લાખો માણસોને જોઈને બાવરો બને છે અને પછી કહે છે કે મીરાં... મીરાં, ઘણીવાર સમજાતું નથી કશું જ. હું શું કરી રહ્યો છું. આ આખા દરિયામાં એકએક જીવ, આ વરસાદનું એક એક ટીપું, જંગલના એક એક પાંદડા, આકાશના એક એક તારાઓ, દરેક માણસ... ગોપાલ તારી આસપાસનું આખું બ્રહ્માંડ એકમાત્ર છે, આપણી આકાશગંગા જેવું બીજું કશું જ અસ્તિત્વમાં નથી, તો પછી તું જ વિચાર... જગતના બીજા કોઈ પણ માણસની શિખામણ તને કેમ લાગુ પડે ? તારે માટે આ આખા બ્રહ્માંડની ફિલૉસૉફી ખોટી છે, તારી અંદરથી જન્મે એ સાચું. તું બહારની દુનિયા પાસેથી જેટલું પણ મેળવીશ એ બધું તારે માટે નહીં ચાલે. અંદરથી જાગીને જો. શું આ ફ્યુચર ફ્યુચર મંડી પડ્યો છે ? સાલી માણસની જાત. આ કોઈ દરિયા, આકાશ, કે જંગલના ફૂલને ભવિષ્યની પડી છે ? રસ્તે રખડતા કૂતરાને પણ આવા વિચાર ના આવે. ફ્યુચર ! ભવિષ્ય ! તારા હાથમાં માત્ર આ ક્ષણ છે ગોપાલ. નક્કી કરી લે."

"પણ આ ક્ષણે કશુંક અધૂરું લાગે છે. કોઈવાર હું એકલતાને કોઈ છરીની જેમ તીવ્રતાથી મારી અંદર આવી રહેલી અનુભવું છું. કોઈ કારણ વિના. અચાનક. એકલતાનાં મૂળિયાં મારી અંદર ધીમેધીમે ફેલાતાં હોય એવું અનુભવું છું."

"બોઘા તું..."

"તું ભટકે છે, તું અધૂરો છે, કશુંક ખૂટે છે, પરંતુ તું જ્યારે એ મેળવી લઈશ ત્યારે પણ તું અધૂરો જ હશે. જે મળી જાય છે એ સુખ નથી ગોપાલ... જે અધૂરું છે એ જ સુખ છે. આ તું કહે છે એવી એકલતા મને પણ આવે છે, ગોપાલ. એ કદાચ કોઈ અદૃશ્ય ઈશ્વર ટેસ્ટિંગ કરતો હશે કે માણસ જીવે છે કે નહીં."

પછી ગોપાલ કશું બોલે નહીં એટલે મીરાં પોતાનાં સપનાંઓ કહેવાનું ચાલુ કરી દે :

"મારે છેને, દરિયામાં ડૂબકી લગાવવી છે અને ઓક્ટોપસને કિસ કરવી છે. મારે પેન્ગ્વિનને હગ કરવું છે. મારે તો લાંબી કેશવાળીવાળા સિંહને પણ હગ કરવું છે, પણ મારી ફાટે છે. અત્યારે મારે ડાન્સ કરવો છે."

"ચાલુ વરસાદમાં ?"

"હાસ્તો, તો હું કંઈ રાહ જોઉં એને બંધ થવાની ? ચલ ઊભો થા. તારી બેસ્ટ ફ્રેન્ડ નાચે એમ નાચ."

"પણ મ્યુઝિક ક્યાં ?"

"બે યાર... આપણે જ ગાવાનું છે."

પછી બંને જોરજોરથી ગાઈ રહ્યાં હતાં અને પબ્લિક વચ્ચે નાચી રહ્યાં હતાં. ગોપાલને આ સમયે બધું જ ભુલાઈ ગયું. પોતાની જૉબ અને ભવિષ્યની ચિંતાઓ, પોતાનો ભૂતકાળ,માબાપ કે તેમની આસપાસની દુનિયા તેને જોઈને શું વિચારશે એ

બધું જ.

વરસાદની અંદર તે માથા પર રંગબેરંગી કપડું બાંધીને નાચતી મીરાંને જોઈ રહ્યો હતો.

આંખના પલકારામાં સમય ભાગી રહ્યો હતો. ગોપાલ અને મીરાં બંને બદલાઈ રહ્યાં હતાં. મીરાં લેપટોપ લઈ આવી હતી અને તે રોજે રાત્રે પોતાની રૂમમાં ગોપાલની બાજુમાં બેસીને ફોટોશૉપમાં પોતાની ડિઝાઇન બનાવતી હતી. રાત્રે ગોપાલ નવીનવી નવલકથાઓ વાંચ્યા કરતો. તેને દિવસે દિવસે કહાનીઓનું વ્યસન થઈ રહ્યું હતું. વાર્તાઓ તેને બીજી દુનિયામાં લઈ જતી અને ત્યાં તેને ગમતું. વાંચતી સમયે એ બધું જ ભૂલી જતો. તેને લાગતું કે જાણે પોતે એક જ સમયે બે દુનિયામાં જીવી રહ્યો છે અને બંને અદભુત છે. કહાનીઓના વિશ્વમાંથી બહાર નીકળીને તેને વાસ્તવ પણ પ્યારું લાગતું હતું. દરેક પુસ્તક વાંચીને ગોપાલની અંદર કશુંક બદલાતું હતું, જે તેના બહારના વાસ્તવને બદલતું હતું.

એકવાર તેણે મીરાંને આ વાત કહેલી કે કદાચ તેનું પેશન વાંચવામાં છે ! તેને વાંચવું ખૂબ ગમે છે. મીરાંએ કોઈ જવાબ આપેલો નહીં. મીરાંને ખબર હતી કે ગોપાલે જવાબ જાતે શોધવાના હતા. થોડા દિવસ પછી ગોપાલે એક સાઇકલ ખરીદી લીધી અને હવે તેની પાછળ મોટું કેરિયર બનાવડાવી તે બુક્સ વેચતો હતો ! તેણે એક પબ્લિશર સાથે દોસ્તી કરી તેની પાસેથી બુક્સ લઈને વેચી આપવાનું નક્કી કરેલું. તે આખો દિવસ સાઇકલ લઈને આ શહેરની ગલીઓમાં ઘૂમતો. લોકોને સારાં પુસ્તકો બતાવતો અને તેમને વાંચવા માટે કહેતો. કોઈ સ્કૂલના ગેટ આગળ સાઇકલ ઊભી રાખીને પોતે બાળકોને હેરી પોટરની સ્ટોરી કહેતો અને બીજે દિવસે બાળકો તેમનાં મમ્મી-પપ્પાને લઈને ત્યાં બુક્સ ખરીદવા આવતાં હતાં.

તે મહિનાઓમાં ગોપાલ કશું વધારે કમાયો ન હતો, પરંતુ એ અનુભવ તેને માણસ તરીકે બદલાવી હતો. શહેરની ગલીઓમાં ફરીફરીને તેણે જોયું હતું કે આ માનવોથી ખદબદતું શહેર કેટલું અજીબ હતું. મીરાં કહેતી એમ દરેક માણસ અલગ હતું. કોઈ ઝૂંપડામાં ખૂણામાં પડેલા નગ્ન બાળકને એક સમયની રોટીનું સપનું હતું. એક ભિખારીને પેટ ભરવું હતું, તેને પોતના 'પેશન'ને શોધવા જેવા સવાલો જ ન હતા. દરેક માણસ એક અલગ કહાની હતી. હમણાં જ જન્મેલા કોઈ બાળક કે ફૂટપાથ પર બેઠેલા વૃદ્ધ સુધી દરેક પાસે કહાની હતી.

ગોપાલને અહેસાસ થતો કે તે અને મીરાં તો ખૂબ જ સુખી છે.

ક્યારેક રૂમમાં લેપટોપ પર લાઉડસ્પીકર ચાલુ કરીને બંને ડાન્સ કરતાં. ઓશીકું લઈને ગોપાલ તેનું ગિટાર બનાવતો અને કોઈ રોકસ્ટારની જેમ માથું હલાવતો ગીતો ગાતો. એ ગીતો ગાવાનું ચાલુ કરે એટલે એ પોતાની અલગ જ દુનિયામાં ચાલ્યો જતો. મીરાં તેને સાંભળતી અને નાચતી.એમણે ફરવા માટે શહેરના મોલ કરતાં કુદરતનાં

મેદાનો અને ડુંગરાઓ ગમતાં હતાં. રવિવાર હોય અને બંને રજા રાખીને બુલેટ પર મુંબઈની બહાર હાઈવે પર નીકળી પડતાં. ગોપાલ બુલેટ ચલાવતો અને મીરાં તેની પાછળ ગોપાલની કમર પકડીને બેસી જતી. સૂના રસ્તાઓ પર સડસડાટ ભાગતી બુલેટ પર ગોપાલના કેટલાયે સવાલોના જવાબ મળી જતા. એક જવાબ એ હતો કે માત્ર આ ક્ષણ હતી જે તેની પાસે હતી. બસ...

એ અનુભૂતિ પછી તે બુલેટની સ્પીડ વધારી દેતો. મીરાં સાથે રાડો નાખતો. બંને કોઈ રસ્તા વચ્ચે આવતી અજાણી પહાડીઓ પાસે ઊભા રહી જતાં. સાંજ સુધી ચૂપચાપ ત્યાં બેસી રહેતાં.

શહેરના રસ્તાઓ પર બસ એમ જ રખડવું એમની આદત બની ગઈ હતી. રોજે સાંજે અલગ અલગ રેસ્ટોરાંમાં જઈને બંને જમી લેતાં અને ઘણીવાર રૂમ પર આવીને બંને મેગી અને પાસ્તા બનાવતાં. ગોપાલ પોતાની કૉલેજની યાદોને તાજી કરતો અને પોતાની બુક્સને સળગાવીને મેગી બનાવતો. રૂમમાં સિગારેટ અને બિયરની નશીલી સુગંધ આવ્યા કરતી. અમુક સાંજે બંને ડિસ્કોથેકમાં જઈને અંધારામાં અજાણ્યા માણસો વચ્ચે મનફાવે તેમ નાચતાં ! બંને શરત લગાવતાં કે બંનેને આંખો બંધ કરીને નાચવાનું અને જે બંનેમાંથી જે પહેલા ફ્લોર પર પડી જાય તે કોઈ પણ અજાણી વ્યક્તિને જઈને એના ગાલ પર કિસ કરી આવશે !

તે દિવસે ગોપાલ ચક્કર ખાઈને નીચે પડી ગયેલો અને પછી મીરાંએ તેને જબરદસ્તી ડિસ્કોથેકના કાઉન્ટર પર બેસીને બિયર પીતી એક છોકરીને કિસ કરવા કહ્યું. ગોપાલ છોકરી પાસે ગયો અને હજુ પેલી છોકરીને કશી ખબર પડે એ પહેલા તેની બાજુમાં જઈને તેના ગાલ પર કિસ કરી લીધી ! છોકરી તો રાડ નાખીને ઊભી થઈ ગઈ. દૂર ડિસ્કોથેક અંદર નાચતો તેનો બૉયફ્રેન્ડ આવ્યો. ગોપાલને પકડ્યો અને ગોપાલ કશું બોલે એ પહેલાં જ નાક પર મુક્કો માર્યો. ગોપાલ નીચે પડી ગયો. મીરાં તો દૂર ઊભી હસતી હતી. જ્યારે પેલા બૉયફ્રેન્ડે ગોપાલને ફરી ઊંચો કરી મારવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો દૂરથી મીરાં દોડતી આવી અને પેલા છોકરાની પાછળ ચીપકી ગઈ અને પાછળથી જ તેના બે પગ વચ્ચે લાત મારી. સિક્યોરિટી આવે એ પહેલાં જ ગોપાલને ઊભો કરીને બંને બહાર ભાગી ગયાં. રસ્તા પર આવીને ગોપાલના લોહીવાળા નાક પર મીરાં ખૂબ હસી. રૂમ પર આવીને તેને ડેટોલ લગાવી આપ્યું.

બંનેની દોસ્તી દિવસે દિવસે એટલી ગાઢ બની ગઈ હતી કે કોઈ દિવસ મીરાં કોઈ સ્પેશિયલ ઑર્ડર માટે ટેટૂ કરવા કસ્ટમરના ઘરે ગઈ તો ગોપાલ એકલો એકલો કંટાળીને દરિયે બેસવા જતો રહેતો. કિનારે બેસીને સિગારેટનું આખું પૅકેટ ફૂંકી નાખતો. કશી ખબર પડતી નહીં. મીરાં વિના પોતાની દુનિયા કેટલી પાંગળી હતી એ અહેસાસ થતો. જ્યારે મીરાં આવે ત્યારે એને ભેટી પડતો અને મીરાં તેને રોજની જેમ કમર પર ચીમટો ભરીને દૂર કરી દેતી.

ગોપાલે હવે બુક્સ વેચવા સાઈકલને બદલે રેંકડી ખરીદી હતી. એ લાકડાની લારી પર પુસ્તકો ગોઠવીને રેલવે સ્ટેશન નજીક રોડસાઈડ પર ઊભો રહેતો. દિવસના

હજાર રૂપિયાનો નફો થતો. મીરાં પણ ખૂબ ખુશ હતી, કારણ કે ગોપાલ હવે તેને પૂછીને કોઈ નિર્ણય લેતો ન હતો.

એક દિવસ રાત્રે બંને રૂમમાં હતાં. મીરાંના લેપટોપમાં બંનેને ના સમજાય એવા પોપ સોન્ગ વાગી રહ્યાં હતાં. તે દિવસે મીરાંનો બર્થડે હતો ! ગોપાલ બહારથી એક કેક લાવેલો અને કેકની અંદર છ-સાત સિગારેટ ઊભી મૂકીને તેણે સળગાવી હતી. મીરાંને ફૂંક મારીને બધી સિગારેટ બુઝાવવાની હતી. મીરાં ફૂંક મારીમારીને થાકી હતી અને આખી રૂમ ધુમાડાથી ભરાઈ ચૂકી હતી. પછી ગોપાલ મીરાંને આખા ચહેરા પર કેક લગાડી ચૂક્યો હતો અને તેના ચહેરા પરથી નીચે ખરતી ચૉકલેટને બેઠોબેઠો વીણીને ખાઈ રહ્યો હતો. મીરાં બાથરૂમમાં જઈને નાહીને બહાર આવી ત્યારે ગોપાલ તેના માટે બર્થડે ગિફ્ટ લઈને બેઠો હતો. એક નાનકડા ચોરસ ગિફ્ટ બૉક્સમાં તેણે મીરાંને મેક-અપ બૉક્સ આપેલું હતું. મીરાં એ જોઈને હસી પડી. તે ક્યારેય મેક-અપ કરતી જ નહીં. પોતાના વાળ ખુલ્લા રાખતી અને ગમે તે કપડાં પહેરી લેતી. તે અરીસા સામે પણ ક્યારેક જ ઊભી રહેતી.

તે રાત્રે ગોપાલે મીરાંને તેની બાજુમાં બેસાડી અને નેઇલપોલિશ લઈને તેના પગના નખ રંગી દેતો હતો. મીરાં કશુંક કહી રહી હતી :

"ગોપલા, સાંભળને."

"બોલને બર્થડે ગર્લ." પગના નખને રંગતાં રંગતાં કહ્યું.

"એક બીજી ગિફ્ટ આપીશ ?"

"જીવ સિવાય કશું પણ માગી લે ગાંડી." ગોપાલે મીરાંની સામે જોઈને કહ્યું. મીરાં હસી પડી.

"મારું એક ડ્રીમ પૂરું કરી દે."

"હજાર ડ્રીમ બોલને. પૂરાં કરી દઈશ."

"ના. ખોટી હવા ના માર. એક જ સપનું પૂરું કરવામાં મદદ કર." તે બોલી.

"જા પ્રૉમિસ. બસ ? તું કહીશ એ ગિફ્ટ મળશે."

"હું પેલા જંગલમાં ઘર બનાવીને રહેવાનું ડ્રીમ કહેતી હતીને ?"

"હા. તો ?"

"એ ઘર માટે મદદ કરને." તે બોલી. ગોપાલ તે સાંભળીને થોડો ગંભીર થઈ ગયો.

"મીરાં, તને ખબર છે ને કે તારાં સપનાંઓ તારા જેવાં જ હોય છે... ગાંડાં." તેણે કહ્યું, પરંતુ તેણે મીરાંની આંખોમાં જોયું. એ ગંભીર હતી. ગોપાલ નેઇલપોલિશ બાજુમાં મૂકીને વિચારવા લાગ્યો.

"ગાંડી, તું ત્યાં જઈને શું કરીશ ? હું એકલો અહીં તારા વિના વિધવા થઈ જઈશ. તું તારા કામનું શું કરીશ ? આ તારા ટેટૂશૉપ બનાવવાના સપનાનું શું કરીશ ? સૌથી મોટી વાત કે આ સૌથી વાહિયાત આઇડિયા છે. તને ત્યાં પાણી માટે, બે નંબર જવા

માટે, જમવા માટે કેટલી તકલીફ પડશે ? તું એકલી હશે તો તને ખબર છેને પેલી કહેવત ? પેલું...'નંગી લડકી ખુલી તિજોરી' કે એવું કંઈક." ગોપાલે કહ્યું અને મીરાં હસી પડી.

"બુદ્ધુ... નંગી નહીં, અકેલી લડકી ખુલી તિજોરી.'"

"તે જે હોય તે. તું આવાં સપનાંઓ ના જો. આ રૂમ પર શું પ્રૉબ્લેમ છે ? ત્યાં જંગલમાં ગમે ત્યાં રહીશ તો આ સિટીમાં કામ માટે અપ-ડાઉન કરીશ ? આ તારું બુલેટ ? એને ક્યાં પાર્ક કરીશ ? જંગલમાં રહેવાની પરમિશન કોણ આપશે ? ત્યાં મ્યુનિસિપલ આવશે ત્યારે ? અને..."

"ગોપાલ..." મીરાં વચ્ચે બોલી. ગોપાલ આગળ ન બોલ્યો. મીરાંની સામે જોઈ રહ્યો. થોડીવાર પછી મીરાંની આંખમાં આંસુ આવ્યું. તે બોલી :

"આજથી આવતા વીસ-ત્રીસ બર્થડે પછી હું જ્યારે થોડી ઘરડી થઈ ગઈ હોઈશ ત્યારે આવા કોઈ ચાર દીવાલોના બૉક્સમાં બેસીને નિરાશ થતી હોઈશ. અફસોસ કરતી હોઈશ કે મેં વર્ષો પહેલાં ગોપાલ સામે બેસીને એક સપનાને મારી નાખેલું. એ સમયે મારી અંદર એક મરી ગયેલી મીરાં હશે જે જીવતી થઈને બોલી રહી હશે કે કાશ... મેં એ સમયે એક સપનું જીવી લીધું હોત. એ સમયે તાકાત હતી કે દુનિયાના કોઈ પણ ડરને હું મારી શકું, અંધારી રાત્રિના સપનાને દિવસે ગમે તે ભોગે સાકાર કરી શકું અને આ ચાર દીવાલોને તોડી નાખું. ગોપાલ ક્યારેક તો અંદરથી ધ્રુજાવતી કોઈ વાત માટે કિનારો છોડીને દરિયે નીકળવું પડે છે. ક્યારેક તો ફૂંકાતા પવન સામે પોતાના સઢ ખોલીને ઊભું રહેવું પડે છે. મરજીવો બનવાનાં સપનાં જોયાં હોય તો મારે કિનારાથી શું કામ ? બનવું છે ગોપાલ. મારે સપનું બનવું છે. મારે સપનાં જોવાં છે. સાકાર કરવાં છે."

ગોપાલ તેને સાંભળી રહ્યો. મીરાંની બંને આંખોમાંથી આંસુઓ ખરી પડ્યાં. ગોપાલે કદાચ પહેલીવાર મીરાંને રડતી જોઈ હતી. મીરાંના પગને પોતાના ખોળામાંથી નીચે મૂકીને તે મીરાંની નજીક ગયો અને તેને પોતાની છાતીમાં ભરી લીધી.

"તારું સપનું પૂરું થશે. હું બેઠો છુંને ? તું સપનાંઓ જોતી રહે." તે મીરાંના વાળમાં હાથ ફેરવતો બોલ્યો. મીરાં તેની છાતીમાં ચહેરો સમાવીને હસી પડી.

"... અને તારે પચાસ વરસ પછીના બર્થડે પર પણ કોઈ અફસોસ નહીં થાય. તું મીરાં છે." એ બોલ્યો અને બંને હસી પડ્યાં.

થોડીવાર પછી મીરાં બેડ પર સૂઈ ગઈ અને લાઈટ બંધ કરીને ગોપાલ નીચે સૂઈ ગયો. બહાર ફરી વરસાદ વરસી રહ્યો હતો. કલાકો સુધી તે વિચારતો રહ્યો. કદાચ મીરાંના સપનાને કઈ રીતે સાકાર કરવું એ વિચારતો હશે, અથવા તો આ સપનાંઓ કઈ રીતે જોઈ શકાતા હશે એ વિચારતો હશે.

મોડી રાત્રે ચાર વાગ્યે ગોપાલ જાગતો જ હતો. તેણે ધીમેથી મીરાં ન સાંભળે એ રીતે પૂછ્યું : "મીરાં, તું જંગલમાં જતી રહીશ તો મારું શું થશે ?"

"હં..." મીરાંએ જવાબ આપ્યો. ગોપાલ ચમકી ગયો. મીરાં પણ હજુ જાગતી જ હતી.

"અહીં આ સિટીમાં હું એકલો થઈ જઈશ." તે થોડે મોટેથી બોલ્યો.

"ગોપાલ પટેલ..." તે બૅડમાંથી ત્રાંસી થઈને ગોપાલ તરફ નીચે જોઈને બોલી, "તું મારી ચડ્ડી છે, તું મારી બ્રા છે, તું મારી શોર્ટ્સ અને તું મારું સ્કર્ટ છે."

"બસ..." ગોપાલ હસીને બોલ્યો.

"ગાંડા... તને અલગ કરીશ તો હું નાગી થઈ જઈશ." તે બોલી અને બંને હસવા લાગ્યાં.

બહાર વીજળીનો મોટો કડાકો થયો.

બીજા રવિવારે ગોપાલ મીરાંનું બુલેટ લઈને તેને કહ્યા વિના મુંબઈની આસપાસનાં જંગલો શોધવા ગયો. પહેલાં તો એક સાયબરકાફેમાં જઈને ઇન્ટરનેટ પર મુંબઈ અંદરના અને આસપાસનાં અલગ અલગ જંગલ શોધવા લાગ્યો. મુંબઈ અંદર કોઈ જંગલ હતું નહીં, પરંતુ મીરાં અને ગોપાલ ક્યારેક એમ જ ફરવા નીકળતાં ત્યારે મુંબઈથી બહાર જતા હાઇવે આસપાસની જગ્યાઓ જોઈને મીરાં કહેતી કે મારે આવી જગ્યામાં રહેવું છે.ગોપાલે પહેલાં જ મુંબઈથી પૂના તરફ જતા એ રસ્તા તરફ બુલેટ ભગાવી. મુંબઈ શહેર હજુ પૂરું થાય એ પહેલા જ નાનકડી પહાડીઓ દેખાઈ રહી હતી અને એ જગ્યાઓ શહેરથી નજીક પણ હતી. ગોપાલે દરેક જગ્યાએ ઊભા રહીને ત્યાંના લોકલ માણસોને દરેક વિગત પૂછી. આ નાનકડા જંગલ જેવા દેખાતા પહાડો અંદર પણ ગામડાં વસેલાં હતાં. ત્યાં માણસો રહેતા હતા. મીરાંને તો એકલા રહેવું હતું.

તે દિવસે સાંજ સુધી ગોપાલ એ રસ્તાઓ તરફ રખડતો રહ્યો. સાંજે વરસાદ વરસી રહ્યો હતો છતાં ચાલુ વરસાદમાં એ બધા જ અજાણ્યા વિસ્તારોમાં ભટક્યા કર્યો. એ દરેક જગ્યા પર પોતાને અને મીરાંને એક નાનકડા ઘરમાં રહેતા કલ્પના કરતો હતો. જે જગ્યા તેના દિમાગમાં રહેલી કલ્પનામાં યોગ્ય ના લાગે ત્યાં તેને રહેવું ન હતું. વરસાદ વધી રહ્યો હતો અને વાદળો ગાજી રહ્યાં હતાં. ગોપાલ પાણી ભરેલા રસ્તાઓ વચ્ચે બુલેટ ચલાવતો શહેરની બહાર તરફ જઈ રહ્યો હતો. વરસાદમાં અમુક પહાડીઓ અદ્‌ભુત દેખાતી હતી. શહેરથી ત્રીસેક કિલોમીટર દૂર હાઇવેની આસપાસ પહાડીઓ ચાલુ થતી હતી. સાંજનું ધીમું અંધારું હતું અને વરસાદની અંદર એ જગ્યા આખી દુનિયાથી અલગ જ લાગતી હતી. ગોપાલે દૂરથી એ જગ્યા જોઈ લીધી. સાંજ પડી ગઈ હતી અને ઘરે પહોંચવાનું હતું. તે પાછો ફર્યો. સાંજે ઘરે આવીને જ્યારે ગોપાલને તાવ-શરદી હતાં ત્યારે મીરાં તેને કપાળ પર મીઠાના પાણીનાં પોતાં મૂકી દઈ રહી હતી અને ખિજાઈ રહી હતી કે તું ક્યાં ગયેલો આખો દિવસ !

ગોપાલ તેને કહેતો જ ન હતો કે તે ક્યાં ગયો હતો. મીરાં થાકીને સૂઈ ગઈ અને ગોપાલ મનમાં હસી રહ્યો.

બીજા રવિવારે પણ તે ફરી મીરાંને કહ્યા વિના નીકળી ગયો. આ વખતે શહેરથી થોડે દૂર હાઇવે પર ડાબી બાજુ બુલેટ ઊભી રાખી. રસ્તા તરફ ઊભેલા નાનકડા છોડવાઓ વચ્ચે જગ્યા કરતો એ અંદર જંગલ તરફ ગયો.

...ત્યાં મળી ગઈ એ જગ્યા !

20

એ એવી જગ્યા હતી જ્યાં નાનકડું લીલુંછમ મેદાન હતું. મેદાનની સામે જ આ નાનકડી નદી વહી રહી હતી અને નદીના કિનારે જ બેત્રણ લીલાંછમ વૃક્ષો હતાં. ચારે તરફ બસ જાણે લીલી ચાદર પાથરી હોય એવું ઝીણું ઘાસ હતું. કોઈ માણસ ન હતું. આ બંનેને કોઈ માણસ હોય એવી જગ્યા પર રહેવું જ ન હતું. વૃક્ષો પર જાતભાતનાં રંગબેરંગી પંખીઓ હતાં. વૃક્ષની ડાળી પર માળાઓ હતા.

ગોપાલે દૂર નદીના કિનારે બુલેટ પાર્ક કરી. મીરાં હજુ તો ચારે તરફ જોઈ રહી હતી. તેને એમ હતું કે જેમ ઘણીવાર તે અને ગોપાલ કોઈ પહાડીઓ ઉપર બેસવા જતા રહેતા તે જ રીતે ગોપાલ તેને અહીં લાવ્યો હશે. ગોપાલ તેનો હાથ પકડીને તેને નદીના કિનારે ચાલી રહ્યો હતો. આ નાનકડી નદીની આસપાસનું વાતાવરણ જોઈ મીરાંની આંખો મોટી બની ગઈ હતી.

છેવટે ગોપાલ તેને પેલાં ત્રણ વૃક્ષો નીચે લઈ ગયો અને થોડે જ દૂર મોટી ખાલી જગ્યા બતાવી. એ નાનકડું મેદાન. મેદાનની પાછળ ગાઢ ઝાડીઓ હતી અને જાણે કુદરતે પોતાના ખોળામાં આ જગ્યાને સાચવીને રાખી હોય એમ વર્ષોથી કદાચ કોઈ અહીં આવ્યું ન હતું.

મીરાંની આંખો તો એ નાનકડા મેદાન પર જ ચોંટી રહેલી હતી. ગોપાલે મીરાં સામે જોયું અને પછી પોતાની આંગળી મેદાન તરફ ચીંધીને કહ્યું :

"મીરાં, ત્યાં મેદાનમાં આપણે તારું ઘર બનાવીશું."

ગોપાલની વાત સાંભળીને મીરાં તો તેને ઊછળીને ભેટી પડી ! ગોપાલના શરીરને ચોંટી ગઈ અને પોતાના બંને પગ પણ જમીનથી ઊંચા લઈ લીધા. ગોપાલ મીરાંને પકડીને હસી રહ્યો હતો. મીરાંની પીઠ પર હાથ ફેરવી રહ્યો હતો. મીરાં ચૂપ થઈ ગઈ હતી. તેણે તો બસ ગોપાલની બાહોમાં પોતાનું શરીર મૂકી દીધું હતું.

થોડીવાર માટે બંને ચૂપ થઈ ગયાં અને બસ... એકબીજાને કસીને, જકડીને કોઈ ઊંડા વિચારોમાં ખોવાઈ ગયાં.

"આપણું ઘર..." તે બોલી અને ગોપાલથી અલગ થઈ. ગોપાલની આંખોમાં જોઈને હસી. ગોપાલ પણ હસવા લાગ્યો. તે ગોપાલની આ ગિફ્ટથી એટલી ખુશ થઈ રહી હતી કે તેને કદાચ ખબર જ નહોતી પડતી કે તેણે શું કરવું !

તે ખુશ થતી દોડતી પેલી નાનકડી નદીમાં પડી. નદી એકદમ પાતળી ઝરણા જેવી હતી અને પાણી પણ ઠંડું અને ગોઠણ ડૂબે એટલું હતું. મીરાં નદીના પાણી વચ્ચે જઈને બેસી ગઈ. નદીના પાણીને ચારે તરફ ઉડાડવા લાગી. ગોપાલ થોડે દૂર ઝાડવા નીચે બેઠોબેઠો તેને જોઈ રહ્યો. મીરાં જ્યારે કુદરત વચ્ચે હોય ત્યારે કુદરત જેવી લાગતી. જાણે આ ધરતીમાંથી પેદા થઈ છે અને થોડીવાર માટે આ ધરતી પર પોતાનાં રંગબેરંગી સપનાંઓ જોવા આવી છે અને પછી ધરતીમાં સમાઈ જવાની છે.

તે પાણીમાં આંખો બંધ કરીને સૂઈ ગઈ હતી અને સપાટી ઉપર તેનું શરીર વહી રહ્યું હતું. ગોપાલ દૂરથી તેના ભીના શરીરને જોઈ રહ્યો હતો. મીરાંનું સફેદ ભીનું ટી-શર્ટ તેના શરીરને ચીપકી ગયું હતું અને અંદરનાં અંગો બહાર ઊપસી આવ્યાં હતાં. નાનકડા વાદળી શોર્ટ્સ અને સફેદ પગ ભીની માટીવાળા હતા.

ગોપાલની આંખો મીરાં તરફ હતી, પરંતુ તે એક બીજી દુનિયામાં ખોવાઈ ગયો હતો. મીરાં સાથે આજ સુધી વિતાવેલ દરેક દિવસ, દરેક કલાક અને દરેક સેકંડ તેને યાદ આવી રહી હતી. કેટલું બધું આપ્યું હતું આ પાગલ છોકરીએ ! દરેક ક્ષણને એવા ઊંડાણથી ભરપૂર જીવી હતી કે એ ખુશીઓને લીધે આંખમાં આંસુ આવી જાય.

મીરાં પાણીમાંથી ઊભી થઈ. તેના ટી-શર્ટ અને ગળા પર ભીની માટી ચોંટી હતી. તેના ભીના વાળ અને આછા ટી-શર્ટ પરથી નીતરતું પાણી પગ પર થતું નીચે પડી રહ્યું હતું. તેણે દૂરથી ગોપાલને જોયો. ગોપાલની નજર મીરાં પર જ હતી, પરંતુ હજુ તે કોઈ ઊંડા વિચારોમાં ખોવાયેલો હતો.

મીરાં ગોપાલ તરફ જોતી પાણીમાંથી બહાર આવી રહી હતી. ગોપાલની નજર મીરાં તરફ જ હતી. મીરાં જાણે થોડા ગુસ્સામાં હોય એ રીતે ઝડપથી ગોપાલ તરફ આવી રહી હતી. ગોપાલ હજુ ઊંડા વિચારોમાં ડૂબેલો હતો.મીરાં કાંઠે આવીને ગોપાલ પાસે આવી અને ગોપાલ તરફ જોઈ રહી. ગોપાલ હજુ ઊંડા વિચારોમાં હતો !

“શું છે ?” તે પોતાની ભીની કમર પર બંને હાથ રાખીને ગોપાલને ધમકાવતી હોય એવા અવાજમાં બોલી. ગોપાલ ચમકી ગયો અને હવે ખરેખર મીરાં સામે જોઈ રહ્યો. મીરાંના આછા સફેદ ટી-શર્ટની આરપાર ઊપસી આવેલાં અંગોને જોઈ રહ્યો. હજુ કદાચ એ વિચારોમાંથી બહાર આવીને વિચારી રહ્યો હતો કે મીરાંએ શું પૂછ્યું.

“શું ?” ગોપાલે મીરાં સામે જોઈને એમ જ પૂછ્યું. મીરાંને કંઈ સમજાયું નહીં હોય. એ ગોપાલની નજીક આવીને ઊભી રહી અને ગોપાલ પાસે ઝૂકીને તેણે ગોપાલના ખભાને ધક્કો માર્યો.

“શું ?” ગોપાલ હસીને બોલ્યો અને હજુ કશું આગળ બોલે એ પહેલા જ મીરાંના ધક્કાએ તેને ઘાસ પર સૂવડાવી દીધો. ગોપાલનું હૃદય મીરાંના ભીના સ્પર્શથી ધબકારો ચૂકી ગયું અને મીરાંનો ભીનો ચહેરો ગોપાલના ચહેરાની નજીક આવ્યો અને તે ગોપાલના પેટ પર બેસી ગઈ અને ગોપાલના આખા શરીરમાં જાણે...

“આઈ વોન્ટ ટુ કિસ યુ.” તે બોલી અને ગોપાલે પોતાના હોઠ ખોલી દીધા. મીરાંએ તરત જ પોતાના ભીના હોઠ ગોપાલના હોઠ પર મૂકી દીધા. બંને ધ્રૂજી ઊઠ્યાં. લાંબા શ્વાસ સાથે ગોપાલે પોતાનું શરીર ઘાસ પર મૂકી દીધું અને મીરાંની કમર પર તેનો હાથ મૂકી દીધો. મીરાંના ભીના વાળ ગોપાલના ચહેરાને પણ ભીનો કરવા લાગ્યા. બંનેનાં કાંપતાં શરીર એકબીજાને ચોંટી ગયાં. ગોપાલનો હાથ મીરાંની પીઠ પર ફરવા લાગ્યો અને મીરાંએ પોતાના બંને માટીવાળા હાથથી ગોપાલના ચહેરાને પકડી રાખ્યો. ધીમેથી શરૂ થયેલી હોઠોની રમત જોવા જાણે બધું જ થંભી ગયું.

“નીચેનો હોઠ...” મીરાં બોલી અને તે ઝડપથી નીચેના હોઠ સાથે રમવા લાગી.

ગોપાલે મીરાંના ભીના ટી-શર્ટ અંદર પોતાના બંને હાથ નાખી દીધા અને તેની કમર પર ફેરવવા લાગ્યો. મીરાંના ગરમ શ્વાસ વધુ ઝડપી બની ગયા. ગોપાલના હાથ મીરાંની ધ્રૂજતી છાતી સુધી પહોંચી ગયા અને તેની બ્રાની અંદર ઘૂસી ગયા. મીરાંએ પણ પોતાનો હાથ ગોપાલના ચહેરા પરથી હટાવીને ગોપાલના ટી-શર્ટ અંદર ફેરવ્યો. બંનેનાં શરીર ભાન ભૂલવા લાગ્યાં.

ગોપાલે મીરાંનું ટી-શર્ટ ઉપર તરફ ખેંચ્યું અને મીરાંએ પોતાના બંને હાથ ઊંચા કરી ટી-શર્ટ કાઢવા દીધું. ભીની માટીવાળું ટી-શર્ટ દૂર ફેંકાઈ ગયું. કાળી બ્રા ખૂલવા ઇચ્છતી હતી. મીરાંએ તરત જ ગોપાલનું ટી-શર્ટ ઊંચું કર્યું અને એ પણ દૂર જઈને ભીના ટી-શર્ટ ઉપર પડ્યું. મીરાં ગોપાલની છાતી પર કિસ કરવા લાગી. ગોપાલે પોતાની આંખો બંધ કરી દીધી. મીરાંના જીન્સના શોર્ટના બટન પર તેના ધ્રૂજી રહેલા હાથ ગયા. થોડી મહેનત પછી જીન્સના શોર્ટનું બટન ખૂલ્યું અને ગોપાલે શોર્ટને ખેંચીને નીચું કર્યું. મીરાં તરત જ ગોપાલથી દૂર થઈ બાજુમાં સૂઈ ગઈ અને પોતાના બંને પગ ઊંચા કરી શોર્ટ કાઢી આપ્યું. ગોપાલની આંખો ખૂલે એ પહેલાં જ મીરાંનો હાથ ગોપાલના જીન્સ અંદર ગયો. ગોપાલ થરથરી ઊઠ્યો. બંને ફરી કિસ કરવા લાગ્યાં. મીરાંએ પોતાના એક હાથથી ગોપાલના જીન્સપેન્ટનું બટન ખોલ્યું અને ચેઈન ખોલીને પેન્ટ નીચે કરી દીધું. ગોપાલે જાતે જ પેન્ટ કાઢી નાખ્યું. મીરાંએ પેન્ટ પકડીને દૂર ફેંક્યું. નદીના કિનારે એ પેન્ટ સૂઈ ગયું. બંને એક ક્ષણ માટે એકબીજાંના શરીરને જોઈ રહ્યાં. બંનેના હાંફતા ચહેરા એકબીજાને નીરખી રહ્યા. મીરાં ગોપાલની બાજુમાં સૂઈ ગઈ. ગોપાલ મીરાંના શરીરને ચૂમવા લાગ્યો. મીરાંની ભીની છાતીને, કમરને, પગને પોતાના હોઠથી વધુ ભીની કરવા લાગ્યો. મીરાં હવે તેને ખેંચી રહી હતી. તેના હોઠ એકલા પડી ગયા હતા. સુકાઈ રહ્યા હતા. છેવટે ગોપાલને ખેંચીને આગળ કર્યો, ઉત્તેજનામાં કોરા થઈ ગયેલા પોતાના હોઠથી ગોપાલને ફરી કિસ કરી. ગોપાલના શરીર પર તે હાથ ફેરવવા લાગી. ગોપાલનું આખું શરીર ગરમ થઈ ગયું.

થોડીવારમાં બંને એકબીજાંમાં ખોવાઈ ગયાં.

બંનેએ પહેલીવાર સેક્સ કર્યું. બંને ડરી રહ્યાં હતાં. ગોપાલ તો મીરાં સામે નગ્ન થવામાં એટલો શરમાઈ રહ્યો હતો કે મીરાંને વારંવાર આંખો બંધ કરવા કહેતો હતો. મીરાંને પણ આ બધું પહેલીવાર હતું. ગોપાલના સ્પર્શમાત્રથી તે ધ્રૂજી રહી હતી. ગોપાલે જ્યારે ડરતાં ધ્રૂજતાં મીરાંની અંદર પ્રવેશ કર્યો ત્યારે મીરાંએ ડરીને તેને દૂર ધકેલી દીધો, પરંતુ ફરી બંને શરીર ભેગાં થઈ ગયાં. શ્વાસના અને ધીમી પીડાના અવાજ નીકળવા લાગ્યા. વૃક્ષ પરથી પક્ષીઓ ઊડવા લાગ્યાં.

જ્યારે બધું પૂરું થયું, બંનેએ એકબીજાંને છેલ્લી કિસ કરી અને એકબીજાની બાજુમાં સૂઈને હાંફી રહ્યાં હતાં ત્યારે મીરાં અચાનક હસવા લાગી. બંને લાંબા સમય સુધી ચૂપ થઈ ગયાં. બંને ઊંડા વિચારોમાં ખોવાઈ ગયાં. જાણે ગોપાલે સૂતાસૂતા જ હાથ લંબાવીને બંનેનાં ટી-શર્ટ લીધાં અને પૂછવા લાગ્યો :

"કેમ શું થયું ?"

"કંઈ નહીં." તે બોલી અને ટી-શર્ટ પહેરીને ગોપાલને ફરી કિસ કરી. "મેં પહેલીવાર આ બધું કર્યું." તે બોલી.

"તો હું પણ ફર્સ્ટ ટાઈમ જ છું." ગોપાલ શરમાઈને બોલ્યો.

"તો તો આજે કેક કાપવામાં આવશે." તે બોલી.

"કેમ ?" ગોપાલે ઊભા થઈને નદીકિનારે પડેલું પેન્ટ લઈને ઝડપથી પહેરીને પૂછ્યું.

"બે યાર... આજથી આપણે બંને વર્જિન નથી. કેટલાં વર્ષોથી વિચારતી હતી કે પહેલીવાર સેક્સ કોની સાથે કરીશ, કેવી રીતે કરીશ, શું થશે મને ?" તે બોલી અને બંને હસવા લાગ્યાં.

"મેં તો આવું કંઈ વિચાર્યું જ ન હતું કે આ રીતે, આ જગ્યા પર અને આ વ્યક્તિ..." ગોપાલ બોલતો હતો અને તરત જ ચૂપ થઈ ગયો. બંને ચૂપ થઈ ગયાં. થોડીવાર પછી ગોપાલે પોતાના ખિસ્સામાંથી સિગારેટ કાઢી અને સળગાવી. મીરાંએ સિગારેટ લીધી અને લાંબા કશ લઈને પીવા લાગી.

"તો કેવો રહ્યો અનુભવ ?" તે હસીને બોલી અને ગોપાલ પણ સિગારેટ આંચકીને હસવા લાગ્યો.

"મને તારા પર એટલું બધું વહાલ આવતું હતું કે..." ગોપાલ બોલ્યો અને વળી ફરી ચૂપ થઈ ગયો.

"કે ?"

"કે તારી સાથે સેક્સ કરીશ અને તને પીડા થશે તો શું થશે તેવા વિચાર આવતા હતા. તું વળી એમાં આખી કંપી રહી હતી." તે બોલ્યો. મીરાં મોટેમોટેથી હસવા લાગી.

"બે... તું છે એટલો જંગલી સાલા. કેવું દુઃખતું હતું પહેલીવાર." તે શરમાઈને બોલી. ગોપાલને દુઃખ થયું.

"સાચે ?" તેણે નિરાશ થઈને પૂછ્યું. મીરાંએ હસીને હા પાડી.

"આઇ એમ સૉરી..." ગોપાલે કહ્યું અને મીરાંને પોતાની બાહોમાં લઈ લીધી. ફરી બંને ચૂપ થઈ ગયાં.

"શું થયું ? કેમ આટલું બધું વિચારે છે ?" મીરાંએ ગોપાલના ગાલ પર હથેળી મૂકીને પૂછ્યું. ગોપાલ હજુ ચૂપ હતો.

"મીરાં, મારું મન સવાલો કરી રહ્યું છે."

"એ તો મારું મન પણ કરી રહ્યું છે."

"તને શું લાગે છે ?"

"ગોપાલ..." તે બોલી. બંનેને કશુંક બોલવું હતું પરંતુ બોલી શકતાં ન હતાં.

"મીરાં, તું પહેલીવાર મળી ત્યારે મારા માટે પોલીસથી બચાવનારી એક અજાણી વિચિત્ર છોકરી હતી. તેં મને દરિયામાં પડીને મરતા રોક્યો. તેં જમવા આપ્યું અને ઉપરથી સૂવા માટે જગ્યા આપી. આપણે એકબીજાંને ઓળખતાં પણ ન હતાં અને તેં મને તારી સાથે રાખી દીધો. મારે માટે તું એ સમયે ખૂબ અલગ હતી. તેં મને દોસ્ત માની

લીધો અને મેં પણ તારી દોસ્તીને મારું સર્વસ્વ માની લીધી. તેં મને ફરી જૉબ કરતો કરી દીધો. મને એમ હતું કે મારે ઘરે જતું રહેવું પડશે, પરંતુ તને જોઈને મને જીવવાનું ઝનૂન મળતું હતું. અચાનક એક દિવસ તું મારી લાઇફનો એવો ભાગ બની ગઈ કે તારા વિના આ શહેરમાં હું શું કરતો હોત એ કલ્પના પણ મુશ્કેલ બની ગઈ અને તું પણ ગાંડી...”

“અને ?” મીરાં હસીને બોલી.

“પછી લાગવા લાગ્યું કે તું મારી લાઇફનો ભાગ જ નહીં, પણ લાઇફ બની ગઈ.”

“તો ?”

“તો હવે ?”

“હા. તો હવે ?”

“મીરાં, મેં તને ક્યારેય એ નજરથી જોઈ જ નથી કે હું તારી સાથે એક દિવસ...”

“એક દિવસ ?”

“કે તારી સાથે આ રીતે...”

“આ રીતે ?”

“કે આ રીતે અચાનક...”

“સેક્સ કરીશ એમ ?”

“ના હવે... ડોબી.”

“તો ?”

“પ્રેમ...”

બંને ચૂપ થયાં. ગોપાલ જે છેલ્લો શબ્દ બોલ્યો કે બંનેના હૃદયમાં ફાળ પડી. *આ શું હતું ? શું બોલી ગયો ?* ગોપાલની અંદર ઊંડા વિચારો આવ્યા. *પ્રેમ ? મીરાં શું વિચારશે ?* તે મીરાં સામે જોઈ રહ્યો. તે બીજી દિશામાં જોઈ ગઈ હતી. ગોપાલને તેનો ચહેરો જોવો હતો.

વૃક્ષો પર ફરી બેસી ગયેલાં પંખીઓ અવાજ કરી રહ્યાં હતાં. કદાચ અત્યારે ફરી વરસાદ આવે એવું વાતાવરણ બનવા લાગ્યું હતું. વાદળાંઓ ઘેરાવા લાગ્યાં હતાં.

“મીરાં...” ગોપાલે મીરાંના હાથનો સ્પર્શ કરીને પૂછ્યું. મીરાં કોઈ સપનામાંથી જાગતી હોય એમ ચમકી અને ગોપાલ સામે જોયું. હસી.

“શું થયું ?”

“કશું નહીં.” તે બોલી. તેના ચહેરા પર કોઈ ભાવ ન હતા.

“બોલ ને શું થયું ?”

“હું બીજું કશુંક વિચારી રહી હતી, ગોપાલ.” તે બોલી.

“શું ?”

“કે એ દોસ્તી, પ્રેમ, મીરાં, ગોપાલ બધાં ગયાં તેલ લેવાં, પણ અહીંયા ઘર કઈ રીતે બનાવીશું ?” તે બોલી અને હસવા લાગી. ગોપાલના મનમાં શાંતિ થઈ. તે હસી પડ્યો.

“બર્થડે ગિફ્ટ છે તારી, ગાંડી. હું બનાવી દઈશ તને.” ગોપાલ બોલ્યો.

"ખોટી હવા ના કર. હું ડિઝાઇનર છું. ઘરની ડિઝાઈન હું બનાવીશ." તે બોલી. બંને હસી પડ્યાં.

"હા, ડિઝાઇન તું બનાવજે, પણ ઈંટો અને રેતી અને પાણી એ બધું ક્યાંથી લાવશું ?"

"બે ડોબા. ગોપાલદાસ. તું ખરેખર ભોળા દિલનો સરદાર છે."

"કેમ ?"

"જે મીરાં આ બે કરોડ માણસો ભરેલું શહેર છોડીને અહીંયા જંગલમાં રહેવા આવવાનું વિચારે એ અહીંયા આવીને પણ શહેરનાં મકાનોની કોપી કરશે ?"

"તો ?"

"લાકડાનું ઘર બનાવીશું."

"ઊધઈ લાગશે તો ?"

"ઊધઈ લાગશે તો તૂટી પડશે. બીજીવાર ઊભું કરી દેશું."

"સારું. તને નહીં પહોંચી શકું હું. બનાવ જેમ બનાવવું હોય એમ." ગોપાલે કહ્યું. બંને ફરી બુલેટ લઈને મુંબઈ જતાં રહ્યાં. શહેર અહીંયાથી ત્રીસેક કિલોમીટર દૂર હતું. રસ્તામાં બંને ચૂપ હતાં.

દિવસો પસાર થતા ગયા. મીરાં પાસે પચાસ હજાર રૂપિયા પડેલા હતા અને ગોપાલ પોતાની બુક્સ વેચીને દસ હજાર જેટલા બચાવી શક્યો હતો. લાકડાનું ઘર બનાવવા માટે આ મોંઘાદાટ શહેરમાં કશું આવે તેમ ન હતું. મીરાં ગોપાલને કહેતી હતી કે એ એકલી જ રાતો જાગીને ઘર બનાવવા માટેના રૂપિયા ભેગા કરી લેશે, પરંતુ ગોપાલને તો તેને ઘર ગિફ્ટ કરવું હતું. બંનેએ દિવસો સુધી મોડી રાત સુધી મહેનત કરવાનું શરૂ કરી દીધેલું. બુક્સની સાથે તે એક ડીલર પાસેથી બાળકોનાં રમકડાં પણ લઈને આવ્યો હતો. પોતાની રેંકડીમાં બુક્સ સાથે રમકડાં મૂકીને દરેક સોસાયટીમાં જતો. મોડી રાત સુધી એ ચારે તરફ ઘૂમ્યા કરતો. રેલવે સ્ટેશન નજીક રમકડાં અને બુક્સ વધુ વેચાતી, પરંતુ ત્યાં પોલીસ હપ્તાઓ ઉઘરાવવા આવતી હતી. તેણે સ્કૂલ્સની બહાર રમકડાંઓ વેચ્યાં. આ સમયે એ પોતાના માટે નહીં, પરંતુ મીરાંના સપના માટે મહેનત કરી રહ્યો હતો. પોતાની અંદર એક અવિરત ધૂન ચાલી રહી હતી કે બસ મીરાં માટે કશુંક કરવું છે. ઘણીવાર રાત્રે બંને થાકીને આવ્યાં હોય ત્યારે વાત પણ ન કરી શકતાં અને તરત જ સૂઈ જતાં, કારણ કે બીજા દિવસે ફરી મહેનત કરવાની હતી.

ગોપાલને ઘણીવાર માબાપ યાદ આવી જતાં. એમણે પણ જીવનભર એવું કામ કર્યું કે જે એમનું પેશન ન હતું. તેના બાપુજીને તો બિઝનેસમેન બનવું હતું. તો પછી કેમ તેઓ હંમેશાં પોતાના કામમાં ખુશ રહેતા ? કદાચ એ સવાલનો જવાબ ગોપાલને આજકાલ જાતે જ મળી રહ્યો હતો : માણસ જ્યારે પોતાના સ્વાર્થથી દૂર રહીને કોઈ બીજાની ખુશી માટે મહેનત કરીને રાત-દિવસ એક કરતો હોય ત્યારે કામ ગમતું ન હોય છતાં ખુશ રહે છે.

21

મહિનાઓ પછી એક દિવસ આવ્યો. મીરાંએ ઘરની ડિઝાઇન બનાવી હતી. ગોપાલના ખિસ્સામાં ત્રીસ હજાર રૂપિયા હતા. મીરાં પાસે દોઢ લાખ. મીરાં પોતાનું બુલેટ વેચી દેવાની વાતો કરતી હતી અને ગોપાલ ના પાડી રહ્યો હતો. છેવટે એ દિવસ આવ્યો.

બંનેએ થોડા દિવસો માટે પોતાનાં બધાં જ કામ મૂકીને ઘર બનાવવામાં લાગી પડ્યાં. મીરાં પાસે આર્કિટેક્ચરનું લાઇસન્સ ન હતું, પરંતુ તે ઘણીવાર તેના નામથી જ પર નાનાં મકાનો, દુકાનો, શોરૂમ ડિઝાઇન કરતી અને સારા એવા રૂપિયા કમાઈ લેતી. તેનો એક યુવાન સુથાર દોસ્ત હતો – ચિંતન. મીરાં તેને ઘણીવાર ફોન કરીને પોતાની ડિઝાઇન માટે ખર્ચ અને લાકડાંની સાઇઝનો એસ્ટિમેટ કાઢવા કહેતી. મીરાં ચિંતનને બોલાવી આવી.

એ ત્રણેય એક ટ્રક ભાડે કરી લાવ્યા. આખો ટ્રક ભરીને મીરાંએ ડિઝાઇન મુજબનાં લાકડાં, ખીલીઓ, કરવત અને ઘરના પાયાઓ માટેનો સામાન ખરીદી કરી. મીરાં અને ચિંતન ટ્રકમાં બેસી ગયાં. ગોપાલ બુલેટ લઈને પહેલા જ મેદાન પર પહોંચી ગયો હતો. તેણે પોતાના આ ઘરથી હાઇવે તરફ સીધા જ જઈ શકાય એ માટે નાનકડી પગદંડી બનાવી રાખી હતી. ટ્રક આવી અને હાઇવે પર ઊભી રહી. ત્રણેય દોસ્તોએ બધો જ સમાન ટ્રકમાંથી કાઢીને મેદાનમાં મૂક્યો. ચિંતન તો આ જગ્યા જોઈને જ ડરી રહ્યો હતો કે અહીંયા આ લોકો ઘર બનાવીને શું કરશે !

મીરાં સાંજ સુધી ચાલે એટલું જમવાનું પણ પેક કરતી આવી. પોતાનો રેડિયો પણ લેતી આવી કે જેથી કામ કરતા કરતા તેઓ ગીતો સાંભળી શકે. ચિંતન અને ગોપાલ પણ થોડીવારમાં દોસ્ત બની ગયા.

પહેલા દિવસે પાયાઓ બનાવવામાં આવ્યા. બીજે દિવસે લાકડાની દીવાલો બનાવવામાં આવી. મીરાં કહેતી જાય એ મુજબની ડિઝાઇનમાં બધું ગોઠવવામાં આવ્યું. ત્રણેય ખીલીઓ અને હથોડી લઈને મંડી પડ્યાં. જેમજેમ દીવાલો ઊંચી થતી ગઈ તેમ નાનકડી નિસરણીઓ લઈને તેના પર ઊભા રહીને કામ ચાલુ થયું.

રોજ સાંજે નજીક ત્રણેય દૂર નદી પાસે જઈને ઘરને જોતાં. એક સપનું આકાર લઈ રહેલું જોઈ રહેતાં. આવતીકાલ દેખાઈ રહી હતી. ગોપાલ જોઈ રહ્યો હતો કે તે અને મીરાં ઘરનાં નાનકડાં લાકડાંનાં પગથિયાં ચડીને બારણાં તરફ જતાં હશે. ડાબી બાજુ બાલ્કનીમાં તેમની બંનેની ખુરશીઓ પડી હશે અને રાત્રે પીળો લૅમ્પ ચાલુ કરીને બંને ત્યાં બહાર બુક્સ વાંચતાં હશે. બારણા આગળ એક નેટ હશે કે જેથી મચ્છર અંદર ન આવે. બારણું ખોલીને અંદર જાય એટલે ડાબી બાજુ નાનકડો હૉલ હશે જ્યાં ખૂણામાં નાનકડી લાઇબ્રેરી હશે, નીચે ચાદર પાથરી હશે. સોફા કે ખુરશીઓ જેવું કશું જ નહીં રાખે. જમણી બાજુ રસોડું હશે જ્યાં તે બંને રોજે સાંજે કશુંક બનાવશે. રસોડામાં પ્લૅટફૉર્મ

પાસે મૂકેલી બારીના કાચમાંથી બહાર વૃક્ષો દેખાતાં હશે અને દેખાશે ગોપાલે બનાવેલી એ નાનકડી કેડી, જે થોડે આગળ ઝાડીઓમાં ખોવાઈ જશે અને થોડે દૂર એ જ કેડી પેલા નેશનલ હાઈવેને મળી જશે. ઘરમાં અંદર તરફ બારણાં વિનાની બે રૂમ હશે. જમણી બાજુની રૂમમાં તે બંને સૂતાં રહેશે. મીરાંના ઍપાર્ટમેન્ટમાં છે તે બેડ અહીંયા ગોઠવાશે અને ગોપાલ રોજની જેમ નીચે લાકડાંની સપાટી પર ગાદલું નાખીને નીચે સૂઈ જશે. ડાબી તરફ ખૂણામાં રહેલી પેલી નાનકડી રૂમમાં કશું જ નહીં હોય ! તે રૂમને કાચની બારીઓ હશે. ગોપાલ અને મીરાં ત્યાં રોજે સવારે ચૂપચાપ બેસીને વાતો કરશે. ત્યાંથી ચારે તરફની કુદરતને તેઓ જોતાં રહેશે. ત્યાં સિગારેટ પીવામાં આવશે અને મીરાં વ્હિસ્કીના નાનકડા પેગ બનાવીને ખરાબ અવાજમાં મોટેમોટેથી ગીતો ગાશે. ત્યાં રોજે રાત્રે ફાનસ ચાલુ કરીને પછી બારીઓ ખોલવામાં આવશે. નદી દેખાશે અને નદી પરથી આવતો ઠંડો પવન આખા ઘરમાં છવાઈ જશે. વરસાદ હશે ત્યારે આ બારી પર પડતા પાણીને એ બંને જોયા કરશે. અહીં એક ટેબલ નાખીને ફાનસના પ્રકાશમાં ગોપાલ પોતાની ડાયરી લખશે.

મીરાં ઘરને જોઈને વિચારતી કે તે ઘરની ચારે તરફ નાનકડો બગીચો બનાવશે. રોજે સવારે હજુ સામે નદી પાસેનાં વૃક્ષો પરનાં પક્ષીઓ જાગે તે પહેલાં નીલા અજવાળાંમાં બગીચાને પાણી છાંટશે. નદી પર તે રોજે નહાવા જશે અને પોતાનાં અને ગોપાલનાં કપડાં ધોવા જશે. એ કપડાં વળી બે વૃક્ષ વચ્ચે લટકાવેલી દોરી પર સુકાશે. તે એક સફેદ બિલાડી પાળશે જે રોજે રાત્રે તેની અને ગોપાલ સાથે બાલ્કનીમાં બેસીને કશુંક વાંચતી હશે. ક્યારેક સિગ્નલ પકડતો રેડિયો સાંભળતી હશે. તે વહેલી સવારમાં ગોપાલ માટે ટિફિન બનાવશે અને ક્યારેક રાત્રે નદીના કિનારે ઠંડી હવાની અંદર લાકડાની ખુરશીઓ મૂકીને બેસશે. તેમની ખુરશીઓ વચ્ચે ઈંટો ગોઠવી ચૂલો બનાવશે. તે બંને ચૂલા પર મકાઈ શેકશે અને બાજરીના રોટલા પણ બનાવશે અને નૂડલ્સ પણ ! મોડી રાત થઈ ગઈ હશે અને ઠંડી વધુ હશે તો ગોપાલ આદુ નાખીને ચા બનાવશે અને મીરાંને આપશે. મીરાં એ ચાની અંદરથી નીકળતી વરાળને પોતાના ઘરની બાલ્કનીમાં ચમકતી પીળી લાઈટમાં જોયા કરશે. ક્યારેક કામ પર રજા રાખીને ઘરમાં તાળું મારીને તે બંને આ નદીના કિનારે કિનારે ચાલતાં જશે. બસ. નદીના જન્મસ્થળ સુધી ચાલતાં જ જશે. હા... ગોપાલ સાથે ક્યારેક ઝઘડો થશે તો એ નદીકિનારે આ વૃક્ષ પર ચડી જશે. બસ !

પેલો ચિંતન સુથાર દૂરથી ઘરને જોતો અને વિચારતો કે અહીંયા કોઈ ચોર આવશે તો ? ઘરમાં કાચ તોડીને ઘૂસી જશે તો ? બહાર પડેલું બુલેટ ચોરી જશે તો ? અહીંયા કોઈ જંગલી પ્રાણી આવી જશે ત્યારે ? અહીંયા કોઈ આવીને આ બંનેનું ખૂન કરી નાખશે તો કેટલા દિવસે લાશ મળશે ? ક્યારેક વરસાદને લીધે નદીમાં પૂર આવશે ત્યારે ? ઉનાળામાં ગરમી હશે ત્યારે અહીંયા તો લાઈટ વિના એસી કઈ રીતે ચાલુ થશે ? આ બંને રોજે ત્રીસ કિલોમીટર દૂર શહેરમાં અપ-ડાઉન કરીને થાકી નહીં જાય ? બંનેમાંથી કોઈ એકલું પડી જશે તો ? આ નદીના પાણીમાં જમવાનું બનાવીને કોઈ ઝેરી અસર થશે ત્યારે ? ખાસ તો અહીં એકલતા કોરી ખાશે ત્યારે શું થશે ? માણસ તો સમાજમાં રહેવો

જોઈએ અને આ બંને...

પંદર-વીસ દિવસની મહેનત પછી એક દિવસ સાંજે ઘર બની ગયું હતું. રાત-દિવસની મહેનત પછી એક સપનું સામે ઊભું હતું. મીરાં ખૂબ જ ખુશ હતી. ગોપાલ ખુશ હતો, કારણ કે મીરાં ખુશ હતી. બધું કામ પૂરું થયું એટલે ટ્રક આવી અને વધેલો સામાન ભરાઈ ગયો. મીરાં ભગવાન ઉપર વિચારો કરવામાં પણ પોતાનો સમય બગાડતી નહીં, પરંતુ તે સાંજે ક્યાંકથી નાળિયેર લઈને આવી અને પગથિયાં પાસે ફોડીને ઘરની સામે નમાજ પઢવા લાગી !

તે રાત્રે ઘરને તાળું મારી જ્યારે બંને મુંબઈની ભાડાની રૂમ પર આવ્યાં ત્યારે મીરાં રૂમમાં પોતાના બેડ પર ચડીને નાચી રહી હતી. ગોપાલ નીચે બેસીને સિગારેટ પીતો તેને જોઈ રહ્યો હતો. મીરાં થાકીને આવીને ગોપાલ પાસે બેઠી.

"શું થયું ?" ગોપાલ પાસેથી સિગારેટ આંચકીને તે બોલી.

"કશું જ નહીં તો." તે બોલ્યો, પરંતુ મીરાં તેના ચહેરા પરથી જોઈ શકતી હતી કે તેને ઘણું બધું બોલવું હતું. તેણે ગોપાલની વધુ નજીક આવીને ફરી પૂછ્યું,

"એ કશું નહીંવાળી. ફટાફટ બોલી નાખ શું થયું એ, નહીં તો મજા નહીં આવે." તે બોલી અને પોતાનું માથું ગોપાલના ખોળામાં મૂકીને સૂઈ ગઈ. ગોપાલે તેના માથે હાથ ફેરવ્યો અને હસી પડ્યો. થોડીવાર પછી પંખા સામે જોતો ભીની આંખે બોલ્યો,

"મીરાં."

"હું..."

"એક વાત કહું ? ખોટું ના સમજતી."

"બોલને ગાંડા. ખોટું લાગશે તો એક લાત મારીશ તારા બે પગ વચ્ચે. બીજું કંઈ નહીં કરું."

"સારું. તો નથી કહેતો."

"અરે. બોલ ચલ."

"કંઈ નહીં. બસ એમ જ અંદર અંદર કશુંક બેચેન કરી રહ્યું છે."

"છાતીમાં ?"

"હા."

"કોલેસ્ટ્રોલ હશે. દોડવાનું રાખ."

"મીરાં..."

"અરે. સૉરી. ચલ નહીં બોલું કશું જ. સાંભળું છું."

"તું... કંઈ નહીં. એટલું જ કે આપણે છેલ્લા કેટલાયે દિવસોથી ચોવીસ કલાક સાથે હતાં. આઈ મીન, બાકી અહીંયા તો આપણે બંને રોજે સવારે કામ પર જતાં રહેતાં અને સાંજે થાકીને આવીને થોડી વાતો કરીને ફરી કામ કરવા લાગતાં. હું વાંચતો અને તું તારી ડિઝાઈનનું કશુંક કર્યા કરતી. પણ છેલ્લા ઘણા દિવસથી ઘર બનાવતી સમયે તું અને હું સાથે જ રહ્યાં છીએ." બોલીને ગોપાલ ચૂપ થઈ ગયો.

"હા. તો ?"

"તો કશું નહીં. બસ એમ જ કહું છું."

"તારે ફરી સેક્સ કરવાનો ઇરાદો નથીને ?"

"લે. મેં ક્યાં એવું કહ્યું ?"

"તો ઠીક." તે બોલી અને હસવા લાગી.

"તેં કેમ એવું પૂછ્યું ?" ગોપાલે પૂછ્યું.

"બસ એમ જ. તું ભોળા દિલનો માણસ એટલે કદાચ બોલી ના શકતો હોય." તે બોલી અને ગોપાલે મીરાંને ખબર પણ ન પડે એ રીતે આંસુ લૂછી લીધાં.

"ગોપાલ..." તે થોડીવાર પછી ધીમેથી બોલી.

"હું..."

"કંઈ નહીં." તે બોલી.

તે બંને ચૂપ રહ્યાં.

થોડીવાર પછી મીરાં ગોપાલના ખોળામાંથી ઊભી થઈને પોતાના બેડ પર જઈને બ્લેન્કેટ ઓઢીને સૂઈ ગઈ. ગોપાલ તેની સામે જોતો રહ્યો. એકાદ કલાક પછી ગોપાલ નીચે પોતાની ચાદર પર સૂઈ ગયો. આવતીકાલે ફરીથી પોતાના કામ પર લાગવાનું હતું અને એક અઠવાડિયામાં નવા ઘર પર જતું રહેવાનું હતું.

મોડી રાત સુધી બંને પોતાની પથારીઓમાં આળોટતાં રહ્યાં. માત્ર ગોપાલની છાતીમાં નહીં, પરંતુ મીરાંની છાતીમાં પણ કશુંક થઈ રહ્યું હતું. આ કોલેસ્ટ્રોલ અજીબ હતું. સૂવા દેતું ન હતું.

છેવટે રાત્રે ત્રણેક વાગ્યે મીરાં ગુસ્સામાં પથારીમાં બેઠી થઈ. પોતાનું બ્લેન્કેટ પકડીને જોરથી બારણાં તરફ ફેંક્યું. ઊભાં થઈને રૂમનો નાઇટ લેમ્પ ચાલુ કર્યો. રૂમમાં આછું અજવાળું થયું. ગોપાલ તો જાગતો જ હતો ! તે બેઠો થયો અને મીરાં સામે જોઈ રહ્યો. હજુ ગોપાલને કશું સમજાય એ પહેલાં જ મીરાં તેની નજીક આવી અને તેનું ટી-શર્ટ પકડીને તેને ઊંચું કર્યું. ગોપાલ ઊભો થયો. મીરાંના ગુસ્સે ભરાયેલા ચહેરા સામે જોયું. હજુ એ કશું બોલે એ પહેલાં જ મીરાંએ તેને ખેંચીને પોતાના બેડ પર ધક્કો માર્યો. ગોપાલ બેડ પર પડ્યો છતાં હજુયે મીરાં સામે જ જોઈ રહ્યો. મીરાં ઝડપથી બારણા પાસે પડેલું બ્લેન્કેટ ઊંચકીને બેડ પાસે આવી. ગોપાલને છાતી પર ધક્કો માર્યો. ગોપાલ મીરાંના બેડ પર સૂઈ ગયો. મીરાંએ પોતાનો બ્લેન્કેટ ગોપાલને ઓઢાડ્યો. લાઇટ ચાલુ રાખી અને બેડ પર ચડીને ગોપાલની બાજુમાં સૂઈ ગઈ. પોતે પણ બ્લેન્કેટમાં છુપાઈ ગઈ. ગોપાલે તરત જ તેને પોતાની છાતીમાં લઈ લીધી અને આંખો બંધ કરી ગયો.

બંને આંખો બંધ કરીને એકબીજાને ચોંટીને થોડીવાર માટે ઘસઘસાટ સૂઈ ગયાં.

વહેલી સવારે ગોપાલે મીરાંનું ટી-શર્ટ ઊંચું કર્યું. મીરાં જાગી ગઈ. ગોપાલને કિસ કરી. બંને હસી પડ્યાં. વહેલી સવારમાં જે થવાનું હતું તે થયું.

એક મસ્ત મજાની રવિવારની સવારમાં મીરાં ઊઠી. ગોપાલની બાજુમાં જઈને

તેને ઉઠાડ્યો અને બોલી :

"ઇટ્સ ટાઇમ"

"ફોર વ્હોટ ?" ગોપાલે આંખો ચોળતા કહ્યું.

"ટાઇમ ટુ ગો નોર્થપોલ." તે બોલી અને તેની આંખોમાં ચમક હતી. ગોપાલને સમજાયું નહીં.

"ઉત્તર ધ્રુવ ? ગાંડી થઈ છે ?" ગોપાલે પૂછ્યું.

"ના ડોબા. આપણે આપણા જંગલવાળા ઘરનું નામ 'નોર્થપોલ' રાખ્યું છે !" તે બોલી, "કેવું નામ છે ?"

"મસ્ત. પણ કેમ નોર્થપોલ ?"

"બસ... એમ જ. કોઈ કારણ વિના. ત્યાં કોઈ માણસ નહીં હોય, લાઇટ નહીં હોય, કોઈ મ્યુનિસિપલ નહીં હોય, આપણે બંને એકલાં હોઈશું અને કુદરત હશે એટલે !"

"વાહ... લૉજિક તો કોઈ તારી પાસેથી શીખે." ગોપાલ બોલ્યો. હસી પડ્યો. મીરાંએ તેની ચાદર ખેંચીને ઉઠાડ્યો. બંનેએ પોતાનો બધો જ સમાન પેક કર્યો. આજકાલ બંને વચ્ચે ચૂપકીદી હતી, પરંતુ તે સવારે જૂની દોસ્તી ફરી દેખાઈ. ગોપાલે પોતાનાં બે-ત્રણ જોડી જૂનાં કપડાં રસ્તા પર સૂતેલાં બાળકોને આપી દીધાં. મીરાંએ પોતાના ભાડુઆત સાથે બધો હિસાબ પતાવી દીધો. બધો સામાન, બેડ, બુક્સ અને મીરાંએ લાકડાં પર ડિઝાઈન કરેલું "નોર્થપોલ"કોતરેલા શબ્દોવાળું એક નાનકડું પાટિયું એક નાની ટ્રકમાં ભરી દીધાં. બુલેટની કિક લાગી અને બંને નોર્થપોલ તરફ ઊપડી ગયાં.

બધું અજીબ હતું. બંને બધા સમાન સાથે નોર્થપોલ સામે ઊભાં રહ્યાં. સપનાંઓ જ્યારે આંખ સામે સાકાર થઈને ઊભાં હોય ત્યારે આંખો ભરાઈ આવતી હોય છે. બંને ખુશીને લીધે રડી પડ્યાં. ગોપાલ સામાન લઈને ઘર અંદર જઈ રહ્યો હતો.

"ગોપાલ, ઊભો રહે." મીરાં પાછળથી બોલી. "નવા ઘરમાં સીધા પ્રવેશ ના કરાય. કશુંક ફિલ્મી કરવા દે." તે રડતાં રડતાં હસીને બોલી. ગોપાલ પેલા લાકડાંના પગથિયાં પાસે ઊભો રહી ગયો.

મીરાંએ તરત જ પોતાના "નોર્થપોલ" લખેલું પાટિયું લીધું. કલરનો એક ડબ્બો લીધો. પાટિયાની પાછળના ભાગ પર તાજો લાલ રંગ કર્યો અને પછી દોડતી ઘરના પ્રવેશદ્વાર પર જઈને પાટિયું નીચે મૂક્યું અને ગોપાલને બોલાવ્યો. ગોપાલ હસી પડ્યો. મીરાંએ પોતાનો ડાબો પગ અને ગોપાલે પોતાનો જમણો પગ એ તાજા લાલ રંગ પર મૂક્યા. બંનેનાં પગલાં એ પાટિયાં પર છપાઈ ગયાં. બંને હસતાં હસતાં ઘરમાં ગયાં. ઘરમાં જઈને મીરાં તો ખુશીઓને લીધે કૂદવા જ લાગી ! તેના પગની છાપ લાકડાના ફ્લોર પર ચારે તરફ છપાવા લાગી. ગોપાલ તેને બધું બગાડવા ના બોલી રહ્યો હતો, પરંતુ આ મીરાં હતી. કદાચ ભવિષ્ય માટે એ યાદો સર્જતી હતી.

બંનેએ આખું ઘર સાફ કર્યું. ચહેરા પર કપડું બાંધીને બધેથી ધૂળ ખંખેરી. સાંજ સુધી બસ સામાન ગોઠવ્યા કર્યો. મીરાંએ એક લાકડાના ટુકડા પર ખીલી મારીને નોર્થપોલનું

બોર્ડ ઘરની બહાર થોડે દૂર મૂક્યું. બોર્ડની પાછળ બંનેનાં પગલાં છપાયેલાં હતાં.

તે સાંજે ગોપાલે શહેરમાં જઈને એવી કેટલીયે ખરીદી કરી જે એણે અત્યાર સુધીમાં ક્યારેય વિચારેલું પણ ન હતું ! મીરાંએ આખું લિસ્ટ કાગળમાં લખીને આપ્યું હતું અને સાથે અમુક સૂચનાઓ પણ હતી !

1. સાવરણી
2. ગૅસ અને ગૅસની બૉટલ (ગોપલા, ગૅસની બૉટલ બ્લેક માર્કેટમાંથી લેજે. એક બૉટલમાં આપણે મહિનાઓ નીકળી જશે).
3. કપડાં ધોવાનો સાબુ, બ્રશ, ડોલ.
4. રસોઈનાં વાસણો : કૂકર, બાઉલ, થાળીઓ, ચમચીઓ, નોનસ્ટિક લોઢી. (આ બધામાં ખબર ના પડે તો રહેવા દેજે. હું લઈ આવીશ. મને પણ ખબર તો નથી જ પડતી પણ...)
5. ઘઉંનો લોટ, તેલ, મેગી, પાસ્તા, શાકભાજી.
6. બે લાકડાંની ખુરશીઓ. (જે આગળ-પાછળ થઈ શકે એવી. આરામખુરશી)
7. ફાનસ અને એક બૅટરી. (બૅટરી સાથે ચાલુ થાય એવો એક લૅમ્પ લાવજે. રસોડામાં મૂકવો છે)
8. બિયર અને સિગારેટ.
9. કોન્ડમ (30-40 લેતો આવજે. હું આ વસ્તુ બીજીવાર યાદ નહીં કરાવું. નાલાયક).

ગોપાલ સાંજે જ્યારે બુલેટ પર આ બધું જ લઈને આવ્યો પછી મીરાંએ રસોડામાં બધું ગોઠવ્યું. નાનકડી લાઇટ ઘરમાં આવી. બહાર બાલ્કનીમાં ફાનસ મૂક્યું અને ફાનસની પીળી રોશનીથી ઘર ચમકી ઊઠ્યું. ફાનસ નીચે બંને ખુરશીઓ ગોઠવી અને લાકડાના એક જાડા ટુકડાને ટેબલ તરીકે વચ્ચે મૂક્યો. બંને ત્યાં બેઠાં. સામે નદી પરથી ઠંડો પવન વહેતો હતો. મીરાંએ બિયર સાથે ચખના તરીકે પાસ્તા બનાવ્યા હતા. બંનેએ બાલ્કનીમાં બેસીને સામે તારાઓ ભર્યું આકાશ જોતાં જોતાં બિયરનાં કેન ખોલ્યાં. સિગારેટ જલાવી. બિયરનાં કેન ઊંચાં કર્યાં :

"ટુ નોર્થપોલ..." મીરાં કેન ટકરાવીને બોલી.

"ટુ ડ્રીમ્સ..." ગોપાલ બોલ્યો.

બંને મોડી રાત સુધી એ બાલ્કનીમાં બેઠાં રહ્યાં. પોતાની ખુરશીઓ પર ઝૂલતાં નદી તરફ જોતાં હતાં. દૂર આકાશમાંથી જુઓ તો એક કાળા અંધકારભર્યા કૅનવાસ પર એક નાનકડું પીળું ટપકું રંગેલું હોય એવું એ ઘર હતું. જંગલ વચ્ચે સર્જાયેલું નાનકડું પીળું ટપકું.

બીજે દિવસે સવારે મીરાં નદીમાં નાહી આવી, ગોપાલને ઉઠાડ્યો. બંને બુલેટ લઈને મુંબઈ તરફ નીકળી પડ્યાં. મીરાં ગોપાલને તેના બુકસ્ટોર પર ઉતારીને તે પોતાના કામે ચાલી ગઈ. દિવસો પસાર થવા લાગ્યા.

22

સમય ઊડી રહ્યો હતો. રોજે સવારે આ બંને પરિંદાઓ પોતાની રંગબેરંગી બુલેટ પર મુંબઈ તરફ ઊડી જતાં. રોજીરોટી કમાવાની રેસમાં લાગી જતાં. સાંજ સુધી નવા-નવા માણસોની દુનિયામાં ખોવાઈ જતાં. સાંજે મીરાં ગોપાલને તેના બુકસ્ટોર પર લેવા આવતી અને બંને રસ્તા પરના કોઈ ઢાબા પર જમી લેતાં. ફરી સાંજ પડે એટલે દૂર જંગલમાં બનાવેલા પોતાના માળામાં આવી જતાં. તે બંને ફરી પોતાના કામમાં ડૂબી જતાં. એક પરિંદું હજુ પોતાનું ગમતું કામ શોધી રહ્યું હતું, હજુ અંદર અંદર બળી રહ્યું હતું. પોતાની એક પણ નોકરી તેને પસંદ ન હતી અને તેને હજુ પોતાની જાત ફ્લૉપ લાગતી. બહારની દુનિયા જોઈને તેને સપનાંઓ જોવાની ઇચ્છા થતી, પરંતુ શું સપનું જુએ ? દિશા વિનાનાં સપનાંઓની દુનિયામાં એ ક્યાં ઊડે ? દર બે-ત્રણ મહિને નોકરી બદલીને એ બીજા અનુભવોની શોધમાં નીકળી પડે, પરંતુ અંદર અંદર બળી મરે કારણ કે કોઈ કામ એને ખુશી આપતું નહીં.

પરંતુ આજકાલ એ બળતી છાતીમાં બીજું કોઈ તોફાન જન્મ પામી ચૂક્યું હતું. એક દીવાનું પરિંદું એની અંદર ઘૂસી ગયું હતું. આખો દિવસ જૉબ પર તેને મીરાં યાદ આવશે. ઘરે આવીને મીરાં બાજુમાં ન હોય તો ન ગમે. મીરાં જાણે નશો બની રહી હતી. તેની ખુશીમાં એ પોતે ખુશ થતો હતો. કોઈ સાંજે ભરપૂર વરસાદમાં મીરાં ઘરની સામે મેદાનમાં હાથ ફેલાવીને દોડાદોડ કરતી અને ગોપાલ તેને બાલ્કનીમાં બેસીને જોયા કરતો. એ કહી શકતો ન હતો કે એ તેને જોઈને કેટલો ખુશ થતો. એ કહી શકતો ન હતો અને સહી પણ શકતો ન હતો. પેલી ભીનાં કપડાં સાથે ગોપાલ તરફ આવશે અને તેને ખેંચીને વરસાદમાં લઈ જશે. પોતે મોટે મોટેથી ગીતો ગાશે અને પછી નાચતી નાચતી અચાનક નદીમાં કૂદી પડશે. મોડી રાત્રે જ્યારે વરસાદ બંધ હોય ત્યારે સૂકાં લાકડાં શોધીને નદીકિનારે તાપણું કરશે. તાપ ઉપર કૉફી બનાવશે અને સિગારેટ ફૂંકતી રહેશે. નદીના કિનારા પર ઘાસ પર સૂઈ જશે. ગોપાલને પોતાની બાજુમાં સુવડાવશે. બંને આકાશને જોતાં રહેશે.

કુદરત પાસે ગોપાલ મૂંગો બની જતો. માબાપ યાદ આવી જતાં. *શું કરતા હશે એ બંને એકલાં ?* મીરાં બકબક કર્યા કરતી.

"ગોપાલ પટેલ..."

"બોલોને મીરાંજી..."

"પટેલ, આમ તો હું એટલી જલદી મરવાની નથી, પણ હું જ્યારે મરી જાઉં ત્યારે ગીતો ગાજે અને ડાન્સ કરજે." તે બોલી. આકાશમાં દેખાતા ચાંદને પોતાના હાથથી ઢાંક્યા કરતી.

"કેમ ?"

"કારણ કે મીરાંએ જિંદગીને સેલિબ્રેટ કરી છે, તો એનું મોત પણ સેલિબ્રેટ થવું

જોઈએ.”

“તને મોત વિશે વાતો કરવાનું શું ઝનૂન છે ?”

“મોત ઈઝ ઈન્ટરેસ્ટિંગ માય ડાર્લિંગ. ડેથ ઈઝ ગુડ ફોર હેલ્થ.”

“અચ્છા. પણ તારે મરવું નથીને ?”

“હા યાર... જીવવું છે. ગંદું જીવવું છે. હજુ તો ઘણુંબધું જીવવું છે.”

“મારે પણ...” ગોપાલ તારાઓ સામે પાણી ભરેલી આંખે જોઈને કહેતો.

“ગોપલા, એક કામ કરજે. ઈન કેસ હું મરું... તો મને આ નોર્થપોલની બાજુમાં જ ક્યાંક દાટી દેજે. બાળતો નહીં હોં ડોબા. હાથે ખાડો કરીને દાટી દેજે.”

“પછી ?નાચું ?”

“ના. પછી મારા પર માટી નાખીને એક મોટો પથ્થર લઈને મારી કબર પર મૂકજે અને એ પથ્થર પર લખજે કે ‘આ માણસ પોતાના ઝનૂનથી જીવ્યું હતું.’”

“હા... એ સાચું.”

“તું મરીશ ત્યારે હું શું લખું ?”

“કશું જ નહીં. મીરાં, આપણે બીજો ટોપિક પકડીએ ?”

“અરે બોલને ગાંડા. વિચારવામાં પણ કેટલું ફૂંકીફૂંકીને વિચારીશ ?”

“લે... એવું નથી. પણ હું મરી જાઉં ત્યારે મારી લાશને આ નદીકિનારે મૂકી દેજે અને શાંતિથી સુવા દેજે. કોઈ સેલિબ્રેશન નહીં. મારે ઘસઘસાટ સૂઈ જવું છે. કોઈ કીડા-મંકોડા-જીવડાનો ખોરાક બની જવા દેજે.”

“વાઉ... આઇડિયા તો સારો છે !” તે મોટે મોટેથી હસતી. “એક કામ કરજે. મને પણ સૂવા દેજે. પણ પછી ઘરે જઈને મારી પાછળ ગીતો ગાજે.”

“સારું. ચુપ થા.”

“ક્યારેક ક્યારેક મારી કબર પર આવીને પથ્થર પાસે સિગારેટનું પૅકેટ મૂકતો જજે.”

“તને આ સિગારેટ, બુલેટ, બિયર આ બધાનો ચસ્કો ક્યારે જશે ?”

“લે. કેમ ?”

“બસ એમ જ. આઇ મીન... સિગારેટ પીવાથી કે બુલેટ રાખવાથી જ મીરાં થવાય ? કોઈ સામાન્ય છોકરી પણ તારા જેવો ઍટિટ્યૂડ કે સપનાંઓ હોઈ શકેને ?”

“હાસ્તો. કેમ નહીં ? પહેલીવાર કોઈ સારો સવાલ કર્યો છે પટેલ તમે.”

બંને હસ્યાં કરતાં. મોડી રાત્રે નોર્થપોલ અંદર ઘૂસીને એકબીજાને વળગીને સૂઈ જતાં.

બે મહિના વીતી ગયા હતા. દિવસે દિવસે બંને ચૂપ થઈ રહ્યાં હતાં.

તોફાન આવી રહ્યું હતું.

દરેક તોફાન પહેલાં ચારે તરફ સન્નાટો છવાઈ જતો હોય છે. એક ચૂપકીદી.

એ દિવસોમાં ગોપાલે એક ડાન્સબારમાં બારટેન્ડર તરીકેની જૉબ લીધેલી હતી. તેને બુકસ્ટોરમાં મૅનેજરની પોસ્ટ મળી રહી હતી પરંતુ તે આખો દિવસ એકલો બેસી રહેતો. કામ ખૂબ ઓછું રહેતું અને દિમાગમાં પેલું તોફાન આવ્યા કરતું. તે એ દુનિયામાં ખોવાઈ જતો. એક દિવસ તેણે જૉબ છોડી દીધી. તે બુકસ્ટોરમાં જ કામ કરતા એક દોસ્તના ભાઈનો સંપર્ક કરીને તેણે 'સર્કસ' નામના બારની અંદર જૉબ લીધી. તેને એ જૉબ મોડી રાતના એક વાગ્યા સુધી રહેતી અને એ મોડી રાત્રે હાઈવે પરથી કોઈ વાહનની લિફ્ટ માગીને નોર્થપોલ આવતો. ત્યાં રસ્તા પર જ ઊતરી જતો. એ જ્યારે રાત્રે બે વાગ્યે ઘરે પહોંચે ત્યારે મીરાં સૂઈ ગઈ હોય. એ સવારે જ્યારે ઊઠે ત્યાં સુધીમાં તો મીરાં પોતાની જૉબ માટે નીકળી ચૂકી હોય.

ક્યાંક એ પણ ચૂપ થઈ ગઈ હતી.

તોફાન !

અને છેવટે એ દિવસ આવ્યો.

ના. એ રાત આવી.

શિયાળાની ઠંડી હવા ચાલુ થઈ ગઈ હતી. એ ડિસેમ્બરની રાત હતી. રાત્રિના બાર વાગ્યા હતા. મીરાં ઘરે આવી ચૂકી હતી. ચૂપ હતી. પોતાના નાઈટડ્રેસનાં શોર્ટ અને ટી-શર્ટ પહેરીને, બહાર બાલ્કનીમાં બેસીને પોતાના શરીર પર એક બ્લેન્કેટ વીંટાળીને તે એક બુકમાં ખોવાઈ જવા પ્રયત્ન કરી રહી હતી.

દૂર રસ્તા તરફથી ઝાડીઓમાંથી કોઈ દોડતું આવતું હોય એવો અવાજ આવ્યો. એક ક્ષણ માટે મીરાંના શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. જે કોઈ પણ આવી રહ્યું હતું એના હાથમાં ટોર્ચ હતી અને એ હાંફી રહ્યું હતું.

ગોપાલ ? ના.

એ માણસ નજીક આવી રહ્યો હતો. અંધારામાં માત્ર તેની ટોર્ચ દેખાઈ રહી હતી. મીરાંએ તરત જ બુક નીચે મૂકી અને ઊભી થઈ. તે એકલી હતી. પેલો માણસ અંધારામાં દૂર ઊભો રહ્યો. તેણે મીરાંના ચહેરા સામે ટોર્ચ કરી. મીરાંએ આંખો આડે હથેળી મૂકીને જોરથી રાડ પાડી :

"કૌન હૈ ×××..."

એ માણસ કશું જ બોલ્યો નહીં. ફરી એણે ઘર તરફ દોડવાનું ચાલુ કર્યું. મીરાં ઝડપથી બારણું ખોલીને અંદર ગઈ અને એ જ ક્ષણે બારણું બંધ કરી દીધું. ભાગીને રસોડામાંથી ચપ્પુ લીધું. મચ્છર રોકવાની નેટમાંથી તેણે બહાર જોયું. પેલો માણસ બારણા પાસે આવ્યો અને ફાનસની પીળી રોશનીમાં તેને ચહેરો દેખાયો.

એ તેનો સુથાર દોસ્ત ચિંતન હતો જેણે ઘર બનાવવામાં મદદ કરેલી. તે હાંફી રહ્યો હતો. મીરાંએ તેનો ચહેરો જોયો અને તરત જ મોટેથી બોલી :

"ચિંતન ?"

"હા. મીરાં. સૉરી. તુઝે ડરા દિયા ?"

"ક્યાં હુઆ ? ક્યું અભી ?" એ હજુ અંદર જ હતી અને છરી પોતાની પાછળ

છુપાવી રાખી હતી.

"પાની મિલેગા પ્લીઝ ? મૈં સબ બાત કરતા હૂં." ચિંતને હાંફતાં હાંફતાં કહ્યું. મીરાં બે ક્ષણ માટે તેના પર ભરોસો કરી શકતી ન હતી, પણ તે તેનો દોસ્ત હતો અને તેના ચહેરા પર ભયાનક ચિંતા દેખાઈ રહી હતી. તે અંદર રસોડામાં ગઈ અને ખૂણામાં મૂકેલાં માટીના ગોળામાંથી ગ્લાસ ભરીને આવી. બારણું ખોલ્યું. ચિંતને પાણી પીધું. પાણી પીને ગ્લાસ પોતાના હાથમાં રાખી મીરાં સામે જોઈને બોલ્યો :

"મીરાં, એક બૅડન્યૂઝ હે. તુમ્હે મેરે સાથ આના હોગા."

"ક્યાં હુઆ ?" મીરાં હજુ બારણા અંદર જ ઊભી હતી.

"ગોપાલ..." તે બોલ્યો અને ગ્લાસમાં વધેલું પાણી ફરીથી પી ગયો. તે ખૂબ ગભરાયેલો લાગતો હતો. ગોપાલનું નામ સાંભળીને જ મીરાંના હૃદયમાં ફાળ પડી હતી.

"ક્યા હુઆ ?" તેણે થોડું વધારે બારણું ખોલીને પૂછ્યું.

"ગોપાલ કો કિસી બદમાશ લોગોં ને મારા હે. બાર કે અંદર. જહાં પે વોહ કામ કર રહા હૈ વહાં પર. કુછ વ્હિસ્કી સર્વ કરનેમેં ટાઈમ લગા તો ઉન લોગોં ને ગોપાલ કો બહોત મારા ઔર..."

આટલું સાંભળ્યું ત્યાં તો મીરાંના પાછળ રહેલા હાથમાંથી છરી નીચે પડી ગઈ. પગ ઠંડા થઈ ગયા. ચહેરો સફેદ થઈ ગયો અને હોઠ ફફડ્યા : "અને ?"

"ઔર અભી ગોપાલ બારમેં હી પડા હૈ શાયદ. 'મીરાંકો બુલાઓ... મીરાં કો બુલાઓ' ઐસે હી બોલ રહા હૈ. હૉસ્પિટલ ભી નહીં જાના હૈ ઉસે. તુમ્હારે પાસ તો મોબાઈલ ભી નહીં હૈ. ગોપાલ કો મેરા નંબર યાદ થા તો વહા બાર મેં સે કિસીને મુઝે ફોન કરકે બોલા."

મીરાંની બંને આંખમાંથી એકસાથે આંસુ નીકળી ગયાં. ચિંતન તેની સામે જ જોઈ રહ્યો. તેને લાગ્યું કે મીરાં હમણાં જ પડી જશે એટલે તે તેની નજીક ગયો અને તેને પકડી રાખી.

"તુમ્હારે પાસ કૌનસા વ્હિકલ હે ?"

"કાર હે. 'સર્કસ' કે મૅનેજરને દિયા હે. તુમકો લે આને કે લિયે."

મીરાં અંદર ગઈ. પોતાનું પર્સ લીધું અને પાણી પીધું. તેનું આખું શરીર ધીમુંધીમું ધ્રૂજી રહ્યું હતું અને છતાં તે સભાન રહીને ઝડપથી ઘર પર લૉક મારીને બહાર આવી. રસ્તા પર પાર્ક કરેલી કાર પડી હતી. મીરાંએ ચિંતન પાસેથી કારની ચાવી લઈ લીધી અને પછી કાર મીરાંની સ્પીડથી મુંબઈ તરફ ભાગી.

રસ્તામાં ચિંતનના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા ! પોતાનો સીટબેલ્ટ લગાવીને તે મીરાંની સામે જોઈ રહ્યો હતો. મીરાંની આંખોમાંથી સતત આંસુ નીકળી રહ્યાં હતાં. તેને ચિંતનને ગોપાલની હાલત વિશે ઘણું બધું પૂછવું હશે, પરંતુ તે પૂછી શકતી ન હતી. ચિંતને એકવાર તેને પૂછ્યું :

"તું ઉસસે પ્યાર કરતી હૈ ?" તે બોલ્યો કે તરત જ મીરાંએ તેની સામે ગુસ્સાભરી

નજરથી જોયું. લગભગ દસ મિનિટ સુધી કોઈ જવાબ ન આવ્યો. કારની સ્પીડ વધી ગઈ.

"હા..." તે અગિયારમી મિનિટ પર બોલી ! બસ એટલું જ બોલી શકી. ચિંતન એ સાંભળીને હસી પડ્યો.

'સર્કસ' પર કાર આવી પહોંચી. તે ઘણી મોટી એવી બિયર ક્લબ હતી. રાત્રિના એક વાગવા આવ્યો હતો. બહાર રસ્તા પર માણસો ઓછા હતા. ક્લબ બંધ થવાનો સમય હોય એવો માહોલ હતો. ચારે તરફ સન્નાટો જોઈને મીરાંને અંદર પડેલા ગોપાલની વધુ ચિંતા થવા લાગી. તે ઝડપથી કાર બહાર નીકળીને ક્લબના એન્ટ્રીગેટ તરફ દોડી. એન્ટ્રી પર રહેલા બાઉન્સરે તેને રોકી અને કહ્યું : "સૉરી મેમ...ક્લબ ઈસ ક્લોઝ્ડ નાવ."

"અરે... મેરા દોસ્ત અંદર હૈ અભી." તે બોલી. પાછળથી ચિંતન આવ્યો અને તેણે બાઉન્સરને થોડો દૂર લઈ જઈ સમજાવ્યો. તેણે બંનેને અંદર જવા દીધાં. મીરાંએ ઝડપથી ક્લબનું બારણું ખોલ્યું.

...પણ અંધકાર !

ચારે તરફ અંધારું હતું. તે ઊભી રહી ગઈ.

"ચિંતન..." તેણે પાછળ ચિંતનને કહ્યું.

"ફક..." ચિંતને અંદર આવીને કહ્યું. ચારે તરફ અંધકાર જોઈને એ પણ ગભરાયેલો લાગ્યો.

"મીરાં, ગોપાલ અહીંયા જ પડ્યો હતો. આગળ ક્યાંક ખૂણામાં જ પડ્યો હશે." તે બોલ્યો. મીરાંને વધુ ચિંતા થઈ. શિયાળાની રાતમાં તેના કપાળ પર પરસેવો દેખાઈ રહ્યો હતો. તેણે મોટેથી રાડ નાખી :

"ગોપાલ..." ગભરાટને લીધે તેનાથી મોટો અવાજ પણ નીકળી રહ્યો ન હતો. ચિંતન બાઉન્સરને કશુંક પૂછવા પાછળ ગયો. મીરાંએ અંધારામાં આગળ ચાલવા લાગ્યું. કાઉન્ટર સાથે તે અથડાઈ.

"ગોપાલ, તું ક્યાં છે ?" તે વધુ ધીમેથી બોલી. દૂરથી ટેબલ ખસવાનો અવાજ આવ્યો. તે અવાજની દિશામાં ઝડપથી ચાલી અને બીજા એક ટેબલ સાથે અથડાઈ. પાછળ જોયું તો ચિંતન પણ ગાયબ હતો. હવે કદાચ ગોપાલને સાદ કરવાની તાકાત પણ મીરાંમાં રહી ન હતી. અંધકારમાં ક્યાંકથી ધીમોધીમો માણસનો અવાજ આવી રહ્યો હતો. તેણે ચારે તરફ શું છે એ સમજવાનો પ્રયત્ન કર્યો પણ તેનું દિમાગ બંધ થઈ ગયું હતું. તે એક ખુરશી સાથે અથડાઈ અને પછી ભાંગી પડી.

તે ખુરશી પર બેસીને રડવા લાગી. આંસુડાં આવી ગયાં. ભાંગેલા અવાજમાં જોરથી બોલી :

"ગોપુ..."

અચાનક ત્રણ-ચાર ટેબલ ખસવાનો અવાજ આવ્યો. કોઈના હસવાનો અવાજ આવ્યો. અને...

"અબ કોઈ લાઈટ ચાલુ કરો યાર... યે રોને લગી હૈ." ગોપાલનો અવાજ આવ્યો ! મીરાં ચમકી ગઈ અને તરત જ ઊભી થઈ. લાઈટ ચાલુ થઈ. આખી ક્લબ આછી પીળી રોશનીમાં છવાઈ ગઈ અને મીરાંની આંખો સામે થોડે દૂર નાનકડા સ્ટેજ પર એક ચહેરો દેખાયો... ગોપાલ.

મીરાંને કશું જ સમજાયું નહીં. તે ચારે તરફ જુએ કે ગોપાલ તરફ જુએ એ જ ખબર ન પડી અને એ ખબર પડે એ પહેલાં તો ગોપાલની આસપાસ સ્ટેજ પર ગોઠવાયેલા છોકરાઓ તાળીઓ પાડવા લાગ્યા. મીરાંએ તરત જ ગોપાલ સામે જોયું અને એ હાથમાં માઈક લઈને સ્ટેજ પર ઊભોઊભો હસતો હતો. મીરાંએ પાછળ જોયું પણ ચિંતન હતો નહીં. આ સપનું તો નથીને એમ વિચારીને એણે આંખો પર આંસુ લૂછ્યાં અને તરત જ લાકડાંની ખુરશીને પકડી.

આ સપનું ન હતું. સામે સ્ટેજ પર ગોપાલ ઊભો હતો. સહીસલામત. હસી રહ્યો હતો ! તેની આસપાસ પીળી રોશનીમાં બીજા ત્રણ-ચાર છોકરાઓ ઊભા હતા. કોઈના હાથમાં ગિટાર હતું, તો કોઈ ડ્રમ સાથે ઊભું હતું. સ્ટેજથી નીચે મીરાંની આસપાસ ગોળ ટેબલ પડ્યાં હતાં અને ત્યાં ક્લબના સફેદ ડ્રેસ પહેરેલા ત્યાં જ કામ કરતા આઠ-દસ માણસો બેઠા હતા. બધા હસી રહ્યા હતા. મીરાંને કશું જ સમજાય એ પહેલા ગિટાર વગાડવાનું ચાલુ થયું. ગોપાલે માઈક સરખું કરીને દૂર ઊભેલી મીરાંની આંખોમાં જોઈને પ્રપોઝ કર્યું !

"મીરાં...

યાર... તકલીફ છે તું. હું ઘરેથી નીકળ્યો હતો મારી પોતાની શોધમાં અને તું મળી ગઈ. તું મળી ગઈ અને મને મારું બધું જ ભુલાઈ ગયું. મને આખી દુનિયા સામે ગુસ્સો હતો પરંતુ પહેલીવાર મેં એક એવી છોકરી જોઈ જે પોતાની મરજીથી જીવતી હતી અને છતાં પણ દુનિયા સામે તેને કોઈ વાંધો ન હતો. તને જીવતી જોઈને મારા કેટલાયે સવાલોના જવાબ મળી ગયા. તારી સાથે..."

"અરે ભાઈ હિન્દી મેં બોલો..." પાછળથી કોઈ મોજમાં આવી ગયેલો ગિટાર વાળો વેઈટર બોલ્યો. ગોપાલે ગુજરાતી ચાલુ રાખ્યું :

"મીરાં, મારા મનના પ્રત્યેક વિચારોનો રસ્તો તને મળીને ઊભો રહી જાય છે. આ મૂરખ છોકરાના મનની બધી જ આગ તારી પાસે આવીને પીગળી જાય છે. તું છે તો લાગે છે... હા હું છું. અને તું નથી તો ?... એ સવાલની સાથે તૂટી જવાય છે. તારી સાથે બોલવું નથી પડતું. ચુપ રહીને વાતો થઈ જાય છે. તું ખુશ હોય તો આખું જગ જીતી ગયો હોય એવું લાગે છે. તું હારેલી હોય તો ખુદને હારેલો હોય એવો અહેસાસ થાય છે.

મેં તને આજે પ્રપોઝ કરવા માટે આ બધું આઠ વાર ગોખેલું હતું, પરંતુ છતાં જોને... તું સામે છે ને શબ્દો જ ભુલાઈ ગયા. તું સમજ... તારી સામે મારા શબ્દો પણ ઊભા રહી જાય છે. ઓયે પાગલ... આ ગાંડાને સાચવી લઈશ ? હું તને કહી નથી શક્યો પરંતુ હું તને છાતી ફાડીને પ્રેમ કરું છું.

મારે તારી સાથે રહીને મારી જાતને જાણવી છે. તારાં સપનાંઓ જોવા છે. મારાં

સપનાંઓ ઘડવા છે.

હું બૂઢો થઈશ ત્યાં સુધી તારો જેક બનીશ. તારી સાથે દરિયા વચ્ચે આવીશ. તને કિસ કરીશ. તું મારી રોઝ બનીશ ? બોલને દીકું... તારી ના સાંભળીશ તો ખબર નહીં આ પગ ઊભા રહી શકશે કે નહીં."

એ શબ્દો સાંભળીને મીરાં ત્યાં ઊભા ઊભા રડી પડી. શરૂઆતમાં ધીમે ધીમે એક-બે આંસુ એની આંખોમાં આવ્યાં અને પછી નીચે જોઈને ડૂસકાં ભરીને રડી પડી.

ગોપાલે તેને જોઈ. બધાએ જોઈ. બધા ચૂપ થઈ ગયા. ગોપાલે માઈક નીચે મૂકી દીધું. તેને દોડીને તેની નજીક જવું હતું. મીરાંનાં આંસુ જોઈને તેને કશું સમજાયું નહીં પણ તેની આંખ પણ ભરાઈ આવી. તે દૂરથી ધ્રૂજતા અવાજમાં બોલ્યો :

"આઈ લવ યુ મીરાં... સાચે."

મીરાંએ તરત જ પોતાનાં આંસુ લૂછ્યાં અને ઝડપથી સ્ટેજ તરફ દોડી. બધાએ તાળીઓ પાડી. સ્ટેજ પર ચડીને એ તરત જ ગોપાલની સામે ઊભી રહી ગઈ. તેની રડતી આંખો લાલ થઈ ગઈ હતી. ગોપાલ તેની સામે જ જોઈ રહ્યો. બંને એકબીજાંની સામે જોઈ રહ્યાં. બંનેની આંખોમાં આંસુ આવ્યાં. મીરાંએ ઝૂકીને પોતાના જમણા પગનું સ્લિપર કાઢ્યું. તાળીઓ બંધ થઈ ગઈ. સિસોટીઓ પણ વગડતી બંધ થઈ ગઈ. ગોપાલ મીરાંને જોતો જ રહ્યો. અને...

સટાક...

મીરાંએ નજીક આવીને ગોપાલને હાથ પાસે ફટકારી ! માઈલ પડી ગયું. ગોપાલ સ્થિર ઊભો રહી ગયો. તેને કશું જ ખબર ન પડી કે તેને શું કરવું. મીરાંએ રડવાનું ચાલુ રાખ્યું અને ગોપાલને ગમે ત્યાં સ્લિપરથી મારવા લાગી.

ક્લબમાં સન્નાટો છવાઈ ગયો. માત્ર સ્લિપરના વાગવાનો અવાજ આવતો હતો. મીરાં રડવાનું રોકી શકતી ન હતી અને હવે ગોપાલને વધુ જોરથી મારી રહી હતી. ગોપાલ પૂતળાની જેમ ઊભો રહીને તેના રડતા ચહેરાને સ્થિર નજરથી જોઈ રહ્યો હતો.

બસ...

તેણે સ્લિપર ફેંકી દીધું અને ઝડપથી ગોપાલને ભેટી પડી. ભાંગી પડી. ગોપાલ તેને મજબૂતીથી પકડીને તેની પીઠ પર હાથ ફેરવવા લાગ્યો. બંનેએ આંખો બંધ કરી દીધી. ફરી તાળીઓ અને સિસોટીઓ અને ધીમું ગિટાર વગાડવા લાગ્યા. પછી મીરાંએ ગોપાલને હોઠ પર કિસ કરી. બંનેના હોઠ ધ્રૂજી ઊઠ્યા. એ કિસ એટલી તીવ્ર હતી કે બંને જાણે એકબીજાંને છોડવા માગતાં હતાં પરંતુ છોડી શકતાં ન હતાં.

એ કિસમાં છુપાયેલું હતું મીરાંનું આઈ લવ યુ ટૂ.

એ પછી તે જે રીતે આસપાસની દુનિયાની પરવા કર્યા વિના ગોપાલને ગળા પર, કપાળ પર, ખભા પર, ગાલ પર કિસ કરતી હતી એ વહાલમાં છુપાયેલું હતું આઈ લવ યુ ટૂ.

એ જ્યારે ફરીફરી ગોપાલની બાહોમાં ચોંટી જતી હતી અને પછી પોતાના હાથમાં જેટલું બળ હતું એ બધું જ બળ વાપરીને તેને વળગી પડતી હતી. ફરીફરી. એ કસકની

અંદર હતું મીરાંનું આઇ લવ યુ ટૂ.

મોડી રાત્રે બંનેએ ચિંતન અને ક્લબના મૅનેજર સાથે બિયર પાર્ટી કરી. મીરાં પહેલીવાર ગોપાલની બાજુમાં તેનો હાથ પકડીને બેઠી હતી. બધાંએ વોડકાના શોટ્સ લગાવેલા. ટેબલ પર મીરાં એકલી એકલી ગીતો ગાતી હતી અને એ દીવાની મીરાં જોઈને બધાં હસી રહ્યા હતા. વોડકાના નશામાં એ જાણે કોઈ બીજી દુનિયામાં જ આવી ગઈ હતી.

પણ મીરાંને વોડકા આવી દીવાની ન કરી શકે. પ્રેમનો નશો હશે કદાચ.

મોડી રાત્રે મૅનેજરે એક ટૅક્સી બુક કરી અને બંનેને બેસાડી દીધાં. ટૅક્સીમાં પણ મીરાં ગોપાલને કિસ કરતી રહી. રડતી રહી. કશું બોલતી ન હતી. આંસુ પાડતી હતી. હસતી હતી અને થોડી થોડીવારે બાજુમાં બેઠેલા ગોપાલને ખેંચીને કિસ કરી લેતી હતી. ઘર આવ્યું ત્યાં સુધીમાં તો એ ટૅક્સીમાં સૂઈ ગઈ હતી. ગોપાલ તેને પોતાના બંને હાથમાં ઊંચકીને અંધારામાં ઝાડીઓમાં થતો ઘર સુધી લઈ આવ્યો. મીરાંના ખિસ્સામાંથી ચાવી કાઢીને બારણું ખોલીને તેને તેના બેડ પર સૂવડાવી.

હજુ એ તેને ચાદર ઓઢાડે એ પહેલાં જ મીરાંએ તેને ખેંચી લીધો. પોતાની બાજુમાં લઈને ફરી કિસ કરવા લાગી. ઠંડી ધ્રુજાવી દેતી રાત બહાર ભાગી ગઈ.

એ રાત્રે પથારીમાં એમનાં શરીરોની તીવ્રતામાં હતું મીરાંનું આઇ લવ યુ ટૂ.

23

દિવસો પસાર થયા. દરેક તોફાનની જેમ આ પ્રેમનું તોફાન પણ સમય સાથે શાંત થયું હતું. મીરાં અને ગોપાલ નોર્થપોલ પર પોતાની જિંદગીઓને સાચવી રહ્યાં હતાં. તેમના પ્રેમની તીવ્રતા એમના ચહેરાઓ પર દેખાતી હતી. દિવસે દિવસે બંનેને ખબર પડતી જતી હતી કે તેઓ હવે એકલાં ન હતાં. એક હતાં. એમના આ ઘરની સામે વહેતી પેલી નદીની જેમ વહેતું જવાનું હતું. બંને હજુ પહેલાંની જેમ જ એકબીજાંના દોસ્તની જેમ રહેતાં હતાં, પરંતુ ક્યાંક કશુંક હતું જે... હતું.

રોજે સવારે સામેના નદીકિનારાનાં વૃક્ષો પર કબૂતરો, ચકલીઓનો કલબલાટ શરૂ થતો. નદી ઉપર આછું ધુમ્મસ છવાઈ જતું. ઘણીવાર તો જાણે બંને વાદળાંઓમાં ઘર બનાવીને રહેતાં હોય એવું ધુમ્મસ રહેતું. મીરાંએ ઘરની આસપાસ નાનકડા છોડ વાવ્યા હતા. ગમે તેવું વાવ્યું હતું. પોતાને ન ખબર હોય એવા છોડ પણ વાવ્યા હતા. સવારમાં બંને ઊઠીને નદીમાં પડતાં. ઠંડા પાણીમાં નાહીને કપડાં બદલાવીને મીરાં ચા બનાવતી. ના. આજકાલ ગોપાલ ચા બનાવતો. બંને વહેલી સવારના આછા વાદળી અજવાળામાં બાલ્કનીમાં બેસીને સિગારેટ ફૂંકતા. મીરાં બટાકાપૌંઆ બનાવીને બહાર લાવતી અને બંને નાસ્તો કરતાં. સામેના વૃક્ષ પર બાંધેલી દોરી પર બંનેનાં કપડાં સુકાતાં રહેતાં. શિયાળાના પવનમાં કપડાંને હવામાં ઊછળતાં જોતા રહેવાં એ મીરાંનું રૂટિન હતું. આવી જ કંઈક એમની જિંદગી હતી. પ્રેમ નામની દોરીથી બંધાઈને એ બંને આ સફરની હવામાં ઊછળ્યાં કરતાં હતાં. હવે શબ્દો ખૂટી જતા. પોતાની આંખો સામે એ માણસની હાજરી જ ઘણુંબધું હતી. આ કુદરતની વચ્ચે એમનું એક થઈને હોવું એ શબ્દોનું મોહતાજ ન હતું. ક્યારેક સવારના કુમળા તડકામાં કલાકો સુધી ચૂપચાપ બેઠાં પછી જોબનો સમય થાય એટલે એકબીજાં સામે એક નાનકડી મુસ્કાન આખા દિવસભરની વાતો કરી લેતી. બુલેટની કિક લગાવીને બંને ત્રીસ કિલોમીટર દૂર ઊછળતા માણસોના દરિયામાં ચાલ્યાં જતાં. પેલાએ જમ્યું હશે કે નહીં ? એને આ નોકરી ફાવી ગઈ હશે કે નહીં ? એને સાંજે એકલા ઘરે આવવામાં કેટલી બધી તકલીફ પડતી હશે ? આવા સામાન્ય સવાલો પજવતા રહેતા હતા. ઘણીવાર ગોપાલ એકલો દરિયાકિનારે જતો રહેતો. દરિયાને જોઈને એને પોતાનાં બધાં જ દુઃખ ભુલાઈ જતાં. ક્યાંક પેલાં મોજાંઓના અવાજની અંદર પોતાની અંદર સતત ચાલતો એવો એક ઘોંઘાટ શમી જતો. થતું કે તેની જિંદગીમાં જે પણ થયું એ બધું જ સારા માટે થયું.

જે પણ થાય છે એ બધું જ સારા માટે થાય છે.

એ અત્યારે જે કંઈ પણ હતો એ બધું જ ક્યાંક તેની એક એક ચોઈસનો સરવાળો હતું. જો એ દિવસે એણે રસ્તા પર ઊભા રહીને બસ સાથે ભટકાઈને આત્મહત્યા કરવાનું ના વિચાર્યું હોત તો તે ક્યારેક પોતાનાં માબાપને કહી શક્યો ન હોત કે તે કેટલો હારેલો હતો અને તેને જંગલમાં ભાગી જવું હતું. જંગલમાં તે સવારે જો એ પેલા બાવા સાથે

નગ્ન થઈને પાણીમાં નાચ્યો ન હોત તો તેને ક્યારેય ખબર ન હોત કે આ દુનિયામાં તેને સાબિત થવાનું ન હતું. ત્યાં બસ... હોવું એ જ જીવનની ઉજવણી હતી. ત્યાંથી ભાગીને એ મુંબઈ ના આવ્યો હોત અને ગુસ્સામાં રસ્તા વચ્ચે નગ્ન ના થયો હોત તો તેને મીરાં ક્યારેય ના મળી હોત. મીરાં સાથે પથ્થર પર ઊભા રહીને એ દરિયામાં પડી જવા માગતો હતો, પરંતુ જો મીરાંએ, 'આંખો બંધ કરીને મરતો નહીં. જો તાકાત હોય તો ખુલ્લી આંખે મર.' એવું ન કહ્યું હોત તો આજે એની આંખો ખૂલી જ ન હોત. મીરાં તો ગાંડી હતી. જાણે જિંદગીને મુઠ્ઠીમાં ભરીને જીવતી હતી. એ ખુદ જ એક દરિયો હતી. જો એ દરિયામાં ગોપાલ ન ડૂબ્યો હોત તો આજે પોતાના સમાજમાં જઈને કોઈ છોકરીને જોવા ગયો હોત અને લગ્ન કરી લીધાં હોત. શહેરના કોઈ ખૂણામાં નાનકડો 1-BHK રૂમ ભાડે રાખીને પોતાની પત્ની સાથે રહેતો હોત અને પોતાને ન ગમતી જૉબ કરતો હોત. ખેર... આજે પણ એ એક નાનકડા ઘરમાં રહે છે. માબાપ, બહેનો નથી. જૂના દોસ્તો નથી. હજુ ગમતી જૉબ નથી. જિંદગી ભાગતી રહે છે. એક ક્ષણે આ જીવન આટલું સરળ અને ભવ્ય લાગશે એ ક્યારેય વિચાર્યું ન હતું.

હા...ફરીફરી અનુભૂતિ થતી કે અત્યારની આ ક્ષણ એકલી ન હતી. અત્યારે જે હતું એ બધું જ હજારો જિવાયેલી ક્ષણોને લીધે અહીં હતું. જેટલું જીવવાનું બચ્યું છે એ બધું જ આ રીતે જ પોતાની ચોઈસ કરતાં કરતાં પસાર થવાનું છે. વહી જવાનું છે. એ સુખ-દુઃખ, એ આંસુ-મુસ્કાન, એ સંઘર્ષ-ગુસ્સો, એ નિષ્ફળતાઓ અને આ નાનકડી સફળતા, એ સ્થિરતા અને આ ભાગવું, એ મોત અને આ જિંદગી... બધું જ આ રીતે જ પસાર થઈ જવાનું છે. કદાચ આને જ જીવવું કહેવાતું હશે. કદાચ માણસો આ રીતે જ જીવી જીવીને એક દિવસ બંધ થઈ જતા હશે. મોત એક જ છેલ્લું સત્ય હશે.

પછી મોત આવે એ પહેલા અહીં જે કંઈ પણ છે એ બધું જ સત્ય હશે.

કદાચ બધું જ સત્ય હશે. કદાચ બધું જ ભ્રમ હશે.

બીજા ત્રણ મહિનાઓ પસાર થઈ ચૂક્યા હતા. એક સાંજે ગોપાલ ઘરે રૂમમાં ખુરશી મૂકીને મોટા ફાનસના અજવાળામાં એક નવલકથા વાંચી રહ્યો હતો. બહાર ખૂબ ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. ઘરનાં બધા જ બારી-બારણાં બંધ હતાં. ઘરની ચારે તરફ મીરાંએ વાવેલા છોડવાઓનાં ફૂલો સાંજ નજીક કરમાઈ ગયાં હતાં. પવનને લીધે એ સફેદ અને લાલ ફૂલડાંઓ ખરીખરીને ચારે તરફ ઊડી રહ્યાં હતાં.

એ ફૂલડાંઓની પાછળ ભાગી રહ્યો હતો એક નાનકડો સફેદ જીવ ! એકાદ વેંત ઊંચી સફેદ બિલાડી ! મીરાંએ એ બિલાડી પાળી હતી. તેની આંખો નદીના રંગ જેવી હતી. હંમેશાં ભીની રહેતી. તેના નાનકડા આછા ગુલાબી કાન અંદર કાળાં ટપકાંઓ હતાં. તેની નાનકડી પૂંછડીના છેડે પણ કાળા રંગની રિંગ પહેરી હોય એવી પાતળી પટ્ટી હતી. તેનું નામ હતું : આમોરી.

મીરાંએ આ નામ રાખેલું. આમોર એ ફ્રેન્ચ શબ્દ છે. એનો અર્થ થાય પ્રેમ. આ

બિલાડી ખૂબ પ્રેમાળ હતી એટલે મીરાંએ તેનું નામ આમોરી રાખી દીધું.

એ બિલાડી પણ મીરાં જેવી જ હતી. એકદમ જીવતી ! ચારે તરફ ભાગમભાગ કરતી. ઘરની અંદર ભાગ્યે જ આવતી. ઘરની ચારે તરફ પતંગિયાંઓ પાછળ દોડ્યા કરતી. મીરાં ઘરે આવે એટલે એની પાસે આવી જતી અને પછી મીરાં વાંચતી હોય ત્યારે એના ખોળામાં છુપાઈને બેઠી રહેતી. મીરાં રોજે એના માટે મુંબઈથી દૂધ લઈને આવતી. એ રોજે મીરાંની રાહ જોતી. મીરાં અને ગોપાલ સૂતાં હોય ત્યારે મીરાંના બેડ પર જઈને એ મીરાંના ગળા પાસે લપાઈને સૂઈ જતી. આમોરી આવ્યા પછી ગોપાલને મીરાંના ગળા પાસે લપાઈને સૂઈ શકવાની પરવાનગી ન હતી.

ગોપાલની બારટેન્ડર તરીકેની જૉબ રાત્રે ચાલુ થતી એટલે તે બપોર સુધી ઘરે જ રહેતો. આમોરી તેની પણ દોસ્ત બની ગઈ હતી. ગોપાલ રૂમમાં વાંચતો હોય ત્યારે એ એના ખોળામાં છુપાઈને બુકનાં પાનાંઓ જોયા કરતી. જાણે પોતે પણ કોઈ નવલકથાના વિશ્વમાં પહોંચી ગઈ હોય અને બધું સમજી રહી હોય.

તે સાંજે તે બહાર હતી. સાંજના છ વાગ્યા હતા. આછું અંધારું હતું. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. આમોરી ચારે તરફ ઊડી રહેલાં ફૂલડાંઓ પાછળ દોડતી હતી.

દૂરથી મીરાંની બુલેટનો અંદર આવવાનો અવાજ આવ્યો. આમોરીએ કાન ઊંચા કર્યા અને મીરાં અને બુલેટ જોઈ. એ બુલેટ તરફ દોડી. મીરાંએ આજે પહેલીવાર આમોરી સામે પણ ન જોયું અને બુલેટને નદીકિનારે જમીન પર પડતું મૂકીને એ ઝડપથી ઘર તરફ આવી. પોતે પહેરેલું હેલ્મેટ તેણે નીચે ફેંકી દીધું. આમોરી દોડતી હેલ્મેટ પાસે ગઈ અને તેને સૂંઘવા લાગી. વળી પાછી એ મીરાંની પાછળ ઘર તરફ દોડી. મીરાં કોઈ અજાણ્યો ડર અને ગુસ્સાથી ગોપાલ તરફ જઈ રહી હતી.

બારણું ખુલ્લું હતું. તેણે બારણાને જોરથી ધક્કો માર્યો. બારણાના અવાજથી ગોપાલ બુકમાંથી બહાર આવ્યો. ઊભો થયો. તેણે મીરાંને રડતી ગુસ્સા ભરેલી આંખો સાથે તેના તરફ આવતી જોઈ.

"શું થયું મીરાં ?" ગોપાલ હજુ બોલ્યો કે તરત જ...

સટાક...

ગોપાલના ગાલ પર જોરથી તમાચો પડ્યો. તમાચો પડતાં સાથે જ મીરાંએ જોરથી રાડ નાખી :

"હરામખોર..."

એક ક્ષણ માટે ગોપાલ મીરાંની સામે ફાટેલી આંખે જોઈ રહ્યો. મીરાં હવે રડવાનું રોકી શકી નહીં અને અંદરથી ભાંગી પડી હોય એ રીતે ખુરશી પર બેસી ગઈ અને પોતાના લાલ થઈ ગયેલા ચહેરા પર હથેળી મૂકીને હિબકાં ભરતી રડવા લાગી. તેના વાળ વિખરાઈ ગયા હતા. ગોપાલ મીરાં પાસે ઊભો રહ્યો અને ધીમેથી થોડા ગુસ્સા સાથે બોલ્યો :

"મેં શું કર્યું ?"

મીરાંએ એ શબ્દો સાંભળીને આંખો પરથી હથેળી હટાવી અને વધુ ગુસ્સા ભરી

નજરથી ગોપાલની સામે જોયું. ગોપાલ પણ તેની સામે જોઈ રહ્યો.

તે ઊભી થઈ અને ગોપાલની નજીક આવીને પોતાના બધા ગુસ્સાને ઓકતી આંસુ ભરેલી આંખે ગોપાલ સામે ધીમા અવાજે બોલી શકી :

"આઇ એમ પ્રેગ્નન્ટ."

"શું ?" ગોપાલે એ શબ્દો સાંભળ્યા અને એક ક્ષણ માટે બધું જ ખોટું લાગ્યું, પણ બીજી જ ક્ષણે તેને અહેસાસ થયો. પગ ઠંડા પડી ગયા. ચહેરો ફિક્કો પડી ગયો. તેની પાછળ રહેલી લાકડાની દીવાલને તે માંડ પકડી શક્યો અને નીચે બેસી ગયો.

મીરાં પણ તેની સામે જોઈ રહી. નીચે બેસીને ગોપાલ મીરાંની સામે જોઈ રહ્યો. એકબીજાંની આંખોમાં તેઓ જોઈ શક્યાં નહીં. મીરાં પણ ખુરશી પર બેસી ગઈ અને દૂર બારી તરફ જોઈને ફરી ભાંગી પડી. તેના આંસુ ગળા સુધી વહી રહ્યાં હતાં. ગોપાલની આંખો પણ હવે રડવા લાગી હતી. કેટલીયે ક્ષણો સુધી બંને એમ જ ચૂપચાપ બેઠાં રહ્યાં. શું થઈ ગયું, કેવી રીતે થઈ ગયું એ કશું જ સમજાતું ન હતું.

બંને ગુસ્સે થઈ રહ્યાં હતાં. જાણે બંનેને માથે કશુંક એવું આવી પડ્યું હતું જેની સપનામાં પણ તેમને કલ્પના નહીં હોય. મીરાં તો હવે ચૂપચાપ ગુસ્સાને લીધે ધ્રૂજી રહી હતી. ગોપાલ પણ પોતાના ચહેરા પર હાથ મૂકીને બધું યાદ કરીને રડી રહ્યો હતો.

"શું થશે હવે ?" ગોપાલ ધ્રૂજતા હોઠ સાથે બોલ્યો.

"આ તારો વાંક છે, હરામખોર..." મીરાંએ ભયંકર ગુસ્સા સાથે જોરથી રાડ નાખી. ગોપાલ બસ તેના અવાજને સાંભળતો રહ્યો. ફરી બંને ચૂપ થઈ ગયાં.

"મેં તને કહેલું હતું કે સાલા કોન્ડમ પહેરજે." તે ગુસ્સામાં બારી સામે જોતી બોલી અને પછી તરત જ ગોપાલ સામે રાડ નાખી, "શું કર્યું તેં ?"

"મીરાં ?" તેણે ગુસ્સાથી સામે રાડ નાખી. ગોપાલને ભરોસો નહોતો આવતો કે મીરાં તેને એકલાને શા માટે કોસી રહી હતી.

"મેં તને કહેલું કે સાલા... પહેરજે. શું કર્યું તેં ? કેટલીવાર કહેલું કે..." તે બોલવા જતી હતી પરંતુ તરત જ ફરી ભાંગી પડતી હતી. હવે તે ગોપાલની સામે પણ જોતી ન હતી. બારી તરફ જોઈને બસ રડ્યા કરતી હતી. ગોપાલ પણ પોતાની સ્થિર આંખોમાં આંસુ સાથે છત તરફ જોઈ રહ્યો હતો. તે પણ ગુસ્સામાં હતો.

અંધારું થઈ ગયું હતું. મીરાંના અવાજથી ડરીને આમોરી પણ બહાર ચાદર પર લપાઈને બેસી ગઈ હતી. અંધારામાં ફાનસને ચાલુ પણ કરવામાં આવ્યું ન હતું. મીરાં અને ગોપાલ બંને બસ ચૂપચાપ રડ્યે જતાં હતાં. બંનેને એકબીજાં પણ જાણે એટલો ગુસ્સો હતો કે...

એકાદ કલાક વીતી ગયો હતો. કોઈ મરેલું શરીર ઊભું થતું હોય એમ ગોપાલે ઊભા થઈને રસોડામાં ફાનસ ચાલુ કર્યું. આમોરી દોડતી આવી અને ગોપાલનો પગ ચાટવા લાગી. ગોપાલને જાણે કશો જ ફર્ક પડતો ન હોય એમ ફરી એ મીરાંથી થોડે દૂર દીવાલના ટેકે બેસી ગયો. રૂમમાં આછું પીળું અજવાળું હતું. મીરાં જે ખુરશી પર બેઠી હતી તેના પર લાઇટ પડવાથી સામે બારી પાસે મોટો પડછાયો પડી રહ્યો હતો. ગોપાલ

પણ એ પડછાયાને રડતાં અને આંખો ચોળતાં જોઈ રહ્યો હતો.

"તું નીકળી જા અહીંથી..." મીરાં પોતાની આંગળીઓ સામે જોતી બોલી. ગોપાલે જ્યારે એ શબ્દો સાંભળ્યા ત્યારે છાતીમાં ફાળ પડી.

"શું ?" તેને એ શબ્દોનો વિશ્વાસ ન આવ્યો.

"તું નીકળ અહીંયાથી. એમ કહું છું, મૂરખ..." તેણે ગોપાલની સામે જોયા વગર મોટેથી કહ્યું. ગોપાલ એ શબ્દોને સાંભળીને પૂતળાની જેમ બેઠો રહ્યો. ઘણીવાર સુધી કોઈ કશું જ બોલ્યું નહીં. બંનેના રડવાના અવાજ પણ ધીમા થઈ ગયા હતા. આમોરી બહારના હૉલમાં ખૂણામાં બેસી ગઈ હતી. ગોપાલ ઊભો થયો.

"તેં મારા માટે જેટલું પણ કર્યું છે તેનો આભાર તો નહીં માનું." તે બોલ્યો, "પણ..." બસ એટલું બોલીને તે દરવાજા તરફ ગયો. પાછળના ફાનસને લીધે તેનો મોટો કાળો પછડાયો દરવાજા આગળ ઊભો હતો. ગોપાલે ફરી પાછું ફરીને જોયું. મીરાં તેની સામે જોઈ રહી હતી. બંનેએ એકબીજાંની રડતી આંખોમાં જોયું. મીરાં જાણે તેને ન જવા કહી રહી હોય એવું લાગ્યું.

ના. જતો નહીં. નથી જવાનું તારે. આઇ એમ સૉરી, ગોપાલ. ઊભો રહે. મીરાંની આંખો બોલી રહી હતી. ગોપાલે બારણું ખોલ્યું અને મીરાંની આંખોમાંથી વધુ આંસુ નીકળી પડ્યાં.

પોતાના કોઈ સામાનની કે કપડાંની દરકાર કર્યા વિના ગોપાલ બારણા બહાર જતો રહ્યો. તેના ચહેરા પર કોઈ ભાવ ન હતા. બીજે છેડે મીરાં ખુરશીમાંથી તરત જ ઊભી થઈ અને દોડીને બારણા પાસે આવી. ગોપાલને પગથિયાં ઊતરતો જોઈ રહી. બારણાં આગળ મૂકેલી મચ્છર રોકવાની નેટ ગોપાલે બંધ કરી હતી. તે એ જાળીમાંથી ગોપાલ સામે જોઈ રહી. આંસુઓ સામે વહેતી નદીની જેમ વહેવા લાગ્યાં.

પોતાના શરીરમાંથી એક અંગ છૂટું પડી જતું હોય એવી એ પીડા થઈ એ બંનેને અંદર.

બંને કશું બોલી શકતાં ન હતાં. બધું જ ખૂબ ઝડપથી થઈ ગયું હતું.

મીરાં, મને રોક તો ખરી. તું મને આમ છોડી દઈશ ? હું પાછો આવું ? હું તારા વિના નહીં જીવી શકું એકલો...

ગોપાલ બોલવા માગતો હતો. ન બોલી શક્યો. તેણે છેલ્લીવાર પાછું ફરીને મીરાં સામે જોયું. એ ડ્રુસકે ડ્રુસકે ચૂપચાપ રડી રહી હતી. તેના પગ પાસે આમોરી ઊભી હતી અને એ મીરાંના નીચે પડતાં આંસુને જોઈ રહી હતી. સૂંઘી રહી હતી અને પછી ઉપર મીરાંના ચહેરાને જોઈને અવાજ કરી રહી હતી.

ગોપાલ...ઊભો રહે. જતો નહીં. માફ કરી દે મને. હું તારા વિના...

નહીં જીવી શકું ગોપાલ...

પરંતુ ગળામાંથી અવાજ પણ ન નીકળ્યો. ગોપાલ બહાર નીકળવાના રસ્તા તરફ અંધારામાં ચાલતો ખોવાઈ ગયો. મીરાં બારણા બહાર આવી. ઝડપથી પગથિયાં ઊતરીને અંધારા તરફ દોડી.

પણ... એ જતો રહ્યો હતો. તે અંધકારમાં જ ઊભી રહી ગઈ. પોતાના નાનકડા પેટ પર હાથ ફેરવ્યો.

તે રાત્રે મીરાં રૂમમાં અંધારામાં બેઠી બેઠી રડતી રહી. તેનાથી મોટી ભૂલ થઈ ગઈ હોય એવું અનુભવતી રહી. આમોરી પણ આખી રાત તેની બાજુમાં બેસીને અવાજ કરતી રહી. રાત્રે ત્રણ વાગ્યે તો મીરાં એટલી બધી ભાંગી પડી કે ધીમા, બેસી ગયેલા અવાજે અંધારામાં બોલવા લાગી : "ગોપાલ... ગોપાલ..."

"તું પાછો આવી જા ગોપાલ. નહીં રહી શકું તારા વિના. નહીં રહી શકું..."

એકલતા કોરી ખાતી હતી. *ગોપાલ ક્યારેય પાછો નહીં આવે...* બસ, એ એક વિચાર સતત આવી રહ્યો હતો. ઠંડીને લીધે શરીર ધ્રૂજી રહ્યું હતું પરંતુ જાણે પોતાની જાતને સજા આપતી હોય એમ એ કશું જ ઓઢ્યા વિના એ કંપી રહી હતી.

કદાચ એ ધ્રુજારી અંદરથી જ પેદા થઈ હશે. એનું શરીર જાણે ભૂખ-તરસ બધું જ ભૂલી ગયું હતું. આંસુઓ રોકી શકાતાં ન હતા. માત્ર શરીરનું અંગ જતું રહ્યું હોય એવો અહેસાસ તો સહન થઈ શકે તેમ હતો, પરંતુ હવે તો ધીમેધીમે એ અનુભવી રહી હતી કે પોતાના આખા અસ્તિત્વનો ભાગ તેને છોડી ગયો છે. *ગોપાલ તું ક્યાં હશે ? તું જમ્યો કે નહીં ? હવે તું એકલો રહીશ ? મને આ રીતે મૂકીને જતો રહીશ ? આ તારી મીરાં સામે જોને...*

વિચારો બંધ થતા ન હતા. ઊંઘ આવતી ન હતી અને હવે તો જાણે શ્વાસ ખૂટતા હતા. એ સૂવા માટે આંખો બંધ કરે અને દિમાગમાં એકસાથે હજારો ચિત્રો પેદા થતાં હતાં. કોણ હતું ? ગોપાલ.

બસ ગોપાલ...

હૃદયમાં ફાળ પડતી હતી. પોતે આવી ક્યારેય ન હતી. આ તો ગોપાલ વિના ગાંડી થઈ રહી હતી. ચારે તરફના સન્નાટામાં અંધકારમાં બસ તેને એક જ ધૂન લાગી હતી... *ગોપાલ... ગોપાલ... ગોપાલ.*

આવી ગોપાલ માટેની દીવાનગી તો તેણે બાળપણમાં દાદી પાસે મીરાંબાઈની કહાનીઓમાં જ સાંભળી હતી. પ્રેમની આવી તાકાત તેનાથી સહન થતી ન હતી. શરીરમાં તાવ ચડી રહ્યો હતો. વહેલી સવારે જ્યારે એ પ્રેમનો તાવ વધી ગયો અને દાંત કાંપવા લાગ્યા ત્યારે એ જેમતેમ કરીને પોતાની રૂમમાં ગઈ અને બેડ પર પડી. પોતાનો ચહેરો ઓશીકા સાથે દબાવીને વરસાદની જેમ રડી પડી. સવારનું અજવાળું જન્મ્યું એમ ઓશીકામાં આંસુના દાગ મોટા થતા ગયા.

કેટલું સહેલું હતું ગોપાલને થપ્પડ મારીને કહી દેવાનું કે આ તારો વાંક છે ! કેટલું સહેલું હતું તેને ઘરથી બહાર નીકળી જા એમ કહી દેવાનું. પરંતુ જ્યારે મીરાંને અહેસાસ થયો કે ગોપાલનો એમાં કશો જ વાંક ન હતો ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. ગોપાલ તો હારેલો મરવા જતો માણસ હતો. તે વચ્ચે આવી હતી. હવે ફરી તેને એકલો છોડી દીધો. એ ક્યાંક મરવા નહીં જતો રહેને ? એવો એક વિચાર પણ તેને ધ્રુજાવી દેતો હતો.

સવાર થઈ ગઈ હતી પરંતુ રડવાનું બંધ ન થયું. તેને બંધ થવું પણ ન હતું.

સવારના નવ વાગ્યા હશે. રૂમની બારીમાંથી સૂરજનો કુમળો તડકો મીરાંના બેડ પર પથરાઈ રહ્યો હતો. મીરાંની આંખો બંધ હતી. સોજી ગયેલી હતી. રડીરડીને આંખોની ચારે તરફ લાલ ડાઘ દેખાઈ રહ્યા હતા. થાક, તાવ, ભૂખને લીધે જાણે કોઈ મડદું પડ્યું હોય એમ એ તડકાની અંદર બેડ પર પડી હતી. આંખો ખોલી શકે તેવી હાલત ન હતી. દિમાગ સુન્ન હતું. વિચારોને પણ જન્મવાની કોઈ તાકાત ન હતી. એક હાથ હજુ નાનકડા ઉપસેલા પેટ પર હતો.

બહાર કોઈ વાહનનો અંદર આવવાનો અવાજ આવ્યો.

મીરાંએ ઊંઘભરી હાલતમાં એ અવાજ સાંભળ્યો. વાહન ઘર તરફ આવતું હતું એમ એ અવાજ મોટો થતો જતો હતો. મીરાંને આંખ ખોલવી ન હતી. એની બંધ આંખોમાં ગોપાલની યાદો હતી. તે ગોપાલને પોતાની સામે ઊભેલો અનુભવી રહી હતી. એથી વધુ તેને કશું જ જોઈતું ન હતું. તેની યાદોમાં ગોપાલ તેની સાથે વાતો કરી રહ્યો હતો. સિગારેટ ફૂંકીને ડાન્સ કરી રહ્યો હતો. પેલી રૂમમાં ખૂણામાં બેસીને બુક વાંચી રહ્યો હતો. મોડી રાત્રે રોડના ડિવાઈડર પર કૉફી પીઈને પછી મીરાંનો હાથ પકડીને ફરવા જઈ રહ્યો હતો. દરિયા અંદર હોડીમાં તે જેક બનીને ઊભો હતો. જંગલમાં ઘર બનાવવા ચારે તરફ ભટકી રહ્યો હતો. મીરાં કહે તેમ બધું જ કરી રહ્યો હતો. મીરાંને સ્ટેજ પરથી પ્રપોઝ કરી રહ્યો હતો.

"મીરાં..." મીરાંને અવાજ સંભળાઈ રહ્યો હતો. તેનાં સપનાંઓને અવાજ પણ હશે. મીરાં બંધ આંખે મુસ્કુરાઈ રહી હતી.

"મીરાં..." એ અવાજ ફરી આવ્યો. મીરાંને ફાળ પડી. એ અવાજ ક્યાંથી ? ગોપાલ તેની બાજુમાં તો નહીં બેઠો હોયને ? તેને આંખ ખોલવી હતી પણ ખોલી નહીં. તેને સપનામાં રહેવું હતું.

તેને ભાન થઈ રહ્યું હતું કે વાહનનો અવાજ બંધ થઈ ગયો હતો. કોઈ બહાર હતું.

"મીરાં ?"

મડદામાં જીવ આવે એ રીતે મીરાંનું શરીર ઊભું થઈ ગયું. એ ગોપાલનો અવાજ હતો. દુ:ખતી આંખો ખૂલી. એને કંઈ દિશામાં દોડવું એ પણ ખબર ન હતી અને એ કાચની બારી તરફ દોડીને ઊભી રહી ગઈ. પછી ભાન થયું કે બારણું બીજી તરફ છે એટલે એ બારણાં તરફ દોડી. પાગલ...

બારણાં પાસે પહોંચીને તેણે જાળીમાંથી બહાર જોયું. બહાર કુમળા તડકા અંદર એક મિનીટ્રક પાસે ગોપાલ ઊભો હતો એની રાહમાં. મીરાંની આંખોમાં દડદડ આંસુડાં ભાગવા લાગ્યાં. ગોપાલનું ચિત્ર ઝાંખું બની ગયું. તેણે તરત જ આંખો લૂછી નાખી એ ચિત્રને જોવા માટે. ખબર નહીં કેમ પરંતુ તેના પગ થીજી ગયા હતા. એ ગોપાલ તરફ

દોડી શકતી ન હતી. રડતી મીરાંને જોઈ ગોપાલ હસી રહ્યો હતો. પોતાના બંને હાથ ફેલાવીને મીરાંને પોતાની બાહોમાં આવી જવા કહી રહ્યો હતો.

છેવટે જાળી ખસેડી અને મીરાં ગોપાલ તરફ દોડી. પગથિયાંનું પણ ભાન ના રહ્યું અને પડતાં પડતાં બચી ગઈ. એ એવી તે ભાગી કે જાણે કૃષ્ણનાં દર્શન માત્ર બે ક્ષણ માટે જ થવાનાં હોય અને પછી એ ફરી આ દીવાની મીરાંને મૂકીને જતા રહેવાના હોય.

પડતી, આખડતી, દોડતી મીરાંએ પોતાના શરીરને ગોપાલની બાહોમાં ફેંકી દીધું. ગોપાલે તેને તરત જ પોતાની છાતીમાં જકડી લીધી. બંને નીચે જમીન પર પડી ગયાં. ગોપાલે છતાં પણ મીરાંને જકડી રાખી. મીરાં રડી રહી હતી. ગોપાલની છાતીમાં પોતાનું માથું મૂકીને એના ધબકાર સાંભળી રહી હતી. ગોપાલ પોતાના શરીર પર પથરાઈને ચોંટી રહેલી મીરાંની પીઠ પર હાથ ફેરવી રહ્યો હતો.

મીરાંના ચહેરાને તેણે હળવેથી ઊંચો કર્યો. મીરાંની સૂજી ગયેલી લાલ આંખોમાં જોયું. ગોપાલની આંખો પણ એટલી જ લાલ હતી. બંને એકબીજાં સામે વધુ જોઈ શક્યાં નહીં અને ગોપાલે પોતાની બંને હથેળીમાં એ તોફાનના ચહેરાને લઈને કિસ કરી. બંનેના હોઠ જાણે વર્ષોની રાહ પછી ભેગા થતા હોય એમ ભેટી પડ્યા.

ટ્રકનો ડ્રાઇવર શરમાઈને આ બંનેને જમીન પર સૂતાં સૂતાં કિસ કરતા જોતો હસતો હતો. દૂર બારણા પાસે આમોરી પણ હસી રહી હતી. મીરાં તો પછી ગોપાલના ચહેરા પર, ગળા પર, હાથ પર બધે જ વહાલી કરતી જતી હતી. ફરી જ્યારે એમણે એકબીજાંની સામે જોયું ત્યારે ફરી રડી પડ્યાં.

"આઇ લવ યુ..." ગોપાલ બોલ્યો. "એક રાત પણ દૂર નથી રહી શકતો તારા વિના. તું મારો શ્વાસ છે." તે બોલ્યો. બંને ફરી વળગી પડ્યાં.

"ક્યાં જતો રહેલો સાલા ?" તેણે ગોપાલના ગાલ પર હાથ ફેરવીને પૂછ્યું.

"ક્યાંય જઈ શકું એમ નથી." ગોપાલે મીરાંના ગાલ પર હાથ ફેરવીને કહ્યું.

"તને ખબર છે હું કેવું ફીલ કરતી હતી ?"

"હું પણ એવું જ ફીલ કરતો હતો દીકું..."

"સાલા... નાલાયક એક દિવસ હું તને એવી રીતે છોડીને જતી રહીશને કે તું રડતો બંધ નહીં થા."

"તું મને છોડીને ક્યાંય નથી જવાની. હું નહીં જવા દઉં."

"હું જતી જ રહીશ જોજે." તે બાળકની જેમ ફરિયાદ કરતી ફરીફરી ગોપાલની છાતીમાં પોતાના કાન મૂકીને ધબકાર સાંભળ્યા કરતી હતી.

"તો હું કંઈ તારી પાછળ રડીશ નહીં..."

"તો ?"

"તું જઈશ ત્યારે હું મોટેમોટેથી હસીશ. બસ ?"

"હા... હસજે. પ્રૉમિસ ?"

"લે... એમાં શેનું પ્રૉમિસ ?"

"આપ..."

"કંઈ પણ ? સારું...પ્રૉમિસ, બસ ? હસીશ રાક્ષસની જેમ. બસ ?" તે બોલ્યો. બંને હસી પડ્યાં.

થોડીવાર પછી બંને ઊભાં થયાં. ગોપાલે તેને પૂછ્યું :

"તને એબોર્શનનો વિચાર ના આવ્યો ?"

"ના... હું ખુદ ના મરું ? નવો જીવ પેદા થઈ રહ્યો હોય તો જૂના જીવે મરવું જોઈએ. મારા બાળકને કેમ મારું ? મેં તારી સાથે કશું પણ કરતી સમયે વિચાર્યું ન હતું તો પછી હવે શા માટે વિચારું ?"

"પણ કોન્ડમ પહેરું એટલો સમય જ તું આપતી ન હતી."

"સાલા..."

"હાસ્તો..."

"હવે બીજીવાર તારી પાસે કોન્ડમ ના હોય તો નીચે પ્લાસ્ટિક ટેપ વીંટાળીને આવજે. બાકી જો એમ જ કર્યું છે તો..."

"અથવા પેલી શાકભાજીની કોથળીઓ પહેરું ?" ગોપાલ બોલ્યો. બંને હસી પડ્યાં. દૂરથી આમોરી દોડતી આવી અને બંને વચ્ચે ઊભી રહી ગઈ. બંનેને નજીકથી જોવા લાગી. આમોરીને આમાં કશું ખબર પડતી ન હતી.

થોડીવાર પછી મીરાંએ આમોરીને હાથમાં લીધી. તેને પંપાળી અને તેના માથા પર હળવી કિસ કરી. આમોરીએ પોતાનું માથું મીરાંની છાતીમાં મૂકી દીધું. જાણે તે પોતે મીરાંને આખી રાત રડતી જોઈને કશું બોલી શકી ન હતી એ માટે 'સૉરી' કહી રહી હતી.

"ગોપાલ, તું આ ટ્રક લઈને કેમ આવ્યો ?" મીરાંએ આમોરીને નીચે મૂકીને ટ્રક પાસે ઊભા રહીને પૂછ્યું. ગોપાલ એ સાંભળીને હસી પડ્યો.

"તું જાતે જ ચેક કરી લે." તે દૂર ઊભો રહીને બોલ્યો. મીરાંને ગોપાલનો ચહેરો જોઈને કશું સમજાયું નહીં. તે ટ્રકની પાછળ ગઈ. પાછળના ભાગમાં જે કંઈ પણ હતું તેના પર લીલા રંગની તાડપત્રી ઢાંકેલ હતી. મીરાંએ તાડપત્રીનો છેડો છોડ્યો અને ઝટકા સાથે તાડપત્રીને હટાવી.

અંદર જે કંઈ પણ હતું તેને જોઈને તેની આંખો મોટી બની ગઈ. પોતાની બંને હથેળી તેણે નાક પર મૂકી દીધી. જાણે તે પોતાના ચહેરાના ભાવ દેખાડવા માગતી ન હતી અને રોકી પણ શકતી ન હતી. કેટલીયે ક્ષણ સુધી બસ તે ટ્રકમાં પડેલી એ વસ્તુઓ પર એક નજરથી જોઈ રહી. ફરીફરી એ ખુશીનાં આંસુ તેની આંખોમાં છવાઈ ગયાં. ગોપાલ તેની બાજુમાં આવ્યો અને તેના ખભા ફરતે હાથ રાખીને ઊભો રહ્યો.

આ વસ્તુઓ મીરાંએ પોતાની અત્યાર સુધીની જીવેલી જિંદગીમાં પામેલી સૌથી મોટી ગિફ્ટ હતી.

આખી ટ્રક એમના આવનારા બાળક માટેનાં રમકડાંથી ભરી હતી.

બાળકને સૂવા માટે એક લાકડાનું ઘોડિયું, ગોળ સફેદ મચ્છરદાની, નાનકડી ગોદડીઓ, ગુલાબી રંગનું નાનકડું બાથટબ, ઢીંગલીઓ. નાનકડી કાર, ખંજરી, દૂધની

બૉટલ, રંગબેરંગી કપડાંઓ, ડાઈપર્સ અને બીજાં કેટલાંયે નાનકડાં રમકડાંઓ અને દવાઓ...

"તારો ગોપાલ ક્યાંય ગયો ન હતો. આખી રાત અહીંયા ઘરની પાછળ જ એક વૃક્ષ નીચે બેસીને અંધારામાં રડતો રહ્યો અને પછી વહેલી સવારે એક દુકાન ખોલાવડાવીને આ બધું જ શૉપિંગ કરી આવ્યો." પોતાની બાહોમાં છુપાઈ બધા સામાન તરફ જોઈ રહેલી મીરાંના કપાળને ચૂમતો તે બોલ્યો. મીરાં તો એકદમ ચૂપ થઈ ગઈ હતી. થોડી થોડીવારે તે રિસાઈને ગોપાલને છાતી પર પ્રેમથી માર્યા કરતી હતી અને ફરી ફરી વધુ તીવ્રતાથી ભેટી પડતી હતી.

"આ આખા શહેરમાં તારા સિવાય મારું કોઈ જ છે નહીં પાગલ. ક્યાં જાઉં ?" તે એકલો એકલો બોલી રહ્યો હતો અને મીરાંને સમજાવી રહ્યો હતો.

"જાઉં તો પણ તારા વિના એકલો એકલો પાગલ થઈ જાઉં ગાંડી..." તે બોલ્યો.

"વહેલી સવારે જ્યારે રડીરડીને થાક્યો ત્યારે થયું કે હવે બસ... ડરવાનું શું." તે બોલ્યો અને મીરાંને પોતાનાથી દૂર કરીને તેની લાલ-ગુલાબી રડતી આંખોને જોતો રહ્યો.

"સા'બ... આપ મેરે કો ભાડા દે દિજિયે. બાદ મેં આપ દોનો કો જો રોમાન્સ કરના હે કિજિયેગા." ટ્રકનો ડ્રાઇવર આગળથી પોતાનું માથું બહાર કાઢીને બોલ્યો. પેલાં બંને હસવા લાગ્યાં. ગોપાલે પોતાનું વૉલેટ ખોલ્યું. બધાં ખાનાંમાં જોયું. ખાલી હતું. મીરાંએ ગોપાલના ચહેરા સામે જોયું. એ નિરાશ થઈ ગયેલો. કદાચ તેણે પોતાની પાસે પડેલા બધા જ રૂપિયા આ સામાન લેવામાં ખર્ચી નાખ્યા હશે.

મીરાં તરત જ દોડતી ઘરમાં ગઈ.

"દોડીશ નહીં..." પાછળથી ગોપાલ બોલ્યો. મીરાં દોડતી દોડતી હસી પડી. ડ્રાઇવર પણ હસી પડ્યો. ગોપાલ તરફ જોઈને તે કહેવા લાગ્યો :

"અજીબ હે આપ દોનોં..."

"ક્યૂં ?" ગોપાલે હસીને પૂછ્યું.

"એક દૂસરે કો ઇતના પ્યાર કરતે હો તો ફિર યે તમાશા ક્યૂં કર રહે હો ?" ડ્રાઇવર બોલ્યો. ગોપાલ એ સવાલ સાંભળીને ચૂપ થઈ ગયો.

"પતા નહીં. મીરાં કે હજારોં સપને હે. મેરે ભી કુછ સપને હે. જબ ઉસકો પતા ચલા કી વો પ્રેગ્નન્ટ હે તો હમ દોનોં કો ફ્યુચર કા ડર સા લગ ગયા..."

"કૈસા ડર ?" ડ્રાઇવરે પૂછ્યું.

"ફ્રીડમ કા. અચ્છે સે ચલ રહી લાઇફમેં કોઈ તીસરે કી એન્ટ્રી કા ડર." ગોપાલે હસીને કહ્યું. તેની વાત સાંભળીને ડ્રાઇવર ખડખડાટ હસી પડ્યો. ગોપાલને નવાઈ લાગી.

"હમ દોનોં કા જીને કા તરીકા અજીબ હે સાહેબ. મીરાં કો અભી તો બહોત કુછ કરના હૈ, ઔર મુઝે ક્યાં કરના હૈ વો પતા હી નહીં હૈ. અગર ઇસ સમયમેં એક નયા બોજ આ જાયે તો હમ દોનોં ઉસકે લીયે તૈયાર નહીં હૈ." ડ્રાઇવર એ સાંભળીને પોતાના

હાથમાં પકડેલા સ્ટિયરિંગ સામે એક નજરથી જોઈ રહ્યો. જાણે પોતે કોઈ ઊંડા ભૂતકાળમાં ખોવાઈ ગયો હતો. એ ધીમા અવાજે બોલ્યો :

"પતા હૈ સા'બ... મેરી શાદી કે બીસ સાલ હો ગયે. હમ તો યુપી સે આયે થે ઈસ અજનબી શહર મેં. ક્યાં કરના હૈ, ક્યાં નહીં કરના હૈ કુછ પતા નહીં થા. ગાંવ સે બાપુને બોલા શાદી કર લો, તો કર લી શાદી. ઉસે પ્યાર નહીં કરતે થે હમ. વો ભી કિસી અજનબી સે પ્યાર કરતી થી. લેકિન જબ મેરે પાસ મુંબઈ આયી તો ઉસને ભી ઘર-ઘર જા કર કપડે-બર્તન ધોને કા કામ લે લિયા. હમેં પ્યાર ભી હો ગયા. હમારે પાસ પૈસા નહીં થા. હમેં લગા કિ થોડે સમયમેં બચ્ચે હોંગે તબ ક્યાં કરેંગે ? લેકિન ઈશ્વરભી હમે દેખ રહા હોગા. ઉસને ઝિંદગી કે બીસ સાલ તક બચ્ચા નહીં દિયા. સારા પૈસા હમને હૉસ્પિટલ મેં ખર્ચ કીયા. તીન સાલ પહેલે ઉસે બચ્ચા હુઆ ઔર વોહ જન્મ હુઆ ઔર સાંસ નહીં ચલ રહી થી. લેકિન એક સાલ પહલે હમેં એક બેટી દી હૈ ઈશ્વરને. યે પૂરા દિન ટ્રક ચલાતા હૂં. લાઈફ મેં ક્યાં કરના મુઝે ભી પતા નહીં હૈ, લેકિન રાત કો ઘર જા કે બેટી કે સાથ ખેલતા હૂં ઔર પૂરે દિન કી થકાન ગાયબ હો જાતી હે. વોહી અબ કારણ હે જીને કા." તે બોલ્યો અને પોતાની ભીની આંખ લૂછી લીધી. ગોપાલને આગળ સાંભળવું હતું. તેણે પૂછ્યું :

"તો મુઝે ક્યાં કરના ચાહિયે ?" ગોપાલે ધીમેથી પૂછ્યું.

"વોહી કહ રહા હું સાહબ. હમારે જીને કે કારણ બદલતે રહેતે હે સમય સમય પર. આપકો પતા નહીં હૈ ના લાઈફમેં કૌન સા કામ કરના હે ? મુઝે અભી તક નહીં પતા. હમ દોનોં કો કબ પતા ચલેગા વો કિસી કો નહીં પતા. લેકિન મૈંને અનુભવ કિયા હૈ સાહબ કિ યે સબ વૈસે નહીં ચલતા. હર મોડ પે જીને કે કારણ બદલતે રહતે હે. અભી આપ દોનોં એક દુજે કે જીને કા કારણ હે. કલ એક માસૂમ આયેગા. વો કારણ બન જાયેગા. બડા મઝા આયેગા. દેખો તો રહી. સ્વીકાર કરો જો મિલા હૈ ઉસકો. મુજે બીસ સાલ ચલે ગયે મેરી બચ્ચી કી રાહ મેં."

મીરાં આવી. ડ્રાઇવરને રૂપિયા આપ્યા. ડ્રાઇવરે બધાં જ રમકડાં બાલ્કની પાસે ઉતારી દીધાં. ડ્રાઇવર ગોપાલને હસીને અલવિદા કહીને જતો રહ્યો. મીરાં અને ગોપાલ બંને એકબીજાંનો હાથ પકડીને બાલ્કનીમાં બેઠાં. સામે અવિરતપણે વહી રહેલી નદીને જોતા રહ્યાં. વહેવું એ જ એનો ધર્મ હશે. જે વળાંક આવે એને એ સ્વીકાર કરીને પોતાનું સ્વરૂપ બદલી રહી હતી. છતાં પણ ઊછળતી, કૂદતી અને જીવતી હતી અને દૂર દૂર પહાડીઓ વચ્ચે જઈ રહી હતી.

ઠંડી હવા વહી રહી હતી. આકાશ નીલું અને ચોખ્ખું હતું. દૂરદૂર ઉપર ઊડતાં પક્ષીઓ દેખાઈ રહ્યાં હતાં. સામે રહેલાં વૃક્ષો અંદર કોયલ બોલી રહી હતી. મીરાં અને ગોપાલ ચૂપચાપ બધું સાંભળી રહ્યાં હતાં. હવાને લીધે પગથિયાં પાસે પડેલું લાકડાંનું ઘોડિયું આગળપાછળ થઈ રહ્યું હતું. એ બંને એ ઘોડિયા તરફ જોઈ રહ્યાં. *ખાલી ખોળિયામાં એક દિવસ જીવ સૂતો હશે.* બંનેને એ વિચારનો પહેલા ડર લાગ્યો. ભાર લાગ્યો, પરંતુ વહેવું જરૂરી હતું. એ બંને એકબીજા સામે મુસ્કુરાયાં.

24

ચોમાસું પૂરું થયું હતું અને ઠંડીના દિવસો આવી ગયા.

એક જંગલની અંદર એકલા રહીને જ્યારે પેટમાં એક નવો જીવ દિવસે દિવસે મોટો થઈ રહ્યો હોય ત્યારે આ હજુ તો યુવાનીમાં પ્રવેશ કરેલા બે બળવાખોર માણસો માટે ખૂબ ડર પેદા કરે એવું હતું. તે દિવસ પછી એ બંને રોજે રાત્રે બેડમાં પડ્યાં પડ્યાં વાતો કરતાં હતાં.

"જો તું ઈચ્છતી હોય તો આ લાકડાનું મકાન ખાલી કરીને શહેરમાં પાછાં રહેવા જતાં રહીએ." મીરાંની બાજુમાં સૂતેલો ગોપાલ બોલ્યો. મીરાંના ગાલ પર પોતાની હથેળી મૂકી. ઠંડીમાં રોજે બંને એક બ્લેન્કેટ ઓઢીને અંદર જાગતાં રહેતાં અને એકબીજાંના ચહેરા નજીક રાખીને આવી વાતો કર્યા કરતાં.

"ના." મીરાં ગોપાલના ગાલ પર હાથ મૂકીને બોલી, "સૂઈ જા."

ગોપાલ મીરાંને ગુડનાઈટ કિસ કરીને આંખો બંધ કરી ગયો. મીરાં જાગી રહી હતી. જાણે કોઈ ઉપાધિમાં હોય એમ કશુંક વિચારતી હતી. ગોપાલે બંધ આંખે ફરી પૂછ્યું :

"તારી તબિયત ગમે તે સમયે બગડી શકે છે. અહીંયાથી ડૉક્ટર પાસે જવામાં કેટલી તકલીફ પડશે. મુંબઈ જવા માની જાને."

"ના દીકું."

"શહેરમાં હોઈશું તો તને ડૉક્ટર પાસે લઈ જવામાં તકલીફ નહીં પડે, મીરાં."

"ના."

"કેમ પણ ?"

"ના ગોપાલ." તે બોલી. ફરી ગોપાલ સૂઈ જાય એ માટે તેના માથા પર પોતાનો હાથ ફેરવ્યો અને ગોપાલની છાતીમાં છુપાઈ ગઈ.

"મને સતત તારું ટેન્શન થતું રહે છે. અત્યારે તો ઠીક છે, પરંતુ છઠ્ઠા-સાતમા મહિના પછી..."

"ગોપાલ..."

"પાગલ તું સમજતી નથી. આ બધી વાતો સિરિયસ બનીને વિચારવી પડે. જ્યારે દુઃખાવો ચાલુ થશે ત્યારે આ જંગલમાં તારી ડિલિવરી કોણ કરશે ?"

"આપણે બંને તો છીએ."

"તને લાગે છે હું કરી શકીશ ?"

"હા. હું જાતે કરી લઈશ."

"પાગલ." તે બોલ્યો, "ભગવાન તારામાં કૉમનસેન્સ નાખતા જ ભૂલી ગયો છે."

"સેક્સ કરતા પહેલાં પ્રોટેક્શન હોવું જોઈએ એટલી કૉમનસેન્સ તારી ન ચાલી

એમાં હું શું કરું ?" મીરાં બોલી. ગોપાલ હસી પડ્યો.

"તને ખબર હતી કે તારા આ પગ ફાડીને સેક્સ કરવું અને છાતી ફાડીને પ્રેમ કરવાનાં સપનાંઓમાં આવું મોટું પેટ થઈ જશે ?"

"હા."

"સાચે ?"

"ના. પાગલ."

"સૉરી... મીરાં. તેં ઘણીવાર કહેલું પણ હું..."

"હા હવે... મારા જેવી સેક્સી છોકરી બાજુમાં હોય એટલે કોઈ પણ માણસ કોન્ડમ પહેરવાનું ભૂલી જાય." મીરાંએ કહ્યું અને બંને ફરી મોટેમોટેથી હસવા લાગ્યાં. આમોરી ફરી જાગી ગઈ અને 'મ્યાઉં' અવાજ કરીને બંનેને સૂઈ જવાનું સિગ્નલ આપ્યું.

બંને સૂવાનો પ્રયત્ન કરતાં. રોજે રાત્રે જ્યારે ગોપાલ આવે પછી પથારીમાં એકબીજાની બાહોમાં વીંટળાઈને પડ્યાં પડ્યાં બંને આવી વાતો કર્યા કરતાં. એક રાત્રે વાતો ચાલુ હતી :

"મીરાં..."

"હં..."

"આ ત્રીજો મહિનો ચાલુ થઈ ગયો છે. હવે તારે આ શહેરમાં જઈને કામ કરવાનું બંધ કરી દેવું જોઈએ."

"ના રે. કામ બંધ નહીં થાય."

"જો તું મારી એક પણ વાત માનીશ નહીં તો મજા નહીં આવે. હિટલર સાલી..."

"પણ દીકું... કઈ રીતે ઘર ચાલશે જો હું કામ બંધ કરી દઈશ ?" તે બોલી. બસ... ગોપાલ પછી ચૂપ થઈ ગયો. ઊંડી ચિંતાઓ કર્યા કરતો. મીરાંએ પૂછ્યું, પરંતુ કશું જ કહ્યું નહીં. મીરાંને ખબર પડી ગઈ કે તેના એ વાક્યને લીધે એ ચિંતામાં છે.

"તારી અંદર શું ચાલી રહ્યું છે ?" મીરાંએ પૂછ્યું.

"એ જ જૂની આગ..."

"પોતાનું ગમતું કામ શોધવાની ઉતાવળ ?"

"હા..."

"કેમ ?"

"મારી લાઈફ ફ્લૉપ છે, મીરાં."

"બસ ?"

"હા. આ તો તું છે એટલે બધું જ દેખાતું નથી. પરંતુ દરેક ક્ષણે થાય છે કે મેં ક્યારેય કશું જ ઉકાળ્યું નથી."

"પછી ?"

"પછી શું ? મારે વધુ રૂપિયા મળે એવું કામ કરવું છે. મારા કરતાં તારી મહેનતને લીધે આપણું જીવન ચાલી રહ્યું છે. હું તો ફ્લૉપ હતો અને ફ્લૉપ રહેવાનો. કાલે ઊઠીને બાળક આવશે ત્યારે ? હૉસ્પિટલનો ખર્ચ આવશે. બાળકની કે તારી તબિયત સાચવવી

પડશે. હજારો રૂપિયાના ખર્ચ થશે. હું તને બે મહિના પછી તો ગમે તેમ થાય પણ જૉબ નહીં કરવા દઉં. પછી મારી એકલાની પંદર હજારની સૅલરીમાં...” ગોપાલ આગળ કશું પણ બોલે એ પહેલાં મીરાંએ તેના હોઠ પર પોતાની હથેળી મૂકી દીધી. પોતાની હથેળી હટાવીને ગોપાલને હળવેથી કિસ કરી. ઠંડીમાં મીરાંના ગરમ હોઠ ગોપાલની અંદરની પેલી આગ સામે થોડી સાંત્વના આપી ગયા.

“હવે આવી બળતરાઓ કરતો રહ્યો છે તો તને એકલો મૂકીને જતી રહીશ. પછી કમાજે એકલા એકલા. મોટા પગાર લઈને તારી અંદર ભટકતી આ આત્માને શાંત કરજે. જો તાકાત હોય તો.”

“... પણ શું કરું હું ?”

“બધા જ સવાલ તારી અંદર પેદા થયા છે તો જવાબ પણ તારી અંદર જ પેદા થશે. હું કોણ ?”

“અંદરના જવાબ સાંભળતા મને ક્યારેય આવડ્યું નથી, મીરાં. તને ખબર છે.”

“એનો કોઈ રસ્તો નથી. બસ... એક ક્ષણે એકાંતમાં બેસીને આંખો બંધ કરીને જે સૂઝી રહ્યું છે એ સાંભળ. અંદરથી બધી જ બેચેની જ્યારે શાંત થાય ત્યારે એક સવારે ઊઠીને કશુંક સાંભળ. અંદર બેઠેલો ગોપાલ તને રસ્તાઓ બતાવશે. જ્યાંથી તારી અંદર આગ આવી રહી છે એ જ મનમાં તારે માટે દરેક જવાબો પડ્યા છે. બસ... શાંત થઈને એકવાર ખુદને સાંભળ.”

“હા...” ગોપાલ નિસાસો નાખીને બોલ્યો.

“તારા બધા જ આવેગો પળ-બે પળના છે, પાગલ. કાલે ઊઠીને બાળક આવશે ત્યારે બધું જ ભૂલી જઈશ. કાલે સવારે પણ તને કશું પીડા આપતું નહીં હોય. બધું જ એક-બે ક્ષણનું છે, ગોપાલ. જે પેદા થઈ રહ્યું છે એ થવા દે. રોકીશ નહીં. એને સાંભળ. સ્વીકાર. બીજી ક્ષણે એ નહીં હોય. બધું જ જરૂરી છે. માત્ર ખુશીથી પણ તું કંટાળી જઈશ. આ આગ હોવી એ કશું જ ખોટું નથી. એક ક્ષણે ક્યારેક લાઈફમાં પાછું ફરીને જોઈશ ત્યારે ખબર પડશે કે બધું જ યોગ્ય થયું છે. થઈ રહ્યું છે. બધું જ બૅલેન્સ છે. આખું બ્રહ્માંડ એ જ રીતે જીવી રહ્યું છે.”

ગોપાલ શાંત થઈ ગયો. આંખો બંધ કરીને વિચાર્યા કર્યો.

મોડી રાત્રે મીરાંને પોતાની છાતીમાં લઈને એક જ વાક્ય કહ્યું :

“હા મીરાં... બધું જ બરાબર થઈ રહ્યું છે. જો આ આગ ન હો તો તું ક્યારેય મળી ન હોત. ક્યારેય નહીં.”

બસ... પછી બંને સૂઈ ગયાં.

ના.

મીરાં ફરી ઊઠી ગઈ. ગોપાલને ગાલ પર ધીમેથી કિસ કરી.

“હં ?” ગોપાલ ઊંઘમાં મુસ્કુરાઈને બોલ્યો.

“હું વિચારતી હતી કે આપણે દીકરી થશે કે દીકરો ?” મીરાંએ તેના કાનમાં કહ્યું અને ગોપાલ હસી પડ્યો.

"દીકરી."

"ના. દીકરો."

"ના... દીકરા બધા નાલાયક હોય છે. દીકરી જ થશે."

"જાને...દીકરી થશે અને મારા જેવું વાવાઝોડું થશે તો ક્યાં સંભાળીશ ? મારે તો દીકરો જ થશે. તારા જેવો."

"મારા જેવો એટલે કેવો ?"

"ઢીલો..." મીરાં બોલી અને ગોપાલ આંખો ખોલીને મીરાંનો હાથ પકડીને મરડ્યો. મીરાં રાડો નાખતી, "સૉરી સૉરી... તને કંઈ નહીં કહું." બોલવા લાગી અને પછી બંને હસ્યાં કરતાં એકલાં એકલાં.

"દીકરી જ થશે. એનું નામ શું રાખીશું ?" ગોપાલ પૂછ્યું.

"તેં નથી વિચાર્યું ?"

"મેં તો આપણી બધી જ દીકરીઓના નામનું લિસ્ટ બનાવીને રાખ્યું છે."

"હેં ?" મીરાં ઝબકીને પથારીમાંથી ઊભી થઈ ગઈ. ખૂણામાં ફાનસ ચાલુ કર્યું.

"એ ઢીલા... સાલા... એક જ નાલાયક પેદા કરવામાં આવશે. દીકરી થાય કે દીકરો. આ પણ ભૂલથી તેં કોન્ડમ ના પહેર્યું એમાં થઈ ગયું છે. તે બીજા કેટલા પ્લાન કર્યા છે ? હું કશું કરવાની નથી."

"સાત દીકરી... સાતેયનાં મસ્ત નામ રાખ્યાં છે." ગોપાલે એ કહ્યું ત્યા તો મીરાં બેડમાંથી જ ઊભી થઈ ગઈ. ગોપાલ હસતો હસતો તેની સામે જોઈ રહ્યો. ગોપાલ એકલો બેડમાં હાથ-પગ ફેલાવીને સૂતો હતો.

"સાચું કહું છું. જો ત્યાં ખૂણામાં હારુકી મુરાકામીની એક નવલકથા પડી છેઃ નોર્વેનિયન વુડ. તેના છેલ્લા પેજ પર મેં લિસ્ટ લખેલું છે." મીરાં ઝડપથી ખૂણામાં પડેલી નવલકથાઓના ઢગલામાંથી નોર્વેનિયન વુડ લઈ આવી. ફાનસના અજવાળાં નજીક ગઈ અને છેલ્લા પેજ પર લખેલું મોટેથી વાચવા લાગી :

"મીરાં નામની એક રોકસ્ટાર છોકરી સાથે વારંવાર કોન્ડમ વિના સેક્સ કરીને સાત દીકરી પેદા કરવામાં આવશે. જેમનાં નામ નીચે મુજબ છે :

1. પલ
2. ગીત
3. રીવા
4. પૂજા
5. બિંદુ
6. નંદુ અને
7. આર્યા.

મીરાંએ બધાં નામ વાંચ્યાં અને પછી આંખો પહોંળી કરીને ગોપાલની સામે જોઈ

રહી. ગોપાલ તો રાક્ષસની જેમ હસી રહ્યો હતો.

"સાચે ?" તેણે પૂછ્યું.

"હાસ્તો... ગાંડી." રાક્ષસ બોલ્યો.

"સાલા હવસખોર..."

મીરાં તેને હસતો જોઈને વધુ મીઠો ગુસ્સો કરી રહી હતી. છેવટે બુક બંધ કરીને તે ગોપાલને બુક વડે પગ પર મારવા લાગી. ગોપાલ વધુ હસવા લાગ્યો. છેવટે ગોપાલનો પગ પકડીને બેડ પરથી નીચે નાખ્યો. ગોપાલ હસવાનું બંધ જ નહોતો કરતો. હવે તો આમોરી પણ ઊઠીને એમની રૂમમાં આવી અને તોફાન કરતા છોકરાઓને કોઈ વડીલ ખિજાતા હોય એ રીતે બારણા આગળ ઊભી રહી. જોકે વડીલ સામે આ બંનેએ જોયું નહીં. મીરાં છેવટે ગોપાલના ખોળામાં બેસી ગઈ. ગોપાલના ચહેરાને પોતાની હથેળીમાં પકડીને જોઈ રહી. બંનેએ લાંબી કિસ કરી. આમોરી શરમાઈ ગઈ અને બારણા પાસે જ બેસી ગઈ.

"ગોપાલ..."

"બોલને સાત દીકરીની મમ્મી..."

"આપણે ડૉક્ટરને એક વાત પૂછતા તો ભૂલી જ ગયા."

"શું ?" ગોપાલ સિરિયસ બની ગયો.

"એ જ કે ત્રણ મહિના થયા હોય ત્યારે સેક્સ કરાય કે નહીં." એ બોલી અને બંને ફરી હસી પડ્યાં.

"કેમ તને આજે ફરી મન થયું છે ?" ગોપાલે પૂછ્યું.

"ના... હું વિચારતી હતી કે જો દીકરો થાય તો તને દુઃખ થાય રાઈટ ? દીકરી થાય તો મને દુઃખ થાય. હવે ડૉક્ટર પેલા મશીનમાં ફોટો જોતા હતા એમાં એક બાળક જ હતુંને ? તો પછી હજુ એકવાર સેક્સ કરી લઈએ તો એકની બાજુમાં બીજું ઍડજસ્ટ ના કરી લે ?"

મીરાંએ સવાલ પૂછ્યો અને ગોપાલ ફરી રાક્ષસની જેમ હસવા લાગ્યો. એ એટલો હસી રહ્યો હતો કે એની આંખોમાંથી આંસુડાં ભાગી રહ્યાં હતાં. મીરાં પણ પોતાના જોક પર હસી રહી હતી.

"મારી બાઈને ફરી સેક્સ કરવાનું મન થયું છે એમ નથી કહેતી."

"ના રે..."

"શું ના રે... તું જ છે હવસખોર. મને એટલી ઝડપથી તું પટાવી લેતી હતી કે માણસ કોન્ડમ શું કપડાં કાઢવાનું પણ ભૂલી જાય. તારું નામ મીરાં નહીં વાયેગ્રા હોવું જોઈએ." તે બોલ્યો અને મીરાં રિસાઈ ગઈ. પથારીમાં જઈને સૂઈ ગઈ. ગોપાલે ઊભા થઈને આમોરીને હાથમાં લઈ લીધી અને તેની અને મીરાંની વચ્ચે તેને બેસાડી દીધી. આમોરી મીરાંના હાથ ચાંટવા લાગી. મીરાં તો હજુ પણ રિસાઈ જવાનો ઢોંગ કરી રહી હતી.

છેવટે ગોપાલે ઊભા થઈને ફાનસની જ્યોત ઓછી કરી દીધી. મીરાંને બ્લેન્કેટ ઓઢાડ્યું. આમોરીને વચ્ચે સરખી સુવડાવીને પછી પોતે પણ સૂતો.

"તને ખબર છે અત્યારે સેક્સ કેમ ના કરાય ?" ગોપાલે હળવેથી મીરાંને પૂછ્યું. મીરાંએ રડતી હોય એવા અવાજમાં પૂછ્યું :

"કેમ ?"

"કારણ કે અત્યારે સેક્સ કરીએ તો તારા દીકરાના માથા પર વાગી જાય." તે બોલ્યો અને બંને સૂતાં સૂતાં હસવા લાગ્યાં.

"તું સાચું કહે છે ?" મીરાંએ પૂછ્યું.

"હાસ્તો. તું સાયન્સ ભણી છે ?"

"ના..."

"હા બસ... આ બધું જાણવા માટે સાયન્સ ભણવું પડે." ગોપાલે કહ્યું. મીરાંએ પગથી ગોપાલને લાત મારી. આમોરીએ 'મ્યાઉં...' રાડ નાખીને પોતાની વડીલાઈ બતાવી.

બધાં જ સૂઈ ગયાં.

25

દિવસો અને મહિનાઓ પસાર થવા લાગ્યા હતા. એક જંગલની વચ્ચે રહીને આ બે જીવ માટે એકના પેટમાં ઊછરી રહેલું બાળક જાણે એમના જીવનનો સૌથી શ્રેષ્ઠ અને સૌથી ડર પેદા કરનારો સમય હતો. શિયાળો પસાર થઈ રહ્યો હતો અને હવે ઉનાળો ચાલી રહ્યો હતો. આ જંગલની અંદર એમના ઘરની આસપાસ રહેતું દરેક પંખીડું, દરેક જીવ, દરેક વૃક્ષ અને આ ખળખળ વહેતી નદી એમના આ સમયનાં સાક્ષી હતાં. આખી કુદરત એમના જીવનની અને એમની જિવાતી દરેક ક્ષણનાં સાક્ષી હતાં. પેટમાં છ મહિનાનું બાળક લઈને રોજે વહેલી સવારે નદી અંદર નગ્ન નાહી રહેલી, ફકીરીથી જીવતી મીરાંને તેમણે જોઈ હતી. નદીની અંદર તેને પીઠ પર સાબુ ઘસી દેનારા આ ગોપાલને તેમણે જોયો હતો.

પોતાની મીરાં માટે એ ચા બનાવતો અને શહેરમાંથી લઈ આવેલા ફ્રૂટ્સને કાપીને તેને બાલ્કનીમાં બેસાડીને ખવડાવતો ગોપાલ આ કુદરતે જોયો હતો. તેને પગથિયાં ઉતારવામાં પણ હાથ પકડીને મદદ કરી રહેલા આ ચોવીસ વર્ષના યુવાનને તેમણે જોયો હતો. એ જ એને કોઈ રસ્તા પરના વાહનને ઊભું રાખીને દવાખાને લઈ જતો હતો અને રાત્રે પોતાના ગળા પર સફેદ કપડું બાંધીને ખીચડી બનાવતો જોયો હતો. હવે તો રોટલી અને શાક પણ બનાવતો હતો.

સાત મહિના થયા ત્યાં સુધી તો મીરાં જીદ કરીને શહેરમાં જતી અને ખૂબ કામ કરતી. ઘરનાં ખર્ચને પહોંચી વળવા માટે આખો દિવસ બેઠી બેઠી કેટલાયે માણસોના ટેટૂ બનાવતી હતી. સાત મહિના પૂરા થયા પછી ડૉક્ટરે તેને કામ કરવાની ના પાડી હતી.

મીરાં પણ ખૂબ જીદ કરતી. તેને ક્યારેક ખાટું ખાવું હોય તો ક્યારેક તીખું. ગોપાલ ખિજાતો. તેને ક્યારેક રાત્રે નદીકિનારે તાપણું કરીને બેસવું હોય તો ક્યારેક મોડી રાત્રે ફિલ્મ જોવી હોય. તે સૂતી ત્યારે તેના પગ નીચે બે ઓશીકાં મૂકતો. તેના મોટા ગોળ પેટ પર ઊડતા પાંખોવાળા બાળકનું ટેટૂ દોરી આપતો. પછી ઊડતી મીરાં અને ઊડતો ગોપાલ પણ દોરવાં પડતાં.

તેને કોઈ રાત્રે સ્ટિરિયો પર ગીતો લગાવીને નાચવું હોય તો કોઈ રાત્રે મોટે મોટેથી ગાવું હોય. ગોપાલ તેને ના પાડતો અને પછી તેને પોતાની બાહોમાં લઈને ધીમે ધીમે ડાન્સ કરાવતો. આમોરી મીરાં માટે સૌથી કંપની હતી. આખો દિવસ તે તેની સાથે રમ્યા કરતી.

તેને ઉનાળામાં ગરમી ખૂબ થતી. તે ગોપાલ પર રાડો નાખતી. પોતાનો બેડ તેને સામેનાં વૃક્ષો નીચે જોઈએ. ગોપાલ તે બેડને એકલા ખસેડતો. શહેરમાંથી વણેલી દોરીનો એક પલંગ પણ લઈ આવેલો. મીરાંનો રેડિયો ચાલે એ માટે તેના એન્ટેના સાથે લાંબો તાંબાનો તાર બાંધીને તેને વૃક્ષની ડાળી પર લટકાવી દેતો. તેને વાંચવા માટે મીરાં કહે તે પુસ્તક લઈ આવતો. પોતાનું એન્જિનિયર તરીકેનું બધું જ્ઞાન વાપરીને એક

ઇલેક્ટ્રિશિયનને લાવીને મેઇન હાઇવે પર જતી વીજળીના તાર પરથી વીજળી લઈને તેને ઘરમાં ફિટ કરાવી. નાનકડો ટેબલફેન લઈ આવ્યો. મીરાં હજુ રાડો નાખતી કે તેને ગરમી થાય છે તો એક કૂલર પણ લઈ આવ્યો. મીરાંની દરેક દવા માટે તેણે પોતાના મોબાઇલમાં રિમાન્ડર ગોઠવેલા હતા. તે મુજબ તેને દવા આપતો હતો.

તેણે મીરાં માટે એક સાદો ફોન લઈ આવ્યો જેનું કવરેજ આવતું તેવું સિમકાર્ડ લઈ આવ્યો. પોતે પણ એક સાદો ફોન લઈ લીધો કે જેથી તે કામ પર હોય ત્યારે પણ મીરાં તેને ફોન કરી શકે. મીરાંને એ ફોન જરાયે ના ગમતા. તે ઘર બહાર ફોન ફેંકી દેતી. ગોપાલ એને સમજાવતો. મીરાં છેવટે સમજતી. પોતે હમણાં હમણાં જે ગુસ્સો કરી રહી હતી એના લીધે રડવા લાગતી. ગોપાલની માફી માગતી.

ઘણીવાર મોડી રાત્રે ગોપાલ ઘરની બહાર નીકળતો. બાલ્કનીમાં ઊભો રહેતો અને ઉનાળાની રાતનો ઠંડો પવન મહેસૂસ કરતો કરતો એક ઊંડો વિચાર આવતો : બા-બાપુજી શું કરતાં હશે ?

તેમને કહી દઉં કે તમારો એકનો એક દીકરો પપ્પા બનવાનો છે ?

જિંદગી તેને ક્યાંથી ક્યાં લઈ પહોંચી છે. પોતાનું ગમતું કામ શોધવા નીકળેલો એ નાદાન માણસ અત્યારે ક્યાં આવી ઊભો છે.

વિજય યાદ આવતો. બહેનો યાદ આવતી. ગામડાના બાળપણમાં રમેલા દોસ્તો અને કૉલેજના દોસ્તો યાદ આવતા.

પણ ના.

તેણે ફોન ના કર્યો. એક દિવસ એ બંનેને ફોન કરશે. ખબર નહીં ક્યારે. પણ...

આ જિંદગી જ તો મને આટલે દૂર સુધી લાવી છે તો આ જિંદગી જ મને ઘર સુધી પાછો લઈ જશે. ક્યારેક.

છેવટે ગોપાલે ફરી પોતાનું કામ બદલ્યું. એક કારમાં લિફ્ટ માગીને બેસીને એ નોર્થપોલ આવી રહ્યો હતો. એ કારનો માલિક ડ્રાઇવર પૂછી રહ્યો હતો કે તે શું ધંધો કરે છે. ગોપાલે કહ્યું કે હું કારડ્રાઇવર છું અને નોકરીની શોધમાં છું.

બસ... બીજે દિવસે અચાનક પેલા ભાઈએ ફોન કરીને કહ્યું કે મારી કાર ચલાવ. હું તને સૅલરી આપીશ ! ગોપાલે બીજે દિવસથી ટૅક્સી ડ્રાઇવરનું કામ લઈ લીધું.

ઘરે આવ્યો અને મીરાં ખિજાઈ : "શું શીખીશ ટૅક્સી ચલાવીને ? એવાં કામ કર કે જે તને બીજે દિવસે કશુંક નવું શીખવે."

"... અને તારી વાત ન માનું તો ?"

"તો તેલ લેવા જા..." મીરાંએ કહ્યું. બંને હસી પડ્યાં.

ગોપાલનો ટૅક્સી ડ્રાઇવર બનવા પાછળ એક ઉદ્દેશ એ પણ હતો કે મીરાંને છેલ્લા દિવસોમાં કદાચ તરત જ હૉસ્પિટલ લઈ જવી પડે કે એમના બાળકને ક્યાંય લઈ જવાનું થાય તો એ કારનો ઉપયોગ કરી શકે.

ગોપાલે પોતાના કામમાંથી રૂપિયા ભેગા કર્યા હતા. બાળક આવે, તેની તબિયત બગડે તો પણ શું કરવું અને શું કરવું એ માટે તે એકલો બેઠો બેઠો કાગળમાં લખીને હિસાબ કર્યા કરતો.

એક સફરનામા હતું એ ! સવાલો, જવાબો, મૂંઝવણો અને ખુશીઓનું. ચોવીસ વર્ષના આ દોસ્તો માટે બધું ડર પેદા કરે તેવું હતું. જોકે બંને ડરતા ન હતા.

ઉનાળો પણ નીકળી રહ્યો હતો. ડૉક્ટરે તારીખ આપી દીધી હતી. બાળકના જન્મની શક્ય તારીખ ! જેમ જેમ દિવસો નજીક આવી રહ્યા હતા એમ એ બંને ખૂબ જ બેચેન થઈ રહ્યાં હતાં. મીરાં ખૂબ જીદી હતી. ગોપાલ કહેતો હતો કે શહેરમાં એક રૂમ ભાડે રાખી લઈએ જ્યાં તેઓ બંને થોડો સમય રહી શકે અને જ્યારે બાળક જન્મે ત્યારે તેઓ ત્રણેય પાછાં અહીં નોર્થપોલ પર આવી જશે.

પણ ના...

કેટલાયે ઝઘડાઓ થતા હતા બંને વચ્ચે. બંને બોલી બોલીને ચૂપ થઈ જતાં હતાં. એકબીજાની સામે રડી પડતાં હતાં. ગોપાલ મીરાંને રડતી જોઈ શકતો. થોડીવાર થાય અને બાળક પેટમાં હલનચલન કરશે અને મીરાં ગભરાઈ જશે. ગોપાલ દોડતો તેના પેટ પર જઈને પોતાનો કાન મૂકી દેશે.

"દીકરી જ છે... તારા જેવી વાવાઝોડું છે." તે હસીને કહેતો. બંને હસી પડતાં. ઝઘડો બસ, બાળકના એક સળવળાટને લીધે વિસરાઈ જતો હતો.

ફરી ઝઘડો ચાલુ !

સમય તો જાણે એ જંગલમાં ચોમાસાના ચાલુ થયેલા પવનની જેમ ફૂંકાઈને નીકળી થતો હતો. શિયાળા અને ઉનાળાના દિવસો પૂરા થઈ ગયા હતા.

છેલ્લું અઠવાડિયું બાકી હતું. ગોપાલ પોતાના ભાડા માટે આખું શહેર ફરી વળતો હતો. એ એક અજીબ સમય હતો. મીરાં જંગલમાં એકલી હતી અને ગોપાલ શહેરમાં. આખો દિવસ દિમાગમાં ઉપાધિ થતી રહેતી કે કયા સમયે મીરાંનો ફોન આવશે અને તેણે ઘર તરફ પોતાની કાર દોડાવવી પડશે.

એક વરસાદની સવાર હતી.

આખું શહેર વાદળી અંધકારમાં ઢંકાઈ ગયું હતું. વીજળીઓ થઈ રહી હતી. ચારે તરફ ટ્રાફિક જામ હતો. ડૉક્ટરે આપેલી તારીખ પણ જતી રહી હતી. મીરાં ઘર પર એકલી હતી. ગોપાલ ટ્રાફિકમાં ફસાયેલો હતો. વરસાદમાં મીરાંના મોબાઈલનું કવરેજ જતું રહેલું હતું. એ સવારમાં નાસ્તો કરીને ઘરમાં આંટા મારી રહી હતી. આમોરી તેની પાછળપાછળ આંટા મારી રહી હતી.

અચાનક તે ઊભી રહી.

પેટથી નીચેના ભાગમાં કશુંક ગરમ લાગ્યું. તેણે પેટથી નીચે ઊંડે સુધી પોતાનો

હાથ ફેરવી જોયો. હથેળી જ્યારે પોતાની નજર સામે કરી ત્યારે જાણે તેના હૃદયના ધબકારા વધી ગયા. એક ડરનું મોજું પોતાના શરીરમાં ફરી વળ્યું. રગોમાં લોહી ફૂંફાડા મારતું અનુભવાઈ રહ્યું હતું.

બહાર વીજળીનો મોટો કડાકો થયો.

એની હથેળીમાં આછું લોહી હતું. ગરમ લોહી.

પોતે પહેરેલા નાઈટડ્રેસના ગાઉનને તેણે નીચે તરફ જોયું. ગાઉન પર લોહીનો ડાઘ હતો.

બીજી જ મિનિટે તેના સાથળ પર ગરમ પાણી જેવું પ્રવાહી નીકળ્યું અને નીચે પગ તરફ વહેવા લાગ્યું. મીરાં ઊભાં ઊભાં એકદમ ધ્રૂજી રહી હતી. પોતાના મોબાઈલ સુધી પણ પહોંચી શકે એટલી તાકાત પાણીમાં સ્થિર પગમાં ન હતી. તીવ્ર દુઃખાવો થઈ રહ્યો હતો. એ રડવા લાગી. આમોરી તેના બે પગ વચ્ચે આવીને એ પાણીને સૂંઘી રહી હતી. પોતાની જીભ બહાર કાઢીને એ પાણીની વાસ લેવાનો પ્રયત્ન કરી રહી હતી.

"ગોપાલ..." એ ધીમેથી માંડ એટલું બોલી શકી અને પછી તો તેને એમ જ લાગ્યું કે પોતે હમણાં જ પડી જશે.

પણ ત્યાં તો અચાનક આમોરી મીરાંની રૂમ તરફ દોડી. બેડ પર પડેલો મોબાઈલ જેમતેમ કરીને તેણે પોતાના મોઢામાં દાંત વચ્ચે દબાવ્યો અને બહાર મીરાં તરફ ભાગી. રડતી, ધ્રૂજતી મીરાંના પગ પાસે તેણે મોબાઈલ મૂક્યો અને અવાજ કર્યો. મીરાંએ મોબાઈલ જોયો. જેમતેમ કરીને એ નીચે વળી. ખૂબ દુઃખાવો થયો. મોબાઈલમાં સિગ્નલ ન હતું.

ગોપાલ... ગોપાલ...ક્યાં છે તું... ડર હતો.

ધ્રૂજતા હાથે તેણે દસ-બારવાર ગોપાલને ફોન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વરસાદ અને વીજળીના લીધે કવરેજ જતું રહેલું હતું. થોડી પળ માટે તો મીરાં એવી ડરી ગઈ હતી કે જાણે વરસાદ એની આંખોમાં વરસી રહ્યો હતો અને વીજળી એના આખા શરીર પર પડી રહી હતી.

પાંચ-છવાર મોબાઈલ સ્વીચ ઓફ્ફ કરીને તેણે ગોપાલને ફોન કરવાનો પ્રયત્ન કર્યો. અને...

એકવાર સિગ્નલ આવ્યું. ગોપાલને ફોન લાગ્યો.

"હા મીરાં..." ગોપાલે એક ચિંતાભર્યા અવાજમાં કહ્યું.

"ગોપાલ... જલદી..." બસ પછી અવાજમાં ઘોંઘાટ આવી ગયો. કવરેજ જતું રહેતું હતું. ફરી અવાજ આવ્યો "આવ... તું... પેટમાં..." અને પછી ફોન કટ થઈ ગયો.

આ તરફ ચાલુ વરસાદમાં ટ્રાફિક વચ્ચે ગોપાલના પગ પણ જાણે થીજી ગયા અને ધ્રૂજતા હાથમાં ગાડી ચાલુ થાય એટલી તાકાત ન રહી.

આજે મીરાં આ જંગલને ધિક્કારતી હતી અને ગોપાલ આ શહેરને.

પરંતુ સમય...

સમય માણસને તાકાત આપી દેતો હોય છે. દરેક પરિસ્થિતિમાં એક સમય માણસને મળે છે જ્યારે એ બાવરો બન્યા વિના જો પોતાની જાતને સંભાળી લે તો સમય પોતાની જાતે બધું જ સાંભળી લે છે. એ સમયને થોડો સમય જોઈએ છે.

એક તરફ બેડ સુધી માંડ પહોંચેલી આ નાનકડી છોકરી હતી અને બીજી તરફ ચાલુ વરસાદમાં રોડ પર બહાર નીકળીને ટ્રાફિકને પોતાની રીતે દિશા આપીને ક્લિયર કરી રહેલો ગોપાલ.

સમય બધું જોઈ રહ્યો હતો. આ ખરી કસોટી હતી. ગોપાલે ટ્રાફિકમાંથી પોતાની કાર કાઢીને કારના વાઈપરને ઝડપી કરીને પોતાના ઘર તરફ હંકારી મૂકી હતી.

આટલી ઝડપથી ગોપાલે પોતાની કાર ક્યારેય ચલાવી ન હતી. આટલી તીવ્ર રીતે મીરાંએ પોતાના આ દોસ્તની રાહ જોઈ ન હતી. રસ્તામાં ગોપાલ સતત મીરાંને ફોન કરી રહ્યો હતો, પરંતુ મોબાઈલ કવરેજ ક્ષેત્રની બહાર છે એવું જ આવી રહ્યું હતું.

ગોપાલે ઝાડીઓમાં પોતાની કાર ઘુસાડીને ઘર સુધી લીધી. ભાગતો પલળતો એ ઘર અંદર ગયો. મીરાં બેડ પર પડી હતી અને રડી રહી હતી. ગોપાલને જોઈને જાણે તેનો અંધકાર જતો રહ્યો. પોતાનો સૂરજ આવી ગયો હતો.

ગોપાલે આવીને મીરાંને ચૂમી લીધી. તેનો હાથ પકડીને કપાળ પર હથેળી ફેરવી.

"ચિંતા ના કર. લાંબા શ્વાસ લે. હું છું ને. આપણે હમણાં દસ મિનિટમાં હૉસ્પિટલમાં પહોંચી જઈશું."

બસ... બીજું શું જોઈતું હતું મીરાંને ?

હૉસ્પિટલમાં મીરાંને તાત્કાલિક એક રૂમમાં ઍડમિટ કરવામાં આવી. રૂમમાં જ્યાં મીરાંનો બેડ હતો ત્યાં કાચની બારી બહાર ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. ગોપાલ મીરાંનો હાથ પકડીને ઊભો હતો. મીરાંના લાલ ચહેરા પર ભીના વાળ વીંખાઈ ગયેલા હતા. તે પીડાને લીધે રડી રહી હતી અને દર્દભરેલા અવાજો કરી રહી હતી. રૂમમાં ચારે તરફ નર્સ, ડૉક્ટર દોડી રહ્યાં હતાં. ગોપાલ મીરાંના આંસુ લૂછી રહ્યો હતો. તેના ભીના કપાળ પર પોતાનો ગરમ હાથ ફેરવીને કહી રહ્યો હતો :

"ટેન્શન ના લે... ડૉક્ટર આવી ગયા છે." મીરાં ખૂબ ડરેલી હતી. પીડાને લીધે કશું બોલી શકતી ન હતી.

"હું છું ને મીરાં." ગોપાલના એ શબ્દો તેને શાંતિ આપી રહ્યા હતા.

થોડીવારમાં ડૉક્ટરે બધી જ તપાસ કરી લીધી. બંનેને હૉસ્પિટલનાં કપડાં પહેરાવવામાં આવ્યાં. મીરાંને ઊંડા શ્વાસ લઈને બાળકને બહાર કાઢવા માટે મદદ કરવા કહેવામાં આવ્યું.

એ રોકસ્ટાર હતી.

રોકસ્ટારનું મા તરીકેનું આ સ્વરૂપ ગોપાલે પહેલીવાર જોયું હતું. એક સ્ત્રી બનવા જઈ રહેલી છોકરીમાં આટલી તાકાત અને મનોબળ પહેલીવાર જોયાં હતાં. કદાચ ગોપાલ

તેનો હાથ પકડીને ઊભો હતો તેના લીધે એ તાકાત આવી હશે.

ઘણા સમય સુધી મીરાંની એ પીડા ચાલુ રહી. એ રડી રહી હતી. ગોપાલ પણ તેને રડતી જોઈને ખૂબ ચિંતામાં હતો. તેની બાજુમાં બેસીને તેની હથેળીને ગરમી આપવા ઘસી રહ્યો હતો. મીરાંની છાતીમાં હજાર વિચારો જન્મ લઈ રહ્યા હતા. એક ક્ષણે શું થશે તેનો ડર હતો, બીજી ક્ષણે ખુશી થતી હતી કે નવ મહિનાઓ સુધી પોતાના શરીરમાં એક શરીરને તે પોષી રહી હતી અને એ થોડી ક્ષણોમાં બહાર નીકળીને આ વિશ્વમાં પોતાનો શ્વાસ લેવાનું હતું. પોતાનું આખું શરીર થાકી ગયું હતું. ચારે તરફ પાણી અને પરસેવા અને આંસુને લીધે એ ભીની થઈ ગઈ હતી. પેટની નીચે ખૂબ પીડા થઈ રહી હતી. જીવ બહાર નીકળી રહ્યો હતો. પગ ઠંડા પડીને ધ્રૂજી રહ્યા હતા. હવે તો આખું શરીર કંપી રહ્યું હતું. ગોપાલ ડરને લીધે ઊભો થઈ ગયો હતો.

ગોપાલ મારી બાજુમાં બેસને... તે કહેવા માગતી હતી, પરંતુ હવે આંખો સામેનાં દૃશ્યો પણ ભયંકર પીડાની અંદર ઝાંખાં થઈ રહ્યાં હતાં. પ્રસૂતિની વેદના તેના પૂરા અસ્તિત્વને હમણાં જ બંધ કરી દેશે એવો ડર લાગી રહ્યો હતો. *બસ... હવે હું નહીં જીવું... બસ...* વિચારો તેના હારી ગયેલા શરીરમાંથી ઊઠી રહ્યા હતા.

એક ક્ષણ આવી. વેદનાની ચરમસીમાએ મીરાંએ એક મોટી રાડ નાખી. ગોપાલે તેના હાથને મજબૂતીથી પકડેલો હતો. મીરાંએ બીજા હાથે બેડને પકડીને કાપડને ફાડી નાખ્યું હતું. બસ... એ રાડ પછી તરત જ મીરાંની આંખો બંધ થઈ ગઈ.

એક તરફ આંખો બંધ થઈ અને બીજી જ ક્ષણે તેની પીડા જતી રહી. આંખો પરથી અંધકાર જતો રહ્યો. પોતાના શરીરમાંથી બીજા એક શરીરને ડૉક્ટરે ખેંચીને બહાર કાઢ્યું હતું. નર્સ મીરાંનું બ્લડપ્રેશર અને હૃદય ચેક કરી રહી હતી.

અને ગોપાલ ?

ડૉક્ટરના હાથમાં એક નાનકડું લોહીથી ખરડાયેલું શરીર હતું. તે ઊભો થઈને તે શરીર તરફ જોઈ રહ્યો. એક નર્સ તેની બાજુમાં આવી અને નાની કાતર આપી તેને એ શરીર અને મીરાં સાથે જોડાયેલી કાળી દોરી કાપવા કહ્યું. ગોપાલે ધ્રૂજતા હાથે એ નાયડું કાપ્યું અને બાળક અલગ થયું.

26

એ દીકરી હતી.

ગોપાલે તેના લોહીથી ખરડાયેલા ચીકણા પ્રવાહીમાંથી બહાર આવેલા શરીરને જોયું. એક નર્સ તેને પોતાના હાથમાં લઈને તેના શરીરને સાફ કરી રહી હતી.

જાણે સમય સ્થિર થઈ ગયો હતો.

ગોપાલ સ્થિર નજરથી તે નાનકડા ખોબામાં સમાઈ જાય તેવા શરીરને જોઈ રહ્યો હતો. જાણે તેનો પોતાનો જન્મ પણ થઈ રહ્યો હતો. એક યુવાન મટીને એ પિતા બની રહ્યો હતો. હમણાં સુધી દુનિયા સામે એકલા હાથે ઊભો રહેલો એ બળવાખોર યુવાન હવે એક નાનકડા જીવનો રખેવાળ હતો.

નર્સ એ દીકરીની છાતી પર માલિશ કરી રહી હતી.

અચાનક ગોપાલની છાતીમાં ફાળ પડી.

એ કેમ રડી નથી રહી ? શું એ મરેલું શરીર તો બહાર નથી આવ્યુંને ? એ કેમ અવાજ નથી કરતી ? કેમ એ શરીર પથ્થર જેવું છે ?

નર્સ અને ડૉક્ટર ચારે તરફ દોડી રહ્યાં હતાં. મીરાંની આંખો બંધ હતી. ગોપાલના પગ ઠંડા પડી ગયા. દીકરીના રડવાનો અવાજ આવ્યો ન હતો.

થોડી મિનિટ પછી આખી હૉસ્પિટલમાં સંભળાય તેવા પ્રચંડ અવાજ સાથે એ નાનકડું શરીર રડ્યું.

એ રોકસ્ટારની દીકરી હતી. દિલ ફાડીને જીવનારા જીવો અંદરથી નીકળેલો જીવ હતો. એ ધીમે ધીમે રડે પણ નહીં. ગોપાલ ખુશીઓને લીધે રડવા લાગ્યો. જેમ નાનું બાળક રડે એમ ધ્રુસકે ધ્રુસકે ચૂપચાપ ગોપાલ રડવા લાગ્યો. એક કપડામાં દીકરીને વીંટાળીને નર્સ ગોપાલની પાસે આવી અને ગોપાલને હાથમાં લેવા કહ્યું.

ગોપાલે તરત જ પોતાના આંસુ લૂછીને પોતાના હાથમાં કપડામાં મૂકેલી પોતાની દીકરીને લીધી. એક બાપનો જન્મ થયો. હજુ તો એને પોતાના હાથમાં દીકરીને કેમ પકડવી એ પણ આવડતું ન હતું. એ કેટલો ગભરાતો હતો ! પોતાની ભીની આંખો લૂછે કે દીકરીને જુએ ?

એને યાદ આવ્યું કે એ મીરાં પાસે તો ગયો જ ન હતો. તે મીરાં પાસે ઊભો રહ્યો. મીરાંએ થાકેલી આંખો ખોલી.

"મીરાં..."

"હું..."

"દીકરી..."

મીરાંના ચહેરા પર મુસ્કાન આવી. આંસુ આવ્યું. દીકરીના રડવાના અવાજને સાંભળીને મીરાંના શરીરનો બધો જ થાક-દુ:ખાવો જાણે ક્ષણમાં જ અદૃશ્ય થઈ ગયો. ગોપાલ બેડ પર થોડી જગ્યા પર બેઠો અને મીરાંને તેમની દીકરીનો ચહેરો બતાવ્યો.

એ નાનકડો બંધ આંખો, સ્પર્શ કરો તો પણ ગુલાબી રંગનો ડાઘ પડી જાય તેવું શરીર, નાનકડા હોઠ અને ગોપાલ જેવું જ નાક ! તેના કોઈ નવા ઊગતા ફૂલ જેવા કુમળા હાથ-પગ અને માના ગર્ભમાંથી નીકળીને બહાર હવામાં ફેલાયેલી એની તાજી સુગંધ...

મીરાં આંસુઓ સાથે તેને દૂરથી જોઈને જ પથારીમાં બેઠી થઈ ગઈ.એ શબ્દો...

"મારી દીકરી... એને ભૂખ તો નહીં લાગી હોયને ? એ કેમ રડી રહી છે ગોપાલ ? તેને છાની રાખને... તેને... તેને મારા ખોળામાં આવવું છે ? આ આપણી દીકરી... હવે ?... તેને હું ગાલ પર ચૂમી શકું ? તેને... તેને મારી છાતી પર વળગાડીને હું સુવડાવી દઉં ? એ કેટલી હૂંફાળી છે, એય... તું આંખ ખોલને બેટા... જો... હું કોણ છું ?"

જગતના સૌથી મહાન સંબંધ અને એથીયે મહાન પાત્રનો જન્મ થઈ ચૂક્યો હતો : મા...

મીરાં હવે 'મા' હતી. આ નાનકડા જીવનું જીવન શરૂ થઈ ગયું હતું અને આ ભવાઈમાં એ પણ જોડાઈ ગયું હતું.

એ એક પાત્રનો નહીં...ત્રણ પાત્રોના જન્મની ક્ષણ હતી.

નર્સ આવી અને દીકરીને ગોપાલ પાસેથી લઈ ગઈ. ગોપાલ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

"સર... મૈં ઈસકા બ્લડ ટેસ્ટ કરને જા રહી હૂં. ડોન્ટ વરી." નર્સે પાછળ આવી રહેલા ગોપાલને કહ્યું. ગોપાલ ઊભો રહી ગયો. તેને ખબર પણ ન હતી કે એ પાછળ પાછળ શા માટે ચાલી રહ્યો હતો.

તે મીરાં પાસે આવ્યો. બંને એકબીજાની સામે મુસ્કુરાયાં. આજે ગોપાલને આખા મુંબઈમાં પેંડા વહેંચવાનું મન થઈ રહ્યું હતું. એ મીરાંની બાજુમાં બેઠો અને તેનો હાથ પકડ્યો.

"એય..." ગોપાલે કહ્યું. મીરાંએ તેની સામે જોયું.

"તું આજે બહુ મસ્ત દેખાય છે..." એ બોલ્યો.

ના. એ આજે મસ્ત નહોતી જ દેખાતી. તેના ચહેરા પર થાક, પરસેવો, લોહીના ડાઘ હતા. ગોપાલે મીરાંના કપાળ પર હળવેથી કિસ કરી. પછી બંને છત સામે જોઈને ચૂપ થઈ ગયાં. ઘણીવાર એમ જ ચિંતા, ડર અને ખુશીઓ વચ્ચે ગોપાલ બોલ્યો :

"કાશ... મારાં બા અને બાપુજી અહીંયા હોત તો..."

"હા... આટલી ખુશી અને ચિંતામાં એ બધા હોય તો કેટલું સારું." મીરાં બોલી.

મા-દીકરીને ચોવીસ કલાક હૉસ્પિટલમાં દેખરેખ માટે રાખવામાં આવ્યાં. બંનેની તબિયત ખૂબ સારી હતી. બીજે દિવસે ડૉક્ટરે રજા આપી.

હૉસ્પિટલથી બંને કાર લઈને 'નોર્થપોલ' આવ્યાં. હાથમાં રહેલી દીકરી રડી રહી હતી. બંને ચિંતામાં હતાં. બંને ખૂબ ખુશ હતાં. બારણું ખોલીને બંને અંદર ગયાં અને આમોરી દોડતી આવી. એ પણ બે દિવસથી ભૂખી હશે. એ દોડતી મીરાંના પગ

પાસે જઈને તેના પગ ચાટવા લાગી. ગોપાલ આમોરી માટે દૂધ લેતો આવ્યો હતો. એક કટોરીમાં દૂધ કાઢીને આમોરીને આપ્યું.

ગોપાલે ઝડપથી મીરાંનો બેડ સરખો કર્યો. પોતાની દીકરી માટે ઘોડિયું તૈયાર કર્યું. તેના માટે લાવેલી નાનકડી ગોદડીઓ અંદર મૂકી અને તેને ઘોડિયામાં સુવડાવી.

"ગોપાલ..."

"હં..."

"આપણી દીકરી કેમ રડે છે ?" મીરાંએ તેને ઘોડિયામાં મૂકીને પૂછ્યું. ગોપાલ ઝડપથી ઘરમાં સાફસફાઈ કરી રહ્યો હતો.

"એ ભૂખી છે મીરાં."

"હવે હું શું કરું ?" મીરાં રડતા અવાજમાં પૂછી રહી હતી.

"એને તારે ખવડાવવું પડશે, મીરાં." ગોપાલે રૂમની બારીઓ બંધ કરતા કહ્યું. આજે ચોમાસાની ઠંડી હવા વધુ હતી. મીરાંએ પહેલીવાર પોતાની દીકરીને પોતાની છાતી પર વળગાડી અને દીકરી દૂધ પીવા લાગી. મીરાં હવે સંપૂર્ણ 'મા' બની ગઈ હતી. દીકરી રડતી બંધ થઈ ગઈ હતી. આમોરી ઘોડિયા પાસે બેસીને આ નાનકડા જીવને ટગરટગર જોઈ રહી હતી. માનું દૂધ પીને દીકરી ફરી સૂઈ ગઈ હતી.

ગોપાલ બહાર બાલ્કનીમાં ખુરશીમાં બેઠો. અંદર મીરાં પણ સૂઈ ગઈ હતી. આમોરી બહાર ફરવા નીકળી હતી. આજે રસ્તામાંથી બંને ઘરમાં જોઈતી બધી જ વસ્તુઓ પણ લેતાં આવ્યાં હતાં. દવાઓ, શાકભાજી, નવાં કપડાં, મચ્છરદાની, થોડાં વાસણો, નવો ગૅસ બધું જ...

બાલ્કનીમાં બેસીને ગોપાલે પોતાનું પર્સ ચેક કર્યું. અંદર માત્ર આઠસો રૂપિયા પડ્યા હતા. મીરાં પાસે પણ થોડા રૂપિયા હતા, પરંતુ તે બંનેએ નક્કી કરેલું હતું કે અમુક રૂપિયા તેઓ ક્યારેય ખર્ચ કરશે નહીં જેથી ગમે તે સમયે બાળક માટે તાત્કાલિક જરૂર પડે ત્યારે તેઓ વાપરી શકે.

એક નાનકડા જીવના પાલનહાર તરીકે ગોપાલને આજે ચિંતા થઈ રહી હતી. વધુ કમાવાની જરૂર હતી. ટૅક્સી ચલાવીને તેને રોજના આઠસો-હજાર રૂપિયા જેવી કમાણી થતી હતી, પણ હજુ વધુ કમાવાની જરૂર હતી.

ખુરશીમાં જ ગોપાલને ઊંઘ આવી ગઈ.

"ગોપુ બેટા..." એક અવાજ આવ્યો. એક સપનું આવ્યું. સપનામાં આ અવાજ આવ્યો. ગોપાલે પાછળ ફરીને જોયું.

"બાપુજી..." તેના હોઠમાંથી શબ્દો નીકળી ગયા. તે પોતાના ગામડાના ઘર અંદર ઓસરીમાં ઊભો હતો. સામે હીંચકા પર બાપુજી બેઠા હતા. ગોપાલ સામે મુસ્કુરાઈ રહ્યા હતા. *આ સપનું છે ?* ગોપાલ માની શકતો ન હતો.

"મારી બા ક્યાં ?" ગોપાલે પોતાના બાપુજી તરફ ધ્રૂજતા પગે ચાલતાં પૂછ્યું.

"ઈ રઈ ત્યાં. રસોડામાં રોટલા બનાવે સે." બાપુજી બોલ્યા. ગોપાલ તેમની

પાસે ગયો અને પગે લાગ્યો.

"સુખી થાઓ..." બાપુજી બોલ્યા. ગોપાલના માથા પર એ વર્ષોની ખેતીની મહેનત પછી પથ્થર જેવો બની ગયેલો વહાલભર્યો હાથ ફર્યો. જાણે વર્ષો પછી એ હાથનો સ્પર્શ થયો. ગોપાલ હીંચકા પર તેમની બાજુમાં બેઠો. તેને તો બાપુજીને ભેટવું હતું. એમના ખોળામાં માથું મૂકીને રડવું હતું. સૂઈ જવું હતું. તે એમના થોડા સફેદ થયેલા વાળને જોઈ રહ્યો હતો.

"ઘરે લક્ષ્મી આવી ?" પાણી ભરેલી આંખોથી બાપુજીએ પૂછ્યું. એ પાણી ભરી આંખો જોઈને ગોપાલની આંખો પણ ભીની થઈ ગઈ.

"હા. હવે ચિંતા થાય છે." તે બોલ્યો.

"સેની ચંતા ?"

"હવે હું એકલો નથી. મીરાં અને દીકરી બંને છે. ઘર ચલાવવા માટે વધુ રૂપિયા જરૂર પડશે અને..." તે બોલ્યો અને નીચું જોઈ ગયો.

"અને ?" બાપુજીના ધ્રૂજતા શબ્દોને તેણે સાંભળ્યા.

"હજુ મને મારું ગમતું કામ ખબર નથી, બાપુજી. શું કરું, શું ન કરું કશી જ ખબર નથી પડતી. એટલે જ અહીં ઘરે પાછો નથી આવ્યો." તે એટલું બોલીને ભાંગી પડ્યો. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તેના ખભ્ભા પર બાપુજીએ હાથ મૂક્યો.

"ઈ બંને તારી નબળાઈ નથ. તાકાત સે ગોપુ. તાકાત. ઈ બેય સે એટલે જ તો રોજી કમાવાની મોજ આવશે. તારી જીદને પકડીને બેઠો નો રે. પાસો આવી જા બટા. પાસો આવી જા."

"ના. ના." ગોપાલ હજુ નીચું જોઈને રડતો બોલી રહ્યો હતો. રસોડામાંથી અવાજ આવ્યો :

"ગોપાલ... એ ગોપાલ..."

બાનો અવાજ હતો. બે વર્ષથી આ અવાજની કેટલી ઝંખનાઓ થતી હતી. આજે આ સપનું બસ પૂરું જ ના થાય. ગોપાલે એ સાદનો જવાબ ન આપી શક્યો.

"ગોપાલના બાપુ... સું થ્યું સે ગોપુને ? કેમ ઈ રોતો હોય એવું લાગે સે ?" રસોડું ફરી બોલ્યું. બાપુજીએ ખોંખારો ખાઈને જવાબ આપ્યો :

"કંઈ નહીં. ગોપુને ઘેર લક્ષ્મી આવી ને... એટલે ઈ થોડોક ઢીલો પડી ગ્યો સે. રોટલાની ઉપાધિ થાયને."

"ગોપુ, બેટા આયા આવ તો..." એ મમતાભર્યો અવાજ બોલાવી રહ્યો હતો. *પણ કેમ જાય છે ગોપાલ ? યાદ નથી ? તું જ્યાં સુધી હજાર દીકરા જેવો દીકરો ના થાય ત્યાં સુધી એને મોઢું નહીં બતાવે. એ ઘર છોડ્યાનો દિવસ યાદ નથી ?* ગોપાલનું સપનું વિચારી રહ્યું. તે ઊભો ન થયો. થોડીવાર પછી ફરી અવાજ આવ્યો :

"ગોપુ... એ દીકું... આયા આવને દીકું. મારે રોટલા બળી જાય સે, નહીંતર હું બહાર આવત."

"ના બા..." ગોપાલે રસોડા તરફ જોઈને આંસુ લૂછીને કહ્યું.

"હવે જીદ છોડી દેને દીકરા. આયા આવ. તારું મોઢું જોવું સે."

"ના બા... હું જલદી પાછો આવીશ. તારી વહુ બેટાને લઈને. તારી પૌત્રીને પણ લેતો આવીશ." તે બોલ્યો અને ઘરમાંથી બહાર ચાલી જવા માટે તે ઊભો થયો. હજુ ઓસરી છોડીને પગથિયા પાસે એ પહોંચે તે પહેલાં ફરી અવાજ આવ્યો :

"પણ તું અટાણે રોતો'તો કેમ ?" બા હતી.

"કંઈ નથી ગોપુની બા. એને કમાવાની ઉપાધિ થાય સે. બસ..." ઝૂલા પરથી ઊભા થઈને બાપુજીએ રસોડા તરફ કહ્યું.

"ગોપુ... એ ગોપુ..." ગોપાલે એ શબ્દો સાંભળ્યા, "સાંભળ... તારી માએ તારા જનમ પહેલાં સવાશેર સૂંઠ ખાધી સે. જઈ જઈ તને એમ થાયને કે તું હારી ગયો સે તયી એમ વિશારી લેજે કે તારી માએ ખાધેલી સવાશેર સૂંઠનું સું થાહે ? સમજ્યો ?" એ શબ્દો ગોપાલના પગથિયા ઊતરતા પગને સ્થિર કરી ગયા. છાતીમાં એક ઝનૂન આવ્યું. પોતાની બાને દોડીને ભેટી લેવાનું મન થઈ આવ્યું. ફરીથી એ અવાજ આવ્યો, "અને તારે તો એક દીકરી થઈ સે. તારા બાપુજીએ તો પાંચને મોટાં કર્યા સે. ઈ પાસા ધરતીમાં અનાજ ફેંકીને કુદરતના ભરોસે. જા હવે... જે દિવસે તને શેનીયે બીક નો લાગે ઈ દિવસે પાસો આવજે. મને મારો એકે હજારા મળી જાહે અને હું વાટ જોઈશ રોજ તારી."

દીકરીનો રડવાનો મોટો અવાજ આવ્યો. ગોપાલની આંખ ખૂલી. સપનું જતું રહ્યું. તેણે પોતાના ભીના ગાલ પર હાથ ફેરવીને પાણી લૂછી લીધું અને ઝડપથી અંદર રૂમમાં પોતાની દીકરી પાસે દોડી ગયો.

દીકરી ઘોડિયામાં સૂતી સૂતી રડી રહી હતી. તેણે આંખો ખોલી હતી. ગોપાલ ઘોડિયાની બાજુમાં બેઠો. પોતાની દીકરીના માથા પર તેણે હાથ ફેરવ્યો. તે રડતી બંધ થઈ ગઈ. મીરાં બેડ પર સૂતી સૂતી તે બંનેને જોઈ રહી. આજે મીરાંના ચહેરા પર સંપૂર્ણતા હતી. કોઈ ચિંતા, કોઈ ડર કે કોઈ પીડા ન હતી. તે મા હતી.

બીજી તરફ એક યુવાન પિતા પોતાની સવાશેર સૂંઠના જુસ્સા સાથે જન્મી ચૂક્યો હતો. આ માત્ર દીકરીનો જન્મ ન હતો.માબાપનો જન્મ પણ હતો.

ગોપાલે દીકરીને ઘોડિયામાં હીંચકા નાખીને હાલરડું ગાઈ આપ્યું :

"સોના-રૂપાનું મારું પારણિયું,
ને ઘૂઘરિયે ઘમકાર,
બાળા પોઢોને..."

નાનપણમાં પોતાની બા પાસે સાંભળેલું એ હાલરડું ગોપાલે ગાવાનું શરૂ કર્યું. મીરાં તેને જોતી રહી. એ દીકરી પોતાના બાપના અવાજને સાંભળીને હસી પડી.

"આનું શું નામ રાખીશું, ગોપલા ?" મીરાંએ પૂછ્યું.

"આપણે સાતેસાત દીકરીનાં નામ અગાઉથી જ નક્કી કરી રાખેલાં છે, નાલાયક."

"ના સાલા નાલાયક. આ એક જ કાફી છે. કેવું પેઈન થાય છે ખબર છે તને ? અને તે રાખેલાં સાતેય નામ વાહિયાત છે તારી જેમ."

"બે યાર... હવે તો ગાળો ના બોલ. આપણી પલ ઉપર કેવી અસર થશે ?"
"પલ ? ના ક્યારેય નહીં. બીજું વિચાર."
"સારું. તારી બુદ્ધિ ચલાવ. ભૂરી ?"
"ના."
"કડવી ?"
"તારે માર ખાવો છે ?"
"તો મોંઘી ?"
"ના."
"મીઠી ?"
"સંગીતા ?"
"ગોપાલ સિરિયસ થઈને કહીશ ?"
"કંકુ ?"
"ચોખા ?"
"બકરી ?"
"ઈદ ?"
"એક મિનિટ... છેલ્લે શું કહ્યું ?" મીરાંની આંખો ચમકી.
"બકરી ?"
"ના નાલાયક... એ પછી..."
"ઈદ..."
"બસ એ... મસ્ત નામ છે. ઈદ. હવે મારી સાથે માથાકૂટ ના કરતો. તેના હોઠ પણ ઈદના ચાંદ જેવા છે. આનું નામ ઈદ." મીરાંએ નામ નક્કી કરી નાખ્યું. ગોપાલને પણ ગમ્યું.
"પણ હવે જે બીજી આવશે એનું નામ પલ રાખીશું. ઓકે ?"
"સાલા તું જા... કોઈ સારી હૉસ્પિટલ જઈને નસબંધી કરાવતો આવ."

27

ઈદ...

ધરતી પર જન્મેલી એક પરી હતી.

રોજે સવારે એ આંખ ખોલે અને જાણે પહેલીવાર આખા વિશ્વને જોતી હોય એમ ચારે તરફ ટગર ટગર જોયા કરે. જાણે રોજે સવારે પહેલીવાર જન્મ લઈ રહી હોય. તેના ગળામાંથી નીકળતા શબ્દો વિનાના અવાજ આખા ઘરમાં ગુંજી રહે. તેના રડવાનો મોટો અવાજ જાણે એક ધૂન બની જાય.

શિયાળો આવી ગયો હતો. વહેલી સવારે ઘરની ચારે તરફ ધુમ્મસ છવાઈ જતું. સામે ખળખળ વહેતી નદી ઉપર ઠંડીને લીધે ભેજનાં વાદળ બની જતાં. લાકડાંના આ ઘરની અંદર એક ગરમાહટ રહેતી. ગોપાલ સવારમાં ચાર વાગ્યામાં ઊઠી જાય. બહાર નીકળીને બ્રશ લઈને નદીકિનારે ચાલતો રહે અને બસ આસપાસની કુદરતને જોઈને વિચારતો રહે. નદી પર બનેલા નાનકડાં વાદળોના બદલતા આકારને જોતો રહે. સામેનાં વૃક્ષો પરથી પંખીઓ કલબલાટ ચાલુ કરે.

સવાર પડે અને ઈદ અને કુદરત એકસાથે જ ઊઠી જાય. અવાજો કરે. ગોપાલ એક મોટા વાસણમાં નદીનું પાણી ભરતો આવે અને વૃક્ષ નીચે બેસીને મોટું તાપણું કરે. વધુ ઠંડીમાં એ એક નાનકડા વાસણમાં ગરમ કોલસો લઈને મીરાંના બેડ આગળ મૂકે જેથી તેની રૂમમાં ગરમી જળવાઈ રહે. રોજે પોતાની દીકરી માટે એ પાણી ગરમ કરે. સવારમાં કરેલું ગરમ પાણી તે ઘરમાં લઈ જાય અને એક મોટા બાથટબ અંદર ભરી દે. પછી એ અને મીરાં ઈદને પાણીથી નવડાવે. તેને પાણી એટલું બધું ગમતું કે તે બસ હસ્યા જ કરતી. પાણીમાં હાથ પછાડતી અવાજો કર્યા કરતી. નાહ્યા પછી મમ્મીના હાથની તેલ માલિશ પણ એને એટલી જ ગમતી.

મીરાં રોજે અડધી રાત્રે ઊઠીને પણ ઈદને પોતાની છાતી પર લગાવે. એ મા તો રાત્રે પણ દસવાર ઊઠતી અને ઈદને છાની રાખતી. ઈદનાં ભીનાં કપડાં બદલાવતી. ઈદને પેટ ભરાવીને સુવડાવે અને ઈદ ફરી રડે તો ફરી કલાકો જાગતી. ઈદ જ્યારે જ્યારે ઊઠી જાય ત્યારે ગોપાલ પણ ઊઠી જાય. પોતાની દીકરીના માથે હાથ ફેરવે. ગળામાંથી નવાનવા અવાજ કરીને તેને શાંત કરવા મથતો રહે. મીરાંને આરામ મળે એટલે એ પોતે દીકરીના ડાઇપર્સ બદલતો રહે. સવારમાં ચા બનાવે. દૂધ ગરમ કરે. આમોરીને દૂધ આપે. મીરાં માટે ફ્રૂટ ડિશ તૈયાર કરે. હવે તો સાંજે આવીને ગરમ રોટલી પણ બનાવતો. તેના હાથની રોટલી ફૂલીને મોટા દડા જેવી બનતી. વળી નદીકિનારે મૂકેલાં એક મોટા પથ્થર પર મા-દીકરીનાં કપડાં પણ ક્યારેક ધોઈ નાખે.

બસ, એ બધું જ પૂરું થાય પછી પોતે નદીમાં જઈને નહાતો આવે. તૈયાર થઈને ઈદના ઘોડિયા પાસે જાય. પોતાની દીકરીની દરિયા જેવી આંખોને જોતો રહે. તેની પાસે જઈને હાલરડું ગાય. ગોપાલના ઘાટા અવાજને સાંભળીને પેલો નાનકડો ચહેરો રોજે

હસી પડે અને બસ...

આ નાનકડો પપ્પા એ મુસ્કાનના જોરે શહેર તરફ ચાલ્યો જાય. આખો દિવસ ટૅક્સી ચલાવીને રૂપિયા કમાય. ટૅક્સીમાં જ્યાં માણસો પોતાના ભગવાનના ફોટોગ્રાફ્સ મૂકે ત્યાં તેણે મીરાં અને ઈદનો એક ફોટો મૂકેલો હતો. કોઈ પેસેન્જર પૂછતો કે એ કોણ છે ? અને બસ... ગોપાલ ચાલુ પડી જાય ! 'આ મારી મીરાં છે, આ મારી ઈદ છે.' એ બંને વિશેની હજારો વાતો કર્યા કરે. આટલાં વર્ષોમાં પહેલીવાર તેની પાસે રૂપિયા કમાવાનું કારણ હતું. કોઈના માટે એ જીવી રહ્યો હતો. તેની છાતીમાં એક અફાટ દરિયો હતો પ્રેમનો, વહાલનો. સાંજે વહેલા ઘરે જવાની તડપ હતી. પોતાની દીકરી જ્યારે માંદી હોય ત્યારે ક્ષણેક્ષણ તેના સ્વાસ્થ્યની એક પીડા હતી. ક્યારેક રૂપિયા ખૂટી પડ્યા હોય ત્યારે સાંજે ભૂખ્યા રહીને પણ પોતાની ઈદ અને મીરાં માટે જરૂરી દરેક વસ્તુ લઈ જતો.

આટલાં વર્ષોમાં પહેલીવાર એ કોઈ બીજા માટે જીવી રહ્યો હતો.

ભરપૂર જીવી રહ્યો હતો.

કોઈ પણ શરતો વિનાનો એ પ્રેમ તેની અંદર પેદા થઈ ગયો હતો.

બસ... જાણે પહેલાં કશુંક ખૂટતું હતું એ હવે ઈદ બનીને આવી ગયું હતું. પોતાના જગતભરના બળવાઓ શાંત થયા હતા.

અને મીરાં ? એ મા હતી. માની લાગણીઓ કોઈ શબ્દની મોહતાજ ન હતી.

ધીમે ધીમે દિવસો મહિનાઓ વીતવા લાગ્યા. જે ઈદને તેઓ પોલિયોની રસી આપવા માટે ઘર બહાર કેમ લઈ જશે એ ચિંતા સતાવતી એ ઈદ હવે બારણાં તરફ પોતાની નાનકડી આંગળી ચીંધતી !

જાણે એને બોલતા આવડતું હોત તો કહેતી હોત...'એ ગોપલા... મને બહાર લઈ જા. મને ફરવા લઈ જા !'

સમય પણ 'નોર્થપોલ'ની ચારે તરફ ઊડતાં રહેતાં પતંગિયાંઓ જેવો બની ગયો હતો.

જે લાડકી દીકરી મોડી રાત્રે કેટલીયેવાર ઊઠીને રડ્યા કરતી હતી એ એક રાત્રે ઊઠીને એક શબ્દ બોલી :

"પા..."

ગોપાલ ઊઠી ગયો. ઝડપથી ઘોડિયા પાસે ગયો. મીરાં પણ ઊઠી ગઈ. દીકરી આજે પહેલો શબ્દ બોલી હતી. ગોપાલે ફાનસ કર્યું. ખુશીનાં આંસુ સાથે પોતાની દીકરીને કહેવા લાગ્યો :

"એઈ દીકું...ફરી બોલ તો... શું કહ્યું ?"

"પા..." એ નાનકડી મુસ્કાન સાથે બોલી અને ગોપાલની આંગળી પકડી લીધી. ગોપાલે તેને ચૂમી લીધી. મીરાં તેને 'મા' બોલવા કહેવા લાગી. એ 'મા' પણ બોલી. ગોપાલે તો તેને ઊંચકીને પોતાની છાતીમાં વળગાડી દીધી.

જે દિવસે ગોપાલની આંગળી પકડીને પાપાપગલી ભરવા લાગી તે દિવસે તે બંને ઈદને લઈને દરિયા પાસે ગયાં. તે બંને કેટલાયે સમયથી દરિયા પાસે ગયાં ન હતાં. મીરાં તો પોતાનું કામ છોડી દીધા પછી ઘર બહાર જ નીકળી ન હતી. ઘણા સમય પછી પોતાના માથા પર પેલું રંગબેરંગી કપડું બાંધીને ટી-શર્ટ અને શોર્ટ્સ પહેરીને એ બહાર આવી હતી. ઈદે પીળા રંગનું ફ્રૉક પહેરેલું હતું.

રસ્તા પર કાર પાર્ક કરીને તેઓ દરિયા પાસે બેઠાં. ઈદ પોતાના પપ્પાના ખોળામાં બેસીને દરિયા તરફ પોતાની નાની એવી આંગળી કરીને નજીક જવાનું કહેતી હતી.

"તારા પર જ ગઈ છે જો... આને દરિયામાં નહાવું છે !" ગોપાલે મીરાંને કહ્યું.

"દીકરી કોની..." મીરાંએ કહ્યું. હળવેથી તેણે ગોપાલ તરફ ઝૂકીને ગોપાલને કિસ કરી. ત્રણેય કલાકો સુધી દરિયા સામે જોઈને બેઠાં રહ્યાં.

"મીરાં..."

"હં..."

"ક્યાં પહોંચી ગયાં આપણે બંને..." તે બોલ્યો. મીરાં હસી પડી. ઘણા સમય સુધી બંને દરિયાને જોતાં રહ્યાં.

"ધેટ્સ લાઈફ..." તે દરિયાની રેતીમાંથી છીપલાંઓ શોધતી બોલી. ઈદ દરિયાની રેતીને મૂઠીમાં ભરીને ખાવા પ્રયત્ન કર્યા કરતી હતી. ગોપાલ તેને વારંવાર ઊંચકીને પોતાના ખોળામાં લઈ રહ્યો હતો, પણ એ ફરી રેતીમાં ભાગી જતી હતી.

"યાદ છે કેવો બાવરો હતો હું..."

"હા... યાદ છેને. આખો દિવસ લાઈફ લાઈફ કર્યા કરતો અને રડ્યા કરતો."

"ના. રડતો નહીં. પણ ઘણુંબધું સમજાયું ન હતું."

"હવે સમજાઈ ગયું તને ?"

"ના. સમજવું જ નથીને."

"કેમ ? હારી ગયો ?"

"ના. જવાબ મળી ગયો છે."

"શું ?"

"ઈદ..." ગોપાલ બોલ્યો, "એ મને જીવતા શીખવી રહી છે."

"હા... મને પણ." મીરાં બોલી. બસ... પછી ફરી બંને ચૂપ થઈ ગયાં. એમનો પ્રેમ એક એવી ઊંચાઈ પર પહોંચી ગયો હતો કે તેમને હવે શબ્દોની જરૂર ખૂબ ઓછી હતી. ગોપાલ મીરાંનો ચહેરો જોઈને બધું પારખી જતો અને મીરાં ગોપાલની આંખો જોઈને બધું પામી જતી. એક નાનકડી કિસ હજાર શબ્દો જેવી હતી. મોડી રાત્રે એકબીજાંને બાહોમાં લઈને સૂઈને તેમની બધી જ વાતો થઈ જતી.

"એક વાત કહું ?" મીરાંએ ગોપાલ તરફ જોઈને પૂછ્યું. ગોપાલે દરિયા સામે જોઈને જવાબ આપ્યો :

"બોલને..."

"ચૂપ ના રહેતો. તારી છાતી અંદર રહેલી પેલી ખાલી જગ્યાને ઈદના આવવાથી ભરી ના દઈશ. સવાલો બંધ ના કરીશ, કારણ કે દરેક સવાલનો જવાબ ઈદ નથી." તે બોલી.ગોપાલે તેની આંખોમાં જોયું.

"લેટ્સ સી..." તે હસીને બોલ્યો. બંને હસી પડ્યાં. બંનેને હસતાં જોઈને ઈદ પણ હસી પડી.

બસ... એ રીતે જ જિંદગીઓ ઝડપથી બદલાઈ રહી હતી અને એથી ઝડપે બદલી રહી હતી ઈદ.

ઈદ. એ ગોળ ચહેરો. નાનકડી કાળી અચરજથી ભરપૂર આંખો. કોઈ ફૂલ જેવા કુમળા ગાલ. એ ગાલને સ્પર્શ કરો અને દાગ પડી જાય તેવી સુંવાળી ચામડી. સ્પર્શ સાથે જ ખંજનો સાથે હસી પડતો જેવો ચહેરો. નાનકડું મુલાયમ શરીર.

પરીકથાઓના વિશ્વમાંથી અહીં આવી ગયેલી નાનકડી પરી હતી એ !

ઈદને માટે ગોપાલ અને મીરાં બંનેએ સિગારેટ અને બિયર પીવાનું છોડી દીધું. ઈદના સૂવાના સમય મુજબ એમના સૂવાના સમય નક્કી થઈ ગયા હતા. મીરાં હાલરડાં ગાતી. જે મીરાં પોતાની મસ્ત-બેફિકર ફકીર જેવી જિંદગી જીવતી હતી એ એક નાનકડા જીવને દર બે-ત્રણ કલાકે પોતાની છાતી સાથે વળગાડીને ધવરાવતી હતી. ઈદ પણ એ દરિયા જેવું ઊછળતું, કૂદતું જીવન જીવેલી માનું દૂધ પીનારી હતી. એ જ્યારે રડતી ત્યારે છેક દૂર હાઈવે સુધી અવાજ પહોંચી જાય ! એ જ્યારે હસે ત્યારે આજુબાજુની કુદરતમાં રમતાં પંખીડાંઓ ચારે તરફ જોયાં કરે. આમોરી તો ઈદની ચાહક બની ગઈ હતી. આઠ મહિનાની થઈ ત્યારે એ બેસતા શીખી ગઈ. દાંત આવવાનું ચાલુ થયું. ગોપાલે એ સમયે પોતાના ખર્ચે એક જૂની સસ્તી કાર ખરીદી હતી અને તે માટે એક ડ્રાઈવરને રાખ્યો હતો. પોતે બીજી કાર પગાર પર ચલાવતો અને એ પગારમાંથી ઘર ચાલી જતું.

એક વરસની ઈદને જ્યારે ગોપાલે પહેલીવાર સાઈકલમાં બેસાડી ત્યારે એ સાઈકલને પોતાની છાતીથી ધક્કો મારતી અને હોર્ન પર પોતાનો નાનકડો હાથ મારતી એવી ભાગેલી કે સીધી દરવાજા નજીક આવી ગઈ હતી. ગોપાલે તે જ દિવસે ઘરની ચારે તરફ બે ફૂટ ઊંચી લાકડાની નાનકડી દીવાલ બનાવી લીધી. બંનેને ડર હતો કે ઈદ જ્યારે મેદાનમાં રમવા લાગશે ત્યારે ભાગીને સીધી નદી તરફ ચાલી જશે.

ગોપાલે નદીકિનારે રહેલા પેલા વૃક્ષની ડાળી સાથે લાકડાનો હીંચકો લટકાવ્યો હતો. ઘણીવાર સાંજ નજીક મીરાં ઈદને પોતાના ખોળામાં લઈને બાલ્કનીમાં બેઠી હોય ત્યારે ઈદ એ દૂર હવામાં એકલા ઝૂલતા હીંચકા તરફ આંગળી કરીને રડતી. છેવટે મીરાં તેને પોતાના ખોળામાં બેસાડીને એ હીંચકા પર બેસતી. મા-દીકરી એ રોમાંચમાં ગાંડાં થતાં. મીરાં ગીતો ગાય અને ઈદ તેના ખોળામાં ઝૂલતી મોટા મોટા અવાજો કર્યા કરે.

જે દિવસે તે પહેલીવાર 'પા' શબ્દ બોલી તે દિવસે ગોપાલે પોતાની કારમાં બેસતા દરેક માણસને પેંડા ખવડાવ્યા ! તે જ્યારે 'પાપાપગલી' ભરવા લાગી ત્યારે તો ગોપાલ અને મીરાં ઘરમાં ડાન્સ કરવા લાગ્યાં. એમની દીકરી ચાલવા લાગી હતી ! એક

વરસ ક્યાં જતું રહ્યું ખબર પણ ન પડી.

જોતજોતામાં ઈદનો બીજો જન્મદિવસ પણ આવી ગયો હતો. દીકરી માટે પપ્પાએ ઢીંગલી લાવી આપી હતી. હવે પપ્પા ઘોડો બનતા અને મમ્મી સિપાઈ બનતી હતી. રાત્રે મમ્મી વાર્તાઓ કહેતી હતી. હવે તો ઈદ બધું જ ખાતીપીતી હતી. પપ્પાના હાથની ખીચડી અને મમ્મીના હાથની રોટલી જમી લેતી હતી.

બે વરસ પછી જે દિવસે ઈદ બીમાર પડી તે દિવસે તેણે પોતાની કાર વેચી નાખી. મહિનાઓ સુધી તેને ખબર ન હતી કે તેને શું કામ કરવું છે. તે જ દિવસે પોતાની પગાર પર કાર ચલાવવાની નોકરી પણ મૂકી દીધી.

ગોપાલ હજુ ઘણીવાર રાત્રે નદી પાસે રાત્રે તાપણું કરીને ત્યાંથી થોડે દૂર એક ચાદર પાથરીને સૂતો. ચાદર પર એક તરફ મીરાં, એક તરફ ગોપાલ અને વચ્ચે ઈદ સૂતાં. ત્રણેય રાત્રિના ચમકતા આકાશને જોયા કરતાં. ઠંડો પવન ઈદને સુવડાવી દે પછી ગોપાલ અને મીરાં મોડી રાત સુધી વાતો કર્યા કરે :

"મીરાં, હવે તો ઈદ પણ બે વર્ષની થઈ ગઈ છે. હજુ પણ તારા આ ગોપલાને કોઈ ગમતું કામ ન મળ્યું"

"ચિંતા ના કર ગોપલા. આ તારી બાઈ બેઠી છેને. એકલી આખું ઘર ચલાવી શકે છે."

"પણ..." તે બોલતો અને કોઈ ઊંડી ચિંતા કરવા લાગતો.

"તું ખોટી ચિંતાઓ ના કર્યા કર. યાદ તો કર આપણે છેલ્લાં ત્રણ વરસથી આ જ રીતે મસ્ત જિંદગી જીવી છે. હવે ઈદ આવી છે તેમાં ટિપિકલ બાપની જેમ આટલો સિરિયસ ના થઈશ."

"હા પણ... હવે મારા પર જવાબદારીઓ વધી છે. અત્યારે કોઈ કામ નથી મારી પાસે."

"તો બંગડીઓ પહેરી લે નાલાયક." તે ગુસ્સામાં કહેતી, "જો આવી રીતે કુટુંબની જવાબદારીઓના ભાર લઈને જીવીશ તો તારામાં અને આ આખી દુનિયાના બાપ-મર્દમાં શું ફર્ક છે ?"

"ના. તું સમજતી નથી મીરાં. ઈદ મારે માટે ભાર નથી પાગલ. મને તો હવે ક્યારેય એમ પણ નથી થતું કે આ રોજના કામની અને રૂપિયા કમાવાની રેસ કોના માટે. ઈદ તો મારી તાકાત છે. બસ... મને ચિંતા મને મારું પેશન જાણવાની છે."

"આંખો ફાડીને નવાં નવાં કામ શોધતો રહે અને છાતી ફાડીને જીવ્યા કર ગોપાલ. હજુ તો ખૂબ લાંબી સફર છે. આમ થાકી જઈશ તો મારે આપણી ઈદના બાપનું નામ ફેરવી નાખવું પડશે." મીરાં બોલી અને ગોપાલ મોટે મોટેથી હસી પડ્યો.

"એક કામ કર ગોપાલ." મીરાંએ કહ્યું, "તું કેટલાયે સમયથી સતત દિવસ-રાત નાનાંમોટાં કામ કર્યા કરે છે. હવે થોડો સમય આરામ કર. આ તારી મીરાં બેઠી છેને. તું ઘરે ઈદને સાચવ અને હું મારી ટેટૂ ડિઝાઇનના કામની ધાર કાઢી લઉં. તું ઘરે રહીને ઈદને સાચવ." મીરાંની વાત સાચી હતી. ગોપાલને થોડો સમય આરામ જરૂરી હતો અને મીરાંને પોતાના જૂના કામની નવી શરૂઆત કરવાની જરૂર હતી. ઈદને સાચવવી એ તો ગોપાલનું ગમતું કામ હતું.

28

'નોર્થપોલ'ની ચારે તરફની કુદરત સમય સાથે પોતાના રંગો બદલ્યા કરતી હતી અને એ કુદરત વચ્ચે રહેલા આ નાનકડા ઘરમાં રમતા જીવોને જોયા કરતી હતી. પાંદડાંઓ ખરી જતાં હતાં. ફૂલો ઊગીને કરમાઈ રહ્યાં હતાં. ઉનાળાઓ આવીને જતા રહેતા હતા. વરસાદ તો આ ઘર અંદર જન્મતી કેટલીયે અનોખી કહાનીઓનો સાક્ષી હતો. વરસાદ આવે અને એ ત્રણેય બહાર નહાવા અને નાચવા આવી જ ગયાં હોય.

નદીકિનારે વૃક્ષ પરનાં કબૂતર પણ હવે ઈદ અને ગોપાલને ઓળખતાં હતાં. સમજો કે એમનાં દોસ્ત બની ગયાં હતાં. રોજે ઘર આગળ આંગણામાં આવીને બેસતાં. નાનકડું ફ્રૉક પહેરીને ઈદ બહાર આવતી. હાથમાં મકાઈ-બાજરીના દાણા લાવતી. કબૂતરો સામે ફેંકીને એમને ચણતાં જોયા કરતી. થોડીવાર પછી ગોપાલ આવતો. પોતાની દીકરીના વાંકડિયા વાળમાં હાથ ફેરવીને ચૂમતો. એ પણ કબૂતરોને ચણતાં અને ઘૂઘૂ કરીને ગોળગોળ ફરતાં જોયા કરતો.

આ કુદરતે પોતાની દીકરીને ખભે બેસાડીને વહેલી સવારે પાંચ વાગ્યામાં આ મેદાનો અને ડુંગરો વચ્ચે ફરવા નીકળેલા ગોપાલને જોયો હતો. એ યુવાન અને એની નાનકડી રંગબેરંગી ફ્રૉક પહેરીને હસ્યા કરતી દીકરી કશીક વાતો કરતાં રહેતાં. નદીને કિનારે એ ચાલતાં રહેતાં. દૂરદૂર સુધી ચાલીને નીકળી જતાં. કબૂતરો એ બંનેને જોતાં રહેતાં. બંને નાનકડા કીડી જેવા દેખાવા લાગે ત્યાં સુધી દૂર જતાં રહેતાં. કલાકો સુધી એ નાનકડી લીલી પહાડીઓમાં ફરતાં રહેતાં.

કદાચ એ બંને હોડીને શોધવા જતાં હશે !

હા... એકવાર નદીકિનારે એ બાપ-દીકરી બેઠાં હતાં. પાણીમાં કાગળની હોડી બનાવીને મૂકી હતી. હોડીની અંદર સઢ પર પેનથી 'ઈદ' લખ્યું હતું. ઈદ પૂછી રહી હતી :

"ગોપુ, આ શું છે ?" એ ત્રણ વર્ષથી મોટી થઈ ગઈ હતી. હવે તેને બસ સવાલો કરતા આવડી ગયું હતું. ગોપાલને તે પહેલાં 'પા' કહેતી પરંતુ એકવાર અચાનક 'ગોપુ' કહેવા લાગી. જાણે એ પોતાનો દોસ્ત હોય એવી રીતે પોતાની કાલીઘેલી ભાષામાં ક્યારેક 'ગોપુદી' એવું કહેતી. મીરાંએ તેને 'ગોપુડી' બોલતા શીખવેલું પરંતુ તે 'ગોપુદી' જ બોલી શકતી.

"આ હોડી છે."

"મારી હોડી છે ?"

"હા બેટા. તારી હોડી છે."

"એ ક્યાં જશે ?"

"દુનિયાના બીજા કોઈ ખૂણામાં..." ગોપાલ હોડીને પાણીમાં તરતી મૂકીને કહેશે.

"એને કોઈ લઈ જશે ?"

"ના બેટા. ઈદની હોડી કોઈ લઈ ના શકે."

"ગોપુ, તેને ઊભી રાખને. મારે હજુ એકવાર જોવી છે."

"હવે એ દૂર પાણીમાં જતી રહી દીકું. હવે કેમ ઊભી રહે ?"

પછી ઈદનું રડવાનું ચાલુ થતું ! તેની હોડીને નદી લઈ ગઈ હતી. મમ્મીને જઈને ફરિયાદ કરતી અને મમ્મી તેને ભેટી પડતી. મમ્મી પ્રૉમિસ આપતી કે આવતીકાલે સવારે ગોપુદી અને ઈદ બંને દુનિયાના બીજા ખૂણે જશે અને હોડી શોધી લાવશે. તે રાત્રે તો આ નાનકડું બાળક સૂતું પણ નહોતું. તેને બસ હોડીનાં સપનાંઓ આવતાં હતાં. *એ ક્યાં પહોંચી હશે ? એ મને યાદ કરતી હશે ? કાલે સવારે હું અને ગોપુ ક્યાં જઈશું ?*

બીજી સવારે વહેલા એ નીચે ગાદલા પર સૂતેલા ગોપુની ઉપર ચડીને બેસી ગઈ. વહેલી સવારમાં એણે રડવાનું ચાલુ કર્યું. ગોપુ એને પોતાના ખભે બેસાડીને નદીકિનારે લઈ ગયો. ઈદ તો પાણીમાં પોતાની હોડી ક્યાં હશે એ જ શોધતી. દૂરદૂર જઈને જંગલ વચ્ચે નીકળતી નદીમાં ગોપુદીએ ઈદને ખબર ન પડે એ રીતે ખિસ્સામાંથી બીજી હોડી કાઢીને કિનારે મૂકી દીધી હતી. એ હોડીમાં પણ ઈદ લખેલું હતું.

બસ...જ્યારે દીકરીને એ હોડી આવી રહી છે એમ દેખાડતો ત્યારે એ ખુશ થઈને પપ્પાને ભેટી પડતી. નાચવા લાગતી. પપ્પાને ગાલ પર વહાલી વહાલી કરતી અને પછી હોડીને હાથમાં લઈને ફરી પાણીમાં મૂકી દેતી.

આ કુદરતે બાપ-દીકરીને હોડીને અલવિદા કરતાં જોયાં હશે.

મોડી રાત્રે બાલ્કનીમાં એ ચારેય બેઠાં હોય ! ખુરશીઓ હટાવીને ત્યાં ચાદર પાથરેલી હોય. ચાદરમાં ગોપાલ બેઠો હોય અને તેના ખોળામાં મીરાં પોતાનું માથું મૂકીને સૂતી હોય. મીરાંની બાજુમાં ઈદ પણ સૂતી હોય અને તેનું માથું પણ ગોપાલના ખોળામાં હોય. એ ખોળામાં બાકીની જેટલી જગ્યા વધી હોય એમાં આમોરી ગોઠવાઈ ગઈ હોય ! ગોપાલ આ ત્રણેયનાં માથાં પર એક પછી એક હાથ ફેરવતો રહે અને એમને વાર્તાઓ કહેતો રહે.

એની વાર્તાઓમાં હીરો તો ઈદ નામની છોકરી જ હોય. એ છોકરીના ખભે આમોરી નામની બિલાડી બેઠી રહેતી હોય. એ ઈદ પાસે જાદુ હોય. ગોપાલ તેમને ઈદની હોડી લેવા આવેલા નદીના લૂંટારાઓની વાર્તા કરતો. એ વાર્તાઓમાં ઈદ પાણી પર દોડી શકતી. લૂંટારાઓને પોતાના હાથમાંથી લીલા રંગની શક્તિઓ કાઢીને હરાવી દેતી.

ઈદ અને મીરાં વાર્તા સાંભળીને તાળીઓ પાડતી. ઈદ પૂછતી :

"ગોપુદી..."

"હું..."

"જાદુ સાચું હોય ?"

ગોપાલને પોતાની દીકરીને કહેવું હતું કે જો માનો તો અહીં બધું જ જાદુ છે અને નહીં તો કશું પણ જાદુ નથી. જાદુ તો નજરનો ખેલ છે, પણ એ એવું ન કહેતો.

"હા દીકું, જાદુ સાચું હોય. હું તને દેખાડીશ."

બસ... પછી એ રાત્રે ઈદને પપ્પાના ખોળામાં જ જાદુગર બની જવાનાં સપનાંઓ આવતાં. ઊંઘમાં એ પોતાના હાથ ચારે તરફ કરીને પેલી લીલા રંગની શક્તિઓ કાઢ્યા કરતી.

રંગબેરંગી ફ્રૉક પહેરેલી આ ઢીંગલી જેવી દીકરી ઘણુંબધું શીખવી જતી હતી. જ્યારે ઈદ ગમગીન હોય ત્યારે ગોપાલ પણ ગમગીન થઈ જતો હતો. એ રૂમમાં કોઈ પુસ્તક વાંચતો હોય અને તેની દીકરી ગુમસૂમ પડી હોય તો ગોપાલના ચહેરા પણ એ સન્નાટો દેખાતો. બાપની છાતી પર બપોરે સૂઈ ગયેલી ઈદ જ્યારે ઊઠે ત્યારે ચારે તરફ જોયા કરે. જાણે તેની આજુબાજુના વિશ્વને એ પહેલીવાર જોઈ રહી હોય. એના એ વિશ્વમાં ગોપાલ પોતાનું વિશ્વ જોતો રહે. એ પણ ચારે તરફ નજર ફેરવતો રહે.

આસપાસની દરેક નાનીનાની વસ્તુની સુંદરતા જોવા માટેની એ નજર તેને ઈદ પાસેથી શીખવા મળી.

ક્યારેક મીરાં, ગોપાલ અને ઈદ ત્રણેય કલર કલર રમતાં. ઈદ પર દાવ આપતો અને ગોપાલ તેને પૂછે : "ઈદ માટે કેવો કલર ?"

ઈદ તેની કાલીઘેલી ભાષામાં કહેશે : "પીલો..."

પપ્પા અને મમ્મી પીળા રંગનું પતંગિયું પકડવા દોડશે. ઈદ ખુશીથી કૂદતી તાળીઓ પાડશે. ક્યારેક એ બંને હારી જાય અને ઈદને જિતાડીને ખુશ થતાં જુએ અને ક્યારેક એને હરાવીને પરાજયનું પાચન કરતા શીખવે. પણ પછી ઈદ નારાજ થઈ જાય અને આમોરીને પોતાના ખોળામાં લઈને નદીકિનારે બેસી જાય અને રડતી રહે. એ જોઈને ગોપાલ એની સાથે સંતાકૂકડી રમવાની ચાલુ કરે અને ફરી તેની સામે હારી જાય ! ઈદ પર દાવ આવે ત્યારે તેને એકડા આવડે નહીં એટલે એ મમ્મી જે હાલરડું ગાય તે ગાવાનું ચાલુ કરે ! સંતાકૂકડીમાં પણ પપ્પાની સંતાવાની જગ્યા એક જ હોય : ઘરની પાછળ બારી પાસે ! ઈદ તો દોડતી ગોપુદીને શોધી કાઢે અને પછી પેલા વૃક્ષના થડ પાસે હાથ ઊંચો કરીને દોડતી આવે અને જોરથી બોલે, 'ગોપુદીનો થપ્પો...'

વળી જ્યારે પપ્પાનો દાવ આવે ત્યારે ફરી ઈદ પણ એ જ બારી નીચે સંતાઈ ગઈ હોય, પણ પપ્પાને એ મળે જ નહીં ! પપ્પા તો ઘરની આસપાસના દરેક છોડવાને પૂછે, "તમેં પેલી ઈદને જોઈ છે ?" કોઈ જવાબ ન આપે એટલે એ આમોરીને પૂછે. આમોરી પણ 'મ્યાઉં મ્યાઉં' કર્યા કરે. છેવટે ઈદ જાતે જ દોડતી બહાર આવે અને પોતાનો થપ્પો કરી નાખે !

પરંતુ એમની સૌથી પ્રિય ગેમ કંઈ ?પકડદાવ !

સાંજે મમ્મી કામ પરથી આવીને રસોઈ બનાવતી હોય ત્યારે બાપ-દીકરીએ આખા ઘરમાં એકબીજાંનો પીછો કરતાં દોડાદોડી અને ઊછળકૂદ કરવાની. પુસ્તકો ઠેબે ચડાવવાનાં અને કપ પછાડવાના ! ખુરશીઓને ઊંધી કરીને ચારે તરફ ફેરવવાની અને મમ્મીને ગુસ્સે કરવાની. મમ્મી જ્યારે પપ્પા પાછળ દોડે અને પપ્પાને ઓશીકું લઈને

મારે ત્યારે ફરીફરી કૂદકા મારીને તાળીઓ પાડવાની ! વળી ઈદનો દાવ આવે એટલે પપ્પાએ તેને પકડવા દોડવાનું, પરંતુ પકડવાની નહીં !

મીરાં થાકીને ખિજાતી, "ગોપલા પ્લીઝ... હવે તમે બંને શાંતિથી બેસશો ? મેં ખીચડી બનાવી છે એ ઠંડી થાય છે."

"આખા જગતના પપ્પાઓ જ્યારે રૂપિયા, પ્રસિદ્ધિ, શેરબજારના ભાવ અને પોતાની ખુશીઓ પાછળ દોડે છે અને હું મારી દીકરી પાછળ !" ગોપાલ કહેતો.

ફરી એ રમત ચાલુ થઈ જતી. મીરાં ગોપાલને જોઈને ખુશ થયા કરતી. એ માણસ તરીકે બદલાઈ ગયો હતો. એક ત્રણ વર્ષની છોકરીએ તેને માણસ તરીકે જડમૂળમાંથી ફેરવી નાખ્યો હતો.

મીરાંને આજથી ચાર-પાંચ વર્ષ પહેલાં રસ્તા પર નાગો થઈને લોકો સામે રાડો નાખતો, ભોળો અને ક્યારેક મૂરખ જેવો લાગતો જે ગોપાલ મળ્યો હતો તેના કરતાં આ ગોપાલ પૂરો બદલાઈ ગયો હતો. આ ગોપાલ જીવથી અને જિંદગીથી ભરેલો હતો. આ ગોપાલ પોતાની આસપાસની જે દુનિયાને ગાળો દેતો હતો તે દુનિયાને હવે તે ધિક્કારતો ન હતો. હા, તેની અંદરની બળવાખોરી હજુ એટલી જ હતી, તેને હજુ પોતાનું પેશન ખબર ન હતી, હજુ તે દિવસમાં એક ક્ષણે હારીને પોતાની જાતને સૌથી નિષ્ફળ માણસ સમજતો હતો, પણ એ બધું જ એક ક્ષણ પૂરતું જન્મીને મરી જતું હતું. હવે તે ઈદની જેમ એક ઉત્સવ બની ગયો હતો.

બાપ-દીકરીના જીવનરંગ મીરાં જોતી રહેતી. મીરાંએ ઈદ માટે લાવેલી ચૉકલેટની રેપર પહેલાં કોણ કાઢે, કોણ મીરાંની ડાયરીને રંગીન સ્કેચપેન લઈને લીટાઓથી ભરી દે, કોણ સ્લિપર્સનો ઢગલો પહેલા ગોઠવી દે, કોણ કપડાં પહેલા કાઢીને નદીમાં નાહવા ધુબાકો લગાવે... અને ઘરની બારીએ કોઈ પંખી આવીને બેસે. ગોપાલની લાડકી ઈદ એ પંખીની આંખો સામે જુએ, ગોપાલ પણ એ પંખીની આંખોમાં જોયા કરે અને પછી અચાનક બંને એકબીજાં સામે જોઈને હસી પડે ! એ હતો આ બાપ-દીકરીનો ઉત્સવ. જિંદગીને એક બાળકની નજરથી જોઈને જીવી લેવાનો ખેલ. એવી રમત જેમાં બાપ-દીકરી બંને જીતી જતાં.

એ ઈદનો ચોથો જન્મદિવસ હતો. મીરાં ઈદ માટે નાનકડી સાઇકલ લઈ આવી હતી, પરંતુ એ દિવસોમાં ગોપાલના ખિસ્સાં ખાલી હતાં. ઘણા સમયથી તેણે કોઈ કામ કે નોકરી હાથમાં લીધાં ન હતાં. તે ઘરે રહીને ઈદને સાચવ્યા કરતો અને નવરા પડ્યે કામ વિચાર્યા કરતો.

મીરાંને ખબર હતી કે ગોપાલ પાસે કશું જ નથી, પરંતુ તેણે ગોપાલને રૂપિયા માટે પૂછ્યું નહીં. કદાચ એ જોવા માગતી હતી કે ઈદના જન્મદિવસ માટે એ શું કરે છે. ગોપાલ પણ ક્યારેય મીરાં પાસે રૂપિયા માગતો નહીં.

એ જન્મદિવસ પર ઈદ પૂછી રહી હતી :

"ગોપુદી, તું મારી માટે શું લાવ્યો ?"

"હું તારા માટે ચૉકલેટ લાવીશને દીકું..."

"પણ તું ચૉકલેટ તો રોજે લાવે છે. આજે શું લાવીશ ? આજે મારો બડે છે." ઈદ પણ મીરાંની જેમ ગોપાલની પરીક્ષા કરતી હતી.

તે દિવસે બપોરે ગોપાલ બુલેટ લઈને શહેરમાં ગયો. ખિસ્સામાં સો રૂપિયા હતા તેમાં પચાસ રૂપિયા પેટ્રોલ ભરાવવામાં જતા રહ્યા. તેણે રસ્તાના ડિવાઈડર પર બેસીને પોતાની લાઈફ વિશે વિચાર્યા કર્યું. પાંચ વર્ષ પહેલાં તે જૂનાગઢથી મુંબઈ આવીને આવા જ કોઈ ડિવાઈડર પર બેસીને પોતાની લાઈફ વિશે વિચારી વિચારીને પછી રસ્તા પર નાગો થવા ભાગ્યો હતો.

હવે સમય ફરી ગયો હતો. હવે એ ઈદ વિશે વિચારી રહ્યો હતો. *તેને શું ગિફ્ટ આપું ? તે મોટી થઈને સમજશે કે એક સમયે તેનો ગોપુદી એટલો ગરીબ હતો કે દીકરીના બર્થડે પર ગિફ્ટ પણ ના આપી શક્યો ત્યારે ? તારે બાપ તરીકે તો નિષ્ફળ નથી જ જવાનું ગોપાલ.*

ખિસ્સામાં પચાસ રૂપિયા લઈને એ એક સાયબરકાફેમાં ગયો. પચાસ રૂપિયામાં તે દોઢ કલાક સુધી કમ્પ્યૂટર સામે બેઠો અને પોતાની ઈદ માટે બર્થડે ગિફ્ટ તૈયાર કરી !

તેણે ઈદ માટે એક મેઈલ આઈ-ડી બનાવ્યું :

happy birthday_eid18@gmail.com

ગોપાલે પોતાનું વર્ષોથી ન વાપરેલું કૉલેજના સમયનું ઈમેઈલ આઈ-ડી યાદ કર્યું. ભુલાઈ ગયેલો પાસવર્ડ યાદ કરીને લોગ-ઈન કર્યું. મેઈલ જેવો ખૂલ્યો કે સામે કેટલાયે નવા મેઈલ્સનું લિસ્ટ જોયું. બધા મેઈલ્સ જાણે તેના ભૂતકાળનાં પ્રતિબિંબ હતાં. તેણે સબસ્ક્રાઈબ કરેલાં નોકરીઓના પોર્ટલ્સ તરફથી સેંકડો મેઈલ્સ હતા.

એ બધા મેઈલ્સની વચ્ચે એક નામ ગોપાલના હૃદયમાં ફાળ પાડી જતું હતું : વિજય ભરવાડ.

ગોપાલે એકપણ મેઈલ ખોલ્યો નહીં. વિષયમાં 'Please call me Gopal" વાંચીને જ તેને આંખોમાં પાણી આવી ગયું. વિજયે ગોપાલ સાથે સંપર્ક કરવાના ઘણા પ્રયત્ન કર્યા હશે. ઈનબૉક્સમાં વિજયના ઘણા મેઈલ હતા. ગોપાલને મન થયું કે દરેક મેઈલ ખોલીને વાંચે અને પોતાના જિગરજાન દોસ્તને ફોન કરે.

...પણ ના. છેલ્લા દિવસે વિજયને આપેલું પ્રૉમિસ હજુ પૂરું થયું ન હતું. હજુ ગોપાલને પોતાનું ગમતું કામ ખબર ન હતી. જે દિવસે ખબર પડશે એ દિવસે તે વિજયને પહેલો ફોન કરશે. કદાચ.

ગોપાલે એક નવો મેઈલ લખવાનું ચાલુ કર્યું.

વિષય : હેપ્પી બર્થડે ઈદ ! ચોથું વર્ષ !

"મારી લાડલી ઈદ,

આજે તું ચાર વર્ષની થઈ ! સમય ક્યાં ભાગી રહ્યો છે એ ખબર નથી પડી રહી.

લાગે છે કે હજુ તો ગઈ કાલે જ મીરાંને લઈને હું હૉસ્પિટલ ભાગેલો અને તારો જન્મ થયેલો, અને આજે મારી આ લાડલીને તેના ચોથા બર્થડે પર લખી રહ્યો છું.

ઈદ, આ મેઈલ તું જ્યારે વાંચીશ ત્યારે તું અઢાર વર્ષની હોઈશ. હા... હું તારા દરેક બર્થડે પર તને એક મેઈલ કરીશ. તું અઢાર વર્ષની થઈશ ત્યાં સુધી તને કહીશ નહીં અને અઢારમા બર્થડે પર તને ગિફ્ટમાં આ મેઈલ આઈ-ડી અને પાસવર્ડ આપીશ. બસ...

તે દિવસે કદાચ તને તારી આ ગોપુદી પર ખૂબ ગર્વ થશે, પરંતુ આજે મારે તને એક વાત કહેવી છે.

બેટા... તારો ગોપુદી ફ્લૉપ માણસ નથી હોં. આજે સવારે તું રડતી હતી. હું તારા માટે કોઈ ગિફ્ટ લાવેલો નહીં. કેમ ? સાચું કહું તો મારી પાસે રૂપિયા ન હતા. કેમ ? કારણ કે હું છેલ્લા ઘણા મહિનાઓથી કામ પર ગયો જ નથી. તને થશે કે ગોપુદી હું ચાર વર્ષની હતી ત્યારે શું કામ કરતો ?

ખૂબ મોટી કહાની છે દીકું. ઘણું બધું છે. તારા આવતા બર્થડે પર હું તને કહીશ. મારે તને મારી પ્રેમકહાની કહેવી છે. તને મારી મીરાંની વાતો કહેવી છે. કદાચ આજે અત્યારે તું આ વાંચી રહી છે ત્યારે તારા પપ્પાને પોતાનું ગમતું કામ ખબર પડી ગઈ હશે, પરંતુ હું આ લખી રહ્યો છું ત્યારે મને હજુ નથી ખબર કે મારે મારી લાઈફમાં શું કરવું છે ! હા... મને કોઈ કામમાં રસ પડતો નથી અને જે કામ કરું તેમાં એક સમયે નિષ્ફળ ગયો છું, પણ હું ફ્લૉપ માણસ નથી. એવું ના વિચારતી. હું દરેક કામમાં ઠીક-ઠીક રૂપિયા કમાયો છું, પરંતુ એ કામમાં ખુશીઓ ન મળવાને લીધે મેં છોડી દીધાં છે.

ઈદ, હું આશા રાખું કે તને તારું ગમતું કામ અત્યાર સુધીમાં ખબર પડી ગઈ હશે. તું પણ તારી રોકસ્ટાર મમ્મીની જેમ લાઈફને પોતાની બાહોમાં ભરીને જીવી રહી હશે. એવું ના થતું હોય તો ચિંતા ન કરીશ. તારો બાપ બેઠો છેને. તું અટકીશ નહીં, તું દોડતી રહીશ. તું રડીશ, પડીશ, ઊભી થઈશ, ચાલવા લાગીશ, દોડતી થઈશ એ એક દિવસ તારા આસમાનમાં ઊડવા લાગીશ. આ જગતમાં તું તારો ડંકો વગાડીશ.

હું આજકાલ તારી લાઈફને ખૂબ નજીકથી જોઈ રહ્યો છું. હું તારી સાથે ચાર વર્ષનું બાળક બની ગયો છું. તને શું ગમે છે, શું નથી ગમતું એ બધું જ હું જોયા કરું છું. મને ક્યારેક લાગે છે કે તું ખૂબ મોટી આર્ટિસ્ટ બનીશ. આપણી મીરાંની જેમ તું મહાન સપનાંઓ જોનારી કોઈ ડિઝાઇનર કે પેઈન્ટર બનીશ. બેટા, કદાચ એવું ન હોય તો ચિંતા ન કરતી. તમારા આત્માના અવાજને અનુસરવામાં ક્યારેક ખૂબ મોડું કે ખૂબ વહેલું નથી હોતું. એક સમય આવશે જ્યારે તું કોઈ નદીકિનારે બેઠી હશે અને સ્થિર નજરે તું કુદરતને જોઈ રહી હશે. એ સમયે તારી અંદરથી એક અવાજ આવશે કે 'ઈદ, તું પેલું કામ કરે તો કેવું સારું ?' બસ... કાન ખુલ્લા રાખજે, એ અવાજને સાંભળી લેજે. એ અવાજને અનુસરી લેજે. અંતરના અવાજને શબ્દો નથી હોતા ઈદ. એ આવશે, તને કશુંક કહેશે, એ જતો રહેશે.

તારી ગોપુદી હજુ એ અવાજને પકડી નથી શકી, પરંતુ મને મારું મન બીજું ઘણુંબધું કહી ગયું છે ઈદ. હું ઘર છોડીને બાવો બનવા ભાગેલો યુવાન છું. જિંદગીના અનુભવોએ મારા અંતરના અવાજને પકડી પાડ્યો છે. મને ખબર છે મારે શું કરવું અને શું ન કરવું.

અહીંયા શું કરવું અને શું ન કરવું એ ખબર હોવી એ જ આપણી સૌથી મોટી સફળતા છે દીકરી...

હું મથતો રહીશ. હું ખુશ છું. હું ફ્લૉપ નથી. હા... મારી પાસે આજે તને ગિફ્ટ આપવા રૂપિયા નથી, પરંતુ એક સમયે તારી અંદરનો અવાજ તને શીખવાડી જશે કે આ વિશ્વમાં રૂપિયા એ જ બધું નથી. હા...રૂપિયા 'ઘણું બધું' છે, પરંતુ 'બધું જ' નથી.

બસ... આજે આટલું કહેવાની જ મારી લાયકાત છે ! તને મારે હજુ ઘણુંબધું કહેવું છે. હજુ તો બીજાં ચૌદ વર્ષ તને મેઇલ લખવા છે.

ફરીથી... હેપી બર્થડે માય લવ.

તારો,
ગોપુદી.”

29

એ વર્ષોમાં ગોપાલે ઘણુબધું પામી લીધું હતું. જે સવાલો ઓગણીસ વર્ષનો ગોપાલ કરતો હતો એ સવાલો છવ્વીસ વર્ષનો ગોપાલ કરતો ન હતો. અઠ્ઠાવીસ વર્ષે ફરી સવાલો ફરી ગયા હતા, કારણ કે સમય બધું જ બદલાવી જતો હતો.

ઈદના જન્મથી લઈને જ્યારે એ ચાર વર્ષ પછી ગોપાલે કેટલાંયે કામો કર્યાં. તેણે ડબ્બાવાલાનું કામ કર્યું. સાઈકલ લઈને શહેરની ઊંચી ઈમારતોમાં તે ટિફિન પહોંચાડવા જતો. વળી એક દિવસ એ કામ છોડી દીધું.

બેરોજગાર રહીને છ મહિના સુધી ઈદને સાચવેલી. ઈદને રોટલી અને બટાકાનું શાક ખૂબ જ ભાવતું. તે આખી રોટલી ખાઈ જતી. ગોપાલ તેને બપોરે રોટલી અને શાક બનાવી દેતો. ગરમગરમ રોટલી અને બટાકાનું શાક ઈદને દરેક બટકા પર ફૂંક મારીને ખવડાવતો. એક દિવસ તેને વિચાર આવેલો કે જો તે આ રીતે જાતે બનાવેલી રોટલી અને બટાકાનું શાક વેચે તો ?

તેણે ચર્ચગેટથી થોડે દૂર એક લારી ચાલુ કરેલી જેમાં તે રોટલી બનાવતો. શાક ઘરેથી જ બનાવીને જતો. તે ધંધો ખૂબ ચાલેલો. ઘણા લોકો ગોપાલના હાથનું શુદ્ધ-સાત્ત્વિક જમવા આવતા. ઈદ પણ ઘણીવાર ગોપાલની સાથે એ લારી પર જતી. ગોપાલ નાનકડું ટેબલ આપતો ત્યાં બેસી રહેતી.

ધીમેધીમે મીરાં ટેટૂ આર્ટિસ્ટ તરીકે ઘણી પ્રસિદ્ધ થઈ ગઈ હતી. હવે તેનું પોતાનો ટેટૂ સ્ટુડિયો બનાવવાનું સપનું પણ પૂરું થયું હતું. તે ઘણુંબધું કમાતી હતી.

ઈદ ત્યાં જતી. આખો દિવસ મમ્મીને હેરાન કર્યા કરતી. ટેટૂ માટે આવતા યુવાનો સાથે વાતો કરતી અને દોસ્તી કરતી. તે બધાને પોતાની ગોપુદી અને પોતાના જંગલમાં રહેલા ઘર વિશે કહેતી. બધાનો મોબાઈલ લઈને એમાં ગેમ રમતી અને પછી મોબાઈલ ગિફ્ટમાં માગતી.

સમય સમય પર આ માણસ ખૂબ બદલાયો. તેણે ઘરેથી નીકળ્યા પછી વીસ-બાવીસ અલગ અલગ કામ કર્યાં. ખંતથી કર્યા. કોઈ કામમાં તેને રસ ન પડ્યો, પરંતુ તે હાર્યો નહીં. જીદથી જીવ્યો. જીવન પાસેથી તે ખૂબ ભણ્યો. હવે ઈદને ભણાવવાનો સમય હતો.

"ગોપાલ, આપણી ઈદને ભણવા ક્યારે મોકલીશું ?" મીરાંએ પૂછેલું. એ બંને બેડમાં એકબીજાંને જકડીને ચાદર ઓઢીને સૂતાં હતાં. ગોપાલ ઊંઘમાંથી જાગ્યો. મીરાંને હળવી કિસ કરી. ઈદ મોટી થઈ પછી એ બંનેને પોતાની અંગત ક્ષણો ચોરવી પડતી. ઈદ ગમે ત્યારે જાગી જતી અને પોતાના સૌથી પ્યારાં રમકડાં ગોપુદીને તેની પાસે જ રહેવું પડતું.

"તને લાગે છે આપણે તેને ભણવા મૂકવી જોઈએ ?" ગોપાલે પૂછ્યું.

"હાસ્તો. તને શું લાગે છે ?"

"મને તો લાગે છે કે આખી એજ્યુકેશન સિસ્ટમ બોગસ છે. આપણી દીકું એમાં ઘૂસી જશે તો ક્યારેય બહાર નહીં નીકળી શકે."

"લો બોલો. એ સ્કૂલ નહીં જાય તો બધું ક્યાં શીખશે ?"

"હું છુંને. હું શીખવીશ." ગોપાલે કહ્યું. મીરાં મોટે મોટેથી હસી પડી.

"શું શીખવશે તું એને ?" મીરાંએ તેના ગાલ પર હાથ ફેરવીને કહ્યું.

"હું તેની લાઈફનો સાક્ષી છું, મીરાં. હું તેને ગમતાં દરેક કામ જોઈ રહ્યો છું. તેનો ગમતો વિષય મને ખબર છે. હું તેને એમાં માસ્ટર બનાવીશ. હું તેને શીખવીશ કે સાચું એજ્યુકેશન શું હોય છે. હું તેને એકડો શીખવા કોઈ સ્કૂલમાં મોકલું એ પહેલાં મારે તેને ઘણું બધું શીખવવાનું છે."

મીરાંએ એ વાત સાંભળીને તેના હોઠ પર હળવી કિસ કરી. ગોપાલના શબ્દોમાં તેને પૂરો ભરોસો હતો, કારણ કે...

ના... કોઈ કારણ વિના બસ તેને ગોપાલના શબ્દોમાં વિશ્વાસ હતો.

ઈદ કુદરતને જોયા કરતી.
ગોપાલ ઈદને જોયા કરતો.
મીરાં ગોપાલને જોયા કરતી.
કુદરત આ ત્રણેયને જોયા કરતી.

નદીકિનારે બેસીને એ ત્રણેય નાના ગોળ પથ્થરો ભેગા કરતા. એ પથ્થરોને પાણી પર કેમ દોડાવવા એ ગોપાલ શીખવતો. ઈદ અને મીરાં બંને પથ્થરો ફેંકીને તેને ગણતી.

હા, ઈદને એકડા શીખવવા માટે ગોપાલ પાણી પર પથ્થર કેટલીવાર કૂદે છે એ પૂછતો. ઈદ પાસે જવાબ ન હતો. પછી ગોપાલ તેને પથ્થરના એક-બે-ત્રણ કૂદકાઓ શીખવી દેતો.

મીરાં જોતી કે મોડી રાત્રે ગોપાલ નદીકિનારે તાપ કરીને ત્યાં એક ખાટલો નાખીને બેસતો. ઈદ સાંજે જમીને પપ્પા પાસે દોડી જતી. એ બંને આકાશના ખરતા તારાઓ ગણતાં. ઈદ થોડા જ દિવસોમાં પચાસ એકડા એમ જ શીખી ગયેલી !

'નોર્થપોલ'ની લાકડાની દીવાલો ઈદનાં દોરેલાં ચિત્રોથી ભરાવા લાગી હતી. મીરાં જ્યારે સૂતી હોય ત્યારે બાપ-દીકરી ઘરની અંદર દીવાલો પર સ્કેચપેનથી લીટાઓ કરવાનું ચાલુ કરી દેતાં. ગોપાલ વૉટરકલર લઈ આવ્યો હતો. ઈદનાં કપડાં કલરથી ભરાઈ રહે ત્યાં સુધી એ ઘરની ફર્શ પર બેસીને દીવાલો પર પોતાનાં મહાન ચિત્રો બનાવ્યાં કરતી ! દૂર આમોરી બેઠીબેઠી મોઢું ત્રાંસું કરીને ઈદનાં આ ચિત્રોને સમજવા

પ્રયત્ન કર્યા કરતી પરંતુ તેને કશું જ સમજાતું નહીં.

...પરંતુ ગોપાલ સમજી જતો. તેને ખબર પડી રહી હતી કે ઈદ જ્યારે પેઈન્ટ કરી રહી હોય છે ત્યારે એક અલગ વિશ્વમાં જતી રહેતી હોય છે. તેને ભૂખ-તરસ બધું જ ભુલાઈ જતું હોય છે.

તેને શું દોરવું હોય છે ? આકાશ... પાણી... તડકો.

એ પોતાની પાછળ ફર્શ બેસી બેસીને ચિત્રો જોતાં જોતાં ઊંઘી ગયેલા ગોપુદીને ઉઠાડીને પૂછશે : "ગોપુદી, પાણી ભીનું કેમ હોય ?"

ગોપાલ પાસે તેનો કોઈ જવાબ ન હોય !

"ગોપુદી, સાંજે આકાશ કેમ લાલ થઈ જાય છે ?"

બસ... પછી તેનો એન્જિનિયર ગોપુદી તેને બહાર લઈ જઈને આખું સાયન્સ સમજાવશે. તે કહેશે કે સૂરજનાં કિરણો દૂરદૂરથી પૃથ્વી પર પડે છે અને એ કિરણો વાતાવરણમાં રહેલાં રજકણો અને અણુઓ સાથે અથડાઈને આપણી આંખ સુધી આવે છે. એટલે એ સાત રંગ પેદા કરે છે.

ઈદને તો આમાં હજાર સવાલ મળી જતા : સૂરજ શું હોય ? કિરણો શું હોય ? ગોપુદી... અણુ એટલે ?

એ સવાલોના જવાબ માટે ગોપાલ પણ નવાં નવાં પુસ્તકો લઈ આવેલો.

ગોપાલ ઈદ માટે મોટું દૂરબીન લઈ આવેલો. થોડે દૂર એક નાનકડી ટેકરી પર ચડીને એ બંને આકાશના તારાઓ જોયાં કરતાં. દૂરદૂર વસતાં ગામડાંઓની લાઈટ્સ જોયાં કરતાં. એ દૂરબીન ત્યાં જ રહેતું. ઈદ પોતાનું મન પડે ત્યારે દૂરબીન પાસે જઈને બેસી જતી. ગોપાલ તેને દૂરબીન કઈ રીતે કામ કરે છે એ કહેતો. એ સમજતી હશે. કદાચ.

પછી તો બસ એ દરેક વસ્તુને સમજવા પ્રયત્ન કરતી. ગોપાલે તેને સવાલો કરતા શીખવી દીધું હતું.

"ગોપુદી, પતંગિયાનાં મમ્મી-પપ્પા હોય ?" અને ગોપાલ તેને ઇયળમાંથી પતંગિયું કઈ રીતે બને તેનું સાયન્સ કહેતો.

"પેલો પથ્થર ગોળ કેમ છે ? એ કેમ બીજા પથ્થરથી અલગ છે ?" ગોપાલ તેને પૃથ્વીની કહાની કહેતો. હા. વાર્તા ! એ વાર્તામાં તેને આ પથ્થર કેમ બન્યો હશે તે સમજાવી દેતો.

"આ નદી આ તરફ જ કેમ જાય છે ?"

"મારે દૂરબીનમાં દૂરદૂર દેખાતા તીતીની જેમ ઊડવું હોય તો ?"

"બધા તીતી છી કરવા ક્યાં જાય ?"

"આ વાદળ સાચાં હોય ? એ કેમ વારંવાર આકાર બદલે છે ? એ પથ્થરની જેમ વર્ષો સુધી એક જગ્યાએ જ કેમ નથી રહેતાં ?"

ગોપાલ, મીરાં અને ઈદ ત્રણેય બુલેટ પર બેસીને મુંબઈ રખડવા જતાં. મીરાં બુલેટ ચલાવતી. ગોપાલ પાછળ બેસતો. ઈદ મીરાંની આગળ પેટ્રોલની ટાંકી પર બેસતી અને હોર્ન વગાડતી. મીરાં તેને સમજાવતી કે આ શહેરમાં કેમ કોઈ પક્ષીઓ રહેતાં નથી.

"કેમ ?"

"કારણ કે માણસો હોર્ન વગાડે છે. એમને બધાંને જીવવામાં તકલીફ થાય છે. માળામાં એમનાં બચ્ચાં સૂઈ નથી શકતાં."

ગોપાલ તેને માણસોની દુનિયા બતાવવા માગતો હતો. ઈદના સવાલો ફરી જતા. ત્રણેય કોઈ દુકાન પર વડાપાંઉ ખાતાં હોય અને ઈદના સવાલો ચાલુ થતા.

"મમ્મી, બધાં આપણી જેમ જંગલમાં કેમ નથી રહેતાં ?"

"કારણ કે શહેરમાં બધાંને બધું જ મળી જાય છે."

"પણ આપણે બધાંને જંગલમાં બોલાવીએ તો ?"

"તો ત્યાં પણ શહેર બની જશે."

"તો પછી આપણે શહેરમાં કેમ નથી રહેતાં ?"

"કારણ કે શહેર માણસોનું જંગલ છે અને આપણે અલગ પ્રકારના માણસો છીએ." મીરાં જવાબ આપતી. કોઈ ભિખારી માગતો માગતો તેમની નજીક આવે અને ભગવાનના નામની દુવા કરીને માગે. ઈદને તેમાં પણ સવાલ થાય.

"ગોપુદી, ભગવાન શું હોય ?

"બેટા, તું મોટી થઈશ પછી ખબર પડી જશે."

તે રાત્રે ગોપાલ દીકરીને રામાયણની વાર્તા કહી દેતો. કબૂતરની જેમ ઊડતા હનુમાનની વાર્તા કહેતો. વળી ઈદ પૂછતી : કબૂતર કઈ રીતે ઊડે ?

ગોપાલ પછી કબૂતરના ઊડવાનું સાયન્સ સમજાવતો. ઈદનો સવાલ ફરી જતો : તો પછી હનુમાનજી કેમ પાંખો વિના ઊડતા હતા.

"આ જગત વાર્તાઓનું બનેલું છે દીકરા. કહાનીઓ. બસ...દરેક પુસ્તકની જેમ દરેક જીવતો માણસ પણ એક વાર્તા છે. આપણી દરેક ક્ષણ એક વાર્તા છે. કદાચ આપણે બધાં જ આપણી પોતાની વાર્તાને વધુ સારી બનાવવા પ્રયત્ન કરતા રહીએ છીએ."

"ક્ષણ એટલે ?" ઈદ પૂછતી. ગોપાલ માથું પકડીને હસી પડતો. દીકરીને સમયની વાતો કરતો.

નાનકડી ક્ષણો સમય બનીને ઊડી રહી હતી.

વિષય : હેપી બર્થડે, ઈદ ! પાંચમું વર્ષ !

ડિયર ઈદ,

માણસો મોબાઈલની ગેમ્સમાં આવતાં એન્ગ્રી બર્ડ્સને ઓળખે છે, પરંતુ વાસ્તવમાં સાચાં બર્ડ્સને નથી ઓળખતાં. એ મને ગુસ્સો આપે છે. કદાચ બાવીસમી સદીમાં જન્મેલાં બાળકો મોટાં થશે અને શહેરોમાં એમના ઍપાર્ટમેન્ટની બારી પર કોઈ પક્ષી આવીને બેસશે ત્યારે એ બધાંને નવાઈ લાગશે. એમને એ પક્ષીનું નામ પણ ખબર નહીં હોય !

"ધેટ્સ ઓકે. એ ચાલશે. તમારે દરેક પક્ષીને ઓળખવાં જરૂરી નથી." એવું મીરાં કહેતી હતી. એની વાત સાચી છે. એ કહે છે, "તમારે માત્ર એટલું જાણવાનું છે કે એ પક્ષી છે અને એ આ જગતમાં ખૂબ જ મહત્ત્વનું છે અને એ અદ્‌ભુત સર્જન છે. એ એટલું જ મહત્ત્વનું છે જેટલો મહત્ત્વનો માણસ છે. બસ..."

વેલ... મારી મીરાંબાઈ બુદ્ધિશાળી છે !

પણ હું તને આ બધું કેમ કહી રહ્યો છું ?

હેપી બર્થડે ! તું પાંચ વર્ષની થઈ ગઈ છે દીકું. ખબર છે અત્યારે હું આ મેઈલ એક બિલ્ડિંગના બેઝમેન્ટમાં આવેલા એક સાઈબરકાફેમાં બેસીને લખી રહ્યો છું અને તું મારી બાજુમાં જ બેઠી છે !

હા... તું સ્ક્રીન સામે જોઈ રહી છે. તને હજારો સવાલો છે અને મારી પાસે તને જવાબ દેવા માટે આખી જિંદગી પડી છે. તું આઈસક્રીમ ખાઈ રહી છે. તારા બર્થડે પર મેં ખરીદેલી ચૉકલેટ મારા ખિસ્સામાં જ છે. આ મેઈલ લખીને તને આપીશ.

ખેર... તને શું કહું ? આજકાલ હું તને ભણાવું છું ! હા... તું જ્યારે આ મેઈલ વાંચીશ ત્યારે તને મજા આવશે.

હું તને ઘરની પાછળ વાવેલા ગુલાબના છોડ પાસે લઈ જાઉં છું. તને ગુલાબ ખૂબ ગમે છે. તારા સવાલો ચાલુ થાય છે. ગોપુદી... ગુલાબ શેનું બને ? એ લાલ કેમ હોય ? તેને કાંટા કેમ હોય ?

હું તને શીખવું છું કે ગુલાબ જે દેખાય છે એટલું તો સુંદર છે જ પણ તેની અંદર એક આખું બ્રહ્માંડ છે. હા... તેની પાંખડીઓમાં કરોડો કોષ હોય છે અને દરેક કોષની અંદર કરોડો સુંદર રચનાઓ હોય છે. એ દરેકની એક સુંદરતા છે. જે આપણી આંખને ન દેખાય તેવી ઘણી મોટી ઘટનાઓ તે દરેક કોષ અંદર બનતી હોય છે. કોઈ નાનકડા જીવને આકર્ષવા માટે તેની અંદરની સુગંધ અને કલર્સને આવતાં કરોડો વર્ષ નીકળી જતા હોય છે.

તને કશી જ ખબર પડતી નથી એ બધામાં ! મીરાં મારા પર હસે છે. કહે છે કે ગોપલો પાગલ થઈ ગયો છે ઈદના જવાબો આપી આપીને. એ કહે છે કે હું તને સાયન્સ શીખવીને સાયન્ટિસ્ટ બનાવવા માગું છું.

...પણ ના. તું શું બનીશ એ નક્કી કરનારો હું કોણ ? હું તો બસ તને કહેવા માગું છું કે ગુલાબ સુંદર દેખાય છે અને તેની સુગંધ સારી છે એ સાચું છે, પરંતુ એની અંદર પણ એક ભવ્યતા છે. એક સુંદરતા છે. એ જાણવું જોઈએ.

તું મને પૂછે છે કે ગુલાબ જમીન બહાર કેમ નીકળે ?

હું તને થોડા મકાઈના દાણા લઈને ખભા પર બેસાડું છું. આપણે બંને દૂર દૂર એક નાનકડી ટેકરી પર જઈએ છીએ. એ ધુમ્મસભરી ટેકરી તને ખૂબ જ ગમે છે. ત્યાં હું તને જમીનમાં નાનકડો ખાડો કરીને મકાઈના દાણા મૂકવા કહું છું. તને તેના પર ધૂળ ઢાંકી દેવા કહું છું. તું ખૂબ ખુશ થાય છે. હું તને પ્રૉમિસ આપું છું કે 'આ દાણાઓ એક દિવસ

ધરતી ફાડીને બહાર આવશે અને મોટા થશે. તે દિવસે હું તને આ જગ્યા પર પાછો લઈ આવીશ. એ મકાઈ મારી ગિફ્ટ હશે તને. તું ગિફ્ટ રાખીશને ?'

તું તાળીઓ પાડવા લાગે છે. તારો એ ખુશખુશાલ ચહેરો મારે માટે બધું જ છે !

ખબર છે ઘણીવાર રાત્રે હું તને આકાશગંગા પણ દેખાડું છું. કોઈ સામાન્ય માણસ એ આકાશગંગાને રાત્રે દેખાતું મોટું વાદળ સમજીને અવગણશે. પણ ના... આપણને બંનેને એ વાદળમાં આકાશગંગા દેખાય છે.

આજે જ રસ્તામાં ફરી એક મંદિર પાસે આપણે ઊભાં હતાં. પૂજારીએ તને પ્રસાદ આપીને કહ્યું હતું કે આ ભગવાનનો પ્રસાદ છે. તું મને પૂછે છે કે આ બીજા ભગવાન કોણ છે ? પૂજારી તને પેલા પથ્થરના ભગવાન પાસે લઈ જાય છે અને કહે છે કે આ ભગવાન છે. તેને જે-જે કરો. તું કરે છે. પછી બહાર નીકળીને મને પૂછે છે કે બાપુજી એ પથ્થરને કેમ લોકો ગુલાબ ચડાવે છે ?

હું તને જવાબ આપતો નથી. નહીં આપું. તારી દરેક માન્યતા એ તારા પોતાના અનુભવ પરથી જ આવવી જોઈએ. એ પથ્થર મીરાં માટે પથ્થર જ છે. મારે માટે એ પથ્થર કોઈ માણસની શ્રદ્ધાનું સ્થાન છે. તારે માટે કદાચ ભવિષ્યમાં એ પથ્થર, ભગવાન, શ્રદ્ધા બધું જ એક સાયન્સ હોય !

હું હમણાં Encyclopedia Britannica લઈ આવ્યો છું. હું ડાયનોસોર વિશે તને વાંચી સંભળાવું છું. તારે તેને જોવા છે ! હું તને બધું જ ઈમેજિન કરવા કહું છું. હું કહું છું કે Tyrannosaurus rex ત્રીસ ફૂટ જેટલા ઊંચા હોય. તેમનું મોઢું આઠ ફૂટ જેટલું મોટું હોય. તને તેમાં સમજાતું નથી. પછી હું તને કહું છું કે 'જો એ ડાયનોસોર આપણા ઘરની સામે ઊભું હોય તો પેલા વૃક્ષથી પણ ઊંચું હોય અને તેનું મોઢું એ આપણા રૂમની બારીમાં ઘૂસી જાય એટલું મોટું હોય.

તને એ બધું વિચારવામાં ખૂબ મજા આવે છે. તને સવાલ થાય છે કે પેલા ખરતા તારાઓમાંથી એક દિવસ એક મોટો તારો ધરતી પર પડ્યો અને બધા જ ડાયનોસોર મરી ગયા !

પછી તું પૂછે છે : 'મરી ગયા એટલે ?'

બસ એ હું તને નથી કહેતો કે એટલે શું. એ તારે જાતે સમજવાનું હશે.

અમ્મ્મ... બીજું તને શું કહું બેટા ?

આપણે ત્રણેય ખૂબ બધીવાર મુંબઈ આવીએ છીએ. તને ફરવા લાવીએ છીએ. તું પણ તારી મમ્મીની જેમ નાચવાની ખૂબ શોખીન છે. આપણે ત્રણેય મુંબઈના ગણેશોત્સવ કે કોઈના લગ્નમાં ઘૂસીને નાચી આવીએ છીએ ! બાય ધ વે... મીરાં આજકાલ ક્યારેક સાડી પહેરે છે ! એ સાડીમાં ખૂબ જ મસ્ત દેખાય છે.

જંગલમાં આપણે બંને ક્યારેક પતંગ ચગાવી શકીએ છીએ. આપણા ઘર પર આકાશમાં દૂર દૂર રોજે વિમાન પસાર થતું દેખાય છે. તને વિમાન જોવું ખૂબ ગમે છે. હું તને કાગળનું વિમાન બનાવી દઉં છું. તને એ સવાલ હોય છે કે વિમાન પંખીઓની જેમ પોતાની પાંખો કેમ ઊંચીનીચી કરતું નથી ? તારે વિમાનની પાંખ પર બેસવું છે.

એની વે... તારું આઇસક્રીમ પૂરું થઈ ગયું છે અને હવે તું મને અહીં સાયબરકાફેમાં બેસવાની ના કહી રહી છે. તને મમ્મી પાસે જવું છે. ફરી... હેપ્પી બર્થડે.

એક સરપ્રાઇઝ છે ! બે-ત્રણ દિવસ પછી મેં અને મીરાંએ તને એક સ્કૂલમાં મોકલવાનું નક્કી કર્યું છે. જોઈએ તું કેટલું રડે છે !

તારો... **ગોપુદી.**

30

જંગલમાં એકલા રહીને ઈદ બહારની દુનિયા નહીં જોઈ શકે એ વિચાર પર તેને થોડાં વર્ષ માટે સ્કૂલમાં મોકલવાનું નક્કી થયું.

છેવટે એક દિવસ ગોપાલ, મીરાં અને ઈદ મુંબઈમાં એક નર્સરી સ્કૂલ જોવા ગયાં. ઈદને એ સ્કૂલમાં ઍડમિશન લેવાનું હતું ! ઈદને સ્કૂલે મોકલવાની હતી. ઈદને એ નાનકડી રંગીન સ્કૂલ ગમી ગઈ ! ત્યાં પડેલાં રમકડાં પણ ગમી ગયાં. પ્રિન્સિપાલ મેડમે આપેલી ચૉકલેટ પણ ગમી ગઈ. સ્કૂલથી નીકળીને એ ત્રણેય ઈદ માટે નવાં કપડાં અને નાનકડાં બૂટ લેવા ગયાં. એ પણ ગમી ગયાં. ગોપાલે એકદમ નાનકડાં કાળા રંગનાં સ્કૂલશૂઝ લીધાં. ઈદને તો એ શૂઝ એટલાં ગમી ગયાં કે તેને આખી દુકાન બુલેટ સાથે બાંધીને ઘરે લઈ જવી હતી.

બસ, ના ગમ્યું તો બે દિવસ પછી સવારે ઊઠીને સ્કૂલે જવાનું !

સવારના છ વાગ્યા હતા. રાત્રે અચાનક વરસાદ પડ્યો હતો. મીરાં વહેલી ઊઠી ગઈ હતી. ઊઠીને બારણું ખોલીને એ બહાર આવી. સવારના આછા અજવાળામાં ચારે તરફ ધરતીએ લીલીછમ ચાદર ઓઢી લીધી હતી. ઠંડી હવા આવી રહી હતી. મીરાં નદીમાં નાહી આવી. રૂમમાં આવીને તેણે ગોપાલ અને ઈદને ઉઠાડ્યાં :

“ઈદ... બેટા ઊઠી જાઓ ચાલો. આજે તારે સ્કૂલ જવાનું છે.” મીરાંનો અવાજ સાંભળીને ઈદ પોતાના ગોપુદીની બાહોમાં સરખીથી છુપાઈને સૂઈ ગઈ. બારીમાંથી આવતા ઠંડા પવન અને બ્લેન્કેટ સાથે એ પપ્પા-દીકરીને ખૂબ સારો સંબંધ હતી. ગોપાલે પણ ઈદને પોતાની છાતીમાં છુપાવીને બ્લેન્કેટ ઓઢી લીધો.

છેવટે થાકીને મીરાંએ બંને માટે બટાકાપૌંઆ બનાવ્યા. ઈદની નાનકડી રંગીન બૅગમાં એક નવી સ્લેટ અને પૌંઆ ભરેલો નાનકડો ડબ્બો મૂક્યો. ઈદ માટે ખરીદેલી એક નાનકડી વૉટરબૅગમાં પાણી ભર્યું. ઈદનાં પ્રિય નવાં નવાં શૂઝ તૈયાર કર્યાં. ફરી ગોપાલ પાસે જઈને બ્લેન્કેટ ખેંચી લીધું. ઈદ અને ગોપાલ ઊઠી ગયાં. મીરાંએ ઈદને ગરમ પાણીમાં નવડાવી. ગોપાલ પણ નદીમાં નાહતો આવ્યો. જંગલમાંથી કાપીને લાવેલા લીમડાના દાંતણથી ઈદને પણ શીખવ્યું.

‘નોર્થપોલ’ જ્યાં હતું ત્યાંથી થોડે દૂર હાઈવે નજીક એક નાનકડું ગામડું હતું. ત્યાંથી એક સ્કૂલબસ રસ્તાનાં અમુક ગામડાંના બાળકોને લઈને મુંબઈ જતી અને સ્કૂલ પૂરી થયે બધાં જ બાળકોને પાછા લઈ આવતી. ઈદને હવેથી રોજે એ બસમાં બેસીને સ્કૂલે જવાનું હતું.

ઈદ રડતી હતી. નાસ્તો પણ નહોતો કર્યો. તેને સ્કૂલે જવું જ ન હતું ! ગોપાલ તેને પોતાના ખોળામાં બેસાડીને સમજાવી રહ્યો હતો :

“દીકું...સ્કૂલે જવું પડે. ત્યાં તને તારાં જેવડાં છોકરાંઓ મળશે.”

"ના. મારે નથી જવું. મને પેટમાં દુઃખે છે." એ પોતાની કાલીઘેલી ભાષામાં કહી રહી હતી. ગોપાલને હસવું આવતું હતું. હજુ તો સ્કૂલનો પહેલો દિવસ હતો અને આ છોકરીએ પેટમાં દુઃખવાનાં બહાનાં બતાવવાનું ચાલુ કર્યું હતું. વળી જ્યારથી ઘરે સ્કૂલની વાતો થતી ત્યારથી રોજે એને પેટમાં દુઃખતું !

બસનો સમય થઈ ગયો હતો. સાત વાગ્યે ગોપાલે ઈદને લઈને હાઇવે પર ઊભા રહેવાનું હતું.

"મારે પીલું ફ્રૉક પહેરવું !" તે રડતી રડતી મમ્મીને કહેતી હતી. તેની મમ્મી તેને સફેદ કલરનો સ્કૂલડ્રેસ પહેરાવી રહી હતી. થોડીવાર પછી એ જેમતેમ તૈયાર થઈ. સાત વાગી ગયા હતા. ગોપાલે બહાર હાઈવે પર વાડ પાસે એક નાનકડું લાકડાનું 'North pole' લખેલું બોર્ડ મૂકેલું હતું. બસને ત્યાં ઊભું રહેવાનું હતું.

બસનું મોટું હોર્ન સંભળાયું. ગોપાલ ઈદને તેના નવાં સ્કૂલનાં બૂટ પહેરાવી રહ્યો હતો. પરંતુ હોર્ન સાંભળીને તરત જ તેણે બૂટ પોતાના હાથમાં લઈ લીધા. ઈદને પોતાના ખભા પર બેસાડી. ઈદ હજુ રડતી હતી.

"મારે મમ્મી પાસે જવું છે !"

"હા બેટા... હમણાં સ્કૂલેથી પાછી આવી જઈશ તું..."

ખભા પર ઈદને બેસાડીને એક હાથમાં સ્કૂલબૅગ અને બૂટ લઈને ગોપાલ ઘર બહાર દોડતો નીકળ્યો. ઈદ બાપુજીને દોડતા જોઈને હસી પડી. બારણે ઊભા રહીને એમને અલવિદા કરતી મીરાં પોતાની દીકરીને સ્કૂલે જતી જોઈને ખુશીથી રડી પડી.

ગોપાલ પોતાના ઘરથી હાઇવે તરફ જતી સાંકડી કેડી પર દોડતો પોતાના ખભે બેઠેલી ઈદને સમજાવી રહ્યો હતો :

"બેટા...સ્કૂલ પર રડતી નહીં હેને ?"

ઈદ જવાબ આપતી ન હતી. એને કદાચ ખાંસી આવી રહી હતી.

"ત્યાં તોફાન પણ ના કરીશ. ઓકે ?"

"ઓકે..." તે ખભા પરથી બોલી.

"પ્રૉમિસ ?"

"હા..." તે બોલી. તેને ઊંડી ઉધરસ આવી રહી હતી. ગોપાલ ધીમો પડ્યો.

"...અને બધો નાસ્તો ખાઈ જઈશને ?"

"..." ઈદ ચૂપ હતી. દૂર રસ્તો દેખાયો. પીળી બસ ઊભી હતી. અંદર કાચ પર પોતાના નાક ચોંટાડીને બાળકો ગોપાલ અને તેના ખભા પર બેઠેલી પરી જેવી ઈદને જોઈ રહ્યાં હતાં. તેમને માટે તો લીલાછમ જંગલમાંથી જાણે પરી બહાર આવી હતી.

"ગોપુદીને યાદ કરીને રડતી નહીં હેને... હું અહીં જ છું." ગોપાલે બસ તરફ જોઈને કહ્યું.

"..." ઈદ ફરી ચૂપ હતી.

...અચાનક ઈદને એક ઊંડી ઉધરસ આવી. દીકરીએ પકડેલા પપ્પાના માથાના વાળ ખેંચાયા. અને...

જે હાથમાં ગોપાલે બૂટ અને બૅગ પકડી હતી એ હાથ પર ઉપરથી લોહીનું ટીપું પડ્યું.

એ ગરમ લોહીના સ્પર્શ સાથે ગોપાલે હાથ પર જોયું. તેની છાતી જાણે ફાટી પડી. તેણે તરત જ ઊભા રહીને ઈદને નીચે ઉતારી. એક મોટી ખાંસી સાથે ઈદના મોઢામાંથી ફરીથી લોહી બહાર નીકળ્યું. નીચે લીલા ઘાસ પર લાલ ડાઘ પડ્યો.

ગોપાલની આંખો ફાટી રહી. શરીર ઠંડું પડી ગયું. પોતાની ઈદના લાલ હોઠ અને તેમાંથી બહાર નીકળી ગળા તરફ રેલાયેલું લોહી જોઈ એ જમીન પર પડી ગયો.

"ઈદ... સ... શું... શું થયું... બેટા..." એ માંડ બોલી શક્યો અને તેને તરત જ ઈદને પોતાની છાતીમાં સમાવી લીધી. બસનો ડ્રાઇવર દોડીને નજીક આવ્યો. ઈદ સ્થિર પૂતળાની જેમ ઊભી હતી.

ફરી ખાંસી આવી. ફરી થોડું લોહી નીકળ્યું. ગોપાલના શર્ટ પર ફેલાઈ ગયું.

મીરાંને જાણે ઘર અંદરથી બહાર રસ્તે કશુંક થયું છે એવું લાગ્યું હશે. એ ઘર તરફથી દોડતી આવી રહી હતી. દૂરથી જ તે ઈદના લાલ હોઠવાળા ચહેરાને જોઈ ગઈ હશે. એ આવીને તરત જ ગોપાલની બાહોમાં ઈદ સાથે ભરાઈ ગઈ. ચૂપચાપ. ગોપાલ અને મીરાં બંને સ્તબ્ધ હતાં. આંસુ પણ પાંપણ પર આવીને વહેવાની રાહ જોતાં હતાં. ઈદ તો ખૂબ જ આઘાતમાં હતી. તેના પેટમાં શું થતું હશે અને મોઢામાંથી લોહી નીકળ્યા પછી એને કેવું અનુભવાતું હશે એની તો કોઈ કલ્પના જ ન હતી.

ગોપાલે ઇશારો કરીને બસડ્રાઇવરને જવા કહ્યું. બસ થોડીવાર પછી નીકળી ગઈ. મીરાંએ ઈદને સાફ કરી. ગોપાલે નવું શર્ટ પહેર્યું. ઈદની બૅગ અને બૂટ રૂમના ખૂણામાં ફેંકી દીધાં. ઈદ ફરી પોતાનું પ્રિય પીળું ફૂલોવાળું ફ્રૉક પહેરવાની જીદ કરતી હતી તે જ પહેર્યું. ઈદને વચ્ચે બેસાડીને એ ત્રણેય બુલેટ પર મુંબઈની કોઈ મોટી હૉસ્પિટલ તરફ નીકળી પડ્યાં.

ઘરથી દૂર વૃક્ષ નીચે બેસીને આમોરી ભીની આંખે આ બધું જ જોતી રહી.

મુંબઈની વચ્ચે એક મોટી હૉસ્પિટલમાં એક સ્ટ્રેચર પર એક નાનકડું શરીર સુવડાવવામાં આવ્યું. એ શરીર સ્ટ્રેચરમાંથી નીકળીને તેનાં મમ્મી-પપ્પાની બાહોમાં જવા રડી રહ્યું હતું. બે નર્સ એ શરીરને પકડીને સુવડાવી રહી હતી. એ શરીરનાં મમ્મી-પપ્પા તે સ્ટ્રેચરની સાથે ભાગી રહ્યાં હતાં.

શરીર ચેક-અપ માટે એક મોટી રૂમમાં દાખલ થયું. ડૉક્ટર તે શરીરને ચેક-અપ કરી રહ્યા હતા. બહાર ગોપાલ અને મીરાં એકબીજાને ભેટીને રડી રહ્યાં હતાં. એમના લાંબા શ્વાસની અંદર ઘૂસી જતી હૉસ્પિટલની દવાઓની ગંધ એક ડર પેદા કરી રહી હતી. હૉસ્પિટલના એસીમાંથી નીકળતી ઠંડી હવા એમના હૃદયમાં રહેલા ડરને વધુ તીવ્ર બનાવી રહ્યા હતા.

શું હશે ? શું થશે ? કંઈ થઈ જશે ? એ ડર હતો.

હૉસ્પિટલમાં આમતેમ ચાલી રહેલાં બાળકો અને તેમનાં માબાપને જોઈને મીરાં

અને ગોપાલ કોઈ અજાણી દુનિયાનો ભાગ બની રહ્યાં હોય એવું અનુભવી રહ્યાં હતાં. આ બધું સપનાંઓમાં પણ વિચાર્યું ન હતું.

ઈદના કુમળા હૃદય પર સ્ટેથોસ્કોપ મૂકીને ડૉક્ટર અવાજ સાંભળી રહ્યા હતા. તેના કુમળા પાતળા હાથ પર પાતળી સોય ભરાવીને ગુલાબી લોહી લઈને રિપોર્ટ માટે નાનકડી કાચની ટેસ્ટટ્યૂબમાં ભરવામાં આવી રહ્યું હતું.

ઈદનો ચેક-અપ રૂમમાંથી બહાર નીકળી હસતો ચહેરો જોવા માટે હૉસ્પિટલની એ લૉબીમાં રાહ જોઈ રહેલા એ બંને જાણે બે-ત્રણ વરસ ઘરડાં થઈ ગયાં હતાં. ગોપાલ જોઈ રહ્યો હતો કે એ નર્સ ઈદને એક્સ-રે રૂમમાં લઈ જઈ રહી હતી. થોડીવાર પછી બહાર આવીને કોઈ નવો રિપોર્ટ કરી રહ્યા છીએ એવું કહી રહી હતી.

કોણ સાંભળતું હતું ?

મીરાં અને ગોપાલનાં આંખ-કાન જાણે હૉસ્પિટલમાં ફેલાતી દવાઓની ગંધ અને કોઈ બાળકોના રડવાનો અવાજ સાંભળીને સુન્ન થઈ ગયાં હતાં. ગોપાલ 'હા' કહી દેતો હતો.

બહાર વરસાદ ચાલુ થયો હતો. ગાજવીજ થઈ રહી હતી. બપોરના બે વાગ્યા હતા પરંતુ આખું મુંબઈ જાણે ઈદના શરીરના એક્સ-રે જેવું કાળું થઈ ગયું હતું.

સાંજે ચાર વાગ્યે ઈદ બહાર આવી. દોડતી આવીને ગોપુદીની બાહોમાં છુપાઈ ગઈ. મીરાં પણ એ બંનેને ભેટી પડી. ગોપાલ તેને પૂછી રહ્યો હતો :

"શું થયું મારા દીકુંને ? તને ડૉક્ટરે ઈન્જેકશન માર્યું ?"

"હા... મને દુ:ખે છે." ઈદ પોતાનો નાનકડો હોઠ બહાર કાઢીને આંસુ પાડતી ફરિયાદ કરી રહી હતી. પોતાના ગોપુદીની છાતીથી અલગ જ થતી ન હતી. નર્સ આવીને કહી રહી હતી કે ઈદને હાલ કોઈ ફ્રૂટજ્યૂસ આપવું. મીરાં ઈદ માટે જ્યૂસ લેવા બહાર ગઈ.

ગોપાલ એક ટેબલ પર બેસીને ઈદ સાથે વાતો કરી રહ્યો હતો :

"ગોપુદી, મારે ઘરે જવું છે. ચલને,"

"હા બેટા... થોડીવારમાં આપણે નીકળીએ છીએ. મમ્મી જ્યૂસ લેવા ગઈ છે."

"ગોપુદી, મને શું થયું ?"

"હમણાં ડૉક્ટરનો રિપોર્ટ આવશેને. એ કહેશે બેટા..."

મીરાં જ્યૂસ લઈને આવી. ઈદ જ્યૂસ પી રહી હતી ત્યારે નર્સ આવી. ડૉક્ટરની કૅબિનમાં ઈદને લઈને એક વ્યક્તિને જવા કહ્યું. મીરાં ઈદને લઈને કૅબિનમાં ગઈ. ગોપાલ બહાર મેડિકલ પર અમુક દવાઓ લેવા ગયો.

ઈદને પોતાના હાથમાં તેડીને મીરાં ડૉક્ટરની કૅબિન અંદર ગઈ. ડૉક્ટર મીરાં સામે જોઈ રહ્યો. મીરાંનાં ટી-શર્ટ અને જીન્સને જોઈ રહ્યો. મીરાંના હાથ પર પહેરેલ ફૅન્ડ્સ અને નાનકડા ટેટૂને જોઈ રહ્યો. ફૂલડાંવાળું ફ્રૉક પહેરીને ડૉક્ટરથી ગભરાયેલી ઈદના ચહેરાને જોઈ રહ્યો.

મીરાં ડૉક્ટર સામે બેઠી. થોડીવાર ડૉક્ટર કશું જ બોલી રહ્યા ન હતા.

"જી સર..." તે બોલી.

"ઈદ કે પાપા કહાં પર હે ?"

"વો દવાઈ લેને ગયે હૈં. ક્યૂં ?"

"હમને સબ રિપોર્ટ્સ કિયે હૈં. નોર્મલી..."ડૉક્ટરે ગળું સાફ કરીને આગળ કહ્યું.

"મે'મ... હમ નોર્મલી... હમને સબ ટેસ્ટ કિયે હૈ... બોડી કે એક્સ-રે કિયે હૈં. ઈવન... મેરે કલીગ ડૉક્ટર્સ કે સાથ ભી રિપોર્ટ્સ શેર કિયે હૈ...ઈદ કો મુંહ સે બ્લડ નિકલનેમેં... એક્ચ્યુલી... ક્યાં આપકો સાથ મેં કોઈ ચાહિયે ?"

"આઇ એમ નોટ ગેટિંગ યુ ડૉક્ટર. આપ મુજે સબ કુછ બોલ સકતે હૈ."

"પોઇન્ટ ઇઝ...ઈદ કે પેટમેં ટ્યુમર હૈ. ઇટ્સ સ્ટમક કૅન્સર. મૈં આપકો એક્સ-રે રિપોર્ટ મેં દિખા રહા હૂં." ડૉક્ટરે કહ્યું અને ઊભા થઈને એક્સ-રે રિપોર્ટમાં દેખાતી નાનકડી ગાંઠ બતાવવા લાગ્યા.

મીરાંની આંખો સામેની બારી પર સ્થિર થઈ ગઈ હતી. ઈદને તેણે પોતાની છાતીમાં છુપાવી દીધી હતી. છાતી અંદર હૃદયમાંથી મૂંગી ચીખ નીકળી પડી. ડૉક્ટર જે કંઈ પણ બોલી રહ્યા હતા તેનો વિશ્વાસ તેને થતો ન હતો. ડૉક્ટર તેની નજીક આવીને કશું બોલી રહ્યા હતા. કોણ સાંભળતું હતું ? જે સંભળાઈ રહ્યું હતું તે મીરાંને મંજૂર ન હતું. ડૉક્ટર મીરાંના ખભે હાથ મૂકીને તેને બીજી મોટી હૉસ્પિટલમાં ફરીથી રિપોર્ટ્સ કરીને ટ્રીટમેન્ટ ચાલુ કરવા કહી રહ્યા હતા.

"મે આઇ કમઈન સર ?" ગોપાલે બારણું ખોલીને પૂછ્યું. ડૉક્ટરે એક્સ-રે બંધ કર્યો. ગોપાલને અંદર બોલાવ્યો. ગોપાલે મીરાંની બાજુની ખુરશી પર બેસીને દવાઓ ડૉક્ટરને આપીને મીરાં સામે જોયું. મીરાં બસ કોઈ પૂતળાની જેમ એ જ કોરી આંખોથી બારી સામે જોઈ રહી હતી. ઈદ મીરાંની છાતીમાંથી પોતાનું માથું બહાર કાઢીને ગોપાલ સામે મુસ્કુરાઈ.

"ગોપુદી..." તે બોલી.

"હા બેટા... કેમ છે તને ?" ગોપાલે ઈદનો હાથ પકડીને હસીને પૂછ્યું.

"ગોપુદી, કૅન્સર એટલે શું ?"

ગોપાલ હસ્યો. તેને આ સવાલ વિચિત્ર લાગ્યો. તેણે ડૉક્ટર સામે જોઈને હસી લીધું. ડૉક્ટર નીચું જોઈને બેઠા હતા.

"કૅન્સર... ? એ તો હું તને ઘરે જઈને સમજાવીશ. કેમ ?"

"ડૉક્ટર કહે છે મને કૅન્સર છે..." એ પોતાની કાલીઘેલી ભાષામાં બોલી. ગોપાલ હસી પડ્યો. તેણે ડૉક્ટર સામે જોયું. ડૉક્ટર ગોપાલ સામે સ્થિર લાચાર નજરે જોઈ રહ્યા હતા. મીરાંએ ગોપાલનો હાથ પકડ્યો. ગોપાલે મીરાંની ભીની થયેલી આંખોમાં જોયું.

બસ...

ગોપાલે ઈદને પોતાના ખોળામાં લીધી. એને કપાળ પર ચૂમી લીધું. પોતાની વરસાદમાં ભીની થયેલી છાતીમાં છુપાવી લીધી. ડૉક્ટરને તેણે પૂછ્યું :

"ઈદ ઠીક હો જાયેગી ?"

"હાં... સહી ટ્રીટમેન્ટ મિલે તો ઈદ ઠીક હો સકતી હૈ. બિલકુલ. હમને સબ રિપોર્ટ ચેક કિયે હૈ. અબ આપકો ચાઈલ્ડ કૅન્સર હૉસ્પિટલમેં ઍડમિટ હોના ચાહિયે. વહા પર ડૉક્ટર્સ આપકો કૅન્સર કોન સે સ્ટેજ તક ફૈલા હે વો બતાયેંગે. બાદમેં ટ્રીટમેન્ટ ચાલુ હોગા"

ઈદ વરસાદમાં ભીની ન થાય તે માટે બુલેટને હૉસ્પિટલ પર જ મૂકીને એ ત્રણેય ચાલુ વરસાદમાં ઑટો કરીને બાળકોની કૅન્સર હૉસ્પિટલ પર ગયાં. ઈદ ફરી મોટે મોટેથી રડી રહી હતી. તેના રિપોર્ટ્સ ચાલુ થઈ રહ્યા હતા. ગોપાલ ઈદને છાની રહેવા સમજાવી રહ્યો હતો. મીરાં બહાર પોતાના એટીએમમાંથી રૂપિયા લેવા ગઈ હતી.

અમુક રિપોર્ટ્સ પછી ડૉક્ટર્સ ગોપાલને પૂછી રહ્યા હતા કે ઈદને છેલ્લા અમુક દિવસોમાં શું થતું હતું. એ ક્યારેક પેટમાં દુઃખે છે એવી ફરિયાદ કરતી હતી. પેટમાં બળે છે એમ કહ્યા કરતી. લોહીની ઊલટી તો એકવાર જ થઈ હતી. તેને ડાયેરિયા રહેતો. ખૂબ ઊંઘ કરતી. ક્યારેક ખાંસી આવતી. ખૂબ થાકી જતી, પરંતુ એ બધું ખાવાપીવામાં ઈદ ધ્યાન ન રાખે એટલે થતું એમ કહી રહ્યો હતો.

મીરાં આવી પછી ડૉક્ટરે ગોપાલ અને મીરાંનાં બ્લડગ્રુપ ચેક કર્યાં. તે બંનેને કયાં કયાં વ્યસન હતાં અને પહેલાં દિવસની કેટલી સિગારેટ પીતાં હતાં, એમના પરિવારમાં કોઈને કૅન્સર જેવી બીમારી હતી કે નહીં. તે બંને ક્યાં કામ કરે છે અને શું ખાય છે બધું જ પૂછ્યું.

ફરી ઈદનો બ્લડટેસ્ટ થયો.

એન્ડોસ્કોપી ચાલુ થઈ. ઈદના પેટમાં ઇન્ફેકશન જોવા માટે એક કૅમેરાવાળી પાતળી ટ્યૂબ ઈદના ગળામાં ઉતારવામાં આવી. પછી ફરી એક બેરિયમ પ્રવાહી પિવડાવવામાં આવ્યું અને એ પછી ફરી એક્સ-રે કરવામાં આવ્યો.

ડૉક્ટરે હૉસ્પિટલમાં દાખલ થવા કહ્યું. હજુ અમુક ટેસ્ટ બાકી હતા.

મોડી રાત થઈ ગઈ હતી. મીરાં અને ગોપાલે કશું ખાધું પણ ન હતું. આજે જમવાનું ગળે ઊતરે તેમ ન હતું. ગોપાલ ઈદ માટે રમકડાં અને ડૉક્ટરે લખ્યા મુજબના ફ્રૂટ જ્યૂસ લઈ આવ્યો હતો. મોડી રાત્રે સીટી-સ્કેન અને બાયોપ્સી થવાની હતી.

ઈદ હૉસ્પિટલમાં જ સૂઈ ગઈ હતી. બધા જ રિપોર્ટ પછી ડૉક્ટરે મીરાં અને ગોપાલને મિટિંગ માટે ઑફિસમાં બોલાવ્યાં. એ પછી જે કંઈ પણ વાતચીત થઈ તે બધી જ એ બંનેના અસ્તિત્વમાં એક ઊંડો પીડાદાયક લિસોટો કરતી ગઈ.

એ સ્ટેજ 3C સ્ટમક કૅન્સર હતું. પેટની અમુક ટિશ્યુ, નોડ્સ અને ફેફસાંમાં ફેલાયું હતું.

કૅન્સરનું કોઈ કારણ ન હતું. કદાચ બાળકનાં મમ્મી-પપ્પાની સ્મોકિંગની જૂની આદત હોઈ શકે.

બાળકની યોગ્ય ટ્રીટમેન્ટ તેને ફરી સાજું કરી શકે છે. પરંતુ...

...પરંતુ જે રીતે એ ગાંઠ પેટમાં મોટી થઈ રહી છે અને ફેલાઈ રહી છે એ મુજબ બાળક પાસે છ મહિના જેટલો સમય છે.

"..."

"..."

"..."

ગાંઠને વધતી રોકવા અને તેને નાની કરવા માટે અમુક દિવસોમાં કેમોથેરપી અને રેડીએશન થેરપી ચાલુ કરવી પડશે.

ઈદને ખુશ રાખવા પ્રયત્ન કરવાનું કહેવામાં આવ્યું હતું. તેને જે જોઈએ એ લાવી આપવા કહેવાયું હતું. તેને જો લોહીની ઊલટી થાય કે તાવ આવે કે ચક્કર આવે અને પડી જાય તો ચિંતા ન કરવા કહીને તેને જરૂરી લખી આપેલી દવા આપવાની હતી.

ઑપરેશનમાં થતા ખર્ચ અને ભવિષ્યની શક્ય સર્જરીના ખર્ચની વિગતો આપવામાં આવી હતી.

ડૉક્ટર્સ સાથેની મિટિંગ પૂરી થઈ ગઈ. ઈદને આપેલા રૂમમાં એ સૂઈ ગઈ હતી.

રાત્રે બે વાગ્યે એ બંને હૉસ્પિટલના ગેટ બહાર આવ્યાં. વરસાદ ચાલુ હતો. મીરાં આગળ ચાલી રહી હતી. ગોપાલ તેની પાછળ ચાલી રહ્યો હતો. આજે કુદરત અલગ હતી. એ બંનેના આંસુ કોઈ જોઈ શકતું ન હતું. આંસુ વરસાદના પાણીમાં ભળી જતાં હતાં.

ઘણા સમય સુધી મીરાં બસ ચાલી જઈ રહી હતી. ગોપાલ તેની પાછળ ચાલી રહ્યો હતો. વરસાદ વધી ગયો હતો. એ હૉસ્પિટલ બહારની એ સૂમસામ ગલીઓમાં કોઈ હતું નહીં. રસ્તાની પીળી સ્ટ્રીટલાઈટ્સ ચારે તરફ ફેલાઈ રહી હતી. કોઈ દુકાન ખુલ્લી ન હતી. કોઈ માણસ ન હતું. કોઈ કોઈ દુકાનના શટર આગળ કૂતરાંઓ, ગાયો, ભિખારીઓ સૂતાં હતાં.

ખબર નહીં એ શું વિચારી રહી હતી. કદાચ એની દીકરીનું ભવિષ્ય. કદાચ હૉસ્પિટલના ખર્ચની ચિંતા. કદાચ બસ આવનારા કાળા અંધકારની ક્ષણો. કદાચ એક અમર આશા...

એક સમયે એ રસ્તામાં ઊભી રહી. તેણે પાછું ફરીને જોયું નહીં. ગોપાલ તેની પાસે ગયો. તેણે પાછળથી મીરાંના ખભા પર હાથ મૂક્યો. અને...

પાછું ફરીને એ સીધી જ ગોપાલની છાતીમાં છુપાઈ ગઈ અને જોરજોરથી રડવા લાગી. તૂટી ગયેલી મીરાંનો અવાજ કદાચ ગોપાલ પણ સહન ન કરી શક્યો અને એ પણ આંખો બંધ કરીને મોટે મોટેથી રડવા લાગ્યો. એ બંનેને દુકાનો નજીક સૂતેલાં કૂતરાંઓ ભીની આંખે જોઈ રહ્યાં હશે.

એ ખૂબ રડ્યાં. ક્યાંક બંને જમીન પર તૂટી પડશે એ બીકે એકબીજાને જોરથી પકડી રાખીને એ બંને રડી રહ્યાં હતાં. ગોપાલ મીરાંની પીઠ પર હાથ ફેરવતો તેને શાંત

કરી રહ્યો હતો પરંતુ મીરાં...

એકવાર ગોપાલથી અલગ થઈ તેણે આકાશ સામે ચહેરો રાખીને, હાથની મુઠ્ઠીઓ વાળીને, આંખો બંધ કરીને જોરથી ચીસ પાડી. ચારે તરફ એ ચીસ સંભળાઈ ઊઠી.

ગોપાલ તેને ફરી પકડી રાખવા પ્રયત્ન કરી રહ્યો હતો પરંતુ મીરાં રાડો નાખવા લાગી હતી. એની છાતીમાં અંદર ચાલતો લાગણીઓનો બળવાનો આ અવાજ હતો. અંદર છુપાવી રાખેલી પીડા હતી. એ ફરીફરી ચીસો પાડવા લાગી.

"મીરાં... બસ..." ગોપાલ તેને ફરીફરી પોતાની છાતીમાં છુપાવીને સમજાવી રહ્યો હતો. "બસ ગાંડી... બસ, તું હારી જઈશ તો તારા સહારે જીવતા આ ગોપાલનું શું થશે ?" એ કહી રહ્યો હતો અને મીરાંના ચહેરાને પોતાના હાથોમાં લઈને આંસુ લૂછી રહ્યો હતો.

"હવે..." મીરાંએ રાડો નાખીને બેસી ગયેલા અવાજે રડતાં રડતાં કહ્યું, "હવે શું થશે ગોપાલ ?"

"બધું જ બરાબર થશે મીરાં... આપણી ઈદને કશું જ નથી થવાનું."

"મને બીક લાગે છે ગોપાલ..." એ બોલી.

"હું છુંને..." ગોપાલે કહ્યું અને પછી પોતે પણ વધુ રડવા લાગ્યો.

કુદરત જોઈ રહી હતી.

31

બીજે દિવસ ઈદને લઈને એ બંને ઘરે આવ્યાં. ડૉક્ટરે લખી આપેલી દવા અને ફ્રૂટ્સ લાવ્યાં હતાં. ઈદની તબિયત સારી હતી. ત્રણ દિવસ પછી ગાંઠની સારવાર ચાલુ કરવાની હતી.

ઈદ અને ગોપાલ બાલ્કનીમાં બેઠાં હતાં. બપોર નજીકનો સમય હતો. સવારનો વરસાદ બંધ થયો હતો અને જંગલમાં ચારે તરફ માટીની ભીની સુગંધ આવી રહી હતી. ઈદ બ્લેન્કેટ ઓઢીને ગોપાલના ખોળામાં બેસીને નદી તરફ જોઈ રહી હતી. તેના દિમાગમાં કદાચ હજુ હૉસ્પિટલનો ડર ઘૂમી રહ્યો હતો. ગોપાલ પણ ઈદની જેમ નદી તરફ જોઈને કોઈ ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો હતો.

મીરાં જ્યૂસ લઈને બહાર આવી. ઈદને જ્યૂસ આપીને બીજી એક ખુરશી પર બેઠી. એ પણ નદી તરફ જોઈને બેસી રહી...

"ગોપુદી..." ઈદ જ્યૂસ પીને બોલી. ગોપાલે નદી સામે જ નજર રાખીને ઈદના માથા પર હાથ ફેરવ્યો.

"મને શું થયું છે ગોપુદી ?" તે પણ નદી સામે જોઈને વિચારતી હતી.

"તારા પેટમાં એક રાક્ષસ ઘૂસી ગયો છે બેટા..." ગોપાલે કહ્યું. મીરાં સાંભળી રહી હતી. તેની આંખોમાંથી વહેતી નદીઓની ગોપાલને ખબર ન પડે એટલે એ પણ સામે વહેતી નદીને જોઈ રહી હતી.

"એ કેવો રાક્ષસ હોય ?"

"ગંદો. એકદમ ગંદો. એ લાલ કલરનો રાક્ષસ હોય અને તેને માથા પર કાંટા હોય."

"અરે હા... યાદ આવ્યું." તે ખુશ થઈને બોલી.

"શું ?"

"મને જ્યારે પેટમાં બળે ત્યારે રાક્ષસ પોતાનું માથું અંદર મારતો હશે." તે બોલી અને હસવા લાગી. ગોપાલે મીરાં તરફ જોયું. તે નદી તરફ જ જોઈ રહી હતી.

"તો હવે ?" ઈદે પૂછ્યું.

"હવે શું ? આપણે રાક્ષસને મારી નાખીશું."

"કઈ રીતે ?"

"આપણે તારા પેટમાં એક બીજી ઈદ બનાવીશું."

"સાચે ?" તે ઉત્સાહમાં આવી ગઈ. "કઈ રીતે ?"

"જો... એ રાક્ષસ એકદમ ગરમ છે. આપણે ડૉક્ટર પાસે જઈશું એટલે ડૉક્ટર રોજે તને પાણીની બૉટલ ચડાવશે. ધીમે ધીમે તારા પેટમાં રાક્ષસને ખબર પણ ન પડે એવી રીતે એક ઈદ ઊભી થશે. પાણીની બનેલી ઈદ..." ગોપાલે હસીને કહ્યું.

"પછી એ ઈદ અને રાક્ષસ લડાઈ કરશે ?"

"હાસ્તો. ઈદ પાસે પાણીની બનેલી એક તલવાર હશે. એ તલવાર જ્યારે પેલા ગરમગરમ રાક્ષસના પેટમાં ઘુસાડી દેશે ત્યારે રાક્ષસ સુકાઈ જશે."

"મજા પડશે." તે બોલી અને તાળીઓ પાડવા લાગી. ગોપાલે પોતાની આંખો બંધ કરી દીધી.

"ગોપુદી..." ઈદે ઉપર જોઈને ગોપાલની દાઢી પર આંગળી મૂકીને કહ્યું.

"હા બેટા..."

"મારે ડૉક્ટર પાસે નથી જવું. હું જાતે જ બધું પાણી પી જઈશને..." તે બોલી. ગોપાલને દીકરીની એ વાત પર ખૂબ પીડા થઈ.

"બેટા, ડૉક્ટર જે પાણી આપે એ અલગ હોયને. એ પાણી કડવું હોય. આપણે પી ના શકીએ"

"પણ મને બીક લાગે."

"તું ઈદ છે ઈદ... સમજી ? ગોપાલ અને મીરાંની ઈદ. તારે ડરવાનું ના હોય. તું તો પેલા રાક્ષસને કાપી નાખીશ. તું ફાઇટર છે ફાઇટર."

"હા..." તે બોલી અને નદી સામે જોઈને કશુંક વિચારવા લાગી. કદાચ ગોપાલના શબ્દો પચાવી રહી હશે. તેણે ગોપાલનો હાથ પકડ્યો. એ મજબૂત હાથ સાથે હોય તો તેને કોઈ ડર ન હતો.

"હું એ રાક્ષસને કાપી નાખીશ..." તે બોલી.

"ધેટ્સ માય ગર્લ..." ગોપાલ ખુશ થઈને બોલ્યો. તેણે ઈદના માથા પર પોતાનો ચહેરો છુપાવી દીધો. ઈદ જાણે ગોપાલને હિંમત આપતી હોય તેમ ગોપાલના હાથને પકડી રહી. મીરાં આ બધું જ સાંભળીને ઊભી થઈ અને નદી તરફ ચાલવા લાગી. નદીકિનારે જઈને એ બેસી ગઈ. ઘરમાં અંદર બેઠેલી આમોરી પણ દોડતી બહાર આવી અને મીરાં પાસે બેસી ગઈ.

"ગોપુદી..."

"હા બેટા..."

"મમ્મી કેમ રડે છે ?" ઈદે પૂછ્યું અને ગોપાલની આંખમાં પાણી આવી ગયું. થોડીવાર તેની પાસે કોઈ જવાબ ન હતો.

"મમ્મી રડે છે, કારણ કે તેને બીક લાગે છે કે ડૉક્ટર તને ઈન્જેક્શન આપશે..."

"હા... એ દુઃખે છે." તે બોલી. બપોરનો જમવાનો સમય થઈ ગયો હતો. છેલ્લા બે દિવસથી કોઈએ સરખું પેટ ભરીને જમ્યું ન હતું. ગોપાલ ઇચ્છતો નહોતો કે આજે એ મીરાંને મદદ કરવા કહે. મીરાંને એકલાં નદી પાસે બેસવા દેવી હતી.

ઈદને ખોળામાંથી નીચે મૂકીને ગોપાલ ઊભો થયો અને રસોડામાં ગયો. ઈદ નીચે લાકડા પર બેસીને નદીકિનારે બેસેલી મમ્મી સામે જોતી રહી.

ગોપાલ જ્યારે રોટલી વણીને તાવડી પર મૂકી રહ્યો હતો ત્યારે પાછળથી ઈદના પગની ઝાંઝરનો અવાજ આવ્યો. ગોપાલે પાછું ફરીને જોયું. તે રસોડાના બારણા પાસે ઊભી હતી. ગોપાલની સામે જોઈ રહી હતી.

"શું થયું બેટા ?"

"તું મમ્મીને સમજાવને..." તે બોલી. તેના ચહેરા પરનું ભોળપણ ભવ્ય હતું.

"શું ?" ગોપાલે હસીને પૂછ્યું.

"...કે એ મીરાં છે મીરાં...ઈદની મમ્મી... અને..." તે ગોપાલની જેમ બોલી અને વિચારવા લાગી. ગોપાલ ઈદના એ શબ્દો સાંભળીને હસતાં હસતાં રડી પડ્યો.

"...અને ?" ગોપાલે ધ્રૂજતા અવાજે પૂછ્યું.

"એ ગોપાલની મીરાં છે." ઈદ પોતાના માસૂમ અવાજમાં બોલી. ગોપાલ તેની બાજુમાં જઈને બેસીને ભેટી પડ્યો. પોતાના લોટવાળા હાથ છતાં ઈદને પોતાની છાતીમાં જકડી રાખી.

"જા... જઈને પેલી ગોપાલની મીરાંને સમજાવતી આવ. જા." ગોપાલે કહ્યું. ઈદ દોડતી મીરાં પાસે ગઈ. ગોપાલ બારણા પાસે ઊભો તે બંનેને જોતો રહ્યો.

ઈદ, મીરાં અને ગોપાલ...

આ અલગ માટીના માણસો હતાં.

એમણે નક્કી કરી લીધું હતું કે આ કૅન્સર નામના રાક્ષસને આપણે મારી નાખીશું. મીરાં અને ગોપાલ યોગ્ય હૉસ્પિટલ શોધવા નીકળી પડ્યાં હતાં. દરેક મોટી પ્રાઈવેટ હૉસ્પિટલનો ખર્ચ એ બંનેને પહોંચી શકાય તેમ ન હતો.

ગોપાલે અત્યાર સુધીમાં જેટલા કામ કર્યા હતા તેમાંથી રૂપિયા કમાયો ન હતો તેથી વધુ સારા માણસો કમાયો હતો. દરેક દોસ્તને ગોપાલ કેવો માણસ છે તેની ખબર હતી. ગોપાલ જેવી વ્યક્તિ માટે એ દરેક દોસ્ત કશું પણ કરવા તૈયાર હતો. સામે મીરાંને પણ પોતાના ઘણા નજીકના દોસ્તો હતા. જે લોકો તેની પાસે ટેટૂ કરાવવા આવતા એમાંના ઘણા મીરાંને પોતાનાં કાર્ડ્સ આપી ગયા હતા. મીરાંએ ફોનબૂથમાં જઈને એ દરેકને મદદ માટે કહ્યું. દરેક માણસ જાણે દરેક મદદ માટે હાજર થઈ ગયો.

બધાંએ ભેગાં મળીને મુંબઈની દરેક કૅન્સર હૉસ્પિટલનો સંપર્ક કર્યો. ઈદની કૅન્સરની સારવાર માટેની એક હૉસ્પિટલ નક્કી થઈ. ગોપાલ અને મીરાં ડૉક્ટર્સને મળી આવ્યાં. એક મોટી ચિલ્ડ્રનકેર હૉસ્પિટલમાં ઍડમિટ થવાનું નક્કી કરવામાં આવ્યું. ડૉક્ટર્સ કેમોથેરપી ચાલુ કરવાની સલાહ આપી રહ્યા હતા.

પહેલીવાર કેમોથેરપી ચાલુ થઈ. એક પાતળી સોય ઈદના હાથમાં ઘુસાડીને કેમોનો ડોઝ આપવામાં આવ્યો. ઈદ ચૂપચાપ બધું જ દર્દ સહન કરી રહી હતી. ડૉક્ટર સોય લઈને તેનો હાથ પકડે એટલે આંખો બંધ કરીને બેસી જતી. બાજુમાં ઊભેલા ગોપાલનો હાથ પકડી લેતી.

કેમો પૂરો થયા પછી ડૉક્ટરે રેડીએશનની શક્ય આડઅસરો સમજાવી. મીરાં અને ગોપાલ ધ્યાનથી સાંભળી રહ્યાં. ડૉક્ટરનું કહેવું હતું કે તેને થાક લાગી શકે. કેમોનો

ડોઝ ભારે હોવાથી તેના પાવરને લીધે તેને પેટમાં બળી શકે, માથું દુઃખે અથવા ક્યારેક એ પૂતળાની જેમ પથારીમાં જ પડી રહે અને તાવ રહે એવું બને.

થેરપી પૂરી થયા પછી એ ત્રણેય 'નોર્થપોલ' આવ્યાં અને બીજી જ કલાકથી એ બધું જ થયું. ડૉક્ટર્સના કહેવા મુજબ ગોપાલે તેને સુવડાવી દીધી. તે રડી રહી હતી પરંતુ મીરાં તેની બાજુમાં બેસીને તેને વાર્તાઓ કહેવા લાગી હતી.

એ દિવસોમાં તેને શરદી રહેવા લાગી. એ ફરી ડૉક્ટર પાસે ગયાં. ડૉક્ટરે સલાહ આપી કે આ બધું જ કેમોથેરપીની સાઈડ ઈફેક્ટ્સ છે અને શક્ય હોય તો એ દરેક આડઅસરો વચ્ચે પણ બાળકને ઉત્સાહી અને ખુશ રાખવું, કારણ કે આ થેરપી ઘણો સમય ચાલશે.

કેમોથેરપીનો બીજો ડોઝ આપવામાં આવ્યો.

ઈદને ક્યારેક માથું દુઃખે, ક્યારેક હાથ-પગમાં અંદર પીડા થતી. ક્યારેક પેટમાં એટલી બળતરા થતી કે તે ગોપાલને પૂછતી : "ગોપુદી... પેલો રાક્ષસ મારા પેટમાં કશુંક બાળે છે..." ગોપાલ તેને ફ્રૂટજ્યૂસ આપતો. દર કલાકે પાણી આપ્યા કરતો. ઈદને લઈને નદીકિનારે બેસવા જતો રહેતો.

દિવસો વીતતા ગયા એમ ઈદનું શરીર કેમોથેરપીની અસરોમાં આવવા લાગ્યું. ઈદના ગાલ અને આંખો પર સોજો રહેવા લાગ્યો. તેની ચામડીમાં લાલ ચાઠાં પડવા લાગ્યાં.અચાનક તેનું વજન વધી રહ્યું હતું ! ગોપાલ તેને હૂંફાળા પાણીથી નવડાવતો ત્યારે તેના વાળને ખરતા જોઈ રહેતો હતો.

ડૉક્ટરે તેને તપાસ કરી. ખુશીની વાત હતી કે પેટમાં રહેલા રાક્ષસનું કદ કેમોથેરપીને લીધે ઓછું થયું હતું. શરીર પર થયેલી આડઅસરો હવે સામે દેખાઈ રહી હતી. ડૉક્ટરે ચામડી પર થતા લાલ ડાઘ માટે ક્રીમ આપ્યું. તેને કોટનનાં આછાં કપડાં જ પહેરાવવા કહ્યું. ખરતા વાળ ફરી ઊગી જશે અને ઈદ થોડા સમયમાં ઠીક થઈ જશે એવું કહ્યું.

એ દિવસ આ લડવૈયાઓ માટે ખૂબ ખુશીનો દિવસ હતો. એ ત્રણેય એટલાં ખુશ હતાં કે તે સાંજે ટૅક્સી કરીને એક થિયેટરમાં ગયા. ઈદને ગમે તેવી એનિમેશન ફિલ્મ જોઈ. ઈદ ખૂબ જ ખુશ થઈ. બીજે દિવસે આખો દિવસ એ અને ગોપાલ એમના ઘરે રૂમમાં સૂતાં સૂતાં એ ફિલ્મની વાતો જ કરતાં રહ્યાં. એમાં આવતી પરીઓની અને ડ્રેગનની વાતો કરતાં રહ્યાં.

હવે સારા રિપોર્ટને લીધે થોડી ચિંતા ઓછી થવાને લીધે મીરાં ફરી કામ પર જવા લાગી. ઈદ પાસે એકને રહેવું જરૂરી હતું. ગોપાલ, ઈદ અને આમોરી ઘરે રહેવા લાગ્યાં. મીરાં દિવસ-રાત તનતોડ મહેનત કરવા લાગી. આવનારા દિવસોમાં ઘણા રૂપિયાની જરૂર પડવાની હતી. મીરાંએ જે નવી ટેટૂશૉપ ચાલુ કરી હતી એ વેચી નાખી. એક દોસ્તના નામે જે બૅન્ક ઍકાઉન્ટ હતું તેમાં એ બધા જ રૂપિયા મૂકી દીધા. ફરી એ પોતાની જૂની જગ્યા પર જતી રહી જ્યાં એક નાનકડા વૃક્ષ નીચે બેસીને તે આવનારા લોકોને ટેટૂ

બનાવી આપતી. આ રીતે રસ્તાની સાઈડમાં બેસીને દિવસમાં તે વધુ કમાઈ શકતી હતી. લોકો તેને ઓળખતા હતા. સાંજ થવા આવે એટલે ઘણા યુવાનો ટેટૂ કરાવવા આવતા. રાત્રિના નવ વાગે પછી એ રેલવે સ્ટેશન નજીક જતી. પોતાના માથા પર કેસરી કપડું બાંધીને સિગારેટ પીતી સ્ટેશન બહાર ઊભી રહેતી. આવતા-જતા વિદેશી માણસોને ઊભા રાખીને પોતાની બનાવેલી ટેટૂ ડિઝાઈનનું આલ્બમ દેખાડતી. પોતાનું કાર્ડ આપીને તેમને આવવા કહેતી. મોડી રાત સુધી એ આ રીતે પોતાના કસ્ટમર શોધી લેતી. સ્ટેશન આસપાસની પોલીસ પણ તેની દોસ્ત બની ગઈ હતી.

રાત્રે બાર-એક વાગ્યે એ ઘરે પહોંચતી. ગોપાલ અને ઈદને સૂતેલાં જોઈને તેને શાંતિ થતી. ઈદ ગોપાલની છાતીમાં છુપાઈને સૂતી રહેતી. મીરાં આવે એટલે ગોપાલ ઊઠી જતો. તેને જમવાનું ગરમ કરી દેતો. બંને સાથે જમતાં. ઘણીવાર તે મીરાંને સમજાવતો કે હવે તે કામ ચાલુ કરશે, પણ મીરાં જાણતી હતી કે ગોપાલને શું કામ કરવું એ હજુ ખબર ન હતી. એ મીરાંના થાકને જોઈ શકતો ન હતો, પરંતુ મીરાં કહેતી કે એ ખૂબ જ ખુશ છે.

ઈદને ફરી એકવાર લોહીની ઊલટી થઈ.

થેરપીનો ત્રીજો અને ચોથો ડોઝ આપવામાં હતો. લોહીમાં પ્લેટલેટના કાઉન્ટ ઓછા થઈ ગયા હતા. તંદુરસ્ત લોહી ઓછું થયું હતું અને ઈદની રોગ સામે લડવાની તાકાત ઘટી હતી. નાકમાંથી સતત પાણી નીકળ્યા કરતું હતું. કફ રહેતો હતો. સાંજ નજીક શરીર ગરમ થઈ જતું અને ઠંડી આવતી હતી. ઈદના માથા પરથી અડધાથી પણ વધુ વાળ ખરી ગયા હતા. હૉસ્પિટલમાં બધા જ રિપોર્ટ ફરી કરવામાં આવ્યા. ડૉક્ટરે કહ્યું કે ગાંઠ નાની બની ગઈ છે અને ટ્રીટમેન્ટ કામ કરી રહી છે, પરંતુ ઈદના શરીર પર કેમોની આડઅસરો થઈ રહી છે જે રોકી શકાય છે પરંતુ ઈદનું શરીર તાવ-શરદીની દવાઓ લેશે તો એ થેરપીના પરિણામ પર અસર કરી શકે છે.

પછીના દિવસોમાં ઈદને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. ડૉક્ટર બે દિવસ માટે હૉસ્પિટલમાં આવી જવા સલાહ આપી. ઈદના નાક પાસે એક પ્લાસ્ટિકની નળી ફિટ કરવામાં આવી જ્યાંથી ઑક્સિજન સીધો જ લઈ શકાતો હતો.

જે રાત્રે ઈદને હૉસ્પિટલની એ રૂમમાં થોડા દિવસ ઑક્સિજનની પાતળા પાઈપ સાથે સુવડાવવામાં આવી એ રાત્રે ગોપાલ અને મીરાં હૉસ્પિટલની અગાશી પર ઊભાં હતાં. ઠંડી હવા ચાલી રહી હતી. અગાશી પરથી ચારે તરફ પીળી લાઈટ્સમાં ચમકતું સૂતેલું શહેર જોઈ રહ્યા હતા. આકાશમાં ઊંડે ઊંડે વીજળી થઈ રહી હતી. વીજળી ધરતીથી એટલી દૂર હતી કે જ્યારે પણ ચમકારો થાય ત્યારે વચ્ચે આવતાં વાદળાંઓ સફેદ રોશનીથી ચમકી ઊઠતાં હતાં.

“શું થશે મીરાં...” ગોપાલ મીરાંની બાજુમાં ઊભો રહીને આકાશ સામે જોતો પૂછી રહ્યો હતો.

“જે થવાનું હશે એ થશે...” મીરાં પાણી ભરેલી આંખે શહેર સામે જોતી કહી

રહી હતી.

"આવતીકાલથી બપોરે ઈદ સૂતી હોય ત્યારે અહીંયાથી નજીકના રેલવે સ્ટેશન પર કોઈ કામ શોધવા જવાનો છું."

"શું કામ કરીશ ?"

"ગમે તે. કદાચ મુસાફરોનો સામાન ઉપાડવામાં મદદ કરીશ."

"કેમ પણ ?"

"બસ... કોઈ કામ નાનું-મોટું હોતું નથી. તું કહેતીને..."

"હા પણ ગોપાલ... હું કમાઈ રહી છુંને. અત્યારે આપણી પાસે પૂરતા રૂપિયા છે."

"હા પણ..." ગોપાલ આગળ બોલ્યો નહીં. મીરાંએ તેનો હાથ પકડી લીધો. તે બોલી :

"ગોપલા... યાર..."

"હં..."

"ક્યાંથી ક્યાં આવી ગયાં આપણે..."

બંને થોડી ક્ષણ ચૂપ થઈ ગયાં.

"પણ હારતો નહીં હો..." મીરાં થોડીવાર પછી દબાતા અવાજે બોલી.

"નહીં હારું. પણ..." ગોપાલની આંખો ભીની થઈ ગઈ.

"ગોપાલ, ત્યાં દૂર પેલા વાદળોની પાર કોઈ ઈશ્વર હશે ?" મીરાંએ વાદળાંઓ તરફ જોઈને પૂછ્યું.

"કદાચ..." ગોપાલે ત્યાં જોઈને કહ્યું.

"કદાચ... કદાચ જો ત્યાં કોઈ ઈશ્વર હોય તો એને પણ આપણે દેખાડી દઈએ કે મીરાં-ઈદ અને એમનો ગોપાલ એની રમતોમાં હારી જવાના નથી. તું ટુકડો જીવન આપીશ તો પણ એને નિચોવીને ભરપૂર જીવી નાખીશું અને સો વરસ આપીશ તો પણ..."

ગોપાલ તેને સાંભળતો રહ્યો. કુદરત પણ.

"કદાચ એને ઈદને છીનવી લેવી છે પણ..."

"પણ ?" ગોપાલે પૂછ્યું.

"ઈદને લઈ જશે તો એને પણ સાલાને ખબર પડશે કે આપણી ઈદ કેવું મસ્ત જીવી છે. એને પસ્તાવો થશે કે મેં આટલી રંગીન જિંદગીને કેમ છીનવી લીધી."

"મીરાં..." ગોપાલની ગળું ભરાઈ ગયું. તે નહોતો ઈચ્છતો કે મીરાં આ રીતે ઈદની દૂર થવાની વાત કરે. કદાચ.

"ભાગ સાલા ઈશ્વરની જાત..." બોલીને મીરાં ગુસ્સામાં આકાશ તરફ થૂંકી. ગોપાલ તેને જોતો રહ્યો.

એ મોડી રાત સુધી બંને વાતો કરતાં રહ્યાં. ઠંડી હવામાં એ બંને યુવાન એમની લાઈફની નવી-જૂની વાતો કરતાં રહ્યાં.

"યાદ છે આપણે પેલી તરફ મેં ભાડે રાખેલી એક નાનકડી ઓરડીમાં રહેતાં હતાં ?"

"હા... યાદ છેને. મને તે રૂમની નાનકડી બારી ખૂબ ગમતી."

"કેવાં સપનાંઓ જોતાં આપણે હેંને ?"

"મને દુનિયા આખી ફરવાનું સપનું છે."

"મને પણ છે."

"તું તો નહીં ફરી શકવાનો."

"કેમ ?"

"કારણ કે તું બાયલો છે."

"એ ચિબાવલી... બંધ થા."

"ગોપ્સ..."

"બોલોને મેડમ..."

"ચલને ફરી પેલા દરિયા વચ્ચે હોડી લઈને જઈએ. ટાઈટેનિક વાળો પોઝ કરવો છે."

"પાગલ. અહીંયા ધાબા પર કર."

"બાયલો. કહું છુંને..."

"લે... સારું એમ રાખ."

પછી અજીબ શાંતિ છવાઈ જતી. વાદળાંઓ પાછળ થતી આછી વીજળીઓને એ જોયાં કરતાં.

"મને ઘણીવાર વિચાર આવે : માણસ બાવરો છે. ગમે તેટલી ખુશ રહેનારી મીરાં શું તેની આખી લાઈફમાં દરેક ક્ષણે ખુશ રહેતી હશે ? તે થાકતી નહીં હોય ? તેની ખુશીઓ ઓછી નહીં થતી હોય ? શું એ પોતાની એ ખુશીઓનો રેન્ક જાળવી શકતી હશે ? દુનિયા ફરવાનાં, હિમાલયની ટોચ પર ચડવાનાં, જંગલમાં રહેવાનાં અને પોતાની મસ્તીમાં દિવસો ગુજારવાનાં સપનાં જોનારી મીરાં ક્યારેય સંજોગોને લીધે ભાંગતી નહીં હોય ?" ગોપાલ કહી રહ્યો હતો. મીરાં હસી પડી.

"મીરાં ભાંગે ત્યારે સરખી એવી તૂટી જતી હશે..." તે બોલી.

"મને ઘણીવાર થાય છે કે હું કશુંક મેળવવા ભાગી રહ્યો છું. એ મળી જાય છે ત્યારે હું બદલાઈ ગયો હોઉં છું. મારે બીજું કશુંક જોઈએ છે. હું એકલો પડી ગયો હોઉં એવું લાગે છે"

"હા... તું સાચો છે. આ બધું ઘણીવાર સમજની બહાર હોય છે. માણસની અંદર ઊંડે ઊંડે એક નાગી એકલતા ભરાઈ પડેલી છે. દરેક એકલો બની જાય છે. જોને... પોતાને દીકરી હોય, મસ્ત એવો પરિવાર હોય અને ગમતું કામ હોય એવી આ પાગલ મીરાં એક સમય પર એ વિચારીને હારી જાય છે કે એની આખી લાઈફ પરિવારનું ભરણપોષણ કરવામાં જતી રહી અને એના વિશ્વ આખું ફરવાનાં સપનાંઓ ક્યારેય પૂરાં થયાં જ નહીં."

"જેની પાસે મીરાં છે એવો માણસ પણ એક દિવસ ક્યાંક ભાગી જવા માગે છે."

"એ તો આખા શહેર સાથે થઈ રહ્યું છે ગોપાલ. દરેક એકની એક જૉબ કરતા માણસને ક્યાંક ભાગી જવું છે. એસ્કેપ કરી લેવો છે. ક્યાં ? ખબર નથી. શા માટે ? ખબર નથી. શું આ જ સત્ય છે ? ખબર નથી. મારી પાસે ટેટૂ બનાવવા આવતા વીસ વર્ષના યુવાનને જ્યારે દુનિયા બદલવાની વાતો કરતો જોઉં છું ત્યારે થાય કે ઊભો રહે બેટા... હજુ તારી વાટ લાગી નથી. ભવિષ્યમાં ખિસ્સામાં એક પણ રૂપિયો નહીં હોય ત્યારે આ વિચાર નહીં આવે."

બંને ફરી ફરી હસી પડે છે. એકબીજાને ભેટી પડે છે.મીરાં ગોપાલના ખભા પર માથું મૂકીને બોલતી જાય છે :

"ગોપાલ, મને એક સત્ય ખબર છે કે માણસ પામર છે. પાંગળો છે. આ શહેર જ નહીં, આખી માનવજાત એવી છે. એ ભટકે છે. સવાલો પૂછે છે. જવાબો શોધે છે. મારી અને તારી જેવા પોતાની જીદથી જીવે છે અને પોતાના મનને અનુસરીને ચોઈસ કરે છે. બીજા કોઈ ગુરુઓ શોધે છે, પેલા ઈશ્વરને પગે લાગવા લાગે છે, યોગા કરવા લાગે છે અને ફિલૉસૉફીના જવાબો શોધે છે. એમની દરેક ફિલૉસૉફી એક જ જવાબ આપે છે."

"શું ?"

"ખુશી ! દરેકને છેલ્લો જવાબ મળે છે કે બસ...ખુશ રહો. અજીબ છે બધું. તમને નહીં સમજાય. ગમે તેટલા પ્રયત્નો કરો, ગમે તેટલું જ્ઞાન મેળવો અને ગમે તેટલા સફળ થાઓ પણ..."

"પણ ?"

"... પણ તમને આ બધું જ મળી ગયું હોય છતાં એકલતાની કોઈ ક્ષણ પર તમે કોઈ હૉસ્પિટલની અગાશી પર આખા શહેર સામે સરેઆમ ભાંગી પડો છો. હારી જાઓ છો."

"તો ?"

"તો ? તારે આપણા માટે અને આ બધા જ માણસો માટે તાળીઓ પાડવી જોઈએ, ગોપાલ. જોને... કાલે ઊઠીને એ દરેક ભાંગેલો માણસ પોતાની જાતને દુનિયાનો સૌથી ખુશ માણસ કહેવા લાગે છે. કશુંક એવું છે જે માણસોને એક સમયે ખૂબ ફરિયાદ કરાવે છે અને એક સમયે સુખી કરી દે છે. એક સમયે મીરાં અને ગોપાલ આખી દુનિયા ફરવાનાં સપનાંઓ જુએ છે. મોટાભાગના માણસોની જેમ એમનાં અમુક સપનાંઓ પૂરાં થતાં નથી. કેમ ? કારણ કે કદાચ એની પાસે પરિવાર છે અને તેની ખુશીઓ માટે એ બંને એ સપનાંઓને મારી નાખે છે."

"..."

"કશુંક છે જે માણસ સમજતો નથી. કશુંક આપણી ઓકાત બહારનું છે. આપણી ચોઈસ ત્યાં ચાલતી નથી. હું એને ભાગ્ય અને સંજોગો તો નહીં કહું, પણ આ બધી એવી આડીઅવળી ઘટનાઓ છે જે આપણી લાઈફ બનાવે છે. વો ભી સત્ય થા, યહ ભી સત્ય હે. વો ભી જૂઠ થા, યહ ભી જૂઠ હે. હું નહીં કહું કે હૃદયને અનુસરો. હું ખુદ નથી કરી

શકતી દરેક સમયે. કોઈવાર માણસને ખબર નથી પડતી કે મનને કેમ સાંભળવું. બસ, એટલું ખબર હોય છે કે અંદર કશુંક ખૂટે છે. કશુંક ભર્યું છે. સાચું-ખોટું ખબર જ નથી. શું થઈ રહ્યું છે ? નથી ખબર. આ સમયે મનને કેમ સાંભળવું ?"

"હા મીરાં... તું સાચી છે. કોઈવાર એકલો બેસીને લાઈફના રંગોને જોઉં છું અને ખુશી-દુઃખનાં ભેગાં આંસુ આવી જાય છે, બસ..."

"હા..." મીરાં બોલે છે. બંને એકબીજાની બાહોમાં જ છે. થોડાં રડી પડે છે અને પછી થોડાં હસી પડે છે.

"ચલ ગાંડી... મૂક આ બધું. નીચે ઈદ પાસે જઈએ. કોઈવાર આ રીતે આપણી અંદરની વાતો કોઈને કહી દેવી એ જ ઈલાજ હશે આ તારા સવાલોનો..." ગોપાલ કહે છે અને બંને ફરી હસી પડે છે. ગોપાલ મીરાંનો ચહેરો પોતાની હથેળીઓમાં પકડે છે. પોતાની આંગળીઓથી તેના આંસુ લૂછે છે. મીરાંના હોઠ પર હળવી કિસ કરે છે.

"ચલ, એક કામ કરીએ... આ ખુશીઓ પાછળ જ ભાગતા રહીશું તો ક્યારેય ખુશ નહીં રહીએ. લાઈફના મીનિંગને શોધતાં રહીશું તો ક્યારેય જીવી નહીં શકીએ. મારી પાસે એક રસ્તો છે."

"શું ?" મીરાંએ ગોપાલના ગાલ પરના સુકાયેલા પાણીને સ્પર્શીને પૂછ્યું.

"તને ખબર છે કે લાઈફ આપણી સામે ગમે તેટલા ખરાબ દિવસો મૂકી દેશે આપણે હારવાના નથી. આપણી અંદર એવું કશુંક મજબૂત છે જે દરેક ઘટનાઓ સામે હારી જાય છે છતાં પણ ઊભું થાય છે. ખરું ?"

"હા..."

"તો બસ... હવે જ્યારે આપણે ખુશ હોઈશું ત્યારે આપણે ખુશ થઈશું અને જ્યારે દુઃખી હોઈશું ત્યારે દુઃખી."

મીરાં હસી પડી.

"સાચે...ખુશ હોઈએ ત્યારે આપણે એ જોવું પડશે કે જો આ જ ખુશી છે ! તો ખુશ થાઓ ! દુઃખી હોઈશું ત્યારે જોવું પડશે કે આ પણ છે જ... તો તેનાથી ભાગવા કરતાં ભેટી પડીએને એને. દુઃખમાં દુઃખી થઈએને !"

"કેમ પણ ?" મીરાં ફરી હસતી પૂછી રહી હતી. મોટે મોટેથી હસી રહી હતી.

"કારણ કે બસ... આ સમયે આપણી પાસે આ સમય સિવાય કશું જ નથી મીરાં... જે છે તે આ છે. કરી લઈએ જે કરવું હોય તે. જન્મ્યા જ છીએ આ જગત અંદર તો મોઢું શું બગાડવું. બે દિવસ જ તો રહેવું છે. ખરાબ છે તો છે." ગોપાલે કહ્યું. બંને ચૂપ થઈ ગયાં. શહેર ચૂપ હતું.

"ચલ અહીંયા ડાન્સ કરીએ..." મીરાં બોલી.

એ બંને રાત્રે બે વાગ્યે હૉસ્પિટલની છત પર ખૂબ નાચ્યાં ! પોતાના હાથ ફેલાવીને હસતાં હસતાં એટલું નાચ્યાં કે જ્યારે શરીર થાકી ગયાં અને છાતીમાં શ્વાસ સમાતા ન હતા અને પગ વધુ નાચી શકતા ન હતા અને બંને નીચે પડી ગયાં... બસ... એ સમયે હાંફતી મીરાં બોલી :

"ખબર છે કેવું લાગી રહ્યું છે મને ગોપ્સ ?"

"કેવું ?"

"કે અંધારી રાત્રે હું એક દરિયાની વચ્ચે તરતી હોડી બની ગઈ છું. એ હોડીની અંદર પણ હું જ છું. એકલી. ગાંડી મીરાં... દીવાની મીરાં... સેક્સી મીરાં... રોકસ્ટાર મીરાં... આજુબાજુ ક્યાંય લાઈટ નથી. ક્યાંય જમીન નથી. ઉપર ચારે તરફ વાદળાંઓ ઘેરાયેલાં છે. અને હું... હું હોડી બનીને બસ દરિયાની ઉપર તરી રહી છું. અને..."

"અને ?"

"... અને હું જ દરિયો છું."

32

એ ત્રણેય જે રૂમમાં સૂતાં હતાં તેની બારી રોજે રાત્રે ખુલ્લી રહેતી. એ ઉનાળો હતો અને બારીમાંથી ઠંડો પવન આવતો હોવાથી સૂતા પહેલાં ગોપાલ રૂમની બંને બારી ખોલી દેતો. એ ખુલ્લી બારી પર રોજે સવારે ચાર વાગ્યે એક કબૂતર આવતું, બારી પર બેસતું અને બાપુજીની બાહોમાં સૂતેલી ઈદ સામે જોઈને ઘૂઘૂ બોલતું ગોળગોળ ફર્યા કરતું. ઈદ રોજે એ કબૂતર આવે એટલે જાગી જાય. પોતાની આંખો ચોળે, પછી બારી પાસે જાય. કબૂતર તેની રાહ જુએ. ઈદ તેની પાસે જાય એટલે એ ઊડી જાય. પછી ઈદ બારી બહાર આછા નીલા અંધારાને જુએ. ગોપુદી, મીરાં અને આમોરી સૂતાં છે તે તપાસી લે અને પછી ઘર બહાર નીકળે. એ નદીકિનારે જાય. કિનારાના ભીના ઘાસ પર બેસીને પાણીના પ્રવાહ ઉપર જન્મેલાં ઝાંકળનાં વાદળાંઓ જોયા કરે. એ સમયે નીલા આકાશમાં પૂરી આકાશગંગા દેખાતી હોય. એ બ્રહ્મને જુએ. ખરતા તારાઓને જુએ. સવારે પાંચ વાગ્યે વૃક્ષ પર બધાં જ પંખીઓ જાગે અને અવાજ કરે. ઈદ એ સમયે ફરી ઘર અંદર જઈને સૂઈ જાય !

કબૂતર તેનું દોસ્ત બની ગયું હતું. તે ક્યારેય ઈદને ઉઠાડવાનું ભૂલતું જ નહીં.

એક દિવસ રાત્રે વધુ પવન આવી રહ્યો હતો અને તે રૂમની કાચની બારી આપોઆપ બંધ થઈ ગઈ. બારીના પારદર્શક કાચને લીધે પેલા કબૂતરને બારી ખુલ્લી છે કે બંધ એ દેખાયું નહીં હોય, એ પોતાની ઝડપથી બારી તરફ આવ્યું અને મોટા અવાજ સાથે તે કાચ સાથે અથડાયું. કાચ સાથે અથડાતાં જ તે નીચે જમીન પર પડી ગયું. અવાજને લીધે ઈદ ઊઠી ગઈ. દોડીને બહાર ઘર પાછળ ગઈ. ત્યાં જોયું તો કબૂતરની ડોક બીજી દિશામાં ફરી ગઈ હતી. કાચ સાથે અથડાવાને લીધે તેની ડોક મરડાઈ ગઈ હતી અને તે સ્થિર પથ્થરની જેમ પડેલું હતું.

થોડીવાર પછી ગોપાલની ઊંઘ ઊડી. આમ તો તેને ખબર જ હતી કે ઈદ રોજે તેની બાજુમાંથી ઊઠીને બહાર નીકળતી, પરંતુ આજે ઈદના રડવાનો અવાજ તેણે સાંભળ્યો. તે દોડીને બહાર ગયો. બહાર નીલું અંધારું હતું. તાજો ઠંડો પવન વહી રહ્યો હતો.

તે ઘર પાછળ ગયો. ઈદ કબૂતર પાસે બેસીને રડી રહી હતી. ગોપાલે કબૂતર જોયું. ઈદની રડતી આંખો જોઈ. ગોપાલે તેની બાજુમાં જઈને તેને પોતાની બાહોમાં લઈ લીધી. એ વધુ ધ્રુસકા સાથે રડવા લાગી.

"બસ બેટા...ચૂપ થઈ જા..." તેણે પોતાની આંખો બંધ કરીને ઈદના માથે હાથ ફેરવતાં કહ્યું.

"તીતી કેમ બોલતું નથી ગોપુદી ?" ઈદે રડતાં રડતાં કહ્યું. તે દરેક પક્ષીને (બુકમાં પણ તો પક્ષી રાખો કે પંખી) તીતી કહેતી. ગોપાલ આ ચાર વર્ષના બાળકને મોત વિશે શું સમજાવે ?

"બેટા, એ બારી સાથે અથડાયું. હવે તે નહીં બોલી શકે."

"તેને શું થયું છે ?"
"એ મરી ગયું છે દીકું..."
"એટલે શું ?" ઈદનો એ સવાલ અધરો હતો. ગોપાલે લાંબો વિચાર કર્યો.
"એ હવે ધરતી પર નહીં રહી શકે."
"એ ક્યાં જાય ?"
"એ ચાલ્યું જાય દીકું. એ મરી ગયું છે."
"બધાં તીતી મરી જાય ?"
"હા, બધાં જ..."
"હું પણ ?"
તેનો કોઈ જવાબ ન હતો.
"તું પણ ગોપુદી ?"
"હા દીકું... બધા જ."
"બધાં ક્યાં જાય ?"

ગોપાલે તેને ઊંચકી લીધી અને નદીકિનારે લઈ ગયો. કિનારે ઊભેલાં વૃક્ષ પર બધાં જ પંખીઓ જાગી ગયાં હતાં. ગોપાલ કિનારા પાસે બેઠો અને ઈદને પોતાના ખોળામાં બેસાડી. પાણીમાં પોતાનો હાથ ભીનો કરીને ઈદના રડતા ચહેરા પર ફેરવ્યો. ઈદ હસી પડી. ગોપુદીના શર્ટ સાથે પોતાનો ચહેરો લૂછી લીધો અને પછી ફરી એ જ સવાલ કર્યો :

"ગોપુદી, મરી ગયા પછી તીતી ક્યાં જાય ?"

ગોપાલ હસ્યો. ઉપર દેખાતા અખિલ બ્રહ્માંડ તરફ જોયું. નીલા આકાશમાં દેખાતા તારાઓ તરફ જોયું અને એક લાંબો શ્વાસ લઈને કહ્યું : "એ તીતી મરી ગયું અને ત્યાં આકાશમાં તારો બની ગયું." તેણે પોતાની આંગળીથી આકાશ તરફ એક ચમકતો તારો બતાવ્યો. ઈદ એ તારાને કેટલીયે ક્ષણો સુધી જોતી રહી. એ ખુશ થઈ ગઈ. તીતી તારો બની ગયું હતું !

"કેટલાં બધાં તીતી છે આકાશમાં !" તે બોલી. હસીને ગોપાલને ગળે વળગી પડી.

સમય...

સાંજનો સમય હતો. સમયની સાંજ હતી.

સાંજનાં વાદળાંઓ ડૂબતા સૂરજના કેસરી પ્રકાશમાં રંગાઈ ચૂક્યાં હતાં. જમીન પર આછું લાલ અંધારું હતું. દૂર આકાશમાં ઊડતાં પંખીઓના પડછાયા જમીન પર પડી રહ્યા હતા. સમયની જેમ જ અવિરત વહેતી નદીનો ખળભળાટ સંભળાઈ રહ્યો હતો.

એ નદીના કિનારા પરના ઘાસ પર એ ત્રણેય સૂતાં હતાં.

બસ... કોઈ કારણ વિના સૂતાં હતાં. ચારે તરફના કેસરી વાદળોને આકાર બદલતા જોઈ રહ્યા હતા. વાદળોમાં ઊડતા પંખીઓને જોઈ રહ્યાં હતાં. નદીના એ ખળભળાટને સાંભળી રહ્યાં હતાં. આમોરી પાણી પાસે જઈને બેઠી હતી.

"મીરાં..." વચ્ચે સૂતેલી ઈદ બોલી. બાજુમાં સૂતેલી મીરાં આકાશ સામે જોઈને ઊંડા વિચારોમાં ખોવાયેલી હતી. બીજી તરફ ગોપાલ પણ આંખો બંધ કરીને કશુંક વિચારી રહ્યો હતો.

"બોલને ઈદ..." મીરાંએ કહ્યું. આ ત્રણ માણસો વચ્ચે સંબંધોને પણ નામ ન હતા. ગોપાલ જેને મીરાં કહેતો તેને ઈદ પણ મીરાં કહી કહી શકતી. 'મમ્મી કે પપ્પા' કહેવાનો પણ નિયમ ન હતો.

"મારે વાદળોમાં રંગ પૂરવો છે."

"કેમ બેટા ? સૂરજે તેને લાલ બનાવ્યા છેને..." ગોપાલે કહ્યું.

"લાલ વાદળ નથી સારાં..."

"કેમ ?" મીરાંએ પૂછ્યું.

"બસ..."

"કોઈ કારણ વિના સૂરજ તને વાદળને રંગ પૂરવાની પરમિશન નહીં આપે દીકું..." ગોપાલે હસીને કહ્યું.

"મારી ઊલટીનો રંગ લાલ હોય છે. મને નથી પસંદ..." એ બોલી.

સાંજ ઢળી રહી હતી. અંધકાર ધરતીના રંગો પર પથરાઈ રહ્યો હતો. કુદરતને પણ કદાચ એકસરખું જીવન પસંદ ન હતું.

"આ આખું બ્રહ્માંડ તારું છે બેટા... તારે જે રંગથી રંગવું હોય એ રંગથી રંગી દે." ગોપાલે આંખો ખોલીને આકાશ જોઈને કહ્યું.

"... પણ મારી પીંછી આટલી બધી મોટી નથી." ઈદ બોલી.

"કશુંક રંગવા માટે પીંછીની જરૂર નથી." મીરાંએ કહ્યું.

"તો ?"

"તું આંખો બંધ કરી દે અને વિચાર કે તારી સામે આખું આકાશ છે." ગોપાલે કહ્યું. ઈદે આંખો બંધ કરી.

"દેખાયું ?" તેણે પૂછ્યું.

"હા..."

"બસ... હવે ધીમેથી તારો હાથ એ વાદળો પાસે લઈ જા. તું પહોંચી જઈશ." ઈદે પોતાનો હાથ આકાશ તરફ ઊંચો કર્યો. બંધ આંખોની અંદર પેલું બ્રહ્માંડ તે સ્પર્શી શકે તેટલું નજીક હતું.

"હું વાદળોને સ્પર્શી શકું છું, ગોપુદી." તે ખુશ થતી બોલી અને બંધ આંખોમાં દેખાતાં એ વાદળોને હાથથી રોળવા લાગી.

"હવે તારે શું કરવું છે ?" મીરાંએ પૂછ્યું.

"હું અત્યારે લાલ વાદળને ભૂંસી રહી છું." ઈદની બંધ આંખોમાં ઉત્સાહ જોઈ શકાતો હતો.

"બસ... હવે તું હાથમાં એક પીંછી લે અને રંગો પૂરી દે." ગોપાલે કહ્યું.

ઈદે હાથમાં એક પીંછી લીધી. પેલા લાલ આકાશને સફેદ કરી નાખ્યું. હા... તેમાં ઊડતાં પંખીઓને તેમ જ રહેવા દીધાં. પોતાની પીંછીને તેણે ધરતી પર પડેલા

દરિયામાં ડુબાડી અને આકાશમાં વાદળી રંગનો દરિયો બનાવ્યો. પોતાના ઘરની આસપાસના લીલાછમ ઘાસમાં પીંછી ફેરવી અને દરિયા પર લીલા રંગના વૃક્ષો સર્જી દીધા. દરિયાની સપાટી પર આમોરીને દોરી. ડૉક્ટરનું સ્ટેથોસ્કોપ તરતું કરી દીધું. દરિયા પર નદી વહેતી કરી દીધી. ત્યાં પાણી પર પોતાનાં રંગબેરંગી ફ્રૉક તરતાં કરી દીધાં. ત્યાં પોતાની કાગળની હોડી તરતી કરી દીધી. ત્યાં પેલા તારા બની ગયેલા કબૂતરને જીવતું કરીને ઉડાડ્યું. દરિયાના પાણી પર તેણે ગોપાલે લાવી આપેલો પૃથ્વીનો ગોળો દોર્યો. એ ગોળા અંદર કેટલાયે દેશોના આકાર કર્યા અને તે દેશો ફરતે દરિયો બનાવ્યો ! એ ગોળા પર પોતાનું ઘર બતાવતું વાદળી ટપકું કર્યું.

"બસ..." તે બોલી. આંખો ખોલી. સાંજ સૂઈ ગઈ હતી. રાત જન્મી હતી. લાલ આકાશ કાળું થઈ ગયું હતું અને તારાઓ ચમકી રહ્યા હતા. ઈદના મનમાં હજુ પેલું રંગીન આકાશ સર્જાયેલું હતું. તેણે બાજુમાં સૂતેલા ગોપુદી અને મીરાં તરફ જોયું. એ બંને પણ આકાશને જોઈ રહ્યાં હતાં. ઈદે આંખો બંધ કરી અને પોતાનું બ્રહ્માંડ ભરેલું કૅનવાસ પોતાના મનમાં સાચવી લીધું. ફરી આંખો ખોલી અને તારાઓ ભર્યા આકાશને જોતી રહી.

"મને આ ચિત્ર પણ ખૂબ ગમે." તે પોતાની નાનકડી આંગળીથી કોઈ તારાને સ્પર્શતી બોલી.

"કેમ ?" મીરાંએ પૂછ્યું.

"બસ એમ જ. કેટલાં બધાં તીતી છે જો..." તે તારાઓ તરફ હસીને બોલી. થોડીવાર પછી ત્રણેય ઘરમાં જઈને રસોઈ બનાવવા લાગ્યાં.

બીજે દિવસ ઈદ જમી નહીં. તેને થોડા દિવસથી ભૂખ લાગતી ન હતી. ડૉક્ટરે પહેલા કહ્યા મુજબ કેમોથેરપીની સાઈડ ઈફેક્ટને લીધે ક્યારેક તેને કશું જ ભાવતું નહીં અને જે ખાય તે ઊલટી થઈ જતી હતી. આ સમયે તેણે સતત બે દિવસ સુધી ખાધું નહીં. તેને જ્યારે શ્વાસ લેવામાં ફરી તકલીફ પડવા લાગી ત્યારે એ ત્રણેય ઝડપથી ઍમ્બ્યુલન્સ બોલાવીને મુંબઈની હૉસ્પિટલ પર ગયાં.

બધા રિપોર્ટ્સ ફરી થયા.

સાંજે રિપોર્ટ્સ આવ્યા. ઈદને એક મોટા રૂમમાં ઍડમિટ કરવામાં આવી. ઑક્સિજનની પાઈપ ફરી નાક પાસે રાખવામાં આવી.

ઈદના પેટમાં જઠર પાસે એક નાનકડી ગાંઠ હતી. તે ગાંઠ ફૂટી હતી. તેની જઠર આસપાસની રગોમાં લોહીની ગાંઠ થઈ ગઈ હતી. લોહીનું ભ્રમણ અટકી ગયું હતું. શરીરનું બ્લડપ્રેશર ભયાનક રીતે ઓછું થઈ ગયું હતું. ડૉક્ટર્સ ઇમરજન્સી રૂમમાં 'બ્લડ ટ્રાન્સફ્યુઝન' પર ઑપરેશન કરવા જઈ રહ્યા હતા.

ઈદ કોમામાં હતી.

સર્જરી શરૂ થાય એ પહેલાં શરીર અંદર હૃદય નજીક રહેલી એક બીજી ગાંઠ ફૂટી રહી હતી. ડૉક્ટરે ઈદને ઑક્સિજનનું માસ્ક લગાવ્યું હતું. બેડની બાજુમાં રહેલા મશીન પર હૃદયના ધબકાર ઘટતા દેખાઈ રહ્યા હતા.

મુંબઈની એ નિર્જીવ રાત હતી. બહાર ઠંડી હવા સાથે ઝીણો વરસાદ પડી રહ્યો હતો. હૉસ્પિટલમાં દવાની ભારે વાસ આવી રહી હતી. ઈમરજન્સી રૂમની બહાર કાચમાંથી મીરાં અને ગોપાલ ઈદને જોઈ રહ્યાં હતાં.

એ શરીરની અંદર કૅન્સરની ગાંઠ ફૂટી રહી હતી. હૃદય પાસેની નળીઓમાં એ ખરાબ લોહી જામી રહ્યું હતું. હૃદયની નળીઓમાં લોહીનું ભ્રમણ ધીમું પડી રહ્યું હતું. ઈદનું પીળું પડી ગયેલું શરીર ઠંડું પડી રહ્યું હતું.

ધીમેથી એ નાનકડું હૃદય થાકીને ઊભું રહ્યું.

સાંજના સાત વાગ્યા હતા. છ વર્ષથી અવિરત જીવતું એ હૃદય ચૂપ થયું.એ સાંજના આકાશમાં તારો બની ગઈ.

ઈદ મરી ગઈ.

આંખો અને મોઢું ખોલવામાં આવ્યાં. ખુલ્લાં જ રહ્યાં. માબાપ માટે રૂમના દરવાજા ખોલવામાં આવ્યા. ડૉક્ટર આંસુભરી આંખે રૂમ બહાર નીકળ્યા.

હવે રૂમમાં માત્ર બે માણસ હતા. ગોપુદી, મીરાં અને...

...અને શરીર હતું માત્ર. હૉસ્પિટલના સફેદ કપડાંમાં વીંટાળેલું શરીર, જે ખુલ્લી આંખે છત સામે જોઈ રહ્યું હતું. વીજળીના કડાકા સાથે એક જીવ ધરતી છોડીને દૂર જતો રહ્યો. અંદર શરીરમાં રહેલો રાક્ષસ બહાર નીકળીને યમરાજ બનીને જતો રહ્યો.

બેડની એક તરફ ગોપાલ ઊભો હતો. એક તરફ મીરાં. બંને ફાટેલી આંખે ઈદને જોઈ રહ્યાં હતાં. બંનેનાં શરીર કોઈ સફેદ પૂતળાની જેમ સ્થિર થઈ ગયાં હતાં. આંખમાંથી એક આંસુ પણ નીકળી રહ્યું ન હતું. દિમાગ એક વિચારને પણ જન્મ આપી શકતું ન હતું.

ગોપાલ અને મીરાં બંને ઈદની બંને તરફ બેડ પાસે બેઠાં. બંનેની ફાટેલી આંખો ઈદના છત તરફ તાકી રહેલા ચહેરા પર જ હતી. ગોપાલે ધીમેથી ઈદની આંખો પર પોતાનો હાથ ફેરવ્યો. કોઈ વૃક્ષના ખરી ગયેલા પાંદડાના સ્પર્શ જેવો અહેસાસ થયો. પાંપણો બંધ થઈ. તેણે ઈદનો ઠંડો હાથ પકડ્યો. એ હાથ લઈને પોતાની કોરી આંખ પર સ્પર્શ કર્યો. કેટલીયે ક્ષણો સુધી એ આંખો બંધ કરીને એ ફૂલ જેવા હાથને પકડીને બેઠો રહ્યો. છેવટે ધીમેથી ઈદની જમણી બાજુ બેડ પર સૂઈ ગયો. બાજુમાં સૂઈને ઈદના ચહેરાને એ જોવા લાગ્યો. મીરાં પણ શરીરની ડાબી બાજુ સૂઈ ગઈ અને શરીરને પકડીને ઈદની છાતી પર પોતાનું માથું મૂકીને ક્ષણો સુધી ચૂપ રહી.

મોત ધીમેથી આવ્યું હતું. નાનકડા શરીરમાંથી પોતાની જાતને ખેંચીને જતું રહ્યું હતું.

રાત્રિના નવ વાગ્યા હતા. બહાર ઍમ્બ્યુલન્સ શરીરને લઈ જવા તૈયાર હતી. દૂર આકાશમાં એક નાનકડા ચમકતા તારાનો જન્મ થયો. આજે પહેલીવાર એ જનમ્યો.

હૉસ્પિટલના રૂમ બહાર જીવ્યા કરતી દુનિયા જીવી રહી હતી. ચાલી રહી હતી.

એ રૂમ અંદર એક નાનકડું ભોળું પંખી મરી ગયું હતું અને આકાશમાં તારો બની

ગયું હતું. બસ...

એ સમયે એ પંખીનાં માબાપની અંદર કશુંક મરી ગયું હતું. એક આંસુ પડતું ન હતું. એક વેદનાની ચીસ નીકળતી ન હતી. એ પડ્યાં હતાં શરીર પાસે. જાણે ત્રણ જીવ વિનાના શરીર એક બેંડ પર સૂઈ ગયાં હતાં. એક શરીર સંપૂર્ણ મોત પામ્યું હતું અને બીજાં બે શરીર અંદરની તરફ જ મોત પામ્યાં હતાં. બસ...

હૉસ્પિટલના સ્ટોરરૂમમાં પડેલાં ઈદનાં ચિત્રો અને મીરાંએ બનાવી આપેલું લાકડાનું કૅનવાસ કાઢવામાં આવ્યાં. શરીરને સફેદ કપડું ઓઢાડીને એક સ્ટ્રેચરમાં મૂકવામાં આવ્યું. આગળ શરીરને ઊંચકીને લઈ જવાઈ રહ્યું હતું. પાછળ ઈદનાં ચિત્રો અને કૅનવાસ લઈને મીરાં ચાલી રહી હતી. પાછળ ગોપાલ પોતાના હાથમાં એક નાનકડાં સ્કૂલશૂઝ લઈને ચાલી રહ્યો હતો.

છેલ્લે જ્યારે એ ત્રણેય આ હૉસ્પિટલ પર આવતાં હતાં ત્યારે ગોપાલે ખૂણામાં પડેલા ઈદનાં સ્કૂલશૂઝ લઈ લીધેલાં. આ એ જ શૂઝ હતાં જે તેણે પહેલીવાર સ્કૂલ જતી હતી ત્યારે પહેરવાનાં હતાં. એ ગોપાલના ખભા પર બેઠી હતી અને ગોપાલના હાથમાં એ શૂઝ હતાં.

તેની દીકરીએ આ સ્કૂલશૂઝ ક્યારેય પહેર્યાં નહોતાં. એ નવાં શૂઝની અંદર ઈદના નાનકડા પગને સમાવાનો સમય જ ન આવ્યો. હૉસ્પિટલ બહાર જતા સમયે ગોપાલ બિલ કાઉન્ટર પર ઊભો રહ્યો. છેલ્લાં વધેલાં બધાં જ બિલ ચૂકવી દીધાં.

એ હૉસ્પિટલ બહાર નીકળી રહ્યો હતો ત્યારે દરવાજા પાસે બેઠેલા વૉચમેન પાસે ઊભો રહ્યો. ઈદને સ્ટ્રેચરમાં જતી જોઈને એ વૃદ્ધ રડતો વૉચમેન ઈદનો દોસ્ત હતો. તેણે દરવાજા સામે રસ્તા પર મીરાંને ટેટૂના કામ કરતી જોઈ હતી. તેણે ગોપાલને પોતાની દીકરી સાથે દરવાજા પાસે ડાન્સ કરતો જોયો હતો. તેણે અવારનવાર હૉસ્પિટલ પર આવતી ઈદને બાજુમાં બેસાડીને વાર્તાઓ કહી હતી. તેણે આ ત્રણ માણસોના પરિવારને આ હૉસ્પિટલના પહેલાથી લઈને છેલ્લા દિવસ સુધી મોત સામે લડતા જોયો હતો.

પોતાની ટોપી કાઢીને એ ઍમ્બુલન્સ સામે જોઈને રડી રહ્યો હતો. ગોપાલ તેમની પાસે ગયો. એ દાદાજી ઊભા થઈને ગોપાલને ભેટી પડ્યા.

"દાદાજી... આપકે ઘરમેં ઈદ કી ઉમ્ર કી બચ્ચી હે ?" ગોપાલે પૂછ્યું.

તેમણે રડતા અવાજે 'હા' કહી. દાદાજીની પૌત્રી ઈદ જેવડી જ હતી. ગોપાલે પોતાના હાથમાં રહેલાં ઈદનાં સ્કૂલશૂઝ આપી દાદાજીને દીધાં. તે બોલ્યો :

"યે જૂતેં આપકી બચ્ચી કે લિયે. મેરી બેટીને કભી પહને નહીં થે..." એ બોલ્યો અને પછી એ રડી પડ્યો. દાદાજીને ભેટીને રડી પડ્યો.

રાત્રિના અગિયાર વાગ્યા. ઍમ્બ્યુલન્સમાં શરીર મૂકવામાં આવ્યું. અંદર શરીરની એક તરફ મીરાં બેઠી. એક તરફ ગોપાલ હતો. એક તરફ બધાં જ ચિત્રો પડ્યાં હતાં. શહેરથી દૂર ઍમ્બ્યુલન્સ એમના ઘર તરફ ભાગી રહી હતી.

એમ્બ્યુલન્સ રસ્તા પર ઊભી રહી. 'નોર્થપોલ'નું બોર્ડ દેખાયું. પાછળનું બારણું ખૂલ્યું. ગોપાલ અને મીરાં નીચે ઊતર્યાં. ડ્રાઇવર અને બીજી વ્યક્તિઓએ ગાડી અંદર જઈને સ્ટ્રેચર બહાર કાઢ્યું. બધા ઝાંખા અંધારામાં એ પાતળી પગદંડી પર ચાલતાં થયાં અને ઘર પર પહોંચ્યાં. બહાર પગથિયાં પાસે આમોરી બેઠી હતી. જાણે તેને બધી જ ખબર હતી. તે ઊભી થઈને સ્ટ્રેચર પાસે આવીને ચૂપચાપ ઉપર જોવા લાગી. મીરાંએ ઘરમાં જઈને બહારની લાઇટ કરી. ગોપાલે શરીરને નીચે મૂકીને બંને માણસોને જવા કહ્યું. તે બંને પૂછી રહ્યાં હતાં કે હવે અંતિમવિધિમાં તેઓ મદદ કરશે. પરંતુ ગોપાલે તેમને મોડું ન થાય એ માટે જતું રહેવા કહ્યું.

શરીરને નદીકિનારે વૃક્ષ નીચે મૂકવામાં આવ્યું. આમોરી શરીરના પગ પાસે બેસી ગઈ. મીરાં ઘરની અંદર અંધારામાં બેઠી હતી. ગોપાલ ઘરમાંથી માટી ખોદવાની કોદાળી લઈ આવ્યો. ઘરની પાછળ જ્યાં ઈદનું પ્રિય કબૂતર મરી ગયું હતું તે જગ્યા પર અંધારામાં તેણે ખાડો ખોદવાનું ચાલુ કર્યું. તેની આંખોમાંથી આંસુ ખર્યાં કરતાં હતાં અને માટીને ભીની કરી રહ્યાં હતાં. કોઈ વિચાર આવતો ન હતો. જાણે એકસાથે આખા પરિવારનાં શરીરોમાંથી જીવ નીકળી ગયા હતા.

રાત્રિના બે વાગ્યા હતા. ઠંડી હવા વહી રહી હતી. ગોપાલે ઈદનું શરીર સમાય એટલો ખાડો કર્યો હતો. તેણે મીરાંને સાદ કર્યો :

"મીરાં..." અંદરથી અવાજ આવ્યો નહીં. ગોપાલ ઘરમાં ગયો. મીરાં અંધારામાં બેડ પર સૂતી હતી. ગોપાલે તેને હાથ પકડીને ઊભી કરી.

"ચલ પાગલ... સમય થઈ ગયો છે."

મીરાં રડી રડીને સખત થાકેલી હતી. ગોપાલ તેનો હાથ પકડીને ઘર બહાર લાવ્યો. બંને શરીર પાસે ગયાં. આમોરી શરીરથી દૂર જતી રહી. ગોપાલે પોતાના બંને હાથોમાં ઈદને ઊંચકી લીધી. મીરાં સ્થિર નજરે ગોપાલને જોતી રહી. ઘરની પાછળ જ્યાં ખાડો કરેલો હતો ત્યાં જઈને ગોપાલ ઊભો રહ્યો. ખાડો જોઈને મીરાં ફરી રડી પડી. ગોપાલની આંખો કોરી હતી.

હજુ તો છ વર્ષ પહેલાં આ જ શરીરને એક હૉસ્પિટલની રૂમમાં જન્મ લેતા જોયું હતું. ઈદના જન્મ સાથે ગોપાલનો પણ જન્મ થયેલો. મીરાંનો પણ એ કદાચ નવો જન્મ હતો.

ઈદના મોત સાથે... એક ગોપાલ મરી ગયો... એક મીરાં મરી ગઈ.

ધીમેથી તેમણે ઈદને જમીનમાં મૂકી દીધી. આંખો બંધ કરીને ગોપાલે ઝડપથી માટી નાખવાનું શરૂ કર્યું. મીરાં દૂર જતી રહી. જેને જન્મ આપ્યો હતો તેને કબરમાં મૂકવી સહેલી ન હતી.

33

સમય બદલાઈ રહ્યો હતો.

સવાર, બપોર, સાંજ રોજની જેમ આવીને જતી રહેતી હતી.

જંગલની અંદર આ લાકડાંના ઘરમાં હવે માત્ર બે જણ પોતાની જિંદગી પસાર કરી રહ્યાં હતાં.

એ જીવતાં હતાં, પરંતુ જીવી રહ્યાં ન હતાં.

એ મરેલાં હતાં, પરંતુ મોત ન હતું.

ચારે તરફ ઈદની યાદો ભરી પડી હતી. મીરાં ક્યારેક પોતાના કામ પર જતી, પરંતુ થોડીવારમાં પાછી આવી જતી. પોતાની રૂમમાં પથારીમાં પડી પડી એ મહિનાઓથી બસ રડ્યા કરતી હતી. આમોરી પણ તેની બાજુમાં ચૂપચાપ બેઠી રહેતી હતી. ઘરની લાકડાની દીવાલો પર ચારે તરફ ઈદે દોરેલાં ચિત્રો હવે તેને ફરી ફરી જીવતી કરી રહ્યાં હતાં. ખૂણામાં ધૂળ ખાતું કેનવાસ કેટલું બધું બોલતું હતું. બહાર દોરી પર હજુયે સુકાતાં ઈદનાં કપડાંને સ્પર્શવાની તાકાત ન હતી. રૂમની પેલી ખુલ્લી બારીમાંથી આવતી હવા પેલા ખાલી ઘોડિયાને હીંચકાવીને જતી રહેતી. ચારે તરફ પડેલાં રમકડાંઓ નિર્જીવ બની ગયાં હતાં, છતાં કાતિલ અવાજ કરતાં હતાં. ઘરનાં પગથિયાં પાસે માટીનાં રમકડાંઓ સુકાયાં કરતાં હતાં અને હવે કોઈ સાંજના વરસાદમાં પોતાની જાતને ઓગાળી રહ્યાં હતાં. ઈદ માટે લાવેલાં કહાનીઓનાં પુસ્તકો પણ મૂંગાં થઈને બેસી ગયાં હતાં.

ગોપાલ રોજે સવારથી સાંજ સુધી બાલ્કનીમાં ખુરશી પર બેઠો રહેતો હતો. એ જ ખામોશી. રોજે. તેની આંખો સામે કુદરત જ માત્ર પરિવર્તન પામ્યા કરતી હતી. એ નદીના પાણીને તાક્યા કરતો અને તેની આંખોમાંથી નદીઓ વહ્યા કરતી. નદીકિનારે ઊભેલા એ વૃક્ષ નીચે બાંધેલો હીંચકો હવાના સહારે જીવ્યા કરતો. પંખીઓ આંગણામાં આવીને ચણની રાહ જોતાં પણ તેમના પેટને પોષનારના પેટમાં રાક્ષસ જીતી ગયો હતો અને બધું જ લેતો ગયો હતો. મીરાંએ ઘરની ચારે તરફ બનાવેલા બગીચાની અંદર બધું સુકાઈ ગયું હતું.

ગોપાલ કોઈ વહેલી સવારે પોતાની બાહોમાં જ્યારે ઈદને જોતો નહીં ત્યારે ઊભો થઈને એ નદીકિનારે ચાલવા લાગતો. ચાલીને એ દૂર દૂર પહોંચી જતો. ખભા પર થોડો ભાર લાગતો, પણ એ ભાર આપનારી ઈદ બેઠી ન હતી. એ દૂર દૂર એક ટેકરી પર જતો.

એક દિવસ એ એક ટેકરી પર આવ્યો જ્યાં મકાઈના છોડ ઊગી નીકળ્યા હતા. એ સવાર યાદ આવી જ્યારે તે ઈદને લઈને આ ટેકરી પર આવેલો અને ઈદ માટે મકાઈ વાવેલી. એ છોડવાઓ પાસે જઈને એ જોયા કર્યો.

દર વર્ષે એ છોડવાઓમાંથી નવા છોડ જન્મતા હતા. મોટા થતા હતા. બુઢ્ઢા થતા હતા. સુકાઈ જતા હતા. ફરી જન્મતા હતા.

ઈદ ફરી આવવાની ન હતી.

તે છોડવાઓને જોઈને બોલી ઊઠ્યો :

"મારું મગજ ખૂબ નાનું છે બેટા... એ બસ તારા વિચારોથી જ ભરાઈ ગયું છે. એ તને ભૂલી શકતું નથી બેટા... પાછી આવીજાને..."

એ મકાઈના છોડવાઓને સ્પર્શીને આંખો બંધ કરી ગયો. સાંજ સુધી ત્યાં જ બેઠો રહેતો.

સાંજના આકાશમાં ઈદનો જન્મ થતો. ત્યાં જ પેલા પંખીની બાજુમાં ઈદ ઊગી જતી આકાશમાં. તેને જોઈને જ જાણે ગોપાલને સાંજની રોટલી ગળે ઊતરતી હતી.

છ વર્ષની જિંદગીનો એક ટુકડો એમની પાસેથી જતો રહ્યો હતો. ઈદના જન્મથી લઈને મોત સુધીની યાદો મીરાં અને ગોપાલને બદલાવી ગઈ હતી. ઈદનો જન્મદિવસ આવ્યો હતો. ઈદ ન હતી. ગોપાલ આ જન્મદિવસ પર તેને શું મેઈલ કરે ?

તેણે એક નાનકડો કાગળનો ટુકડો લઈને લખી દીધું :

"ઈદ...

આ મીરાંને સમજાવને બેટા...

એને મેં ખૂબ સમજાવી પણ કશું બોલતી જ નથી મારી સાથે...

આખો દિવસ ચૂપચાપ રૂમમાં સૂતી રહે છે. અમે બંને કામ પર નથી જતાં.

શું લખું ?

ખબર નથી પડી રહી બેટા...

હેપી બર્થડે...

અને થેન્ક્યુ...

એમ ના પૂછતી કે કેમ તારો ગોપુદી તને થેન્ક્યુ કહે છે...

તારો જન્મ મેં જોયો છે. તે જીવેલી જિંદગીની સુંદરતાને મેં જોઈ છે. તારું મોત મેં જોયું છે. બસ... હું વર્ષોથી જે સવાલ માટે મારાં માબાપ, ઘર, સમાજ બધું જ છોડીને બાવો બનવા જંગલમાં જતો રહ્યો હતો અને ત્યાંથી ભાગીને આ શહેરમાં આવ્યો હતો એ સવાલનો જવાબ મને તારે લીધે મળી ગયો છે. મેં અસ્તિત્વના એક ટુકડાને સૌથી મારી આંખો સામે જન્મતા, જીવતા અને બંધ થતા જોયો છે. બસ... મને અહીંયા શું કરવું એ બધી જ ખબર પડી ગઈ છે બેટા... હું તારો એટલે આભાર માનું છું.

જોને... મીરાં ભાંગી ગઈ છે પરંતુ હું નથી ભાંગ્યો. જે જિંદગીથી હારેલો ગોપાલ મરવાની કોશિશ કરતો હતો એ જ ગોપાલ પોતાની દીકરીના મોત સમયે સૌથી સ્થિર છે. હારેલો ન હતો. જે મીરાં જિંદગીને જીતી ચૂકી હતી એ દીકરીના મોત સામે હારી ગઈ છે.

આ જીવન અજીબ છે દીકરી. માણસ પોતાના ગમે તેટલા નિયમો બનાવે પરંતુ જિંદગીના પોતાના પણ અમુક નિયમો હશે.

તારો ગોપુદી તૂટશે નહીં. જે માણસે આ ધરતી પર પોતાની જિંદગી ઊજવી છે

એના મોત પર શા માટે રડવાનું ? છતાં...ઈદ... હું મારા આંસુને રોકતો નથી. તેમનો પણ અધિકાર છે તારા માટે વહેવાનો.

તારો ગોપુદી...”

...પછી એ કાગળની હોડી બનાવીને તે નદીમાં મૂકી આવ્યો. એ હોડી દૂર દૂર વહેવા લાગી.

જેમજેમ દિવસો વીતતા ગયા તેમ એક ઘટના નજીક આવી રહી હતી. એ ઘટના ફરી બધું જ બદલી દેનારી હતી.

રાત્રિના દસ વાગ્યા હતા.

ગોપાલ બાલ્કનીમાં ખુરશી પર બેઠો હતો. કોઈ પુસ્તક વાંચી રહ્યો હતો. રોજે એ આ ખુરશી પર બેઠો રહેતો. દાઢી વધી ગઈ હતી. હૉસ્પિટલમાં ઈદને પોતાના માથામાં વાળ ન જોઈને એકલું ન લાગે એટલે એ સમયે ગોપાલે પોતાના માથાના વાળ કાઢી નાખ્યા હતા, પરંતુ હવે વાળ પણ મોટા થઈ ગયા હતા. અનિયમિત રીતે ખાવાને લીધે તેનું શરીર પણ ગળી ગયું હતું. ત્રીસ વર્ષની ઉંમરમાં એ જાણે બુઢ્ઢો થઈ ગયો હોય એવું લાગતું હતું.

બીજી તરફ મીરાં પણ સવારથી સાંજ સુધી ઘરમાં પડી રહેતી હતી. તેનું શરીર પણ એકદમ પાતળું થઈ ગયું હતું. આંખો અંદર જતી રહી હતી અને આંખો ફરતે કાળાં કુંડાળાં પડી ગયાં હતાં.

એ રાત.

રાત્રે દસ વાગ્યે ઘરમાંથી મીરાં બહાર આવી. પગથિયાં પાસે લટકતા પીળા લૅમ્પના પ્રકાશમાં એ ઊભી હતી.

તેના હાથમાં એક નાનકડી પેટી હતી. એ લોખંડની પેટી તેણે વર્ષોથી સાચવી રાખી હતી. પોતાનાં કપડાં અને ટેટૂ બનાવવા વપરાતો બધો સામાન એ તેમાંથી જ ભરતી.

ઘરમાંથી બહાર આવીને એ બાલ્કનીમાં ગોપાલ સામે ઊભી રહી. ગોપાલે પુસ્તકમાંથી ઊંચે જોયું. મીરાંને જોઈને તેની છાતીમાં ફાળ પડી. એના માથા પર બાંધેલું રંગીન કપડું, કાળું ટી-શર્ટ, નીલું પેન્ટ એ જોતો રહ્યો. તેણે પુસ્તક બંધ કર્યું. મીરાંને ઉપરથી નીચે સુધી જોઈ. એ કોઈ પૂતળાની જેમ ગોપાલની આંખોમાં જોતી ઊભી હતી.

ગોપાલ મીરાંના હાથમાં રહેલી બૅગ તરફ જોતો રહ્યો. મોટો શ્વાસ લીધો.

“...”

તેણે મીરાંની આંખોમાં જોયું.

“મીરાં...” ગોપાલ બોલ્યો અને એ સાથે જ તેની આંખોમાં આંસુ આવ્યાં. ગોપાલની આંખોના આંસુની રાહ જોતી મીરાંની આંખો પણ રડી પડી.

કેટલીયે ક્ષણો સુધી બંને ચૂપચાપ એકબીજાની સામે જોતાં રડવા લાગ્યાં.

"આટલી જલદી ?..." ગોપાલે પોતાના ગાલ પરના આંસુ લૂછીને કહ્યું. મીરાંએ પોતાનું માથું હલાવીને 'હા' કહી અને પછી હિબકે હિબકે રડવા લાગી. ગોપાલને ઊભા થઈને તેને ભેટી પડવાનું મન થયું પરંતુ એ ઊભો ન થયો.

પગમાં તાકાત ખૂટતી હતી.

"મારે જવું છે ગોપાલ..." તેણે રડતાં રડતાં કહ્યું. પોતાની બૅગ જમીન પર પડતી મૂકી દીધી. એ બંને હાથે પોતાના આંસુ લૂછવા લાગી.

"એકલા જવું છે ?" ગોપાલે પૂછ્યું.

"હા..." તે બોલી. તેણે ગોપાલની આંખોમાં જોયું.

"સમય થઈ ગયો છે ?" ગોપાલે ધ્રૂજતા અવાજે પૂછ્યું.

"..."

મીરાં ચૂપ રહી અને ફરી નીચે જોઈને પોતાની આંખો બંધ કરી ગઈ. ગોપાલ ચૂપ રહ્યો. એ પોતાની આંખો બંધ કરી ગયો.

"રોકાઈશ નહીં ?" તેણે રડતી આંખો ખોલીને મીરાંને પૂછ્યું. મીરાંએ માથું હલાવીને 'ના' પાડી. આ 'ના' કહેવી જાણે તેને માટે ખૂબ અઘરી હશે. તે ઊભી ના રહી શકી.

એ દોડીને ગોપાલ પાસે ગઈ અને તેને જોઈને ગોપાલ તરત જ ઊભો થયો અને બંને એકબીજાની બાહોમાં સમાઈ ગયાં. જાણે મહિનાઓથી વહેતી એ નદીઓ ભેગી થઈ ગઈ અને પોતાનો ખુદનો દરિયો સર્જાઈ ગયો. એમના હાથોમાં જેટલી તાકાત હતી એ તાકાતથી તેમણે એકબીજાને જકડી રાખ્યાં હતાં. કદાચ એ શરીરો અને એમની અંદર છુપાયેલા એ આત્માઓ સમજી ગયા હતા કે સાત વર્ષ સાથે રહ્યા પછી આ એમનું છેલ્લું મિલન છે.

"ગોપાલ... આઇ લવ યુ..." મીરાં તેની છાતી પર માથું મૂકીને આંખો બંધ કરીને બોલી અને એ શબ્દો સાંભળતાં જ ગોપાલની છાતીના વધી ગયેલા ધબકારાઓને મહેસૂસ કરી રહી. જાણે એમને એ શબ્દો જ સાંભળવા હતા. બસ...

"કેમ જવું છે ?" ગોપાલે મીરાંના માથા પર હાથ ફેરવીને બંધ આંખે પૂછ્યું. એ સવાલ સાંભળીને જ એમનાં શરીર વધુ જોરથી એકબીજાંને વળગી પડ્યાં.

"હું નથી રહી શકતી ગોપાલ... આ રીતે નથી રહી શકતી. હું દિવસે દિવસે પાગલ થઈ રહી છું. આ રીતે મારે નથી જીવવું. મારે જતું રહેવું છે અહીંયાથી દૂર..." તે બોલી. ગોપાલ ક્ષણો સુધી ચૂપ રહ્યો.

"કેમ પાગલ થાય છે તું ?" તે નાના બાળકને પૂછી રહ્યો હોય એમ મીરાંને પૂછી રહ્યો હતો.

"..." મીરાં કશું જ ના બોલી.

"હું તને નહીં રોકું મીરાં... પણ હું પણ દિવસે દિવસે પાગલ થઈ રહ્યો છું. શું કરું ?" તે બોલ્યો. મીરાં ગોપાલની છાતી પર પોતાનું કપાળ મૂકીને નીચે જોઈને ચૂપ રહી.

"ઈદની યાદો મને કોરી ખાઈ રહી છે, ગોપાલ."

"મને પણ..." ગોપાલે કહ્યું.

એ બંને નીચે લાકડાની ફર્શ પર દીવાલને સહારે બેઠાં.ઈદના ગયા પછી પહેલીવાર તેઓ એકબીજાંની બાહોમાં બેઠાં હતાં. પહેલીવાર એકબીજાંના મનની વાતો કરી રહ્યાં હતાં.

"મારે તેને મોટી થતા જોવી હતી ગોપાલ. મારે તેની સાથે એક મા તરીકે ઝઘડાઓ કરવા હતા. તેની વધુ પડતી કાળજી લેવી હતી. મારે તે મોટી થાય પછી દરેક માબાપની જેમ તેના વર્તન બાબતે ખિજાવું હતું. મારે તેને એ પણ કહેવું હતું કે આ ધરતી પર પેદા થનારી દરેક સ્ત્રી અલગ હોય છે. તેમનાં પોતાનાં સત્ય હોય છે. મારે તેની સાથે રહેવું હતું. તેના પર ગુસ્સે થવું હતું. તેને પ્રેમ કરવો હતો. મોટી થઈને એ જ્યારે મને બોલાવે નહીં ત્યારે મારે તેનું બાળપણ યાદ કરીને રડવું હતું. મારે તેને ભૂલો કરતા જોવી હતી. હું ઈચ્છતી હતી કે..." મીરાં કહેતી હતી. ગોપાલ કલાકો સુધી તેને સાંભળતો હતો.

"ડૉક્ટરે કહ્યું હતું કે ઈદને કૅન્સર થવાનું કારણ મારી સિગારેટ પીવાની આદત પણ હોઈ શકે. બસ... એ વાત મને કોરી ખાઈ રહી હતી કે મારી કુટેવને લીધે મારી દીકરીને આવું થયું હશે." તે બોલી. ગોપાલે તેને માથે હાથ રાખીને ચુપ કરી દીધી.

મોડી રાત થઈ ચૂકી હતી.

"મારે તને કશુંક કહેવું છે, મીરાં."

"બોલ..."

"મીરાં, હું જ્યારે તને પહેલીવાર મળ્યો ત્યારે જ તારા પ્રેમમાં પડી ચૂક્યો હતો. તું મેં મારી લાઈફમાં જોયેલી સૌથી મહાન છોકરી છે. તારા જેવું મેં પહેલાં ક્યારેય કોઈ જોયું ન હતું કે હવે ક્યારેય જોઈશ નહીં. તેં મને જ્યારે પોલીસના મારથી બચાવ્યો ત્યારે મેં કલ્પના પણ નહોતી કરી કે તું પણ મને પ્રેમ કરવા લાગીશ. એ સમયે વિચાર પણ ન હતો કે આપણી સફર, આપણી કહાની આટલી અદ્‌ભુત ક્ષણોને જોશે. તારી સાથે વિતાવેલી એકપણ ક્ષણનો મને પસ્તાવો નથી. આપણે આપણી જીદથી જીવ્યાં છીએ. જે આપણા મનમાં આવ્યા એવા દરેક અનુભવો કર્યા છે. તારી સાથે હું મારાં સપનાંઓને જીવ્યો છું, મીરાં. તું કહેતી હતી એમ આપણે એકબીજાંને છાતી ફાડીને પ્રેમ કર્યો છે. અને પાગલ... અત્યારે તું મારા આખા અસ્તિત્વનો ભાગ બની ગઈ છે. તેં મને સંપૂર્ણ બનાવી દીધો છે, અને એટલે જ તને હું જવા માટે ના નહીં કહું. મને લાગે છે કે તારે જવું જોઈએ. જો તું મારું સર્વસ્વ હોય તો પછી તને રોકનાર હું કોણ ? મારે તો બસ તને ખુશ જોવી છે. ભલે પછી એ ખુશીની અંદર હું ના હોઉં."

"તું એકલો શું કરીશ ?" મીરાંએ ગોપાલની ભીની છાતીને પોતાના હાથથી સ્પર્શીને કહ્યું.

"તારે લીધે મેં મારી જાતને ઓળખી છે, મીરાં. હું હવે મારા માટે જીવી લઈશ." ગોપાલે આકાશ તરફ...ઈદ તરફ જોઈને કહ્યું.

"તો શું થયું ગોપાલ ? આ જંગલમાં ભટકતું કૂતરું પણ પોતાના માટે જીવી નાખે છે." મીરાંએ કહ્યું.

"તો ? તું શું કરીશ ?" ગોપાલે હસીને કહ્યું.

"મારે હવે બસ મારા માટે જીવવું બંધ કરી દેવું છે. ઈદના ગયા પછી દિવસો સુધી મારું મન કહેતું રહ્યું છે કે હું ખોટા ભ્રમમાં હતી. એક માણસ તરીકે 'ખુશ રહેવું જોઈએ' એ જ મારો ભ્રમ છે. શા માટે ખુશ રહું ? કેમ મારા દરેક સવાલનો જવાબ ખુશી પર આવીને અટકી પડે છે ?"

ગોપાલ તેની વાત સાંભળીને પોતાની આંખો મીંચી ગયો.

"ગોપાલ, મારે કૅન્સરથી પીડાતાં બાળકોને મદદ કરવી છે. મારે પેલા રસ્તા પર સૂતા નગ્ન ગરીબ માણસોને ભણાવવા છે. હવે મીરાંને મીરાંની જરૂર નથી લાગતી. આ જગતને મીરાંની જરૂર છે. ખબર નથી કે હું સાચી દિશામાં જઈ રહી છું કે તને છોડીને ખોટો નિર્ણય લઈ રહી છું, પણ મને સાચા-ખોટાની પડી નથી. મારે બસ થોડો સમય મીરાંના વિશ્વને છોડી દેવું છે. મારી ખુશી, મારાં દુઃખ, મારી લાઈફ, મારી ફરિયાદો ક્યાં સુધી ? મારે બસ મારાથી દૂર રહેવું છે, કારણ કે ઈદને એક પળમાં જતી જોઈને મને થાય છે કે અહીંયા બધું જ આટલું ક્ષણિક છે તો પછી આ ફરિયાદો શા માટે ? ખુશીઓની આવી તડપ શા માટે ? ખુશ કે દુઃખી થવા મારે કારણો નથી જોઈતાં, મારે ઘટનાઓ નથી જોઈતી. જે આવશે તેને દૂર ઊભી રહીને સ્વીકારી લઈશ."

ગોપાલે આ મીરાંને ક્યારેય જોઈ ન હતી. તેના શબ્દો જાણે ગોપાલની પોતાની ગમતા કામની ખોજ, પોતાની ખુશીઓની શોધને ફોગટ બનાવી રહ્યા હતા. તે સાચી લાગતી હતી અને ખોટી પણ. તે કશુંક પામી ચૂકી હોય તેવો ભાસ થતો હતો અને પાગલ બની ચૂકી હોય એવો આભાસ થતો હતો.

ગોપાલ પાસે શબ્દો ન હતા. એ બસ તેને પોતાની બાહોમાં જકડીને વર્ષો સુધી સ્થિર બેસનારું પૂતળું બની જવા માગતો હતો.

"તો હવે ?" ગોપાલે પૂછ્યું. મીરાં પાસે તેનો જવાબ ન હતો. તેની બૅગ ભરાઈ ચૂકી હતી.

"તો અહીંથી નીકળી જવું એ ઉપાય છે, મીરાં ?" ગોપાલે પૂછ્યું.

"ઉપાય નથી. હું ભાગી નથી રહી ગોપાલ. આમેય થોડા સમયમાં ઈદની યાદો ભુલાઈ જવા લાગશે. હવે મારે નવા સવાલો શોધવા છે."

ગોપાલ તેને સમજી શક્યો નહીં. એ સમજાતી ન હતી. એ રહસ્ય લાગતી હતી. જિવાતી જિંદગી જેવું રહસ્ય અને એટલે જ ગોપાલ તેને પ્રેમ કરતો હતો.

એ બંનેએ છેલ્લી કિસ કરી. એ હોઠ જાણે ફરી ક્યારેય ભેગા થવાના ન હોય એમ એકબીજાંને વળગી પડ્યાં.

વાતો વાતોમાં સવારના પાંચ વાગી ચૂક્યા હતા. ગોપાલ અને મીરાં ઊભાં થયાં. ચોમાસું પૂરું થવા આવ્યું હતું. આકાશમાં ચારે તરફ વાદળાંઓ રેલાયાં હતાં. વાદળાંઓને લીધે ચારે બાજુ નીલા રંગનું અંધારું હતું. ઠંડી હતી. મીરાંએ કશું ઓઢ્યું ન

હતું. ગોપાલ રૂમમાં ગયો અને મીરાંની પ્રિય શાલ લાવ્યો. મીરાં પગથિયાં પાસે ઊભી હતી. તેને શાલ ઓઢાડી અને ફરી ભેટી પડ્યો. બંને કેટલીયે ક્ષણો સુધી એકબીજાની ભીની આંખોમાં જોતાં રહ્યાં.

એ એમની અત્યાર સુધીની સૌથી લાંબી વાત હતી જે શબ્દો વિના જ થઈ ગઈ.

મીરાંએ હાથમાં બૅગ લીધી અને પગથિયાં ઊતરીને ઘર સામે થોડે દૂર સુધી ચાલી. ગોપાલ પગથિયાં પર ઊભો ઊભો તેને જોતો રહ્યો. કોઈ વિચાર આવતો ન હતો.

મીરાં ઘરની સામે ઊભી રહીને ઘરને જોતી રહી. આ એમનું સપનાનું ઘર હતું. દૂર મૂકેલા 'નોર્થપોલ' લખેલા પેલા ઝાંખા બોર્ડને જોઈ રહી. પછી લાંબો શ્વાસ લઈને નદી, આકાશ, કુદરત બધાંની સામે જોઈને એ ઘરથી દૂર હાઈવે તરફ જવાના રસ્તે ચાલવા લાગી. ચારે તરફ સન્નાટો હતો. પંખીડાંઓ સવારનો કિલ્લોલ કરતા ન હતાં. ગોપાલ પગથિયાં ઊતરીને પોતાની આંખોથી દૂર જતી મીરાંને જોઈ રહ્યો. મીરાં બુલેટ પાસે ગઈ અને તેને દૂરથી જોતી રહી અને પછી આગળ નીકળી ગઈ.

જે માણસને આટલાં વર્ષ સુધી ચાહેલું હતું એ માણસ જઈ રહ્યું હતું. હમણાં જ છાતીમાંથી જીવ નીકળી જશે એવી વેદના ગોપાલની અંદર થઈ રહી હતી. મીરાં પાછું ફરીને જોઈ રહી ન હતી.

પણ... એ બંને જ આ ઘરમાં જીવ્યાં ન હતાં.

'મ્યાઉં' કહીને મીરાંને સાદ કરતો એક રડતો જીવ ઘર બહાર દોડીને આવી રહ્યો હતો. આમોરી...

તે મીરાંને ઘર છોડીને જતી જોઈ ગઈ હશે. એ ઘરમાંથી વીજળીવેગે બહાર આવી અને મીરાં પાછળ દોડી. મીરાંના કાનમાં આમોરીનો અવાજ પડ્યો. તેણે પાછું જોયા વિના જ પોતાની બૅગ નીચે મૂકી દીધી. તે જેવી પાછી ફરી ત્યાં જ આમોરી દોડતી આવીને કૂદકો લગાવીને મીરાંની બાહોમાં સમાઈ ગઈ. મીરાંના ખભા પર આમોરીએ પોતાનું માથું મૂકી દીધું અને મીરાંના ગળાને ચાટવા લાગી. મીરાં હસી પડી. રડી પડી.

ગોપાલ તેમની નજીક ગયો.

આમોરીએ તો કોઈ શરતો વિના આ પરિવારને પ્રેમ કર્યો હતો. દિવસો સુધી ઘરની રખેવાળી કરી હતી. જ્યારે ઈદ હૉસ્પિટલમાં હતી અને ઘરે કોઈ ન હતું ત્યારે જંગલમાં ગમે તે ખાઈને એ ઘરે આવી જતી. જ્યારે ઈદ ઘરે આવે ત્યારે તેને માટે એ રમકડું બની જતી. હવે જ્યારે ઈદ નથી, મીરાં જઈ રહી છે, ગોપાલની આવતીકાલનું કશું જ નક્કી નથી ત્યારે એ ક્યાં જાય ? પણ તેણે આ એકપણ સવાલ કર્યો ન હતો. તેણે માત્ર પ્રેમ કર્યો હતો. કોઈ સવાલ કે શરતો વિનાનો પ્રેમ.

"મારી સાથે તું ખૂબ હેરાન થઈશ આમોરી..." મીરાંએ તેને ગળે લગાવીને તેની ડોક પર હાથ ફેરવીને કહ્યું. જવાબમાં બસ તે મીરાંની ડોકને છોડી રહી ન હતી.

"તું હવે જતી રહે. જંગલમાં જઈને આ ગોપલા જેવા કોઈ મસ્ત બિલાડા સાથે પ્રેમ કર અને નાનાં નાનાં બચ્ચાંઓ કર." મીરાં હસીને બોલી. ગોપાલ પણ હસી પડ્યો.

આમોરી કશું જ બોલતી ન હતી.

મીરાંએ આમોરીને નીચે મૂકી. જેમ માની કાખમાંથી બાળક નીચે ઊતરવાની ના પાડે એમ આમોરી પણ મીરાંથી દૂર ન જવા તેને પકડી રહી હતી. મીરાંએ તેને નીચે મૂકી તો તે તેના પગ ચાટવા લાગી.

ગોપાલ તેમની વધુ નજીક ગયો. મીરાં નીચે બેસીને આમોરીના ગળા પર હાથ ફેરવવા લાગી. ગોપાલ ઇચ્છતો હતો કે મીરાં આમોરીને તેની સાથે લઈ જાય.

"મીરાં, તું વિચાર તો કર... એ આટલાં વર્ષ તારી સાથે રહી છે. હવે તું એને છોડી દઈશ તો શું થશે તેનું ?"

ગોપાલનો સવાલ સાંભળીને મીરાં ઊભી થઈ. ગોપાલ તરફ તે મુસ્કુરાઈ. ગોપાલની આંખોમાં તેણે જોયું. પછી બોલી :

"ગોપાલ, હવે તું વિચાર... આપણી દીકરી આપણને છોડીને જતી રહી અને આપણને આટલું બધું થયું. આપણાં જીવન બદલાઈ ગયાં. તો અહીંથી દૂર સાત વર્ષ પહેલાં તારાં માબાપને પોતાનો દીકરો છોડીને જતો રહ્યો હશે ત્યારે એમનું પછીથી શું થયું હશે ?"

એ વાક્ય...

એ વાક્ય જાણે ગોપાલના હોવાને અસ્તવ્યસ્ત કરતું ગયું. મીરાં ફરી બોલી :

"આપણી ઈદ તો મરી ગઈ છે. ક્યારેય પાછી આવવાની નથી. જેમને પોતાનો દીકરો પાછા આવવાની હજુ પણ આશા છે એમના પર શું થતું હશે ?"

બસ... એ એટલું બોલીને પોતાની બૅગ લઈને ચાલવા લાગી. આમોરી તેની પાછળ પાછળ ચાલવા લાગી.

એ સાંકડી પગદંડી પર મીરાં નીકળી ગઈ. ગોપાલ તેને અલવિદા કરવા પાછળ પાછળ ચાલી રહ્યો હતો.

હાઈવે આવ્યો. આમોરી આગળ ચાલી રહી હતી. એ બંને હાઈવે પર પહોંચ્યાં. સવારના છ વાગ્યા હતા. આમોરી મુંબઈ તરફના રસ્તા તરફ ચાલવા લાગી. મીરાં તેની પાછળ પોતાની બૅગ લઈને ચાલી રહી હતી. ગોપાલ રસ્તાના કિનારે જ્યાં બીજું 'North Pole' લખેલું પાટિયું હતું તેને પકડીને એમને જતાં જોઈ રહ્યો હતો.

સવારનું ઝાંખું નીલું અંધારું હતું. રસ્તા પર જતા મોટા વાહનોની લાઇટ્સ હજુ ચાલુ હતી. નીલા આકાશમાં પંખીડાંઓ ઊડવા લાગ્યાં હતાં. પંખીઓનાં ટોળાં આકાશમાં અવનવા આકાર બનાવી રહ્યાં હતાં. તારલાઓ આથમી રહ્યા હતા. ઈદ ત્યાં જ હતી. દૂર ક્ષિતિજ પર સૂરજ હજુ સૂતો હતો. રસ્તા પર ખૂબ ઓછાં વાહનો પસાર થઈ રહ્યાં હતાં.

રસ્તાને કિનારે ચાલતી મીરાં છેલ્લીવાર પાછું ફરીને ગોપાલ સામે જોઈ રહી. એ દૂર હતી અને ગોપાલ હજુ તેની આંખોને જોઈ શકતો હતો. મીરાંએ ઊંચો હાથ કરીને ગોપાલને અલવિદા કર્યું. ગોપાલે પણ ઊંચો હાથ કરીને અલવિદા કર્યું.

દૂરથી એક ટ્રક આવી રહી હતી. તેના ડ્રાઇવરને સવારના અંધકારમાં રસ્તાની એક તરફ ચાલતી મીરાં દેખાઈ નહીં.

ગોપાલ જોઈ રહ્યો હતો.

ટ્રક મીરાંની નજીક પહોંચ્યો અને બીજી જ ક્ષણે મીરાં ટ્રકના ટાયર નીચે આવી ચૂકી હતી.

હાડકાંઓ તૂટવાના મોટા અવાજ સાથે ટ્રક એ શરીર પરથી પસાર થઈ ગઈ અને દૂર નીકળી ગઈ. પાછળ રસ્તા પર છૂંદાઈ ગયેલું શરીર મૂકીને...

ગોપાલની આંખો એ લાલ રંગના ડાઘ પર જ હતી. બૅગ દૂર વાડમાં ફેંકાઈ ગયેલી હતી. આમોરી વાડમાં નાનકડા બાવળ નીચે છુપાઈને ધ્રૂજી રહી હતી. મીરાંના લાલ શરીર સામે ફાટી આંખે જોઈ રહી હતી.

હજુ પણ સવારનું ઝાંખું અંધારું હતું. પંખીડાંઓ આકાશમાં ઊડતાં હતાં. તારલાઓ આથમી રહ્યા હતા. દૂર ક્ષિતિજ પર સૂરજ હજુ સૂતો જ હતો. રસ્તા પર ખૂબ ઓછાં વાહનો પસાર થઈ રહ્યાં હતાં. પેલી ટ્રક ભાગી ગઈ હતી.

ગોપાલ મીરાં પડી હતી તે તરફ ચાલવા લાગ્યો. કોઈ વિચાર ન હતો. તેને માટે આ સ્વપ્ન હતું. હજુ પગમાં ચાલવાની તાકાત હતી.

તે મીરાં પાસે પહોંચ્યો. ઠંડી હવા વહી રહી હતી. તેની આંખો મીરાંને જોઈ રહી.

એ કાળા ડામર પર છાતીથી નીચેના ભાગ પર ચગદાઈ ગયેલું શરીર સૂતું હતું. બંને હાથ કોઈ પંખીની પાંખોની જેમ ફેલાયેલા હતા. આંખો... એ આંખો... પહોળી થઈને નીલા આકાશને પોતાનામાં સમાવી રહી હતી.

અહોહો...

એના મોતમાં પણ ખુમારી હતી. શરીરમાં જીવ ન હતો પરંતુ મોતમાં જીવન હતું. એના મરવામાં એક બિનદાસ્ત ફકીરી હતી.

ગોપાલ તેની પાસે બેઠો. મીરાંના લોહી ચોંટેલા કપાળ પર કિસ કરી. ગરમ લોહીનો સ્પર્શ તેને કહી રહ્યો હતો કે આ બન્યું હતું. આ સ્વપ્ન ન હતું. મીરાં હવે ન હતી.

મીરાંના છાતી નીચેના ચગદાઈ ગયેલા ભાગ પર તેણે પોતાનો હાથ ફેરવ્યો. ગરમ લોહીના સ્પર્શ પછી હાથ ધીમેધીમે ધ્રૂજવા લાગ્યો હતો. ગોપાલના અસ્તિત્વને ભાન આવી રહ્યું હતું કે તેનું અસ્તિત્વ મરી ચૂક્યું હતું.

જ્યારે એ પોતાના ભીના લાલ હાથને જોઈ રહ્યો. આંખો બંધ કરી દીધી.

જ્યારે એ આંખો ખૂલી ત્યારે તેણે મીરાંએ વર્ષો પહેલાં બનાવી આપેલા એ કોણી પાછળના ટેટૂને જોયું. એ નાનકડા શબ્દોને એ વાંચી રહ્યો :

It's Okay

એ હસી પડ્યો. હા... એ હસી પડ્યો. વર્ષો પહેલાં એ જ્યારે ગોપાલને મળી ત્યારે આ ટેટૂ બનાવી દીધું હતું. કહેતી કે તેને આખી લાઈફમાં માત્ર બેવાર આ શબ્દોને વાંચવાના છે. આજે બીજીવાર એ શબ્દો બોલી રહ્યા હતા. ઈટ્સ ઓકે. જે થયું એ થઈ

ગયું. ઈટ્સ ઓકે. એક માણસનું મોત થયું છે, પણ ઈટ્સ ઓકે. મીરાં જેવા માણસો પણ આંખના પલકારામાં આ જગત મૂકી દે છે. ઈટ્સ ઓકે.

એ ખૂબ આંધળી ક્ષણ હતી. એ દુઃખની, આઘાતની, પીડાની ચરમસીમા હતી અને આ માણસ હસી રહ્યો હતો લાશ જોઈને. ગોપાલ મીરાંના ચહેરા સામે મુસ્કુરાઈ રહ્યો હતો.

ગોપાલે મીરાંના ખભા પાસે પડેલી શાલ લીધી. શરીરને ઊંચકીને શાલમાં મૂક્યું અને પોતાના હાથમાં ઉઠાવી લીધું. પોતાની છાતીએ વળગાડીને એ મીરાંની પીઠ પર હાથ ફેરવવા લાગ્યો.

"ઈટ્સ ઓકે..." એ મીરાંના કાનમાં બોલ્યો. ઠંડી હવા વહી રહી હતી. મીરાંની આંખો જાતે જ બંધ થઈ ગઈ. ગોપાલની બાહોમાં એ અડધું શરીર આરામથી સૂઈ ગયું. ગોપાલ મીરાંને લઈને ઊભો થયો. શરીરમાંથી લોહી ગોપાલના કપડાંને લાલ કરી રહ્યું હતું. એ શરીર લઈને એમના ઘર તરફ ચાલવા લાગ્યો. તે સ્થિર હતો. ચાલતાં ચાલતાં પણ તે મીરાંને જોઈ રહ્યો હતો. મીરાંના કપાળ પર ચૂમી ભરીને તેને સુવડાવી રહ્યો હતો.

એ 'નોર્થપોલ' પર પહોંચ્યો. ચારે તરફની કુદરત આ માણસને સ્તબ્ધ નજરે જોઈ રહી હતી. સમય પણ જાણે સ્થિર થઈને આ ઘટનાને જાણે નીરખી રહ્યો હતો.

જ્યાં ઈદની કબર હતી તેની બાજુમાં ગોપાલે મીરાંના શરીરને મૂક્યું. ઘર પાછળ જઈને પાવડો થઈ આવ્યો. ઈદની કબરની બાજુમાં જ તે બીજો ખાડો કરવા લાગ્યો.

આજે સૂરજ પણ ઊગી રહ્યો ન હતો. ચારે તરફનો નીલો અંધકાર વધુ ગાઢ બની રહ્યો હતો. કાળાં વાદળાંઓ છવાઈ રહ્યાં હતાં. નદી આજે પોતાના વહેવાનો અવાજ પેદા કરી રહી હતી.

ગોપાલના હાથ માત્ર ધ્રૂજી રહ્યા હતા. તેના ચહેરા પર દુઃખ ન હતું. બસ... સ્થિરતા હતી. કોઈ અજીબ શાંતિ હતી. મૃત્યુનું અજરઅમર સત્ય પામ્યા પછીની એક અખંડ શાંતિ હતી. કબર ખોદીને એ આંખો બંધ કરીને ત્યાં ઊભો રહ્યો. મીરાં સાથે વિતાવેલી લાખો-કરોડો ક્ષણ તેના નાનકડા દિમાગમાં ફરવા લાગી.

એ છેલ્લી બે મિનિટમાં તેણે મીરાં સાથે વિતાવેલાં આ બધાં જ વર્ષો જીવી લીધાં. આંખો સામે એ રોકસ્ટાર જીવતી થઈ.

એ અંધારામાં ગાનારી... એ પહાડોને પીનારી.

દૂર ક્ષિતિજોને જોઈ જોઈને... એ દરિયામાં વચ્ચે તરનારી.

એ વંટોળને છાતીએ ભરતી હતી, એ ખુદ ગર્જના કરતી હતી.

એક આગ હતી. ધરતી હતી. એ હતી. બસ... હતી.

અંતે એ એક કાળા કફનમાં સૂતેલી એ સ્ત્રી હતી.

એ લોહી જેવું જીવી હતી. અત્યારે જવાળાઓ જેવી લાલ હતી. મોત પછી પણ જીવતી હતી.

34

જ્યારે તેણે પોતાની આંખ ખોલી ત્યારે મીરાંને જોઈને ફરી તેની સામે મુસ્કુરાયો.

આ કોઈ પાગલપન ન હતું. કદાચ આ પરમજ્ઞાનની અંતિમ ક્ષણ હતી જે શબ્દોની મોહતાજ ન હતી.

ગોપાલે શરીર પાસે જઈને ફરી તેના કપાળ પર કિસ કરી. ધીમેથી તે મીરાંના કાનમાં કશુંક બોલ્યો. એ શબ્દ મીરાં સિવાય કોઈ પણ સાંભળી શક્યું નહીં. એ માત્ર મીરાં માટે હતા.

મીરાંને ઉઠાવીને તેણે કબરમાં મૂકી. ધીમેધીમે તેણે માટી નાખવાનું શરૂ કર્યું. થોડીવારમાં મીરાં માટી થઈ ગઈ. પોતાની દીકરીની બાજુમાં એ પણ શાંતિથી સૂઈ ગઈ. દૂર આકાશમાં જઈને ઈદની બાજુમાં બેસી ગઈ અને ક્યારેય ન આથમતો તારો બની ગઈ.

કાળાં વાદળાંઓ જન્મી રહ્યાં હતાં. ઠંડા પવન સાથે કબરની તાજી માટીની સુગંધ ભળી જતી હતી. અંધારું ગાઢ બન્યું હતું. રસ્તા પર લાલ ડાઘ પાસે કાગડાઓ ભેગા થઈને કોલાહલ કરી રહ્યા હતા. એમના માટે આજે ખુશીનો દિવસ હતો.

ગોપાલ એક મોટો પથ્થર ઊંચકીને લાવ્યો. તેણે મીરાંની કબર પર મૂક્યો. ઘરમાં જઈને તે રૂમમાં પડેલા ઈદના રંગો અને પીંછી કબર પાસે લેતો આવ્યો. કબર પર મૂકેલાં એ પથ્થરને તેણે હળવે હાથે સાફ કર્યો. ધીમે ધીમે રંગોમાં પીંછી બોળીને તેણે એ પથ્થર પર લખ્યું :

‘આ માણસ તેના ઝનૂનથી જીવ્યું હતું.’

ઠંડી હવા એ રંગને સૂકવવા લાગી.

હવાનો એક વંટોળ આવ્યો. મીરાંની જેમ જ એ ઊછળતો-કૂદતો ચારે તરફ નાચી રહ્યો હતો. પોતાની ચારે તરફનું સર્વસ્વ પોતાનામાં સમાવી રહ્યો હતો. મીરાંની કબર પર એ વંટોળ આવ્યો. ગોપાલ પથ્થરને પકડીને બેઠો રહ્યો. જ્યારે વંટોળ કબર ઉપર ઊભો રહ્યો અને ગોપાલ તેની વચ્ચે સમાઈ ગયો ત્યારે ચારે તરફની અંધાધૂંધી વચ્ચે એક નીરવ શાંતિનો અહેસાસ થયો.

શૂન્યતા. હા... એ વંટોળ અંદર પરમ શાંતિ હતી. જેવી મીરાં સાથે જીવ્યા પછી મળી હતી એવી શૂન્યતા હતી.

ગોપાલ કેટલીયેવાર એ શબ્દોને જોઈ રહ્યો. એ પથ્થર પર હાથ ફેરવતો રહ્યો. પથ્થરને પકડીને ભેટી પડ્યો.

તેણે મીરાંના એ સ્વપ્નને સાકાર કર્યું હતું. ગોપાલ એ ક્ષણોને યાદ કરી રહ્યો હતો જ્યારે મીરાં કહેતી હતી કે હું મરી જાઉં ત્યારે મારી કબર પર એક પથ્થર મૂકીને તેના પર લખજે કે ‘આ માણસ તેના ઝનૂનથી જીવ્યું હતું.’

દૂર આકાશમાં વાદળાંઓ અથડાયાં. મોટા અવાજો થયા. વીજળી થઈ. નદીના પાણી પરથી વહેતો ઠંડો પવન કબરને ભેટીને ઊંઘા સૂતેલા ગોપાલને તેના હોવાનો અહેસાસ કરાવી ગયા.

ધીમી ધારે વરસાદ ચાલુ થયો. કબરની માટીમાં પાણી ભરાવા લાગ્યું. ગોપાલ જે રીતે મીરાં સૂતી હતી એ રીતે જ કબરની માટી પર સૂઈ ગયો. પોતાના બંને હાથ પહોળા કરીને એ આકાશ તરફ નજર રાખીને સૂતો. આકાશમાંથી ખરતાં પાણીનાં ટીપાંઓ તેની આંખોમાં પડતાં હતાં, પણ એ બસ સ્થિર નજરે આકાશને જોઈ રહ્યો હતો.

કદાચ આ તેના જીવનની ખુમારી હતી. કદાચ તે શૂન્ય હતો.

કલાકો પસાર થઈ ગયા હતા. વરસાદ વધી ગયો હતો. ગોપાલ ત્યાં જ કબર પર ખુલ્લી આંખે પડ્યો હતો. હજુ એક પ્રૉમિસ અધૂરું હતું. *એક કામ કરજે. મને પણ કબરમાં શાંતિથી સૂવા દેજે. પણ પછી ઘરે જઈને મારી પાછળ ગીતો ગાજે.* તેને મીરાંના શબ્દો યાદ હશે.

અચાનક તે ઊભો થયો. તેનાં કપડાં પરથી ભીની માટી નીચે પડી. ઊભો થઈને તે ઘર તરફ ચાલવા લાગ્યો. પાછળ કબર પર ગોપાલ સૂતો હતો તેટલી જગ્યામાં ગોપાલના શરીરનો આકાર બેસી ગયો હતો જેમાં વરસાદનું પાણી ભરાવા લાગ્યું. પથ્થર પર એ રંગોને વરસાદની કોઈ અસર થઈ ન હતી.

એ બાલ્કનીમાં રોજે જે ખુરશી પર બેસતો એ ખુરશી લઈને તે અંદર રૂમમાં ગયો. ઘરનાં બધાં જ બારી-બારણાંઓ બંધ કરવા લાગ્યો. રૂમની અંદર તદ્દન અંધકાર છવાઈ ગયો. રૂમની બરાબર વચ્ચે તેણે ખુરશી મૂકી. પોતાના શરીર પરના ભીનાં ટી-શર્ટ અને પેન્ટ કપડાં કાઢી નાખ્યાં. તે સંપૂર્ણ નગ્ન થઈ ગયો. બેડ પર પાથરેલી ચાદર તેણે પોતાના શરીર પર ઓઢી લીધી.

પછી ખુરશી પર બેસીને તેણે પોતાની આંખો બંધ કરી. બંને પગ જમીનથી ઊંચા લઈ લીધા.

ગોપાલના દિમાગમાં એક પછી એક ચિત્રો જન્મવા લાગ્યાં. એ દરિયાકિનારે બેઠો હતો. ઈદ અને મીરાં તેની બાજુમાં બેસીને દરિયાને જોઈ રહ્યાં હતાં. ગોપાલે પોતાના હોઠ ખોલીને દરિયા સામે જોઈને ગળામાંથી ધીમું ગીત ગાવાનું શરૂ કર્યું. એ ગીતમાં કોઈ શબ્દો ન હતા. બસ ધૂન હતી.

બીજી જ ક્ષણે એ અવાજ મોટો બન્યો. ગોપાલના હૃદયમાં લોહીની ભરતી ચડી. છાતીમાં એક અખંડ આનંદનો અનુભવ થયો. તેણે એ ધૂનને એક આલાપની જેમ ઊંચા અવાજે ગાવાનું શરૂ કર્યું. ઈદ અને મીરાં ઊભાં થઈને દરિયા તરફ ચાલવા લાગ્યાં. દૂર દરિયાનું એક મહા વિકરાળ મોજું ઊંચું થયું. પાણીનો એક પડદો બની ગયો. ઈદ અને મીરાં એ પડદા આગળ ઊભાં રહ્યાં. તે બંને પાછળ ફરીને ગોપાલ સામે જોઈને હસી પડ્યાં.

એ અજીબ દૃશ્ય હતું ! પળભરમાં મીરાં અને ઈદને પાંખો ફૂટી અને એ બંને આકાશને સ્પર્શી જતા દરિયાના પાણી આગળ ઊડવા લાગ્યાં. ગોપાલ જાણે એ બંને માટે ગીત ગાઈ રહ્યો હતો. એ ગાવામાં તેને એટલી ખુશી થઈ રહી હતી કે હવે તેનો અદ્‌ભુત અવાજ નોર્થપોલની ચારે તરફ ગાજી રહેલા વરસાદમાં પણ બહાર સંભળાઈ રહ્યો હતો.

અચાનક એ ચૂપ થઈ ગયો. આંખો હજુ બંધ હતી. હજુ પેલું સ્વપ્ન દેખાઈ રહ્યું હતું.

દૃશ્યો ફરી ગયાં. દરિયાના પાણીના પડદા અંદર એ પોતાની જૂની જિંદગીને જોઈ રહ્યો હતો. તે કૉલેજના મેદાનમાં એક સ્ટેજ પર ઊભેલો એકવીસ વર્ષનો યુવાન જોઈ શકતો હતો. એ સ્ટેજ પર તો ઊભો હતો, પરંતુ દૂર દોસ્તોને પોતાનું ગાવાનું નહીં ગમે એમ સમજીને નીચે ઊતરી ગયો હતો.

દૃશ્ય બદલાયું. એ જંગલમાં નગ્ન-બાવો હતો. અઘોરીઓ વચ્ચે બેસીને એ પ્રચંડ અવાજમાં ધૂન ગાઈ રહ્યો હતો. એ સમયે પણ તેની અંદર એક અજીબ ખુશીની અનુભૂતિ થઈ હતી. તે કદાચ એ અવાજ પારખી શક્યો ન હતો.

એ મુંબઈની રૂમમાં બેડ પર ઊભા રહીને મીરાં સાથે ગીતો ગાતો હતો. હાથમાં ઓશીકું લઈને તેને ગિટાર સમજીને એ મોટે-મોટેથી ગાતો હતો.

ફરી એ ઘરમાં ઈદના ઘોડિયા પાસે બેઠો હતો. પોતાની બે મહિનાની દીકરી પાસે એ હાલરડું ગાઈ રહ્યો હતો. એ પણ તેને ખૂબ ગમતું હતું.

ગોપાલના મનમાં એક ચમકારો થયો. જૂનાં બધાં જ દૃશ્યો એક સાંકળની જેમ ગોપાલને કહી રહ્યા હતા કે...

...કે તેને ગાવાનું ખૂબ ગમી રહ્યું હતું ! તેણે પોતાના ભૂતકાળમાં જ્યારે જ્યારે કશુંક ગાવાનો પ્રયત્ન કર્યો હતો ત્યારે એની અંદર પ્રચંડ ખુશીની ક્ષણ પેદા થઈ હતી ! એ દરેક ઘટનામાં તેનું મન તેને કહી રહ્યું હતું કે *આમાં મજા આવી ગઈ !* એ અંદરના અવાજને કદાચ એ સમયે તે સાંભળી શક્યો ન હતો.

ગોપાલે આંખો ખોલી. રૂમમાં અંધારું હતું. બહાર વરસાદ વરસી રહ્યો હતો. પોતે કોઈ અજીબ વિશ્વની સફર પર જઈ આવ્યો હોય એવું અનુભવી રહ્યો હતો.

એક ખોજ એ કરી ચૂક્યો હતો ! પોતાના ગમતા કામની ખોજ.

બસ...

તેણે ફરી આંખો બંધ કરી. *મીરાં, આજે તારા મોત પર ગીતો ગાનારો તને મળી ગયો છે.* તેણે વિચાર્યું. તેના ગળામાંથી ફરી એ સૂર રેલાયા. અદ્‌ભુત એ અવાજ હતો.

આ ક્ષણે ગોપાલને આખા જગત સામે બરાડા પાડીને કહેવું હતું કે તેને ગાવાનું ગમી રહ્યું હતું. બસ...

એ દિવસે એ સાંજે સુધી બસ ગાતો રહ્યો. મુંબઈથી થોડે દૂર જંગલમાં એક અંધારી રૂમમાં એક મ્યુઝીશિયન પેદા થઈ ચૂક્યો હતો. તેને ખબર ન હતી કે તેને શું ગાવું, પરંતુ તે ખુશ થતો હતો. ગીતને શબ્દો ન હતા, પરંતુ એ અવાજમાં તાકાત હતી.

35

વરસાદ બંધ થયો હતો. મુંબઈની સાંજ જન્મી રહી હતી. આકાશમાં કેસરી વાદળો પથરાયાં હતાં. સાંજનો પીળો સૂરજ ઈમારતો વચ્ચે ઢળી રહ્યો હતો. આખું શહેર પીળા પ્રકાશમાં રંગાઈ ગયું હતું.

ગોપાલ તેના ઘરથી બહાર નીકળીને કોઈ ટ્રકમાં લિફ્ટ માગીને શહેરમાં આવ્યો. મીરાંનું બુલેટ નદી પાસે પડ્યું હતું. તેણે નવાં કપડાં પહેર્યાં હતાં. એક નાનકડી બૅગમાં થોડાં કપડાં ભર્યાં હતાં.

રસ્તાની એક તરફ એક દુકાનની આગળ ટેલિફોન બૂથ હતું. કાચની એક બંધ પેટીમાં કોઈ માણસ અંદર ફોન કાન પર રાખીને વાત કરી રહ્યું હતું. ગોપાલ એ ફોન બૂથ પર બહાર રાહ જોઈને ઊભો રહ્યો. તેના ચહેરા પર એક અજાણી ઉતાવળ હતી.

થોડીવાર પછી ગોપાલ એ કાચની પેટીમાં ગયો. ફોનનું રિસીવર પોતાના કાન પર મૂક્યું.

એક વર્ષ પહેલાં તેણે ઈદને માટીનો ગલ્લો બનાવી આપેલો. ઈદ એ ગલ્લામાં રૂપિયાના સિક્કાઓ ભેગા કરતી. આજે એ ગલ્લાને તોડીને ગોપાલ સિક્કાનું ખિસ્સું ભરીને આવ્યો હતો.

એક સિક્કો અંદર નાખ્યો. તે એક નંબર ડાયલ કરવા લાગ્યો. તેની આંગળીઓ ધ્રૂજી રહી હતી.

ફોનની રિંગ વાગી. સામે છેડેથી અવાજ આવ્યો :

"હાલો..."

એ અવાજ સાંભળીને ગોપાલની આંખો ભરાઈ આવી. હોઠ ધ્રૂજી રહ્યા. મોઢું સુકાઈ ગયું અને ગળે ડૂમો બાજી ગયો.

"હાલો..." ફરીથી સામેથી અવાજ આવ્યો.

ઘણા પ્રયત્નો કરવા છતાં ગોપાલથી બોલાયું નહીં.

"કોણ બોલે ? અવાજ આવતો નથ હો..." ગોપાલે સાંભળ્યું. એક હાથે આંસુડાં લૂછ્યાં.

"બાપુજી..." તે બોલ્યો.

બસ...બંને તરફ કેટલીયે ક્ષણો સુધી કોઈ અવાજ આવ્યો નહીં.

અહોહો... કોઈ કિનારે તડફડતી માછલીને દરિયાનો સ્પર્શ થઈ ગયો હોય અને એમાં જીવ આવે એમ સામેથી ધ્રૂજતો અવાજ બોલી ઊઠ્યો :

"ગોપાલ ?"

"....."

"બેટા..."

ગોપાલ રડવાનો અવાજ રોકી શક્યો નહીં. બાપુજી પણ ચૂપ થઈ ગયા. આઠ-

આઠ વર્ષે એકબીજાના અવાજ એ બંને સાંભળી રહ્યા હતા.

"ગોપાલ બેટા...ક્યાં સે તું ? કેમ રડે સો ?" બાપુજીએ પૂછ્યું. બસ... કોઈ પૂછનારું જોઈતું હતું કે તું કેમ રડે છે.

"હું..." ગોપાલ બોલવા ગયો પરંતુ શું કહેવું ખબર ન પડી.

"હા બેટા..."

"હું મુંબઈ છું બાપુજી..."

"તું ઠીક સેને ?"

"હા..."

ગોપાલે બીજો સિક્કો નાખ્યો. ગળા સુધી પહોંચેલા આંસુ લૂછ્યાં. સામે છેડે બાપુજીના આંસુ ગળા સુધી વહી ગયાં. બંને ચૂપ રહ્યા.

"ક્યારે પાસો આવે સે દીકરા ?"

જે સવાલ આઠ વર્ષથી રોજે દિવસ-રાત વિચારીને જ જિવાઈ રહ્યું હતું એ સવાલ સાંભળનાર છેક આજે સામે જવાબ દેવા ઊભું હતું. એ સવાલને દરેક અધિકાર હતો જવાબ માટેનો...

"બસ... આજે રાત્રે જ નીકળીશ બાપુજી..." ગોપાલે કહ્યું.

લાંબો શ્વાસ લઈને બાપુજીએ ફોન બાજુમાં મૂકી દીધો. પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢીને આંખો પર રાખી એ પોક મૂકીને રડી પડ્યા. ખુશીઓ સહન ન થઈ શકી. ગોપાલ તેમના અવાજને સાંભળી શકતો હતો.

"મારાં બા ક્યાં ગયાં બાપુજી ?" થોડીવાર પછી ગોપાલે પૂછ્યું

બાપુજીએ ફોન હાથમાં લીધો. ગોપાલે ફરી પૂછ્યું.

"તારી બાને ? એ હેય ને ડેલીએ બેઠી સે. તું ગયો પછી ખબર નય એને શું થઈ ગયું સે. રોજ મને બપોર થાય એટલે કે તમે ખાઈ લ્યો મને ભૂખ નથ. હું કહું કેમ ભૂખ નથી. પણ ઈ જવાબ થોડી દે. પણ ગોપાલ દીકરા... તું જાતા જાતા કે'તો ગયો હતોને કે તું અમને ટપાલ લખહ... બસ... આ ગાંડી એની રાહમાં સેલ્લાં આઠ વરહથી બપોર ટાણે ખાતી નથી. બોવ હમજાવી. નથી માનતી. મને કહે, બપોર વચ્ચે ટપાલી આવે એની વાટ જોવી સે. મારો ગોપાલ ટપાલ લખવાનો સે." બાપુજી બોલ્યા. લાંબો શ્વાસ લઈ ફરી બોલ્યા : "ગોપાલ, રોજે ઈ આપડી ડેલી પાસે તડકામાં બેહે સે. બપોરના ત્રણ-ચાર વાગે ત્યાં લગી ટપાલીની વાટ જોવે સે. ઓલો ટપાલી જયી આવે ત્યારે કેસે કે ગોપાલની ટપાલ નથી આવી. બસ... પસી ઈ ઘરમાં આવીને સાંજ હુધી ઊંઘતી રે' સે. કેમ ખબર હૂતી હશે કે રોતી હશે. એને તો બસ એના સોકરાની ટપાલની વાટ."

ગોપાલ આંખો બંધ કરી ગયો. જિંદગીના ઉતાર-ચઢાવમાં એ પોતાની બાને આપેલું પ્રૉમિસ પૂરું કરી શક્યો ન હતો. એની બા રોજે બપોરે એના પત્રની રાહ જોતી હતી.

કદાચ પત્ર કરતાં પણ પુત્રની રાહ આકરી હશે.

ગોપાલ શું કહે ? કદાચ તેની માતા એને માફી કરી દેશે... પણ પોતાની જાતને

કેમ માફી આપશે ?

"મારા બાને ફોન આપોને બાપુજી..." ગોપાલે કહ્યું.

બાપુજીએ ફોન કાનથી દૂર કરીને મોટા અવાજે કહ્યું :

"ગોપાલની બા..."

"હઉ..." દૂર ડેલી પાસે બેઠેલી બા બોલી. ગોપાલને એનો દૂરનો અવાજ સંભળાયો.

"એ અહીંયા આવ્ય... તારા દીકરાનો ફોન સે."

એ શબ્દોનો જવાબ ન આવ્યો. શું જવાબ આવે ? એ ઊભી ન થઈ. બાપુજીએ ફરી કહ્યું :

"અરે ઊભી થા. ખોટું નથ કે'તો. ગોપાલનો ફોન સે..."

એ બસ દૂરથી ગોપાલના બાપુજી સામે જોઈને બેઠી રહી. એના ચહેરા પરની એ રેખાઓ જાણે કેટકેટલું બોલી રહી હશે. એની જીભ ચૂપ હતી. કદાચ આ શબ્દો સાંભળીને એમાં બોલવાની તાકાત નહીં હોય.

"હાલ્ય... હવે ન્યાંથી ઊભી થાને... આપડો ગોપાલ આવે સે ઘરે. આજે રાતે મુંબઈથી બેહે સે..." બાપુજીએ બાને કહ્યું.

પણ એ ઊભી ન થઈ. એ કોને કહે કે દીકરાના ફોનનું સાંભળીને એના પગમાં પણ ઊભા થવાની તાકાત ન હતી

"એ નહીં આવે બેટા... તું જ રૂબરૂ મળજે એને." બાપુજીએ કહ્યું.

"હા..." ગોપાલે ધીમેથી કહ્યું. ફોન મુકાયો.

હજુ ખિસ્સામાં સિક્કાઓ પડેલા હતા. એક પ્રૉમિસ હજુ પૂરું કરવાનું હતું. તેણે બીજો નંબર ડાયલ કર્યો. સામે છેડે એક છોકરીએ ફોન ઉપાડ્યો :

"હેલ્લો..."

"હેલ્લો... વિજય સાથે વાત થઈ શકે ?" ગોપાલે એ કહ્યું ત્યારે કૉલેજના દિવસોની ભૂતકાળની કેટલીયે યાદોને આંખો સામે તરવરતી જોઈ.

"વિજય જમવા બેઠો છે. તમે કોણ ?" તે છોકરી બોલી.

"તેને એમ કહોને કે તારા ગોપાલનો ફોન છે. એ સમજી જશે." ગોપાલે હસીને કહ્યું. છોકરીએ વિજયને સાદ પાડીને ગોપાલનો ફોન છે એમ કહ્યું. વિજયના કાન માની ન શક્યા.

જાણે વર્ષો પછી દોસ્ત સુદામા દ્વારિકાના બારણે આવ્યો હોય અને કૃષ્ણ ગાંડા થઈને તેને મળવા ભાગે એમ વિજયે ખાવાના ટેબલને ધક્કો માર્યો. દોડ્યો. ફોન કાન પર રાખીને એ હાંફતો બોલ્યો :

"ગોપાલ ?"

"હા... વિજયબુન... હું... ગોપાલ પટેલ..." ગોપાલે કહ્યું. પોતાના દોસ્તનો અવાજ સાંભળીને આંખે ફરી પાણી આવ્યું. વિજય પણ રડી પડ્યો. બંને ચૂપ રહ્યા. શું

બોલે ?

"તું..." વિજય માની શકતો ન હતો, "તું જીવે છે ?" તેણે હસીને આંખો લૂંછીને કહ્યું.

"હા..." ગોપાલે હસીને કહ્યું.

"ઈની બુનને..." વિજય બોલ્યો. એ શબ્દ સાંભળીને બંને આંસુ સાથે હસી પડ્યા. બંનેને આગળ બોલવા માટે કોઈ શબ્દો સૂઝતા ન હતા.

"કેટલા ફોન કર્યા તને..." વિજયે ફરિયાદ કરી.

"હા... એ ફોન પણ ઘરે મૂકીને જતો રહેલો."

"આવી રીતે ?" વિજય બોલ્યો. ગોપાલ પાસે તેનો જવાબ ન હતો.

"ચાર વર્ષ તારાં બા અને બાપુજીને હું મળવા ગયેલો. તારા ગામડે. તારી રાહ જોઈ રહ્યાં હતાં."

"હા... હું જાઉં છું ઘરે. આવતીકાલે..." ગોપાલે લાંબો શ્વાસ લઈને કહ્યું.

"ગમતું કામ ખબર પડી ગઈ ?" વિજયે પૂછ્યું. ગોપાલે થોડા સ્વસ્થ થઈને જવાબ આપ્યો.

"હા. મને ગાવું ગમે છે." ગોપાલે કહ્યું. વિજય હસી પડ્યો. ગોપાલ પણ હસી પડ્યો. એ પછી એટલી વાતો થઈ કે સિક્કાઓ ખૂટી પડ્યા.

ગુજરાત જતી એક ટ્રેનમાં જનરલ ડબ્બાના બારણા પાસે ગોપાલ ઊભો હતો. માથે મીરાંનું રંગીન કપડું બાંધેલું હતું. રાત્રિનો ઠંડો પવન આવી રહ્યો હતો. ચારે તરફ કાળો અંધકાર હતો અને વચ્ચે આવતાં નાનાં ગામડાંઓની દૂર દૂર દેખાતી લાઈટ્સ ચમકી રહી હતી. ટ્રેનના અવાજનું સંગીત ચાલુ હતું. ટ્રેન જ્યારે ધીમી પડે ત્યારે તમરાઓનો અવાજ ગુંજી ઊઠતો હતો.

એ બધા વચ્ચે ગોપાલ પોતાના મનમાં ગીતો ગાઈ રહ્યો હતો. મીરાં યાદ આવી રહી હતી. ઈદનો ચહેરો અંધારામાં દેખાઈ રહ્યો હતો. એમનાં મોત હતાં. જિંદગી હતી, પણ મોત જિંદગીના વિરુદ્ધ ન હતા. જિંદગીનો ભાગ હતા. ઘણું બધું જિવાયું હતું.

વેદનાને માણી હતી. સંઘર્ષ જોયો હતો. ખુશી અને દુઃખનાં અંતિમો જોયાં હતાં. છાતી ફાડીને પ્રેમ કર્યો હતો. એક ઘર છોડ્યું હતું અને બીજા ઘર માટે જાતને ઘસી નાખી હતી. મજૂરી કરી હતી. હજાર કામ કર્યાં હતાં. કોઈ અફસોસ ન હતો. કોઈ ફરિયાદ ન હતી. કોઈ નિસાસો ન હતો. આ જીવન હતું. આવું જ જીવન હતું, અને જો આ જીવન ન હોય તો બીજું શું હોય એની એને પરવા ન હતી. એના બાપુજી કહેતા : મીઠાં ધાન જોઈતાં હોય તો ધરતીને પણ ખોદીને બીજ રોપવાં પડે છે. બસ...જિંદગીને ખોદીને પણ તેને એ અનુભવો મળ્યા હતા. સત્ય એ ન હતું કે એની સાથે શું બન્યું હતું, સત્ય એ હતું કે જે બન્યું એ બધું જ એને શીખવતું ગયું કે એ કોણ હતો.

ટ્રેનના બારણા બહાર તાકી રહેલી આંખો અવિરત સપનાંઓ જોઈ રહી હતી. એક બીજી મહાન વાર્તા જીવવાની હતી. સિંગર બનવાનું હતું. બધું જ એક સ્વપ્ન દૂર હતું. હવે તો આ ધરતી પરના અબજો માણસો વચ્ચે પોતાને ગવૈયો બનીને જીવવું હતું. રાત-દિવસ એક કરીને ગાવું હતું. કામ કરવું હતું. નામ કરવું હતું અને ઉપર ચડીને ચિક્કાર નિષ્ફળ થવું હતું. ભાંગી ભાંગીને ફરી ઊભું થવું હતું. આ ધરતી પર એક એક ક્ષણને પોતાના ઝનૂનથી જીવીને પછી મીરાંની જેમ એક જ ક્ષણમાં ભૂંસાઈ જવું હતું.

ભૂતકાળે શીખવ્યું હતું કે અહીં માત્ર વર્તમાન છે. બીજું કશું જ નહીં.

બસ... બીજું કશું જ નહીં.

વહેલી સવારે ચાર વાગ્યે તે અમદાવાદ ઊતર્યો. તેનો દોસ્ત વિજય રેલવે સ્ટેશન પર રાહ જોઈને જ ઊભો હતો. બંને ભેટી પડ્યા. એકબીજાને જોતા રહ્યા. સ્ટેશન બહાર રોડની સાઈડમાં બેસીને કલાકો સુધી વાતો કરી. સિગારેટ ફૂંકી. વિજયનાં લગ્ન થઈ ગયાં હતાં. તે હવે થોડા સમયમાં પપ્પા બનવાનો હતો !

"કેમ, પછી પેલી ખુશીનો કોન્ટેક્ટ ન કર્યો." ગોપાલ પૂછી રહ્યો હતો.

"ના. એને પૂછ્યું છે તો કહે તું જીવનભર મારો ભાઈ રહીશ ઈની બુનને." વિજય બોલ્યો. બંને ખૂબ હસ્યા.

"તો શું કર્યું આટલાં વર્ષો ?" વિજયે મૂળ સવાલ પૂછ્યો. પછી ગોપાલ કલાકો સુધી પોતાની વાતો કહેતો રહ્યો.

સવાર પડી ગઈ હતી. સ્ટેશન પાછળથી સૂરજ ઊંચે ચડ્યો હતો. ગોપાલની વાર્તા પૂરી થઈ હતી. વિજય પોતાના દોસ્તને ભેટી પડ્યો હતો. ગોપાલે કરેલી નોકરીઓ, મીરાં, ઈદ... એ બધી વાતો સ્વપ્ના જેવી લાગતી હતી. છેલ્લે ગોપાલ બોલ્યો :

"ખબર છે વિજયબુન... આપણે બધા સૌથી મોટા બે ગુના કરીએ છીએ."

"કયા ?" વિજયે પૂછ્યું.

"આપણો બધાનો પહેલો ગુનો છે : સવાલ કરવો."

"અને ?"

"બીજો ગુનો છે : સવાલ ન કરવો." ગોપાલ બોલ્યો. દૂર ભસતાં કૂતરાંઓને જોઈને એ ફરી બોલ્યો :

"વીસ વર્ષની ઉંમરે જો મેં જાત સામે, જગત સામે, જીવવાની રીતો સામે સવાલ ન કર્યો હોત તો આ દુનિયા મને એ જ સામાન્ય માણસ બનાવી દેત જે મારે નહોતું બનવું. હું ખુશ છું કે હું મૂરખની જેમ જગત સામે બળવાખોર બની ગયો. મને જવાબો મળ્યા છે. પરંતુ જ્યારે મારી પાસેથી ઈદ અને મીરાં ભૂંસાઈ ગયાં ત્યારે મારે આ કુદરતનો સ્વીકાર કરવાનો હતો. મેં સવાલ ન કર્યો કે હું જ કેમ ?"

વિજય તેને સાંભળી રહ્યો. તેણે આગળ કોઈ સવાલ ન કર્યો.

વિજયે બાઈક ચાલુ કર્યું. બંને બસસ્ટેશન ગયા. ગામડા તરફ જતી બસ આવીને ઊભી હતી. ગોપાલ બસમાં બેઠો. વિજય બહાર બારી પાસે ઊભા રહીને પૂછી રહ્યો

હતો :

"હવે ગામડેથી પાછો ક્યાં જઈશ ?"

"સપનાંઓ તરફ..." ગોપાલ બોલ્યો.

"સારું. ફરી મળીશું."

"તારે મળવું પડશે."

"હવે તું મરીશ ત્યારે હું પણ તારી કબર પર આવીને એક પથ્થર મૂકીશ અને લખીશ કે આ માણસ પોતાના ઝનૂનથી જીવ્યો હતો." વિજય બોલ્યો.

"કેમ પણ ?" ગોપાલ હસી પડ્યો.

"... કારણ કે તું મારી મીરાં છે ગાંડા." વિજય બોલ્યો. બંને હસી પડ્યા. બસ ચાલુ થઈ.

"બીજું કંઈ કરું ?" વિજયે પૂછ્યું. ગોપાલે ચાલુ બસમાંથી મોટા અવાજે કહ્યું :

"કબર પાસે સ્ટિરિયો મૂકીને મારા ગાયેલાં ગીતો વગાડજે." તે બોલ્યો. વિજય ઊંચો હાથ કરીને હસી રહ્યો હતો.

બપોરે બસ પેલી હોટેલ પર ઊભી રહી જ્યાં ગોપાલે તે રાત્રે મરવાનો પ્રયત્ન કરેલો. એ હોટેલ તરફ જોતો રહ્યો. કદાચ તે રાત્રે કશુંક થઈ ગયું હોત તો તેણે આ ભવ્ય જિંદગી ક્યારેય જોઈ ન હોત.

બપોર પછી ગોપાલ ગામના પાદરમાં ઊતર્યો. આ ધરતીની જૂની સુગંધ એના શ્વાસોમાં મહેસૂસ થઈ. સામે દેખાતી સ્કૂલની યાદો આંખો સામે તરવરવા લાગી. બપોર થઈ હોવાથી પાદરમાં ખૂબ ઓછા માણસો હતા. તે ખભે પોતાનો થેલો નાખીને ઘર તરફ ચાલવા લાગ્યો. આટલાં વર્ષોમાં બધું બદલાઈ ગયું હતું. પાદરના લીમડાઓ કપાઈ ગયા હતા. ઘર તરફ જવાનો રસ્તો સિમેન્ટનો બની ગયો હતો. પોતાની શેરી સૂમસામ હતી.

એ ડેલી પાસે પહોંચ્યો.

...અને ત્યાં હતી એ મા.

રોજની જેમ તપમાં બેઠી હતી કે ક્યારે મારો ગોપાલ આવે, ક્યારે એનો ચહેરો દેખાય, ક્યારે પોતાનો જીવ એને પાછો મળે.

એ ક્ષણ અનહદ હતી. ગોપાલનો ચહેરો જોઈને એ જનેતાની આંખો ભરાઈ આવી હતી.

આટલાં વર્ષોમાં બાના વૃદ્ધત્વ પામી ચૂકેલા ચહેરાને શરીરને ગોપાલ જોઈ રહ્યો. આ વૃદ્ધત્વ ઉંમરને લીધે ન હતું, વિરહને લીધે હતું. માથા પર કોઈ કોઈ કાળા વાળ રાહ જોઈને પડ્યા હતા કે ક્યારે માથામાં તેલ નાખી દેનારો આવે. કોથળા જેવું થઈ ગયેલું શરીર બોલતું હતું કે ક્યારે ટેકો દેનારો આવે.

ગોપાલે દોડીને ડેલી પાસે બેઠેલી બાને પોતાની બાહોમાં ભરી લીધી. એક પણ શબ્દ કોઈ બોલી શક્યું નહીં. શબ્દ પાંગળો હતો. કેટલીયે ક્ષણો સુધી એ બંને એકબીજાને

વળગી રહ્યાં. આઠ-આઠ વર્ષનું હેત-વહાલ આ બે ઘડીમાં કેમ ચૂકવી શકાય ?

ગોપાલે નીચા નમીને બાના પગને પોતાનું માથું સ્પર્શ કર્યું. બાએ પોતાનો હાથ દીકરાના માથે ફેરવ્યો અને બોલી :

"સુખી થાઓ..."

એના શબ્દોમાં ધ્રુજારી હતી. ગોપાલ ફરી એને ભેટી પડ્યો.

બાને ટેકો દઈને તેણે રેતીમાંથી ઊભી કરી. આજે શરીરને કોઈ દર્દ ન હતું.

એ બંને ઓસરીમાં ગયાં. ગોપાલે બાપુજીને જોયા નહીં. તેણે સાદ કર્યો :

"બાપુજી..."

"આવી ગ્યો ?" ઘરની રૂમમાંથી અવાજ આવ્યો. બાપુજી ઘરમાંથી બહાર નીકળ્યા. ગોપાલે થેલો ફેંકી દીધો અને બાપુજીને વળગી પડ્યો. ગોપાલે બાપુજીના પગને પણ કપાળ સ્પર્શ કર્યું. બાપુજીનો હાથ ગોપાલના માથે ફરી વળ્યો. બાપુજી કશું બોલી ન શક્યા. આ પુરુષ તો પહાડ જેવો હતો. શું બોલે ? એ બસ રાહ જોઈને જૂના જોગીની જેમ પડ્યો રહે. ચૂપ રહે.

ઓસરીમાં બાંધેલા હીંચકા પર ગોપાલ વચ્ચે બેઠો. બાપુજી તેની બાજુમાં બેઠા. બાને તો દીકરાની તરસની ઉપાધિ હતી. તે દુઃખતા પગે પણ દોડતી પાણી ભરીને આવી અને ગોપાલને આપ્યું. ગોપાલે પાણી પીધું. ગ્લાસ નીચે મૂકીને બાનો હાથ પકડીને બાજુમાં બેસાડી.

...બસ...ત્રણેય ચૂપચાપ બેઠાં રહ્યાં. બા-બાપુજી ગોપાલના ચહેરાને જોતાં રહ્યાં. દીકરાના ચહેરા પર ઊગેલી નાનકડી દાઢીને નીરખતાં રહ્યાં. એની ચમકતી પાણી ભરી આંખોને તાકી રહ્યાં. એના મજબૂત શરીર અને કઠોર હાથને જોતાં રહ્યાં. એ કેવો બદલાઈ ગયો હતો. એ ત્રીસ વર્ષનો પુરુષ હતો. બધું જ બદલાઈ ગયું હતું. ઘરની મૂંગી દીવાલો પણ હવે રંગ ઊડી ગયેલી બની ગઈ હતી. એવી ક્ષણ હતી કે એ સુખ છે કે દુઃખ એ પારખી શકાય તેમ ન હતું.

છેવટે કલાકો પછી બાએ ગોપાલના માથે હાથ ફેરવીને એક સવાલ પૂછ્યો. એ સવાલ જેનો જવાબ સાંભળવાનો હક હતો એ સ્ત્રીને...

"તારું ગમતું કામ ખબર પડી બેટા ?"

અહોહો... કેટલું ભોળપણ હતું એ સવાલમાં. કેટલી ઉપાધિ અને ભગવાનની માનતાઓ હશે એ સવાલ પાછળ. કેટલાં વ્રત અને ઉપવાસ હતાં એ છ શબ્દોના સવાલ પાછળ.

એના દીકરાએ પોતાની રગેરગમાં ભરેલી ખુમારીથી જવાબ આપ્યો :

"હા બા..."

"એકે હજારા થઈને જ આવો સોને ?" બાએ હસીને પોતાની આંખમાં આવેલું ખુશીનું આંસુ લૂછીને પૂછ્યું. ગોપાલે બાની આંખોમાં જોયું. એ પણ હસી પડ્યો.

"હા બા..." એ ધ્રૂજતા અવાજમાં બોલ્યો.

"કેવું'ક જીવ્યો ?" બાએ પૂછ્યું.

"એવું જીવ્યો અને એટલું જીવ્યો કે તને ટપાલ લખવાનો સમય ન રહ્યો બા..." ગોપાલે રોકી રાખેલાં આંસુ ખેરીને જાણે આટલાં વર્ષોની માફી માગી લીધી.

...પણ એ તો જનેતા હતી. પોતાના દીકરાના જવાબમાં જ એને તો બધા જ પત્રો આવી ગયા હતા.

પણ દીકરો આવ્યો અને હજુયે ચૂપ બેઠેલા પહાડે હસીને એક સવાલ પૂછ્યો :

"તારી બાએ ખાધેલી સવાશેર સૂંઠની લાજ રાખી ?"

"એ સૂંઠ ખાનારીને સાત જનમ એના દીકરા ઉપર ગર્વ થશે એવું જીવ્યો છું." ગોપાલે કહ્યું.

બા અને બાપુજીની આંખોમાં દીકરાનો આ જવાબ સાંભળીને એવી તે ખુશી થઈ જેવી જેલમાં બેઠેલા દેવકી-વાસુદેવને અચાનક પોતાનો દીકરો દ્વારકાધીશ બની ગયો હોય એ જાણીને થાય.

"સુ બનવું સે તારે ?" બાએ આશાભરી આંખે પૂછ્યું.

"મારે ગીતો ગાવાં છે. મ્યુઝિક શીખવું છે." તે બોલ્યો.

"તો તો તું ટીવીમાં આવહને ?" બાએ હસીને બાળકની જેમ પૂછ્યું.

"તમારા આશીર્વાદ હશે તો આખા જગતમાં મારા કામનો ડંકો વગાડીશ બા..." તે બોલ્યો. તેના શબ્દોમાં સપનાંઓ ભર્યાં હતાં. એ સપનાંઓ પાછળની તાકાત ભરી હતી.

"બધુંય થાહે..." બાએ કહ્યું. પછી એ રસોડામાં દીકરા માટે ગરમાગરમ અડદની દાળ અને બાજરાનો રોટલો બનાવવા જતી રહી.

36

મહિનાઓ પછી.

મુંબઈ.

રાત્રિના દસ.

એક વૈભવી હોટેલની અંદર તાળીઓનો ગડગડાટ થયો. હોટેલમાં અલગ અલગ ટેબલ પર બેઠેલા સેંકડો માણસો ઊભા થઈને સામે ગોઠવેલા નાનકડા સ્ટેજ તરફ જોઈને તાળીઓ પાડી રહ્યા હતા. યુવાનો સીટીઓ વગાડી રહ્યા હતા. વેઈટર પણ બધું ભૂલીને સ્ટેજ પાસે ઊભા રહી ગયા હતા.

પોતાનું પર્ફોર્મન્સ પૂરું કરીને સ્ટેજ પર ઊભેલો રોકસ્ટાર પોતાનું ગિટાર ગળામાંથી કાઢીને ઑડિયન્સ સામે 'થૅન્ક્યુ' કહેતો નમ્યો. દૂર ખૂણામાં બેઠેલી એક છોકરી તેની સામે જોઈ રહી હતી. ગોપાલ તેના તરફ જોઈને હસ્યો. છોકરી ગોપાલની આંખોમાં જોઈને હસી. *થૅન્ક્યુ, મીરાં...* તે છોકરી તરફ જોઈને વિચારી રહ્યો.

પોતાનું ગિટાર લઈને ગોપાલ હોટેલની બહાર નીકળ્યો. બહાર ઠંડી હતી. ઠંડી હવાનો અહેસાસ તેના ચહેરા પર એક મુસ્કાન છોડી ગયો. બહાર રસ્તા પર ખૂબ થોડાં વાહનો પસાર થઈ રહ્યાં હતાં. આકાશમાં તારાઓ શિયાળાના કાળા આકાશમાં ચમકી રહ્યા છે. ઠંડીમાં તે પોતાનું જાકીટ સરખું બંધ કરીને ગિટારને ખભા પાછળ ચડાવીને હોટેલથી ડાબી તરફ ચાલતો થયો.

હોટેલની બહાર ડાબી બાજુ થોડે દૂર એક થાંભલા પર મૂકેલી પીળી સ્ટ્રીટલાઇટની નીચે એક માણસ રેંકડી લઈને ઊભો હતો. તેની આ લારીમાં ખૂબ બારીક રીતે કાળજી રાખીને ગોઠવેલાં સફરજન, કેળાં અને સંતરાં પડ્યાં હતાં. કોઈ સ્ત્રી તેની લારી પરથી ફળો ખરીદીને દૂર ચાલી જઈ રહી હતી.

ગોપાલ એ લારી તરફ ગયો. લારીમાં પડેલા ઠંડાં ફળોને એ સ્પર્શીને એ મુસ્કુરાઈ રહ્યો.

"લે જાઓ સા'બ... સેહત કે લિયે અચ્છે હે..." લારી પર ઊભેલો માણસ હસીને બોલ્યો. ગોપાલ તેની સામે જોઈને મોટેથી હસી પડ્યો. પોતાનું ગિટાર લારી પર રાખેલા ત્રાજવા પાસે મૂકીને એ માણસની બાજુમાં જઈને તેને ભેટી પડ્યો.

"તમને મજા આવે છે ને આ કામમાં બાપુજી ?" ગોપાલ બોલ્યો.

"સાહેબ, બચપણથી જ સપનું હતું કે એક દિવસ આ રમેશ પટેલને બહુ મોટો વેપારી બનવું છે. આ તો ખાલી શરૂઆત છે." બાપુજી પોતાના દીકરાને ખભે હાથ મૂકીને બોલ્યા. બંને એકબીજા સામે હસી પડ્યા.

મુંબઈથી ગામડે જઈને ગોપાલ ઘણા દિવસો સુધી ગામડે રહ્યો હતો. માબાપ સાથે તેણે પોતાના જીવેલા જીવનની વાતો કરી. બા-બાપુજીએ પોતાના દીકરાની ભવ્ય જિંદગીને સાંભળી. ગોપાલની એ મીરાં અને ઈદ કેવાં હશે તેની કલ્પનાઓ કરી રહ્યાં.

એક દિવસ બપોરે જમીને બાપુજીએ પૂછેલું :

"તો હવે શું કરીશું ?"

"બાપુજી, યાદ છે વર્ષો પહેલાં હું મારી કૉલેજની લાઇબ્રેરીમાં કોઈ ખૂણામાં બેસીને રડતો હતો. મેં તમને ફોન કરેલો અને કહેલું કે મને આ કશું જ ગમતું નથી. મારે કશુંક કરવું છે."

"હા યાદ સે ને... હું ઈ રાતે ખેતરમાં પાણી વાળતો'તો..."

"બસ... આપણે હજુ તમારા વેપારી બનવાના સપનાને સાકાર કરવાનું છે."

બાપુજી એ સાંભળીને હસી પડ્યા.

"મને યાદ છે બાપુજી. તમારું સપનું યાદ છે. હજુ મોડું નથી થયું. ચાલો મુંબઈ જઈને એકડે એકથી શરૂ કરીએ. હું મારું મ્યુઝિક કરીશ, તમે તમારો વેપાર..." ગોપાલે કહ્યું. બાપુજીના ચહેરા પર ચમક આવી. જીવ આવ્યો. વર્ષો સુધી જોયેલા એક સપનાને દીકરાએ આળસ મરડીને ઊભું કર્યું.

"પણ..." બાપુજી બોલ્યા.

"જેટલું થાય એટલું કરજો બાપુજી. પણ અહીંયા કોઈ મોડું થતું નથી. કામ ચાલુ કરીએ તો ખરા. ન ગમે તો તમારો બેટો બેઠો છેને."

છેવટે એ ત્રણેય આ શહેરમાં આવી ગયાં. ગોપાલે મ્યુઝિક શીખવાનું શરૂ કર્યું. હોટેલમાં સાંજે પર્ફોર્મન્સ આપવાના શરૂ કર્યા. બાપુજીએ ફળોની લારી ચાલુ કરી.

"ઘરે જઈશું ?" ગોપાલે પૂછ્યું. બાપુજીએ હા કહી. બંને લારી નીચે રાખેલા ટોપલાઓમાં ફળો ભરવા લાગ્યા. લારી હોટેલના ગેટની અંદર મૂકી દીધી. ગોપાલ હોટેલના પાર્કિંગમાં ગયો. અંદરથી મીરાંનું બુલેટ લઈને બહાર આવ્યો. બાપુજી ગોપલનું ગિટાર પકડીને બુલેટ પાછળ બેસી ગયા. પોતાના સપનાને જીવવાનું શરૂ કરનારા આ બાપ-દીકરો બુલેટ લઈને નીકળી પડ્યા એ રસ્તા તરફ...

એ રસ્તો... જે શહેર બહાર નીકળીને 'નોર્થપોલ' તરફ જતો હતો.

ઘર બહાર બુલેટ ઊભું રહ્યું. બંનેએ નદીકિનારે જઈને હાથ-પગ ધોયા. બહાર બાલ્કનીમાં શાલ ઓઢીને બા બેઠાં હતાં. તેઓ પીળી લાઇટમાં કોઈ પુસ્તક વાંચી રહ્યાં હતાં.

સૂકાં પાંદડાંઓને ઉડાડતી ઠંડી હવા વહી રહી હતી. દૂર તારલાઓ ભરેલું આકાશ અને ચાંદો ચમકી રહ્યા હતા. ઘરની ચારે તરફ નીરવ શાંતિ હતી. નદીકિનારાનાં વૃક્ષો પર પક્ષીઓ સૂઈ ગયાં હતા. ઘરની આસપાસ ઉગાડેલા બગીચાની સુગંધ ચારે તરફ પ્રસરી હતી.

ગિટારને પગથિયાં પાસે મૂકીને બાપુજી બાલ્કનીમાં ખુરશીમાં બેઠા. બા પાસે તેઓ આખા દિવસની વેપારની વાતો કરી રહ્યા હતા. રોજની જેમ ગોપાલ ઘરની જમણી તરફ મીરાં અને ઈદની કબર તરફ ગયો.

ત્યાં પથ્થર પાસે મીરાંની દોસ્ત બેઠી હતી.

આમોરી... !

આટલા મહિનાઓથી એ રોજે સાંજે મીરાંના પથ્થર પાસે બેસવા આવી જતી હતી. તેની અંધારામાં દેખાતી આંખોમાં પોતાની મીરાં પ્રત્યેનો અખૂટ મૂંગો પ્રેમ અને વફાદારી ચમકી રહ્યાં હતાં. ગોપાલ તેની નજીક ગયો. કબર પાસે બેઠો. આમોરી તરત જ ગોપાલના ખોળામાં આવીને બેસી ગઈ. ગોપાલના હાથને જીભથી ચાટવા લાગી. ગોપાલે ચૂપચાપ તેને પોતાની છાતીએ વળગાડી લીધી. કબરના પથ્થરને પોતાનું કપાળ સ્પર્શ કર્યું.

દૂર આકાશમાં પેલા બંને તારલાઓ વધુ તેજથી ચમકી ઊઠ્યા. ગોપાલ તે બંને તારાઓને જોઈને હસી પડ્યો. આમોરીની આંખોમાં પણ એ તારલાઓ ચમકી રહ્યા. આમોરી હળવું હસી પડી.

[સમાપ્ત]

Credits :

આ નવલકથામાં અમુક જગ્યાએ કોઈ સામાન્ય માણસ કે પછી જગ-વિખ્યાત સર્જકનાં વાક્યો સજાગ રહીને લીધેલાં છે. મારો એક સર્જક તરીકે ધર્મ બને છે કે આ બધા જ સર્જકોને તેમના શબ્દો બદલ આભાર વ્યક્ત કરું.

૧. મીરાં દ્વારા બોલાતી કવિતા લખી આપનાર – નંદિની પાંડોર

૨. ''માણસને આવતીકાલનો ડર નહીં, ઉત્સાહ હોવો જોઈએ.'' – મોરારિબાપુ

૩. પુસ્તકમાં કુશાગ્ર દ્વારા ગોપાલને કહેવાયેલી જંગલમાં ભાગી જવાની વાત – સ્વામી આનંદ

૪. ઈદની મરવાની ઘટના – ફિલ્મ બ્રોકન સર્કલ બ્રેકડાઉન

૫. ''તમે ભલે ગમે તેટલા નિયમો બનાવો. જીવનના પોતાના પણ અમુક નિયમ હોય છે.'' – વૈભવ અમીન

૬. ''આવ્યા જ છીએ આ જગત સામે તો મોઢું શું બગાડવું. બે દિવસ જ તો રહેવું છે.ખરાબ છે તો છે'' – મોહમ્મદ અલવી

૭. ગોપાલનાં અમુક વાક્યોનું હાર્દ મેં વાંચેલા આલ્બર્ટ કામુનાં પુસ્તકોમાંથી આવ્યું હોય એવું અનુભવેલું. આ સત્ય ન પણ હોય છતાં એમના લીધે સવાલો મજબૂત જરૂર બન્યા છે.

૮. "And I urge you to please notice when you are happy, and exclaim or murmur or think at some point, 'If this isn't nice, I don't know what is."નું ભાષાંતર – Kurt Vonnegut

૯. ઈદના જન્મની ઘટના – Quora.com પર એક જેમ્સ દોઝ્બેરીના જવાબથી પ્રેરિત છે.

૧૦. ગોપાલે ઈદ માટે ગાયેલું હાલરડું – મારી મા. (મૂળસ્રોત ખબર નથી.)

૧૧. ગોપાલની ઈદને શિક્ષણ આપવાની રીતો. ''The Making of a Scientist'' by Richard Feynmanથી પ્રેરિત.

૧૨. "The problem is you think you have time !" – બુદ્ધ ભગવાન.

૧૩. ''આંખો બંધ કરીને ન મરતો. મરવું જ હોય તો ખુલ્લી આંખે મર.''
—હારુકી મુરાકામી

અન્ય કોઈ જાણતા-અજાણતા મારા લેખનમાં હોય તો જાતે જાણી શકાયું નથી.

આભાર

આ બધા વિના આ નવલકથા શક્ય નહોતી... આભાર...

૦. પહેલો આભાર તો મારા દિલોજાન ભગવાન એવા વાચકમિત્રોનો. મને મળેલા અવિરત પ્રેમને શબ્દોમાં કેમ કહું ? તમે મને રોજી-રોટી-આત્મસન્માન અપાવ્યા છે. મારી વાર્તાઓને પ્રેમ અને પાંખો આપવા બદલ આપને ચરણસ્પર્શ સાથે વંદન.

૧. મારાં માતા-પિતાનો... આ નવલકથામાં હું કદાચ ગોપાલ ન હોઉં, પરંતુ ગોપાલનાં માબાપ તરીકે મેં મારાં બા-બાપુજીને જ વિચારેલાં છે. એમના પ્રેમને પારખવા કે એ વિશે લખવાની કોઈ લાયકાત મારી પાસે નથી.

૨. મારી લાડકડી બહેનોનો...

(ઉપર ત્રણ પૂર્ણવિરામથી આગળ બહેનો માટે શું લખવું એ ખબર નથી. કોઈ શબ્દો નથી.)

૩. મારા દોસ્ત વૈભવ અમીનનો... 'વિશ્વમાનવ' અને 'નોર્થપોલ' બંને પુસ્તકોનો પહેલો વાચક અને મારાં સુખદુઃખને સાંભળનાર દોસ્ત.

૪. મારાં જીગરી દોસ્તો ચિંતન, નંદિની, પૂજા, એકતા, પાણિનિ, જનમ, નૈયા, અનિલ જાગડ, સગુણા, અશોક ઢોલરિયા, ચૈતાલી, જ્યોતિ, જૂલી, બિપીન, મેહુલ, દિલીપ, પ્રફુલ, ગીત અને એકતા ઢિમ્મરનો... તમે બધાં ન હોત તો અહીં જીવવામાં બીજું શું રાખ્યું છે ?

૫. મારી બંને નવલકથાના કવર ડિઝાઈનર... દૃષ્ટિ શાહનો.

૬. ...અને આભાર આ જિંદગીનો... ખૂબ શીખવ્યું. મેં તને પીધી. તેં મને પીધો. અંતે બંને પ્રવાહી બની ગયા.

લેખક પરિચય :

જીતેશ દોંગા (પિતા : કાળુભાઈ દોંગા. માતા: હંસાબેન દોંગા) નો જન્મ 23 ઑગસ્ટ, 1991ના રોજ અમરેલી (ગુજરાત) નાનકડા ગામ સરંભડામાં ખેડૂત પરિવારમાં થયો. પોતાનું પ્રાથમિક શિક્ષણ ગામની સરકારી સ્કૂલમાં પૂરું કર્યું. દસ ધોરણ પછી રાજકોટમાં સાયન્સ પૂરું કર્યું અને ચાંગા(આણંદ) થી પોતાનું ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ પૂરું કર્યું. એન્જિનિયર બન્યા પછી બે વર્ષમાં જીતેશે અલગ-અલગ તેર જેટલી નોકરીઓ કરી, પરંતુ પોતાનું ગમતું કામ વાર્તાઓ સર્જવાનું હોયને તેણે લેખન ક્ષેત્રે જ કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું. જીતેશની પહેલી નવલકથા વિશ્વમાનવ 2014માં પ્રકાશિત થયેલી. વિશ્વમાનવ થોડા જ સમયમાં લોકચાહના પામ્યા બાદ 2017માં બીજી નવલકથા નોર્થપોલ પ્રકાશિત થઈ, જે ગુજરાતી સાહિત્યમાં નવા જ વમળ પેદા કરવામાં સફળ રહી.

વાચન, લેખન, એકલા પ્રવાસ, સિનેમા અને મ્યુઝિક જીતેશનું જીવન છે. તે હંમેશાં વાર્તાઓ લખીને જ જીવવા માગે છે.

મેઈલ : jiteshdonga91@gmail.com
વેબસાઈટ : jiteshdonga.com
બ્લોગ : jkdonga.wrodpress.com

વિશ્વમાનવ નવલકથા વિષે



વિશ્વમાનવ...

આ વાર્તા ચાર સત્ય ઘટનાઓથી પ્રેરણા લઈને રચાયેલી. એક જીવનગાથાનું વિશ્વ છે. આ વાર્તા એક એવું જીવન છે જે તમે કદાચ ક્યારેય અનુભવ્યું નહીં હોય પરંતુ તમારી આસપાસ જિવાઈ ગયું છે. સુખ-દુઃખ-પીડા અને રોમાંચના અવનવા અંતિમો પર અવિરતપણે સફર કરતી આ મહાગાથા વાચકને આંખો આપે છે. જો 'સંપૂર્ણ વાર્તા વાંચી શકો તો' જીવનને થોડી અલગ નજરથી જોવાનો એક લ્હાવો મળે છે. પાત્રોની જિંદગીઓને જોઈને એક શીખ-હિંમત અને ખુમારી મળે છે. સૌથી મહત્ત્વની વાત આ વાર્તા તમને માનવ મટીને વિશ્વમાનવ બનાવે છે.

આશા છે કે આપને પણ ગમશે.

ગર્વ સાથે...

– પ્રકાશક તરફથી